પુસ્તક ૧૮ મું
ડિસેમ્બર–૧૯૪૬
અંક ૧૨ મો

આગામી સાહિત્યપરિષદ સંમેલનના વિભાગીય બે સૂત્રધારો

જાણીતા ગુ. નવલકથાકાર
શ્રી. ધૂમકેતુ
આગામી સાહિત્યપરિષદ સંમેલનના
સાહિત્ય વિભાગના પ્રમુખ.



ગુજરાતના ગૌરવશાળી કલાકાર
શ્રી. રવિ વર્મા
ગુ. સાહિત્યપરિષદ સંમેલનના
કલાવિભાગના પ્રમુખ.

: વાર્ષિક લવાજમ :

બર્મા રૂા. ૩–૮–૦ | પરદેશ રૂા. ૫–૦–૦ | છૂટક નકલ રૂા. ૦–૧–૦

: વ્યવસ્થાપક :
ચમનભાઇ નારણભાઇ અમીન (બી. કૉમ)
મંત્રી, પુ. સ. સ. મંડળ લિ.

: તંત્રી :
મણિલાલ પ્રભાશંકર વ્યાસ

આ પુસ્તકની ઉત્તમતાનાં પ્રમાણપત્રો :

૧. વડોદરા રાજ્યના કેળવણી ખાતાએ શાળાઓમાં ઇનામ અને પુસ્તકાલયો માટે અને પુસ્તકાલય ખાતાએ તમામ પુસ્તકાલયો માટે આ પુસ્તકના ત્રણે ભાગ મંજુર કર્યા છે.

૨ મુંબઇ ઇલાકાના સરકારી કેળવણી ખાતાએ રકૂલોની વિદ્યાર્થીઓની લાયબ્રેરીઓ માટે આ પુસ્તકના ત્રણે ભાગ મંજુર કર્યા છે.

૩ આ પુસ્તકના પહેલા અને બીજા ભાગની ૨૫ (પચીસ) નકલો વડોદરાના પ્રાચ્ય વિદ્યામંદિરે અને ૧૧ (અગીઆર) નકલો અમદાવાદની ગુજરાત વર્નાકયુલર સોસાયટીએ ઇનામ માટે ખરીદી છે.

૪ આ પુસ્તક માટે ' કચ્છ હુન્નરઉદ્યોગ ' પ્રદર્શનમાંથી પ્રમાણપત્ર (Certificate of Merit) મળ્યું છે.

૫ આ પુસ્તકના પહેલા ભાગને આણંદમાં મળેલી બીજી ગુજરાત પુસ્તકાલય પરિષદે સારાં પુસ્તકોમાં ગણ્યો છે.

૬ આ પુસ્તકની ઉત્તમતા માટે અનેક સુપ્રસિદ્ધ સામયિક પત્રોએ સારામાં સારા અભિપ્રાયો આપ્યા છે.

ઘેરબેઠાં પૈસા કમાવા આજેજ મંગાવો !

કચ્છ વેપારી મંડળના પ્રમુખ,

શ્રી કુંગરશી પરમશી સંપટ લખેલા

" આમુખ " સાથે

નકકારક હુન્નરો

ભાગ ૧—૨—૩

નિષ્ણાતો અને અનુભવીઓએ લખેલા વિવિધ લાભદાયક હુન્નરોથી ભરપૂર પુસ્તક

૭૫૦ પાનાં, ઉમદા જાડા એંટિક કાગળ, ચારરંગી શુદ્ધ સુંદર છપાઇ અને આકર્ષક ગેટઅપ

કિંમત ૭ (સાત) રૂપિયા

(વી. પી. પી ટપાલખર્ચ ૧૩ આના જુદું)

મંગાવવા માટે લખો:—

સંચાલક : શ્રી લક્ષ્મી પુસ્તકભંડાર

નંબર ૩ ચોક બજાર,

પોસ્ટ સિનુગરા (કચ્છ-કચ્છ).

આ પુસ્તકની ઉત્તમતાના થોડાક અભિપ્રાયો

...દરેક પુસ્તકાલયમાં આ પુસ્તક હોવું જ જોઇએ એટલુંજ નહિ પરંતુ તે વિશેષ વંચાય એવી પેરવી મંત્રીઓએ કરવી જોઇએ... ' પુસ્તકાલય ' માસિક (વડોદરા)

...ધરગથ્થુ હુન્નરોનાં આ જાતનાં દેખાતાં પુસ્તકો આપણે ત્યાં ઘણાં બહાર પડયાં છે, અને દરેક ગમે તેવી જાહેરાતોનાં ચોકઠાં સાથે બહાર પડશે, પરંતુ આ પુસ્તકની વિશેષતા તેમાં મૂકેલા પ્રયોગોજ માત્ર નથી પણ જુદા જુદા વિષયોના સારા અને અનુભવી લેખકો પાસે લખાવેલા લેખોને સંગ્રહીને આ પુસ્તકને વિવિધતાપૂર્ણ બનાવવામાં આવ્યું છે તે છે... ' રવિવાર ' સાપ્તાહિક (મુંબઇ)

...થોડા ખર્ચે જે કોઇ ભાઇને આજીવિકા મેળવવા માટે પ્રયત્નો કરવા હોય, તો આ પુસ્તક જોઇ જવા જેવું છે...કારણકે ઓછી મૂડીએ જાતમહેનત કરીને પૈસા કમાઇ શકાય છે...

' શિક્ષણ અને સાહિત્ય ' માસિક, (અમદાવાદ)

...વર્તમાન જીવનમાં રહીને કેટલાક હુન્નરો કરીને, માણસ પોતાના પેટ પૂરતું મેળવી શકે—એના પ્રકારના નુસ્ખા આ ગ્રંથમાં બતાવવામાં આવ્યા છે. છતાં લેખક—સંગ્રાહકે આમાં કેટલીક વ્યવહારૂ અને બીજા પુસ્તકોમાં ભાગ્યે મળે તેવી ઉપયોગી હકીકતો નોંધી પુસ્તકને ઉપયોગી બનાવ્યું છે. પુસ્તક અવશ્ય વાંચવા જેવું છે; તેમાંથી સૌ સૌની રૂચિ પ્રમાણે કંઇ ને કંઇ મળ્યા વગર રહેશે નહીં.

' ગુજરાત સાહિત્ય સભાની કાર્યવાહી ' (અમદાવાદ)

...આવાં પ્રજા ઉપયોગી પુસ્તકોને રાજ્યે અને ઉદ્યોગોના પ્રચાર માટે ઉભી થયેલી સંસ્થાઓએ ઉત્તેજન આપી, માર્ગદર્શનને સજીવન કરવામાં સાથ અને સહકાર આપવો જોઇએ.

' ગ્રામજીવન ' માસિક (વડોદરા)

વધુ ખાતરી માટે બીજા અભિપ્રાયોની પત્રિકા મફત મંગાવો.

સમસ્ત ગુજરાત અને મુખ્યત્વે વડોદરારાજ્યની પુસ્તકાલયપ્રવૃત્તિનું એકજ મુખપત્ર

પુસ્તક ૧૮ મું | ડિસેમ્બર–૧૯૪૩ | અંક ૧૨ મો

પધારો ! સાહિત્ય પરિષદ !

--તંત્રીસ્થાનેથી

આજથી દસ દિવસ બાદ અપણા રાજ્યના પાટનગરને આંગણે ગુજરાતી સાહિત્ય પરિષદના પંદરમા અધિવેશનનાં પુનિત પગલાં થશે. અમે એ સંમેલનને હાર્દિક આવકાર આપીએ છીએ.

અત્યાર સુધીનાં દરેક અધિવેશનના પ્રમુખપદે ગુર્જર સાહિત્યસર્જનમાં જેમણે સારો એવો ફાળો નોંધાવ્યો છે તેવા સજ્જનો આવી ગયા છે, અને તેમણે એક યા બીજી રીતે ગુજરાતી ભાષા અને સાહિત્યના વિકાસમાં વિવિધ વ્યવહારુ માર્ગસૂચનો દાખવ્યાં છે.

એ બધાય પ્રમુખોની રાહબરી નીચે પરિષદ સંમેલનોએ પોતાના ધ્યેયલક્ષી ઠરાવો પણ પસાર કર્યા છે અને એની અમલબજાવણી પણ કેટલેક દરજ્જે થયેલી છે. છતાં પરિષદપ્રવૃત્તિ જેટલે દરજ્જે આમજનતાની નિકટ સંપર્કસાધક હોવી જોઇએ, એ જનતાને પોતાના કાર્યક્ષેત્ર પ્રતિ આકર્ષવા માટે જે પ્રયત્નો થવા જોઇએ તે થયા નથી, એ જરા દિલગીરીભર્યું તો છે જ.

અત્યાર સુધીમાં પરિષદે મુખ્યત્વે વિદ્વદ્ભોગ્ય પુસ્તકો પ્રકટ કર્યાં છે; અને તેમાં પણ અમુક જ લેખકોનાં. વિશેષ પ્રમાણમાં જનતાને ઉપયોગી થઇ પડે, ગ્રામ જનતાના હાર્દ સુધી પહોંચી જઈ તેમનામાં સાહિત્યસંસ્કાર પ્રત્યેની અભિરુચિને ઉત્પન્ન કરે એવાં પ્રકાશનો હજી સુધી પરિષદ દ્વારા પ્રસિદ્ધિ પામ્યાં નથી એ આવી એક કરોડસ જ્ય જનતાની ભાષાની પ્રતિનિધિરૂપ સંસ્થા તેના માટે થોડું ઘણું જ કરીને બેસી રહે તે બરાબર નથી.

અંધેરી ખાતે મળેલા પરિષદના ચૌદમા અધિવેશન પ્રસંગે, મહાત્મા ગાંધીજી એ જે સંદેશો પાઠવ્યો હતો–ગામડે વસતાં ગુજરાતીઓ માટે પરિષદે કંઇક કરવાનો જે પ્રેરક સંદેશો પાઠવ્યો હતો–તેને પણ પરિષદે છેલ્લાં બે વર્ષના ગાળા દરમિયાન પણ ઝીલ્યો જણાતો નથી !! આમજનતા પ્રત્યે અત્યાર સુધી કંઈક ઉદાસીનતા સેવતી

છતાં વિદ્વદ્‌ભોગ્ય સારો ફાલ આપતી પરિષદનું આગામી સંમેલન આપણા રાજ્યના પાટનગરના આંગણે મળે છે તે પ્રસંગે અમે એ પરિષદના સૂત્રધારોને કાને અમારો અવાજ નાખવા નમ્ર પણ મક્કમ નિવેદન રજૂ કરીએ છીએ કે લાખોની સંખ્યા ધરાવતા અને માત્ર લખી વાંચી શકે તેવા આપણા ભાષાભાષીઓ માટે કંઈક પણ સક્રિય પગલું ભરાય તેવી યોજના વિચારે, તેનો પૂરેપૂરો અમલ કરે અને ગામડે ગામડે ગુજરાતી સાહિત્ય પ્રત્યે જનતાની અભિરુચિ વધુ ને વધુ કેળવાય તેમ કરશે તો પરિષદ એ આમજનતાની ચિરકાળ ઋણી રહેશે.

પરિષદ સમક્ષ અનેક પ્રશ્નો પડેલા છે. તેણે માત્ર ઠરાવો કરીને બેસી રહ્યે હવે નહિ પાલવે, માત્ર ગણ્યાં ગાંઠ્યાં જ પુસ્તકો પ્રસિદ્ધ કરીને જ ઇતિકર્તવ્યતા સમજી લીધે નહિ ચાલે. એણે પોતાની ક્રિયાશીલતા દાખવીને જનતા જનાર્દન સુધી પહોંચી જવું જોઈએ. અભણ પ્રૌઢોને, સાક્ષર=સ–અક્ષર=ભણેલા–લખતાં–વાંચતાં અને વિચારતાં કરવાં જોઈશે.

પરિષદ સમક્ષ વિશાળ કાર્યક્ષેત્ર પડેલું છે. ચૌદ ચૌદ સંમેલનો ભરાઈ જવા છતાં પરિષદે હજી પોતાનાં દૂર પડેલાં આ ભાંડુઓ માટે સાગરમાં માત્ર ખોબા જેટલું જ કાર્ય કર્યું છે એમ લેખી શકાય.

શ્રીમંત સરકારની સંસ્કારપ્રેરક રાજનીતિથી અને તેના કેળવણીપ્રચારક રાજ્યશાસનથી વડોદરા રાજ્યમાં શાળા ત્યાં પુસ્તકાલયો સ્થપાયાં છે; એમાં સરસ સરસ ઉત્તમોત્તમ પુસ્તકો પણ વસાવાયાં છે, પરંતુ એના બહુસંખ્ય ભોક્તાઓનો હજી પણ ત્યાં અભાવ જ છે, એટલે એ તૈયાર મિષ્ટાન્નો જેમનાં તેમ જ છે.

એવા પુસ્તકોના ભોક્તાઓની ભૂખને જાગ્રત કરવા માટે પરિષદે પોતાનાં વિદ્વાન સહકાર્યકરોરૂપી વૈદ્યોની સહાયથી તેમની વાચનભૂખ ઉઘાડવા માટે પ્રયત્નશીલ થવું જોઈશે.

આવી ઉત્તમોત્તમ વાચનવાનીઓ તૈયાર કરનારા આપણે ત્યાં અનેક સાક્ષરો છે, પરંતુ હજી જેની ભૂખ ઊઘડી નથી, હજી જેઓ માત્ર માંડમાંડ પ્રવાહી ખોરાક જ પચાવી શકે તેવી સ્થિતિમાં છે તેમને માટે પરિષદસંચાલકો કંઈક કરશે તો જ શ્રીમંત સરકારે અને (હવે) પ્રજાએ આમંત્રેલી પરિષદનું આ સત્ર સફળ થશે; નહિ તો માત્ર વિદ્વાનોના મેળાથી કંઈ બહુસંખ્ય જનતા જનાર્દનને પોતા પ્રતિ આકર્ષી શકાશે નહિ, તેમનું કંઈ શ્રેય કરી શકાશે નહિ એ નિર્વિવાદ છે.

હવે તો આપણા રાજ્યમાં સ્થળે સ્થળે અને ખ્રિ. ગુજરાતમાં પણ કેટલેક સ્થળે કૉંગ્રેસ પ્રધાનમંડળોના શાસનકાળમાં સારી સંખ્યામાં પુસ્તકાલયો સ્થપાયાં છે. ત્યાં એ જનતાના ભરતું વિપુલ સાહિત્ય પહોંચે એ અત્યંત આવશ્યક છે.

આપણો ઉપર જણાવેલો વર્ગ જ્યારે વાંચવા ઇચ્છે છે–તેની એ માટેની જિજ્ઞાસા જાગે છે ત્યારે કંઈક વાંચવાનું મેળવવા મથે છે, પરંતુ તેના હાથમાં તેને

બરનું સાહિત્ય નહિ આવતાં તેની એ જાગ્રત વાચનભૂખ મરી જાય છે અને અંતે એ વાચન-વિમુખ બને છે; અથવા કેટલીક વાર કચરા જેવું અનિચ્છનીય વાચન વાંચી પોતાની વાચન-ભૂખને સંતોષવા પ્રયત્ન કરે છે; પરંતુ તેથી તો તેના મગજમાં ઊલટી અવળી જ છાપ પડે છે.

> 'મગજમાં હશે તો કામમાં આવશે' પણ પુસ્તકો વાંચ્યાં હશે તો જ મગજમાં આવશે. અને પુસ્તકાલયો હશે તો પુસ્તકો હાથમાં આવશે. પુસ્તકાલય તૈયાર છે, તો પછી વાંચવા જેટલી જ વાર છે.

આપણા લેખકો પોતાનાં પુસ્તકો વધુ સંખ્યામાં વેચાતાં નહિ હોવાનો વારંવાર ઉહાપોહ કરે છે, પરંતુ જ્યાં જનતાની ગામડે વસતાં સંખ્યાબંધ માનવીઓની વાચનભૂખ ઉઘાડવા માટે પ્રયત્નો જ ન થાય તો પછી ગમે તેવાં મિષ્ટાન્નો તૈયાર કરી પીરસવામાં આવે તે બધાં વ્યર્થ જ જાય છે અને આખરે ઉકરડે નાખવા જેવી પરિસ્થિતિ ઊભી થાય છે.

એટલે સાહિત્ય પરિષદનો સાચો સંદેશ જો જનતાના હાર્દ સુધી પહોંચાડવામાં આવશે, તેમની વાચનરુચિને જાગ્રત કરવાના પ્રયત્નો થશે તો આજે આપણા ગુજરાતી લેખકો–પ્રકાશકો પોતાનાં પુસ્તકોની માત્ર હજાર પંદરસો કે બે હજાર પ્રતોની આવૃત્તિઓ વેચતાં હાશ પોકારે છે, તેને બદલે સંખ્યાબંધ પ્રતો વેચાયાનો લાભ મેળવી શકશે અને આપણું સાહિત્ય પણ વધુ સમૃદ્ધ બનશે.

એટલે ગ્રામજનતાની સેવા કરવા અને તેને શિષ્ટ અને સંસ્કારપ્રેરક સાહિત્ય પ્રતિ વાળવા માટે સાહિત્ય પરિષદ માત્ર એક જ ઠરાવ-ગ્રામજનતાને લગતું સાહિત્ય તૈયાર કરાવી પ્રકટ કરવાનો જ ઠરાવ–પસાર કરી તેને સક્રિય સ્વરૂપ આપવા પ્રયત્ન કરશે તો તેટલું પણ પૂરતું થઈ પડશે.

અને આ સંમેલનને તો પોતાનાં સુકાની તરીકે શ્રી. વિદ્યાબહેન જેવાં પીઢ અને બાહોશ એવાં પ્રખર કાર્યકરની દોરવણી મળી છે; તેમણે વિવિધ સંસ્થાઓનું સંચાલન પણ કર્યું છે અને કર્યે જાય છે; એટલે તેમના અનુભવોનો લાભ પરિષદ ધારે તો સરસ રીતે લઈ શકે તેમ છે.

બાકી, વિદ્વાનોને માટે તો વિશાળ ક્ષેત્ર પડેલું છે; તેઓ તો ગમે ત્યાંથી મેળવીને પોતાની એ વાચનભૂખ સંતોષશે.

આપણે ઇચ્છીએ, ગુર્જરનરેશના પાટનગરમાં મળનાર સાહિત્યવિકાસવાંછુઓ અમારી ઉપરની ઠરખાસ્તને વધાવી લઈ, શ્રીમંતે વિદ્યાપ્રસાર માટે વાવેલાં બીજનું જે વિશાળ વટવૃક્ષ છવાયું છે તેનો લાભ લઈ ગ્રામજનતાને પોતાપ્રતિ આકર્ષવા-વિકસાવવા–પ્રયાસ કરશે અને એ ફૂલેલા–ફાલેલા વૃક્ષનાં સુફળો જનતા–જનાર્દનને ઉપલોગ્ય બનાવવા પ્રયત્નશીલ થશે.

સાહિત્યસૃષ્ટિનું અવનવું

બનારસની નાગરી પ્રચારિણી સભાને પ્રો. આઇવિનશંકર યાજ્ઞિક તથા તેમના ભાઇ રાયસાહેબ ડૉ. ભવાનીશંકર યાજ્ઞિકે ૭૦૦ પ્રાચીન હિંદી હસ્તપ્રતોનો સંગ્રહ ભેટ આપ્યો છે. આ સંગ્રહમાં પ્રાચીન પ્રસિદ્ધ કવિઓનાં દુર્લભ હિંદી શ્રેષ્ઠ પુસ્તકો છે. પ્રો. યાજ્ઞિકે આ પુસ્તકો પ્રગટ કરવા માટે રૂા. ૧૦૦૧ ની ભેટ પણ આપી છે.

❧

ઘણાઓને જાણીને આશ્ચર્ય થશે કે હિંદના નવા વાઇસરૉય ' ઓંશી ગ્રંથોના જનરલ (એઇટી-બૂક જનરલ)' તરીકે ઓળખાય છે. આનું કારણ એ છે કે તેમની દરેક મુસાફરીમાં તેમની સાથે ઓંશી પુસ્તકો હોય છે. તેમાં મુખ્યત્વે કાવ્યગ્રંથો હોય છે.

❧

સોવિયેટ વર્તમાનપત્ર રેડસ્ટાર એક વાત ખુલ્લી કરે છે કે, બ્રેનિન્ગ્રેડના યુદ્ધ પહેલાં એક ' સુવર્ણગ્રંથ ' (Golden Book)ની શરુઆત કરવામાં આવી હતી. તેમાં લશ્કરી ટુકડીઓના વીર પુરુષોનાં નામ તથા પરાક્રમોની નોંધ લેવામાં આવી હતી.

બધી ટુકડીઓમાં આ ગ્રંથ દાખલ કરવામાં આવેલ છે.

❧

લંડનના પહેલા પુસ્તકાલયની સ્થાપના ઈ. સ. ૧૪૯૭માં ' લિંકન્સ ઇન 'માં કરવામાં આવી હતી.

❧

ચાર્લ્સ સિલ્વેસ્ટર લંડનની શેરીઓમાં વાસણો તથા કીટલીઓ વેચતાં વેચતાં પોતાના જીવન સંબંધી લખાતા પુસ્તકનાં પ્રકરણોનો વિચાર કરી રહ્યો હોય છે.

તેના પુસ્તકનું નામ ' રાઉન્ડ ધી સ્ટ્રીટસ ' (Round the Streets) રહેશે. પૂર્વ લંડનમાં ગામવાસણો વેચતાં વીસ વર્ષનો ઇતિહાસ તેમાં આલેખાશે. પુસ્તકના પહેલા ૫૦૦૦ શબ્દો લખતાં તેને બાર મહિના લાગ્યા. તેની યોજના કુલ ૬૦૦૦૦ શબ્દો લખવાની છે.

❧

ન્યુયૉર્કની ' આઇરીઅન ' (Eirean) પબ્લિશિંગ કંપની એક પુસ્તક પ્રગટ કરવાની છે. તેમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે બાઇબલ એક આઇરિશમેને લખ્યું હતું અને હિબ્રુ તો ગેલિકની ઉપભાષા છે.

❧

શેક્સપીઅરના શહેર સ્ટ્રેટફર્ડ-ઓન-એવનના રહેવાસીઓએ સપ્ટેમ્બરની ૨૪મી તારીખે જાગ્રત થઇને જોયું તો જણાયું કે વિરોધીઓએ આખા શહેરને લાલ રંગી નાખ્યું હતું. લાલ રંગની પીંછી જેઓએ ચલાવી હશે તે એવા સિદ્ધાંતમાં માનતા હશે કે શેક્સપીઅરનાં નાટકોનો ખરો લેખક બેકન હતો. આધુનિક શેક્સપીઅરના સ્મારક થીએટરના આગલા પત્રયિયા પર બે ફીટ ઉંચા અક્ષરોમાં ' બેકન સ્મારક થીએટર ' લખેલ હતું.

લેડી મેકબેથના પૂતળાનો ચહેરો લાલ રંગવામાં આવ્યો હતો, ત્યારે હેમલેટનું માથું અને પગ રંગવામાં આવ્યા હતા. અમેરિકન સ્મારક ઘડિયાળના ત્રણ ચંદ્રને વિકૃત કરવામાં

આવ્યા હતા અને વિજયની નિશાની આખી લાલ રંગી નાખવામાં આવી હતી. દુકાન નીશારીઓ તોડી નાખવામાં આવી હતી તથા એક લીલામવાળાના પાટિયામાં અનિચ્છનીય નામ લખવામાં આવ્યું હતું. આ અપકૃત્ય કરનારની પોલીસ તપાસ ચલાવી રહી છે.

પ્રાચીન પેઢીનો વહીવંચો !
સારું પુસ્તક એક વ્યક્તિ છે, એક નવી સૃષ્ટિ છે, બદલાતા દેશકાળનું પ્રતિબિમ્બ એ ઝીલે છે; બાળવે છે; એટલે જ એ પ્રાચીન પેઢીનો વહીવંચો છે.

❧

દક્ષિણ હિંદનું જૂનામાં જૂનું વર્તમાનપત્ર 'ધી કોચીન આર્ગસ' છે. અત્યારે તેને ૭૫મું વર્ષ ચાલે છે.

❧

'રશિયાને પત્ર લખો' એ અત્યારે યુનાઇટેડ સ્ટેટસમાં ફેશન થઈ પડી છે. કદાચ આવી, વ્યવસ્થિત રીતે પત્ર લખવાની ધૂન ભૂતકાળમાં કદી થઇ નહિ હોય. ૨૨મી જુને રશિયાના જર્મન આક્રમણની બીજી સંવત્સરીએ પત્રો રવાના થશે. પચાસ લાખ અમેરિકનો પચાસ લાખ રશિયનો પર પત્રો લખશે.

રશિયન યુદ્ધ રાહત કમિટિને તે પત્રો મળશે એટલે મોકલી દેશે. સોવિયેટ સરકારે તેનું ભાષાંતર કરવાનું તથા તેની વહેંચણી કરવાનું કબૂલ કર્યું છે, અને યુનાઇટેડ સ્ટેટસને અપાતા જવાબની તે ગોઠવણ કરશે. પોતાને કોની સાથે પત્રવ્યવહાર કરવો છે તેનો પ્રકાર અમેરિકનો જણાવશે. અમેરિકન એન્જીન હાંકનારાઓ રશિયાના ટ્રેન હાંકનારાઓ સાથે, ગ્રંથપાલો ગ્રંથપાલો સાથે તથા ખેડૂતો ખેડૂતો સાથે પત્રવ્યવહાર કરશે.

❧

લંડનના પ્રસિદ્ધ પ્રકાશકો એલન એન્ડ અનિન સર વિલિયમ બેવરીજનું પુસ્તક 'ધી પીલર્સ ઑફ સોસાયટી' (The Pillars of Society) બહાર પાડવાના છે. તેમાં પ્રખ્યાત રિપોર્ટનો સંપૂર્ણ ટૂંક સાર તથા પશ્ચાદ્‌ભૂમિની અતિ રસદાયક હકીકત આપવામાં આવી છે. આગળથી આવેલા ઑર્ડરોથી સ્પષ્ટ જણાઇ આવે છે કે પહેલી આવૃત્તિની ૨૦,૦૦૦ નકલો પૂરી પડી શકશે નહિ. દેખીતી રીતે જ પ્રકાશકો કાગળના ગ્રહ પર મુંઝાઈ ગયા છે. તેઓએ તેમના 'કવોટા' ઉપરાંત કાગળ તો નથી લીધો છે અને જો તે પૂરતો નહિ થાય તો જનતાને તે પુસ્તક વિના ચલાવી લેવું પડશે.

સર વિલિયમ બેવરીજ હિંદી સનંદી નોકરના પુત્ર અગર પૌત્ર થાય છે. તે સનંદી નોકરે ઘણાં વર્ષો પહેલાં 'નંદકુમારની ચાલેલી તપાસ' વિષે પુસ્તક લખ્યું હતું. પુસ્તક છપાતાં જ મળવું મુશ્કેલ થઇ પડયું. પણ તેની નવી આવૃત્તિ પ્રકટ કરવામાં આવી નહિ. આનું કારણ એ છે કે લેખકને કેસ સંબંધી કેટલીક બાબતોની પાછળથી ખબર પડી. જો કે આ વાતને કેસ સાથે સીધો સંબંધ નહોતો છતાં લેખકને તેનું જ્ઞાન થવાથી, નવી આવૃત્તિ કાઢવાનું તેને અનિચ્છનીય લાગ્યું.

❧

'ધી ટવેન્ટીએથ સેન્ચુરી'ના સપ્ટેમ્બર માસના અંકમાં વાય. ગોરોનોવે 'સોવિ-

> ઉત્તમ પુસ્તકો એ અંતરનો આરામ છે. દુઃખીઓનું આશ્વાસન છે. ભક્તોનું આરોહણ છે. જીવનનું સાફલ્ય છે. એવાં પુસ્તકોનો સત્સંગ સદા સેવતા રહો. એ સત્સંગ મેળવવા માટે પુસ્તકાલયમાં પધારો.

યેટ કાઝાખ્સ્તાનમાં સાહિત્ય અને કળા ' વિષે એક આશ્ચર્યકારક હકીકત કહી છે. ઓગણીસમી સદીના મધ્યભાગ સુધી દક્ષિણ–પૂર્વ રશિયામાં આવેલ આ પ્રદેશમાં ફક્ત મૌખિક સાહિત્ય જ હતું. આજે ત્યાં ત્રણસોથી વધારે વર્તમાનપત્રો પ્રગટ થાય છે. તેનો ફેલાવો સાત લાખ નકલોનો છે. આ ફેલાવો એવા પ્રદેશમાં છે કે જ્યાં થોડા સમય પહેલાં શિક્ષિતતાનું પ્રમાણ માત્ર એક જ ટકો હતું. દર વર્ષે કાઝાખ ભાષામાં લાંબો પુસ્તકો પ્રગટ થાય છે. ' સોવિયેટ યુનિયન 'માં કાઝાખ સ્ટેટ પબ્લીશિંગ હાઉસ એક મોટી પ્રકાશનસંસ્થા છે.

*

શ્રીમતી કુમુદિની બસુના કલકત્તા ખાતે તા. ૫ સપ્ટેમ્બરે થયેલ મૃત્યુથી બંગાળી સાહિત્ય તથા પત્રકારિત્વને મોટી ખોટ પડી છે. ' શિબેર ' ' બલિદાન ' ' મેરી કાર્પેન્ટર ' તથા ' જહાંગીર ' ' આત્મજીવની ' જેવાં લોકપ્રિય બંગાળી પુસ્તકોની લેખિકા હોવા ઉપરાંત ૧૯૦૭ થી વર્ષો સુધી તે બંગાળી માસિક ' સુપ્રભાત 'ના તંત્રી હતા. ૧૯૪૧ માં પોતાના પતિના મૃત્યુ પછી તેણે ' વ્યાવસાયો વાણિજ્ય 'નું તંત્રીપદ સંભાળ્યું હતું. ઉપરાંત શ્રીમતી કુમુદિની બસુ બંગીતી સમાજકાર્યકર્તા હતાં.

*

આ વર્ષનું રૂ. ૧૨૦૦ નું મંગલાપ્રસાદ પારિતોષિક, બનારસ હિંદુ યુનિવર્સિટીના પ્રોફેસર પંડિત બલદેવ ઉપાધ્યાયને તેમના પુસ્તક ' ભારતીય દર્શન 'ને માટે આપવામાં આવ્યું છે. મે માસમાં હરદ્વાર ખાતે મળેલ અખિલ હિંદ હિંદી સાહિત્ય પરિષદની ૩૧ મી બેઠકમાં આ પારિતોષિક આપવામાં આવ્યું હતું. સાહિત્ય, તત્ત્વજ્ઞાન, સમાજવાદ તથા વિજ્ઞાન એ ચારમાંથી એક વિષય પર વારા પ્રમાણે આ પારિતોષિક પ્રતિવર્ષ આપવામાં આવે છે.

*

ખંડવાના ' આગામી કાલે ' દશ મહિનાના ગાળા પછી ઑગસ્ટ માસથી પુનઃ પ્રકાશન શરૂ કર્યું છે. પહેલા જ વર્ષમાં આ પત્રને એનું પ્રકાશન બંધ કરવું પડ્યું હતું; કેમકે પહેલા તંત્રી શ્રી. પ્રભાગચંદ્ર શર્માને જેલમાં જવું પડ્યું હતું. મધ્યપ્રાંત અને વરાડમાં આ એક જ હિંદી માસિક છે.

*

' વિક્રમ ' પત્રના તંત્રી, પંડિત સૂર્યનારાયણ વ્યાસ, વિક્રમ સંવતની દ્વિસહસ્રાબ્દિના સ્મરણાર્થે એક મોટો વિશિષ્ટ અંક કાઢવાની યોજના કરી રહ્યા છે. રાજા વિક્રમ તથા તેની રાજધાનીના શહેર ઉજ્જન સાથે સંકળાયેલ બધી બાબતોના સંક્ષિપ્ત અભ્યાસની યોજના કરવામાં આવી છે. તેમાં તેના સમયની કળા તથા વિદ્વત્તા તથા તેણે સ્થાપેલ સંવતનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. પોતાના વિશિષ્ટ અંક માટે જે તંત્રીને ધારેલા લેખો મળે

તો તે અંક, ઉજ્જ્વલ વિક્રમ તથા તેને લગતા વિષયનો મહાન આધારભૂત ગ્રંથ ગણાશે.

❀

' જનપદ સાહિત્ય 'ના નામથી સંગ્રહ કરેલ લોકગીતોના પુસ્તકની કદર કરીને મહિસુરના મહારાજાએ શ્રી. મટીયદા કૃષ્ણમૂર્તિને ઈનામ આપ્યું છે.

❀

જ્યારે કોઇ પણ ભાષા પ્રગતિશીલ હોય ત્યારે તેમાં પરભાષાના શબ્દો, થોડાઘણા પ્રમાણમાં આવવાનો સંભવ છે. ભાષાના વિશુદ્ધિકરણની દૃષ્ટિથી તેને બદલે નવા બનાવેલ શબ્દો મૂકવાનો વધારેપડતો ઉત્સાહ કેટલીક વખત હાસ્યાસ્પદ નીવડે છે. દાખલા તરીકે પૂના મ્યુનિસિપાલિટીએ પોતાના બિલમાં તથા મ્યુનિસિપાલિટીના વહીવટમાં આવા કેટલાક શબ્દોનો ઉપયોગ શરૂ કર્યો છે. મ્યુનિસિપાલિટી માટે ' નગર-પાલિકા ' સારો શબ્દ છે પરંતુ ' ટેક્સ કલેક્શન ડિપાર્ટમેન્ટ ' (કર ઉઘરાવવાનું ખાતું) માટે કર-સાંકલાન ખાતે' અથવા તો ' બોઇલર ઈન્સ્પેક્ટર ' માટે ' વરાળયંત્ર ભાંડ કામગાર ' જરાયે ઠીક લાગતા નથી. પરદેશી ભાષાના શબ્દોનો ધીમે ધીમે ઉપયોગ બંધ કરવો તે ઠીક છે, પણ આવા ઉતાવળિયા યત્નોથી ભાષાની વૃદ્ધિ તથા પ્રગતિ પર અસર થયા વિના રહેશે નહિ.

❀

મરાઠી નાટક તથા રંગભૂમિની શતવર્ષી ઉજવણી મોટા પાયા પર નવેંબર માસના પહેલા અઠવાડિયામાં સાંગલી ખાતે થનાર હતી. સાથે સાથે મરાઠી સાહિત્ય પરિષદ તથા મરાઠી નાટ્ય પરિષદની બેઠકો ભરવાનો પણ નિર્ણય કરવામાં આવેલ છે. પ્રો. જી. જી. કાનેટકરના પ્રમુખપણા હેઠળ એક વગદાર સંયુક્ત કમિટી નીમવામાં આવી છે.

❀

મરાઠી ભાષાના ' સાહિત્ય સમ્રાટ ' ગણાતા શ્રી. એન. સી. કેલકરને ૧૯૪૨ ના ઑગસ્ટમાં સિત્તેર વર્ષ પૂરાં થયાં. તેમની ઇચ્છાને માન આપી આ પ્રસંગે કોઇ મહોત્સવ કરવામાં આવ્યો નહોતો. પરંતુ તેના મિત્રો તથા પ્રશંસકોએ બીજી રીતે આ મહોત્સવ ઉજવ્યો. મુંબઇ યુનિવર્સિટીની એમ. એ. ની પરીક્ષામાં મરાઠી લઇને જે કોઇ વિદ્યાર્થી પહેલો આવે તેને દર વર્ષે ' કેલકર સુવર્ણ ચંદ્રક ' આપવાને તેઓએ રૂ. ૧૦,૦૦૦ ભેગા કર્યા. ૧૯૪૨ ના ૨૯ મા ઑગસ્ટે ' કેલકર સુવર્ણ ચંદ્રક ફંડ કમિટિ'એ શ્રી. કેલકરના માનમાં ' ગેટહેમ 'નો મેળાવડો કરી તેને ચાંદીનો એક ટી સેટ ભેટ આપ્યો.

❀

સંસ્કૃત ભાષાના ત્રણ પ્રખર વિદ્વાનો-મહામહોપાધ્યાયો, એસ. કુપ્પુસ્વામી શાસ્ત્રી, આર. વી કૃષ્ણમાચારી અને શિવદંડ પાણિદિક્ષિતર-ના મૃત્યુથી વિદ્વજ્જગતમાં શોક પ્રસરી રહ્યો છે. ખાસ કરીને દક્ષિણ હિંદને આ આઘાત વધારે લાગ્યો છે.

❀

सकल पदारथ है जगमाहीं ।
पुरुषारथहीन पावत नाहीं ॥
संसारनी रससमृद्धि अहीं
भरपूर भरेली छे.
हरकोई पळे तमारी सेवामां
ओ हाजर छे.
आवी किंमती सगवड छतां
शा माटे दीनता दाखवो छो?
आवो, अने मरजी मुजब माणो
भोज, आ किंमती रसभंडारनी.

ઉત્તમ ઉકેલ : પુસ્તકાલયમાં બિરાજેલા આ સાચા સલાહકારો તમારી અનેક મૂંઝવણોના ઉકેલ સરળતા અને સહેલાઇથી જલદી આણી આપશે. વગર દામે મળતી સહાય મેળવવામાં વિલંબ શા માટે ? આજે જ આવો અને એમનો લાભ લ્યો !

ભારતીય વિદ્યાભવને નિબંધોની હરીફાઇમાં ડૉ. એ. ડી. પુસાલકરને સુવર્ણચંદ્રક આપ્યો છે. હિંદી સંસ્કૃતિના કોઇ પણ વિભાગ ઉપર મૌલિક નિબંધો લખવા એક સુવર્ણચંદ્રક તથા ચાર રજત-ચંદ્રકોની જાહેરાત કરવામાં આવી હતી.

❧

પોતાની ટુકડી સાથે હિંદમાં આવ્યા પછી એલન લુઇએ ઘણાં નવાં કાવ્યો તથા વાર્તાઓ લખી છે. પોતાના પ્રકાશકોને તે 'એરમાઇ' દ્વારા મોકલે છે. આ લખાણને અંગે બે નવાં પુસ્તકો તૈયાર થઇ રહ્યાં છે. એક કાવ્યનું તથા બીજું નવલિકાઓનું.

લુઇની ઉંમર અઠ્ઠાવીસ વર્ષની છે, તેને આ યુદ્ધનો એડવર્ડ ટોમસ ગણવામાં આવે છે. તેનો જન્મ આબર્ડેરમાં થયો છે. તે કેળવણી ખાતાના ડિરેકટરનો પુત્ર છે અને લશ્કરમાં જોડાયા પહેલાં મન્મથશાયરમાં 'ગ્રામર સ્કૂલ'માં ઇતિહાસનો શિક્ષક હતો.

❧

યુનાઇટેડ સ્ટેટસ (અમેરિકા) ના યુદ્ધ ખબર ખાતાની ઑફિસે લંડનમાં અમેરિકન એલચી ખાતામાં સંદર્ભ ગ્રંથોનું એક જાહેર પુસ્તકાલય ખુલ્લું મૂકયું છે. તેના ડિરેકટર તરીકે રિચર્ડ એચ. હિન્ડેલ છે. અમેરિકા બહાર યુનાઇટેડ સ્ટેટસની સરકારે શરુ કરેલું આ પહેલું પુસ્તકાલય છે.

❧

મોગલ સમ્રાટ અકબરનાં નવ રત્નોમાં બાનખાનાન પણ એક હતા. તેનું પુસ્તકાલય ખૂબ ભવ્ય હતું. અને તે વિદ્વાનોનો આશ્રયદાતા હતો.

તેની મરજી અનુસાર મુલ્લા અબ્દુલબારી નહાવદીએ તેનું જીવનચરિત્ર લખ્યું હતું. તે પુસ્તકનું નામ 'મઆસરે રહીમી' છે. તેની અત્યારે માત્ર બઢી પ્રતો મોજૂદ છે. એક કેમ્બ્રિજ યુનિવર્સિટીના પુસ્તકાલયમાં, બીજી, બંગાળ એશિયાટિક સોસાયટીના પુસ્તકાલયમાં તથા ત્રીજી પટણાની ખુદાબક્ષ પુસ્તકાલયમાં. આ ત્રીજી પ્રત અધૂરી છે.

બીજી પ્રત એક વખત શાહજહાં તથા ઔરંગઝેબના પુસ્તકાલયમાં હતી. આ પ્રત ઉપર શાહજહાં તથા ઔરંગઝેબના સમયના પ્રખ્યાત પુરુષોના સિક્કાઓ તથા હસ્તાક્ષરો છે. આ પ્રતમાં કર્તાના હસ્તાક્ષરોની ફુટનોટો પણ છે. કર્તાએ આ પ્રત પોતાના મિત્ર કાઝી અબ્દુલ હમીદ હમ્દાની પાસે મોકલી હતી. શાહજહાંના સમયમાં આ પ્રત હમ્દાનથી હિંદુસ્તાન કેવી રીતે આવી તે એક કોયડો છે. મીર અલી આઝાદે આ પ્રત ઈ. સ. ૧૨૦૦ માં દક્ષિણ હૈદ્રાબાદમાં જોઈ હતી.

છોટાલાલ માનસિંગ કામદાર

પ્રમુખશ્રીનું ભાષણ

આ પરિષદ સાતમી છે, સંગીતમાં ૭ સૂર હોય છે એટલે સૂરનું જ્ઞાન પૂરું થયું. એટલે હવે ખરું સંગીત વિકસાવવાનું રહ્યું. તેથી પુસ્તકાલય સ્થાપેજ આપણું કાર્ય પૂરું થતું નથી. ખરું કામ તો આપણે હવે જ કરવાનું રહે છે. ગામમા વાચકવર્ગ દિનપ્રતિદિન વધે, અંદાજપત્રો નિયમિત થાય અને પુસ્તકાલય પોતાના પગ ઉપર જ ઊભું રહે તેની વ્યવસ્થા થવાની આવશ્યકતા છે. હાલ શાળામા ઘણેખરે સ્થળે પુસ્તકાલયો છે. **આ પુસ્તકાલયો શાળામાંથી નીકળી જનતાના રહેઠાણમાં પ્રવેશ કરે અને લોકો પૈકી ઈસમો જ તેની વ્યવસ્થા વગેરે કરતાં થાય તો જ લોકો ખરો રસ લેતા થયા છે,** એમ જાણી શકાય. પુસ્તકાલયની સંસ્થા ગામમાં સરસ્વતીના મંદિરરૂપ થવી જોઇએ. હાલ જે શાળાના આશરે છે તે આશ્રયેથી ઉઠાવી તેને સ્વતંત્ર કરવુ જોઇએ અને આમ થાય તો જ તેનો વિકાસ યોગ્ય રીતે થઇ શકે.

હાલના જમાનાની કામધેનુ

સામાન્ય રીતે એવું જોવામાં આવે છે કે હાલનાં પુસ્તકાલયો ભણેલા જૂજ માણસો માટે જ છે. અને આ જ વર્ગ તેનો ઉપયોગ કરે છે; પણ પુસ્તકાલયનું આ ધ્યેય પૂરતું નથી. પુસ્તકાલય તો હાલની દરેક વ્યક્તિ પછી તે નાની હોય કે મોટી હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય, બ્રાહ્મણ હોય કે અંત્યજ હોય તમામને સરખી રીતે ઉપયોગી નીવડવું જોઇએ. પુસ્તકાલય એ હાલના જમાનાની ખરી કામધેનુ ગાય છે. જેને જે જાતનુ ઇચ્છિત જોઇએ તે તેમાથી મળી શકે છે. પુસ્તકાલય દરેક જણને તેનું ઇચ્છિત પૂરું પાડે છે. જેને જે બાબતનો રસ હોય તે તમામ બાબતો પુસ્તકાલય પૂરી પાડે છે. પોતાનો જીવનવ્યવહાર વધારે સંસ્કારી બનાવતાં પુસ્તકાલય શીખવે છે. પુરુષોને પોતાના ધંધાની બાબતમાં તે સહાયક છે. સ્ત્રીઓને તેમના કામમાં તે મદદ આપી શકે છે અને છોકરાઓમાં જ્ઞાનનો વધારો કરે છે. વળી અભણ લોકોમાં તે ભણતરને સજીવન કરે છે. નવરાસના વખતમાં પુસ્તકાલય લોકોનું સાથી બને છે. આ પ્રમાણે તમે જોશો તો પુસ્તકાલય એ ખરેખર ભર્તૃહરિ નીતિશતકના શ્લોકાર્ધ પ્રમાણે મંત્રીનું કાર્ય કરે છે અને તે આ બાતાની જીવતી જાગતી જ્યોત છે. હવે જે આ દેવની જેટલી ઓછી સેવા કરશે તે તેટલો વંચિત રહેશે એટલે કાર્યવાહકોએ ગામની તમામ વ્યક્તિઓને ઉપર જણાવ્યા પ્રમાણેની સહાય મળી શકે તે પ્રમાણે વ્યવસ્થા કરવાની જરૂર રહે છે. ગામની તમામ વ્યક્તિઓનો વિચાર કરી તેમને માટે દર વર્ષે પોતાના અંદાજપત્રકોમાં તેમાં પુસ્તકોની માગણી કરવા ચૂકવું નહિ. સ્ત્રીઓ પુસ્તકાલયનો અવશ્ય ઉપયોગ કરે તે પ્રમાણે ગામના પુરુષવર્ગે જોવાની જરૂર છે.

પ્રૌઢશિક્ષણ પામેલાંને પ્રેરણા

અભણ વર્ગ માટે રાજ્ય તરફથી પ્રૌઢ શિક્ષણની શાળાઓ ગામેગામ ઉઘાડવા પ્રબંધ થયેલો છે. અને આ માટે સરકારે ઉદારતાપૂર્વકની યોજના બહાર પાડેલ છે. અમારે દિલગીરી

સાથે કહેવું પડે છે કે આ દિશામાં જનતાનો સાથ અમને જોઇએ તેવો મળતો નથી. સંભ્ય આપ સૌને હું વિનંતિ કરું છું કે પ્રૌઢ શિક્ષણનું કાર્ય જે આ પ્રવૃત્તિના પાયારૂપ છે તેમાં આપ સૌ તનમનથી મદદ કરો અને સ્ત્રીવર્ગ અભણવર્ગને પુસ્તકાલયનો લાભ લેવા શક્તિમાન બનાવો. પુસ્તકાલયના કાર્યવાહકોએ પણ લોકોને આ દિશામાં વાળવા પ્રયત્ન કરવો જોઇએ અને તેમના માટે મહિલા પુસ્તકાલયો સ્થાપી મહિલા મંડળો બનાવવાં જોઇએ. કેળવણી ખાતા તરફથી ચાલતી વુડવર્ડજની યોજના આ પ્રયત્નોને જ પોષક છે અને તેથી શિક્ષકોએ પણ જ્યાં શક્ય હોય ત્યાં વુડવર્ગ ઉઘાડવા ચૂકવું નહિ. શ્રીમંત સરકારે કૃપાવંત થઇને આને માટે પણ પોતાનો ઉદાર હાથ લંબાવેલો છે જ.

સહકારી ધોરણે પુસ્તકોની આપ-લે

નાનાં નાનાં ગ્રામ પુસ્તકાલયો પોતે તમામ જાતનાં બધાં પુસ્તકો વસાવી ન શકે એ દેખીતું જ છે અને તેથી સહકારી ધોરણે પુસ્તકો મેળવવાનું કાર્ય બધા મળી એકદીલથી કરવામાં આવે તો તે બધાને ઉપયોગી થઈ પડશે પુસ્તકાલય ખાતાએ આ સંબંધમાં માર્ગદર્શન કરેલું છે તેનો જરૂરી લાભ ઉઠાવવા પ્રયત્ન કરવો જરૂરી છે.

પુસ્તકાલયોમાં પુસ્તકોની નોંધવહી તરફ જરા વધુ લક્ષ આપવાની જરૂર છે કે કેટલેક સ્થળે વિષયવારી વગેરે કરવામાં આવે છે, પણ ઘણેખરે સ્થળે પુસ્તકોની એક જ નોંધવહી રાખવામાં આવે છે અને તેમાં તમામ પુસ્તકો જેમ આવે તેમ નોંધવામાં આવે છે. આ સંબંધમાં મારી એક એવી સૂચના છે કે બાળકો માટેનાં પુસ્તકો અને મોટેરાં માટેનાં પુસ્તકો એમ બે વિભાગો તો શરુઆતથી જ અલગ રાખવા જોઇએ. આથી પુસ્તકોની પ્રસંદગીનું તથા આપ-લેનું કામ વધુ સરળ થઇ પડશે. આ ઉપરાંત વિષયવારી વગેરે થાય તે તો વધારે જ સારું છે.

બાલસાહિત્ય અવશ્ય વસાવો.

પુસ્તકાલયમાં આપણે ફક્ત પુસ્તકો અને વર્તમાનપત્રોનો વિચાર કરીએ છીએ, પણ આપણે ઉપર પુસ્તકાલયનું જે ધ્યેય રજુ કર્યું તેની સાથે આમાં ઉણપ આવે છે. નાનાં બાળકો પુસ્તકાલયમાં આવે તો શું કરે ? તેમને માટે પણ વિચાર થવાની જરૂર છે. બાળકો માટે ચિત્રો, રમતગમતનાં સાધનો, ખેલવા કૂદવા માટેનો બગીચો આ પ્રમાણે જ્યાં બની શકે ત્યાં દાખલ કરવાની જરૂર છે. કાર્યવાહકોને મારી વિનંતિ છે કે તેમણે આ દિશામાં પ્રયત્ન કરવો; આ ઉપરાંત નાના પાયા ઉપર દરેક પુસ્તકાલયમાં નાનાં નાનાં સંગ્રહસ્થાનો ઊભાં કરી શકાય કે જેની અંદર ગામની અને તાલુકાની જાણવા જેવી અને જોવા જેવી વસ્તુઓ કાયમને માટે રાખી શકાય.

ઉપસંહાર

આ પ્રમાણે પુસ્તકાલયની બાબતમાં જેટલું કહીએ તેટલું ઓછું છે. ટૂંકમાં, પુસ્તકાલયપ્રવૃત્તિને ખૂબ વિકસાવવાની જરૂર છે. ઉપર તેનાં કેટલાંક અંગો જણાવ્યાં છે, પણ આની સાથે કાર્યવાહકોએ ન ભૂલવું જોઇએ કે ઉપરનાં અંગો વિકસાવવામાં તેનાં બીજા

(સાંધણ સામેના પૃષ્ઠને છેડે)

યુદ્ધસમયના છાપકામની ફૅશન

યુદ્ધને અંગે કાગળોનો બચાવ કરવાના પ્રચારને અંગે છાપવામાં પણ નવી નવી ફૅશનોનો પ્રચાર થવા લાગ્યો છે. અત્યારનો પ્રશ્ન ઓછા કાગળમાં, છાપવાની વધારે જગ્યાનો છે, અને આ પ્રશ્નનો નિવેડો લાવવાને સરકારી છાપખાનાં નવી નવી યોજના કર્યે જાય છે.

યુદ્ધ પહેલાં રાખવામાં આવતા મોટા હાંસિયા આજે સત્વર અદૃશ્ય થતા જાય છે. બધાં સરકારી છાપખાનાઓને સૂચના મોકલાઇ ચૂકી છે કે હાંસિયામાં કરવામાં આવતી નોંધો તથા ઉલ્લેખો, લખાણની અંદર આપી જવા જોઇએ. પ્રકરણો, પરિશિષ્ટો અને ફૂટનોટો વગેરે વગેરે માટે જગ્યા રાખવી ન જોઇએ.

એક જ બાજુ ચિત્ર છાપવાનું તો શાંતિના સમયમાં ચોક્કસ રહે.

સરકારી છાપખાનાંઓમાં આ પણ અદૃશ્ય થતું જાય છે. આ કાર્ય માટે કાગળની બન્ને બાજુનો ઉપયોગ કરવામાં આવે છે. વધારે જોવા જેવું તો એ છે કે ચિત્રોની આસપાસની ખાલી સફેદ જગ્યામાં પણ લખાણ છાપવામાં આવેલ હોય છે.

ફેક્ટનના સમયથી 'નવા પાનાં પર નવું પ્રકરણ' છાપવાનો પ્રાચીન નિયમ છે. જ્યારે કાગળો પુષ્કળ મળતા ત્યારે આ નિયમને ચૂસ્તપણે વળગી રહેવાનું શક્ય હતું. હવે સરકારી છાપખાનાંઓને એવી સૂચના મળી છે કે જો આગલા પાના પર જગ્યા હોય તો નવા પ્રકરણને નવા પાના પર મુલતવી રાખવું નહિ. યુદ્ધસમયની કાગળ બચાવવાની આ યોજનાથી નવા પ્રકરણની ચાલી આવતી પ્રાચીન પવિત્રતાનો નાશ થશે નહિ.

અત્યાર સુધી જે લખાણ મોટા અક્ષરોમાં છાપવામાં આવતું તે હવે ઝીણા અક્ષરોમાં છાપવામાં આવે છે. આને અંગે કોઇ વાર વાંચન ઓછું સહેલું થાય છે, પરંતુ કાગળ બચી જાય છે. આ સમયમાં બે કૉલમમાં છાપવાનું વધતું જાય છે. બન્ને કૉલમ વચ્ચેનું અંતર અને તેટલું ઓછું રાખવામાં આવે છે.

આ રીતે થોડા કાગળમાં વધારે લખાણ માટે સગવડ થઇ છે અને સરકારી છાપખાનાંઓમાં તો 'કાગળ ઓછા વાપરવાનો અર્થ તમુએ તમુ કાગળ વાપરવા' તો થયો છે.

છોટાલાલ માનસિંગ કામદાર

(સામેના પૃષ્ઠનું ચાલુ)

બીજાં ન બને. દાખલા તરીકે અંદાજપત્રકો બનાવવાં, ઉડી ગએલાં છોકરાંઓની યાદીઓ રાખવી, નિયમિત રીતે પોતાનાં નિવેદન મોકલવાં, દફ્તર વ્યવસ્થિત રાખવું, પુસ્તકોની આપ-લે કાળજીથી કરવી, જૂદ્રમંડળ નિયમિત ભરવાં, પોતાનો કાયમનિધિ વધારવા પ્રયાસ કરવો વગેરે બાબત 'પુસ્તકાલય' માસિક પુસ્તકાલયો માટે સારૂં માર્ગદર્શક છે તે અવશ્ય કાર્યવાહકોએ વાંચતા રહી તેમાં જણાવેલી સૂચનાઓનો અમલ કરવા ચૂકવું નહિ. હાલમાં રા. રા. મદદનીશ વ્યવસ્થાપક શ્રી. ઉમેદભાઇ સાહેબે પુસ્તકાલયોની મૂંગી સેવાઓ સંબંધે એક લેખ લખ્યો છે તે અવશ્ય વાંચવા જેવો છે અને તે લેખ બોલ્યા વિના પુસ્તકાલયોની ઉપયોગિતાનો ખ્યાલ જરૂર આવે છે.

દામોદર ગોવિંદ માંડસે...

લેખક–તંત્રીનો ગજગ્રાહ !

કટાક્ષ કાવ્ય

: ગજગ્રાહ :

(ક. દ. ડા. ની ' વસવાગાં લોકે વિપ્ર સાથે પાડયો વાંધો—એ લય)

છાપાંના તન્ત્રી—લેખક વચ્ચે જામ્યો ઝઘડો,
' ખાસ અંક ' પછી લેખક લે તન્ત્રીને ઊધડો ! છાપાના૦ ૧

પત્રમાં લેખક લખે કે તન્ત્રીને નહિ કાંઇ ગમ,
' ખાસ અંક ' તેનો ' પસ્તી ' જેવો ' પોથા 'માં નહિ દમ ! છાપાના૦ ૨

તન્ત્રી વદતો ' આ લહીઆઓ મ્હારૂં માથું ખાય;
' જાહેરાત ' લેવા લેખ કાપીએ, ' કોં'ના ' તાતનું શું જાય ?' છાપાના૦ ૩

લેખક કહેશે " ' ખાસ અંક 'માં લેખસૂચિ * ન હોય;
' બીલ ' આપતા જાહેરાતિયાની અનુક્રમણી હોય ! " છાપાના૦ ૪

તન્ત્રી કહેતો " આ શાં પર્વ પછીનાં ઘર્ષણ;
નટનટી-છબીઓ, જ્યોતીષ શાસ્ત્ર, જ્યોતિષ આકર્ષણ " છાપાના૦ ૫

લેખક પૂછે ભાષારસિકને " આ અંક તપાસો;
છે પાંડિત્ય કે રસસાહિત્યનું પ્રમાણ ' તોલે માસો ? ' છાપાના૦ ૬

તન્ત્રી ખોંખારે " લખ્યો લેખક બાલી કરે લવારી,
રૂપિયા બેનો અંક ચાર લાવે, એ ખરી બલિહારી. " છાપાના૦ ૭

લેખકની દાદ એવી કે " ' બાસઅંક–તન્ત્રી જોઇએ બાસ;
જે 'મૅટર' ને ભૂલવી લઇને, 'પાસ' કરે કે 'નપાસ.' " છાપાના૦ ૮

: વક્ષણ :

લેખક તન્ત્રીનો જોઇ ગજગ્રાહ, વિવેચક વદે વિણ પક્ષપાત;
"વાર તહેવારે 'ખાસ અંક' છે ખોટા, એ નહિ પત્ર જાહેરાત !" છાપાના૦ ૯

વાચકવર્ગ આ સુણી વદતો, આ શી બધી ધમાધમ ?
'ખાસ અંક' મફત વાંચવા મળે તો–ગમે તેવો પણ એ ઉત્તમ' છા. ૧૦

આપણા સાહિત્યની આ દશા જોઇને, કવિને થયું ઊર્મિલ અટ્ટહાસ;
'શું શાં પૈસાની ચાર' એ ઉક્તિમાં, કોણ કવશે છે જરાએ કચાશ ?

" અગ્નિકુમાર "

---

*કેટલાક ખાસ અંકોમાં લેખાનુક્રમણિકાને સ્થાન નથી મળતું.—તંત્રી

ગરીબ બિચારો લેખક

જો કોઇ મનુષ્ય તરંગી બનીને ગુણવત્તાના પ્રમાણમાં પરાધીન બંધાની ડિરેક્ટરી કરે તો હું ધારું છું કે પત્રકારિત્વ ઠીક ઠીક ઊંચું સ્થાન મેળવે.

અને આ પરાધીન બંધાની પરાધીન શાખામાં લેખો લખનારનો સમાવેશ થાય છે.

તાજેતરમાં નોકરી કરતા પત્રકારની સ્થિતિ વિષે ઠીક ચર્ચા થઈ છે. મિ. પોથેન જોસેફે એક પૂછપટ તૈયાર કરાવીને છપાવ્યું છે. તેમાં છાપાના એક મદદનીશ તંત્રીને વીસ વર્ષની નોકરી પછી માસિક ૧૫૦) રૂપિયા મળે છે. તેની ઘૂંટણ આસપાસ છ બાળકો વીંટળાઇ પડયાં છે. એટલે લેખો લખનારના તરફથી બે શબ્દો લખવાનું સમયોચિત છે, કેમકે તે પણ પત્રકારિત્વનું અગત્યનું અંગ છે.

કાગળની શોધખોળ થઈ અને લેખો લખવાનો ધંધો થઈ પડયો. ત્યાર પહેલાંના–લાંબા સમય પહેલાંના–દિવસો સારા હતા. લખવાનું અથવા કોઇનું બોલેલું ઉતારી લેવાનું કાર્ય એટલું મુશ્કેલ હતું કે જો સંસ્કૃત વૈયાકરણી એક પણ શબ્દ ખોટો વાપરવામાં અથવા કોઇ પણ સૂત્રને ટુંકાવવામાં પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી શકતો તો પુત્રજન્મની માફક તે મહોત્સવ ઉજવવામાં આવતો હતો.

પરંતુ ભૂતકાળના સુવર્ણયુગને સંભારવો વ્યર્થ છે. આજે આપણે વૈજ્ઞાનિક યુગમાં જીવી રહ્યા છીએ. આ યુગે આપણને કાગળ, શાહી તથા એના પ્રકારનાં યંત્રો આપ્યાં છે કે જે તમે ગણી શકો તે કરતાં વધારે ઝડપથી મોટા કદનાં વર્તમાન-પત્રોની હજારો નકલો છાપી શકે છે. આ દેશે વિજ્ઞાનની બધી ખૂબીઓ અપનાવીને તેનો લાભ લીધો છે, પરંતુ સાચોસાચ યંત્રો જે લખાણ છાપે છે તેના લેખકને પૈસા આપ-વાનો રિવાજ ગ્રહણ કર્યો નથી. થોડા અપવાદો બાદ કરતાં, લેખક અને શિક્ષકનો ધંધો આબરુદાર પરંતુ દુર્લક્ષિત રહ્યો છે.

જરા વિચાર કરી જુઓ. વર્તમાનપત્રનો આખો ધંધો વિચિત્ર કાળક્રમ વિરોધ છે. હંમેશાં સવારમાં વાચક એક આનો (આ યુદ્ધના સમયમાં વધારે) ખર્ચી નાખે છે અને તે એક આનાના બદલામાં, જગતના દૂર દૂરના દેશોમાં બનેલા બધા બનાવોનો ટૂંક સાર પોતે સમજી શકે તેવી ભાષામાં મેળવવાની તે આશા રાખે છે; એટલું જ નહિ, પરંતુ દરેક વિષય ઉપર વિદ્વત્તાભરી ટીકાની તથા પોતાને આનંદ આપે તેવા વિશિષ્ટ વિભાગની તે આશા રાખે છે. ખબર, શિક્ષણ તથા આનંદના આ ત્રેવડા કાર્ય માટે તે એક આનાથી વધારે આપવાને તૈયાર હોતો નથી.

આમ છતાં વસ્તુતઃ તે આડકતરી રીતે વધારે આપે છે. વર્તમાનપત્રો માત્ર લવાજમ વડે જ ચાલી ના શકે તે દેખીતું છે; તે તો જાહેર ખબરોથી ચાલે છે. જાહેર ખબર આપ-નારાઓ જે પૈસા છાપાવાળાઓને આપે છે તે તેઓ માલની વેચાણ કિંમતમાં ઉમેરીને મેળવી લે છે. એટલે અંતે તો વાચક પોતે ખરીદ કરેલી વસ્તુના વધારે પૈસા આપીને, છાપાના વધારે પૈસા આપે છે. પરંતુ તે સીધા પૈસા આપતો ન હોવાથી કુદરતી રીતે જ છાપા પરનો તેનો અંકુશ બહુ દૂરનો ગણી શકાય. તેને તો જે મળે તે વાંચવાનું હોય છે.

> સહેલગાહના સહેલાણી ! ! આનંદ પર્યટનમાં જે તે સ્થળોને લગતું સાહિત્ય સાથે લેવાનું ચૂકશો નહિ. મિત્રો તમારો વખત વાતોમાં વેડફી નાખશે. ત્યારે પ્રવાસ-વર્ણનોનું વાચન પર્યટનનો સાચો આનંદ માણવા તમારા મનને તૈયાર કરશે.

બીજા બધા કુશળ ધંધાદારીઓની માફક વર્તમાન-પત્રોના માલિકો પણ ઓછામાં ઓછા પૈસા ખર્ચ-વાથી જે મળે તે આપે તેવા હુંશિયાર હોય છે. તદ્દન મફત નહિ તો બહુ જ સોંઘી કિંમતે વસ્તુઓ મેળવવામાં માલિકો ભાગ્યશાળી બન્યા છે. લેખની નીચે પોતાનું નામ છપાય તે જોવાને માણસો મરી પડે છે-અરે તે એક ધંધો થઇ પડયો છે. પોતાનો લેખ છપાવવાની રાહ જોતા અસંખ્ય મનુષ્યો પડયાં છે. કોઇ પણ લેખ અથવા વાર્તા વાંચનાર અન્ડર ગ્રેજ્યુએટ, પોતાના મનમાં કહે છે કે, ' આમાં શું બળ્યું છે ? આ કરતાં તો હું વધારે સારું લખી શકું. ' અને તે લખવાને કમર કસે છે, અને પોતે જે લખ્યું છે તેનાથી વધારે સારું કોઇ ન લખી શકે તેમ તે માને છે. જે મનુષ્યોને પોતાની ફુરસદનો સમય ગાળવાનું બીજું કોઈ સાધન હોતું નથી તેઓને પત્રકાર થવાનો વિચાર સારો લાગે છે અને તેઓ આડંબરયુક્ત લાંબા લાંબા શબ્દોનો ઉપયોગ કરી લેખનપ્રવૃત્તિ શરૂ કરે છે.

વર્તમાનપત્રની ઑફિસોમાં, છાપવા માટે યાચના અથવા વિનતિ કરતા પત્રો સાથે જે લેખો આવે છે તેની સંખ્યા ખરેખર નવાઇ પમાડે તેવી છે. લખાણો પાછાં મોકલવાનું કાર્ય અનારનવાર મને સોંપવામાં આવેલ હોઇ હું તેનાથી માહિતગાર છું. વસ્તુતઃ એવા લોકો પડયાં છે, કે જેઓ પોતે મોકલેલ લેખ વા ફોટોગ્રાફ માટે પૈસાની માગણી કરતા નથી એટલું જ નહિ પરંતુ તે પ્રગટ કરવા માટે પૈસા આપવા તૈયાર પણ હોય છે. જાહેર ખબરના દર જેટલા પૈસા આપીને, પોતાના લેખ છપાવનાર એક માણસને હું જાણું છું; પરંતુ આ રોગ માત્ર હિંદને જ લાગુ પડયો છે એમ નથી. મફત લેખો લખી આપનાર એક બ્રિટિશ પત્રકારની વાત મારી જાણમાં આવતાં મને આઘાત લાગ્યો હતો. તેનું નામ આપવાની ખાસ ઇચ્છા નથી; કેમ કે તેમ કરવાથી વધારે વર્તમાનપત્રો તેનો લાભ ઉઠાવશે !

અલબત્ત, કુદરતી રીતે જ આવા લખાણની કિંમત બહુ ઊંચી હોતી નથી. પણ વાચકને તો મત આપવાપણું ન હોઇ, તેને તો જે છાપ્યું હોય તે વાંચવું અને ઈશ્વરનો પાડ માનવો. પાડ ન માને તો પણ ચાલી શકે. વળી આપણા વાચકો વિષે તો કહીએ તેટલું ઓછું. તેઓ તેમના કાર્યમાં એવા ગૂંચવાઇ ગયેલા હોય છે કે લેખક વિષે વિચાર કરવાની તેમને ફુરસદ હોતી નથી. તેથી લેખકો અને પ્રકાશકો એકલા જ બાકી રહે છે, સિવાય કે કોઇ નવરાઓ તેમને કનડગત આદરે, અને કલ્પિત પત્રો લખે.

ખરેખરા લખાયેલા પત્રો તો બહુ જ ઓછા હોય છે. હું મુંબઈના એક દૈનિકમાં મારા નામથી બે વર્ષથી અને કોઇ કોઇ વાર બીજા પત્રોમાં પ્રસંગોપાત લખું છું, પણ મને માત્ર એક જ પત્ર અને તે પણ કોઇ મરકરા તરફથી મળ્યો છે. મેં રૂઝવેલ્ટ અને ચર્ચિલ સંબંધી કંઇક લખ્યું હતું તે પરથી તેણે ધારી લીધું કે તે બન્ને મારા અંગત મિત્ર છે ! તેણે " લઘુલિપિ " સંબંધી મારી સલાહ પૂછાવી હતી. પરંતુ હું લઘુલિપિ જ જાણતો નથી. એક મારા બીજા સાથીને મોટા જ્યોતિષી ગણવામાં આવે છે, જ્યારે એક બીજાને પોપ્યુલરસ્ટોનના જજ ગણવામાં આવે છે.

> **જોઇએ છે ? જવાબ.** ગમે તે પૂછોને ! અહીંના આકર ગ્રંથો હરકોઈ પ્રશ્નના ઉત્તર આપવા હાજર છે. ગામનું પુસ્તકાલય હરકોઇ પ્રશ્નનું નિરાકરણ કરી આપનાર અને અનેક સલાહકાર છે.

પરંતુ અત્યારે તો યુદ્ધનો આભાર માનો કે પ્રસંગોપાત લેખ લખવાનું (કે રમુજી પત્ર મેળવવાનું) બંધ પડ્યું છે. પહેલું કારણ એ છે કે વર્તમાનપત્રોનું કદ ઘટી જવાથી લખાણો વડે કોલમો ભરી દેવાનો પ્રશ્ન બંધ પડ્યો છે. વર્તમાનપત્રમાં થોડી ઘણી જગ્યા હોય છે તે ભરતી ભરી દેવા માટે ઘણી એજન્સીઓ ખુશી હોય છે. એક તો યુનાઇટેડ સ્ટેટ્સના યુદ્ધનું અખબાર ખાતું છે. તે તમારા પત્ર માટે 'બાસ' લખાણ આપે છે અને બદલામાં આભાર માનવાની માગણી પણ કરતું નથી. (વળી તે એક બાજુ ટાઇપ કરેલ સારા કાગળો વાપરે છે, એટલે કાગળની તંગીના આ સમયમાં બરોબર તે આશીર્વાદરૂપ છે.) ચીન અને રશિયા વતી તેવા જ પ્રકારનું કાર્ય કરતી એજન્સીઓ છે. જો કે તેનું કામ અમેરિકાના જેટલા મોટા પ્રમાણમાં નથી આ ઉપરાંત બખર ખાતા અને ઓડકાસ્ટિંગ ખાતાની સંખ્યાબંધ શાખાઓ તેમ જ પ્રાંતિક સરકારનાં ખાતાંઓ છે, તે વર્તમાનપત્રને પુષ્કળ સાહિત્ય પૂરું પાડે છે. આ લખાણોનો ગમે તે પ્રકારે ઉપયોગ થઇ શકે છે, શરત માત્ર એટલી જ કે આ લખાણ કયાંથી લેવામાં આવ્યું છે તે જણાવું ન જોઇએ ! ઓંગ્લો-ઇન્ડિયન વર્તમાનપત્રોમાં આ પ્રકારનું ઘણું લખાણ 'તંત્રીનોંધ' અથવા 'નોંધ' તરીકે મળી આવે છે.

આ ઉપરાંત બ્રિટિશ ઓડકાસ્ટિંગ કંપની છે. કપુરથલાની રાજકુમારી એમ્બ્યુલન્સ હાંકવામાં અને અકસ્માત વેળા પ્રાથમિક મદદમાં કેવાં પ્રવીણ છે તેનું વર્ણન આપે છે, પરંતુ આમ સભાના કામકાજનો રિપોર્ટ તો પોતાની કંપની માટે જ રાખે છે ! એટલું જ નહિ પરંતુ બ્રિટિશ ઓડકાસ્ટિંગ કંપની, બ્રિટિશ બખરખાતું અને એવાં બીજાં ખાતાનાં બખર ઉપર 'છાપવાની છૂટ છે' તેવું બાસ લખાણ હોય છે.

તંત્રીની કૃપા મેળવવા માટે આવી એજન્સીઓ સાથે હરિફાઇ કરનાર લેખકની સ્થિતિનો વિચાર કરો. સાચું કહું તો વર્તમાનપત્રોના તંત્રીઓ કઠણ હૃદયના હોય છે, અને પ્રાર્થના ઈશ્વરને બનાવી જાય છે તેની પણ તેમના પર કશીયે અસર થતી નથી.

પણ આમાં એક અપવાદ છે. અને તે આકર્ષક, વિચિત્ર કાવ્યો લખી શકે તેવા મનુષ્યનો.

સારી કવિતા લખનારને માટે તો વર્તમાનપત્ર સિવાયનું સ્થળ પણ હોય છે. પરંતુ સંપૂર્ણ પ્રાસવાળી, તથા બીજી રીતે સર્વાંગ સુંદર કહી શકાય તેવી કવિતા લખનારાઓ બહુ જૂજ હોય છે.

એટલે આવા નરોત્તમો (Supermen) ની વાત જવા દઇએ. તેઓ તો અપવાદરૂપ છે. હું તો સામાન્ય લેખકોની વાત કરું છું. આવાઓને માટે તો પૃથ્વી પરથી આશા ચાલી ગઇ છે અને અનંત રાત્રિ શરૂ થઇ છે.

એટલે મુંબઇમાં મળેલ પ્રગતિશીલ લેખકોની પરિષદે, લેખકો અને પ્રકાશકો વચ્ચેના સંબંધો વિષે જે હરાવ પસાર કર્યો તે જરા પણ ઉતાવળિયો નથી, એમ મારે કબૂલ કરવું

જણાઇ આવ્યું કે સમૃદ્ધ જીવન કે અલ્પસંતોષી જીવન આ પ્રશ્ન વેદકાળ જેટલો જૂનો છે. સમૃદ્ધ જીવનનો આગ્રહ ધરીને તે મેળવવા માટે શું કરવું જોઇએ, એનો ઐતિહાસિક વિચાર મહાદેવ શાસ્ત્રી દિવેકરે પોતાના 'આર્ય સંસ્કૃતિનો ઉત્કર્ષાપકર્ષ' નામના ગ્રંથમાં કર્યો છે. અને પ્રો. દ. કે. કેળકરે પણ પોતાના 'સંસ્કૃતિ સંગમ' નામના પુસ્તકમાં સમૃદ્ધ જીવન એ જ સંસ્કૃતિને ટકાવશે અને અલ્પસંતોષી જીવન એ તેનો નાશ કરશે, એમ દાખલા આપીને સિદ્ધ કર્યું છે. એટલે આજે સમૃદ્ધ જીવન એ આજની પરિસ્થિતિને તદ્દન પ્રતિકૂળ એવો વિષય દેખાય તો પણ તે કાળની અપેક્ષા વગરનો અને સનાતન છે, એમ આપણને લાગશે. અને આજે ચોતરફથી સમૃદ્ધિની અટકાયત થતી હોવા છતાં તેના સંબંધમાં કોઈ વિવેચન કરે તો તે અરબી ભાષામાંની વાર્તાના કાલ્પનિક જમણના લુખ્ખા સબડકાની માફક નીરસ નહિ લાગે, એમ લાગે છે.

આજના વ્યાખ્યાનનો વિષય સૂઝવાનું નિમિત્તકારણ 'યશવંત' માસિકમાંનો એક લેખ હતો, એમ કહેવું જોઇએ. આધુનિક સમાજ પરના મોંઘવારી અને હાડમારીથી છેક ઉપરની કોટીના કે છેક નીચલી કોટીના લોકો વિશેષ કેરાન થયા નથી, પણ વચલા વર્ગની સ્થિતિ માત્ર એનાથી જુદી જ છે. એમની પાસે સંપત્તિ પહેલાં હતી તેટલી જ છે. ખર્ચનું પ્રમાણ માત્ર ત્રણચારગણું વધ્યું છે. આવી પરિસ્થિતિમાં વચલા વર્ગના લોકોને માટે જીવવાનો એક માત્ર ઉપાય એ છે, કે એમણે પોતાનું જીવન એક બે પગથિયાં નીચે ઉતારવું જોઇએ; નહિ તો કરજ અથવા શાહુકારના પંજામાં સપડાયા જ સમજો. આવા આશયનો એ લેખ છે. આ લેખમાં વિરોધ કરવા જેવું કંઈ નથી, છતાં અંતરની લાગણીવાળી આ સૂચનાઓ છે. કારણ કે પરિસ્થિતીને લીધે પેટે પાટા બાંધીને કેડનો પટ્ટો ટૂંકો કરવો પડે, એ વાત દુનિયાના અહંભાવી રાષ્ટ્રોને પણ કરવી પડી છે. છતાં પરિસ્થિતિને લીધે કરવી પડેલી કાપકૂપ અને છૂટછાટ પોતાની રાજીખુશીથી કરવી જોઇએ. કારણ કે મધ્યમવર્ગના લોકોનું જીવન પાશ્ચાત્ય લોકોના અનુકરણથી વિનાકારણ પોલી મોટાઇવાળું થયું છે. દાખલા તરીકે ઠંડા પ્રદેશમાં રહેનારા પાશ્ચાત્ય લોકોના પોશાકનું અનુકરણ કરીને મુંબાને માટે એક, જમવાને માટે બીજો, કોર્ટ કચેરીને માટે ત્રીજો, સામાજિક મુલાકાતોને માટે ચોથો, વગેરે પોશાકના પ્રકાર આપણા લોકોને શા માટે જોઇએ ? નકામો સજ્જાદિ ઉપર વિંધ્યાદ્રિ ચડાવવો શા માટે ? વ્યવહારની દૃષ્ટિએ મધ્યમ વર્ગના લોકોનો સંસાર સાદો અને સુતરો હોવો જોઇએ, એવો તાત્ત્વિક આદેશ પણ તે લેખમાં સ્પષ્ટપણે આપ્યો છે. એ આદેશની સામે માત્ર પ્રશ્નચિહ્ન કરવાનું મન સહજજ થાય છે. ખાસ કરીને ટૂંકા જીવનમાં સંતોષ માનીને સ્વસ્થ રહેવું કે વૈભવશાળી જીવનની આકાંક્ષા રાખીને પ્રયત્ન કરતા રહેવું, એ તાત્ત્વિક પ્રશ્નનો જેમણે મનમાં નિશ્ચય કર્યો નથી, તેમને આ આદેશ તાત્કાલિક સ્વીકારવા જેવો લાગશે નહિ. એ કહેશે કે અમે પ્રસંગોપાત્ત આર્થિક મુશ્કેલીઓથી રોજના વ્યવહારમાં કરકસર કરીશું, પણ તેથી કંઈ હંમેશનું જ જીવનધોરણ નીચલે પગથિયે ઉતારવાની વાત અમે કદી કરીશું નહિ.

'યશવંત' માસિકમાંના લેખનું આ નિમિત્તકારણ છોડી દઇએ તોપણ વારંવાર એ વિષય મારા મનમાં ઘૂમ્યા કરે છે. એનું કારણ એટલે મારો પુસ્તકોની સાથેનો દરરોજનો સંબંધ. ખાસ કરીને અંગ્રેજી અને દેશી ભાષાઓમાંની ગુજરાતી તથા મરાઠી—આ ભાષાઓમાં પ્રસિદ્ધ થનાર પુસ્તકો વખતોવખત મારા જોવામાં આવે છે. અંગ્રેજી પુસ્તકો ફક્ત

ખેડૂતો ! ઉપયોગી અને ઉત્તમ પુસ્તકોના સેવનથી તમારી ચેદાશ વધશે. ગપ્પાં મારવાનો વખત પુસ્તકો વાંચવામાં વીતાવો. આ રહ્યાં–તમને ઉપયોગી થઈ પડે એવાં પુસ્તકો. આવો–વાંચો અને વિશેષ ફાયદો મેળવો.

અંગ્રેજ લેખકોએ જ લખેલાં નહિ, પણ અમેરિકન અને યુરોપીયન લેખકોનાં પણ હોય છે. આ અંગ્રેજી પુસ્તકો એકલાં સંખ્યામાં જ કોઇ પણ દેશી ભાષાઓના પુસ્તકો કરતાં ૬૦–૭૦ ગણાં વધારે હોય છે. અંગ્રેજી પુસ્તકોનું વાર્ષિક પ્રકાશન આશરે ૨૫૦૦૦ હોય છે અને આ દેશની ગુજરાતી કે મરાઠી પુસ્તકોની એક વર્ષની પ્રસિદ્ધિસંખ્યા ૪૦૦ જેટલી હોય છે. અંગ્રેજી જાણનારાઓની સંખ્યા આખા જગતમાં ૨૫ કરોડની હશે, ત્યારે ગુજરાતી અને મરાઠી વાચકોની સંખ્યા અનુક્રમે દોઢથી બઢી કરોડ થશે. વધારેમાં વધારે લોકપ્રિય થયેલું અંગ્રેજી પુસ્તક લાખોની સંખ્યામાં ખપશે. " **Gone with the wind** "ની ત્રણ લાખ નકલો ખપી હતી. અને Wendell Willkieના " **Our world** " નામના પુસ્તકની પાંચ લાખ નકલો હમણાં જ–એટલે ફક્ત એક બે મહિનામાં જ ખપી ગઈ છે !

આપણા તરફની વધારેમાં વધારે ખપતના આંકડા હજારોની ઉપર ગએલા સંભળાયા નથી. ખપતના અને સંખ્યામાં વધારે એવાં આ અંગ્રેજી પુસ્તકો એકદેશીય અથવા ખાસ વિષય ઉપર જ નથી હોતાં. શાસ્ત્ર, કલા, ઉદ્યોગ, વેપાર, ચરિત્રો, નાટકો, પ્રવાસવર્ણનો વગેરે જીવનના બધા વિભાગો વિષે તે લખાય છે. સામાન્ય વાચક આ વિશાળ ક્ષેત્રને લક્ષને મુંઝાઇ જશે, એટલા માટે તેને મદદ કરવા તે વિષયને વરેલી વિશિષ્ટ સંસ્થાઓ ગ્રંથમંડળો સ્થાપે છે. અને આ ગ્રંથમંડળો તે તે વિષયના નિષ્ણાતોની સલાહ મુજબ નવાં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોની ગુણાનુક્રમમાં ક્રમવાર યાદી પ્રસિદ્ધ કરે છે. વર્તમાન યુદ્ધ શરૂ થતાં પહેલાં આવાં કેટલાંક ગ્રંથમંડળો અસ્તિત્વમાં હતાં. તેમાં સમાજસત્તાવાદીઓની **Left Book Club**, ઉદારમતવાદીઓની **Right Book Club**, રાષ્ટ્રીયપક્ષની **National Book Club** આ રાજકીય કલબો પ્રસિદ્ધ હતી. એ ઉપરાંત **Travel Book Club, Crime Club, Scentific Book Club** એટલે પ્રવાસ, ગુન્હા કે શાસ્ત્રો એ વિષય ઉપર પુસ્તકો પસંદ કરનારી કલબો હતી. કોઇ પણ વિષય ઉપરનાં, પણ સાહિત્યની દૃષ્ટિએ મહત્વનાં પુસ્તકો પસંદ કરનારી **Book Society** નામની સંસ્થા આજ પણ ઇંગ્લેંડમાં છે. અમેરિકામાં આવી જાતનું કામ કરનારી **Book of the Month Club** નામની સંસ્થા છે. આવી અનેક સંસ્થાઓની ચૂંથણી પાશ્ચાત્ય સાહિત્યને સળંગસૂત્રતા આપે છે. આપણા તરફનું સાહિત્ય ઉપરની સરખામણીમાં બિલકુલ નજીવું દેખાય છે. નાટકો, કાવ્ય, નવલકથાઓ, લઘુકથા, લઘુનિબંધ, શાળા-કૉલેજમાં ચાલતાં પાઠયપુસ્તકો વગેરેને બાદ કરીએ તો હુન્નર, કલા, શાસ્ત્રો વગેરે લલિતેતર વિષયો ઉપર આંગળીના વેઢે ગણી શકાય એટલાં પુસ્તક આપણે ત્યાં ટપુમપુ રીતે નિર્માણ થાય છે. અને તેમાં પણ સ્વતંત્ર વૈયકિતક સ્વાનુભવ ઉપર આધાર રાખનાર તો અત્યંત અલ્પ જ હોય છે.

છેલ્લાં દસ વર્ષથી હું પુસ્તકાલયમાં કામ કરી રહ્યો છું. અને દર વર્ષે જ્યારે હું પાશ્ચાત્ય પુસ્તકોની પ્રસિદ્ધિના અને વેચાણના આંકડા વાંચું છું ત્યારે ઘડીભર થંભી જાઉં છું અને વિચારું છું કે પાશ્ચાત્યોની સરખામણીમાં આપણું સાહિત્ય કેટલું અલ્પ છે !

જે વાત પુસ્તકોના બહિરંગની છે તે જ વાત પુસ્તકોમાંના વિચારના અંતરંગની છે, એમ તે વિષયના નિષ્ણાતો સ્વીકારે છે. પુસ્તકની બાહ્ય ઉપાધિઓ એટલે કે સંખ્યા, વિષયવારી, વેચાણની સંખ્યા વગેરે બાબતો સંબંધી જેમ નક્કી આંકડા કાઢી શકાય છે, તેવું પુસ્તકોના અંતરંગ માટે થઇ શકતું નથી, એ દેખીતું છે. ખાસ કરીને ગ્રંથપાલ જેવા બધા પુસ્તકોનું ઉપર ઉપરનું જ્ઞાન મેળવવા ઇચ્છનારા અજાણ્યાઓને માટે તે આંકડા કે મૂલ્યાંકન લગભગ અશક્ય છે. ગ્રંથપાલ એટલે Jack of all books, પણ Master of none–એટલે પત્તાંના દાવની ભાષામાં કહીએ તો કોઈ પણ રંગનાં ગુલ્લાનાં પત્તાં હોય છે પરંતુ કોઇપણ એક રંગના એક્કાનું પત્તું હોતું નથી. પ્રાકૃત ભાષામાં કહીએ તો તેઓ એક પણ આખા કપડા વગરના અમંજ્ય ચીથરાંવાળી વ્યક્તિઓ હોય છે. એમને એમની ધંધાદારી ફરજ પ્રમાણે Professional ethics–કોઇ પણ વિષય તરફ અણગમો રાખી શકાય નહિ. પણ માનવધર્મને અનુસરીને તેઓ ફક્ત પોતાના મનગમતા વિષયનાં પુસ્તકો ઉપર વિશેષ વાચનનો અનુગ્રહ કરી શકે છે, વ્યક્તિશઃ મને સામાજિક, વિષયનાં પુસ્તકો ગમે છે. જેમકે નાટકો, નવલકથાઓ, ઇતિહાસ, ચરિત્રગ્રંથો, પ્રવાસવર્ણનો, લઘુ-નિબંધ વગેરે. રાજકારણ અને અર્થશાસ્ત્રનો સમાજશાસ્ત્રમાં સમાવેશ થઇ જતો હોવા છતાં તેનાથી હું બહુ ડરતો રહું છું. એક તો તે મને સમજાતાં નથી, અને અર્થશાસ્ત્રમાં તો એવી ગમ્મત હોય છે કે એમ કહેવાય છે કે બધા અર્થશાસ્ત્રજ્ઞોના પરસ્પર વિરુદ્ધ મતો સંક્ષેપમાં આપીએ તો આખું અર્થશાસ્ત્ર બ્રહ્માંડના જેવું પોલું ભીંડું થઇ જાય ! આંકડાશાસ્ત્ર એ અર્થશાસ્ત્રનું પ્રબળ હથિયાર છે. આ હથિયારે કેવી ગમ્મત કરી એનો એક દાખલો Readers' Digest માં હમણાં જ આવ્યો હતો.

એક શાસ્ત્રીએ દસ જુવાન છોકરીઓનો અભ્યાસ શરૂ કર્યો હતો. તેમાં નવ કુંવારી હતી અને એક સગર્ભા હતી. ત્યારે તેણે જાહેર કર્યું કે નવ કુંવારી છોકરીઓ એકદશાંશ સગર્ભા છે અને દસમી સગર્ભા છોકરી નવદશાંશ કુમારી છે. આપણે આ અસ્થાને કરેલો વિનોદ ભૂલી જવો જોઇએ. કારણ, આ વિષય ગુંચવણ ભર્યો હોય તો પણ તેના અભ્યાસકો ધરૂં કરીને સારા હોય છે. જે વિષયો મેં આપને મારા મનગમતા છે એમ કહ્યું તે વિષય ઉપર કેટલાંક પસંદ કરેલાં પુસ્તકોની કલ્પના હું તમને આપવા ઇચ્છું છું. તેનાથી કેટલાંક પુસ્તકોના અંતરંગ દર્શનની સાથે પુસ્તકોનું મૂલ્યાંકન કરવાની મારી દૃષ્ટિનો પણ પરિચય મળી જશે.

તાજેતરમાંજ પ્રસિદ્ધ થયેલાં આપણાં બે પ્રવાસવર્ણનો લ્યો. અને સરખામણી કરવા માટે કેટલાંક પાશ્ચાત્ય પણ લ્યો. પુનાના અનાથ વિદ્યાર્થીગૃહના ચાલક ડૉ. ગ. શ્રી. ખૈર એમનું " હિન્દુસ્થાન અને સમાજક્રાન્તિ " અને મુંબાઇના પ્રસિદ્ધ કવિ અને નાટકકાર અનન્ત કાણેકરનું ' ધુકધાતૂન લાલ તાર્યાકડે ' એ પુસ્તકો આપણાં ઉંચ્ચા દરજ્જાનાં છે, એમ કહેવામાં કંઇ હરકત નથી ડૉ. ખૈરે જગતનો પ્રવાસ કર્યો, કંઇક ચોરણ નક્કી કરીને કર્યો. પ્રત્યેક દેશની સંસ્થાઓ એ તે તે દેશના લોકોની જરૂરીઆતો પૂરી પાડનારી હોવાથી એ સંસ્થાઓનો ઉદ્દેશ અને પ્રત્યક્ષ વ્યવહાર અવલોકીએ તો તે દેશના આખા સમાજનું નિરીક્ષણ કર્યા જેવું થયું; આવી ભૂમિકા લઇને તેમણે પ્રવાસ કર્યો, અને જે જે જોયું તે તે હિંદુસ્તાનની પરિસ્થિતિ સાથે સરખાવીને તે બાબ છે કે અબાબ છે; એ તેમણે પોતાના

> આ મંદિરના દેવ દરિદ્રતા દૂર કરે છે. દુઃખોને વિસરાવે છે. થાકેલાનો વીસામો છે માંદાઓ માટે મહાવૈદ્ય છે એ મહાન દેવના સાચા ઉપાસક બનો અને સઘળાં દુઃખોનો અંત લાવો.

મન સાથે નકકી કર્યું. એ જ પ્રમાણે કવિ કાણેકરે પોતાની કાવ્યબુદ્ધિથી પોતાની સૂક્ષ્મ નિરીક્ષણશકિતનો અને કલ્પનાશકિતનો ઉપયોગ કરતાં કરતાં રશિયાની ક્રાન્તિમાં એકરૂપ થતા ગયા આથી એ બન્નેનાં આ પુસ્તકો રસાળ અને જીવતાં લાગે છે એ ખરું, તોપણ હમણાં પાશ્ચાત્ય દેશોમાં પત્રકાર તરીકે પ્રવાસ કરનારા Gunther, Maurice Hindus, Douglas Reed & Shirer...અથવા... પરદેશી રાજકીય મહેમાનોના વિશિષ્ટ હક્ક ભોગવતા Davies Dodds અથવા Wendell Willkie વગેરે લેખકોનાં પુસ્તકોની સરખામણીમાં ખેર અને કાણેકરનાં આ પુસ્તકો શુષ્ક લાગે છે, એમ મને લાગે છે. આપણા પ્રવાસીઓ એ પોતાના પ્રતિનિધિ હોય છે. જવાબદાર વૃત્તપત્રોની સંસ્થાઓનો અથવા પોતાના રાષ્ટ્રની સરકારનો તેમને ટેકો હોતો નથી.

સામ, દામ, દંડ અને ભેદ આ ચાર પ્રકારનાં સાધનોથી મનુષ્યનું કાર્ય સફળ થાય છે, એમ કહે છે. તેમાંથી આપણા પ્રવાસીઓ પાસે પૈસો હોતો નથી, દંડ હોતો નથી, અને ભેદ પણ હોતો નથી. એકલા સાગથી જે થાય તે તેને કરવું પડે. એનું પરિણામ એટલે આપણા પ્રવાસીઓ ઉપર તે તે દેશમાંના અધિકારીઓ જે બતાવે તે જોવાની અને જાહેર કરવાની ફરજ આવી પડે છે. પાશ્ચાત્ય પ્રવાસીઓની સ્થિતિ આનાથી બિલકુલ ઊલટી જ હોય છે. વૃત્તસંસ્થા અને સરકારની નૈતિક અને આર્થિક મદદ પણ તેમને મળે છે, અને તેના બળે જે દેશમાં તેઓ જાય છે તે દેશની ઝીણામાં ઝીણી હકીકત પોતાના દેશબાંધવોને પોતાનાં નિવેદનો મારફત અને પુસ્તકો મારફત તેઓ પહોંચાડી શકે છે. પછી આ હકીકત સ્થાનિક લોકોને ગમે કે ન ગમે.

મેં પહેલું પ્રવાસ વર્ણનનું પુસ્તક Arthur Conan Doyle નું દક્ષિણ આફ્રિકાના પ્રવાસનું વાંચ્યું. તે વાંચીને મને શંકા થઈ કે આ તો આનંદપર્યટન માટે નીકળેલો ગ્રંથકાર છે કે પછી દક્ષિણ આફ્રિકાનાં પશુપક્ષી અને માણસોનો શાસ્ત્રીય અભ્યાસ કરવા માટે આવેલો એકાદો શાસ્ત્રજ્ઞ છે ? પણ આફ્રિકન સરકારના મહેમાન તરીકે રહ્યા પછી અને સરકારી હેવાલમાંથી અથાણાની માફક સાચવી રાખેલી માહિતી મળ્યા પછી Conan Doyle ને પોતાનું પુસ્તક માહિતીવાળું અને સરસ બનાવતાં આવડયું એની મને નવાઈ ન લાગી. અમારા અખબારપત્રીઓ લંડનમાં બપોરનું ખાણું કેવી રીતે મેળવવું, એ ભાંજગડમાં ફરતા હોવાની મને પોતાને ખબર છે. આવો પ્રતિનિધિઓ પાસેથી અથકિત માહિતી મેળવાની આશા આપણે શી રીતે રાખીએ ?

પ્રવાસવર્ણન ઉપરથી આપણે બીજા લોકપ્રિય સાહિત્યના ક્ષેત્ર તરફ વળીએ. એ ક્ષેત્ર એટલે નવલકથા. શ્રી. ફડકે, ખાંડેકર અને માડખોલકર, એ આપણા આજકાલના અગ્રગણ્ય નવલકથાકાર છે, એમની ઘણી બધી નવલકથાઓ આપણામાંથી ઘણાખરાએ વાંચી હશે. મેં પણ ફડકે, માડખોલકર વગેરેની ઘણી બધી નવલકથાઓ વાંચી છે.

ખાંડેકરનું સર્જન

શ્રી. ખાંડેકરની નવલકથાઓ કરતાં મને તેની લઘુકથા અને નિબંધ વધારે ગમે છે. તેમાંની ઉપમા અને રૂપકોમાં તેઓ જે એકાદો વિનોદી અને ભેદક વિચાર રજૂ કરે છે

તે મને વધારે ગમે છે. દાખલા તરીકે એક નવા પુસ્તકમાં તેમણે પૃથ્વી ઉપર શંખ કેવી રીતે રાજા થયા તેનું વર્ણન કર્યું છે. તે કહે છે કે વિષ્ણુ લક્ષ્મીને ઘેર જઈને ઘરજમાઈ થયા પછી તેમને પોતાના સાળાઓની સગવડ પૃથ્વી ઉપર કરવી પડી.

ફડકે

પ્રો. ફડકેની 'ઉદ્ધાર,' 'પ્રવાસી,' 'સમરભૂમિ,' 'ઇન્દ્ર ધનુષ્ય,' 'વાદળ' અને 'શાકુન્તલ,' એ નવલકથાઓનાં નામ મને યાદ છે, પણ દરેકનાં કથા અથવા પાત્રોનાં નામો યાદ નથી. એ મારે માટે અભિમાન લેવા જેવું નથી એ ખરું, પણ મને લાગે છે કે મારો અનુભવ એ જ આપનામાં ઘણાઓનો પણ હશે. સંવિધાનક એક જ સંખ્યામાંથી સર્જાયેલું અને પાત્રો પણ સમાજના એક જ વર્ગમાંનાં હોવાને લીધે પ્રત્યેક વાર્તાની અને પાત્રોની જુદી જુદી અને સુસ્પષ્ટ એવી છાપ આપણા મન ઉપર પડતી નથી. Collegeના વાતાવરણમાં ફરતી વખતે એકાદો ડિબેટીંગનો પ્રવેશ અને ક્રૉલેજકમ બલાસ થયા પછી એકાદ રાજકીય ચળવળની આંધીમાં સપડાયેલા સુખી નાયક નાયિકા આ ઘટનાઓ બધી વાતોમાં હોય છે. પ્રો. ફડકેએ પોતાની સાહિત્યસ્મૃતિમાં નવલકથાઓમાં વિવિધતા લાવવા માટે પોતે ઘટનાનાં સ્થળો કાશ્મીરથી માંડીને કોચીન સુધી કેવી રીતે ફરવે છે, એનું વિવેચન કર્યું છે. એને વર્ણનમાં કૃત્રિમતા દેખાય નહિ એટલા માટે અને ત્યાંસુધી લેખક પોતે તે તે ભૂપ્રદેશમાં કેવી રીતે ફરે છે તેનું વિવરણ કર્યું છે. તેઓ એ પ્રમાણે કહેતા હોવા છતાં નવલકથા વાંચતી વખતે વાચકોને કાંઈ એમ લાગતું નથી કે આપણે આખા હિંદુસ્થાનમાં ફરી આવ્યા.

માડખોલકરની નવલકથાઓ

શ્રી. માડખોલકરની નવલકથાઓએ વાચકોને મહારાષ્ટ્ર બહારના પ્રાન્તોની ઓળખાણ કરી આપવા માટે તેમનાં સુવિદ્ય પત્નીએ " ચંદનવાડી " નામની નવલકથાની પ્રસ્તાવનામાં અભિનંદન આપ્યું છે. માડખોલકર પુના, મુંબઈ છોડી દઈને નાગપુર ગયા તે વખતે તેમના ગુરુ કે. શ્રી. કૃ. કોલ્હટકરે તેમને એવો આશીર્વાદ આપ્યો કે હવે તમે વરાડ, નાગપુર અને મહારાષ્ટ્રને પાસે પાસે લાવો. અને તે આશીર્વાદ પ્રમાણે વરાડ, નાગપુર અને મહારાષ્ટ્રની મૈત્રી મેળવવાનું શ્રેય માડખોલકરને તેમનાં પત્ની તરફથી મળ્યું છે, ' ઓઢંગણે, ' ' ઉખકાયેણે ' વગેરે કેટલાક શબ્દો મને વરાડના લાગ્યા, પણ ' ધનતોલી, સિતા બર્ડી, ' વગેરે પ્રસિદ્ધ વિભાગ સિવાય નાગપુરના બીજા ભાગની બાસિયતવાળી ઓળખાણ મને થઈ નહિ. મહાર કોલોનીનું વર્ણન પુનાના ઓંકારેશ્વરની સામે ભિખારી-ઓએ રચાપેલા ' માંગ ' કોલોની જેવું જ લાગ્યું. તેમની ' નાગકન્યા 'માં શક્ય પણ અસંભવનીય એવી ઘટનાઓના આલેખનમાં તાપી નદીના કિનારાનું જે રમણીય વર્ણન છે તે મહારાષ્ટ્ર કે નાગપુર પ્રાંતના અનુભવની બહારનું છે. માડખોલકરના લેખનમાં ભાષાનું સૌષ્ઠવ અને વર્ણનની રસિકતા હોવાથી મન પ્રસન્ન થાય છે, એ નિર્વિવાદ છે. પણ દૃષ્ટિનો વિકાસ થતો નથી, એ તકરાર તો રહે છે જ. આજની સિનેમા નટીઓને જ્યારે સાડી પહેરવાનું શીખવવામાં આવ્યું, ત્યારે તેમને તે બરાબર શીખવવામાં આવ્યું ન હોવાથી જ બિચારા દિગ્દર્શકોને ' બસ્ટોફાઇનની જાહેરાતને યોગ્ય એવા તેમના ફોટો કાઢવા પડે છે. એવો જ કંઈક પ્રકાર માડખોલકરની નાયિકાઓનો થવાથી તેમને પણ તેવાં જ વર્ણનો

કરવાં પડે છે. એથી જ કદાચ આ દોષ ઉત્પન્ન થતો હશે. ગમે તે કારણ હોય, પણ વિશાળ શાલ્મલી વૃક્ષ પ્રમાણે તેમની નવલકથાઓનો વિસ્તાર હોતો નથી, એ મારી તકરાર રહે છે જ. હિન્દુસ્તાનની અંદર જ જ્યાં આપણી નવલકથાઓની સીમાઓ ફેલાયેલી હોતી નથી ત્યાં હિન્દુસ્તાનની બહારના દેશ અને લોકોના સમાવેશની તો આશા જ શી રીતે કરવી?

રણાંગણ

'રણાંગણ' નામની એક જ નવલકથા માં વિલાયતથી મુંબઇની સફરી આગબોટ ઉપર બનેલી બિનાઓની ગૂંથણી અને પરદેશી પાત્રોનું ચિત્રાલેખન મુખ્યત્વે કરાયેલું છે. આ નવલકથા અપૂર્વ સત્કાર પામી. તેનું કારણ તેમાં હિંદી વિદ્યાર્થીઓનો મોહ રાખવા બદલ લોકોની ખરાબ હાલતનું વર્ણન તેમાં કર્યું છે એ નથી, પણ તેમાં મરાઠી સાહિત્યમાં અગાઉ ન આવેલા એવા પ્રસંગો આવેલા હોવાથી થયું એવો મારો મત છે. અને એમ કેમ ન હોય? આજે વિમાન અને વિજળીના સદ્દેશાઓએ એક વખતના વિશાળ જગતને સંકુચિત બનાવી દીધું છે, અને જુદા જુદા દેશના લોકો ઇચ્છાએ કે અનિચ્છાએ એકબીજાને આવીને વળગ્યા છે. તે જુદા જુદા લોકોના આચારવિચારનો તફાવત માત્ર હજી ઘણો રહ્યો છે. તે તફાવત દૂર કરવાનું કામ જે સાહિત્ય કરશે તે જ લોકોના આદર અને સ્વાગતને પાત્ર થશે એમાં શંકા નથી.

Pearl Buck

આ રીતે દેશ દેશાવરનાં અંતરો દૂર કરવાનું કામ જે પાશ્ચિમાત્ય નવલકથાકારોએ કર્યું છે તેમની ગણતરીમાં પર્લ બકને અગ્રસ્થાન આપવું જોઇએ. આ નવલકથા લખનાર બ્રીની Good Earth નામની નવલકથા તમારામાંથી ઘણાઓએ વાંચી હશે અને તેનું રૂપેરી પરદા પરનું ચિત્રણ પણ જોયું હશે. એક મિશનરીની છોકરી તરીકે તેને ચીનના અંદરના ભાગમાં રહેવાનું મળ્યું. તેનો ઉપયોગ તેણે ચીની લોકોની રહેણીકરણી, મનઃસ્થિતિ, અને સંસ્કૃતિ વગેરે સમજી લેવાનો પ્રયત્ન કરવામાં કર્યો અને સહાનુભૂતિથી અને શ્રદ્ધાથી કરેલા પ્રયત્નોને જે જશ મળવો જોઇએ તે જ તેને મળ્યો. ચીન અને જાપાનનું વંશપરંપરાનું વેર એ ચીનાઓના જીવનમાં આવવાનું જ. આ વેરનાં બીજ એક ચીની જુવાને જાપાની છોકરી સાથે લગ્ન કર્યા પછી તેના જીવનમાં કેવી રીતે વવાયાં તેનું વિવરણ તેણે **Patriot** એ નામની નવલકથામાં કર્યું છે. તે જાપાની છોકરી ઉપર ફુદા થયેલી ચીની જાપાની લડાઇનું શું પરિણામ થયું તે હું કહેતો નથી, પણ તમે જ એ નવલકથા વાંચીને સમજી લ્યો એમ સિનેમાની જાહેરાત પ્રમાણે કહું છું. તેણીની તાજેતરની નવલકથા એટલે **Dragon's seed** છે. તેમાં ચીની ગામડિયાઓએ ભોળપણમાં વિજયી જાપાની સૈન્યનું ફૂલથી અને ચા, કોફી, કેક્સ વગેરેથી સ્વાગત કરવાનું કેવી રીતે ઠરાવ્યું અને જાપાની સૈન્ય ગામડામાં દાખલ થયા પછી તેમણે કેવા અમંગળ અને અશિષ્ટ અત્યાચાર ચલાવ્યા એનું વર્ણન કોઇને તે પછી ચિડાયેલા બેકતો કુંગરાઓમાં કેવી રીતે નાસી ગયા અને સંતાઇને કેવી રીતે લડ્યા તેનું પણ વર્ણન છે.

Vicky Baum

પર્લ બકને પહેલો નંબર આપ્યો, કારણ કે તેને સાહિત્યમાં અતિ ઊંચું ઊંચું ઇનામ

Nobel prize મળ્યું છે માટે. પણ પર્લ બકે ફક્ત ચીનનો અને થોડે અંશે જાપાનનો પરિચય આપ્યો છે. તે સિવાય તેના લેખનમાં ચટકદારપણાનો પણ અભાવ છે.

આ જોરદારપણું ખાસ કરીને પોતાની નવલકથાઓમાં બતાવનાર અને દેશદેશની અભિન્નતા પ્રસ્થાપિત કરવામાં મદદ કરનાર બીજી એક નવલકથા લખનાર સ્ત્રીલેખિકા Vicky Baum છે. એ મૂળ જર્મન હોવા છતા હમણાં અમેરિકામાં રહે છે અને મૂળ અંગ્રેજીમાં પોતાની નવલકથાઓ લખે છે. જોરદારપણું એ તેનો મુખ્ય ગુણ; બીજો ગુણ મોટીમાના જેવા નકામા પીઢપણાનો પૂર્ણ અભાવ; ત્રીજો ગુણ એટલે તેણે નવલકથા લખવાનું નવું જ તંત્ર નિર્માણ કર્યું છે. એકાદ વિશિષ્ટ જગ્યાએ એકદમ બધાં પાત્રોને એકઠાં કરીને પછી તેમનો આજુબાજુનો ઇતિહાસ વર્ણવવો એ એની રીત. પણ આ બધા ગુણો કરતાં ચીન દેશથી માંડીને પેરુદેશ સુધીનાં બધાં સ્થળો તે પોતાની નવલકથાઓમાં લાવે છે તે એની વિશિષ્ટતા છે. અને તે તે દેશનું એકલું સ્થળવર્ણન જ નહિ, પણ માણસોનાં અંતરંગ આબેહુબ વાચકોની સામે ખડાં કરે છે એ તો તેથી પણ વિશેષ છે. દાખલા તરીકે Nanking Road: આ નવલકથામાં ચીની, અંગ્રેજ, જર્મન, રશિયન, ફ્રેંચ, સાઠેય અમેરિકન, એટલા બધા લોકો એક જપાની વિમાની હલ્લાના ભોગ બન્યા અને તેઓ પેલી નાનકિંગ રોડ ઉપરની હૉટેલમાં તે વખતે શા માટે આવ્યા હતા એનું વિવરણ અથથી ઇતિ સુધી રસપૂર્ણ રીતે છસો સાતસો પાનની નવલકથામાં રજૂ કર્યું છે.

અન્ય લેખકો

એજ રીતે લેખકની દૃષ્ટિથી એકદેશી પણ અંગ્રેજી ભાષાની દૃષ્ટિથી ઇન્દ્રધનુષ્યના રંગો સરખી વિચિત્રતાભર્યું સાહિત્ય બીજા કેટલાક લેખકો સર્જે. દાખલા તરીકે રશિયન જીવન ઉપર Maurice Hindus, Alexi Tolstoi, Sholokhov, જર્મન જીવન ઉપર Hans Fallada, Mann–અને Feuchtwanger, ફ્રેંચ જીવન ઉપર Jules Romains સ્કેન્ડિનેવિયન જીવન ઉપર Sigrid Undeet, સ્પેનિશ ઇટાલિયન જીવન ઉપર Esrnest Hemingway, અંગ્રેજી જીવન ઉપર Aldous Huxley, Maugham Charles Morgan, P. G. Wodehonse અમેરિકન જીવન ઉપર Upton Sinclair તે દરેકની વિશેષતા સમજવાને આજ વખત પણ નથી, અથવા જરૂર પણ નથી.

હમણાં સુધી પ્રવાસવર્ણન અને નવલકથા આ બે સર્વસાધારણપણે લોકપ્રિય થયેલા સાહિત્ય વિભાગમાંના આપણાં અને પાશ્ચિમાત્ય પુસ્તકોની સરખામણી મેં તમારી પાસે મૂકી અને આ સરખામણીથી બતાવ્યું કે પાશ્ચાત્ય પુસ્તકોમાં અનુભવ અને હકીકત ભરપૂર હોય છે. તે હકીકત મૌલિક હોય છે; અથવા બીજાના અનુભવ ઉપર આધાર રાખનારી હોતી નથી. એટલું જ નહિ પણ જગતનું વર્તુલ નાનું થતું હોવાથી જગતના લોકોને એક બીજાના આચાર વિચારની માહિતી હોવી જોઇએ, એવી દૃષ્ટિ આપનારી અને વ્યાપક છે. એ ઉપરાંત આપણે જોયું કે આપણા તરફના સાહિત્યમાં ઉપરના ગુણોની સરખામણીની દૃષ્ટિએ એટલો ઉત્કર્ષ થયો નથી. સાહિત્યનાં બીજાં ક્ષેત્રમાં પણ આપણને આ જ પ્રકારનું દૃશ્ય દેખાશે એવા તે તે વિષયોના નિષ્ણાતોના મત ઉપરથી આપણે માન્ય કર્યું.

વિપુલતા, વિવિધતા, વ્યાપકતા અને મૌલિકતાના ગુણોના ઉત્કર્ષને લીધે પશ્ચિમનાં

પુસ્તકો ' પુસ્તક સંજ્ઞાને યથાર્થપણે લાયક ઠરે છે. વ્યુત્પત્તિકારોના મત પ્રમાણે પુસ્તક શબ્દ प्रच्छ्-पृच्छ् આ ધાતુ ઉપરથી સાધિત થયો છે. આયુષ્ય એ પણ એક મોટું પ્રશ્નચિહ્ન છે. તેમાં શું, કેવી રીતે, કયારે, કયાં વગેરે પ્રશ્ન ઉત્પન્ન થાય છે. તે બધાના જવાબ અગે એટલે પુસ્તકો આપીશું એવી જાતનું એક ચિત્ર અમારા મધ્યવર્તી પુસ્તકાલયમાં પુસ્તકોનું ગૌરવ બતાવનારા એક ચિત્રકારે કાઢયું છે. તે ચિત્ર આપણને સાર્થક રીતે લાગુ પડશે, એમ કહેવાની એકલાં અંગ્રેજી પુસ્તકોથી સમૃદ્ધ એવા પાશ્ચિમાત્ય સાહિત્ય સિવાય બીજું કયું સાહિત્ય હિંમત કરી શકશે ?

આ અંગ્રેજી સાહિત્યની ઐશ્વર્યસંપન્નતાની પ્રતીતિ હું પહેલાં કહી ગયો તે પ્રમાણે, મને તો દરરોજ અનુભવવાને મળે છે. આપને પણ વધારે સંકેથી તે અનુભવવા મળશે, એની પણ મને ખાતરી છે. અને તે પ્રતીતિ તમોને થાય એટલે મારી માફક તમને પણ લાગવા માંડશે કે આ અંગ્રેજી સાહિત્ય જે સંસારના પ્રતિબિંબરૂપ છે, તે સંપન્ન અને સમૃદ્ધ સંસાર પ્રમાણે જ આપણે આપણો સંસાર સમૃદ્ધ કરવો જોઇએ, અને ત્યારે જ આપણું સાહિત્ય પણ જીવંત, પ્રભાવશાળી અને વિશ્વવ્યાપી એવું નિર્માણ થવા લાગશે. **સમૃદ્ધ જીવન એને જ આપણે પુરુષાર્થ માનવો જોઇએ**, એ ધ્યેય આપણે માટે નવું નથી.

આજે પાશ્ચિમાત્ય લોકોનું જે ઐશ્વર્યસંપન્ન અને દેદીપ્યમાન એવું જીવન તેમજ સાહિત્ય આપણને આપણા સંકુચિતપણા માટે શરમાવે છે, તે જ વૈભવશાળી જીવન અને સાહિત્ય વૈદિકકાળમાં આપણું હતું, એમ આપણે અભિમાનથી કહી શકીએ. કેટલાંક કારણોથી આપણે ઐહિક અભ્યુદયના સંબંધમાં ઉદાસીન થવા લાગ્યા અને આધ્યાત્મિક મોટી મોટી વાતો કરવા ઉપરાંત કાંઇપણ પુરુષાર્થ કર્યો નહિ. તેને પરિણામે આપણી સધનતા અને સંસ્કૃત નષ્ટ થઇને આજે આપણે ભીખ માગવી પડે છે. શ્રી. સાવરકર જેવા લડવૈયાને પણ શત્રુની પાસે લશ્કરી શિક્ષણનો અને સાધનોની યાચના કરવી પડે છે, એને માટે એક જ માર્ગ છેઃ ઐહિક ઉત્કર્ષને માટે હંમેશાં જાગ્રત રહો.

ચૌદ વિદ્યા અને ચોસઠ કળામાં જુદી જુદી વ્યક્તિઓએ પારંગત થઇને તે કલા અને શાસ્ત્રો પડે સામાજિક જીવન પરિપૂર્ણ કરવું જોઇએ. " असंतोषः श्रियः मूलं " અસંતોષ એ સંપત્તિનું મૂળ છે, એ ધ્યાનમાં રાખીને " अल्पेनापि तुष्यति " થોડાકથી પણ સંતોષ પામવા જેવું કાપુરુષનું અપલક્ષણ પોતાને લાગુ પડવા દેવું ન જોઇએ. " शान्तिः तुष्टिः पुष्टिश्चास्तु " શાન્તિ, સંતોષ અને પોષણ મળો, આ ત્રિવિધ આશીર્વાદ માની પુષ્ટિ અથવા સંપન્નતા વિશેષે કરીને પ્રાપ્ત કરી લેવી જોઇએ. સાદી રહેણી અને ઉચ્ચ વિચારસરણી એ ધ્યેય બોલવું સહેલું છે, તોપણ તેમાંની સાદી રહેણી એ સંપન્નતાને ઢાંકી રાખનારી એટલે " Art that conceals art " એવી સાદી છે, એ આપણે બરાબર સમજવું જોઇએ. અને ફકત जीवेम शरदः शतम् એટલું જ નહિ પણ रोहेम शरदः शतम्, बोधेम शरदः शतम्, पुष्येम शरदः शतम् એવી પણ પ્રાર્થનાઓ આપણે કરવી જોઇએ. " ओम् शान्तिस्तुष्टिः पुष्टिश्चास्तु । "*

શ્રી. ગ્યં. દિ. પાકનીસ

* મૂળ મરાઠીમાંથી ગુજરાતી રૂપાંતરકાર શ્રી. રામચંદ્ર દિનકર દેવપુરકર.

૧. આરોગ્ય અને ખોરાક—સંયોજકઃ શ્રી. ચોપડલાલ ગોવિંદલાલ શાહ; પ્રકાશકઃ સરતુ સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર, અમદાવાદ. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૧૭૦, સાદુ પૂઠું, મૂલ્ય એક રૂપિયો ૧૯૪૩.

મુંબઇ ખાતે એક ગુજરાત સંશોધન મંડળ, ત્યાં વસતા કેટલાક અગ્રગણ્ય પ્રતિષ્ઠિત ગુજરાતી ગૃહસ્થો દ્વારા ચાલે છે. એની ખાસ પ્રવૃત્તિ સંશોધન–ગુજરાતી પ્રજાના શારીરિક, માનસિક આર્થિક ઇ૦ વિષયોને લગતી તપાસને લગતી છે. આવી પ્રવૃત્તિ ચલાવીને ગુજરાતીઓની સાર્વદેશિક પરિસ્થિતિનો સાચો ખ્યાલ તેમની આગળ મૂકવાના સ્તુત્ય પ્રયાસો તે કરે છે. આવી તપાસ એ સમિતિ તરફથી મુંબઇમાં વસતા ગુજરાતીઓની સ્થિતિ સંબંધે હાથ ધરવામાં આવી હતી. એ તપાસને પરિણામે સમિતિએ બીજા પણ સલાહકારોની મદદ વડે તારવેલાં મંતવ્યો સંચોટ પુરાવાઓ અને ભિન્ન ભિન્ન આંકડાઓ દ્વારા રજૂ કરીને મુંબઇમાં વસતા આપણા લોકોની હૂબહૂ સ્થિતિનો સચોટ ખ્યાલ આપ્યો છે. મુંબઇમાં વસતા ગુજરાતીઓ શરીરે નબળા, આર્થિક સ્થિતિએ સામાન્ય હોવાના કારણે રહેઠાણ વગેરેની અગવડો વેઠનારા અને સત્વયુક્ત ખોરાક એક યા બીજા કારણે નહિ મેળવી શકનારા છે. તેમની રહેણીકરણી તેમ જ આસિયતોનો પણ આ પુસ્તકમાંથી સરસ ખ્યાલ મળતો હોઇને તેમની સ્થિતિ સુધારવા માટે જોઇતા ખોરાકની જરૂર દર્શાવી તેમની પરિસ્થિતિ કેમ સુધરે, ખાવાપીવામાં કેવાં સત્વયુક્ત ખોરાકો લેવાવા જોઇએ તેને લગતી ઉપયોગી માહિતી આ પુસ્તકમાં આપી છે.

પુસ્તકને અંતે ઉપયોગી પરિશિષ્ટ પણ આપવામાં આવેલ છે.

સ્વામીશ્રી અખંડાનંદજીએ સ્થાપેલી અને હાલ શ્રી. મનુ સુબેદાર સરખા કુશળ રાહબરની દોરવણી હેઠળ સક્રિય કામ કરતી સંસ્થા દ્વારા પ્રકટ થયેલ આ પુસ્તક ગુજરાતી જનતાની આંખ ઉઘાડવામાં સારો ફાળો આપશે, એ નિઃશંક છે.

૨. દત્ત અને પરશુરામ—મહાત્મા શ્રી કૃષ્ણાત્મજજી પ્રણીત, ક્રાઉન કદનાં પૃષ્ઠ ૨૪૪+૧૪, સાદુ પૂઠું, મૂલ્ય રા. બે. પ્રકાશક ઉપર પ્રમાણે.

અધ્યાત્મજ્ઞાન પામવા માટે આપણી ગામડે વસતી જનતા એક યા બીજી રીતે જિજ્ઞાસા ધરાવે છે. પરંતુ તેઓ સમજી શકે તેવી લોકભોગ્ય ભાષામાં એને લગતાં પુસ્તકો અત્યંત અલ્પ સંખ્યામાં છે.

આ પુસ્તક, આપણી ગામજનતા, અધ્યાત્મજ્ઞાનનાં સૂત્રો સમજી શકે તેવી લોકભોગ્ય ભાષામાં દૃષ્ટાંતો આપીને રચાયેલું હોવાથી અને એક મહાત્માની સ્વાનુભવસિદ્ધ વાણી સરખું હોવાથી ક્રમે ક્રમે અધ્યાત્મજ્ઞાન પામવા ઇચ્છનાર મુમુક્ષુને સારું માર્ગદર્શન આપે છે.

નીરવ શાંતિની આરાધના
એ માટેનું એક જ .અને અજોડ સાધન પુસ્તકો—આજે જ પધારો આ પુસ્તકાલયમાં. તમને જોઇતી શાંતિ અહીં મળશે.. શાંતિની શોધમાં શા માટે અહીં તહીં આથડો છો ?

સસ્તુ સાહિત્ય વ. કાર્યાલય સરખી ધર્મપ્રેરક પુસ્તકો પ્રસિદ્ધ કરનાર સંસ્થા દ્વારા આવુ લોકભોગ્ય આધ્યાત્મિક પુસ્તક પ્રકટ થતાં એમાં રસ ધરાવનારને એ સારું માર્ગદર્શક નીવડે તેવું છે.

૩. **ગુજરાતની ગઝલો**—સંપાદકઃ દિ. મ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી; પ્રકાશક, કદ, પૂઠું ઉપર પ્રમાણે. પૃષ્ઠ ૧૮૦+૧૬, મૂલ્ય એક રૂપિયો. ૧૯૪૩

ગઝલને લગતું સાહિત્ય ફારસીમાં તેમ જ ઉર્દૂમાં ઠીક પ્રમાણમાં છે; જ્યારે ગુજરાતીમાં પણ છેક કવિ, કલાપિ બાલાશંકર અને નર્મદના જમાનાથી રચાતું આવ્યું છે.

ગઝલ એટલે પ્રેમ સૌંદર્ય, મનોવેદના, ઉન્મત્તતા વગેરે ભાવોનું વ્યક્તીકરણ. જેના દ્વારા એ ભાવો વ્યક્ત કરવામાં આવે છે તે સામાન્ય રીતે ' ગઝલ ' ગણાય છે. આવા ભાવસૂચક ગુજરાતીમાં રચાયેલી ગઝલોનો, છેક નર્મદથી માંડીને આજના ગઝલકાર શ્રી. શયદા સુધીના ગઝલકારોની કૃતિઓ આમાં સંગ્રહાઇ છે. સૂફીવાદ અને પ્રેમધર્મમાં માનનારાઓ અને એમાં રસ ધરાવનારાઓને એમાંથી ભાવનાભર્યો રસાસ્વાદનો મળશે.

પુસ્તકને છેડે આપેલો ગઝલસાહિત્યને સમજાવતો શ્રી. સાગરનો એક લેખ એ સાહિત્યને પિછાનવામાં સહાયરૂપ થાય તેવો છે.

૪. **તું કોણ ?**—લેખકઃ શ્રી. સ્વામી માધવતીર્થજી; પ્રકાશક, કદ, પૂઠું ઉપર પ્રમાણે. (આવૃત્તિ ત્રીજી) પૃષ્ઠ ૩૭૬+૧૬, મૂલ્ય રૂા. બે. ૧૯૪૩

સ્વામીશ્રી માધવતીર્થે રચેલું દૃષ્ટાંતભરપૂર આ પુસ્તક, અધ્યાત્મજ્ઞાનના જિજ્ઞાસુ મુમુક્ષુઓને, દત્ત અને પશુરામની માફક સંવાદાત્મક શૈલીએ લખાયેલું હોઇને સમજવું અત્યંત સુગમ અને સરળ થઇ પડે તેવું છે. એમાં એક ઉકા ભગતનો આત્મવૃત્તાંત રજૂ કરી તેમના જન્મસંસ્કારથી લઇને અંતે બ્રહ્મજ્ઞાન સુધીની તેમની દશાનું વર્ણન આપ્યું છે.

આપણા પ્રાચીન આર્યધર્મના સંસ્કારો આવી સરળ અને સુગમ શૈલીએ આપણી આમજનતાને આપવામાં આવે તો તેમની અનેકગણી સેવા બજાવી લેખી શકાય.

આજે મોટી મોટી પ્રકાશનસંસ્થાઓ મુઠ્ઠીભર વિદ્વાનો માટે વિદ્વદ્‌ભોગ્ય પુસ્તકો પ્રકટ કરવા પાછળ લખલૂટ ખર્ચ કરે છે તેમાંનો થોડોક ભાગ પણ આવાં સરળ ભાષા-શૈલીયુક્ત નક્કર સાહિત્ય આપતાં પુસ્તકો પ્રકટ થાય તો, જનતાને તે જરૂર આશીર્વાદરૂપ નીવડે.

સસ્તુ સાહિત્ય વ. કાર્યાલય એ એ જ પ્રકારનું સાહિત્ય પ્રકટ કરતી સંસ્થા તરીકે ગુજરાતભરમાં પ્રસિદ્ધિ પામી છે તેની આવી એકધારી ક્રિયાશીલતા માટે એના પ્રમુખ૦ સંચાલકની આમજનતા ચિરકાળ ઋણી રહેશે.

૫. **શિવાજી છત્રપતિ**—(આવૃત્તિ ત્રીજી) અનુવાદકઃ કાશીભાઇ રામચંદ્ર ભટ્ટેતા, પ્રકાશક ઉપર પ્રમાણે. રૉયલ બારપેજી પૃષ્ઠ ૬૦૦+૧૨, પાકું પૂઠું, મૂલ્ય રૂા. ૨-૪-૦

શિવાજી છત્રપતિની આગલી બે આવૃત્તિઓ ઉપર્યુક્ત સંસ્થા તરફથી આ અગાઉ પ્રકટ થઇ ગઇ છે. તેની આ ત્રીજી આવૃત્તિ છે. તેમાં છત્રપતિ શિવાજી મહારાજનું તેમના

બુદ્ધિવૈભવનું સાચું પ્રદર્શન

સાચું પ્રદર્શન પુસ્તકાલયમાં—નાના ગામ અને જગતનો સુસંયોગ છે. તેનાથી દુનિયાનું દર્શન થાય છે, જીવનના સંદેશ ઝીલાય છે. નાનું ગામડું પણ જગત સાથે જીવી શકે છે. કારણ કે પુસ્તકાલય એ સૈકાઓના બુદ્ધિવૈભવનું સાચું પ્રદર્શન છે.

પૂર્વજોથી લઈને તેમના બાલ્ય, તેમનું શિક્ષણ, તેમની સ્વરાજ્યસ્થાપના, તેમની રાજનીતિ, અને મોગલો સાથેનાં ભિન્નભિન્ન યુદ્ધોની ઐતિહાસિક પ્રમાણભૂત માહિતી આ પુસ્તકમાં આપેલી છે. છત્રપતિ શિવાજી મહારાજનું પ્રેરક અને ઐતિહાસિક વિભૂતિમત્ ચરિત્ર જાણવા ઇચ્છનારને આ પુસ્તક અત્યંત ઉપયોગી નીવડે તેવું છે. ઇતિહાસશોધકોને માટે એ સારો આકરગ્રંથ છે, એમ સહેજે કહી શકાય. ૬૦૦ પૃષ્ઠના આવા પાકા પૂંઠામાં બાંધેલા પુસ્તકનું માત્ર રૂા. ૨ા મૂલ્ય અત્યંત અલ્પ જ લેખાય.

૬. સંસારમાં સુખ કયાં છે ?—લેખકઃ રવ. વાડીલાલ મોતીલાલ શાહ; પ્રકાશક કર્તા, પૂંઠાં ઉપર પ્રમાણે. પૃષ્ઠ ૧૪૫+૮, મૂલ્ય રૂ. એક. ૧૯૪૩

રવ. વાડીલાલ શાહ ગુજરાતી ચિંતનશીલ સાહિત્યના એક પ્રખર સર્જક હતા. તેમના સાહિત્યમાં વિચારપ્રધાનતા, પ્રેરણા, ચેતના અને ઉત્સાહ સભર ભરેલાં રહેતાં. એવા એ ચિંતનશીલ લેખકના આ સર્જનને અમે આવકારીએ છીએ.

પોતે માની લીધેલા કે કલ્પનાના પડછાયાની પાછળ રહીને કલ્પી લીધેલા દુઃખને મોટો હાઉ માની રોદણાં રડનારા અને માની લીધેલા સુખની પાછળ આંધળા ભીંત થઈ ભમનારાઓ માટે આ પુસ્તક સાચું સુખ શું છે, કયાં છે, તેને પ્રાપ્ત કરવાનાં સાધનો શું છે વગેરેને લગતું સરળ ભાષામાં ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડે છે.

સ. સા. વ. કાર્યાલયની ઉત્સાહ અને ચેતનાપ્રેરક પુસ્તકોની પ્રસિદ્ધિના તાદશ પ્રમાણરૂપ આ પુસ્તકને લેખી શકાય. દરેક પુસ્તકાલય આ પુસ્તક પોતાને ત્યાં અવશ્ય જ વસાવી લે.

૭. દીઠું મેં ગામડું જ્યાં—લેખકઃ શ્રી. રતિલાલ અદાણી; પ્રકાશકઃ ભારતી સાહિત્ય સંઘ, ૧૬, શ્રીમાળી સોસાયટિ, અમદાવાદ. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૨૦૩+૯=૨૧૨, કવર આચ્છાદન સહિત પાકું બોર્ડપટ્ટીનું પૂંઠું, મૂલ્ય રૂા. ત્રણ ૧૯૪૩.

ગાંધીજીએ લોકસેવકો સમક્ષ રચનાત્મક કાર્યક્રમનો આદેશ જાહેરમાં મૂક્યા પછી સંખ્યાબંધ ભાવનાશીલ સેવકો સેવાકાર્યમાં ઓતપ્રોત થઈ જઈ આમજનતાનાં સુખદુઃખના સહભાગી થયા હતા. એવા એક લોકસેવક શ્રી. બબલભાઈ મહેતાએ આપણને "મારું ગામડું" પુસ્તક, આમજનતાના રોજબરોજના જીવનને લગતું તેમજ તેમના ગુણાવગુણોનું નિદર્શન કરાવતું પુસ્તક, આપણને આપ્યું તો એવા જ એક બીજા મૂગા લોકસેવક, શ્રી. રતિલાલ અદાણીએ, તેમને પોતાના આમજનતા સાથેના જીવનસંપર્ક દ્વારા સાંપડેલા અનુભવો જાહેરમાં મૂકવા તેમના મિત્રો તરફથી વિનંતિ કરવામાં આવતાં તેમણે ઉપર જણાવેલ " મારું ગામડું "ના જોડું બીજું પુસ્તક આપણને આપ્યું છે.

ગ્રામજીવનમાં ઓતપ્રોત થનારને અનેક સારાનરસા પ્રસંગો અવારનવાર જોવા-અનુભવવા મળે છે. એ સેવકો, જો એ બધાને કાગળ પર ઉતારી જાહેરમાં મૂકે તો આજે, સાહિત્યને નામે જે કેટલીક અનેક વિઘાતક વસ્તુઓ ઘૂસી જાય છે તેને બદલે ગ્રામજીવનના જીવનપ્રસંગોની છણાવટ આપણને મળી આવે.

> સ્થાવર-જંગમ મિલકત પુસ્તકાલય એ પ્રજાનો વારસો છે પ્રજાનો પ્રાણ છે સાચો ઇતિહાસ છે તેમજ લોકદૃષ્ટિને લોકઋદ્ધિ છે. એ ઋદ્ધિ સિદ્ધિનો લાભ આજે જ લ્યો.

લેખકે આવાં પ્રસંગચિત્રો પોતાની તેજસ્વી કલમે અને રુચિપ્રદ શૈલીએ આ પુસ્તકમા આપ્યાં છે. એમાંના કેટલાંક "ઊર્મિ અને નવરચના" માસિકમાં છપાતાં હતાં ત્યારથી જ તેણે એના વાચકોને આકર્ષ્યા હતા. તે છપાયેલાં પ્રસંગચિત્રો ઉપરાંત લેખકનાં બીજાં નવાં લખેલાં તેવા કુલ ૧૧ આ પુસ્તકમાં સંગ્રહવામાં આવ્યાં છે.

ગ્રામજીવનના પ્રશ્નોને લગતાં આ પ્રસંગ-ચિત્રો દરેક ગામે બહોળા પ્રમાણમાં વંચાવાં જોઇએ અને તેમાંના સારા નરસાને ભાન-ત્યાનય કરાવાં જોઇએ. આ પુસ્તક દરેક પુસ્તકાલયને વસાવી લેવા અમે ખાસ ભલામણ કરીએ છીએ.

૮. **દવાનો છેદલો ઘૂંઘરો અને કુદરતી સારવાર**—લેખકઃ શ્રી. ભૂપતરાય મો. દવે; પ્રકાશક, કદ, પૂઠું ઉપર પ્રમાણે. પૃષ્ઠ ૧૫૨+૧૬, મૂલ્ય રા. ૨–૧૨–૦. ૧૯૪૩

આજે જ્યાં ને ત્યાં આપણાં ઘરોમાં એક યા બીજા રોગે ઘર ઘાલ્યું હોય છે, અને તેના નિવારણાર્થે, આપણે તુરત જ દાકતરોને ત્યાં દોડી જઇએ છીએ. પરંતુ તેને ભટાડવા કુદરતી ઉપચારો કરવા જરાય પ્રેરાતા નથી. એવાઓને માટે આ પુસ્તક ખાસ પ્રેરક છે.

લેખક, વ્યવસાયે ચિકિત્સક હોઇને તેમના પર જુદાં જુદાં દર્દોના દર્દીઓએ વખતોવખત પોતાની પરિસ્થિતિ અને મૂંઝવણને લગતા પૂછેલા પ્રશ્નોના તેમણે આપેલા જવાબો આ પુસ્તકમાં છે. મુખ્ય મુખ્ય ગણાતાં દર્દોને લગતા ઉપાયો–ઉપચારો એમાં સૂચવાયા છે અને તેમાં પણ, ખાસ કરીને, દર્દીને કુદરતી ઉપચારો પ્રતિ પ્રેરે તેવા છે. પુસ્તકને છેડે કુદરતી ઉપચાર કરી સારી તંદુરસ્તી પામેલાઓનાં બ્યાન સચિત્ર આપ્યાં હોઇને કુદરતી ઉપચારના હિમાયતીઓને ઠીક ઉપયોગી નીવડે તેવું આ પુસ્તક છે.

૯ **સૂર્ય, શરીરવિજ્ઞાન અને પ્રાણાયામ**—લેખકઃ શ્રી. મણિલાલ ભોગીલાલ દેસાઈ, પ્રાપ્તિસ્થાનઃ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રોડ, અમદાવાદ. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૧૨૦+૮, સાદું પૂઠું, મૂલ્ય રા. દોઢ ૧૯૪૩

આ પુસ્તકના લેખક ગત યુદ્ધના સાક્ષીભૂત હતા અને તે પ્રસંગે એ યુદ્ધની અસર પામ્યા પછી પોતે આધ્યાત્મિક ચિંતન તરફ વળ્યા અને યોગાભ્યાસનો માર્ગ લીધો તેના ફલસ્વરૂપ આ પુસ્તક તેઓશ્રીએ લખ્યું છે. એમાં લેખકે, યોગને લગતી પ્રક્રિયા આપવા ઉપરાંત શરીર પર સૂર્યની અસર–પ્રભાવ અને શારીરિક સ્વાસ્થ્ય તેમ જ પ્રાણાયામની વિવિધ વિધિઓ આપી છે.

પુસ્તક અલબત્ત, સ્વાનુભવને અંતે લખાયું છે; તેમાંની પ્રક્રિયા સાધકને ઉપયોગી થાય તેવી છે; પરંતુ એ માર્ગે પળતાં પહેલાં અને એ પ્રક્રિયાઓનો ઉપયોગ કરતા પહેલાં, એના માર્ગદર્શક કોઈ સમર્થ ગુરુની પાસે સાક્ષાત્ બોધ મેળવીને જ એ માર્ગે જવું ઉચિત છે.

યોગમાર્ગના જિજ્ઞાસુઓને એમાંથી ઘણું જાણવાનું મળે તેમ છે.

૧૦. **ધીમુ અને વિભા**—લેખકઃ શ્રી. જયંતિ દલાલ; પ્રકાશકઃ ધ મહાગુજરાત પબ્લિસિંગ કંપની, સર ફિરોજશા મહેતા રોડ, ફોર્ટ, મુંબઇ, ક્રાઉન કદનાં પૃષ્ઠ ૩૩૬+૬, કવર આચ્છાદન સહિત બોર્ડપટ્ટીનું પૂઠું, મૂલ્ય રા. સાડાત્રણ ૧૯૪૩

શ્રી. જયંતિ દલાલ એક પ્રગતિશીલ લેખક છે. આજના જુવાનોનાં મનોમંથનો

અને તેમાંથી નીપજતાં સારાં નરસાં પરિણામોના કંઈક પ્રતિબિંબ સરખું આ પુસ્તક જુવાની અને ભણતરની ઘટનક્ષી (!) જેવું જણાય છે.

એમાં, બે જુવાન પ્રેમિકોની પ્રેમકથા હોઈને, અંતરનાં ચાહકોની હૃદયવ્યથા વર્ણવાઈ છે. પોતાની પ્રેયસીને પોતાના પ્રેમનું પાત્ર બનાવી કથાનાયક, પોતાનું દેશ પ્રત્યેનું કર્તવ્ય બજાવવા નીકળી પડે છે, જેલવાસી બને છે; ત્યાં રાજદ્વારી કેદીઓની ભિન્ન ભિન્ન માનસદશા એને જોવા મળે છે; અને આજે સ્વેચ્છાએ જેલને મહેલ તરીકે સ્વીકારનારાઓ પણ ત્યાંથી પાછા ઘર તરફ વળવાને કેવા ઉતેજાર હોય છે તેવા રાજદ્વારી કેદીઓનું કૂણદૃષ્ટિ માનસદર્શન કરાવ્યું છે. એટલે આ પુસ્તક પ્રેમકથાને નામે, રાજદ્વારીઓના માનસનો સરસ પડઘો રજૂ કરે છે.

અંતે એ જેલનિવાસી કથાનાયકનું અને પોતાનું મિલન નહિ થાય, એમ માનતી કથાનાયિકા ઝૂરતી રહે છે, શરીરે કૃશ બનતી જાય છે, હવાફેર માટે અન્ય સ્થળે જાય છે; નાયક ધીમુ પેરોલ પર વિભાની માંદગીને કારણે મુક્ત થાય છે અને અંતે વિભાનું મૃત્યુ થાય છે. અને એ વિભાના મરણના કારણરૂપ ધીમુ ગણાય છે.

કથાની લેખનશૈલી એકધારું આકર્ષણ જમાવી રાખે તેવી હોઈને તે પૂરી કરીને પુસ્તક હેઠે મુકાવે તેવી છે.

૧૧. ફુવારા—લેખકઃ શ્રી. જંબુકાકા, પ્રકાશકઃ શ્રી. બાલકૃષ્ણ પ્રભાશંકર પુરોહિત; વિ. જ્યુ. લાયબ્રેરી પાછળ, રાજપીપળા. ડેમી કદનાં પૃષ્ઠ ૯૪+૪, સાદુ પૂઠું, મૂલ્ય ૦–૧૨–૦ ૧૯૪૧.

આ પુસ્તકના લેખકે " રાજપીપળા સમાચાર " પ્રકટ થતું ત્યારે તેમાં છૂટક છૂટક કેટલીક પ્રસંગકથાઓ લખેલી, તેમાંની પંદરેક હાસ્યપ્રેરક કૃતિઓનો આ સંગ્રહ છે. ઘડીભર નવરાશના વખતે વાંચી જવા જેવા આ પ્રસંગો વાચકને પોતાના નવરાશના વખતનો વ્યય કરવામાં ઠીક ઉપયોગી થઈ પડશે.

૧૨. જીવનસખી—ખંડ ૧, ૨, ૩; કર્તાઃ શ્રી. કુંવરસી ધરમસી સંપટ; પ્રકાશકઃ સંદેશ કાર્યાલય, અમદાવાદ. પ્રાપ્તિસ્થાનઃ એન. એમ. ઠક્કરની કું. પ્રિન્સેસ્ટ સ્ટ્રીટ, મુંબઈ ૨

ક્રાઉન કદનાં પૃષ્ઠ ૨૩૭+૧૬૬, સચિત્ર બૉક્સ અને કવર આચ્છાદન સહિત બોર્ડ-પટીનું પૂઠું, મૂલ્ય રા. સવાચાર.

જાણીતા સાક્ષર શ્રી. કુંવરસીભાઈએ સ્ત્રીઓપયોગી એવા બે ગ્રંથો અત્યાર સુધીમાં આપ્યા છે. અને તે સંસ્કારલક્ષ્મી અને ઘરની રાણી. એવું જ સ્ત્રીઓપયોગી પુસ્તક બે આ " જીવનસખી " છે. પુસ્તકનું નામ લેખકે લખેલ સળંગ દૃષ્ટાંતરૂપ વાર્તા પરથી યોજ્યું છે, જ્યારે એના પહેલા અને બીજા ભાગમાં સ્ત્રીઓને તેમના નિત્યજીવનમાં ઉપયોગી અને મનનશીલ એવાં સૂત્રો અને પ્રાચીન આર્ય સન્નારીઓનાં જીવનચરિત્રો આપ્યાં છે.

પુસ્તકમાં અપાયેલાં જાણીતા કલાકાર શ્રી. કનુ દેસાઈ ચિત્રિત સંખ્યાબંધ એકરંગી, દ્વિરંગી તેમ જ ત્રિરંગી આકર્ષક ચિત્રો આપી પુસ્તકના સુશોભન અને આકર્ષકપણામાં વધારો કર્યો છે.

' સંદેશ ' કાર્યાલયનું આ પ્રથમ પ્રકાશન આપણી ગુજરાતી બહેનોમાં સારો આવકાર મેળવશે. એ નિર્વિવાદ છે; અને તેમાંથી વિવિધ આદર્શો ગ્રહણ કરી પોતાના જીવનમાં ઘણો લેશે.

આવું સુરેખ અને શિષ્ટ પ્રકાશન પ્રસિદ્ધ કરવા માટે સંદેશ લિ ના સાહસિક સંચાલક શ્રી. ઓઢીવાલાને અમારાં અભિનંદન.

૧૩ બાગવાન—મૂળલેખક કવિવર ટાગોર; પ્રાપ્તિસ્થાનઃ નવચેતન સાહિત્ય મંદિર, ભદ્ર, અમદાવાદ. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૯૬, સાદું સચિત્ર પૂઠું, મૂલ્ય રા. સવા. ૧૯૪૩

કવિવર ટાગોર રચિત The Gardener એ કવિવરની અનેક વિખ્યાત કૃતિઓમાંની એક છે એનો આ ગુજરાતી અનુવાદ છે. એ બાગવાનનાં સુગંધભરપૂર ૮૫ પુષ્પોની આ ગુલછડી એના ભાવનાશીલ વાચકને જરૂર ગમશે. અનુવાદ પણ સુગમ હોઇને દરેકોઇ વાચકને એ વાંચતાં કવિવરની કૃતિનો રસાસ્વાદ આપશે.

> **વણમાગ્યું મૂલ્યાંકન**
>
> " 'પુસ્તકાલય' તેના વિશિષ્ટત્વને વિકસાવતું ને સ્થાપતું જાય છે. અમો લેખકવર્ગને પણ તેની ઉપયોગિતા તાજી માહિતીની નજરે ઘણી લાગે છે. આ તેની સંતોષજનક પ્રગતિ માટે એના સર્વ સંચાલકોને અભિનંદન. "
>
> —પ્રા. વિજયરાય વૈદ્ય

૧૪ ઇસપનીતિ કથામાળા—(૮ પુસ્તકો)—**૧ રામજીનો ખજાનો, ૨ વરૂનું સંગીત, ૩ દૂધવાળી, ૪ વાંદરાનો ન્યાય, ૫ બિલ્લીરાણી, ૬ વાઘ ભગત, ૭ ગધાનાં ગધેડાં, બાંડુ શિયાળ**—લેખક અને સંપાદકઃ શ્રી. રમણલાલ નાનાલાલ શાહ; બાલજીવન કાર્યાલય, વડોદરા. દરેકનું મૂલ્ય ૦-૧૦-૦.

બાળકો વાર્તાઓનાં ખૂબ શોખીન હોય છે. એમને વાર્તાઓ સાંભળવી ખૂબ ગમે છે. અને આવી બાલભોગ્ય વાર્તાઓ ઇસપની નીતિકથાઓ વા હિતોપદેશની વાતોમાંથી મળી આવે છે.

" બાલજીવન "ના તંત્રી શ્રી. રમણલાલ શાહે આ દિશામાં ઠીક પ્રગતિ સાધી છે, એમ આ પુસ્તકો પરથી જાણવા મળે છે. હિતોપદેશની વાતો વા ઇસપ નીતિકથાઓ મોટાઓ સમજી શકે તેવી શૈલીએ જુદે જુદે રથળેથી પ્રકટ થઈ છે; પરંતુ બાલકોને રુચિપ્રદ શૈલીએ અને તેમને હોંશે હોંશે વાંચવી ગમે—વાંચવામાં તેમને રસ ઉત્પન્ન થાય તેવી પ્રેરક શૈલીએ શ્રી. રમણલાલે આ વાર્તાઓ રચી છે, જે બાળકોને જ્ઞાન સાથે ગમ્મત અને બોધ આપે તેવી છે.

મોટેરાઓ આવી વાર્તાઓથી ભાગ્યે જ અજાણ હોય છે; પરંતુ બાળકોને શિક્ષણ સાથે આનંદ આપે તેવી આ સંખ્યાબંધ ચિત્રોવાળી વાર્તાઓને, પોતાને ત્યાં આવતાં બાલવાચકો માટે પુસ્તકાલયો જરૂર વસાવે.

૧૫. કિશોર સાહિત્યમાળા–શ્રેણી ૧ લી—(૧) કિશોર વાર્તાવલિ, (૨) પન્નાકુમારી, (૩) પ્રશ્નધારા, (૪) આનંદ તરંગ, (૫) સત્ય કથાઓ—૧, ૩, ૪ ના લેખક શ્રી. રમણલાલ નાનાલાલ શાહ અને ૨ તથા ૫ ના લેખકો અનુક્રમે શ્રી. માધવરાવ બા. કર્ણિક અને કુ. જ્યોત્સના મોતીલાલ ઠાકોર તથા ડૉ. મોહનલાલ જ. પાઠક; પ્રકાશક ઉપર પ્રમાણે. પહેલી ચારનું મૂલ્ય ૦-૮-૦ અને પાંચમીનું મૂલ્ય ૦-૬-૦.

કિશોર સાહિત્ય માળાની આ પાંચ પુસ્તિકાઓ, ૧૧ થી ૧૬ વર્ષની વયનાં કિશોર-કિશોરીઓને ઉંતર વાચન મળે એ હેતુ લક્ષ્યમાં રાખી પ્રકટ કરવામાં આવી છે. બાળકોનું વય વધવા સાથે, તેમનામાં વવાયેલાં સંસ્કારબીજને પોષણ મળતાં તે ક્રમાનુસાર વિશેષ વાચનની જિજ્ઞાસા ધરાવે છે, અને કંઈ ને કંઈ વાંચવા માગે જ છે. એવાં વયમાં અને બહુતરમાં આગળ વધતાં કિશોર-કિશોરીઓની વાચનભૂખ તૃપ્ત કરવાના સદુદ્દેશથી આ માળામાં આ પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરાઇ છે. તેમાંની પહેલીમાં ટૂંકી ટૂંકી જ્ઞાનદાયક, લગભગ દરેક સચિત્ર ટૂંકી વાર્તાઓ આપી છે, જ્યારે બીજીમાં રાજપૂતાનાની વીર ધાત્રી પન્નાના આત્મત્યાગના આદર્શરૂપ વાર્તા રજૂ કરી છે. ત્રીજી " પ્રશ્નધારા "માં, આવાં કિશોર-કિશોરીઓને પોતાના વાચન દ્વારા વા નિત્ય અનુભવવા મળતા પ્રસંગોમાંથી ઉદ્ભવતા જ્ઞાન-વિજ્ઞાનને લગતા પ્રશ્નોના વિગતવાર ઉત્તરો આપવામાં આવ્યા છે, જે વાંચતાં એ કિશોરોના જ્ઞાનમાં કંઈક ને કંઈક વૃદ્ધિ થાય એમ છે; ત્યારે " આનંદ તરંગો "માં રમુજી અને ગમ્મત-ભર્યો આનંદ આપે તેવા રમુજી ટુચકાઓ આપ્યા છે, જે વાંચી વાંચનાર પ્રફુલ્લ બની જાય તેમ છે. આ ઉપરાંત "સત્ય કથાઓ" એમાં ગુજરાત, મહારાષ્ટ્ર અને હિંદમાં બની ગયેલા સત્યાત્મક ઇતિહાસપ્રસંગો આપવામાં આવ્યા છે, જે વાંચતાં તેના વાચકના ઇતિહાસજ્ઞાનને ઠીક વેગ મળે તેમ છે.

દરેક પુસ્તિકા સચિત્ર હોઇને તેમાંની વસ્તુ સમજવામાં તે નાનાં વાચકોને ઠીક રસ પડશે.

પુસ્તકાલયો આ બાલ અને કિશોર સાહિત્યના ગુચ્છો પોતાને ત્યાં વસાવવા પ્રયત્ન કરે.

૧૬. બાલજીવન હાસ્યવિનોદ પુસ્તકમાળા—પુ. ૧, ૨. **હાસ્યગંગા**—લેખક અને સંપાદક તથા કદ અને પૂઠાં ઉપર પ્રમાણે. દરેકનું મૂલ્ય ૦-૬-૦. ૧૯૪૩

બાળકોને ઇતર વાચન સાથે રમૂજભર્યું વાચન વાંચવા મળે અને તેમાંથી તેઓ આનંદપ્રમોદ મેળવી શકે તે માટે બાલજીવન કાર્યાલય તરફથી ઉપરની પુસ્તકમાળા પણ શરૂ કરવામાં આવી છે. તેનાં પ્રથમ પ્રસિદ્ધ થયેલાં આ બે પુસ્તકો છે. એમાં નાના નાના પરંતુ બાળકોને વાંચતાં વાંચતાં જ હસાવી મૂકે તેવા રમૂજી ટુચકાઓ આપ્યા છે.

બાળકોને એ નિર્દોષ છતાં હાસ્યપ્રદ ટુચકાઓ જરૂર ગમશે. પુસ્તકાલયો પોતાને ત્યાં આવતાં બાળકો માટે વસાવે. **મણિલાલ પ્ર. વ્યાસ**

૧૬. પ્રથમ આષાઢે—લેખકઃ શ્રી. નીરુ દેસાઈ; પ્રકાશક, નવયુગ પુસ્તક ભંડાર; રાજકોટ, ૧ લી આવૃત્તિ ઇ. સ. ૧૯૪૩; ક્રાઉન ૧૬ પેજી પૃ. ૧૨૦; પૂઠું કાર્ડ બોર્ડ પટ્ટીનું; કિંમત ૨-૦-૦.

આ પુસ્તકમાં (૧) પ્રથમ આષાઢ, (૨) ભલો માણસ, (૩) ઉકેલ, (૪) સાગરનાં નીર, (૫) અજિત, (૬) અદમ્યના ઊંડાણ, (૭) પ્રણય કલહ, (૮) મૂંઝવતી પળો, (૯) રોમાન્ટિક પ્રેમ, (૧૦) અર્વાચીન મેઘદૂત, અને (૧૧) તે દિવસ આજે-એ નામની ૧૧ નવલિકાઓ સંચિત થઇ છે ને તેમાં વિવિધ નાના સ્ત્રી-પુરુષોના ગાઢ સહવાસ અને આકર્ષણના કેવા વિચિત્ર જાતીય પ્રશ્નો ઉપસ્થિત થાય છે તેની શિષ્ટ ભાષાશૈલિમાં મર્યાદાસર ચર્ચા કરેલી હોઇ પુસ્તક પ્રૌઢ વયનો વાચકવર્ગ ખુશીથી વાંચી શકે.

શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ ભાગ ૧–૨*

(એક અવલોકન)

સમાલોચકઃ—શ્રી. મણિલાલ મોહનલાલ છાયા, એમ. એ. એલએલ. બી.
[ના. વરિષ્ટ ન્યાયાધીશીના ન્યાયાધીશ, વડોદરા રાજ્ય.]

વિશ્વવંદ્ય વિભૂતિઓની માળામાં ભારતવર્ષની જૂજ વ્યક્તિઓને જ સ્થાન મળી શકે છતાં તેમાં કૈલાસવાસી શ્રીમંત સયાજીરાવ મહારાજનું સ્થાન તો નિર્વિવાદ રીતે છે જ અને રહેશે.

શ્રીમંત સયાજીરાવ મહારાજના પૂર્વગામી મહારાજાના વહિવટની ગેરવ્યવસ્થાને લીધે રાજ્યમાં જે સડો પેઠો હતો તે દૂર કરી રાજ્યને આદર્શ રાજ્ય બનાવવામાં સયાજીરાવ મહારાજાએ વેઠેલી જહેમતો તથા તેમને નડેલી અડચણોનું લેખકે બહુ જ સરળ ભાષામાં વર્ણન આપેલું છે. શ્રીમંત સયાજીરાવ મહારાજાને સાર્વભૌમ સત્તા સાથે થયેલી અથડામણો તથા તેમના દેશભક્ત હૃદયને વીતેલી વિડંબનાઓ લેખકે (આ પુસ્તકમાં) યથાસ્થિતિ વર્ણવી છે. બાપટ કમિશનની નિમણોક, કર્ઝન સરકયુલર, સને ૧૯૧૧ ના દિલ્હી દરબારનો પ્રસંગ, એ બધા નાજુક પ્રસંગોમાં શ્રીમંત સયાજીરાવ મહારાજાએ બતાવેલ સંયમ અને રાજ્યદ્વારી કુનેહની અને પ્રભુની દયાથી છેવટ શ્રીમંત સયાજીરાવની તાજ પ્રત્યેની વફાદારીની ખાતરી તેમના અગાઉના પ્રતિસ્પર્ધીઓને કેવી સચોટ રીતે થઇ હતી તેનો આ જીવનચરિત્ર ઉપરથી સંપૂર્ણ ખ્યાલ આવે છે.

લંડનના ટાઇમ્સે સને ૧૯૨૩ માં રાજકુમાર જયસિંગરાવના અવસાન વખતે સયાજીરાવ મહારાજની કરેલી ટીકા ગણી જઇ હીરક મહોત્સવને પ્રસંગે તેમની કરેલી પ્રશસ્તિ ઉપરથી તથા મુંબઇના ટાઇમ્સ ઓફ ઇંડીઆએ તેમના અવસાન વખતે તેમને અર્વાચીન હિંદના વિધાયકોમાંના એક તરીકે જણાવેલા હતા તે ઉપરથી, સયાજીરાવ મહારાજની કારકિર્દી દરેક દૃષ્ટિબિંદુથી કૃતેહમંદ થઇ હતી, એવી પ્રતીતિ થાય છે. શ્રીમંત સયાજીરાવ મહારાજ મોટા દેશી સંસ્થાનના રાજ્યકર્તા તરીકેજ નહિ પરંતુ વિશ્વવિખ્યાત અને સમર્થ વિદ્વાન વિભૂતિ તરીકે સર્વ દેશોમાં પૂજ્ય હતા, એમ તેમની વિશ્વધર્મ સંઘ (World Fellowship of Faiths) ની પહેલી પરિષદના પ્રમુખ તરીકે થયેલી પસંદગી ઉપરથી માનવું પડે તેમ છે. ભારતવર્ષના તે અગ્રણી નેતા તરીકે સમસ્ત ભારતવર્ષને વંદ્ય હતા એમ તેમની સને ૧૯૦૩ માં અમદાવાદમાં ભરાયેલા ઔદ્યોગિક પ્રદર્શનના પ્રમુખ તરીકે, સને ૧૯૦૪ માં હિંદી સંસાર સુધારક પરિષદના ઉદ્‌ઘાટન માટે, સને ૧૯૦૬ માં હિંદી ઔદ્યોગિક પરિષદના પ્રમુખ તરીકેના, સને ૧૯૧૧ માં ફર્સ્ટ યુનિવર્સલ રેસીઝ કોન્ગ્રેસના પ્રમુખ તરીકે, સને ૧૯૧૮ માં અખિલ ભારત અસ્પૃશ્યતા-નિવારણ પરિષદના ઉદ્‌ઘાટન માટે અને સને ૧૯૩૪ માં હિંદી સાહિત્ય સંમેલનના અધ્યક્ષ તરીકે તેમની થયેલી વરણી ઉપરથી જણાય છે. આ પ્રસંગોએ સયાજીરાવ મહારાજે કરેલાં વ્યાખ્યાનોનાં અવતરણો પુસ્તકોમાં આપવામાં આવ્યાં છે તે ઉપરથી જણાય છે કે શ્રીમંત સયાજીરાવ મહારાજા કેવળ એક રાજવી તરીકે નહિ પરંતુ સ્વદેશભક્ત હિંદી તરીકેનું પોતાનું ધ્યેય હંમેશા નીડરપણે રજૂ કરતા અને તેમણે બ્રિટિશ સલ્તનતને હિંદને કેનેડા અને

* લેખકઃ શ્રી. ચિમનલાલ મગનલાલ ડૉક્ટર; પ્રકાશકઃ લુહાણામિત્ર પ્રિં. પ્રેસ, વડોદરા. મૂલ્ય બન્ને ભાગના રૂા. ૩–૧૨–૦



વડોદરાને આંગણે સાહિત્ય સંમેલન—

ચાલુ માસની તા. ૨૫, ૨૬, ૨૭ ના રોજ આપણા રાજ્યના પાટનગરના ન્યાય-મંદિર હૉલમાં ગુજરાત સાહિત્ય પરિષદનું પંદરમું સંમેલન મળશે. એ સંમેલનનાં વરાયેલાં પ્રમુખ જાણીતાં સમાજસેવિકા અને વિદ્વાનસિક એવાં સુયોગ્ય સન્નારી લેડી વિદ્યાબહેનની વરણી થઈ છે, એ તો આ અગાઉ જાહેર થઈ જ ચૂક્યું છે.

પરિષદની ઉદ્‌ઘાટનવિધિ, શ્રીમંત મહારાજા સાહેબ અથવા શ્રીમંત સૌ. મહારાણી સાહેબના હસ્તે થશે. આ પ્રસંગે સંમેલનમાં પધારનાર સાક્ષરોનાં વ્યાખ્યાનો સાંભળવાનો લાભ પણ, સંમેલનમાં ભાગ લેવા ઇચ્છનારને મળશે. ત્રણેય દિવસ માટે રાત્રે રંજન કાર્યક્રમની યોજના કરવામાં આવી છે, જેમાં ગુજરાતના અગ્રગણ્ય લેખકો અને કવિઓની વાનગી ઉપરાંત ગુર્જર કવિદર્શન, સરસ્વતીપૂજન ને નાટિકા વગેરેના રસિક ને કલામય કાર્યક્રમની યોજના કરવામાં આવી છે.

સંમેલનમાં ભાગ લેવા આવનાર માટે, સંમેલનના રસોડે જમનાર માટે દરરોજના રૂા. ત્રણ લવાજમ ઠરાવવામાં આવ્યું છે, જ્યારે પોતાનો ભોજનપ્રબંધ પોતે કરી લેનારને વિના ખર્ચે સંમેલનના ઉતારે રહેવાની વ્યવસ્થા યોજાઇ છે.

સંમેલનમાં પ્રેક્ષક તરીકે આવવા ઇચ્છનાર માટે રૂા. ૨) લવાજમ રખાયું હોઈ ત્રણે દિવસના રંજન કાર્યક્રમનું રૂા. ત્રણ લવાજમ અલગ રાખવામાં આવ્યું છે, જ્યારે સત્કાર સમિતિના સભ્યો અને આમંત્રિત મહેમાનો વિનાલવાજમે ઉપર્યુક્ત સઘળા કાર્યક્રમોમાં ભાગ લઈ શકશે.

બહેનો માટે તેમ જ પ્રાથમિક શાળાના શિક્ષકો માટે પ્રેક્ષક ફી રૂા. એક રાખવામાં આવી હોઇને, વિદ્યાર્થીઓ માટે, અગાઉ જાહેર થયા પ્રમાણે રૂા. ૧) ને બદલે રૂા. ૨) રાખવામાં આવ્યા છે.

સંમેલન પ્રસંગે કમાટી બાગમાં એક કલા પ્રદર્શન ગોઠવવામાં આવનાર હોઇને વિવિધ કલાકારીગરીના નમૂના પણ તેમાં જોવા મળશે, જેમાંના ઉત્તમ નમૂનાઓને પ્રમાણપત્ર આપવાની યોજના પણ કરાઈ છે.

સંમેલનના સ્વાગત સભ્ય માટે ઓછામાં ઓછા રૂા. ૧૦) ઠરાવાયા છે, પરંતુ બીજા સભ્યો માટે રૂા. ૫) નિયત થયા છે.

સ્વાગત મંડળના પ્રમુખ તરીકે વડોદરા શહેરના જાણીતા અગ્રગણ્ય શહેરી શેઠ શ્રી. ચતુર્ભુજ ચિ. ઝવેર લક્ષ્મીચંદની વરણી થઇ ગઇ છે.

સંમેલન અંગેની વિવિધ વ્યવસ્થા માટે કુલ ૧૧ ઉપસમિતિઓ નિમાઈ છે. તે તમામ કામે લાગી ગઇ હોઇને સઘળી તૈયારીઓ પૂરજોશે ચાલી રહી છે.

મફત ફરતાં પુસ્તકાલયોનો વિસ્તાર—

મુંબઇ ખાતે રહેતા અને ફરતાં પુસ્તકાલયોનો વિસ્તાર વધારવા માટે જહેમત ઉઠાવતા એક સેવાભાવી સજ્જન શ્રી. ભોગીલાલ અમરતલાલ ઝવેરીએ, સદ્‌ગત અ. સૌ. મૂળીબહેન ભોગીલાલ ઝવેરીની યાદગીરીમાં સં. ૧૯૯૯ ના વર્ષમાં નીચેની સંસ્થાઓ દ્વારા મફત ફરતા પુસ્તકાલયોની તેમની સામે દર્શાવેલ પુસ્તકો ભરેલી પેટીઓની યોજનાનો અમલ કરાવવામાં સફળતા મેળવી છે.

	પુસ્તકો	પેટી
(૧) મુનિશ્રી મોહનલાલજી જૈન સેન્ટ્રલ લાયબ્રેરી	૧૦૦૦	૧૫૦
(૨) જૈન મહિલા સમાજ	૨૫૦	૩૦
(૩) ભગિની સમાજ	૩૫૦	૧૮
(૪) હિન્દ મહિલા સમાજ (મરાઠી)	૧૦૦	૮
(૫) મુંબઇ જૈન યુવક સંઘ	૩૦૦	૨૪
(૬) મુંબઇ હિન્દી વિદ્યાપીઠ (હિન્દી)	૨૦૦	૧૨
(૭) માટુંગા ગુજરાતી સેવા સમાજ	૨૫૦	૨૫
(૮) સાર્વજનિક વાચનાલય, અગાસી	૫૦	૪
(૯) શાંતિચંદ્ર સેવા સમાજ, અમદાવાદ	૩૦૦	૩૦
(૧૦) ,, ,, ,, બારેજા	૧૦૦	૧૦
(૧૧) આપારાવ ભોળાનાથ પુસ્તકાલય, અમદાવાદ	૩૦૦	૨૫
(૧૨) રાષ્ટ્રીય યુવક મંડળ પુસ્તકાલય, અમદાવાદ	૧૦૦	૧૫
	૩૩૦૦	૩૫૦

અન્ય વિદ્યાપ્રસારપ્રેમીઓ આનું અનુકરણ કરવા પ્રેરાશે એવી આશા અસ્થાને નહિ લેખાય.

વીસનગર મહાલ પુ. મંડળની કારોબારીની ત્રિમાહી સભા—તા. ૧૫-૧૧-૪૩ ના રોજ મળી હતી તે પ્રસંગે (૧) મંત્રી તરફથી રજૂ કરવામાં આવેલું ત્રિમાહી નિવેદન સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું, (૨) મહાલના ગ્રંથપાલોનું સંમેલન કમાણા મુકામે નવીન શાળાનું ઉદ્‌ઘાટન થાય ત્યારે આવતા મે-જુન માસમાં રાખવાનું તથા (૩) રાજરત્ન શેઠ મહાસુખભાઇ તરફથી પ્રસિદ્ધ થયેલ પુસ્તકો-અમૃત સરિતા ભા. ૧-૨, તાલુકાનાં જે જે પુસ્તકાલયોને જોઇતા હોય તેમણે મંગાવી લેવાના ઠરાવો થયા હતા.

સ્વ. મો. ન. અમીન સ્મારક જ્યુબિલી બાગ વાચનાલય—વડોદરા રાજ્ય પ્રજામંડળ ગેરકાયદે સંસ્થા જાહેર થયા પછી, મદદ બાગ બંધ હતો; તેથી મંડળ દ્વારા સંચાલિત સદર વાચનાલયપ્રવૃત્તિ બંધ પડી હતી. પરંતુ હવે એ બાગ ખુલ્લો થઇ જતાં એ સ્વ. મો. ન. અમીન સ્મારક જ્યુબિલીબાગ વાચનાલય ચાલુ કરવાનું મંડળે ઠરાવ્યું છે. એ માટે, આગામી ૧૯૪૪ ના વર્ષ માટેના ખર્ચને પહોંચી વળવા માટે મદદની જરૂર છે. આશા છે, વાચનપ્રચારપ્રેમી ઉદાર દાનવીર ગૃહસ્થો આ સુપ્રવૃત્તિમાં સહાયભૂત થવા પ્રેરાશે. મદદ

મોકલવા ઇચ્છનાર ગૃહસ્થે, મંત્રી, પુસ્તકાલય સ. સ. મંડળ લિ. પો. બો. નં. ૧૦ વડોદરાને લખવા વિનંતિ છે.

❀

પત્રો-માસિકો શરૂ કરવા બાબત—જે પુસ્તકાલયો તરફથી લોકમદદ તેમ જ બજેટો તા. ૧૮-૧૨-૪૩ ની સાંજ સુધીમાં પુસ્તકાલય સ. સ. મંડળના કાર્યાલયમાં આવી ગયાં હશે તેમનાં ૧૯૪૪ ના બજેટનાં પત્રો-માસિકો તા. ૧-૧-૪૪ થી શરૂ કરાવી દેવાની મંડળ તરફથી તજવીજ થશે.

❀

વ. રા. પુ. મંડળ

પ્રમાણપત્ર માટેની પરીક્ષા—સપ્ટેમ્બર અંકમાં પ્રસિદ્ધ થયેલ જાહેરાત નં. ૧ માં કરેલ પ્રમાણપત્ર માટેની પરીક્ષા જાન્યુઆરી ૧૯૪૪ ની તા. ૨૨-૨૩ મીએ લેવાવાની છે. તેને માટે નોંધાયલા ઉમેદવારોએ પરીક્ષા માટેની પોતાની તૈયારી તે પહેલાં પૂરી કરી લેવી ઘટે.

પુસ્તકાલયોની તપાસણી

પ્રચારકાર પ્રાંત પ્રચારકોએ નીચેનાં સ્થળોની મુલાકાત જણાવેલી મુદત દરમ્યાન લઈ ત્યાંની પુસ્તકાલય વા વાચનાલય સંસ્થાઓ તપાસી છે અને દફ્તરી કામની અવ્યવસ્થા દૂર કરી છે. પુસ્તકોના વર્ગીકરણ વગેરેની કામગીરી બાબતે તત્સંબંધી જરૂરી સૂચના-સમજૂત આપી છે; તેમ જ પુસ્તકાલય વગરનાં સ્થળોએ પુસ્તકાલય ખોલવા સંબંધી પ્રચારકાર્ય કર્યું છે:—

૧. વડોદરા-નવસારી પ્રાંત પ્રચારક રા. છગનભાઇ મથુરભાઇ પટેલ-માહે નવેંબર માસમાં-સંખેડા મહાલનાં:—(૧) ઝરવાણ, (૨) વાગેથા, (૩) લાછરસ, (૪) પરવેટા, (૫) વાસણા, (૬) ચીખોદ્રા, (૭) પાણેજ, (૮) સરજી, (૯) કોસિન્દ્રા, તિલકવાડા મહાલનાં:—(૧૦) પોચંબા, (૧૧) જેમલગઢ, (૧૨) બરેલી, (૧૩) આમરોલી; વડોદરા મહાલનાં:—(૧૪) કરાલી, (૧૫) સુંદરપુરા, (૧૬) ધનિયાવી, (૧૭) વડસાલા, (૧૮) વરણામા, (૧૯) ખલીપુર, (૨૦) તણખલા; કામગીરી દિન ૨૪.

૨. મહેસાણા-અમરેલી પ્રાંત પ્રચારક રા. ભાઇશંકર ટી. ઠાકર-માહે નવેમ્બરમાં:—(૧) રામપુર ઊંઝા તા. સિદ્ધપુર; વિજાપુર મહાલનાં:—(૨) વસાઇ, (૩) ડાભલા, (૪) દેવડા, (૫) કેલીસણા, (૬) દગાવાડીઆ, (૭) વડાસણ, (૮) ટીટોદણ, (૯) પડુરમા (૧૦) ચરાડા, (૧૧) પાલડી, (૧૨) વિહાર, (૧૩) ગેરીતા, (૧૪) કોલવડા.

૩. કરજણ મહાલ માનદ પ્રચારક રા. ઈશ્વરભાઇ નાગજીભાઈ પટેલ-માહે સપ્ટેંબરમાં:—(૧) વેમારડી, (૨) વેમાર, (૩) કાસમપુર, (૪) કુરાલી.

૪. વાલુસ્મા મહાલ માનદ પ્રચારક રા. કરુણાશંકર મોહનલાલ-માહે ઓકટોબરમાં:—(૧) મુદેરા, (૨) ચડાસણા.

તપાસણી દરમ્યાન પ્રચારકે જે જે ખામીઓ દર્શાવી હોય તે તે વેળાસર સુધારી લેવા તથા જે સૂચના-સમજૂત આપી હોય તેનો યોગ્ય રીતે અમલ કરવા જે તે મંત્રી ભાઇઓને ખાસ ભલામણ છે.

ના. નં. ચોકસી
સહમંત્રી. વ. રા. પુ. મંડળ

હાલ નહિ મળી શકતાં પુસ્તકો

રાયચુરાની રસમસ્તી	રાયચુરા
રાયચુરાની રસીલી વાર્તાઓ	,,
ખડી દીદી	શરદ્‌ચંદ્ર
રાજમોહન	
રેણુની મા	,,
ઘરે બાહિરે	ટાગોર
નૌકા ડૂબી	,,
ભારતમાં અંગ્રેજી રાજ્ય ભા. ૧-૨	સુંદરલાલજી
અક્કલના ઈજારદાર	બેકાર
એશીઆની ભીતરમાં	જ્હોન ગંથર
યુરોપની ભીતરમાં	,,
સત્તાવન	નગીનદાસ પારેખ
પુસ્તકાલયપ્રવૃત્તિ ભાષણો અને લેખો ભા. ૧ લો	
વિનયર્યા	બાપાલાલ વૈદ્ય
કુમાર વીરસેન ભા. ૨ જો	ચં. મ. ભટ્ટ
વ્યાપક ધર્મભાવના	ગાંધીજી
ત્યાગમૂર્તિ	,,
મરવડાના અનુભવ	,,
જીવનનો આનંદ	કાકા કાલેલકર
જીવતા તહેવારો	,,
નામાનાં તત્ત્વો	મશરૂવાળા
રાષ્ટ્રભાષાનો ગુજરાતી કોશ	
સાર્થ જોડણીકોશ	નવજીવન કા.
ઊર્દુલિપિ શિક્ષકિા	,,
મધુકર	વિનોબા ભાવે
ગુજરાતનો નાથ	ક. મા. મુન્શી
નરસૈયો ભક્ત હરિનો	,,
તુલસીક્યારો	મેઘાણી
બિડેલાં દ્વાર	,,
મહીપાળદેવ	રાયચુરા
સ્નેહપૂર્ણા	,,
ભાઇબહેન	ટાગોર
ગાંધીજીની આત્મકથા	નવજીવન કા.
અમર ચરિત્ર ભા. ૪ થો	
અરેબિયન નાઇટસ	રામનંદ ચેટરજી
સ્ત્રી-પુરુષ-મર્યાદા	મશરૂવાળા
કન્યાને પત્રો	નરહરિ પરીખ
ઘરગથ્થુ વૈદક	પ્રસ્થાન કા.
સ્નેહસંભ્રમ	ક. મા. મુન્શી
સાવકી મા	શરદ્‌ચંદ્ર
વિપ્રદાસ	,,
રવિકિરણો	ટાગોર
અવશેષ	ધૂમકેતુ
ધર્મમંથન	ગાંધીજી
ખરી કેળવણી	,,
વર્ણવ્યવસ્થા	,,
ગીતાબોધ	,,
સર્વોદય	,,
એક સત્ય વીરની કથા	,,
રચનાત્મક કાર્યક્રમ	,,
જવાહરની આત્મકથા	
ગીતામંથન	મશરૂવાળા
ગીતાધ્વનિ	,,
સત્યમય જીવન	,,
જગતનો આવતી કાલનો પુરુષ	રાધાકૃષ્ણન્
આબાદ હિંદુસ્તાન	નવજીવન કા.
નળદમયંતી	પુ. સ. સ. મંડળ લિ.
વૃદ્ધાવસ્થામાં તંદુરસ્તી	રવિશંકર અંજારીઆ
નકશકારક હુન્નરો ભા. ૧ લો	
ગોળીબહારની મુસાફરી	હંસાકુમારી
વળામણાં	જયંતિ દલાલ
પ્રેમનો દંભ	ટૉલ્સ્ટૉય
સ્ત્રી અને પુરુષ	,,
નવો અવતાર ભા. ૧-૨-૩	,,
દાંડીકૂચઆલ્બમ	પ્રસ્થાન કાર્યાલય
અંતરની વાતો	સોપાન
કલાપીનો કેકારવ	
કાઠીઆવાડની દંતકથાઓ	ઝડાલજા
વૈદકીય કાયદાશાસ્ત્રી	બાપાલાલ વૈદ્ય
સોરઠી પ્રેમકથાઓ	

આવતા માસની કાર્યદિશા

૧ તમારા અંદાજમાં મંજૂર થયા પ્રમાણે પ્રાંત પંચાયત મદદ અને સરકાર મદદની પાવતીઓ પુસ્તકાલય ખાતા તરફ જલદી મોકલો.

૨ લોકમદદની રકમ પુસ્તકાલય સહાયક સહકારી મંડળ તરફ મોકલો અને કાયમનિધિની રકમ જે તે સ્થળે મૂકવા તજવીજ કરો.

૩ શાળામાં જે પુસ્તકાલયો છે તે પૈકી કેટલાંક પુસ્તકોનાં કબાટની આજુબાજુ ભંગાર અને કચરો નાખી મૂકે છે અને શાળાનાં જૂનાં દફ્તરો ખડકી રાખે છે, તેમ પુસ્તકાલયનાં પુસ્તકોમાં ઉધેઈ લાગી પુસ્તકો ખરાબ થાય છે તે બાબત યોગ્ય સ્વચ્છતા સફાઈ રાખવા કાળજી રાખો.

૪ કસ્બા પુસ્તકાલયોમાં પણ પુસ્તકાલયની વ્યવસ્થા તરફ અને પુસ્તકોના વર્ગીકરણના કામે ગ્રંથપાલોની કેટલીક નિષ્કાળજી જણાય છે તો પુસ્તકો સુવ્યવસ્થિત રાખવા અને વિષયવાર ગોઠવવા તજવીજ કરવી.

૫ ઠરેલા ધોરણ કરતાં વાચકોને વધુ પુસ્તકો વાંચવા નહિ આપતાં થોડાં થોડાં પુસ્તકો નિયમ પ્રમાણે આપવા તજવીજ કરવી, જેથી વધારે માણસોમાં પુસ્તકનો ફેલાવો થઈ શકે.

૬ ત્રિમાહી પત્રકો જેમના તરફથી ન આવ્યાં હોય તેમણે વેળાસર મોકલી આપવાં.

૭ હજુ ભણીને ભૂલી ન જાય એ ઉદ્દેશસર શાળામાંથી ઉઠી ગયેલાં પછાત કોમનાં તથા બીજાં બાળકોની યાદી શાળા તેમ જ પુસ્તકાલયના દફ્તરે રાખવા ઠર્યું છે તે બાબત અમલ થવા મંત્રીઓનું અને રા. મહાલ શાળાધિકારી સા. નું ધ્યાન ખેંચવામાં આવે છે.

વડોદરા,
તા. ૯-૧૨-'૪૩

પુ. ત્રિ. શાહ

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક

મધ્યવર્તી પુસ્તકાલય સાર્વજનિક પુસ્તકાલય શાખા

સૂચના નં. ૧૫ સને '૪૩-૪૪

વિષય

લોકમદદ વેળાસર મોકલવા બાબત

આથી વડોદરા રાજ્યની મદદ મેળવતાં સાર્વજનિક પુસ્તકાલયોના મંત્રીઓને વિનતિ કરવામાં આવે છે કે તેમણે લોકમદદ તેમ જ કાયમનિધિની રકમ જે તે સ્થળે તાત્કાલિક જમા કરાવવી.

ચાલુ સાલે કેટલાંક પુસ્તકાલયોએ મોટાં દૈનિક પત્રો વાંચવા માટે મોટી રકમનાં અંદાજો બનાવ્યાં છે. પરંતુ સ્થળ, પરિસ્થિતિ અને નાણાની સવડનો વિચાર કરીં જે તે અંદાજો મંજૂર થયાં છે. તેમ છતાં એમ લાગે છે કે સરકાર પંચાયતની મદદ કરતાં વધારે રકમની લોકોએ માગણી કરી છે. એટલે સને ૧૯૪૪ના જાન્યુઆરી સુધીમાં જેમની મદદ પુસ્તકાલય સ. સ. મંડળમાં આવી ગઇ હશે તેમને પોતાના અંદાજની પુરેપુરી રકમ મળશે. ત્યાર પછીની જે મદદ આવશે તેને સવડ હશે તો મદદ મળશે તે જાણવું. અંદાજપત્રો મંજૂર કરી મોકલવાનું કામ ચાલુ છે. કેટલાંક મકાનવાળાં, અને મોટાં અંદાજવાળાં પુસ્તકાલયો અંદાજના ટકાવારીના ધોરણને ભૂલી જઈ અંદાજો બનાવે છે અને તે મંજૂર થવા માટે દુરાગ્રહ સેવે છે. તેમને ખાસ વિનતિ છે કે પોતાનું અંદાજ પાછું મળે તો ટકાવારીના ધોરણે બનાવી મોકલે અને પુસ્તકાલયના કામમાં સંગીન સુધારો કરી લોકમદદ પૂરેપૂરી ઉઘરાવી દફ્તરે જમા કરે અને તેવી મદદ ઉઘરાવી પોતાના રોજમેળે જમા છે, એવી જાહેરાત અમારા તરફ કરે, જેથી તેમનાં વર્તમાનપત્રો, સામયિકો ઠરેલા ધોરણે શરૂ કરવાની અડચણ ન આવે.

વડોદરા,
તા. ૨-૧૨-૪૩

પુ. ત્રિ. શાહ

ઉ. મો. પટેલ
મદદ. વ્યવસ્થાપક

સૂચના નં. ૧૬ સને '૪૩-૪૪

વિષય

ઊઠી ગયેલાં બાળકોમાં વાચનપ્રચાર વધારવા બાબત

અક્ષરજ્ઞાન મેળવી પ્રજા પાછળથી નિરક્ષર ન બને અને મેળવેલું જ્ઞાન તાજું રહે એવા ખાસ હેતુથી વડોદરા રાજ્યનાં સાર્વજનિક પુસ્તકાલયો લોકો માટે સ્થપાયલાં છે.

છેલ્લાં દશ વર્ષથી ભણેલું ભૂલી ન જાય એ હેતુથી ગામડાંનાં સાર્વજનિક પુસ્તકાલયના મંત્રીઓને ગુજરાતી શાળાના મુખ્ય શિક્ષકોએ પોતાની શાળામાંથી વર્ગ ૪ અને તે ઉપરાંતનાં અભ્યાસ કરી ઊઠી ગયેલાં બાળકોની યાદીઓ પૂરી પાડવાની નીતિ ઠરાવેલી છે. છતા હજુ ઊઠી ગયેલાં બાળકોમા જોઇતો વાચનપ્રચાર થતો નથી અને તેમા મોટે ભાગે ગરીબ વિદ્યાર્થીઓ તેથી વંચિત રહે છે. આનું મુખ્ય કારણ શાળાના શિક્ષકોની અપૂર્ણ યાદીઓ અને તે પૂર્ણ કરાવી લેવાની પુસ્તકાલયના કાર્યકરોની ઢીલ એ છે.

પુસ્તકાલયના કાર્યકરો શાળાશિક્ષકો અને ગામડાના આગેવાનો છે. તેમને શું આ સંસ્કારપ્રવૃત્તિ નથી ગમતી કે જેથી થોડો સરખો હાથ લંબાવવાની પ્રચારનીતિને ભૂલી જતા લાગે છે ? આપણાં બાકુંઓ નિશાળમાં ભણીને ફરી અભણ થાય એ પુસ્તકાલયના કામ કરનારાને ઝાંખપ નથી લગાડતી ?

આવી યાદીઓ રાખવાનું કહ્યું છે, વાચકોનું રજીસ્ટર રાખવાનું કહ્યું છે છતાં નિરીક્ષકો જ્યારે ગામ પર જાય છે ત્યારે તેઓને તપાસ કરતાં જણાય છે કે ગ્રંથપાલ કે મંત્રી આવી હકીકત રજૂ કરી શકતા નથી અને છતાં એવાં પુસ્તકાલયનું અંદાજ બહુ મોટી રકમનું બને છે.

પુસ્તકાલયની વાચનપ્રચાર કરવાની ઘણી યોજનાઓ આપણે "પુસ્તકાલય" માસિક દ્વારા જાણીએ છીએ છતાં આપણી શાળામાં તેમાંનો મોટો ભાગ ગરીબ અને પુસ્તકાલયમાં આવતાં અચકાતો હોવાના કારણે પુસ્તકાલયથી વંચિત રહે એ તમને શોભે ખરું ?

પુસ્તકાલયપ્રવૃત્તિના સ્થાનિક કાર્યકરોએ સમગ્ર ગામની ભણેલી પ્રજાને ઉપયોગી સાહિત્ય પૂરું ન પાડે તો તે પાછળ થતો ખર્ચ નિરર્થક નિવડે.

પુસ્તકાલયપ્રવૃત્તિ દ્વારા જે સમૂહ વર્તમાનપત્ર વાંચે છે તે પણ ઘણો થોડો છે. તો ભવિષ્યમાં એનું વાચન વધે એ હેતુએ પણ ઊઠી ગયેલાં બાળકોમાં વાચનપ્રચાર વધારવાની ખાસ જરૂર છે.

જેથી તમામ પુસ્તકાલયોના મંત્રીઓને જણાવવામાં આવે છે કે ઊઠી ગયેલાં બાળકોની યાદી દરેક શાળાના મુખ્ય શિક્ષક પાસેથી અવશ્ય મેળવવી. અને તેવી યાદી ન મળે તો તે અમારી મારફત મંગાવી લેવી. અને તે બાળકોમાં વર્ષમાં બે ત્રણ વખત તેમને ગમતાં પુસ્તકોની આપ-લે કરવી.

વડોદરા,
તા. ૨-૧૨-૪૩

પુ. ત્રિ. શાહ

ઉ. મો. પટેલ
મદદ. વ્યવસ્થાપક.

પુ. સ. સ. મંડળ લિ.

જાહેરાત નં. ૧ સને ૧૯૪૩-૪૪

વિષય : ટ્રસ્ટ ફંડોના વહીવટ અંગે મંડળે લેવાના મહેનતાણા બાબત

પુસ્તકાલય સ. સ. મંડળ લિમિટેડ અત્યાર અગાઉ ૪૭ ટ્રસ્ટ ફંડો સ્વીકાર્યાં છે. તેના વહીવટ અંગે મંડળને દર વર્ષે પત્રવ્યવહાર કરવો પડે છે, તેમજ વ્યાજ વસુલ મેળવી દરેક ટ્રસ્ટ ફંડના જુદા જુદા હિસાબો રાખી દર વર્ષે વાર્ષિક રિપોર્ટ સાથે પ્રસિદ્ધ કરવાનું કરેલું છે. વળી ટ્રસ્ટ ફંડોની સંખ્યા ઉત્તરોત્તર વધતી જાય છે. સારાસારનો વિચાર કરી મંડળના વ્યવસ્થાપક મંડળે ઠરાવ નં. ૨૨ તા. ૨૭-૧૧-૪૩ થી ઠરાવ્યું છે કે આ અગાઉ મંડળે સ્વીકારેલાં અને હવે પછી નવાં સોંપાનારાં ટ્રસ્ટ ફંડોના વાર્ષિક ચોખ્ખા ઉત્પન્નમાંથી જે તે ટ્રસ્ટ ખાતેથી મંડળના વહીવટી ખર્ચ માટે મંડળે મહેનતાણું અને ખર્ચના મળીને સવા ૭ ટકા લેવાનું નક્કી કર્યું છે. સામતાવળગતા સૌ મંત્રી ભાઇઓએ આ બાબત નોંધ લેવા વિનંતિ છે.

વડોદરા,
તા. ૨-૧૨-૪૩

વા. ના. અમીન,
મંત્રી : પુ. સ. સ. મંડળ લિ.,

પુસ્તકાલય

પુસ્તક ૧૮ મું

[જાન્યુઆરીથી ડિસેમ્બર ૧૯૪૩]

લેખોની અનુક્રમણિકા

અઢારમે વર્ષે
તંત્રીસ્થાનેથી ૧
અધોગામી સાહિત્ય ૩૬૨–૬૪
અમારું પુસ્તકાલય (કાવ્ય)
શ્રી. મધુકર ૧૩૮
અવતરણ
શ્રી. ધૂમકેતુ ૩૨૫
અશ્લીલ પુસ્તકો
શ્રી. ભાનુકુમાર જૈન ૧૪૬
અશ્લીલ સાહિત્ય વેચનારાઓ સાવધાન ૩૬૧–૪
આગામી સાહિત્ય પરિષદ સંમેલન
તંત્રીસ્થાનેથી ૪૩૩
આગામી ભલેટ માટે વિચારવા જેવું
તંત્રીસ્થાનેથી ૨૪૧
આપણાં સા. પુસ્તકાલયોની લોકમદદ
તંત્રસ્થાનેથી ૫૦
આમજનતાનું સાહિત્ય
તંત્રીસ્થાનેથી ૩૮૧
એ પ્રથા અટકાવો
તંત્રીસ્થાનેથી ૧૨૪
એક નવા પત્રકનો પરિચય : ગ્રંથપાલની હાથવહી
શ્રી. હર્ષદરાય કનૈયાલાલ દેસાઇ ૯૩
ઓગણીસો તેંતાલીના વર્ષની કાર્યદિશા
શ્રી. મનુભાલ ઠ મહેતા ૪૮
કડી મહાલ ૬ઠ્ઠી પુ પરિષદ ૯
કડી મહાલ પુ. પરિષદ ૭મું સંમેલન ૪૫૬
,, ,, ના પ્રમુખશ્રીનું ભાષણ
શ્રી. દા. ગો. માલસે ૪૮૭
કવિશ્રી ઉમાશંકર જોષી અને તેમની કૃતિઓ
શ્રી. તખ્તસિંહ પરમાર ૮૪
કાકા સાહેબ (શ્રી.) કાલેલકર અને એમનાં સર્જનો
શ્રી. મહનજી નાયાલાલ કામદાર ૨૪૯
કામરેજ મહાલ પુ. મંડળની સભા ૨૧૪
કાયમનિધિ અને તેનું ઉત્પન્ન
શ્રી. ઝવેરભાઇ મો. પટેલ ૧૮૦
ગરીબ બિચારો લેખક
શ્રી. જી. એન. આચાર્ય ૪૬૪
ગાંધી–જ્ઞાનચક્ર
શ્રી. હિંમતલાલ મ પટેલ ૩૬૦
ગુજરાતી પુસ્તકપ્રકાશકો અને વિક્રેતાઓનું મંડળ
તંત્રીસ્થાનેથી ૨૦૧
ગુજરાતી ભાષાનાં શ્રેષ્ઠ પુસ્તકો
શ્રી. ડુંગરસી ધ. સંપટ ૨૪૮
ગ્રામ વાચક મંડળ
શ્રી. મનુભાલ ઠ. મહેતા ૬૬
ગ્રામ વાચક મંડળની વાચન પ્રગતિ ૧૬૨
ચન્દ્રવદન મહેતા (શ્રી.) અને એમનાં સર્જનો
શ્રી. તખ્તસિંહ પરમાર ૪૪૦
જૂનાં જીર્ણ થતાં પુસ્તકો નવાં વસાવો ૧૬૩
તર્પણ
શ્રી. ન. હ. વ્યાસ ૫૭
તમે કોઇને પુસ્તકો વાંચવા આપો છો ?
શ્રી. છો. મા. કામદાર ૨૬૦

લેપોત્સવીનું સાહિત્યદર્શન ૪૬૩
શ્રી. રસિક
દૃષ્ટિપરિવર્તન (ટૂંકી વાર્તા)
શ્રી. રણછોડલાલ ત્રિવેદી ૨૯૭
ધૂમકેતુ (શ્રી) અને એમનાં સર્જનો
શ્રી. તખ્તસિંહ પરમાર ૨૦૬
નવા વર્ષે પુસ્તકાલયોના કાર્યકર્તાઓને
એક વિનંતિ
શ્રી. ઉમેદભાઇ મો. પટેલ ૨૫૨
નવીન ફાલ ૧૮, ૧૦૨, ૧૪૬, ૧૭૯, ૨૨૭, ૨૬૪, ૩૦૮, ૩૩૯, ૪૨૦, ૪૬૬
પધારો, સાહિત્ય પરિષદ !
તંત્રીસ્થાનેથી ૪૭૯
પર્વણીદિન
શ્રી. ના. નં. ચોકસી ૨૩
પુસ્તકખરીદીમાં એક ભ્રમ
શ્રી. ચાંપશી વિ. ઉદેશી ૧૭૧
પુસ્તક પરિચય ૧૩, ૫૯, ૯૯, ૧૪૧, ૧૮૪, ૨૧૪, ૨૫૫, ૩૦૪, ૪૧૩, ૪૫૭, ૫૦૪.
શ્રી. મ. પ્ર. વ્યાસ, 'અ-દ્રષ્ટા', ના. નં., ચુ. પુ. શાહ, રા. સો. પટેલ, ચા. ના. અમીન
અચલા ૨૫૮, અજબ દુનિયા ૨૬૧, અનાજનો સવાલ ૪૧૬, અભિમાન ૬૧, આપણો ધર્મ ૬૧, આમપાલી ૨૬૦, આપણું હિન્દુસ્તાન ૨૬૨, આરોગ્ય અને ખોરાક ૫૦૪, આધુનિક આકાશવાણી-રેડિયો ૬૨, આપણે આંગણે લટનારાં ૨૧૭, આપણી ગ્રામસંસ્થાઓ ૧૪૧, અંબાલાલભાઇ (હિ. બ. જીવનદર્શન) ૩૦૬, ઓસરતો રુપિયો ૧૪૩, ઇતિહાસની રૂપરેખા ૪૧૪, ઇસપનીતિકથામાળા ૫૦૬, ઉપનિષદ્‌નાં ૧૪ રત્નો ૧૮૫, ઊઘડતી આંખ ૪૧૮, ઊર્મિલા ૪૬૧, કસ્યાણી ૧૬, કાંઠાનાં માણસો ૪૬૨, કુંવરબાઇનું મામેરું ૪૫૭, કિશોર સાહિત્યમાળા ચોથી ૧ લી ૫૦૬, કેતકીરાણી ૨૧૫, ક્રાન્તિની ઝાલરી ૧૪૨, ક્રાન્ત કવિ ૧૪૪, ખાદીની માદિની અને ખેતીસુધારણા ૧૦, ખેતીની જમીન ૧૮૮, ગાંધીજીને જગત્‌ના ૪૧૩, Gandhi in India ૪૧૫, ગુજરાતના ઐતિહાસિક લેખો ૨૫૫, ગુજરાતની ગઝલો ૫૦૫, ઘરની રાણી ૪૧૩, ચિત્રાંગદા ૨૧૯ ચાંદની ૧૬, ચૂંટેલાં ફૂલ ગુચ્છ ૧ લો ૧૮૮, ચંદા ૧૦૧, ચોરાની વાતો ૬૦, જગતના અરણ્યમાં ૨૧૮, જમા અને ઉધારની કળા ૪૧૧, જિગર અને અમી ૨૫૯, જીવનનાં વમળ ૨૬૦, જીવનસખી ૫૦૮, તત્ત્વચિંતામણિ ૧૮૪, તંદુરસ્તીના રક્ષકો ૩૦૬, તાન્યા ૪૧૬, તું કોણ ? ૫૦૫, દત્ત અને પરશુરામ ૧૮૬, દવાનો છેલ્લો ઘૂંટડો ૫૦૭, દશમસ્કંધ ૨૨૧, દિગ્દર્શન ૧૮૭, દિવાસ્વપ્ન ૧૮૮, દિલના ડંખ ૧૪૨, દીઠું મેં ગામડું જ્યાં ૫૦૬, દુર્ગારામ મહેતાજી અને બીજાં નાટકો ૨૫૮, દુનિયાની દુઃખાથી દૂર ૧૫, દીપોત્સવી અંકો ૪૬૩, દેશવટો ૪૫૬, દ્વિરેફની વાતો ભા. ૧ લો ૪૬૪, ધરતીનો બાળમેળો ૧૬, ધ્વન્યભિલાષ ૨૬૧, ધીમુ અને વિમા ૫૦૭, નયના ૪૬૨, નીહારેખા ૧૪૨, ૨૨૨, નવનૈવેદ્ય ૧૦૦, Non Violence in Peace & War ૧૩, પરબની પાણી ૪૧૬, ૪૬૦, પરાગ ૧૮૮, પગદંડીને પંથે : લોકસાહિત્ય ૧૦૦, પલટાતા નકશા ૨૧૬, પારિભાષિક જ્ઞાનકોષ ભા. ૧ લો ૧૪૪, પિરામિડની છાયામાં ૩૦૫, પરણ્યા પછી ભા. ૩ જો ૪૬૨, પુરાણનાં પાત્રો ૧૬, પ્રણય અને પરિણય ૩૦૪, પ્રાણીપાઠો ૪૫૬, પ્રેમપ્રતિષ્ઠા ૪૬૦, પ્રથમ આપાઠ ૫૧૦, Falling Rupee (The) ૫૬, ફુવારા ૫૦૮, બાગવાન ૫૬, બાપુજીનાં પારણાં ૨૬૨, બાલજીવન હાસ્યવિનોદમાળા ૫૧૦, બાલમંજરી ૨૧૫, બાલશિક્ષા ૧૮૫, બંગાળી જીવન અને સાહિત્ય ૪૫૭, બિન્દુ ૩૦૭, બ્રહ્મદેશ ૧૫, ભગિની ૨૬૨, ભવિષ્યવાણી ૧૮૬, ભાત ભાતનું ભરતકામ ૨૧૬, મરીચિકા ૩૦૫, મનુનાં મુક્તકો ૨૧૮, માનવદેવો ૧૪૩, મોક્ષદા ૧૦૧, રત્નારણ ૬૦, રાધેશ્યામ ૪૧૫, રૂપાનો ઘંટ, ૧૦૧, ઋણમુક્તિ ૨૨૦, ઋતુઓના રંગ ૪૫૮, લગ્નસાધના ૨૧૨, લીલાં સૂકાં પાન ૨૨૦, વડોદરા ૪૧૪, વનસ્પતિપાઠો ૪૫૮, વાણિયાની વાતો ૨૧૫, વિસર્જન ૪૬૧, વિજ્ઞાનની વાટે ૧૮૭, વરણોડો ૩૦૪, વારસદાર ૨૬૭, વિસર્જન ૪૬૧, Women & Social Injustice ૧૪, વીજળીના આંચકો લાગે ત્યારે થતી અસર અને તેના ઉપચારો ૧૬, વીજળીની પરીક્ષાના પ્રશ્નોત્તરો ૬૨, વીર વનરાજ

રાજ ૧૪, વ્યાયામ જ્ઞાનકોષ–ખંડ બીજો ૯૯, શારદ્વાણી ૧૭, શિવાજી છત્રપતિ ૧૮૫, શરીર સામુદ્રિક ૧૮૬, શ્રીમતી સીતા ૧૪૫, શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ ૫૧૧, સમ્રાટ પ્રિયદર્શી ૨૫૬, સાચી દેશાભિમાની નીતિ ૪૧૭, સંસારમાં સુખ કયાં છે ? ૫૦૬, સંસારમા સ્વર્ગ ૧૩, સોનિયેટ શક્તિ ૪૧૬, સીધાં ચઢાણ ૨૧૫, સુખી થવાનો માર્ગ અથવા સ્ત્રીધર્મશિક્ષા ૧૮૪, સુરમા ૩૦૭, સુવર્ણમૃગ ૩૦૬, સૂરત ૪૧૪, સૂર્ય, શરીરવિજ્ઞાન અને પ્રાણાયામ ૫૦૭, સ્મરણયાત્રા ૪૫૮, સંવેદના ૨૧૬, Speeches by V. T. Krishnamachari ૧૦૦, સ્વ. હિ. બ. અંબાલાલ સાકરલાલ દેસાઇનાં ભાષણો અને લેખો ૧૪, સૃષ્ટિનું જ્ઞાન ૨૬૨.

પુસ્તકાલયોને સ્થાનિક સંસ્થાઓની મદદ
તંત્રીસ્થાનેથી ૮૩

પુસ્તકાલયમાંથી પુસ્તકોની ચોરી
શ્રી. ભુપેન્દ્રનાથ બેનરજી ૬, ૬૩

પુસ્તકાલય પર્વણી ઉત્સવ ૧૦૬

પુ. સ. સ. મંડળ લિ. ની વા. સભામાં પસાર થયેલા ઠરાવો ૩૬૬–૧

પુ. સ. સ. મંડળના ૧૬મા વર્ષનો અહેવાલ ૩૪૧

પુ. સ. સ. મંડળને મળેલું નવું ટ્રસ્ટ ફંડ ૨૭૦

પુસ્તકાલયોની મૂક વાણી
શ્રી. ઇમેદભાઈ મો. પટેલ ૩૩૫

પુસ્તકાલય નોંધ ૨૫, ૬૩, ૧૦૪, ૧૪૭, ૧૬૦, ૨૨૪, ૨૬૭, ૩૧૧, ૩૪૦, ૪૨૧, ૪૬૮

પુસ્તકાલયો અને હાલની અસાધારણ પરિસ્થિતિ
શ્રી. ઇમેદભાઈ મો. પટેલ ૧૮૩

પુસ્તકાલયોની તપાસણી
શ્રી. ના. મં. ચોકસી ૧૦૩, ૨૬૫, ૩૦૬, ૩૩૪, ૪૨૨

પ્રમાણપત્ર માટેની પરીક્ષાનું પરિણામ
શ્રી. ના. મં. ચોકસી ૧૫૨

પ્રાંત અને કસ્બા પુસ્તકાલયોની દેખીતી ખોટ
શ્રી ઉ. મો. પટેલ ૧૨૮

પ્રાંત પુ. મંડળોની વા. સભા–હેવાલો ૪૪૮

"પ્ર." (શ્રી.)
શ્રી. રણછોડજી પરાગજી મહેતા ૨૦

ફરતાં પુસ્તકાલયોની એક સક્રિય યોજના ૫૫

બૃહદ્ ગુજરાત : કરાંચીનાં પુસ્તકાલયો ૧૭૪
શ્રી. હુંગરસી ધ. સંપટ ૧૭૪

ભારતીય ભાષાઓનું આધુનિક સાહિત્ય
શ્રી. હુંગરશી ધ. સંપટ ૩૩૨, ૩૮૭

ભક્ત પુસ્તકાલયના ફાયદા
શ્રી. ભોગીલાલ અમૃતલાલ ઝવેરી ૩૦૩

મહાલ મંડળની ફાળવણી ૬૫, ૧૫૧

માસિકો મળ્યા તારીખ ૩૧૦, ૪૧૬

મૃત પંડિતોની સાથે
શ્રી. વામનપ્રસાદ અં. ભટ્ટ ૨૫૧

મુદ્રણમયનું બિટનનું વાચન
શ્રી. છો. મા. કામદાર ૩૦૨

મુદ્રણમયના છાપકામની ફૅશન
શ્રી. છો. મા. કામદાર ૪૬૮

લેખક–તંત્રીનો ગજઆઠ
શ્રી. અગ્નિકુમાર ૪૬૦

વ. રા. પુ. મંડળની વાર્ષિક સભા ૩૬૬–૩

વ. રા. પુ. મંડળનો ૧૯૪૨–૪૩નો અહેવાલ ૩૬૭

વ. રા. પુ. મંડળની જાહેરાત ૧૫૪, ૧૬૩, ૨૭૧, ૩૪૦–૨

વ. રા. શિક્ષક પરિષદ મુલતવી ૨૫

વસો પુસ્તકાલયની વિવિધ પ્રવૃત્તિઓ
શ્રી. ચંદુલાલ ના. મિસ્ત્રી ૧૩૧

વાચનતરંગ (લાવણ્ય)
શ્રી. "રવિ" ૧૬૭

(ચીન જાપાન યાત્રા)– ૧૭૭

વિદ્યાર્થીઓના વાચન માટે
શ્રી. નંદલાલ પુ. નિર્વેદી ૨૧૬

વ્યસની ટોળી (મા. વા. મંડળ)
શ્રી. 'રવિ' ૨૧૧
શિષ્ટ વાચન પરીક્ષાનો પ્રશ્નપત્ર
ના. નં. ચોકસી ૬૪
શિષ્ટ વાચનની ૨૩ મી પરીક્ષાનું પરિણામ સહિત નિવેદન
શ્રી. ના. નં. ચોકસી ૧૦૮
સન ૧૯૪૨–૪૩નો પુ. શિક્ષણવર્ગ ૩૧૨, ૩૧૬
સમૃદ્ધ જીવન
શ્રી. ચં. દિ. વાઘનીસ ૪૯૫
સાહિત્ય અને સંસ્કૃતિનાં વહેણ ૧૯, ૩૪૦–૧, ૪૨૩
સાહિત્ય પરિષદ પત્રિકાને જીવંત રાખો–
તંત્રીસ્થાનેથી ૩૯
સાહિત્ય અને આમજનતા
શ્રી. પ્ર. કે. અત્રે ૪૪
સાહિત્યસૃષ્ટિનું અવનવું
શ્રી. છો. મા. કામદાર ૭, ૪૧, ૮૮, ૧૨૫, ૧૬૪, ૨૦૭, ૨૪૪, ૨૮૭, ૩૨૬, ૩૮૨, ૪૩૫, ૪૮૨
સાહિત્યિક અપહરણો માટેનું સ્વાતંત્ર્ય
શ્રી. મુકુન્દરાય છ. પંડ્યા ૨૬૩
હાનિકારક જાહેરાતો અને પત્રકારોની શુભનિષ્ઠ ફરજ
—તંત્રીસ્થાનેથી ૨૮૬
હિંદ વિષેનાં અંગ્રેજી પુસ્તકો
છો. મા. કામદાર ૨૪૬
હિંદી, બંગાળી અને ગુજરાતી મહારાષ્ટ્રી
શ્રી. હુંગરસી ધ. સંપટ ૨૬૮
હું કોણ છું ?
શ્રી. શંભુભાઈ માધવલાલ રાવળયોગી ૨૮૬
જ્ઞાનમંદિર (કાવ્ય)
શ્રી. વ્રજલાલ છ. જોષી ૫૮

લેખકોની અનુક્રમણિકા

" અગ્નિકુમાર "
લેખકતંત્રીનો ગજગ્રાહ ૪૬૦
અંબાલાલ સાકરલાલ દેસાઈ (દિ. બ. શ્રી.)
આમજનતાનું સાહિત્ય ૩૮૧
શ્રી. ઉમેદભાઈ મે. પટેલ
આપણાં સા. પુસ્તકાલયોની લોકમદદ ૫૦
પ્રાંત અને કસ્બા પુસ્તકાલયોની દેખીતી ખોટ ૧૨૮
કાયમનિધિ અને તેનું ઉત્પન્ન ૧૮૦
પુસ્તકાલયો અને હાલની અસાધારણ પરિસ્થિતિ ૧૮૩
નવા વર્ષે પુસ્તકાલયોના કાર્યકરોને એક વિનંતિ ૨૫૨
પુસ્તકાલયોની મૂક વાણી ૩૩૫
શ્રી કૃષ્ણલાલ ર. ત્રિવેદી
દૃષ્ટિપરિવર્તન (ટૂંકી વાર્તા) ૨૬૭
શ્રી. ચંદુલાલ ના. મિસ્ત્રી
વસો પુસ્તકાલયની વિવિધ પ્રવૃત્તિઓ ૧૩૧
શ્રી. ચાંપશીભાઈ વિ. ઉદેશી
પુસ્તકખરીદીમાં એક ભ્રમ ૧૭૧
શ્રી. છોટાલાલ માનસિંગ કામદાર
સાહિત્યસૃષ્ટિનું અવનવું ૩, ૪૧, ૮૮, ૧૨૫, ૧૬૪, ૨૦૩, ૨૪૪, ૨૮૭, ૩૨૬, ૩૮૨, ૪૩૫, ૪૮૨
પુસ્તકાલયમાંથી પુસ્તકોની ચોરી ૧
તમે કોઇને પુસ્તકો વાંચવા આપો છો ? ૨૬૦
યુદ્ધસમયનું બ્રિટનનું વાચન ૩૦૨
યુદ્ધ સમયના છાપકામની કિંમત ૪૮૬
શ્રી. જાદવજી નાથાલાલ કામદાર
શ્રી. કાકાસાહેબ કાલેલકર અને એમનાં સન્માનો ૨૪૬

શ્રી. જી. એન. આચાર્ય
ગરીબ બિચારો લેખક ૪૬૪

શ્રી. ડુંગરસી ધરમસી સંપટ
ગુજરાતી ભાષાનાં શ્રેષ્ઠ પુસ્તકો ૨૪૮
હિંદી, બંગાળી અને ગુજરાતી, મહારાષ્ટ્રી ૨૬૮
ભારતીય ભાષાઓનું આધુનિક સાહિત્ય ૩૩૨

તખ્તસિંહ ભ્હેરાભાઇ પરમાર
શ્રી. ધૂમકેતુ અને એમના સર્જનો ૨૦૬
શ્રી. ચન્દ્રવદન મહેતા અને એમનાં સર્જનો ૪૪૦

તંત્રીસ્થાનેથી
અઢારમે વર્ષે ૧
સાહિત્ય પરિષદ પત્રિકાને જીવંત રાખો ૩૬
પુસ્તકાલયોને સ્થા. સંસ્થાઓની મદદ ૮૪
એ પ્રથા અટકાવો. ૧૨૪
નૂતનાં જીર્ણ થતાં પુસ્તકોનાંનવાં વસાવો. ૧૬૩
ગુ. પુસ્તક પ્રકાશકો અને વિક્રેતાઓનું મંડળ ૨૦૧
આગામી બજેટ માટે વિચારવા જેવું ૨૪૧
જ્ઞાનિકારક જાહેરાતો અને પત્રકારોની શુભનિષ્ઠ ફરજ ૨૮૬
આગામી સાહિત્ય પરિષદ સંમેલન ૪૩૭
પધારો ! સાહિત્ય પરિષદ ! ૪૭૯

શ્રી. ન્યં. હિ. વાકનીસ
સમૃદ્ધ જીવન ૪૬૫

શ્રી. દા. ગો. ભાલસે
કડી મહાલ પુ. પરિષદમાં ભાષણ ૪૮૭

શ્રી. ધૂમકેતુ
અવતરણ ૩૨૫

શ્રી. ન. હ. વ્યાસ
તર્પણ ૫૭

શ્રી. નંદલાલ પુરુષોત્તમ ત્રિવેદી
વિદ્યાર્થીઓના વાચન માટે ૨૧૩

શ્રી. ના. નં. ચોકસી
પર્વણીદિન ૨૩
પુસ્તકાલયોની તપાસણી ૧૦૩, ૨૬૫, ૩૦૯, ૩૩૪, ૪૨૨
પ્રમાણપત્ર માટેની પરીક્ષાનું પરિણામ ૧૫૨
શિક્ષવાચન પરીક્ષાનો પ્રશ્નપત્ર ૬૪
શિક્ષ વાચનની પરીક્ષાનું પરિણામ સહિત નિવેદન ૧૦૮

શ્રી. ભાનુકુમાર જૈન
અશ્લીલ પુસ્તકો ૧૩૬

શ્રી. ભોગીલાલ અમરતલાલ ઝવેરી
મફત ફરતા પુસ્તકાલયના ફાયદા ૩૦૩

શ્રી. મધુકર
અમારું પુસ્તકાલય (કાવ્ય) ૧૩૮

શ્રી. મુકુન્દરાય છ. પંડ્યા
સાહિત્યિક અપહરણો માટેનું સ્વાતંત્ર્ય ૨૬૫

" રવિ "
વાચનતરંગ (લાવણ્ય) ૧૩૭
(ચીન જાપાન યાત્રા) ૧૭૭

વ્રજલાલ છ. જોષી
જ્ઞાનમંદિરે (કાવ્ય) ૫૮

વ્રજલાલ દ. મહેતા
૧૯૪૩ ના વર્ષની કાર્યદિશા ૪૮
ગ્રામવાચક મંડળ ૯૬

શ્રી. વામનપ્રસાદ ચં. ભટ્ટ
મૃત પંડિતોની સાથે ૨૫૧

શ્રી. શંભુભાઈ માધવલાલ રાવળયોગી
હું કોણ છું ? ૨૮૬

શ્રી. હર્ષદ કનૈયાલાલ દેસાઇ
એક નવા પત્રકનો પરિચયઃ ગ્રંથપાલની હાથવહી ૯૩

શ્રી. હિંગતલાલ મ. પટેલ
ગાંધી-જ્ઞાન-ચક્ર ૩૬૦

સામયિક દોહન (લેખવાર)

અમારો પંથ (કાવ્ય)
કવિ ' કોલક ' ૨૮૪

અળખામણો ઉનાળો
શ્રી. રમણલાલ અં. ભટ્ટ ૨૩૩

અનંત મહાસાગરમાં ઊંડે પહોંચવા
હામ ભીડનાર : ડૉ. પીકાર્ડ ૪૭૩

અમારા દૂર છે આરા (કાવ્ય)
શ્રી. " પ્ર. " ૩૮

આજની અનાજઆંધીનો સરળ ઉકેલ
શ્રી. ભા. કા. ભાટે ૪૩૧

આપણા રાજ્યનો અનાજપ્રશ્ન
ને. ના. દીવાન સા. ૪૩૦

આપણી કેટલીક નાગરિક ફરજો
શ્રી. મણિલાલ પ્ર. વ્યાસ ૪૭૬

આપણું બાલસાહિત્ય
શ્રી. હિંમતલાલ ચુ. શાહ ૨૭૮

એક કાળી કન્યાનું સફળ સ્વપ્નું ૨૮૨

એક વીર પિતાનો વારસો ૨૨૮

ઓરડો ઓઢીને બેઠેલાં
' પ્રવાસી ' ૧૯૪

ઓ ભારત મા કે ગાંધી
કવિ શ્રી. પ્રદીપજી ૧૧૧

ઓળખાણ ઓછી કરો.
શ્રી. " ભારદ્વાજ " ૧૧૮

કન્જેડાંનાં ભોગ બનતાં બાળકો
શ્રી. " પ્રે. " ૨૨૬

કલાકારનો વિશિષ્ટ અધિકાર
શ્રી. ક. મા. મુનશી ૧૯૫

કળાની ગળથૂથી
શ્રી. ર. મ. રા. ૩૧૯

ક્રિશ્ચિયન કોલ્ડ અને એની લોકશાળા
શ્રી. નાનાભાઈ ૩૨

ગામડાનું ભૂષણ થોર (હાથલિયો) ૪૨૬

ઘોંઘાટ : એક અબોધ હથિયાર ૧૧૬

ચીનની અર્વાચીન વિદ્યાપીઠ ૪૭૨

છાશવંતુ ૧૫૬

જનતાના કવિને ૨૭૬

જરા પાછું વાળીને જુઓ
શ્રી. ' શાલિગ્રામ ' ૩૧૭

જ્યોર્જ વૉશિંગ્ટનનાં સોનેરી સૂત્રો ૨૭૩

થશે નહીં મેટ્રોક બાપુ (કટાક્ષ-કાવ્ય)
શ્રી. માણેકલાલ હ. સરિત્ ૨૭૫

નોકરોના દોહ્યલા દા'ડા
શ્રી. માણેકલાલ હ. સરિત્ ૪૨૧

પાટણની પૂર્ણિમા
કવિ શ્રી. નહાનાલાલ ૪૭૧

પાછલી રાતનું અજવાળિયું
શ્રી. " શાલિગ્રામ " ૨૨૭

પુસ્તકસંગ્રહ
સ્વ. આનંદશંકર બા. ધ્રુવ ૧૯૭

ફૂલેલો રૂપિયો ૭૬

બાળક બાળક વચ્ચેના ઉછેરમાં ભેદ ન પાડો
શ્રી. જયસુખ ગાંધી ૧૧૨

બ્રતચારી
શ્રી. સૌદામિની મહેતા ૮૦

ભારતીય સંસ્કૃતિનો સંરક્ષક
શ્રી. કનૈયાલાલ મા. મુનશી ૨૬

ભાવનિમજનને સફળતા કયારે મળી શકે ?
શ્રી. ક. મા. મુનશી ૨૩૧

ભીષણ તપસ્વી
શ્રી. મહાદેવ હ. દેસાઈ ૨૭

ભૂતકાળનું ભવ્ય અમદાવાદ ૩૨૧

મનુષ્ય રડે છે શા માટે ? ૩૦

મહાભારત કારંજ કરવા
શ્રી ન્હાનાલાલ દ. કવિ (કાવ્ય) ૧૧૧
માનવીના આદર્શ ઘડનાર સાહિત્યનું જીવનમાં સ્થાન ૭૪
મિથ્યા કાળક્ષેપ
ડૉ. હરિપ્રસાદ દેસાઇ ૭૫
યુવક કેવો હોય ?
શ્રી. ચન્દ્રવદન ચૂ. શાહ ૨૮૩
લોકરુચિના પારખુ : સાક્ષર શ્રી. રમણલાલ દેસાઇ ૨૮૧
વહેંચીને ખાઓ
શ્રી. ડાહ્યાભાઇ મ. પટેલ ૪૬૯
વિષમ જ્વર-ટાઇફોઇડ ફેલાવાનાં કારણો
શ્રી. ચં. મા. દિવે ૪૨૭
સત્સંગ કરો ૭૩
સંસ્કૃતિની સર્જકઃ ગરમી
શ્રી અરુણ મહેતા ૩૪
સાચી ધર્મભાવના
શ્રી. ગ ગો. મુ. ૭૬
સાક્ષરશ્રી કુંગરસી ધરમસી સંપટ ૧૫૭
સુરતનો વીર નાગુદોઃ રતનચંદ
શ્રી. ગુણવંતરાય આચાર્ય ૧૬૧
સોમવાર ૧૫૫
સ્વચ્છ દાંત : સારી તંદુરસ્તી
શ્રી. હેમુભાઇ ૩૧૮
હાલતું ચાલતું વિશ્વવિદ્યાલય ૪૨૪
હું કવિ
કવિ બાબુલાલ હિરાલાલ ૨૩૯

સામયિક દોહન (લેખકવાર)

શ્રી. અરુણ મહેતા
સંસ્કૃતિની સર્જકઃ ગરમી ૩૪
શ્રી. આનંદશંકર બા. ધ્રુવ
પુસ્તકસંગ્રહ ૧૯૭
શ્રી. ગ. ગો. મુ.
સાચી ધર્મભાવના ૭૬
શ્રી. ગુણવંતરાય આચાર્ય
સુરતનો વીર નાગુદો રતનચંદ ૧૬૧
શ્રી. ચંદ્રવદન ચૂ. શાહ
યુવક કેવો હોય ? ૨૮૩
શ્રી. ચં. મા. દિવે
વિષમજ્વર-ટાઇફોઇડ ફેલાવાનાં કારણો ૪૨૭
શ્રી. કનૈયાલાલ મા. મુનશી
ભારતીય સંસ્કૃતિનો સંરક્ષક ૨૬
કલાકારનો વિશિષ્ટ અધિકાર ૧૬૫
ભાવનિયમનને સફળતા કયારે મળી શકે ? ૨૩૧
શ્રી. કોલક
અમારો પંથ (કાવ્ય) ૨૮૪
શ્રી. ડાહ્યાભાઈ મ. પટેલ
વહેંચીને ખાઓ ૪૬૯
શ્રી. નાનાભાઇ
ક્રિશ્ચિયન કોલ્ડ અને એની લોકશાળાઓ ૩૨
શ્રી. ન્હાનાલાલ દ. કવિ
પાટણની પૂર્ણિમા ૪૭૧
મહાભારત કારંજ કરવા (કાવ્ય) ૧૧૧
શ્રી. " પ્ર. "
અમારા દૂર છે આરા ૩૮
શ્રી. પ્રદીપ્રજી
ઓ ભારત મા કે ગાંધી ૧૧૧
શ્રી. પ્રવાસી
ઓરડા ઓઢી બેઠેલાં. ૧૬૪
શ્રી. " પ્રે. "
કલેડાંનાં લોગ ગતર્તાં બાળકો ૨૨૬
શ્રી. બાબુલાલ કવિ
હું કવિ... ૨૩૯

શ્રી. ભારદ્વાજ
ઓળખાણ ઓછી કરો. ૧૧૮

શ્રી. ભા. કા. ભાટે
આજની અનાજ આંધીનો સરળ હકેલ ૪૩૧

શ્રી. મણિલાલ પ્ર. વ્યાસ
આપણી કેટલીક નાગરિક ફરજો ૪૭૬

શ્રી. મહાદેવભાઈ હ. દેસાઈ
ભીષ્મ તપશ્ચર્યા ૨૭

શ્રી. મંગળદાસ ભાઈદાસ દલાલ
સાક્ષર શ્રી. કુંવરજી ધ. સંપટ ૧૫૭

શ્રી. માણેકલાલ હ. સરિત્
યશો નહીં મેટ્રીક બાપુ (રંગ્ય) ૨૭૫
નોકરોના દોલવા દાંડા (હાસ્ય) ૪૨૬

શ્રી. રમણલાલ અં. ભટ્ટ
અણખામણો ઉનાળો ૨૩૩

શ્રી. ર. મ. રા.
કળાની ગળથૂથી ૩૬૬

શ્રી. " શાલિગ્રામ "
જરા પાછું વાળીને જુઓ ૩૧૭
પાછલી રાતનું અજવાળિયું ૨૨૭

શ્રી. સૌદામિની મહેતા
બ્રહ્મચારી ૮૭

શ્રી. હરિપ્રસાદ દેસાઈ (ડૉ.)
મિથ્યા કાલક્ષેપ ૭૫

શ્રી. હેમુભાઈ
સ્વચ્છ દાંતઃ સારી તંદુરસ્તી ૩૧૮

શ્રી. હિંમતલાલ ચુ. શાહ
આપણું બાલસાહિત્ય ૨૬૮

અનુક્રમણિકા

	લેખક	પૃષ્ઠ
પધારો ! સાહિત્ય પરિષદ !	—તંત્રીસ્થાનેથી	૪૭૬
સાહિત્યસૃષ્ટિનું અવનવું	શ્રી. છોટાલાલ માનસિંગ કામદાર	૪૮૨
૬ઠ્ઠી મહાલ પુ. પરિષદના પ્રમુખશ્રીનું ભાષણ.	શ્રી. દા. ગો. માલસે	૪૮૭
યુદ્ધસમયના છાપકામની ફૅશન	શ્રી. છોટાલાલ મા. કામદાર	૪૯૮
લેખક-તંત્રીનો ગજગ્રાહ	શ્રી. " અગ્નિકુમાર "... ...	૪૯૦
મરીળ ગિયારો લેખક...	શ્રી. કં. ઓન. આચાર્ય ...	૪૯૪
સમૃદ્ધ સ્વજન...	શ્રી. ગ્ય. દિ. લાકનીસ ...	૪૯૫
પુસ્તક પરિચય	શ્રી. મ. પ્ર. વ્યાસ, " ના. " ...	૫૦૪
નવીન ફાલ		૫૧૩
પુસ્તકાલય નોંધ		૫૨૩



परित्राणाय साधूनां विनाशायच दुष्कृताम्।
धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे॥

"For the protection of the good,
for the destruction of the wicked
and for the establishment of the Law
I am born from age to age."

THE COMING OF THE LORD IS AN ACCOMPLISHED FACT

Read the details in

The PROMISED DAY IS COME

BY

SHOGHI EFFENDI

AVAILABLE AT ALL LEADING BOOK STALLS
OR FROM
MR. MANI H. M. MEHTA.
Nishi Home Apollo Street BOMBAY 1

વિક્રમની વીસમી સદીની

છેલ્લી ચાદગીરી

શ્રી લક્ષ્મી મહોર

અને

વસાવવા યોગ્ય નવાં ગ્રંથરત્નો

જાણીતી પ્રકાશક પેઢી મેસર્સ એન. એમ. ઠક્કરની કંપની (મુંબઈ ૨.) તરફથી ચાલુ યુદ્ધકાલ દરમ્યાન સખ્ત મોંઘવારી છતાં પુસ્તકોનું પ્રકાશનકાર્ય ચાલુ જ રહેવા પામ્યું છે તે આનંદની વાત છે. આ કંપની દ્વારા વિક્રમ સંવત ૨૦૦૦ એ હજારની યાદ વંશપરંપરા દરેક ઘરમાં જળવાઈ રહે તેમ જ લક્ષ્મીવૃદ્ધિની શુભેચ્છાના ચિહ્ન તરીકે ભેટ આપી શકાય તેવી **શ્રી લક્ષ્મીમહોર** જેની કિંમત માત્ર રૂા. ૧) એક [વી. પી. ખર્ચ પાંચ આના] છે તે આપવામાં આવેલ છે. ઉપરાંત સંદેશ પ્રકાશન મંદિરનું પ્રથમ પુષ્પ **જીવનસખી** [રૂ. ૪ા માં વી. પી. ખર્ચ ૧૦ આના] **ઘરની રાણી** [રૂા. ૬ાા વી. પી. ખર્ચ ૧૨ આના] **સંસ્કારલક્ષ્મી** [રૂા. ૬ાા વી. પી. ૧૨ આના] આ ત્રણે ગ્રંથો ખાસ ધ્યાન ખેંચે તેવા છે. એ ત્રણે ગ્રંથોના કર્તા સાક્ષર શ્રી કુંવરસી ધરમશી સંપટ છે. આ ત્રણે પુસ્તકો ગૃહઉપયોગી–નિરનિરાળા વિષયના અને એક એકથી સામગ્રી, ચિત્રો ને રૂપરંગમાં ચઢી જાય એવા છે. આ ત્રણ ગ્રંથો શ્રી. કનુ દેસાઇ ચિત્રીત સુંદર, કળામય ત્રિરંગી બોકસમાં હોવાથી ભેટમાં પણ આપી શકાય છે. મહાત્મા ગાંધીજીને દુનિયાના પ્રસિદ્ધ પુરુષો તરફથી જે અંજલિઓ અપાઈ હતી તે પુસ્તકરૂપે **ગાંધીજીને જગવંદના** એ નામથી આ કંપની દ્વારા મળે છે. ગાંધીજીના છેલ્લા બે ફોટાવાળું આ પુસ્તક ગાંધીજીને ચાહનારાઓએ તુરત વસાવી લેવું જોઈએ. (કીંમત ૨–૧૨–૦ વી. પી. છ આના છે) આ પુસ્તકોએ લોકોનો અપૂર્વ આવ મેળવી લીધો છે. આ ઉપરાંત જન્મ તારીખ ઉપરથી ભવિષ્ય

'સળંગ પૃથ્વીમાં લખાએલ આ કાવ્યમાં કવિ કેટલાયે ગામડાંનાં પ્રકૃતિચિત્રો બડાં કરે છે; મિલ્ટનના ' પેરેડાઇઝ લૉસ્ટ ' જેવી ઉપમાઓ પણ આવે છે ને પ્રથમથી છેલ્લે સુધી એકધારા પ્રવાહમાં વાચકને ખેંચી રાખે છે.

આ બન્ને કાવ્યસંગ્રહોમાં કવિનો પ્રકૃતિપ્રેમ અછતો રહેતો નથી. એમને તક મળે ત્યારે સુંદર પ્રકૃતિચિત્રો આપવાનું એ ચૂકતા નથી. એમની પ્રકૃતિની ભાવના જ એમની પોતીકી છે. એ ' યમલ 'માં કહે છેઃ

" ખરે, જગ વિષે સદા પ્રકૃતિ એક સાચો ગુરુ "

' ગ્રહાકાવ્યો 'માં લીધેલ ' કંચનજંઘા 'માં તો સોનેરે સોનેરે રમણીય પ્રકૃતિચિત્ર મળી આવે છે. એક દાખલોઃ

" સમય મંદ ગતિ થઇ હાંફતો, અવનિ વેગ ધરી કૂદડી ફરે,
દિવસ રાખ થઇ ક્ષણી જતો, ગગન ગોદ મહીં પછી નિંદરે. "

હીરો રતનને શહેરમાં યાદ નથી કરતો એ પ્રસંગે કવિ કહે છેઃ

" અને દિવસ આખરે, ક્ષિતિજ પાળની મધ્યમાં
મનોહર સુરમ્ય રંગ ધરી દિવ્ય સન્ધ્યાતણી
ઊભેલ શુભ મૂર્તિને પલકમાં ત્યજીને નિશા
રહે ભલપતી સદા ઝગમગાટમાં એકલી
ત્યજી સ્મરણથી ખરે રતનને હીરાએ હવે
નિશા જયમ નચિંતથી મધુર સન્ધ્યામૂર્તિ ત્યજે. "

નાટકો :

ગુજરાતનું નાટકસાહિત્ય સંતોષજનક નથી એમ સર્વે કબૂલે છે. એનો ઉત્કર્ષ કરવાના શ્રી. રણછોડભાઇ ઉદયરામથી માંડી અનેકોએ પ્રયાસ કર્યો, ને પોતાનો કાંઇ કાંઇ ફાળો આપ્યો. એ બધામાં શ્રી. ચન્દ્રવદનનું સ્થાન વિશિષ્ટ છે.

એકાંકી નાટકો લખવાનું શરૂ કર્યું હોય ભલે શ્રી. બટુભાઈ ઉમરવાડિયાએ, ને એને વેગ ભલે આપ્યો હોય શ્રી. કનૈયાલાલ મુનશીએ; પણ એને લોકપ્રિય કરનાર તો છે, શ્રી. ચન્દ્રવદન. એમણે અનેક એકાંકી નાટકો લખ્યાં છે. એમાંનાં મંથરથ તો થોડાંજ થયાં છે. ને આજે એકાંકી લખવાનો અને ભજવવાનો જે પ્રયાસ થાય છે એ શ્રી. ચન્દ્રવદનની મહેનતને ઘણે અંશે આભારી છે, એમ કહીએ તો અત્યોક્તિ નહિ ગણાય.

એમનાં પ્રસિદ્ધ થએલ નાટકોમાં એમણે અનેકવિધ પ્રયોગો કર્યા છે. રસ લ્યો કે વસ્તુ, પાત્રો લ્યો કે શૈલીઃ દરેકદરેક વિષયનાં એમણે નવાં જ પ્રમાણ આદર્યાં છે. રસની દૃષ્ટિએ જોઇએ તો એમણે 'આગગાડી' 'સન્ધ્યાકાળ' ને 'આરાધના' જેવાં કરુણ નાટકો લખ્યાં છે; 'પ્રેમનું મોતી', 'વરવહુ' ને 'આણલદે' ને 'નાગાબાવા' (શા માટે નહિ) જેવાં શુદ્ધ પ્રેમનાં નાટકો લખ્યાં છે; હાસ્યરસમાં તો એ સિદ્ધહસ્ત હોય તેમ ' ધારાસભા ', ' દેડકાંની પાંચ શેરી ', ' લગનગાળો ' ' વળે તાંતરિયો ' જેવાં નાટકો લખ્યાં છે. અને પેટ પકડીને હસાવે એવું ફારસ રસનું 'મૂગી સ્ત્રી' પણ લખ્યું છે. ને બાળકોને આનંદ આપે એવા પણ ઊંડા તત્ત્વજ્ઞાનથી ભરપૂર 'રમકડાંની દુકાન' અને 'સંતાકૂકડી' જેવાં નાટકો પણ એમણે લખ્યાં છે.

વિષય ને શૈલીની દૃષ્ટિએ પણ એમનાં નાટકોમાં એકતાનતા માલૂમ નહિ પડે. એમના મૂળ પ્રસિદ્ધ થઇ ગએલ 'આગગાડી' નાટકનો વિષય આગવાળાઓના જીવનનો અને ખરું કહીએ તો 'આગગાડી'ના નોકરોનો, એમાં રહેલ સગાનો ચિતાર આપવાનો પ્રયત્ન થયો છે. આ નાટકની વાસ્તવિકતાનો પુરાવો ગોતવા જવો પડે એમ નથી. ડ્રાઇવરો તેમ જ ગોરા સાહેબોને હાથે ખમવી પડતી હાલાકી, બાબરજી કુટુંબ પર વીતતા પ્રસંગો પરથી લેખકે

બતાવી છે. સાહેબ લોકોને નાતાલની રજા હોવાથી ડ્યુટી પરથી આવીને તરત જ માંદા હોવા છતાં બાધરજીને ફરીથી ડ્યુટી પર જવું પડે છે ને પરિણામ મોતમાં આવે છે. આ નાટકમાં ઘેરો કરુણ છે એ રૂપી પર બળાત્કાર કરવા ઇચ્છતા જેન્સના જુલમ, નારણને પડતો માર, પંખાવાળાની નોકરીમાંથી વિદાય, ગર્વનરો આવે તે પ્રસંગે કડકડતી ઠંડીમાં માત્ર બે ચાર આનામાં પરાણે લઈ જવામાં આવતો નારણ, એનું મૃત્યુ, એની ગાયનું મૃત્યુ ને છેવટે માંદા બાધરજી કે નારણને જોવા આવવા માટે ડૉકટરનો ઇન્કાર-આ બધા પ્રસંગો વાચકના મન પર ઘેરી કરુણા છાઈ દે છે.

અને આ નાટકના પ્રવેશને અંતે કોઈ ભદ્રિક પાત્રના ' કૉલ બૉય ' તરફ ક્રોધથી નિષ્પન્ન થતો હાસ્યરસ; બીજા અંકના ત્રીજા પ્રવેશનાં સ્ટેશનમાં એકત્રિત થએલ શંભુમેળાનો આનંદ અને વહોરા, પારસી, કાઠિયાવાડી આદિની બોલીઓથી નિષ્પન્ન થતો હાસ્યરસ આ કરુણાને ઘેરી બનાવવામાં ખૂબ મદદ કરે છે.

ગુજરાતનાં નાટકોમાં પ્રથમ વાર જ આ નાટકમાં તળપદી ભાષા સબળ રીતે રજૂ થઈ છે. પાત્રોચિત ભાષાનો નિયમ શ્રી. ચન્દ્રવદન જેવો કુશળ નાટકકાર કેમ ભૂલે ? અને આ બોલીબોદોએ તો આ કરુણરસના નાટકમાં હાસ્ય નિષ્પન્ન કરાવી પ્રેક્ષકોને-વાચકોને રાહત આપી છે-પછી એ બોલી બાધરજી કુટુંબની હોય, લૈયાજીની હોય, પારસીની હોય, વહોરાની હોય, કાઠિયાવાડીની હોય, વાણિયાની હોય કે ઢેઢઅંગ્રેજી બોલતા-અંગ્રેજી ગુજરાતીના મિશ્રણવાળી જેન્સ કે સ્ટેનલીની હોય.

"આગગાડી"માં એમણે રેલવે-જીવન યથાતથ્ય નિરૂપ્યું તો "નાગા બાવા" હિંદની મહાન થઈ પડેલ ભિખારી કોમની વાસ્તવિકતા આલેખવા, એમના જીવનધબકારા રજૂ કરવા લેખક તત્પર થયા છે. ' છાંટો દયા ' નામની પ્રસ્તાવનામાં લેખક કુશળતાપૂર્વક સાબીત કરે છે કે એ ભિખારીઓ કરતાં સમાજમાં પ્રતિષ્ઠિત રીતે ફરતા ગૃહસ્થો મોટા ભિખારીઓ છે. ભિખારીઓની સાથે લેખકે ભટકીને આપણને આ નાટક આપ્યું છે. આમાં સાજ્જતાજ્જ હોવા છતાં ભીખ માગવા માટે ભિખારી શું શું તરકીબો કરે છે તેનો ખ્યાલ લેખકે આપ્યો છે. અને ભિખારીઓનાં માળિયાંના મિત્રો તો જીવંત છે.

આ માળિયાનો ઉપરી ' બદ્રેખાં મુર્ધાચોર ' છે. એણે આમાંથી સારા પૈસા પેદા કર્યા છે, એની મુરાદ પોતાની પુત્રી ગોપીને નગરશેઠના દીકરા તિલકકુમાર સાથે પરણાવી સમાજ સામે વેર વાળવાની છે. એનો મદદનીશ માધવ તિલક તો મહંતનો પુત્ર છે એમ જણાવે છે ત્યારે એનું હૃદય ભાંગી જાય છે. આમ આ નાટક કરુણાંત જેવું લાગે, પણ માધવ અને ગોપી લગ્ન કરી એ માળિયાને વિસ્તૃત રીતે વિકસાવવા પ્રયત્ન કરવાનો નિશ્ચય કરે છે, એટલે એ સુખાંત બને છે.

આમાં ભિખારીઓની જમાતનો અચ્છો પરિચય આપણને મળે છે. પાત્રેપાત્ર જીવંત છે ભિખારીઓમાં પણ પ્રેમલગ્નો થાય છે, એ માળિયાનાં દફ્તરો વાંચવાથી જણાઈ આવે છે.

આ બે વાસ્તવિક નાટકોના પડખે "રમકડાંની દુકાન" કે ' સાંતાક્રુઝની ' મૂકીએ તો લેખક માત્ર વાસ્તવિકતાના પૂજારી નથી, એ ભાવનાવાદી પણ છે એમ સાબીત થાય છે,

" રમકડાંની દુકાન " પ્રખ્યાત રશિયન નાચનારી આના પાવલોવાના નૃત્ય જોયા પછીથી લખાયું છે એમ લેખક પોતે પ્રસ્તાવનામાં નોંધે છે. કૌમુદીમાં " ઓનાપરી " નામે એ નૃત્ય પરનો વિવેચન લેખ પણ એમણે લખ્યો છે. આ નાટકનું વાતાવરણ રંગદર્શી છે. એને " Fairy play " પણ કહી શકાય.

હુસેન ચાચા પાસે અનેક પ્રકારનાં રમકડાં હતાં, પણ ધનપાળ શેઠની શોભાને તો નાચતી ગાતી જાદુઈ ઢીંગલી ગમે છે. હુસેન ચાચાનો બાળપ્રેમી સ્વભાવ શોભાને ગમી જાય છે. એ લોભી પિતા પાસે જાદુઇ ઢીંગલીની માગણી કરે છે, પણ એની કિંમત શેઠ આપી શકે એમ નથી એટલે એને ફૂગા અપાવે છે; પણ શોભાને તો ઢીંગલી સ્વપ્નમાં આવે છે, એ નાચે છે, ગાય છે; સમાજવાદી વિચારસરણીવાળું નાટક બતાવે છે. શોભાનું મન તો ઢીંગલીમાં જ છે, છેવટે શેઠ એને હુસેન ચાચાની દુકાને લઇ જાય છે. તે ઢીંગલી વિનામૂલ્ય આપે છે, બધાં રમકડાં બાળકોને વહેંચી દઇ પોતે મફત હજ્જ કરવા જાય છે.

આ નાટકનું વસ્તુ નવું, સંવાદો નવી જ તરેહના,

" મારે માથે ભર્યાં રૂપેરી માંડવા,
તારાના તેજઘોઘ નીતરે સહાય. "

જેવા કલ્પનાસભર ગીતો ને સુંદર પાત્રાલેખન નાટકને ખૂબ આકર્ષક બનાવે છે.

" સંતાકૂકડી " ટાગોરના ' ડાક-ઘર ' પરથી પ્રેરિત-અનુવાદ નહિ કે અનુકરણ નહિ, આ નાટકમાં " રમકડાંની દુકાનની " જેમ બાલમાનસનો પરિચય અપાયો છે; સાથોસાથ આજની કેળવણી પર એમાં પ્રહારો થયા છે. બાળકને ન ગમતું હોય તો પણ શાળાએ ધસડી જવું, ત્યાં ન જાય તો માર મારવો; એને ન ગમતા વિષયો શીખવવા વગેરે પર લેખકે ટીકા કરી છે. ને એને મનગમતું શિક્ષણ અપાવું જોઇએ; એના માનસને મુક્તપણે વિહરવા દેવું જોઇએ એવું પ્રતિપાદિત કર્યું છે.

આ નાટકમાં મોરાર દાદા અને દીપકનાં પાત્ર લક્ષ ખેંચે છે. ભૂતપૂર્વ કેળવણીકાર મોંચી અને બાળક દીપકને શાળાએ ધસડી જનારને વારતો; એને વાર્તાઓ દ્વારા કેળવણી આપતો; ગીતો ગાતો, ને રમકડાં બનાવતાં શીખવતો. બીજું બાળકોને પણ દીપક જેવા થવું ગમે છે એ તો બધાં ' એક્કો સંતાકૂકડી આજે ' એ ગીત ગાય છે ત્યારે જણાય છે.

પરીક્ષાપદ્ધતિની અસર બાલમાનસ પર કેવી થાય છે એ દીપકની માંદગીથી અને પદ્ધતિ સુધર્યા પછી મોરાર દાદાની સમજાવટથી આવેલ એની સ્ફૂર્તિથી સ્ફુટ થાય છે.

આ નાટકનાં ગીતો પણ ખૂબ મજાનાં છે. બાળકોને ફરી ફરીને ગાવાં ગમે એવાં છે.

" નર્મદ "ને નાટકમાં રજૂ કરી, નર્મદજીવનના મુખ્ય મુખ્ય પ્રસંગો એમણે વણી લીધા છે. એની આયોજનકલા વળી અવનવી છે; સંસ્કૃત નાટકોની પેઠે આ નાટકને પ્રસ્તાવના છે. ને ' આગગાડી 'ના લેખક ચન્દ્રવદનનું આ નાટક છે, એમ સંસ્કૃત નાટકોની પ્રસ્તાવના માફક લખ્યું છે. વિશેષ નવીનતા એ છે કે લેખક પોતે જ આ નાટકના એક પાત્ર છે, અને નર્મદ જીવનના સમાજને અણુગમતા પ્રસંગો વખતે પોતે આવી રફેટ કરે છે કે આ તો નર્મદના પોતાના જ શબ્દોમાં કહેવું છે. મારું

પોતાનું ઉમેરેલું કાંઈ નથી વગેરે. લેખક નાટકમાં કહે છે તેમ, આખું નાટક લગભગ નર્મદનાં લખાણો પરથી જ ચોળ્યું છે. આ નાટકમાં જાંગલો અગત્યનો ભાગ ભજવે છે. જે ભાગ તખ્તા પર ન ભજવવાનો હોય તેનું વર્ણન જાંગલો કરી જાય છે ને હવે શું બનશે એ વિશે પણ એ ચર્ચા કરે છે ને ડાંડીયો વગાડી લોકોમાં જાહેર કરે છે. આ તેમ જ પુરુષોને કૂટવાનો પ્રસંગ નાટકમાં હાસ્યરસ પૂરો પાડે છે, તો નર્મદે નોકરી સ્વીકારી તે પ્રસંગ કરુણ રસમાં પ્રેક્ષકોને તરબોળ કરી દે એવો છે. નર્મદને અપાએલ અનેક અંજલિઓમાં આ એક વિશિષ્ટ તેમ જ ઉત્તમ અંજલિ છે એમાં સંશય નથી.

નર્મદજીવનની જેમ કવિએ અખાનું જીવન પણ નાટકમાં વણી લેવા પ્રયત્ન કર્યો છે. ' **અખો, વરવહુ, અને બીજાં નાટકો** ' એ નાટકમાં પ્રચલિત મતોને અવલંબીને જ વસ્તુગૂંથન થયું છે. અખાના જીવનના પ્રસિદ્ધ પ્રસંગોનું એમાં સુરેખ નિરૂપણ છે. ' **આરાધના** ' કલાવિષયક નાટક છે, ને કેટલાક પૈસાદારો કલાકાર હોવાનો દંભ કરી, કલાના આશ્રયદાતા બનવાના પોકળ પ્રયાસો કરી સાચા કલાકારને કેવા હેરાન કરે છે તેનું ચિત્ર આમાં આપ્યું છે. દંશકકુમાર પૈસાદાર છે. એના કલાભવનમાં શિલ્પી, કવિ, ચિત્રકાર, ફિલ્મસ્ટ વગેરે આવી કલાની આરાધના કરે છે. શિલ્પ, કાવ્ય કે ચિત્રોના ખરા સર્જક તરંગને એ બંધ ઓરડામાં પૂરી એની કૃતિઓ આણી દે છે–એને લગતી ચર્ચાપ્રસંગે લેખક ફિલ્મસ્ટ પાસે પોતાનાં કલાવિષયક મંતવ્યો બોલાવે છે. તરંગને માથે સ્વપ્નામાં સરસ્વતીએ અર્પેલ મુગટ એ કલાદેવીના ચરણમાં ધરે છે–ઊર્મિ પણ એની સહાયે છે–એના મૃત્યુ પછી દંશકકુમારના કલામંદિરમાં એકઠા થતા કલાકારો કાંઇ સર્જન કરી શકતા નથી. તરંગની કલાઝંખના બહુ જ કાવ્યમય ને આર્જવપૂર્ણ ભાષામાં વ્યક્ત થઇ છે.

' **આણલદે** ' મેઘાણીની ' શેતુંજીને તીર ' નામે નવલિકામાંથી વસ્તુ લઇને લખાયું છે. થંભીને પાછી આપનારને પરણેલા પતિ સાથે રહેવા છતાં સતીત્વ જાળવનારને પ્રિયતમા પાછી આપવા આવેલ ઢોલરાને પોતાની બેન આપનાર દેવરાને આણલદેની આ રોમાન્ટિક પ્રણયકથા છે.

' **સન્ધ્યાકાળ** ' કરણ રાજા ધોરાની ગુફામાં રહી ગૂજરાતના સ્વાતંત્ર્ય માટે લડતો લડતો મૂઓ, એ માન્યતાએ આ નાટક લખ્યું છે. દેવળદેવી ને શંકરદેવનો પ્રેમ, કરણનો પોતાને બગાડનાર શંકરિયા પર ક્રોધ, મૂંજણ વગેરે રાજપૂતોની છેલ્લે સુધીની વફાદારીનો પ્રસંગ આ બધા પ્રસંગો લેખકે કુશળતાથી રજૂ કર્યો છે.

' ઘડી ભર ' રૂપક છે તો ' ઇલ્વલ-ઇલ્વલા ' ભાઇબહેનનો પ્રેમ દર્શાવતી ' ન ભજવી શકાય એવી નાટિકા ' છે.' ' વરવધૂ 'માં પરિણીત યુગલો પુષ્કર-ઉત્કલા અને વામન-અંજનીને એકબીજા પ્રત્યે પ્રેમ નથી, ઉત્કલા અને અંજની પોતપોતાને પિયર જાય છે ત્યારે પ્રિયતમો તે-વામન અને પુષ્કરને મેળવી લે છે ને માબાપે કરેલી ભૂલ સુધારી સાસરે જતાં નથી. નાનાં છોકરાં ઢીંગલા ઢીંગલે રમે એવું આ નથી લાગતું ?

' **પ્રેમનું મોતી અને બીજાં નાટકો** 'માં આઠ નાટકો છે. ' પ્રેમનું મોતી '

Pearl tree પરથી લખાયેલ છે, તેમાં કૃષ્ણે રાધા પાસે મોતી માગ્યું એ તેણે ન આપ્યું. આવેલ અહંકારથી જસોદા પાસેથી માગેલ મોતીનું થએલ ઝાડ એ જોઈ શકી નહિ, અહંકાર ઊતરતાં એને કૃષ્ણ મળ્યો ને એના પ્રેમના મોતીની અધિકતર કિંમત છે એમ સમજાયું. નાટકની રંગભોજના, ગૂંથણી, વાર્તાલાપ વગેરે ખૂબ ચમકદાર હોઈને કાવ્યમય છે.

'ઘટમાળ'માં ભર્તૃહરિના '**यां चिंतयामि सततं मयि सा विरक्ता**' વાળા શ્લોકની યાદ આપતા હોય તેમ લેખક કુસમમાં એકની પાછળ બીજા અને બીજાની પાછળ ત્રીજો એમ ભમતાં એક નહિ બે નહિ પણ આઠ આઠ જોડાં બતાવે છે. તેમાંથી માધુ અને મીઠી, ને કવિ-ગોરા જ ગંભીર છે. આમાં હાસ્યની માત્રા વધી ગઇ હોય એમ લાગે છે!

'**દેડકાની પાંચશેરી**'માં જીવંત સાક્ષરોને પાત્ર તરીકે લઈ તેમની વિશિષ્ટ શૈલીમાં એમની વચ્ચે સંવાદો યોજી હાસ્ય નિષ્પન્ન કરવાનો લેખકે પ્રયત્ન કર્યો છે અને તેમાં તે ખૂબ સફળ થયા છે. એમનો આવો જ બીજો પ્રયોગ '**વળો તાંતરીઓ**' નામે છે.

'**ધારાસભા**' એમનું ખૂબ લોકપ્રિય થઈ પડેલું અને વિદ્યાર્થીઓમાં ખૂબ ભજવાતું નાટક છે. આમાં બંધારણવાદ ઉપર ચર્ચા કરી, મિનીસ્ટર સાહેબના ભાણેજને કાંટો વાગે છે તેના માટે સમિતિઓ યોજી, અહેવાલો વાંચી, એનો બંધારણીય રીતે નિકાલ લાવવા, કલોરોફોર્મ વધારે પ્રમાણમાં આપવાના પરિણામે ભાણો મરી જાય છે, ત્યારે રતનશા કહે છેઃ "મને તો અસંતોષ એટલો જ છે કે એ બંધારણપૂરવક નહિ ગુજર્યો" આમ બંધારણવાદીઓના માનસ પર ટીકા કરી છે. આ નાટકમાં 'આગગાડી' માફક લેખકે પારસી, વહોરા વગેરેની બોલી દ્વારા હાસ્ય નિષ્પન્ન કરવાનો પ્રયત્ન કર્યો છે.

'**લગનગાળો**' પ્રહસન લગ્નની હાંસી કરતું નાટક છે, તો 'ત્રિયારાજ'માં સ્ત્રીઓ પુરુષોને કેવી સજા કરે તે વાંચી આપણને હસવું આવે છે. (સ્ત્રીબોધનાં ૧૦૦૧માં અંકમાં શ્રીમતી હંસા મહેતાએ '૧૦૦૦ વર્ષ પછી' આ વિષયને લગતું નાટક લખ્યું છે. તે સરખામણી માટે જોવું ઠીક પડશે.) '**સનાતનધર્મ**'માં અસ્પૃશ્યતાનો પ્રશ્ન છે. ભંગીનો ભાઈ ઉચ્ચ સમાજમાં હરેફરે છે, ત્યારે બીજો અસ્પૃશ્ય મનાય છે ને એકને પોતાનો જાન ગુમાવવો પડે છે. (જુઓ ઉમાશંકર જોષીનું 'ઢેડનો ઢેડભંગી'). 'કલ્યાણ'માં લેખકે એ નામના કાવ્યને નાટકમાં મૂકવા પ્રયત્ન કર્યો છે.

હવે એમનું ફારસ-રસનું નાટક '**મૂંગી સ્ત્રી**' જોઈએ. આ નાના એવા નાટકનું મૂળ વસ્તુ ગમે એનું હોય પણ એ રાબેલાસને નામે ચડયું છે, એના પરથી ફ્રાંસના મશહૂર મર્મવિદ્ આનાતોલ ફ્રાંસે "Dumb wife of cheapside." નામે નાટક લખ્યું છે, તેના પરથી કવિએ પારસી ગુજરાતીમાં આ નાટક રચ્યું છે.

પ્રસ્તાવનામાં લેખક ફારસ રસ માટે અને નાટકમાં રહેલી અતિશયોક્તિઓને ચાર્લી ચેપ્લીન, લોરેલ, હાર્ડી, તેમ જ મૂળ લેખકમાંથી દાખલા આપી વ્યાજબી ઠરાવે છે.

ખાનબહાદુર ખરશેદજી એક મૂંગી સ્ત્રીને પરણેલા છે એ વાત શીરીન ' સાપુરજી સકલાતવાળાના સોલીસીટર પોતાના દોસ્ત સોરાબજીને કરે છે, સોરાબજી પોતાના મિત્ર ડૉક્ટર બેબી ગ્રેક્ષોની ભલામણ કરે છે. એની દવાથી ધન બોલતી થાય છે, પણ બોલતી બંધ થતી જ નથી આથી ન્યાયાધીશ ગ્રેક્ષોના પ્રયોગથી બહેરા બની જાય છે. કોઈ કોઈનું સાંભળતું નથી. ને હસતાં રહેવાય નહિ એવું વાતાવરણ ખડું થાય છે.

ન્યાયાધીશની લાંબી પેન્સિલ, ગ્રેક્ષોના ઓપરેશન કરવાના કરવત વગેરે હથિયારોના વર્ણન થી જ હસવું આવે છે. નોકર જીવલો પણ અગત્યનું કાર્ય કરે છે. પારસી ભાષા ડારસને વધારે મદદ કરે છે.

આ નાટકનાં પાત્રો મૂળ કયાં પાત્રો પરથી લેવાયાં છે તે જાણવા માટે આપું છું. જીવલો-Matthew, ખરશેદજી-John Groat, સોરાબજી-Master Quill, ધન-Ann Groat.

શ્રી. ચન્દ્રવદનનાં નાટકોને ન્યાય આપવા તો વિસ્તૃત વિવેચનને અવકાશ છે.

નાટકોથી જ સંતોષ નહિ માનતાં, કાંઈક નવનવું કરી બતાવવાની વૃત્તિએ (કદાચ) ચન્દ્રવદને ' ખમા બાપુ ' નામની નવલકથા લખવાનો પ્રયાસ કર્યો છે. આ નવલકથામાં રજવાડાના ઝવાદાવા, રાજાઓનો વિષયોપભોગ, મદ્યપાન વગેરે બદીઓને ખૂબ ઘેરા રંગે લેખકે આમાં રજૂ કરી છે. આમાં રજૂ કરેલ વાતાવરણ જુગુપ્સા ઉત્પન્ન કરે છે. સંકલન પણ બરાબર નથી. શૈલી નૂતન પ્રકારની છે ખરી! આ નવલકથામાં પાત્રાલેખન કે વસ્તુગૂંથન ખામીભરેલાં છે.

અહીં એક પ્રશ્ન એ થાય છે કે ' ઇલાકાવ્યો ' અને ' રતન 'માં ભાઈબહેનમાં નિઃસ્વાર્થ પ્રેમના ગાનાર લેખકે ભાઈબહેનનો પતિ-પત્નીરૂપેનો પ્રેમ આ નવલકથામાં કેમ આલેખ્યો હશે ? હાલ ગુજરાતમાં પ્રચલિત થવા માંડેલ Neo-morality ની અસર તો એમના પર નહિ થઈ હોય ને ?

આમ શ્રી. ચન્દ્રવદન કવિ તેમ જ નાટકકાર તરીકે ગુજરાતી સાહિત્યમાં સારું અને નાટક સાહિત્યમાં તો સ્પૃહણીય સ્થાન ધરાવે છે. હમણાં હમણાં ' ઓલ ઇન્ડિયા રેડિયો 'ના ગુજરાતી વિભાગના વ્યવસ્થાપક બન્યા પછી એમની પાસેથી ' ખમા બાપુ ' સિવાય-એ પણ પહેલાનું લખેલ-ગૂજરાતને કાંઈ પણ મળ્યું નથી. ગૂજરાત એમની પાસેથી વાસ્તવવાદ અને ભાવનાવાદનો મેળ સાધનાર, રંગભૂમિ ઉપર પણ સફળતાથી ભજવી શકાય એવાં નાટકોની આશા રાખે છે; ' ખમા બાપુ ' જેવી નવલકથાઓની નહિ. ગુજરાતને નવલો લખનારા તો ક્રિસનસિંહ (ધરતીની પુત્રી) અને પારાશર્ય (ઊર્મિલા) જેવા મળી રહેશે. અને જ્યારે ધંધાદારી રંગભૂમિ પ્રત્યે એમને હવે પ્રથમ જેવી સૂગ રહી નથી ત્યારે આપણને એવાં નાટકો મળશે તો રંગભૂમિ-ઉદ્ધારના એમના પ્રયાસમાં એ કાંઈક તો સફળ થશે જ !

ચ. પ.

વડોદરા પ્રાંત પુસ્તકાલય મંડળની વાર્ષિક સભા

તા. ૨૬-૬-૪૩ ના રોજ સેન્ટ્રલ લાઇબ્રેરીમાં બપોરના એક વાગે પેટલાદની રાંજરત્ન મિલ્સના મેનેજર શ્રી. હરિવલ્લભદાસ ચુ. શાહના પ્રમુખપણા નીચે ભરવામાં આવી હતી. આ પ્રસંગે પુસ્તકાલય ખાતાના મદદનીશ વ્યવસ્થાપક શ્રી. ઉમેદભાઇ સા. તથા મહાલોમાંથી પ્રતિનિધિ તરીકે, વડોદરા મહાલમાંથી વરણામાના શ્રી. ચિમનભાઈ હ. અમીન, માણેજના શ્રી. છોટુભાઇ રા. પટેલ, પાદરા મહાલમાંથી રણુાછરાના શ્રી. ચતુરભાઇ ના. પટેલ, પેટલાદ મહાલમાંથી વસોના શ્રી. રામભાઈ કા. પટેલ, માણેજના શ્રી. જયશંકર મણિલાલ; સાવલી મહાલમાંથી બાજરીયાના શ્રી. મોહનલાલ હરજીવનદાસ; કરજણ મહાલમાંથી કરજણના શ્રી. મંગળભાઇ જે. પટેલ તથા શ્રી. શાંતિલાલ પી. શાહ, ડભોઇ મહાલમાંથી ડભોઇના શ્રી. ઝવેરભાઇ ખુ. પટેલ, ભીલાપુરના શ્રી. રતિલાલ ક. ત્રિવેદી; શિનોર મહાલમાંથી શિનોરના શ્રી. નટવરલાલ ગિ. શાહ, સંખેડા મહાલમાંથી હાંડોદના શ્રી. ગિરધરભાઇ ગોવિંદભાઇ વગેરે હાજર હતા.

આ સભામાં નીચે પ્રમાણે ઠરાવો થયા હતાઃ—

ઠરાવ ૧—સન ૪૨-૪૩ નું નિવેદન તથા હિસાબ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે.

ઠરાવ ૨—નવા વર્ષનું નીચે પ્રમાણે વ્ય. મંડળ નીમવામાં આવ્યુંઃ—

પ્રમુખઃ—શ્રી. હરિવલ્લભદાસ ચુ. શાહ, મંત્રીઃ—શ્રી. ચિમનભાઇ હ. અમીન

વ્ય. મં. ના સભ્યોઃ—શ્રી. શાન્તિલાલ પી. શાહ, શ્રી. ચતુરભાઇ ના. પટેલ, શ્રી. જયશંકર મ. ઠાકર, શ્રી. છોટાભાઇ રા. પટેલ, શ્રી. ઝવેરભાઇ ખુ. પટેલ, અને તે ઉપરાંત વડોદરા પ્રાંતમાંથી ચુંટાઇ આવેલા રા. પુ. મં. ના સભ્યો.

ઠરાવ ૩—સન ૪૩-૪૪ નું નીચે પ્રમાણે અંદાજ મંજૂર કરવામાં આવે છે.

જમા		ઉધાર	
૨૩-૩-૯	શિલક	૩૭૬- ૦-૦	પ્રાંત પ્રચારકનો ૯ માસનો પગાર, પ્રો. ફંડ, મુસાફરી ખર્ચ
૧૩૧-૧૩-૦	ફાળવણી	૧૫- ૦-૦	છપામણી
૨૬૬-૦-૦	રા. પુ. મં. ની મદદ	૧૫- ૦-૦	કંટીજન્ટ, સ્ટેશનરી
		૧૫- ૦-૦	મંત્રીનો પ્રવાસખર્ચ
૪૨૧- ૦-૯		૪૨૧- ૦-૦	

ઠરાવ ૪—સન ૪૩-૪૪ ના અંદાજમાં ખૂટતી રકમ રૂા. ૨૬૬-૦-૦ ની રા. પુ. મં. પાસે માગણી કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ ૫—હાલના પ્રસંગો જોતાં, પ્રાંત પરિષદ ભરવાનું મોકુફ રાખવાનું ઠરાવવામાં આવે છે અને મહાલ પરિષદો જ્યાં શક્ય હોય ત્યાં ભરવી એમ ઠરાવવામાં આવે છે.

ઠરાવ ૬—શિષ્ટ વાચનની પરીક્ષા (વિદ્યાર્થીઓ માટેની) દરેક મહાલ મંડળે લેવા આ સભા ઠરાવે છે.

ઠરાવ ૭—વડોદરા મહાલના કોઇ પણ ગામે, વડોદરા મહાલનો વર્ગ ભરવાનું ઠરાવવામાં આવે છે, અને તે પ્રમાણે રા. પુ. મં. ને જણાવવા મંત્રીને સત્તા આપવામાં આવે છે.

ઠરાવ ૮—પ્રાંત પુ. મંડળના પ્રમુખ તરીકે શ્રી. જયવતીબહેન દેસાઇએ, લાંબા સમય સુધી જે સેવા કરેલી છે તે બદલ આ સભા એમનો આભાર માને છે.

સન ૧૯૪૨-૪૩ નું નિવેદન

(૧) **મહાલ પુસ્તકાલય મંડળો**—વડોદરા પ્રાંતના અગિયારે મહાલોમાં મહાલ પુ. મંડળ રથપાઇ ચૂકયાં છે. અને તે દરેક કંઇ ને કંઇ કાર્ય કરતાં પણ થઇ ગયાં છે. આ વર્ષમાં તિલકવાડા મહાલ પુ. મંડળ સિવાયનાં તમામ મહાલ મંડળોએ પોતાની વાર્ષિક સભાઓ ભરી હતી તથા તમામ મહાલ મંડળોએ પોતાનું નિવેદન અને હિસાબ પણ અત્રે મોકલી આપ્યાં હતાં.

(૨) **જૂથ પુ. મંડળો**—વડોદરા પ્રાંતમાં ૧૫૫ જૂથ મંડળો છે. આમાંથી **વડોદરા મહાલમાં** બીલ, આસોજ; **સાવલી મહાલમાં** કેસર, વેગાર, વેજપુર; **પેટલાદ મહાલમાં** પેટલાદ, વસો, સોજીત્રા; **પાદરા મહાલમાં** સોખડા રાધુ, દરાપુરા; **શિનોર મહાલમાં** શિનોર; **સંખેડા મહાલમાં** કાસીન્દ્રા; **ભાદરણ મહાલમાં** ભાદરણ મળી કુલ ૧૫ જૂથ મંડળોએ પોતાના જૂથની વાર્ષિક સભાઓ ભરી તેનાં નિવેદનો અત્રે મોકલી આપ્યાં છે. બીજાં કેટલાંક જૂથ મંડળોએ સભાઓ ભરી હશે, પણ તેના અહેવાલ આવ્યા નહિ હોવાથી અમે તેની નોંધ લીધી નથી. જૂથ મંડળની જાગૃતિ કેટલા પ્રમાણમાં છે તે આ આંકડા ઉપરથી આપ સૌ કોઇને સારી પેઠે સમજાશે. જૂથ મંડળો જ્યાં સુધી બરાબર જાગ્રત ન થાય ત્યાં સુધી મહાલ મંડળોનું કાર્ય જોઇએ તેટલું દીપી નીકળવાનું નથી, જેથી જૂથ મંડળોને જાગ્રત કરવા મહાલ મંડળો ખાસ પ્રયત્ન કરશે એવી આશા છે.

(૩) **મહાલ પરિષદો**—આ વર્ષમાં મોંઘવારી તથા બીજી કેટલીક પ્રતિકૂળતાઓને કારણે એકેય મહાલમાં મહાલ પરિષદ ભરાઇ નથી. અને નવા વર્ષમાં પણ આ જ કારણે ભરાવા સંભવ નથી. અત્યારની મોંઘવારી અંગે ભલે આવી મહાલ પરિષદો ન ભરાય પણ પુસ્તકાલયપ્રવૃત્તિમાં જે થોડી ઘણી જાગૃતિ આવી છે તેને ટકાવી રાખવા માટે જે તે મહાલના કાર્યકરો વર્ષમાં એક વખત ભેગા થઇ સુખદુઃખની વાતો કરે.

(૪) **પગારદાર અને માનદ પ્રચારકો**—આ વર્ષે પ્રચારક તરીકે ચાલુ રહેલા ભાઇ છગનભાઈ મ. પટેલે કરજણ મહાલમાં ૬૨, વાઘોડીઆ મહાલમાં ૨૨, સાવલી મહાલનાં ૩૧, વડોદરા મહાલનાં ૩, અને સંખેડા મહાલનાં ૮, મળી કુલ ૧૨૬ ગામોની ૧૬૯ દિવસમાં તપાસણી કરી છે.

આ સિવાય વડોદરા મહાલ માનદ પ્રચારક શ્રી. છોટાભાઇ રા. પટેલે ૧૩, શ્રી. લલ્લુભાઇ રા. પટેલે ૩, અને શ્રી. શનાભાઇ લ. પટેલે ૮; સાવલી મહાલ માનદ પ્રચારક શ્રી. સોમાભાઇ ગરબડભાઇએ ૧૨, શ્રી. છગનભાઇ સો. જોષીએ ૫, પાદરા મહાલ માનદ પ્રચારક શ્રી. ચતુરભાઇ ના. પટેલે ૫, તથા શિનોર મહાલ માનદ પ્રચારક શ્રી. હરિવલ્લભ બા. વૈદ્યે ૭ મળી કુલ ૫૩ પુસ્તકાલયોની તપાસણી કરી છે.

(૫) **પુસ્તકાલય પર્વણી**—આમ જનતાને પુસ્તકાલયપ્રવૃત્તિમાં રસ લેતા કરવાને આ પર્વણીદિન ઉજવવાની ખાસ જરૂર છે. આ વર્ષમાં માણેજા તા. વડોદરા, વઢવાણા તા. હળોઇ, કંડારી તા. કરજણ, કરનાળી તા. તિલકવાડા, બરકાલ તા. શિનોર અને વેજપુર તા. સાવલી, એ ૭ ગામોએ પર્વણીદિન ઉજવ્યાના સમાચાર મળ્યા છે.

(૬) **શિષ્ટવાચનની પરીક્ષા**—નિવેદનના વર્ષમાં રાજ્ય પુ. મંડળે દર વર્ષની માફક જે પરીક્ષાઓ કાગળની મોંઘવારીના કારણે ન લેતાં ફક્ત એક જ પરીક્ષા " **ત્યાગમૂર્તિ**

૩ કલોલ મહાલ—(૧) ભોયણ રાઠોડ, (૨) સોનીપુર, (૩) હાજીપુર.
૪ ખેરાળુ મહાલ—(૧) દેલવાડા, (૨) નાની હીરવાણી, (૩) મઢાસણા (૪) ચોરીઆ.

પ્રચારકાર્ય

મહાલ પુસ્તકાલયોનાં જૂથ પાડી જુદા જુદા જૂથોના માનદ પ્રચારકોએ પોતપોતાનાં જૂથમાં પુસ્તકાલયો તપાસવાનું તથા તેમાં જણાએલ ખામીઓ સુધારવા બદલ ઠીક ઠીક પ્રયત્ન કરેલો જણાય છે. અને તે બદલ કાર્યકર્તાઓનો અમો આભાર વ્યક્ત કરીએ છીએ. આ ઉપરાંત પગારદાર પ્રચારકે આ પ્રાંતમાં નીચે જણાવ્યા પ્રમાણેની કામગીરી કરી છે તે ઉપરથી પણ જોઇ શકાશે કે આ પ્રાંતના ૧૨ તાલુકાઓ પૈકી જે તાલુકામાં પુસ્તકાલયોની તપાસણી કરી છે તે ઉપરથી એમની કામગીરી સંતોષકારક જણાય છે. કરેલ કામગીરી અને તેમની ડાયરીઓ વગેરે ઉપરથી જાણવા મળે છે કે આવી તપાસણી સતત રીતે ચાલુ રહેવાની જરૂર છે. અને જો એ પ્રમાણે તપાસણી ચાલુ રહે તો પ્રાંતમાં નવીન નીકળતાં પુસ્તકાલયો તેમ જ ચાલુ એવાં પુસ્તકાલયો કે જે દેખરેખના અભાવે મૃતપ્રાય જેવાં જણાય છે, તેમને જીવતાં રાખવા, અને પોતપોતાની ફરજ સમજી સમાજને પોતાની ઉપયોગિતા પૂરવાર કરી બતાવે તેવી સ્થિતિમાં આવે ત્યાં સુધી તેમને માટે આવા ખાસ પગારદાર પ્રચારકોથી કામ લેવાની જરૂર જણાય છે.

૩—નવસારી પ્રાંત પુસ્તકાલય મંડળની વાર્ષિક સભા

નવસારી પ્રાંત પુસ્તકાલય મંડળની વાર્ષિક સભા તા. ૫–૬–૪૩ ના રોજ શ્રી. મગનલાલ ઝીણાભાઇ દેસાઇના પ્રમુખપદે મળી હતી. તેમાં,

ઠરાવ ૧—મંત્રીએ રજૂ કરેલ હેવાલ-હિસાબની મંજૂરીનો,

ઠરાવ ૨—નવા વર્ષના હોદ્દેદારો તથા વ્યવસ્થાપક મંડળની ચૂંટણીનો,

ઠરાવ ૩—૧૯૪૩-૪૪ વર્ષ માટેની બજેટમંજૂરીનો,

ઠરાવ ૪—ચાલુ સંજોગોને કારણે પ્રાંત પુ. પરિષદ મોકૂફ રાખી મહાલ પરિષદો ભરવાનો.

ઠરાવ ૫—પ્રાંત પ્રચારકના પગાર માટેની રકમનો બજેટમાં સમાવેશ કરવા રા. પુ. મંડળ પાસે રૂ. ૧૭૫–૦–૦ ની માગણી કરવાનો,

ઠરાવ ૬—શિષ્ટ વાચન પરીક્ષાઓ મહાલ મંડળોએ લેવાની તજવીજ કરવાનો તથા રા. પુ. મંડળ તરફથી લેવાતી શિ. વા. પરીક્ષાનો લાભ વધુ પ્રમાણમાં લેવાની ભલામણનો

ઠરાવ ૭—લાકડી સામાન પ્રાંત પુ. મંડળ મારફતે બનાવરાવવાની ભલામણનો,

ઠરાવ ૮—ગુજરાતી શાળાના શિક્ષકોને વગર જામીને ઠરાવ રૂ. ૪૮/૨૧–૨–૨૫ થી થયેલો છે, પણ તે પ્રમાણે કેટલેક ઠેકાણે અમલ થતો નથી તો તે અમલમાં લાવવા દરેક મહાલમંત્રીને પોતાના મહાલના પુ. મંત્રીઓને જણાવવાની ભલામણનો.

સને ૧૯૪૨–૪૩ નો વાર્ષિક હેવાલ

હવે પ્રાંતમાં શાળાવાળાં પણ પુસ્તકાલય વિનાનાં બાકી ગામ પલસાણા મહાલે ૨, સોનગઢ મહાલે ૫, વ્યારા મહાલમાં ૧૭ અને મહુવા મહાલમાં ૧૩ મળી કુલ ૩૭ ગામે બાકી છે.

વસ્તીની વિગત પ્રાંતમાં માંગરોળ, મહુવા, વ્યારા અને સોનગઢ એ ચાર મહાલોમાં રાની ભાઇઓની વસ્તી હોઈ એ મહાલોનાં ગામોમાં લોકમદદના અભાવે જલદી પુસ્તકાલયો ઉઘાડી શકાતાં નથી. જ્યારે પલસાણા, ગણદેવી, કામરેજ અને નવસારી મહાલોમાં ઉજળિયાત

ભાઇઓની વસ્તી વધુ પ્રમાણમાં હોઇને એ મહાલોમાં પુસ્તકાલયો જલદીથી ઉઘડી જવા પામ્યાં છે.

મહાલ મંડળનું કાર્ય રાજ્ય પુસ્તકાલય મંડળના ઉદ્દેશ પ્રમાણે નવસારી પ્રાંતના સોનગઢ મહાલ સિવાય દરેક મહાલે પુસ્તકાલય મંડળો સ્થપાઇ ચૂકયાં છે. અને તે દરેક કંઇ ને કંઇ પુસ્તકાલયની ઉન્નતિનાં કાર્ય કરતાં થઈ ગયાં છે. પણ નિયમિત ને સંગીન કાર્ય થવાં જોઇએ તે થતાં નથી. એ બાબત બરોબર દિલગીર થવા જેવું છે. આશા છે કે પ્રાંતના દરેક મહાલ મંડળના મંત્રી ભાઇઓ નીચેનાં કામ આ વર્ષે જરૂર કરશે:—

૧ જે વર્ષ રાજ્ય યા પ્રાંત પરિષદ ભરાય તે સિવાયના દરેક વર્ષે મહાલ પરિષદ ભરે.
૨ દર વર્ષે વિદ્યાર્થીઓ માટે શિષ્ટ વાચનની પરીક્ષા રાખે.
૩ રાજ્ય પુ. મંડળ તરફથી લેવાતી શિષ્ટવાચનની પરીક્ષાનો દરેક જૂથમંડળ પર સૂચના કાઢી પ્રચાર કરે અને ઉમેદવારો ઊભા કરે તથા પરીક્ષાના પુસ્તકની માગણી આવે તો તે પૂરી પાડવાની તજવીજ કરે.
૪ શાળાવાળાં પુસ્તકાલય વિનાનાં ગામે પુસ્તકાલય ઉઘાડવા પ્રયત્ન કરે.
૫ જૂથમંડળ દ્વારા જૂથના એકેએક પુસ્તકાલયની તપાસણી કરાવે.
૬ જૂથમંડળને જાગ્રત કરે, તેમની વાર્ષિક સભાઓ ભરાવી તથા કરાવાનાં કામોનું વખતોવખત સૂચન કરે.
૭ દર વર્ષે મહાલની વાર્ષિક સભાઓ ભરે અને હેવાલ તથા હિસાબ રજૂ કરે, તથા નવા વર્ષનો કાર્યક્રમ વિચારે અને સર્વે હકીકત પ્રાંત તથા રાજ્ય મંડળ તરફ મોકલી આપે.

મકાનવાળાં તથા ગુ. વ. સોસાયટીમાં નોંધાયેલા પુસ્તકાલયો— પ્રાંતમાં મકાનવાળાં પુસ્તકાલયો ૭૫ છે ને ગુ. વ. સોસાઇટીમાં નોંધાયેલાં ૬૭ છે. મકાન માટે શ્રી. મહારાણી શાન્તાબાઇ મહિલા અને બાળ પુસ્તકાલય નવસારી તરફથી સરકારમદદ માટે માગણી છે. પાંચ વરસથી લોકમદદ તૈયાર રાખી છે, પણ હજુ માગણી મંજૂર થઇ નથી. તેમજ તવડી, છીણુમ વગેરે પાસે લોકમદદ તૈયાર છે. તો સરકારમદદ તથા પંચાયત મદદ મળે તેવી અરજ છે.

શિક્ષણવર્ગ—આ સાલ શિક્ષણ વર્ગ પ્રાંત માટે રાખેલ નહોતો, પણ માંગરોળ-વેળાછા માટે કોસંબા મુકામે સાર્વજનિક જીનિંગ ફેકટરીમાં મહાલના ઉમંગી કાર્યકર્તા શ્રી. મણિલાલ મોદીના પ્રયાસથી રાખેલ હતો ને તેમાં મહાલના ઘણાખરા પુસ્તકાલયના મંત્રીઓએ ભાગ લીધો હતો.

પગારદાર અને માનદ પ્રચારકો—પ્રાંત તરફથી પગારદાર પ્રચારક રોકવાની યોજના છેલ્લા પાંચ વરસથી શરૂ કરવામાં આવી છે. આ વર્ષે પણ વડોદરા અને નવસારી પ્રાંત માટે એક પ્રચારક ભાઇ છગનભાઇ પટેલને રોકવામાં આવ્યા હતા. જેમણે માંગરોળ, કામરેજ અને નવસારી મહાલનાં પુસ્તકાલયોની તપાસણી, વર્ગીકરણ. તથા હિસાબકામ વગેરે વ્યવસ્થિત કાર્ય ખંત અને શ્રમ લઇને કરેલ છે. પ્રાંતમાં દરેક મહાલનાં પુસ્તકાલયનાં વર્ગીકરણ થઇ ગયાં છે. હવે એક પણ પુસ્તકાલય વર્ગીકરણ વગર બાકી નથી.

પુસ્તકાલયપર્વણી—ગામડાના લોકોને પુસ્તકાલયમાં રસ લેતા કરવાને આ પર્વણીદિન ઉજવવાની ખાસ જરૂર છે. આ વર્ષે પણ પ્રાંતનાં ઘણાં ખરાં ગ્રામ પુસ્તકાલયોમાં તેમ જ નવસારી કસ્બાના શ્રીમાન મહારાણી શાન્તાબાઇ મહિલા તથા બાલ પુસ્ત-

કાલય તરફથી ઉજવવામાં આવ્યો હતો. દરેક જૂથમંડળના મંત્રીઓએ પોતાના જૂથના પુસ્તકાલયવાળાં ગામે આ પર્વણીદિન ઉજવવા પ્રયાસ કરશે ને જનતાને પુસ્તકાલયના વાચનનો લાભ સમજાવશે.

શિષ્ટવાચનની પરીક્ષાઓ—રાજ્ય પુ. મંડળ તરફથી લેવાતી શિષ્ટવાચનની પરીક્ષા આ વર્ષે કાગળની મોંઘવારીથી મુલતવી રહી હતી; તેમ જ મહાલ મંડળો તરફથી પણ તે જ કારણથી રાખવામાં આવી નથી. નવીન વરસમાં અનુકૂળતા પ્રમાણે રખાશે.

ફરતા પુસ્તકાલયની પેટીઓ—ફરતા પુસ્તકાલયની પેટીઓનો પ્રચાર આ સાલ કામરેજ, મહુવા, નવસારી વગેરે મહાલે થયો છે. નવીન વરસમાં દરેક મહાલના મંત્રીઓ પોતાના મહાલના પુસ્તકાલયો માટે પ્રચાર કરી વધુ પ્રમાણમાં લેવાય તેમ પ્રયાસ કરશે.

પ્રાંત તથા મહાલની ફાળવણી—નવસારી પ્રાંત ૫૧–૬–૦, કામરેજ મહાલ ૩૦–૬–૦, ગણદેવી મહાલ ૨૩–૧–૦, નવસારી મહાલ ૩૮–૪–૦, પલસાણા મહાલ ૧૮–૯–૦, મહુવા મહાલ ૧૫–૩–૦, માંગરોળ મહાલ ૧૫–૧૨–૦, વ્યારા મહાલ ૧૦–૨–૦, સોનગઢ મહાલ ૨–૧૩ ૦, કુલ રૂા. ૨૦૫–૮–૦.

ઉપર પ્રમાણે દરેકને તેમની ફાળવણીની રકમ મોકલી આપી છે.

૪—અમરેલી પ્રાંત પુ. મંડળની વાર્ષિક સભા

અમરેલી પ્રાંત પુ. મંડળની વાર્ષિક સભા તા. ૧૯–૯–૪૩ ને રવિવારના રોજ સા. પુસ્તકાલયના મકાનમાં શ્રી. મોહનભાઇ વીરજીભાઇ પટેલના પ્રમુખપદે મળી હતી. તેમાં નીચે પ્રમાણે ઠરાવો પસાર થયા હતાઃ—

ઠરાવ ૧—૧૯૪૨-૪૩ ના વર્ષના હેવાલ-હિસાબ ને મંજૂરીનો,

ઠરાવ ૨—૧૯૪૩-૪૪ ના વર્ષ માટે અંદાજ બજેટની મંજૂરીનો,

ઠરાવ ૩—હોદ્દેદારોની તથા વ્ય. સભ્યોની ચૂંટણીનો,

ઠરાવ ૪—પ્રાંત પુસ્તકાલય મંડળની પરિષદ સં. ૨૦૦૦ ના માઘ માસની સુદી ૫ (વસંતપંચમી) ના રોજ ભરવાનો,

ઠરાવ ૫—પગારદાર પ્રચારક રાખવાની આ પ્રાંતમાં આવશ્યકતા નથી, એમ અનુભવ પરથી જણાતાં, તેને બદલે મહાલવાર સ્થાનિક માનદ પ્રચારકો રોકવાનો અને તેમને યોગ્ય તે પુરસ્કાર આપવાનો,

ઠરાવ ૬—સહકારના ધોરણે બજેટો બનાવવાનો અને જેમણે ન બનાવ્યાં હોય તેમણે તાકીદે બનાવી મોકલી આપવાનો,

ઠરાવ ૭—શિષ્ટ વાચનની પરીક્ષાનો લાભ વધુમાં વધુ લેવાય અને તે માટે નિયત થયેલ પુસ્તક નમુદ થયેલ તારીખથી બે માસ અગાઉ મેળવી લેવાની સલાહમણનો,

ઠરાવ ૮—પગારદાર પ્રચારકના ખર્ચબિલને લગતો,

ઠરાવ ૯—હાલ સદર પુસ્તકાલય ખોલવા માટેની રકમ, હાલ સદર પુસ્તકાલય ખુલી શકે તેમ નહિ જણાવાથી તે રકમ મહા. મંડળમાં મોકલી તેની જરૂર જણાય ત્યાં વ્યય કરવા મહાલ મંડળમાં રાખવાનો તથા

ઠરાવ ૧૦—વ્યયમંડળની સભા ઑગસ્ટ માસના પહેલાં રવિવારે રાખવાનોઃ એ પ્રમાણે કુલ દસ ઠરાવો પસાર થયા હતા.

અને ૧૯૪૨–૪૩નો હેવાલ

મહાલ અને પુ. જૂથ મંડળો રાજ્ય પુસ્તકાલય મંડળના ઉદ્દેશ પ્રમાણે અમરેલી પ્રાંતના એકેએક મહાલમાં સ્થપાઇ ચૂકયાં છે, અને દરેકને કંઇ ને કંઇ કાર્ય કરતાં પણ થઇ ગયાં છે, તેમ છતાં કાર્યની ગતિ મંદ છે, કારણ કે નવાં પુસ્તકાલયો સ્થાપી શકાતાં નથી. આ માટે આશા છે કે પ્રાંતના દરેક મહાલ મંડળની યોજના નીચેના કાર્યો દર વર્ષે કરશેજ:—

૧ જે વરસમાં રાજ્ય વ પ્રાંત પરિષદ ભરાય તે સિવાયના દરેક વર્ષે મહાલ પરિષદ ભરે,

૨ દર વર્ષે વિદ્યાર્થીઓ માટેની શિષ્ટ વાચનની પરીક્ષાનો લાભ જરૂર લે.

૩ રાજ્ય પુસ્તકાલય મંડળ તરફથી મોકલાએ માટે લેવાતી શિષ્ટ વાચનની પરીક્ષાનો દરેક મંડળ ઉપર સૂચના કાઢી પ્રચાર કરે અને ઉમેદવારો ઉભા કરે, તથા પરીક્ષાનાં પુસ્તકોની માગણી આવે તો તે પૂરી પાડવાની તજવીજ કરે,

૪ શાળાવાળા પુસ્તકાલય વગરના ગામોએ પુસ્તકાલયો ઉઘાડવા પ્રયત્ન કરે;

૫ જૂથમંડળ દ્વારા જૂથના એકેએક પુસ્તકાલયની તપાસણી કરાવે,

૬ જૂથમંડળોને જાગ્રત કરે, તેમની વાર્ષિક સભાઓ ભરાવે, તથા કરવાનું કામોનું વખતોવખત સૂચન કરે

૭ દર વર્ષે મહાલની વાર્ષિક સભા ભરે, અને હેવાલ તથા હિસાબ રજૂ કરે તથા નવા વર્ષનો કાર્યક્રમ વિચારે અને તે સર્વ હકીકત પ્રાંત તથા રાજ્ય તરફ મોકલી આપે.

૮ ઉપર બતાવેલ હકીકત પૈકી જૂથમંડળો નિયમિત રીતે કામ કરતાં થયાં છે અને આપેલી સૂચનાઓનો અમલ કરતાં થશે એવી આશા અસ્થાને નથી.

દરેક જૂથમંડળોએ પોતાની સભા ભરી છે, એમ મહાલ મંડળની સભા વખતે જણાવ્યું છે, દરેકે પોતાના બજેટ અને નિવેદનો મોકલી આપ્યા હશે, ન મોકલ્યા હોય તો તેમની તપાસ કરી દરેક જૂથમંડળમાં મોકલી આપે.

પ્રાંત અને મહાલ મંડળો—પ્રાંત અને મહાલ મંડળો પોતાની પ્રવૃત્તિઓને અંગે થતા ખર્ચને પહોંચી વળવા સારૂ રાજ્ય પુસ્તકાલય મંડળ તરફથી ફાળવણી મળે છે તે ફાળવણી નિવેદનના વરસમાં રૂા. ૧૧૭–૦–૦ મળી હતી, જેમા મહાલ મંડળોની ફાળવણી રૂા. ૮૭–૧૨–૦ મળ્યા છે, જેની ફાળવણી નીચે પ્રમાણે કરવામાં આવી છે:—

અમરેલી પ્રાંત મંડળને ૨૯–૪–૦, અમરેલી મહાલ મંડળને ૬૯–૬–૦, કોડીનાર મહાલ મંડળને ૧૪–૮–૦, ખાંભા મહાલ મંડળને ૪–૬–૦, દામનગર મહાલ મંડળને ૧૧–૧૩–૦, ધારી મહાલ મંડળને ૧૫–૩–૦, રતનપુર મહાલ મંડળને ૪–૮–૦ કુલ ૧૧૪–૦–૦

પુસ્તકાલયપર્વણી—દર સાલ મુજબ પર્વણી ઉજવીએ છીએ, તેના કરતાં ચાલુ સાલે કંઇક વિશેષ પ્રકારે પર્વણી ઉજવવામાં આવી હતી. પર્વણી ઉજવવાના દિવસ અગાઉ શાળાનાં વિદ્યાર્થીઓ, બહેનો, પુસ્તકાલયના કાર્યકર્તાઓ, શિક્ષકો અને શહેરના લોકોએ સરઘસમાં ભાગ લીધો હતો અને તા ૯–૨–૪૩ ના રોજ સાંજના જાહેર મેળાવડો રાખવામાં આવેલ હતો. મેળાવડામાં પુસ્તકાલયપર્વણી એટલે શું ? અને શા માટે ઉજવાય છે ? તેનો હેતુ શું છે ? તેમ જ શિષ્ટ વાચન એટલે શું ? તે વિષે વિવેચનો થયાં હતાં.

પગારદાર પ્રચારક—નિવેદનની સાલે રાજ્ય પુસ્તકાલય મંડળ તરફથી આ પ્રાંતને પગારદાર પ્રચારક ૩ માસ માટે મળવાની યોજના થઈ છે, અને તેઓએ જ્યાં જ્યાં સલાહ સૂચના આપવી ઘટે, ત્યાં જોઇતી સલાહ આપી છે.

૧ ખાસ વિનંતિ છે કે બજેટ બનાવતી વખતે સહકારી ધોરણે બજેટ બનાવવાની બાબત ખાસ લક્ષમાં રાખશો,

૨ આ મહાલના બધાખરા નજીકના ગામડાંઓમાં ફરતા પુસ્તકાલયોની પેટીઓ, અમારા તરફથી પહોંચાડવાની તજવીજ થાય છે, અને ગામડાંઓમાંથી આપ તે પેટીઓ અમો ખાતા તરફ મોકલી આપીએ છીએ.

૩ અમરેલી મહાલના અને સ્થાનિક સભ્યો તેમ જ પુસ્તકાલયો જે જે ગુજરાત વર્ના. સોસા. ના આજીવન સભ્યો છે તેઓને દરેકના લેટનાં પુસ્તકોનાં બંડલ અમો જ પહોંચાડવાની વ્યવસ્થા કરીએ છીએ.

૪ શ્રી. મોતીભાઇ અમીન સ્મારક ફંડમાં જે મહાલ અથવા ગામડાંઓની લાયબ્રેરીઓએ હજુ પણ કંઇ ફાળો ન ભર્યો હોય તો તે ભરી આપે એવી ખાસ ભલામણ છે.

કડી મહાલ પુસ્તકાલય પરિષદ ૭ મું સંમેલન

કડી મહાલ પુસ્તકાલય પરિષદનું સાતમું સંમેલન વીડજ મુકામે મે. રા. રા. કલોલ વિભાગ શાળાધિકારી શ્રી. દામોદર ગોવિંદ માલસે સાહેબના પ્રમુખપદે તા. ૭-૧૦-૪૩ ના રોજ મળ્યું હતું. તે પ્રસંગે જુદા જુદા વક્તાઓ તેમ જ સંમેલનના વરાયેલા પ્રમુખનાં ભાષણો વગેરે કાર્યક્રમ થઇ નીચે પ્રમાણે ઠરાવો પસાર થયા હતાઃ—

ઠરાવ ૧—શ્રીમંત મહારાજા સાહેબને દીર્ઘાયુ ઇચ્છતો થયો હતો.

ઠરાવ ૨—ગુજરાત વર્નાકયુલર સોસાયટીએ માહિતીપત્રક પ્રસિદ્ધ કરીને તે મુદ્દતબંધી મોકલવા નોંધાયેલાં પુસ્તકાલયોને ફરજ પાડી છે અને નહિ મોકલનારને તેમના તરફથી પ્રસિદ્ધ થતાં પુસ્તકોનો લાભ નહિ આપવા ઠરાવ કરેલો છે. તે આધારે ચાલુ સાલે રજીસ્ટર પુસ્તકાલયોને પુસ્તકો મળ્યાં નથી તેથી આ પરિષદ્ એવી ભલામણ કરે છે કે 'પુસ્તકાલય ખાતુ તમામ માહિતી પોતાને દફ્તરે રાખે છે તે ઉપરથી તેના અસ્તિત્વની બહેરાત મેળવી દરેક સા. પુસ્તકાલયને બનતી ત્વરાએ પુસ્તકો મોકલી આપવા તજવીજ કરવા આ પરિષદ ગુ. વ. સો. ને વિનંતિ કરે છે.*

ઠરાવ ૩—ગુ. વ. સોસાયટીનાં પુસ્તકો પ્રસિદ્ધ થાય છે તે સામાન્ય જનતાને ભોગ્ય ઓછાં છે તો સા. પુ. તરફ મોકલવાનાં પુસ્તકો લોકભોગ્ય બનાવવા આ પરિષદ ગુ. વ સો. ને વિનંતિ કરે છે.

ઠરાવ ૪—કડી મહાલના સા. પુ. ને નીચે પ્રમાણે રચનાત્મક કાર્યક્રમ હાથ પર લેવા આ પરિષદ સા. પુ. ના વ્યવસ્થાપકોને વિનંતિ કરે છેઃ—

(૧) શિષ્ટ વાચનનો બહોળો પ્રચાર કરવો અને રાજ્ય તથા મહાલ મંડળ તરફથી લેવાતી શિ. વાચનની પરીક્ષાનો બને તેટલો વધુ લાભ લેવરાવવો.

(૨) પુસ્તકાલયપર્વણીની નિયમિત ઉજવણી કરવી.

(૩) ન્યૂયમંડળની નિયમિત સભાઓ ભરી બને, નિવેદન વેળાસર ખાતા તરફ મોકલી આપવાં.

(૪) વાચક મંડળની યોજના હાથ ધરવી. તેમજ વાંચનના રચનાત્મક કાર્યો હાથ ધરવા વિનંતિ કરે છે.

ઠરાવ ૫—શ્રીમંત સરકારે કૃપાવંત થઇ સ્થાનિક પંચાયતો જ વર્ગ અને બ વર્ગ સુધરાઇઓએ પુસ્તકાલયોને મદદ આપવાનું ફ. કાયદામાં સમાવેશ કરેલો છે, તે બદલ આ પરિષદ શ્રીમંત સરકારનો આભાર માને છે.

ઠરાવ ૬-૭—પરિષદ ભરવા માટે વીડજ ગામ તેમજ પુસ્તકાલયના મંત્રી શ્રી. ભોળાનાથ હરજીવનના તેમજ છેલ્લે પ્રમુખશ્રીના આભારનો.

---

* આ બાબત ગુ. વ. સો. નાં મંત્રી તરફ ખાતા વરફથી યોગ્ય તે પત્રવ્યવહાર થઇ તેનો નિકાલ થઇ જઇ હવે રાજ્યનાં સા. પુસ્તકાલયોને પુસ્તકો મોકલવાં ચાલુ થઇ ગયેલ છે. -તંત્રી



૧ બંગાળી જીવન અને સાહિત્ય—લેખકઃ શ્રી. ચાંપશી વિ. ઉદેશી; પ્રાપ્તિસ્થાનઃ મેસર્સ એન. એમ. ઠક્કરની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૯૭, સાદુ પૂઠું, મૂલ્ય રૂા. એક.

લેખક પોતાના લાંબા કાળના–છેંતાલીસ વર્ષના કલકત્તા ખાતેના વસવાટ દરમિયાન બંગાળી જીવન સાથે સંપર્કમાં રહેલા અને એ સંપર્ક દ્વારા પોતે જાણેલી અનેક વાતો–છેક બાળપણથી માંડીને, તેઓ છેક એ પ્રદેશ છોડીને વડોદરા આવ્યા ત્યાં સુધીના–બંગાળી જીવનનાં વિવિધ અંગોપાંગોનું નિરીક્ષણ કરવા મળેલી તકમાંથી ઝીલેલા જીવનઘબકાર પરથી આ પુસ્તકની યોજના કરી છે. તેમાં પણ બાલમાનસના પરિચયથી માંડીને વેપારી, કારકુન, રંગભૂમિનાં પાત્રો તેમ જ સામાજિક કુટુંબોના પરિચય પરથી પોતે ઝીલેલી છાપ પરથી બંગાળી જીવનનો જાણવાજોગ પરિચય આપણને આ પુસ્તક દ્વારા આપ્યો છે. અને એ જીવન–ત્યાંના લોકોનો ખોરાક, સામાજિક તેમ જ ધાર્મિક જીવન, ત્યાંની પ્રજાનું સાહિત્ય, પત્રકારત્વ, કલા વગેરે તથા પ્રજાની આસ્પિયતો અને છેલ્લે બંગાલ અને ગુજરાતની તુલનામાં પરસ્પરનો કેવો મેળ છે તે પણ આ પુસ્તકમાં દર્શાવ્યું છે.

પ્રાંત પ્રાંતના જીવનવ્યવહાર અને તેના સાહિત્યને લગતાં આવાં પુસ્તકો, બૃહદ્-ગુજરાતમાં વસતા ગુજરાતીઓ જ્યે ગુજરાતી જનતા સમક્ષ મૂકવા આ પ્રમાણે પ્રેરાય તો પ્રાંતપ્રાંત વચ્ચેની સામ્યાસામ્યતાઓનો ઠીક પરિચય મળે.

આપણે ઇચ્છીએ, લેખકની માફક બૃહદ્ગુજરાતમાં–મદ્રાસ, સિંધ, યુક્ત પ્રાંતો અથવા મધ્યહિંદમાં વસતા આપણા ગુજરાતીઓ આ પુસ્તક જોઈને એ દિશામાં પગલું ભરવા પ્રેરાશે.

૨. કુંવરબાઇનું મામેરું—(આવૃત્તિ બીજી) સંપાદકઃ શ્રી. મગનભાઇ પ્રભુદાસ દેસાઇ, પ્રકાશકઃ નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૧૪૮+૧૮, સાદુ પૂઠું, મૂલ્ય ૦–૧૦–૦.

" કુવરબાઇનું મામેરું " ઘણી શિક્ષણસંસ્થાઓમાં, ગુજરાતીના વર્ગો માટે પાઠયપુસ્તક તરીકે નિયત થયેલું છે અને તેની સંશોધિત પ્રમાણભૂત આવૃત્તિ એ શિક્ષણકાર્યમાં ઉપયોગી થઈ પડે તે માટે એની પહેલી આવૃત્તિ ૧૯૪૦માં ગૂજરાત વિદ્યાપીઠે શ્રી મગનભાઇ દેસાઇ પાસે તૈયાર કરાવી પ્રકટ કરેલી. ત્યાર પછી મળી આવેલી બીજી ત્રણ પ્રાચીન હસ્તપ્રતો પરથી વિશેષ સંશોધનપૂર્વક આ પ્રમાણભૂત આવૃત્તિ પ્રકટ કરવામાં આવી છે. એમાં કવિ પ્રેમાનંદ અને નરસિંહ મહેતાનો ઉપર્યુક્ત પ્રાચીન હસ્તપ્રતો પરથી મૂળ પાઠો આપી છેવટે એને વિદ્યાર્થીઓને સમજવામાં ઉપયોગી થઇ પડે તેવી સગવડભરી નોંધ પણ આપી છે.

આ મૂળ પાઠો પ્રૌઢ શિક્ષણ દ્વારા વાંચતા થયેલાઓને ઇતર વાચન માટે પણ ઠીક ઉપયોગમાં આવે તેમ છે. આજની કાગળની સસ્તી મોંઘવારીમાં પણ એનું મૂલ્ય માત્ર

૦–૧૦–૦ રખાયું છે તે ખરેજ અલ્પ લેખાય. હાલના સંજોગોમાં પુસ્તકોની છાપેલી કિંમતો ઉપરાંત કિંમતના વિશેષ સિક્કા છાપી કિંમતો વધારેજ જતા પુસ્તકપ્રકાશકો આનો આદર્શ ગ્રહણ કરશે તો ગુજરાતી વાચકજનતા પર ભારે ઉપકાર કર્યો લેખાશે.

૩. સ્મરણયાત્રા (બીજી આવૃત્તિનું બીજું પુનર્મુદ્રણ)—લેખકઃ શ્રી. દત્તાત્રય બાળકૃષ્ણ કાલેલકર, પ્રકાશક કદ ઉપર પ્રમાણે. પૃષ્ઠ ૩૩૦+૧૬, બોર્ડપટીનું પાકું પૂઠું; મૂલ્ય રૂા. બે.

કાકા સાહેબે લખેલા બાળપણનાં મધુરાં સ્મરણોની યાદ આપતા પ્રસંગોના પુસ્તકની બીજી આવૃત્તિનું આ બીજું પુનર્મુદ્રણ છે. એમાં કાકા સાહેબે એમની સરળ અને લાક્ષણિક શૈલીએ આપેલાં સ્મરણોના આ પુસ્તક વિષે હવે ભલામણ કરવાની રહેતી જ નથી. આ પુસ્તક વ. રા. પુ. મંડળ તરફથી શિષ્ટ વાચનની પરીક્ષા માટે અગાઉ નમૂદ થયું હતું, એ જ એની ઉત્તમતાના પુરાવા માટે બસ છે. પુસ્તકાલયોના ગ્રંથપાલો હજી પોતાને ત્યાં ન હોય તો એ વસાવી લે.

૪. ઋતુઓના રંગ—લેખકઃ સ્વ. ગિજુભાઇ, પ્રકાશકઃ ગુજરાત બાલવિકાસ સંસ્થા, જૂનું ટોળક નગર, અમદાવાદ. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૭૪ + ૪, સાદુ પૂઠું, મૂલ્ય ૦–૧૦ ૦; (૧૯૪૩).

ઉપર્યુક્ત સંસ્થાને સ્વ. ગિજુભાઇ સન્માન સમિતિ તરફથી સ્વ. ને અર્પણ કરવામાં આવેલી રકમ હાલમાં પ્રાપ્ત થઈ છે. તેનો વિનિમય સ્વ. નાં લખેલાં શિક્ષણવિષયક અપ્રાપ્ય અને બાલસાહિત્યનાં તેમ જ ઇતર અપ્રકટ પુસ્તકો પ્રસિદ્ધ કરવાનું ઠરાવાયા પ્રમાણે, આ પુસ્તક તેમ જ આ પછી દર્શાવાયેલાં પુસ્તકો પ્રકટ કરવામાં આવ્યાં છે.

સ્વ. એક સાચા બાલશિક્ષણશાસ્ત્રી હતા અને તેમનાં લખાણોમાંથી અનેકોએ પ્રેરણા પીધી છે. બાળકોના તો એ પિતા જ હતા. એમનાં લખાણો પ્રસિદ્ધ કરવાની આ પ્રવૃત્તિને અમે આવકારીએ છીએ.

આ પુસ્તકમાં લેખકે, બાળકોને, વર્ષભરની ઋતુ ઋતુનાં વિવિધ દર્શન ' એમની બાલભોગ્ય શૈલીએ શિક્ષણાત્મક પત્રોરૂપે આપેલ છે. કુદરતનું ઋતુજ્ઞાન કરાવવામાં આ પત્રાત્મક બાલસાહિત્ય બહુજ સારો ફાળો આપશે, એ નિઃશંક છે.

૫ વનસ્પતિ પાઠો—લેખક–પ્રકાશકો તથા કદ ઉપર પ્રમાણે. પૃષ્ઠ ૮૪+૪, સાદુ પૂઠું, મૂલ્ય ૦–૧૦–૦ (૧૯૪૩).

ઉપરના પુસ્તકમાં જણાવેલી યોજનાનુસાર જ આ પુસ્તક પણ પ્રકટ કરવામાં આવ્યું છે. ઉપર્યુક્ત પુસ્તકમાં બાળકોને ઋતુજ્ઞાન આપવા પ્રયત્ન થયો છે ત્યારે, આ પુસ્તકમાં આપણે ત્યાં થતી વિવિધ વનસ્પતિ–જુદી જુદી જાતના છોડવા અને વૃક્ષોને લગતા ૨૯ પાઠો આપ્યા છે, જેમાંના કેટલાક બાળકોના નિત્યપરિચિત છે, તો કેટલાક તદ્દન નવીન જ–તેમને નવું જ્ઞાન પ્રાપ્ત કરાવે તેવા છે. ભાષાશૈલી પણ સ્વ. ગિજુભાઇની–બાળકોને તરત જ ગળામાં ઊતરી જાય તેવી હોઇને બાળકો હોંશે હોંશે વાંચવા પ્રેરાશે, એ નિર્વિવાદ છે.

૬. પ્રાણીપાઠો—લેખક–પ્રકાશક, પૂઠું તથા કદ ઉપર પ્રમાણે. પૃષ્ઠ ૪૦ + ૪, મૂલ્ય ૦–૧૦–૦ (૧૯૪૩).

આ પુસ્તકમા ઘરના તેમ જ બહાર નજરે પડતા, બાળકો ઓળખે તેવા તેમ જ તેમને અપરિચિત એવા વિવિધ પ્રાણીઓને લગતા પાઠો છે. તે પૈકી શરૂઆતના સાત પાઠો પ્રાણીઓ તથા જીવજંતુઓને લગતા હોઇને બાકીના વિવિધ પક્ષીઓ સંબંધના છે બાળકોને પ્રાણીવર્ણન શુષ્ક શૈલીએ શીખવામ તેને બદલે, આવી ગિજુભાઇની શિક્ષણશૈલીએ શીખવામ તો તે બાલમાનસમાં સીધા પ્રવેશી જાય. પ્રાણીવર્ણનના ઇતર પાઠોના શિક્ષણમા આ પુસ્તક પ્રથમ સ્થાન લેવાને સર્જાયું છે.

પ્રકાશકો અવારનવાર સ્વ. ગિજુભાઇના આવા અપ્રસિદ્ધ સાહિત્યને બહાર લાવશે તો તેમણે સ્વ. ગિજુભાઇ પ્રત્યેનુ ઋણ અદા કર્યું ગણાશે અને આપણી ઊગતી પ્રજાને ભવા સંસ્કાર સિંચી શુભ પરિણામ લાવી તેમને પોતાના ઋણી બનાવશે. બંને પુસ્તકો દરેક નાનાં મોટા સૌ પુસ્તકાલયો પોતાને ત્યા વસાવી લે.

મણિલાલ પ્ર. વ્યાસ

૭. **દેશવટો** (ભા. ૧–૨)—લેખક: ભારદ્વાજ; પ્રકાશક સી શાંતિલાલની કંપની, ૮૬, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુબઇ નં. ૨, ક્રાઉન ૧૬ પેજી કદના પૃષ્ઠ પહેલા ભાગના ૧૪૪ અને બીજા ભાગના ૯૬ મળી કુલ ૨૪૦; બને ભાગના સચિત્ર આચ્છાદન સહિત બોર્ડનુ પૂઠું; મૂલ્ય અનુક્રમે રૂ. ૩–૦–૦ અને રૂ ૨–૮–૦

ગામડાનો ભલો અને ભોળો ગણાતો ખેડૂત, સૂર્યનો તાપ, વર્ષાની ઝડી અને શિયાળાની બરફ જેવી ઠંડી સામે ઝઝુમીને, કાળી મહેનત કરી, ધરતી માતાના ખોળામાથી અનાજ મેળવે છે અને જગતને જીવાડે છે. અને એટલા જ માટે તે 'જગતના તાત 'નું બિરુદ પણ પામ્યો છે; પણ તે જ ખેડૂત આજે અનાજ વગર વલખા મારે છે. અને દેવાના બોજમાં ચગદાઇ ગરીબાઇના પારાવાર દુ ખ ભોગવી રહ્યો છે.

' દેશવટો ' એ આવા જ પ્રકારના એક ખેડૂતની, ગરીબાઇની લાચ દર્શાવતી, એક હૃદયભેદક વાર્તા છે. આ વાર્તામા દેવો અને મોઘી એ બે મુખ્ય પાત્રો છે દેવો, મોઘીની સુવાવડ અંગે શહેરમા પોતાના શેઠ પાસે પૈસા લેવા જાય છે. શેઠ શેઠાણીને રીઝવવામા અને મૂડીવાદનું પોત પ્રકાશવામાં કેટલોક વખત ગાળી, દેવાને કપકાના બે શબ્દો સ ભળાવી, પૈસા આપે છે. દેવો એ પૈસામાથી સુવાવડનો મસાલો લઈ, ઘેર જવાની તૈયારી કરે છે એટલામાં જ એને એ શહેરના ફોજદારનો સિપાઇ જોહુકમી વાપરી થાણામા લાકડા કાપવા લઇ જાય છે. બીજી બાજુ મોંઘીને સુવાવડ થઇ રહી છે બાળક આડુ આવતા દાયણ તેના કકડા કરી બહાર કાઢે છે એટલામા દેવો ઘેર આવે છે અને પોતાની સ્ત્રીને બેભાન જુએ છે અને તેમાથી જ એને શેઠ, ફોજદાર, સિપાઇ વગેરે તરફ તિરસ્કાર–નફરત અને વેર લેવાની વૃત્તિ જન્મે છે. દેવો સુવાવડી મોઘીને એકલી અને અટુલી મૂકીને બહારનુ બેડનો ધની જાય છે. મોઘી પણ કષ્ટક સારી થતા દેવાની શોધમા નીકળી પડે છે. આમ બંને પોતાના ગામનો દેશવટો ભોગવે છે. એ દેશવટો ભોગવવામા બનેને, ધર્મને નામે કેવા ધતિંગો ચોપાય છે અને એમાં કેવા પાપાચાર ખેલાય છે તેના પણ દર્શન થાય છે. અને એમાથી દેવાને પોતાની સ્ત્રીનો ભેળાપ થાય છે કેમ એ બને, પોતાની ભોમકાને છેવટના રામરામ કરી

સુવર્ણમૃગ જેવું આસામના બગીચાનું વર્ણન સાંભળી ત્યાં નોકરી કરવા ચાલ્યાં જાય છે. અને એ રીતે આ વાર્તાનો અંત આવે છે.

વાર્તાનું વસ્તુ સાદું અને સરળ છે. સામાન્ય ભણેલ પણ વાંચી અને સમજી શકે તેવું છે. આ વાર્તા, કાંઇ નવીનતા કે પ્રેરણા આપે તેવી નહિ, છતાં એકુતની ગરીબાઇનું, મૂડીવાદની શોષણનીતિનું, ધર્મનાં ધતીંગોનું અને સત્તાધીશોની બેહુકમીનું દૃશ્ય રજુ કરી, વાચકને ઘડીભર લાગણીપ્રધાન તો બનાવે છે જ.

આ પુસ્તકના બંને ભાગમાં વપરાયલા કાગળો અને તેની છાપણી તેમજ તેની બાંધણી, વાચકોને બરેખર પુસ્તક વાંચવાને લલચાવે તેવાં આકર્ષક છે. પણ ૨૪૦ પાનાંના વાચનની કિંમત રૂ. ૫–૮–૦ થાય એ પણ કંઈક વધારેપડતું છે.

૮. **પરબનાં પાણી**—લેખકઃ મુરલી ઠાકુર; પ્રકાશકઃ આર. આર. શેઠની કંપની, કેશવબાગ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ નં. ૨; ક્રાઉન ૧૬ પેજી કદનાં પૃષ્ઠ ૨૦૮, સચિત્ર આચ્છાદન સહિત બૉર્ડનું પૂઠું, કિંમત રૂ. ૨–૮–૦.

આ પુસ્તકમાં ટૂંકી ટૂંકી ૧૭ સામાજિક નવલિકાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. વાર્તાઓ છે તો સામાન્ય, પણ આનંદ આપે તેવી તો છે જ. ' ભાઇબીજ ફળી ', ' ઘર બદલ્યું '; ' ગં. સ્વ. ગંગાબહેન '; ' સાચું દિલ '; ' કલેવર '; ' ઝરણેથી '; ' મેંનડી '; ' વહુની બંગડી ' એ વાતો વાંચવા જેવી છે. આ પુસ્તકનું નામ દર્શાવતી ' પરબનાં પાણી ' એ આ પુસ્તકની પહેલી વાર્તા છે અને તે પણ ખાસ વાંચવા જેવી છે.

૯. **ગુરુસ્વામી**—લેખકઃ ' જોગવ '; પ્રકાશકઃ શ્રી ધીરેન્દ્ર બબ્બર, કિતાબઘર, રાજકોટ; ૧૯૪૭; ક્રાઉન ૧૬ પેજી કદનાં પૃષ્ઠ ૧૪૯; સચિત્ર આચ્છાદન સહિત બોર્ડ પૂઠું; મૂલ્ય રૂ. ૨–૦–૦

' ગુરુસ્વામી ' એ એક કાલ્પનિક વાર્તા છે; પણ તેમાં માધવરાવ પેશ્વા અને અન્ય ઐતિહાસિક બનાવોના સ્થળ તથા સમયની ગૂંથણી કરી, લેખકે જાણે કોઇ ઐતિહાસિક વાર્તા સર્જી હોય તેમ વાંચતાં જણાઇ આવે છે.

વાર્તાનો પ્રસંગ, એક બીજાને ચાહતાં અને લગ્નથી જોડાવાની ઇચ્છા રાખતાં બળવંત અને રમા નામનાં પાત્રોમાંથી જન્મે છે. રમા પાસેની મોટી ગિલકત મેળવવાના લોભે, તેના વાલી બનેલ મોરો પંત પણ તેને પરણવા ઇચ્છે છે. અને તે માટે મોરો પંત, બળવંતને પોતાના માર્ગમાંથી દૂર કરવાને અને રમાને પોતાની કરવાને બંનેના પ્રત્યે ક્રૂરતાથી વર્તે છે. સાધુના વેશે, ગુરુસ્વામી નામ ધારણ કરી, નગરચર્યા જોતા, માધવરાવ પેશ્વા બળવંત અને રમાને મોરો પંતના ભયંકર ત્રાસમાંથી બચાવે છે. અને છેવટે એ બંનેનાં લગ્ન પણ કરાવી આપે છે. વાર્તાનું મુખ્ય વસ્તુ આ છે. પણ આ વસ્તુ સાથે, માધવરાવ પેશ્વાને ઉથલાવી પાડવા માટે, મોરો પંતે રચેલાં કાવત્રાં અને ખેલેલા કાવાદાવા તથા પેશ્વાનો વેશ પલટો અને તેનો ન્યાય તથા નીતિભર્યો રાજકારોબાર મૂકી, લેખકે વાર્તાને વધુ રસપ્રદ બનાવી છે. વાર્તાશોખીનોને આ વાર્તા જરૂર વાંચવી ગમશે.

૧૦. **પ્રેમ–પ્રતિજ્ઞા**—અનુવાદકઃ શ્રી. માણેકલાલ ગોવિંદલાલ જોશી; પ્રકાશકઃ

શ્રી. નવનીતલાલ પ. મદ્રાસી, આદર્શ પુસ્તક ભંડાર, ભદ્ર, અમદાવાદ; ૧૯૪૩; ક્રાઉન ૧૬ પેજી કદનાં પૃષ્ઠ ૨૨૦; સચિત્ર આચ્છાદન સહિત બોર્ડ પૂઠું; મૂલ્ય રૂ. ૩-૮-૦

આદર્શ પુસ્તક ભંડાર તરફથી શરૂ થયેલ, મૃદુલ ગ્રંથાવલિના પહેલા વર્ષનું, આ બીજું પુસ્તક છે. અને તે સ્વ. પ્રેમચંદજી કૃત હિંદીમાં પ્રસિદ્ધ થયેલ, એક સામાજિક વાર્તાનો અનુવાદ છે. સ્વ. પ્રેમચંદજીએ આ વાર્તામાં, વિધવાનો પ્રશ્ન હાથ ધરી, સમાજમાં તેનું સ્થાન કેટલું ભયભરેલું છે તે તથા તેના ઉદ્ધાર માટે સમાજ શું કરી શકે તે દર્શાવવા ખાસ પ્રયત્ન કર્યો છે. આ વાર્તામાં અમૃતરામ અને પૂર્ણા એ બે મુખ્ય પાત્રો છે. પહેલું પાત્ર અમૃતરામ વિધુર બનતાં, પોતાની મૃતપત્નીની સગી બહેન તેને પરણે છે. અને તેની સાથે લગ્ન કરવાનું પણ નક્કી થઇ ગયું છે; છતાં એક સભામાં વિધવાઉદ્ધારનો પ્રશ્ન ચર્ચાતાં, તે પુનર્લગ્ન કરવાનું છોડી દઇ, વિધવાઉદ્ધારના ક્ષેત્રમાં ઝંપલાવે છે. તેની સામે સમાજના અનેક પ્રકારના પ્રહારો અને ઝંઝાવાતો થાય છે. છતાં તે મૂંગે મોઢે સહન કરી, છેવટે તે સમાજનો સહારો મેળવે છે. અને એક વિધવા આશ્રમ ઊભો કરી, તેમાં જ પોતાનું જીવન અને શક્તિ ખર્ચી નાખે છે. બીજું પાત્ર પૂર્ણા વિધવા બનતાં, પોતાના પતિના ખાસ મિત્ર કમલાના આગ્રહથી, કમલાને ઘેર આશરો લે છે. કમલા ધીમે ધીમે પૂર્ણાને પોતાની જાળમાં ફસાવી, તેનું શિયળભ્રષ્ટ કરવાની તૈયારી કરે છે. પૂર્ણા હિંમતભર્યો સામનો કરી, તેના કબજામાંથી છૂટે છે અને છેવટે વિધવાઆશ્રમમાં જઇ ત્યાં શાન્તિ અનુભવે છે. વાર્તા બોધક અને પ્રેરક છે. પુસ્તકાલયો વસાવે અને તેનો પ્રચાર કરે. ' અ-દ્રષ્ટા '

૧૧. **વિસર્જન**—અનુવાદકઃ 'પલાશ', પ્રકાશકઃ નવનીતલાલ પ. મદ્રાસી, આદર્શ પુસ્તક ભંડારઃ ભદ્ર, અમદાવાદ; ૧૯૪૩, ક્રાઉન ૧૬ પેજી કદનાં પૃષ્ઠ ૧૨૫; બૉર્ડ પૂઠું; મૂલ્ય રૂ. ૨-૮-૦.

આદર્શ પુસ્તક ભંડાર તરફથી, શરૂ થયેલ, 'કિરીટ ગ્રંથાવલિ'ના, પહેલા વર્ષનું આ પહેલું પુસ્તક છે. આ પુસ્તકમાં હિંદી, બંગાલી, કાનડી અને આસામીમાં પ્રસિદ્ધ થયેલી ટૂંકી ટૂંકી ૭ અનુવાદિત વાર્તાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ વાતોમાં 'છતાં પણ' ' કુમુદ ', અને 'વિસર્જન' એ ત્રણ વાતો વેશ્યાજીવન ગાળતી નારીઓનાં હૃદય ઉકેલે છે. અને તેમનામાં પણ સાચી માનવતા અને સાચો પ્રેમ ખુણેખાંચરે પણ રહેલો છે તે દર્શાવે છે. ' મૃત્યુની ગોદમાં ' એ વાર્તા વિધવા પતિત બને તો તેનું સ્થાન સમાજમાં મરણ વા વેશ્યાજીવન સિવાય કોઇ ઠેકાણે નથી એ રહસ્ય બતાવે છે. ' દેવદાસી ' એ મદ્રાસી જીવનની એક વાર્તા છે. માતાપિતાએ પોતાની ભયંકર માંદગીના પ્રસંગે, દેવને સોંપી દેવાની માનતા રાખવાથી, દેવદાસી બનેલ એક કુમારિકા, ધર્મની અંધ, પણ કેટલી બધી સાચી શ્રદ્ધા સાથે, મનુષ્યને દેવરૂપ માનીને તેમની સેવા કરે છે. અને પોતાની જાતને પણ સોંપે છે. તે આ વાર્તા દર્શાવે છે.

૧૨. **ઊર્મિલા**—લેખકઃ પારાશર્ય; પ્રકાશકઃ મુકુન્દરાય વિ. પારાશર્ય-ભાવનગર; ૧ લી આવૃત્તિ, સં. ૧૯૯૯; ૧૬ પેજી પૃ. ૮+૧૫૭; પૂઠું પાકું બાઇંડીંગ; કિં. ૩-૮-૦

' અશ્વિન, ' ' ઊર્મિલા ' અને ' પ્રભુ 'એ પાત્રત્રિપુટિની આસપાસ ગુંથાયલી આ વાર્તા લગ્નજીવનનો એક વિચારવા લાયક પ્રશ્ન રજૂ કરે છે. સહશિક્ષણ દરમ્યાન

અશ્વિન અને ઊર્મિલા વચ્ચે સારો મનોમેળ જમી સહજીવન જીવવાના કોડ તેમનાગાં જગે છે. પરંતુ સંજોગવશાત્ અશ્વિન-ઊર્મિલાનું જોડું બંધાતું નથી અને તે પ્રમુ નામની એક સુશીલ યુવતીને પરણી જાય છે. અશ્વિન–પ્રમુનું દામ્પત્ય જીવન સુખચેનમાં ચાલતું હતું તેટલામાં ઊર્મિલા આવી ચડે છે ને તેને પરિણામે પરસ્પર વસવસો ઊભો થાય છે. પતિપરાયણ પ્રમુ પોતે પતિના પ્રણયપંથમાંથી ખસી જઈને ઊર્મિલા સાથેનો તેનો સંબંધ નિષ્કંટક બનાવવાની પેરવીમાં પડે છે; એની જાણ ઊર્મિલાને થતાં તે પોતે જ એ દંપતીના માર્ગમાંથી સવેળા ખસી જઈને પોતાની હાજરીથી રચાયલા પ્રણયત્રિકોણને તોડી નાખે છે છતાં ત્રિપુટીનો પરસ્પરનો સ્નેહસંબંધ સુરક્ષિત રાખે છે.

વાર્તાલેખનમાં ઠેરઠેર વપરાયલા અંગ્રેજી શબ્દપ્રયોગો અંગ્રેજી નહિ જાણનારાં માટે રસક્ષતિ પેદા કરે તેમ છે. અને દર્શક વિશેષણ ' પેલો–પેલી 'ને ઠેકાણે થયેલો ' પહેલો–પહેલી 'નો દૂષિત પ્રયોગ પણ ભાષાપ્રેમીને ખટકયા વગર રહે તેમ નથી.

૧૩. કાટનાં માળખાં—લેખકઃ રતિલાલ શ્યામજી ત્રિવેદી; પ્રકાશકઃ આર. આર. શેઠની કું. મુંબાઇ; ૧ લી આવૃત્તિ સન ૧૯૪૩; ૧૬ પેજી પૃષ્ઠ ૬+૨૮૨; પૂઠું કાર્ડ બોર્ડનું; કિં. ૩–૮–૦

સચ્ચારિત્ર્ય અને સદ્ભાવનાવાળો એક ગ્રામયુવક ઘરના ને ઘરના જ વડીલજનની વિષયલોલુપતાનો ભોગ બનેલી એક સગર્ભા વિધવા બાઇને આપઘાત કરવાના પ્રયાસમાંથી બચાવી લઈને તેની સાથે મુંબાઈ ભાગી જાય છે અને ત્યાં જીવનના વિવિધ પલટામાંથી પસાર થઈ આખરે શ્રીમંત ને સુખી કારખાનદાર બને છે. ત્યાર પછી વર્ષો બાદ એ પોતાને ગામ પાછો ફરે છે અને ગામના સડેલા તંત્રનો જાતઅનુભવ મેળવી ગામના ચૌદશિયાઓને પોતાની હિંમત અને હિકમતથી દબાવી દઈને પોતાનું બાકીનું જીવન તેમ જ દ્રવ્ય પોતાના ગામને સુખી, સમૃદ્ધ અને આબાદ બનાવવા પાછળ ખર્ચવાનો સંકલ્પ કરી તેને પાર પાડી દેખાડે છે. એમાં આદર્શ વસ્તુવાળી આ સામાજિક નવલકથાથી ગ્રામજીવનને સ્પર્શતા આપણા વાર્તાસાહિત્યમાં આદરપાત્ર ઉમેરો થાય છે એમાં શક નહિ.

વાર્તા એક વાર વાંચવા માંડયા પછી પૂરી કરીને જ હેઠે મૂકવાનું મન થાય એવું સરસ વસ્તુગુંથન હોઇ તે લેખકના આ પ્રથમ પ્રયાસની સફળતા સિદ્ધ કરે છે.

૧૪. પરણ્યા પછી-ભાગ ૩ જો (પ્રસૂતિચર્યા)—લેખકઃ મહાશંકર ઇંદ્રજી દવે; પ્રકાશકઃ નવયુગ પુસ્તક ભંડાર, રાજકોટ; આવૃત્તિ ૩ જી, સંવત ૧૯૯૮; ૧૬ પેજી પૃ. ૧૧+૧૮૩; પૂઠું કાર્ડબોર્ડનું; કિં. રૂ. ૨–૮–૦

' પરણ્યા પછી 'ના આ ત્રીજા ભાગમાં નારીજીવનને લગતા વિવિધ પ્રશ્નો જેવા કે-લગ્ન, ઋતુરાજ, ગર્ભાવસ્થા, પ્રસૂતિ, સુવાવડ અને બાળઉછેરની ઉપયોગી માહિતી જુક્તિપૂર્વક આપવામાં આવી છે. પરિણિત સ્ત્રીપુરુષોને આમાંથી ઘણું જાણવા શીખવાનું મળશે.

૧૫. નયના—લેખકઃ રસિકલાલ જોશી; પ્રકાશકઃ નવયુગ પુસ્તક ભંડાર, રાજકોટ; સાલ ૧૯૪૩; પૃ. ૨૬૪; પાકું પૂઠું; કિં. ફ. ૩–૦–૦

આ સુવાચ્ય સામાજિક નવલકથાનો પરિચય અગાઉ ' એપ્રિલ 'ના અંકમાં અપાઈ ગયો હોઇ વાર્તારસિકો માટે નવાં પુસ્તકોની ખરીદી વખતે એ ન ભુલાવું જોઇએ. —ના.

દીપોત્સવીનું સાહિત્યદર્શન

[એક પત્ર]

ભાઈશ્રી,

તમારો પત્ર વખતસર મળ્યો હતો અને તમે, ગુજરાતી સામયિકોના દીપોત્સવી અંકોનો પરિચય આપવા મને જણાવ્યું હતું તે મુજબ એ દીપોત્સવીના ટાંકણે પ્રકટ થયેલા ખાસ અંકોનો ઊડતો પરિચય આ પત્રમાં આપું છું.

મને મળેલા દીપોત્સવી અંકોમાં, પ્રથમ ધ્યાન ખેંચતો, સાહિત્ય અને કલાથી દીપતો, અને ખરું કહું તો ધ્યેયલક્ષી સાહિત્યની સજાવટ સાથેનો અંક મને "**હિન્દુસ્તાન-પ્રજામિત્ર**"નો જણાયો છે. એનું, સૌન્દર્ય અને પ્રકાશનો સુમેળસાધક કવરચિત્ર, આપણી કહેવત "ઊડીને આંખે વળગે" તેવું છે. અને અંદરનાં ચિત્રો પણ હેતુલક્ષી હોઈને જાણીતાં ચિત્રકલાવિદોની પ્રસાદીરૂપ હેતુપુરસ્કર છે, એ નિર્વિવાદ છે. અને એની સાહિત્યસામગ્રી ?

સાહિત્યસામગ્રી આપવામાં એણે વર્ષોથી દીપોત્સવી અંકની સુરેખ સજાવટ અને એ પત્રકારની સ્વીકૃત નીતિપ્રેરક લેખો આપવાનું ઔચિત્ય દાખવ્યું છે. તેમાં પણ શ્રી. રણછોડદાસ લોટવાળાનો "ત્રિવિધ સ્વાતંત્ર્ય" શીર્ષક લેખ સમાજવાદી વિચારસરણીની મીમાંસા કરતો અભ્યસનીય લેખ હોઈને શ્રી. જી. વાય. ચીટણીસનો "હિંદના વાર્ષિક રાજકારણનું વિહંગાવલોકન" વીતેલા વર્ષની રાજકીય પ્રવૃત્તિની સારી પિછાન આપે છે. આવા રાજદ્વારી અભ્યાસયોગ્ય લેખો ઉપરાંત ગુજરાતી સાહિત્યમાં અવારનવાર દેખા દેતા લેખકોની કાવ્ય તેમ જ વાર્તા અને ઈતર સાહિત્યની વિવિધ વાનગીઓ પીરસાઈ છે. તેમાં પણ આપણી નિશાળોમાં ભણાવાતા ઇતિહાસને જવાબરૂપ લેખી શકાય તેવો શ્રી. હકીમ ભદ્ર નિઝામી રાહતીનો "સુલ્તાન હયદરઅલી" શીર્ષક લેખ દક્ષિણહિંદના ઇતિહાસ પર કેટલુંક વિશિષ્ટ અજવાળું આપે છે. એ સિવાય આપણા સામાજિક, આર્થિક અને રાજદ્વારી પ્રશ્નોની છણાવટ કરતા લેખો પણ વાચનીય છે.

અને એવો જ બીજો, કદમાં અને સાહિત્યસામગ્રીમાં, તેમ જ ચિત્રકલાની વિવિધ વાનગીઓ પેરતો '**સંદેશ**"નો દીપોત્સવી અંક ખાસ ધ્યાન ખેંચે છે. એના કવર પર આજની જગતપરિસ્થિતિનો-જ્વાલામુખી જગતનો-ખ્યાલ આપતું ચિત્ર, આજે જગતભરમાં સળગતી અગ્નિશિખાઓ આપણને ચોંકાવી મૂકે છે તેનો હૂબહૂ ખ્યાલ રજૂ કરે છે

"**સંદેશ**" પણ દર વર્ષે, દીપોત્સવીને ટાંકણે આવી છલોછલ છલકાતી અને ઊભરાતી સાહિત્યરસગંગા વહાવે છે. એ જ મુજબ, આ વખતે પણ, દર વર્ષને ટપી જાય તેવો રૂપે, કદે અને વજને તેમ જ વિવેકપુરઃસર પીરસાયેલ સાહિત્યપતરાળીથી સમૃદ્ધ છે. એમાં દરેક વર્ગના વાચકને રૂચે તેવું કંઈ ને કંઈ છેજ વાર્તાના રસિયાને વાર્તા મળશે, કાવ્ય-રસિકોને આપણા અગ્રગણ્ય કવિઓની કાવ્યસુધાનો રસાસ્વાદ મળશે તેમ જ વિવિધ વિષયયાં રસ ધરાવનાર જેને તેને જોઈતું જરૂર મળી આવશે, એવો સર્વ સામગ્રીસંપન્ન આ અંક તૈયાર થયો છે. તેમાં પણ ગુર્જર મહાકવિ ન્હાનાલાલની પ્રસાદી બધા જ દીપોત્સવી અંકોમાં-

માંથી આપણને માત્ર આ અંકમાંથી જ પ્રાપ્ત થાય છે. આ બધાનો સર્વ યશ, એના સંપાદક શ્રી. પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ અને ખરેખર, એની પાછળ સાધનસાહિત્ય છૂટે હાથે વાપરનાર એના સંચાલક શ્રી. નંદલાલ ખોડીવાળાને છે.

ઉપર્યુક્ત દળદાર અંકોની સાથે સાથે ધ્યાન ખેંચે તેવો બીજો પણ એક દળદાર અંક છે: " **બે ઘડી મોજ** "નો. એના તંત્રી ભાઇ શયદા દર વર્ષ આપણા લેખકો પાસેથી વિવિધ વિષયના લેખો મેળવી કેટલીક હળવી છતાં રુચિપોષક અને કંઈક વિચારપ્રેરક વાનીઓ એના વાચકો સમક્ષ રજૂ કરે છે. એને તૈયાર કરવામાં, શ્રી. શયદાએ એ અંકનું સમર્પણ એમના સાથી બિરાદરોને કર્યું છે તે તેમની તેઓ પ્રત્યેની સમભાવનાના પ્રતીક-રૂપ લેખી શકાય.

હવે હું એક એવા દીપોત્સવી અંકનો તમને પરિચય આપું છું, કે જેણે બાહ્ય રૂપ રંગ કે સજાવટની દરકાર ન કરતાં કેવળ સાદાઇભર્યું છતાં શિષ્ટ, પથ્ય અને સંસ્કારપ્રદ તેમ જ બોધક એવું સાત્વિક સાહિત્ય આપણી વાચકજનતા સમક્ષ રજૂ કર્યું છે. એ છે મુંબઇનું જૂનું છતાં એકધારી નીતિ ધારણ કરનાર " **ગુજરાતી.** " એણે વાચકો સમક્ષ અકબરકાલીન-મોગલાઇ જમાનાના-ગુજરાતની ઐતિહાસિક સામગ્રી આપી છે. તંત્રીના પોતાના જૂના ઉર્દૂ દસ્તાવેજો ઉપરથી આપણા વયોવૃદ્ધ સાક્ષર શ્રી. કૃષ્ણલાલભાઇ પાસે વંચાવી જાહેરજનતાને એ પુરાઇ રહેલા પોતાના ખજાનાનો પરિચય કરાવ્યો છે. અકબરના-મોગલજમાનામાં આપણા ગુજરાતીઓ રાજકારોબાર સાથે કેવા સંકળાયેલા હતા અને કાનુનગી વગેરેને લગતી ઠીક માહિતી આપી છે. ગયે વર્ષે પણ આપણને એ સામગ્રીમાંનો થોડોક રસાસ્વાદ મળ્યો હતો. ઉપરાંત આપણા પ્રાચીન સાહિત્ય પર વેધક પ્રકાશ પાથરતા પણ કેટલાક લેખો અપાયા છે. તેમાં પણ હમણાં હમણાં ફરીથી ચગડોળે ચડેલા પ્રાચીન કાવ્યમાળાને લગતો લેખ પણ સાહિત્યરસિકોમાં ઠીક ઠીક ચર્ચા જગાવે તેવો છે.

આ અંકની સાથે સાથે અમદાવાદથી પ્રસિદ્ધ થતા અને હવે તો "સંદેશ" લિ. ના સંચાલન હેઠળ આવી ગયેલા " **ગુજરાતી પંચ** " દીપોત્સવી અંકનો પણ પરિચય આપી દઉં. " સંદેશ " લિ. ના હાથમાં એનું સુકાન સોંપાયા પછી એનામાં ઠીક ઠીક ચેતન સંચાર થતો રહ્યો છે. એ સંસ્થાના હાથમા જતાં જ એણે નવીન રૂપ રંગે પ્રકટ થવા માંડયું. આ એનો દીપોત્સવી અંક એની પાછળના એના સંપાદકના સાહિત્યવિવેકનો પરિચય આપે છે. એના સંપાદક શ્રી. ધનશંકર ત્રિપાઠી, વર્ષોજૂના એ પત્રના ઉપતંત્રીએ આ ખાસ અંકમાં એમની સંપાદનકળાનો પરિચય કરાવ્યો છે. ટૂંક સમય છતાં એક અચ્છો પત્રકાર ધારે તો પોતાના વાચકોને કેવી રીતે સંતોષી શકે તેનો પુરાવો આ અંક પૂરો પાડે છે. એને ગુજરાતના જાણીતા લેખકો-કવિઓનો ઠીક સહકાર મળ્યો છે. તેમાં શ્રી. રાયચુરા, શ્રી. કેશવ શેઠનાં કાવ્યો હોઇને ગુજરાતના પાટનગરના પત્રકારોનાં જીવનસૂત્રો વાચકનું ઠીક ધ્યાન ખેંચે છે. એમાં અપાયેલા લેખોમાં રા. બ. મગનલાલ અજમેરનો " અજમેરનો અજેપાળ, " " મુંબઇ વિભાગના પુરાતન ઉલ્લેખો, " જેવા ઐતિહાસિક લેખો અને " મેઘાણીની ઉપમાઓ " " દ્વિરેફની નવલિકાઓ " તેમ જ " ગુજરાતી

સાહિત્ય અને આમજનતા " સરખા ઇતિહાસ તેમ જ સાહિત્યમાં રસ ધરાવનારાઓને ઠીક રસ પ્રેરે તેવું વાચન આપે છે. અંકને સચિત્ર કરવા કેટલાંક ચિત્રો પણ અપાયાં છે.

ઉપર મેં તમને સાહિત્ય તેમ જ ઇતર સામયિકોના દીપોત્સવી અંકોનો અલ્પ પરિચય આપ્યો છે. આ ઉપરાંત સ્ત્રીઓ અને બાળકોનાં સામયિકોએ પણ તેમનાં વાચકોને દીવાળીના ટાંકણે વાચનીય સાહિત્ય આપવા પ્રયત્ન કર્યો છે.

સ્ત્રીસામયિકોમાં " **સ્ત્રીશક્તિ** "એ ખાસ અંક પ્રકટ કરી બહેનોને ઉપયોગી એવી ઠીક વાનીઓ આપી છે. તેમાં પણ આપણી "નાગરિક ફરજો" અને " યુદ્ધકાળની કરકસર " શીર્ષક લેખો બહેનોને ખાસ ઉપયોગી જણાય છે. એમાં કાવ્યો પણ છે. ચિત્રો આપી અંકને આકર્ષક બનાવવા પણ ઠીક પ્રયત્ન કર્યો છે. જ્યારે " **ગુણસુન્દરી** "એ પણ એના દીપોત્સવી અંકમાં " મીરાંબાઇનું જીવનચરિત્ર " આપી સાથે એનો તાદશ રૂપે પરિચય મેળવવામાં સહાયભૂત થાય તેવું ગુજરાતના જાણીતા ચિત્રકાર શ્રી. કનુ દેસાઇનું તાજેતરમાં પ્રકટ થતા મીરાબાઇના ચિત્રસંપુટનું એક ચિત્ર આપ્યું છે. એમાંનો જાતીય રૂપાંતરનો લેખ લેખકે બે સામયિકોમાં એક સાથે છપાવવાની ઇચ્છાને કેમ નહિ રોકી હોય ?

અને બાળકો માટે આપણે ત્યાં પ્રકટ થતાં માસિકો " **બાલજીવન** ", " **બાલમિત્ર** ", " **બાલસખા** " અને " **બાળકે** " પોતપોતાની મર્યાદામાં અને ધ્યેયને અનુસરીને ખાસ દીપોત્સવી અંકો પ્રકટ કર્યા છે, એટલે આપણાં બાળકોને પણ દીવાળીને ટાંકણે તેમના બરનું સાહિત્ય તેમને અપાયું છે, એ સંતોષની વાત છે.

આ બધાને અંતે, હવે લખું છું કે, એક ખાસ ઉલ્લેખપાત્ર સામયિકના દીપોત્સવી અંકનો નિર્દેશ કરવો રહી જ ગયો. એ છે સૂરતથી પ્રકટ થતા " **દાંડિયો** " સાપ્તાહિકનો. એણે છેલ્લાં બેએક વર્ષથી પોતાના વાચકોને દીપોત્સવી પ્રસંગનું વાચન આપવા માટે નવો જ આવકારદાયક માર્ગ શરૂ કર્યો છે અને તે ખાસ **વાર્તાઅંક** આપવાનો.

દિવાળીના દિવસો આનંદ મઝામાં વીતાવવાના (આજે તો દુઃખ ભૂલવાના) હોય છે. એવે ટાણે ઘણાઓને વાર્તાસાહિત્ય વાંચવું ગમે એ સ્વાભાવિક છે. તેમાં પણ હાસ્યરસિક વાર્તાઓ આપીને તો સંપાદક ગમગીન માનવોના વિસામારૂપ બન્યા છે. એ દૃષ્ટિએ સંપાદકે આ યોજના ઠીક ઉપાડી છે, જેને વખતોવખત સારો આવકાર મળતો રહે છે.

એકંદરે અનાજની આંધીના આ જમાનામાં, કાગળની તંગી–ના, ના, મોંઘવારીના આ વખતમાં–પોતપોતાના વાચકો માટે ઠીક સાહિત્ય–કલાના રસથાળો પ્રકટ કર્યા છે–અનેક અગવડો, મુશ્કીલતો વેઠીને પણ એમની એ પ્રવૃત્તિને ચાલુ રાખી છે તે માટે આપણે તેમને જરૂર અભિનંદન અર્પીએ. વિશેષ કંઇ નથી.

લિ.
—'રસિક'ના વંદન.



ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય-અમદાવાદનાં પુસ્તકો

૧. પ્રાણીપાઠો—લેખકઃ સ્વ શ્રી. ગિજુભાઇ, મૂલ્ય ૦–૧૦–૦.
૨. ઋતુઓના રંગ—લેખક તથા મૂલ્ય ઉપર પ્રમાણે.
૩. વનસ્પતિ પાઠો—લેખક તથા મૂલ્ય ઉપર પ્રમાણે.

નવયુગ પુસ્તક ભંડાર-રાજકોટનાં પુસ્તકો

૪. સ્વતંત્ર ભારત—લેખક શ્રી. કુંગરસી ધરમસી સંપટ, મૂલ્ય રૂા. ૬.
૫. ક્રાન્તિની ઝાલરી—લેખકઃ શ્રી. બાળગર; મૂલ્ય રૂા. ૩–૦–૦.
૬. અદૃશ્ય માનવી—લેખકઃ શ્રી. ધનશંકર હીરાશંકર ત્રિપાઠી, મૂલ્ય રૂા. ૩–૦–૦.
૭. પ્રથમ અપાઢ—લેખકઃ શ્રી નિરુ દેસાઇ, મૂલ્ય રૂા. ૨–૦–૦.
૮. પરણ્યા પછી—લેખકઃ શ્રી. મહાશંકર ઇંદ્રિજી દવે, મૂલ્ય રૂા. ૨–૮–૦.
૯. નયના—લેખકઃ શ્રી. રસિકલાલ જોષી મૂલ્ય રૂા. ૩–૦–૦.

મેસર્સ એન. એમ. ઠક્કરની કું. મુંબઈ તરફથી

૧૦. બંગાળી જીવન અને સાહિત્ય—લેખકઃ શ્રી. ચાંપશી વિ. ઉદેશી; મૂલ્ય રૂા. ૧–૦–૦

આર. આર. શેઠની કંપની મુંબઈ તરફનાં

૧૧. ભીરુ સાથી—લેખકઃ શ્રી. પન્નાલાલ પટેલ, મૂલ્ય રૂા. ૪–૮–૦
૧૨. મુખની શોધ—લેખકઃ પ્રૉ. વિનાયક સદાશિવ ગોગટે, મૂલ્ય રૂ. ૦–૧૫–૦
૧૩. રસબિન્દુ - લેખકઃ શ્રી. રમણલાલ વ. દેસાઇ, મૂલ્ય રૂા. ૩–૦–૦

નવજીવન પ્ર. મંદિર-અમદાવાદનાં

૧૪. કુંવરબાઇનું મામેરું—સંપાદકઃ શ્રી. ગગનભાઇ પ્ર. દેસાઇ, મૂલ્ય ૦–૧૦–૦
૧૫. અહિંસાની તાલિમ—અનુવાદકઃ શ્રી. ચંદ્રશંકર પ્રાણશંકર શુકલ, મૂલ્ય ૦–૬–૦
૧૬. ગોતરાતી દિવાલો—લેખકઃ કાકા કાલેલકર, મૂલ્ય ૦–૬–૦

ભારતી સાહિત્ય સંઘ-અમદાવાદ

૧૭. દવાનો છેલ્લો ઘૂંટડો—લેખકઃ શ્રી. ભૂપતરાય મો. દવે, મૂલ્ય ૦–૧૨–૦.
૧૮. દીઠું મેં ગામડું જ્યાં—લેખકઃ શ્રી. રતિલાલ અદાણી, મૂલ્ય રૂા. ૩–૦–૦.
૧૯. કાંટાની વાડ—લેખકઃ શ્રી હરજીવન સોમૈયા; મૂલ્ય રૂા. ૨–૮–૦.
૨૦. પુનરાગમન (ખંડ ૧–૨)—લેખકઃ શ્રી. હરજીવન સોમૈયા, મૂલ્ય રૂા. ૩–૦–૦.

બાલજીવન કાર્યાલય-વડોદરાનાં પુસ્તકો

૨૧. પ્રશ્નધારા—લેખકઃ શ્રી. રમણલાલ નાનાલાલ શાહ, મૂલ્ય ૦–૮–૦.
૨૨. આનંદ તરંગ—લેખક–સંપાદક ઉપર પ્રમાણે. મૂલ્ય ૦–૮–૦.

(સાંધણ પૃ. ૪૬૭ને છેડે)

પુસ્તકાલયોની તપાસણી

પ્રચારદ્વાર પ્રાંત પ્રચારકોએ નીચેનાં સ્થળોની મુલાકાત જણાવેલી મુદત દરમ્યાન લઈ ત્યાંની પુસ્તકાલય વા વાચનાલય સંસ્થાઓ તપાસી છે અને દફ્તરી કામની અવ્યવસ્થા દૂર કરી છે. પુસ્તકોના વર્ગીકરણ વગેરેની કામગીરી બજાવી તત્સંબંધી જરૂરી સૂચના-સમજૂત આપી છે; તેમ જ પુસ્તકાલય વગરનાં સ્થળોએ પુસ્તકાલય ખોલવા સંબંધી પ્રચારકાર્ય કર્યું છેઃ—

૧. વડોદરા-નવસારી પ્રાંત પ્રચારક રા. છગનભાઇ મથુરભાઈ પટેલ–ભાલે ઑક્ટોબરમાં–ડેંખેડા મહાલમાંઃ—(૧) હાંડોદ, (૨) અરીઠા, (૩) રેતનપુર, (૪) નંદપુર, (૫) સરડિયા, (૬) રાયપુર, (૭) ચુંડીયા, (૮) પીપળસઠ, (૯) માલપુર, (૧૦) ટીંબા, (૧૧) ખુનવાડ, (૧૨) ભાટપુર, (૧૩) ગરડા, (૧૪) સોનગીર, (૧૫) સંખેડા કસ્બા; વડોદરા મહાલનાં–(૧૬) માણેજ, (૧૭) મકરપુરા, (૧૮) જાંબુવાઃ કામગિરી દિ. ૨૧.

૨. મહેસાણા–અમરેલી પ્રાંત પ્રચારક રા. ભાઈશંકર ટી. ઠાકર–માહે ઑક્ટોબરમાં–મહેસાણા મહાલનાંઃ—(૧) પાંચોટ, (૨) અલોડા, (૩) છઠિયારડા, (૪) ધનપુરા વા.; વિજાપુર મહાલનાં (૫) ખરણા, (૬) પારસા, (૭) સમો, (૮) હરણાહોડા, (૯) બોરૂ, (૧૦) ઉપખલ, (૧૧) સોખડા, (૧૨) વડાસણ, (૧૩) કુકરવાડા ક. (૧૪) ગોઝારીઆ કસ્બા. કા. દિ. ૨૨.

તપાસણી દરમ્યાન પ્રચારકે જે જે ખામીઓ દર્શાવી હોય તે તે વેળાસર સુધારી લેવા તથા જે સૂચના-સમજૂત આપી હોય તેનો યોગ્ય રીતે અમલ કરવા જે તે મંત્રી ભાઈઓને ખાસ ભલામણ છે.

ના. નં. ચોકસી
સહમંત્રી, વ. રા. પુ. મંડળ

(પૃ ૪૬૬નું સાધણ)

૨૩. બાંકે શિયાળ અને બીજી વાતો—લેખકઃ ઉપર પ્રમાણે મૂલ્ય ૦–૧૦–૦.
૨૪. ગબાનાં ગધેડાં—લેખક ઉપર પ્રમાણે. મૂલ્ય ૦–૧૦–૭.
૨૫. સત્યકથાઓ—લેખકઃ ડૉ. મોહનલાલ જ. પાઠક, મૂલ્ય ૦–૬–૦.
૨૬ વરનું સંગીત અને બીજી વાતો—લેખકઃ શ્રી. રમણલાલ નાનાલાલ શાહ; મૂલ્ય ૦–૧૦–૦.
૨૭ દૂધવાળી—લેખક તથા મૂલ્ય ઉપર પ્રમાણે.
૨૮ વાંદરાનો ન્યાય અને બીજી વાતો—મૂલ્ય ઉપર પ્રમાણે.
૨૯ રામજીનો ખજાનો અને બીજી વાતો—લેખક ઉપર પ્રમાણે; મૂલ્ય ૦–૮–૦.
૩૦ બિલ્લીરાણી—લેખક અને મૂલ્ય ઉપર પ્રમાણે.
૩૧ વાઘભગત અને બીજી વાતો - લેખક અને મૂલ્ય ઉપર પ્રમાણે.

અન્ય પ્રકાશકો તરફનાં પુસ્તકો

૩૨. આહુતિ—લેખકઃ શ્રી. ભાઈલાલ હા. પટેલ; પ્રકાશકઃ રંગમંદિર સાહિત્ય સંઘ, આણંદ.
૩૩. The Voice of the Autumn Leaf—લેખકઃ ગાંધીજી, પ્રકાશકઃ હિન્દુસ્તાન હમારા પબ્લિકેશન્સ, મુંબઈ, મૂલ્ય ૯–૪–૬.



ગુજરાતી સાહિત્ય પરિષદનું પંદરમું સંમેલન—શ્રીમંત સરકારના આમંત્રણથી વડોદરા મુકામે તા. ૨૫–૨૬–૨૭ ડિસેમ્બરના રોજ ભરવાનું નક્કી થયું છે. તેના પ્રમુખપદે શ્રી. વિદ્યાબહેન નીલકંઠની વરણી થઇ છે. સંમેલન અંગે ત્રણ વિભાગો રાખવામાં આવ્યા છેઃ (૧) સાહિત્ય વિભાગ; (૨) કલાવિભાગ, અને (૩) વિજ્ઞાન વિભાગ. ત્રણે વિભાગોના પ્રમુખો તરીકે અનુક્રમે શ્રી. ધૂમકેતુ, શ્રી. કનુ દેસાઇ અને શ્રી. ભોગીલાલ પટવાની સ્થાનિક સત્કાર સમિતિએ પસંદગી કરી છે.

એ પ્રસંગે વાંચવા જેવા નિબંધો તા. ૧૫–૧૨–૪૩ સુધીમાં સંમેલનના મંત્રીને * સરનામે મોકલવા જણાવવામાં આવ્યું છે. નિબંધ મોકલનારે બે નકલ મોકલવા સૂચવાયું છે.

ગુ. વ. સોસાયટીનાં પુસ્તકોની વધ્યારી કિંમત—ગુજરાત વર્નાકયુલર સોસાયટી તરફથી પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોના મોટા ભાગનાં પુસ્તકો સને ૧૯૩૯ ની સાલથી ઘટાડેલી કીમતે વેચવામાં આવે છે. આ ઘટાડો હવે રદ કરી મૂળ છાપેલી કીંમતે જ પુસ્તકો વેચવાનું સોસાયટિએ હવે ઠરાવ્યું છે. પરંતુ સોસાયટીના સભ્યો, જાહેર જનતા, પુસ્તકાલયો તેમ જ બૂકસેલરો પોતાને જરૂરી પુસ્તકો ઘટાડેલા ભાવે ખરીદી લઇ શકે તે માટે તા. ૩૦ મી નવેમ્બર ૧૯૪૩ સુધી ખરીદનારને પુસ્તકો ઘટાડેલી કીંમતે આપવાની જાહેરાત થઇ છે. તો ખરીદવા ઇચ્છનારને તા. ૩૦ મી નવેમ્બર ૧૯૪૩ સુધીમાં પોતાને જરૂરી પુસ્તકો ખરીદી લેવા સૂચના છે. પુસ્તકોની યાદી માગણી કરવાથી સોસાયટી પૂરી પાડશે.

કામરેજ મહાલ પુ. પરિષદ—કામરેજ મહાલ પુ. પરિષદ તા. ૨૮–૧૧–૪૩ ને રવિવારના રોજ, દિગસ (તા. કામરેજ) મુકામે મે. રા. રા. નવસારી પ્રાંત શાળાધિકારી સાહેબના પ્રમુખપદે મળનાર છે.

વિજાપુર મહાલ પુ. મંડળ તરફથી ઇનામી નિબંધ તથા શિષ્ટવાચન પરીક્ષા—ઉપર્યુક્ત મંડળ તરફથી "પુસ્તકાલયનો કાર્યપ્રદેશ" એ વિષય પર નિબંધ લખાવવા નિયત કરવામાં આવ્યું છે. નિબંધ લખવા ઇચ્છનારે તા. ૨૫–૧–૪૪ સુધીમાં, સદર મહાલ પુ. મંડળના મંત્રી તરફ મોકલી આપવો. નિબંધ " પુસ્તકાલય " માસિકના કદનાં પૃષ્ઠ ૮ થી ૧૦માં સમાય તેટલો હોવો જોઇશે. પહેલા નંબરે આવનાર નિબંધલેખકને રૂા. ૧૦), બીજાને રૂા. ૮ અને ત્રીજાને રૂા. ૬) પારિતોષિક તરીકે રોકડા અથવા પુસ્તકરૂપે આપવામાં આવનાર છે. આ નિબંધહરીફાઇમાં વિજાપુર મહાલના શિક્ષકો, ગ્રંથપાલો વા મંત્રીઓ ભાગ લઇ શકશે.

સદર મહાલ પુ. મંડળ તરફથી શિ. વા. પરીક્ષા માટે " ટોમસ અર્ઠવા એડીસન " (શ્રી. રસૂલભાઇ વહોરા કૃત) નમૂદ થયું છે. પરીક્ષા તા. ૧૯–૧૨–૪૩નાં રોજ લેવાશે અને પ્રાથમિક તેમ જ માધ્યમિક શાળાના વર્ગ ૫ થી ૭ સુધીના વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે. એ માટેની અરજી સદર મહાલ પુ. મંડળના મંત્રીને તા. ૧૨–૧૨–૪૩ પહેલાં મોકલી આપવી.

---

* શ્રી. ભાઇલાલ પ્રભાશંકર કોઠારી, મંત્રી ગુજરાતી સાહિત્ય પરિષદ પંદરમું સંમેલન, C/o પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા.

સામયિક નોંધ

વહેંચીને ખાઓ

એ એક દુર્ભાગ્ય બની ગયું છે કે જેઓ ગ્રામજનતામાં ઈશ્વરને પેખનારા હતા તેઓ વેરણછેરણ છે અને જે સમાગમ પ્રથમ સહેલમાં સધાતો તે અત્યારે દુષ્કર બન્યો છે.

ગામડાંઓ પોતામાં એકત્ર નથી. ગામની થાંભલી ' રોપાઈ ત્યારથી એક કુટુંબરૂપ બની રહેલાં ગામડાં અત્યારે માંહોમાંહેના કલહ-દ્વેષ આદિથી છતી સમૃદ્ધિએ ભૂખાળવાં લાગે છે.

બીજી બાજુ, નહિ કોઈ એક જ્ઞાત-જાત, નહિ કોઈ સ્નેહ-સગપણ, નહિ કોઈ એક ગામ કે એક ધંધો, છતાં ઉદ્યોગાર્થે કયાં કયાંથી આવી વસેલા શહેરવાસીઓ સગવડ-સંપથી સૌનો જીવનનિર્વાહ સરળતાથી ચાલે તે માટે વગર પરિશ્રમે ગામડાંઓનાં રાત-દિવસના અથાગ પરિશ્રમનું ફળ ભોગવી શકે એ રીતે અત્યારે પોતપોતાનું જૂથ બનાવવા લાગ્યા છે.

શહેરીઓ આ રીતે નવા આવનારને પોતામાં સમાવી દઈ પોતાનું જૂથ જગાવે છે ત્યારે ગ્રામજનતા જે હજારો વર્ષથી પોતાનો છે તે ભાઈનો તિરસ્કાર કરી, તેને તરછોડી, તેને ભૂખ્યો રાખી જે કોઈ તેને પાયમાલ કરનાર છે તેનાં ઘર હોંશે હોંશે ભરીને પોતાની બેસવાની ડાળને જ પોતે કાપે છે.

પહેલાં ગામડાંઓમાં વહેંચીને ખાવાની રસમ હતી. વાર તહેવારે ગામડાંઓ ગામ બહાર ઉજાણીએ જતાં. તે દિવસે કામધંધા બંધ રહેતા. સૌ ભેદ-ભાવ ભૂલી જતાં. સૌ પોતપોતાને ઘેરથી ભાથું લઈ જતાં. કોઈ ઢેબરાં લાવે તો કોઈ લાડુ લાવતું, કોઈ દૂધપાક લાવે તો કોઈ કઢી લાવતું; કોઈ ભજિયાં લાવતું; કોઈ વડાં લાવતું; કોઈ શાક લાવતું, કોઈ અથાણાં લાવતું, કોઈ પકવાન, મોતીચુર ચુરમું કે કેસર-કસ્તૂરી-અંબરના પાક તો કોઈ જ્વારના ને બાજરીના રોટલા લાવતું, એમ અનેક વિવિધ વાનીઓ સહેજમાં ખડી થઈ જતી. જ્ઞાત જાતના ભેદ રહેતા ખરા, તથાપિ ગામડાંઓમાં અમુક ખાદ્ય પદાર્થો ના અભડાય એટલે મોટા ભાગે સૌમાં તેની લેવડદેવડ થતી. કોઠારજી આગળ છપ્પનભોગનો અન્નકૂટ ખડો થાય તેના કરતાંયે આ અન્નકૂટની સામગ્રી વધી જતી; કારણ કે અહીં તો પરમાત્મા પ્રકટરૂપે તે આરોગનારા હતા.

' વહેંચીને ખાવાની ' આ પદ્ધતિથી દરેક જણ અનેકની મહેનતનું ફળ સહેજે પામતો.

અત્યારે એ રસમ ચાલુ કરવાનો કાળ આવ્યો છે. શું કરવું તેનો સૌ વિચાર કરશો તો એક જ વાત આંખ આગળ તરશે. તે એ, કે, હવે વેર-વેર, કલહ-કંકાસ, એ બધાંને દાટી દો અને ગામનાં સૌ કોઈ એકત્ર કુટુંબરૂપ બની જાવ. કોઈને ભૂખ્યા રહેવાનો કે ગામ

છોડવાનો વખત ના આવે એ રીતે એક એકના સાથી બની જાવ. જેને અનાજની જરૂર છે તેનાં ઘર અનાજથી ભરી દો. અત્યારે એક રૂપિયો રોજ આપતાંયે મજૂર નથી મળતા તે બે રૂપિયા આપતાંયે નહિ મળે અને ધરતીનું આપ્યું અનાજ વણસી જશે અથવા તો કોઈ બીજા વાદી લેશે. જેમનાં ઘરમાં અનાજ નહિ હોય તે ભૂખે મરવા લાગશે તો પછી ગામડાંમાં જે અનાજવાળાં હશે તે સુખે નહિ ખાઈ શકે.

પૈસાને તો ' કૂતરાંયે સૂંઘતાં નથી ' એ આંજે પ્રત્યક્ષ અનુભવાય છે. ' સત્તા 'ની વાત તો આપણા હાથમાં નથી.

એટલું યાદ રાખજો કે ગામડાંને કોઈ દેવાનું નથી; ગામડાં પાસેથી સૌ લેવાના છે. દાતાર ફીટી જઈને માગણ થયે કાંઈ મળવાનું છે જ નહિ. માગણ બનવાનો વખત ના આવે તે માટે જ વહેંચીને ખાવાનું છે અને એ ગામડાંની જૂની પુરાણી બાપદાદાના વખતથી ચાલતી આવેલી રસમ છે.

ગુજરાતનાં ગામડાંઓ પર મોટા ભાગે વૈષ્ણવ ધર્મની અસર છે. તે ધર્મના આચાર્ય શ્રી વલ્લભાચાર્યજીએ આવા આપત્કાળે શું કરવું તે માટે ગાયું છે કે ' ભગવાનનું-શ્રીકૃષ્ણનું-શરણ એ જ એકમાત્ર ઉપાય છે ' અને તે કૃષ્ણ-તે ભગવાન-દરેક ગામના ગોકુળમાં સ્નેહસંમેલનના ઉત્સવોમાં જ્યારે જ્યારે તેને યાદ કરો ત્યારે ત્યારે પ્રકટે જ છે તે અનુભવની વાત છે; વાણીથી કહેવાતી વાત નથી. દરેક ગામ ગોકુળ બનીને સ્નેહસયોજિત બની રહેશે તો આવો અનુભવ મેળવી શકશે અને ઉપર જણાવ્યું તેમ જો સૌ વહેંચીને ખાશે તો એ પ્રકટ પરમાત્મા દુઃખની ઘડી નહિ આણે.

શ્રી. ડાહ્યાભાઈ મ. પટેલ

(' ગુજરાત સમાચાર 'માંથી.)

સ્વદેશીનું અર્થશાસ્ત્ર

દેશી માલ ખરીદવાનો નિયમ પકડવાથી અર્થશાસ્ત્રના કાયદાનો ભંગ થશે તેવું જેઓ કહેતા હોય તેમને હું પૂછીશ, કે અર્થશાસ્ત્ર કોનું બનાવેલું છે ? આપણી શાળાઓમાં અને કૉલેજોમાં જે અર્થશાસ્ત્ર શિખવાય છે તે અંગ્રેજોનું બનાવેલું છે. અહીંના અર્થશાસ્ત્રની નીતિ અંગ્રેજો કેનેડા અને ઑસ્ટ્રેલિયાવાળાને કેમ લાગુ પાડતા નથી ! અંગ્રેજોએ તેમના દાદાના અર્થશાસ્ત્ર માટે ઇંગ્લિશ્ત અને હિંદુસ્થાન એ બે દેશો પસંદ કર્યા છે. જેમ એક અર્થશાસ્ત્ર બનાવનાર બ્રાહ્મણ તેમાં તેના પોતાના લાભનું લખવાની સંભાળ રાખે છે, તેમ અંગ્રેજોએ તેમના બનાવેલા અર્થશાસ્ત્રમાં લખેલું છે. તેમના ઉદ્યોગદુન્યો આબાદ થયા પછી તેમણે પોતાનું અર્થશાસ્ત્ર બનાવ્યું છે. હવે જો અંગ્રેજોનું અર્થશાસ્ત્ર ખરું હોય, તો બીજા દેશો તેમના અર્થશાસ્ત્ર પ્રમાણે કેમ વર્તતા નથી !

(' ભાષણો અને લેખો, ' પૃ. ૭) સ્વ. દિ. બ. અંબાલાલ સા. દેસાઈ

પાટણની પૂર્ણિમા

પાટણની પૂર્ણિમા પ્રગટી હતી. સિદ્ધરાજ જયસિંહના રાજયુગમાં પાટણ નગરીની પરમ શોભા ત્યારે હતું સહસ્રલિંગ સરોવરઃ દેવની હથેળી સમું, મહાવિશાળ કોટિદળ પદ્મ સમું, નગરીની મધ્યમાં પડેલું. સરોવરની પાળે હતી રોણકદાર સહસ્ર શિવદહેરીઓ ને સહસ્ર શિવઘંટાઓ. એક દોરી બેચ્યે સહસ્ર ઘંટા શિવઘંટા સામટી ગાજી ઊઠે એવી હતી ગુર્જરેશ્વરના શિલ્પીની કલાકરામત. એ અખંડ નાદથી પાટણનગરી છ પ્રહરો ગાજી રહેતીઃ જાણે પાટણની કલ્યાણઘંટાઓ વાગી.

સરોવર વચ્ચે હતું ઘટામંડપનું ઉદ્યાન નાવડીઓમાં તરતાં–ગાતાં પાટણનાં રસિકરાજો અને પાટણની રસરસીલીઓ સરોવરજળના જળવિહારે સંચરતાં. શિવરાત્રિએ શિવરાત્રિએ, માસે માસે, જ્યારે સહસ્રલિંગની સહસ્ર દહેરીઓએ સો–સો દેવદીવડાની દીપમાળા ઝળહળતી ત્યારે એ એક લાખ દીવડાઓ ગગનઉતારેલા લાખ–લાખ તારામંડળ સમા, પાટણની અન્ધારી ચૌદશનો દિવસ કરતા. પાટણ ત્યારે અન્ધારાનાંયે અજવાળાં કરતું.

ઈસ્વી ૧૫૬૦ પર્યન્ત સહસ્રલિંગ સરોવરમાં જળનાવડીઓ ફરતી. મહાસુભટ ખાનંખાનાનના યોધપિતા, અકબરના અતાલિક, પાણીપતના વિજેતા, ઉખડી પડેલી મુગલાઇને દિલ્હીદુર્ગે પુનઃ સ્થાપનાર, બાદશાહી વંશના મહાનામ જમાતૃ મક્કા શરીફની જાત્રાએ જતાં પાટણ આવ્યા હતા. ઘટામંડળેથી પાછા વળતાં, જલવિહારિણીમાંથી ઊતરતાં જ, એ ખાન બહેરામખાનનો એક અફઘાને ઘાત કીધો. એ અફઘાનના પિતાને ખાનખાનાએ સરહિન્દના સંગ્રામમાં સંહાર્યો હતો ને પિતાનું વેર પુત્રે પાટણમાં સહસ્રલિંગની પાળે લીધું.

પાટણમાં કેટલો આરસ પથરાયો હતો એ તો ચન્દ્રાવતીની આરસખાણોને પૂછજો.

સરસ્વતી નદીને સિદ્ધરાજ મહારાજે સહસ્રલિંગમાં વહાવી હતી. રોમ પાણીસ લંડનની જલસરણીઓની પેરે પાટણની હૈયાસેર સમી સરસ્વતી, નગરી વચ્ચે થઇને વહતી. જયસિંહ માત્ર દેશો જીતતો એમ નહિ; સરોવરો ગાળતો, દુર્ગો સ્થાપતો, લાખ્ખોના કરવેરા રદ કરતો, પર્વતો પાડતો, નદીઓ વાળતો સહસ્રલિંગ જળજળ ભરપૂર રહેતું. સરોવરના એક પાર્શ્વે હતો રાજપ્રાસાદ; ને સામે પાર્શ્વે પાટણની હવેલીઓએ ફડફડાટ હતા નગરીના ધનપતિઓના લક્ષ્મીધ્વજો, ને ધર્મમંદિરોએ ઝળહળતા હતા દેવશિખરોના સુવર્ણકળશો. રાજપ્રાસાદ અને રાજનગરીની વચ્ચેની પૂર્વપાળે ઉદ્યાનોમાં પાટણનાં વિદ્યાપીઠો ને વિહારો હતાં, જે ગુર્જર–મહાપ્રજાને જ્ઞાનામૃત પાઈ મેધાવી કરતાં. પડખે હતું વિશાળું યોધમયદાન. ધનુર્ધરો ત્યાં ધનુર્વિદ્યા સાધતા. અશ્વરાજો ત્યાં અશ્વો ખેલાવતા, રાયકાઓ પવનપંથી સાંઢણીઓ કેળવતા, મહામહાવતો ગજરાજોને દુર્ગદ્વારો તોડતાં શીખવતા, સરસ્વતી સિદ્ધપુરેથી વટેશ્વરે આવતી ને સહસ્રલિંગને ભરીને આયમણે વહી જતી. ત્યાં હતું ત્રણ કોસનું પાટણનું મહાવન. એ મહાવનની વનકુંજોના અવશેષરૂપે આજેયે ત્યાં કુંજેરનું ગામડું છે.

દિશાવિશાળા દેશમાર્ગો સર્જી પાટણનગરીમાથી ચહુદિશે રાજમાર્ગોની ચતુર્ભુજાઓ વિસ્તરતી. ઉનાવા ઈડર દોહદને વટાવી પૂર્વ–રાજમાર્ગ માળવામાં ધાર ને ઉજ્જયિનીએ

(સાંધણ પૃ. ૪૭૨ને છેડે)

બોમ્બો તોડી ન શકે એવી—

ચીનની અર્વાચીન વિદ્યાપીઠ

જાપાનીઓ આવે અને સામગ્રી અને સંસ્કૃતિનો નાશ કરે તે પહેલાં જ ચીનાઓએ તેમનાં કારખાનાંઓનાં યંત્રો ખસેડી લીધાં–તેમના વિદ્યાપીઠનાં મથકો ખસેડી નાખ્યાં. યંત્રોને તેમણે ખાંધ પર લઇ લીધાં. અને પુસ્તકોને તેમણે તેમની બગલમાં માર્યાં અને એ યંત્રો અને પુસ્તકો લઇને તેઓ અંદરના ભાગમાં આવી વસ્યા. ત્યાં તેમણે યંત્રો ગોઠવી કારખાનાઓ કર્યાં અને અભ્યાસને માટે–ચીનની સાંસ્કૃતિક જ્યોતને જવલંત રાખવાને ત્યાં તેમણે વિદ્યાપીઠ બનાવી. દુશ્મનના હાથે સંહાર થાય તે પહેલાં તેમણે વિસર્જન થતી સૃષ્ટિની સામગ્રી ખસેડીને નવી સૃષ્ટિનું સર્જન કર્યું–ચીનના પ્રાણને પ્રાણવંત રાખવાને.

જાપાનીઓએ કરેલું વિસર્જન

પૂર્વના સમુદ્રકાંઠા પર એમનાં જે ઉદ્યોગકેન્દ્રો હતાં તે જાપાનીઓએ કબ્જે કર્યાં. એમની વિદ્યાપીઠોનું દુશ્મનોએ સળગાવી મૂકીને વિસર્જન કર્યું. જર્મનોની જેમ જાપાનીઓ પણ એક વાત જાણે છે કે પ્રજાનો નાશ કરવાને જેટલી આવશ્યકતા ઉદ્યોગનો નાશ કરવાની છે તેટલી જ આવશ્યકતા વિદ્યાપીઠના અધ્યાપકોને મારી નાખવાની છે–એનાં પુસ્તકાલયોને ભસ્મીભૂત કરવાની છે. ચિનાઓ પણ જાપાનીઓ શું શું કરી શકે છે તે જાણતા હતા અને જાણે છે.

હીજરતની રેલ

ચીની પ્રજાના ઇતિહાસમાં દેશાંતર કરવું એ નવીન હકીકત નથી. જાપાનીઓ સાથેના યુદ્ધમાં ચાંગ કાઈ શેકના લશ્કર સાથે જોડાવાને આઠસો માઇલની લાલ લશ્કરની શાન્સી પ્રાંતમાંથી અવિરત કૂચ એ ચીનાઓ માટે આજના આક્રમણકારની સામે એક તાલીમ હતી. સહાયકારી ઉદ્યોગપ્રવૃત્તિ પણ જાગી અને એ પ્રવૃત્તિને લીધે નાનાં હથિયારો બનાવવાનાં કારખાનાંઓ ઠેકઠેકાણે થવા લાગ્યાં. તેની જ સાથે ઠેકઠેકાણે કામદારોના નાના નાના સંઘ પણ જાગ્યા.

કાન્ગડાહ વિદ્યાપીઠ

પણ નવા ચીન માટે વધારે મહત્ત્વની હકીકત તો એ છે કે તેમણે યુનાન પ્રાંતમાં કાન્ગડાહ ખાતે વિદ્યાપીઠ ખસેડી. ત્યાં તેમણે ચીનના નવા નેતાઓનાં ઘડતર ઘડવા માંડ્યાં

(સાંધણ પૃ. ૪૭૬ને છેડે)

જતો. ચન્દ્રાવતી અર્બુદાચળ આરાવલ્લી વીંધીને ઉત્તર–રાજમાર્ગ ચૌહાણોના તારાગઢે ને રાજમાર્ગ સિદ્ધાચળે ને ગિરિવર ગિરનારે ચડતો. ડભોઇ દુર્ગે નર્મદા ઊતરી, ભાગલાણ પ્રસ્થાનપુર દેવગિરિની ઘાટીએ ઓળંગી, ચોથો દક્ષિણ રાજમાર્ગ દક્ષિણાપથમાં મલયાદ્રિના અગરચન્દન વીણવાને તૈલંગાણે જતો. પાટણની ભુજાઓ મહાવિશાળ હતી.

—કવિ ન્હાનાલાલ

(" કુમાર " માંથી)

અનંત મહાસાગરમાં ઊંડે પહોંચવા હામ ભીડનાર ડૉ. પીકાર્ડ

કલ્પનામાં પણ ન આવે એવી ગેબી દુનિયા અનંત મહાસાગરની ભીતરમાં છે, એક હજાર વાર ઊંડાણે તો બે અમેરિકન તારાઓએ એક વીજળીક બત્તીઓના દીવાઓની હારથી ઝગી ઉઠેલી સ્ટીમર જેવી દેખાતી માછલી જોઇ. હવે ડૉ. પીકાર્ડ છ માઇલ ઊંડે પહોંચવાના છે. ત્યાં એમને શું શું જોવા નહિ મળે? ડૉ. પીકાર્ડ છ માઇલ ઊંડે કેવી રીતે પહોંચશે તે આ લેખમાં બતાવવામાં આવ્યું છે.

થોડાંક વર્ષો અગાઉ અમેરિકાના બે વૈજ્ઞાનિકો વિલીઅમ બીબ અને ઓ. બાર્ટન બર્મુડાના ટાપુ નજીકમાં દરિયામાં એક હજાર વાર ઊંડે જઈ આવ્યા ત્યારે એમણે મેળવેલી સિદ્ધિ લોકોને આશ્ચર્યભરી લાગેલી. પણ હવે એડિન્બરા યુનિવર્સિટીના પ્રોફેસર પીકાર્ડ દરિયામાં છ માઇલ ઊંડે સુધી પહોંચવાના છે એટલે કે અમેરિકનો જેટલે ઊંડે ગયા હતા તેનાથીયે દસગણા ઉંડાણમાં હવે પ્રો. પીકાર્ડ જશે.

બીબ અને બાર્ટને દરિયામાં ઊતરવા માટે ધાતુનો ગોળો બનાવેલ હતો અને તેને લોખંડના દોરડાથી લટકતો રાખવામાં આવ્યો હતો. તે દોરડું એક હજાર એકસો વાર લાંબું હતું. આમ એમની સફળતાનો બધો આધાર પેલા દોરડા પર હતો. જો એ તૂટે તો જાય અને

(પૃ ૪૭૨નું સાંધણ)

—ચીનની પ્રજાના આવતી કાલના નાયકોને ત્યાં તાલીમ મળવા લાગી. ચીની સામ્યવાદી પક્ષના નેતા—ટસેટુંગ એ વિદ્યાપીઠના કુલપતિ છે. ચીની લાલ લશ્કરે યોજેલી સેના માટેની બધી પ્રણાલિકાઓ અને પદ્ધતિઓ અહીં વિદ્યાર્થીઓને શીખવવામાં આવે છે. અભ્યાસક્રમમાં મુખ્યત્વે રાજકીય અને તત્ત્વજ્ઞાનના વિષયો છે. પણ એની જ સાથે ચીનની સંસ્કૃતિ અને કલાના—ચીનના નવીન ઘડતરમાં—સુધારામાં ફાળો આપનાર કળાનો અભ્યાસ પણ છે. સંગીત, ચિત્ર અને સાહિત્ય પણ શીખવવામાં આવે છે.

કેળવણીના એક જ ઉદ્દેશ

એની બધી કેળવણીનો એક જ ઉદ્દેશ છેઃ ચીનને જાપાનીઓના હાથમાંથી છોડવવાનો. વિદ્યાર્થીઓને જે કેળવણી, તાલીમ આપવામાં આવે છે તે નહિ કે તેમને માત્ર વિદ્યાર્થીઓ અને પંડિત બનાવવાને, પણ તેમને ચીનના તારણહાર બનાવવાને, ચીનની સંસ્કૃતિના રક્ષક બનાવવાને. વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ સમૂહગીતો ગાય છે, પણ તે સમૂહગીત ચીનના શૂરવીરોનાં હોય છે. તેઓ નાટક કરે છે, પણ તે નાટક જનતાને પ્રેરણા આપે છે સક્રીય થવાને. બધા જ માનવોને સ્વતંત્ર રહેવાનો અધિકાર છે એ તેમના તત્ત્વજ્ઞાનની ચર્ચાનો વિષય છે.

યુનાનની બોમ્બથી રક્ષિત એવી ગુફાઓમાં આજે ચીનના યુવાનો ચીનનું ભાવિ ઘડી રહ્યા છે. એ શીખ્યા પછી એ વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ કૂચ કરે છે સમરાંગણમાં જવાને—ચીનના તારણહારની કીર્તિકલગીનો યશ પામવાને વીરની વાટે !

(" પ્રવાસી " તા. ૧૦-૧૦-૪૩)

ટકી રહે તો સફળતા મેળવીને જગતમાં નામના મેળવે ! પણ પ્રો. પીકાર્ડ માટે છ માઇલ લાંબું દોરડું બને કેવી રીતે ?

અને કદાચ બને તોયે તે ટકે જ નહિ. છ માઇલ નીચે લટકતા ગોળાનું ખેંચાણ દોરડું તોડયા વિના ન જ રહે. આથી પ્રો. પીકાર્ડે એની શોધ કરી છે કે આવા દોરડાની એ ગોળાને કશી જરૂર પડશે જ નહિ. દરિયાની સપાટી ઉપર એમનો કોઇ પણ રીતે સંબંધ રહેશે જ નહિ. એમનો ગોળ સબમરીનની જેમ નીચે જશે અને ઉપર આવશે. એ ગોળાને ખેંચવા માટે દોરડાની જરૂર નહિ રહે.

પારદર્શક ધાતુનો ગોળો

એક હકીકત યાદ રાખવાની છે કે જે ગોળા વડે એ બે અમેરિકનો ઊતરેલા તેના કરતાં આ ગોળો ખૂબ મજબૂત હોવો જોઇશે. હજાર વારના ઊંડાણે જે દબાણ હોય તેના કરતાં છ માઇલ ઊંડાણે દબાણ કેટલું બધું હશે, એનો ખ્યાલ રાખવાનો છે. પ્રોફેસર પીકાર્ડે અનેક ધાતુઓના અખતરા કરી જોયા છે. આ ગોળા માટે એમને કયો ધાતુઓ ઉપયોગી થઇ પડશે તેની શોધ એમને મળશે જ એવી એમને આશા છે.

એલ્યુમીનિયમ અને મેગ્નેશિયમ ધાતુના મિશ્રણની ધાતુ એમણે શોધી છે. નવ માઇલ ઊંડાણે જે દબાણ રહે એ જ દબાણ સાથે એ ધાતુ પર અખતરો પણ કરી જોયો છે, પણ એનાં શાં પરિણામ આવ્યાં એ એમણે હજી જાહેર નથી કીધાં. બીજી બાજુ એમ કહેવાય છે કે એમણે એનાથીયે વધારે સારી ધાતુ શોધી કાઢી છે, જે આ ધાતુ કરતાં વધારે મજબૂત છે. તેની જ સાથે તે ધાતુ પારદર્શક પણ છે. આમ ગોળો પારદર્શક નહિ એવી ધાતુનો બનાવી એમાં બહાર જોવા માટે મજબૂત જાડા કાચની બારીઓ રાખવી પડે એમ ન કરતાં આ ગોળો જ એવા પ્રકારનો થશે કે પ્રો. પીકાર્ડ અંદર બેઠા બેઠા દરિયાઇ દુનિયાની લીલા જોઇ શકશે.

ઊંચે નીચે જઇ શકે એવી વ્યવસ્થા

હવે આ ગોળાને પાણીમાં ડૂબવું પણ અઘરું નહિ પડશે; કારણ કે એમાં એ પ્રકારની યોજના રાખવામાં આવી છે કે જેટલી જગા એ ગોળો રોકે તેટલા જ ભાગના પાણીનું વજન એના કરતાં ઓછું હશે. આથી ગોળો સહેલાઇથી પાણીમાં નીચે ઊતરી શકશે. આ ગોળાનો વ્યાસ બે વારનો રહેશે અને એનું પડ પાંચ ઇંચ જાડું રહેશે. જ્યારે એઓ ગોળાને અટકાવીને નિરીક્ષણ કરવા માગતા હશે ત્યારે ગોળાની ગતિ એક સેકન્ડે એક વારની કરી શકશે. એઓ જ્યારે ગોળો પાછો ઉપર આણવા માગતા હશે ત્યારે તેઓ ગોળાને પાણી કરતાં હલકો કરી શકશે.

પ્રો. પીકાર્ડને આશા છે કે છ માઇલના ઊંડાણે એઓ પ્રાણી અને વનસ્પતિની કોઇ નવી જ દુનિયા જોશે અને આ હકીકત સાચી છે. કારણ કે કેટલાક વૈજ્ઞાનિકો માને છે કે પાણીમાં જેટલે ઊંડે પ્રાણીઓ તેટલાં મોટાં તેમનાં કદ અને એ હિસાબે ગણીએ તો છ માઇલના ઊંડાણે પ્રો. પીકાર્ડને રાક્ષસી પ્રાણીઓ જોવાનાં મળશે. બીજી વાત એ છે કે એમના ગોળાની દિવાલ પારદર્શક હોઇને પ્રાણીને એ ઘણી નજદીકથી પણ જોઇ શકશે.

જેથી દુનિયાની અજાયબીઓ

બીલ અને બાર્ટને હજાર વારના ઊંડાણે જે જોયેલું તે આંધળે મન પરીક્ષા સમાન છે. આ ઊંડાણના સંપૂર્ણ અંધારમાં માછલીઓને પોતાનો પ્રકાશ હોય છે અને તે પ્રકાશ વડે

તેઓ પોતાનો માર્ગ જોઇ શકે છે. જાણે એમનામાં વીજળીક બત્તી મુકાઇ હોય એમ લાગે. દુનિયામાં વીજળીક બત્તીઓનો પ્રકાશ માણસો જ માણે છે, પણ દરિયામાં પણ આ પ્રકાશ વીજળીક બત્તીના જેવો જ લાગે. કુદરતની એ રચના ખરેખર અદ્‌ભુત છે. એમણે એક માછલી એવી જોયેલી કે અંધારામાં તમે દરિયામાં જતી સ્ટીમરને જુઓ એવી જ દેખાય. જેમ સ્ટીમર પર લાઇટની હારનો પ્રકાશ દેખાય, તેવી જ રીતે આ માછલી સુંદર વીજળીક બત્તીઓની પાંચ હાર ધરાવતી હતી. દરેક બત્તીની આસપાસ જાંબુડા રંગનું પ્રકાશિત કુંડાળું હતું.

આ હકીકત તો હજાર વાર ઉંડાણની. પણ એના દશગણા ઉંડાણમાં શું શું જોવા મળશે એની કલ્પના જ કરી લ્યો ! આ ઉંડાણમાં તો પ્રો. પીકાર્ડને કેવા કેવા દિવ્ય પ્રકાશ જોવાના મળશે ? જેથી દુનિયાનાં કેવાં જાદુ એમની આંખોને આંજી દેશે ? એમ કહેવાય છે કે દરિયામાં વીસ વારના ઉંડાણે માણસ ઊતરે કે પછી માનવચક્ષુ દમ વારથી આઘેના અન્તરની કોઇ પણ વસ્તુને જોઇ શકતાં નથી. ત્રીસ વારે તો લગભગ બધી જ વસ્તુઓ સહેજ અંધકાર આચ્છાદિત હોય એમ લાગે. અને પૂરા ત્રણસો વારના ઉંડાણે તો તમારે અમાસની ઘોર રાતડી જ જોવાની ! પછી તો ત્યાં તમને કશું જોવા ન મળે.

આ હકીકત પરથી એક વાત એ પણ સિદ્ધ થાય છે કે વધારેમાં વધારે ૨૨૫ વારના ઉંડાણે વનસ્પતિ જોવી દુર્લભ બને. વનસ્પતિ એટલા ઉંડાણે થવી સંભવે જ નહિ. કારણ કે વનસ્પતિના જીવનને ઓછામાં ઓછા પ્રકાશની યે જરૂર રહે છે જ. ત્રણસો વારથી વિશેષ ઊંડાણમાં વનસ્પતિ જોવી શકય નથી, પણ બીજી બાજુ કેટલાક વિજ્ઞાનીઓનું એમ પણ કહેવું છે કે કેટલાંક કિરણોનું પૃથક્કરણ થતાં આછેરો પ્રકાશ છેક હજાર વાર સુધી પહોંચે છે અને એ ઉંડાણ સુધી પ્રાણી તેમ જ વનસ્પતિ જોવા મળી શકે. જ્યારે કેટલાકનું કહેવું એમ પણ છે, કે ચાર માઇલના ઊંડાણ સુધી પ્રાણીઓ જોવા મળી શકશે.

ગમે તેમ હોય તેમ છતાં એક વાત સિદ્ધ છે કે પ્રો. પીકાર્ડ માટે આ નવી દુનિયા છે, જેના વિષે આપણે કશુંજ ચોક્કસ નથી જાણતા. એ દુનિયાના દર્શન પ્રો. પીકાર્ડને કરવા મળશે અને જ્યારે એઓ જોઇને પાછા ધરતીની સપાટી પર આવશે ત્યારે દુનિયા ગેબી મહાસાગરની ખરી હકીકત જાણી શકશે.

એમની સાથે કેવી સાધન-સામગ્રીઓ હશે ?

હવે એમના ગોળા અંગેની ખાસ રસિક વાત. જ્યારે એમણે દરિયાના ઉંડાણમાં જોવાનું કામ પતાવ્યું હશે ત્યારે ઉપર ચડતી વખતે એ ગોળો કયાં આવી ઊભો રહેશે એ કોઈ કહી શકે નહિ. એમણે ઉપરની દુનિયા સાથે સંબંધ જાળવવાને એમની સાથે વાયરલેસ ટ્રાન્સમીટરની જોગવાઈ રાખી છે. એની જ સાથે એમની પાસે બીજું પણ એક સાધન રહેશે. તે સાધન વડે એઓ કેટલા ઊંડા ઊતર્યા છે તે એઓ જાણી શકશે. તેમ જ નાના રૂપનું વીજળીક પાવર સ્ટેશન પણ એમની સેવામાં રહેશે, જેથી એમની યાંત્રિક રચનાઓ વ્યવસ્થિત રીતે સક્રોય રહી શકશે. એટલું જ નહિ પણ એનાથી એમને જોઇતો પ્રકાશ પણ મળી રહેશે. એમની સાથે એઓ એક કેમેરા પણ લેશે જ, જેથી ગેબી દુનિયાનાં જાદુઇ દૃશ્યોની તસ્વીર લઇને એઓ ધરતી પરની જનતાને બતાવી શકશે.

[તા. ૭-૧૧-૪૩ ના " પ્રવાસી "માંથી]

આપણી કેટલીક નાગરિક ફરજો

એક તરફ આપણો આમજનતા દ્વારા રાજકીય આંદોલનોને સાથ આપવા ખંડે પગે તૈયાર હોય છે; ત્યારે બીજી બાજુ આપણી એ જ આમજનતા પોતાની નાગરિક ફરજો બજાવવામાં પાછી પણ પડતી જાય છે. એનાં કેટલાંક દૃષ્ટાંતો આ લેખમાં આપવા યત્ન કર્યો છે.

એક તો આપણે સુશિક્ષિત હોવાથી આપણને આપણી નાગરિક ફરજોનું પૂરું ભાન હોવા છતાં કેટલીક વાર આપણે તે પ્રત્યે, આળસના કારણે અથવા જાણી બૂઝીને કે ધરાર-પૂર્વક બેદરકારી દાખવીએ છીએ.

આપણે સવારમાં ઊઠીને દાતણ કરીએ છીએ તે ઘરના અથવા પોળના ઓટલે બેસી કરીએ છીએ. પરંતુ તે દ્વારા બહાર કાઢવામાં આવતું થૂંક-ગળફા-બળખા કે દાતણની ચીરીઓ જેમતેમ રસ્તા વચ્ચે અથવા ગમે ત્યાં ફેંકીએ છીએ. ઘરમાં બૈરાં સવારમાં કચરો-પૂંજો વાળે છે અને તે પણ આંગણામાં જ નાખે છે; બે ડગલાં વધુ ચાલી, સુધરાઈએ નક્કી કરેલા રથળે નાખવા જવાની દરકાર ભાગ્યે જ કોઇ દાખવતાં હોય છે. અરે, આ બાબતમાં એકલાં બૈરાંનો જ દોષ શા માટે કાઢીએ ? આપણામાં જ કેટલીક એવી ટેવો કયાં નથી હોતી ? બહારથી આવીને કોઇ કાગળ આપી ગયું, તે વાંચ્યો, ફાડી નાખી ચૂરા કર્યો અને એ ટુકડા પોતે બેઠા હતા ત્યાં જ નાખ્યા ! ! ઘરમાં ને ઘરમાં જ, નજીકમાંજ રદ્દી કાગળ નાખવાની ટોપલી હોવા છતાં આપણી બેઠક પરથી ઊભા થઇ એ ટોપલીમાં નાખવા આપણે કયારે જઇએ છીએ ?

આ તો કાગળના ટુકડાની વાત થઈ; પરંતુ ઘરમાં એકાદ બાળકે શીશી કે શીશો ફોડી નાખ્યો હોય અથવા અરીસો ફૂટી ગયો હોય તો તેના કાચના ટુકડા આપણે ઘરમાંથી વીણીને કરચેકરચ ભેગી કરીએ છીએ; પણ એને આપણે નાખીએ છીએ કયાં આગળ ? ઘરની પછીતે અથવા આપણે વધુ બેદરકાર હોઇએ તો સડક પર વેરાતા ફેંકીએ છીએ: પરંતુ એથી કરીને એ રસ્તે થઇને જનારને કેટલું નુકસાન થશે, એ રાહદારીને પગમાં એ વાગી જતાં તેનું કેટલું લોહી વહી જશે તેની આપણે કદી દરકાર કરીએ છીએ ?

અને ઘરમાં રંધાયા-જમી રહેવાયા પછીના ઓઠવાડની તો આપણે વાત જ શું કરવી ? સુધરાઇએ, ગટરો કરી હોય કે ન કરી હોય, છતાં આપણી એ બાબતની ફરજમાં તો આપણી ઘણી બહેનો અથવા ઘરમાં કામ કરનારાંઓ અત્યંત બેદરકારી સેવતાં હોય છે. એ ઓઠવાડનું પાણી, જેમાં રંધાયેલા અનાજના દાણા અને શાકનાં ફોતરાં, વધ્યું ઘટયું રાંધેલું અને ઢોલસા-એ બધું જ સીધું સડક પર જ ઢોળવામાં આવે છે ! કદી કદી સુધરાઇની સખત તહેદારી હોય તો, રખેને, સુધરાઇનો કોઈ માણસ આવતો જતો તો નથી ને : તે જોવા આજુબાજુ જોઇને એ ઓઠવાડ ઢોળવામાં આવે છે !

વળી ઘરમાં સડી ગયેલા શાક ફેંકી દેવા ભાગ્યે જ કોઈ સુધરાઇએ નક્કી કરેલા રથળ સુધા જતું હશે. એ તો ઘરના આંગણામાં અથવા નજીકની સડક પર જ ફેંકાતું હશે.

પરંતુ આ પ્રમાણે ઢોળતાં નાખતાં ભાગ્યે જ એવા લોકોને એ ખ્યાલ આવતો હશે કે આ પ્રમાણે ફેંકવાથી આપણે આપણી જ તંદુરસ્તીની ઘોર ખોદીએ છીએ. વળી કોઇ કોઇ વાર કેટલાકો પોતાના ઘરમાં ચોકડો થયેલો કચરો પાડોશીની પછીતે અથવા સામા બારણે પણ નાખવાની ધૃષ્ટતા કરતાં પણ અચકાતા નથી અને એ દક્ષ ભોગવવા જતાં કદીકદી પાડોશી સાથે તકરાર અને મારામારી સુધ્ધાં વહોરી લે છે.

આ થૂંકનારાઓથી તો પ્રભુ તોબા ! ઇશ્વર બચાવે ! ! થૂંકનારાઓમાં મુખ્યત્વે તંબાકુ ખાનારા અને દમીઅલ માણસો હોય છે, દમીઅલ અથવા બિમાર માણસો, તેઓ ફરતા ફરતા

હોય અને સમજુ હોય તો તો પોતે બેઠા હોય ત્યાંથી ઊઠી જરા દૂર જઈ કોઈ હવડ સ્થળ જોઈ ત્યાં થૂંકે છે; પરંતુ તંબાકુ ખાનારાઓથી તો પ્રભુ બચાવે ! તેઓ તો પોતે બેઠા હોય તેની નજીકની ભીંત પર જ થૂંકવાના. તેઓ ઊઠીને જરા દૂર જઈ થૂંકવાની તકલીફ ભાગ્યે જ લેતા હોય છે. આથી એવાઓનાં રહેઠાણોની ભીંતો તમે જોશો તો એનો સહેજે ખ્યાલ આવી જશે. વળી કેટલાક પાન ખાનારાઓ પીચકારીના શોખીન હોય છે. તેઓ પાન ખાધને એક મુકરર જગ્યાએ થૂંકવાને બદલે જ્યાં ત્યાં પીચકારીઓ જ મારતા ફરતા હોય છે. અને એવાઓના પાપે જ કેટલાંક નાટક-સિનેમાઓના થિએટર સંચાલકોને ભીંતે ભીંતે થૂંકવા બાબતની સૂચનાઓ મોટા અક્ષરે ચીતરાવવી પડે છે.

આપણા લોકો બીજી પણ અગત્યની નાગરિક ફરજો ઘણે ભાગે ચૂકતા જ હોય છે. એ છેઃ ગરબડ-ઘોંઘાટ. એવા લોકો કેટલીક વાર એવો ગરબડ-ઘોંઘાટ કરતા હોય છે કે તે પ્રમાણે કરતા હોવા છતાં પોતે તેમ કરીને બીજાને હરકત પહોંચાડે છે તેવો તેમને ખ્યાલ પણ આવતો નથી. રસ્તા વચ્ચે કોઈ મળે ત્યારે તેની સાથે અથવા ઘરમાં કે કોઈ જાહેર સ્થળે એવા મોટા અવાજે વાતચીત કરે છે કે જાણે કોઈ મોટા હૉલમાં એકાદ વ્યાખ્યાનવાચસ્પતિ કોઈ મહાન વિષય પર બુલંદ અવાજે ભાષણ ન કરતા હોય ! તેમની બાજુમા જ બીજાઓ બેઠેલા, ઊભેલા કે કંઈક કામ કરતા હોય છે તે બાબતનો તેઓ ભાગ્યે જ તેમના મગજમાં ખ્યાલ રાખે છે. આથી પરિણામ એ આવે છે કે આવા માણસો સામાન્ય વાતચીતમો પણ નજીકના માણસોને ખલેલરૂપ નીવડે છે. અને એથી એ માણસે આખરે નછૂટકે કંટાળીને કહેવું પડે છે કે ' ભાઈ ! ધીમેથી બોલો '

વળી કેટલાકો મોડી રાત સુધી વાજિંત્રો કે રેડીઓના મોટા ઘોંઘાટ ચાલુ રાખી નજીકના પડોશીઓની ઊંઘને પણ ખલેલ પહોંચાડે તેવા હોય છે. એવા માણસો પોતાના શોખને ખાતર મોડી રાત સુધીના પોતે ઉજાગરા કરે છે અને પડોશીઓને પણ ઉદાર ભાવે, તેમની ઇચ્છા-અનિચ્છાએ પણ પોતાના એ ઉજાગરાનો લાભ નિષ્કામ ભાવે આપતા હોય છે. આવા બનાવો બનવાને લીધે કેટલાક ચાલી કે મકાનમાલિકો પોતાની મકાનભાડાની પાવતીમાં ભાડુત માટે કલમ રાખે છે કે આ ચાલીમાં રહેનારે ૧૧ વાગ્યા પછી રેડીઓ કે કોઈ વાજિંત્રો વગાડવા નહિ. પડોશીઓની ઊંઘમાં ખલેલ પાડે તેવા ગાનતાનના કે એવા કોઈ જલસા રાતને વખતે કરવા નહિ; વગેરે વગેરે. આ ઉપરાંત મોડી રાત સુધી જાગરણ કરી સોગટાબાજી કે ગંજીપા રમવાની અથવા મોટેથી ગાયનો લલકારવાની ટેવવાળાઓ મોડી રાત સુધી એવા મોટા અવાજે વાતો કરતા હોય છે કે પડોશમાં સૂતેલા માણસો તેમના આવા બબાળાથી સહેજે જાગી જાય છે.

આ ઉપરાંત આપણામાંના કેટલાકોને મોટેથી ખડ-ખડાટ-પોતે બેઠા હોય તે ઓરડો ગજાવી મૂકે તેવુ ખડખડાટ-હા...હા...હા...હસવાની ટેવ હોય છે; અને હસવાનો અવાજ બાજુમા બેઠેલા જ નહિ પરંતુ પડોશમાં રહેનારાઓની પણ કામગીરીમાં અથવા તેમની શાંતિમાં ખલેલ પહોંચાડે છે.

આ બધી આપણા નાગરિક ધર્મોની ત્રુટિઓમાંની માત્ર આંગળીના વેઢે ગણાય તેટલી જ બાબીઓ છે; પરંતુ આપણે આપણા નિત્યના જીવનવ્યવહારમા ઝીણવટથી જોઈશું તો આપણને ડગલે ને પગલે તેનો ખ્યાલ આવ્યા સિવાય રહેશે નહિ. આ માટે આપણે આપણા નિત્યજીવનને તપાસતા રહીએ અને પડોશીને કે આપણા ગ્રામજનને કે શહેરીજનને આપણે કઈ કઈ રીતે નુકસાનકર્તા નીવડીએ છીએ તે તપાસીએ તો આપણી જીવનસુધારણા માટે અનેક તકો જણાઈ આવશે.

મણિલાલ પ્ર. વ્યાસ

["ઝોકમ્નિ" દીપોત્સવી અંકમાંથી]

આવતા માસની કાર્યદિશા

૧ શુ. વ. સો. નાં પુસ્તકો હવે દરેક રજીષ્ટર પુસ્તકાલયને મૂળ યોજના પ્રમાણે મોકલવાની વ્યવસ્થા થઈ છે તો યોગ્ય પાવતી પર સહી કરી આપી જે તે સ્થળેથી પુસ્તકો મંગાવી લેવા એક રજીષ્ટર્ડ પુસ્તકાલયોના મંત્રીઓ તજવીજ કરશે એવી આશા છે.

૨ પુસ્તકાલયના કબાટમાં આજુબાજુ રદ્દી ચીજો ન મૂકો. હોય તો તેને તુર્ત દૂર કરો. દર માસે પુસ્તકાલયનાં તમામ પુસ્તકોને ધૂળ અને ઉધાઈથી બચાવવા સાફ કરો.

૩ મંજૂર થયેલાં અંદાજો મળે એટલે પાવતીઓ, ધોરણ પ્રમાણે સહીઓ કરી પુસ્તકાલય ખાતામાં તુર્ત મોકલી આપો અને લોકમદદનાં નાણાં પુ. સ. સ. મંડળમાં મોકલો.

૪ સાહિત્ય પરિષદમાં, જે પુસ્તકાલયનાં સભ્યો પંદર ઉપરાંત હોય તે સંસ્થા સભાસદ તરીકે નીમે રકમથી નોંધાવી શકાય છે, તો તે માટે જે તે સંસ્થાના સંચાલકોએ મરજિયાત તજવીજ કરવી.

૫ ત્રિમાહી નિવેદનો જૂથમંડળો પોતાના જૂથનાં પુસ્તકાલયમાંથી મંગાવી એકબીજાત કરી મોકલે. જરૂર પડયે સભા બોલાવી હકીકત એકત્રિત કરવા તજવીજ કરશો.

૬ મહાલ પુ. મંડળો ત્રિમાસિક સભા ભરે અને નવીન પુસ્તકાલયો ખોલવાનો મહેસાણા મહાલ મંડળ અને દહેગામ મહાલ મંડળ તેમજ મહેસાણા પ્રાંત મંડળ અને નવસારી પ્રાંત મંડળ ખાસ વિચાર કરે.

૭ તમારા પુસ્તકાલયમાં ઠરાવ બુક, વાંધાપત્રકની ચોપડી, ઊઠી ગયેલાં બાળકોની યાદી, વાંચકનોંધવહી ન રાખી હોય તો આજે જ આ પત્રકો બાંધી તમારું કામ વ્યવસ્થિત કરો. આ બાબતો હજીયે સુધરતી નથી તે માટે રા. મહાલ શાળા-અધિકારીઓ ધ્યાન આપશે એવી વિનંતિ છે.

૮ તમારા નજીકના શાળાવાળા ગામે પુસ્તકાલય ન હોય તો લોકમદદ રૂપિયા પચાસથી પંચોતેર સુધી ઊભી કરવા પ્રયાસ કરો.

વડોદરા,
તા. ૯-૧૧-'૪૩

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક

વટહુકમ નં. ૪ સને ૧૯૪૩-૪૪ ની છાપકામની દુરસ્તી

વિષય

ઉપરોક્ત વટહુકમના પેરા ૨ ના છાપકામમાં થયેલી ભૂલ સુધાર્યા બાબત

કરણા પુસ્તકાલયોએ દફ્તરી વ્યવસ્થા અને હિસાબી કામ ઠરેલા ધોરણે રાખવા બાબત અત્રેથી વટહુકમ નં. ૪ તા. ૨૭-૯-૪૩ નો માહે ઑક્ટોબર ૧૯૪૩ ના "પુસ્તકાલય" મ સિ-કમાં પ્રસિદ્ધ કરેલો છે તેના પેરા ૨ ની લીટી ૪ માં ફાઇલ દુરસ્તીનું કામ છપાયું છે તેના બદલે ફાઇલ ફેરીસ્તોનું કામ એ પ્રમાણે સુધારી લેવું. તેમજ લીટી ૬ માં ખાતરી તેના બદલે ખામી સુધારી લેવું. અને તે જ લીટીમાં કોઇપણ પછી પુસ્તકાલયમાં જોવામાં આવશે તો તે એટલા શબ્દો વધારી લેવા.

ઉપર પ્રમાણેની દુરસ્તી જે તે પુસ્તકાલયના મંત્રીઓ કરી લેવી.

વડોદરા,
તા. ૯-૧૧-૪૩

પુ. ત્રિ. શાહ

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક

સૂચના નં. ૧૩ સને '૪૩-૪૪

વિષય

સાર્વજનિક પુસ્તકાલયોએ સાહિત્ય પરિષદમાં નોંધાવવા બાબત

વડોદરા રાજ્યને આંગણે ભરાતા સદર પરિષદના પંદરમા અધિવેશન અંગે, એક ભાઇ તરફથી પરિષદમાં પુસ્તકાલયોના મંત્રીઓ કે ગ્રંથપાલો ભાગ લઇ શકે તે માટે કેટલીક સવલતોની માગણી કરી છે તે સંબંધે નીચે પ્રમાણે ખુલાસો કરવામાં આવે છે:

(૧) સા. પુસ્તકાલયોએ પરિષદના બંધારણની કલમ ૪ ચ અન્વયે એ પરિષદના સભાસદો થઇ શકે તેમ છે. તેનું વાર્ષિક લવાજમ સંસ્થાસભાસદો માટે રૂા. ૨) અંકે બે છે તે પરિષદના મંત્રીને મોકલવાથી તેમાં નોંધાઇ શકાય છે અને એવી નોંધાયલી સંસ્થાઓ આ પરિષદમાં પોતાનો પ્રતિનિધિ, પોતાની સંસ્થાના દર પંદર સભ્ય દીઠ એક પ્રતિનિધિ મોકલી શકે છે. આ પ્રતિનિધિઓ પરિષદના સામાન્ય સભ્યો ગણી શકાશે અને તેઓ પરિષદમાં લાભ લઇ શકશે. માટે જે પુસ્તકાલયને સભ્ય સંસ્થા સભાસદ નોંધાવવા ઇચ્છા હોય તેમને ઠરાવ કરી પોતાના છાપેલા વાર્ષિક નિવેદનની એક પ્રત સાથે પરિષદના મંત્રી તરફ નોંધાવવા દ્વિવાર્ષિક લવાજમ રૂા. ૨) મોકલી તજવીજ કરવી. પરિષદના મંત્રીનું સરનામું ૩૫, દલાલ સ્ટ્રીટ કોટ મુંબાઇ છે.

(૨) ઉપરનો લાભ માત્ર મોટાં ગામ કે શહેરનાં કરણાનાં પુસ્તકાલયો જેઓના સભ્ય

૫૬૨ ઉપરાંત હોય છે તે લઇ શકશે. પરંતુ વડોદરા રાજ્યનાં બીજાં પુસ્તકાલયના સંચાલકોને આ પરિષદમાં પ્રેક્ષક તરીકે ભાગ લેવો હોય તો તેમને નીચે પ્રમાણે સંવલંત કરી આપવામાં આવશેઃ

(૧) વ્યવસ્થાપક મંડળની સંમતિથી મુસાફરીમાં માત્ર રેલભાડાનો ખર્ચ પુસ્તકાલયના અંદાજમાં પાડી શકાશે,

(૨) ભોજનખર્ચ તથા ઇતર ખર્ચ આવનાર મંત્રી કે ગ્રંથપાલે પોતાનો કરવો પડશે.

આ સ્થળે અમે પુસ્તકાલયોના સંચાલકોનું ખાસ ધ્યાન ખેંચવા માગીએ છીએ કે અત્રે પુસ્તકાલયની સંસ્થાઓને પોતાના ગામ માટે સાહિત્ય સભાઓ સ્થાપવાની આ અગાઉ સપ્ટેમ્બર ૧૯૪૨ના "પુસ્તકાલય" માસિકમાં કરેલી સૂચનાનો પણ વિચાર કરવો અને પુસ્તકાલયને અંગે એક સાહિત્ય સભા પણ યોજવી, જેથી ભવિષ્યમાં સ્થાનિક પ્રસંગોમાં એ સાહિત્ય સભા પોતે ગુજરાતી ભાષાના વિસ્તારમાં યોગ્ય ફાળો આપી શકે.

વડોદરા,
તા. ૧૦-૧૧-'૪૩

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક.

સૂચના નં. ૧૪ સને ૧૯૪૩-૪૪

વિષય

ગુ૦ વ૦ સો.નાં પુસ્તકો જે તે જૂથમાંથી મંગાવી લેવા બાબત

ગુ. વ. સોસાયટીનાં સને ૧૯૪૨નાં પુસ્તકો નોંધાયેલાં પુસ્તકાલયોને મોકલવા માટે ગુ. વ. સો.ની કારોબારીએ એક પરિપત્ર સાથે દરેક સંસ્થાના સંચાલનની હકીકત માગેલી. આ હકીકત કેટલાંક પુસ્તકાલય મોકલી નહિ શકવાથી તેમને તે પુસ્તકો મળેલાં નહિ. પાછળથી તો સંબંધે સોબત્રા, અને બીજાં ગામોની માગણી ઉપરથી એકંદરે વિચાર કરી પુસ્તકાલય ખાતાએ ગુ. વ. સો.નાં માનાર્હ મંત્રી સાથે પત્રવ્યવહાર કરતાં તેમની સંમતિ પુસ્તકાલયો મોકલવા માટે નીચે પ્રમાણે થઈ આવી છે. તે તમામ પુસ્તકાલયોની જાણ માટે પ્રસિદ્ધ કરીએ છીએઃ

" મદદનીશ વ્યવસ્થાપક, મધ્યવર્તી પુસ્તકાલય, વડોદરા રાજ્યનું, નોંધાયલાં પુસ્તકાલયો ચાલુ છે તે સંબંધેનું પ્રમાણપત્ર બહાલ રાખવું અને તેવાં પ્રમાણપત્રવાળાં પુસ્તકાલયોને માહિતીપત્રકમાંથી મુક્ત કરી ભેટનાં પુસ્તકો મોકલવાં. "

ગુ. વ. સો.નાં, જે પુસ્તકાલયોને ખૂટતાં પુસ્તકો જોઇતાં હોય તેમણે આ માસિકમાં નોંધવિભાગમાં પ્રસિદ્ધ થયેલી સૂચના વાંચવી અને તે પ્રમાણે જરૂર હોય તેમણે પુસ્તકોની યાદી સાથે પુ. સ. સ. મંડળમાં માગણી કરવી.

વડોદરા,
તા. ૧૦-૧૧-'૪૩

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક.

ચાર નવાં પ્રકાશનો

સાહિત્યના અભ્યાસીઓ માટે અનિવાર્ય પુસ્તક

*અપભ્રંશ સાહિત્યથી શરૂ કરી છેક આજલગીના સમગ્ર ગુજરાતી સાહિત્યનો એક જ પુસ્તકમાં આ પહેલો ઇતિહાસ છે.

*તેમાં પુષ્કળ અદ્યતન માહિતી તથા વિશદ વિવેચન છે; રસપ્રદ ધારાવાહી શૈલી છે. એટલે આ પુસ્તકનું વાચન એકધારો આનન્દ તો આપશે જ, પણ સાથે સાથે તેમાં ઉલ્લેખાયેલા કવિઓ અને લેખકોની મૂળ કૃતિઓ વાંચવા પ્રેરશે.

*એનાં ૪૦૦ પાનાંમાં ૩૦૦થી વધુ સાહિત્યકારોનો રંગદર્શી પરિચય મળશે; અને ગુજરાતી સાહિત્યનું સર્વાંગીણ સુભગ દર્શન થશે.

*ઇરફોર્ડ સંસ્કારી વાચકને એ આકર્ષક નીવડયા વિના નહિ રહે એવી ખાતરી ખુશીથી આપી શકાય.

આકર્ષક રૂપરંગ : મૂલ્ય રૂ. ૧-૧૨-૦

નવરાત્રિ અને શરદોત્સવ માટે સુંદર રાસસંગ્રહ

ગરબી એ ગુજરાતનો વિશિષ્ટ વારસો છે.

અને ગરબીઓ તો દયારામભાઇની જ. એ રાધા અને કૃષ્ણનાં પ્રેમ અને ભક્તિનીતરતાં, રમની રંગત જમાવતાં, કોળીલકંઠી ગુજરાતણોના હૈયે અને હોઠે રમી રહેલાં

રાસ, ગરબીઓ, ગીતો અને પદોનો અપૂર્વ સંગ્રહ

*

દયારામ રસસુધા

૨૪૦ પાનાં સંપાદક શ્રી. શંકરલાલ છ. રાવલની રસિક અને

સુંદર રૂપરંગ રંગબીની વિસ્તૃત પ્રસ્તાવના અને સંપૂર્ણ સૂચી સહિતઃ

ત્રણ રૂપિયા. ગીતોના રાગ અને ઢાળની સંગતિ સાથે.

પુષ્કળ દૃષ્ટાંત–દલીલોથી ભરપૂર કાવ્યપ્રેમીઓ માટે બહુમૂલ્ય સમૃદ્ધ પુસ્તક :

નવીન કવિતા વિષે વ્યાખ્યાનો

(પ્રા. વ. ક. ઠાકોર)

૨૦૦ પાનાં બે રૂપિયા

ધરતીની પુત્રી

(અભિનવ કરુણ પ્રણયકથા)

પ્રેમના ઉન્નત સ્વરૂપની મીમાંસા કરતી, ધરતીમાંથી જગીને ધરતીમાં સમાયેલી પૃથ્વીની પુત્રી સીતાની કરુણ પ્રણય થા :

જેમાં રામ, રાવણ અને સીતાનું માનવતાની દૃષ્ટિએ અભિનવ અને અપૂર્વ મૂલ્યાંકન થયું છે.

લેખક : કિશનસિંહ ચાવડા

મનોહર મુદ્રણ : ઉદારદાર રૂપરંગ : રૂ. બે

એન. એમ. ત્રિપાઠી લિ. પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨

ઊઘડતી આંખ

લેખક : ગજેન્દ્રશંકર લાલશંકર પંડ્યા
એમ. ઓ. બી. ટી.

નવાં

નવા અને જૂના જમાનાની આંખોને વાસ્તવિક રીતે ઊઘડતી દર્શાવતી, કૉલેજ, હૉસ્ટેલજીવન, ન્યાત અને સિનેમાસૃષ્ટિના પ્રસંગો રજુ કરી, આજના જીવનના રંગભરી; અંત સુખી, અખંડિત રસપ્રવાહ જાળવી રાખતી રસમય નવલકથા.

ઍન્ટિક કાગળ : કિં. ૩-૮-૦

નવું

નવું

શારદાપ્રસાદ વર્મા
કૃત

દુર્ગારામ મહેતાજી
અને
બીજાં નાટકો

ગુજરાતના આદ્ય સમાજસુધારકનું અદ્‌ભુત જીવન આલેખતું અને જમાનાનો ચીતાર આપતાં જાજવવા જેવાં સાત સુંદર નાટકો અને સંવાદો.

પાકું પૂઠું : કિં. રૂા. ૧-૪-૦

મંદિરને પગથિયે

કલ્પનાનાં ઉડ્ડયનો, કટાક્ષની કાતિલ ઋજુતાભર્યાં ગદ્યકાવ્યો અને આત્માની કણ સમી વિચારકલિકાનો રૂપે રંગે સોહામણો સંગ્રહ.....

ઍન્ટિક કાગળ : કિં. રૂા. ૦-૮-૦

ફ્રૂરમ. આપણા મહાપુરુષોના પ્રેરક પ્રસંગો, જે જિજ્ઞાસા, જગાડે, ઓછી, એકલો. ચરિત્રકથાની સચિત્ર બાર ચોપડીઓ કિં. ૩-૦-૦

અમર મહાજનો કમાલ પાશા તુર્ક, એડિસન, માર્કોની, ક્યુરી, પાસ્ટર વગેરે દેશ દેશના મહાપુરુષો વૈજ્ઞાનિકો વગેરે બાર સંપૂર્ણ જીવનચરિત્રોની સચિત્ર બે પાકી બાંધણીની ચોપડીઓ..... રૂા. ૨-૦-૦

પુરાણનાં પાત્રો સાતથી દશ વર્ષનાં બાળકો માટે સરલ શૈલીમાં લખાયલાં, રામ, સીતા, શ્રીકૃષ્ણ, હનુમાન વગેરે પુરાણનાં પ્રેરક ચરિત્રોની સચિત્ર પાંચ ચોપડીઓ... કિં. ૦-૧૩-૦

યુગાન્તર કાર્યાલય, ગોપીપુરા—સૂરત

ગુજરાત—કાઠિયાવાડનું માનીતું મહાન દૈનિક

સંદેશ

[સ્થા : ૧૯૨૩]

વિશ્વયુદ્ધના અને દેશપરદેશના
છેલ્લામાં છેલ્લા સમાચારો
આપવામાં સૌથી મોખરે છે.

આપના પુસ્તકાલયમાં
દૈનિક 'સંદેશ' આવે છે ?

આપ 'સંદેશ'ના વાર્ષિક ગ્રાહક
બની ગઇપી જગતના છેલ્લામાં છેલ્લા
ટેલિપ્રિન્ટર
દ્વારા મળતા સમાચારો વાંચો.

આખા વર્ષનું લવાજમ ભરનારને
'સંદેશ'નો દળદાર અને સચિત્ર
દીપોત્સવી અંક
ભેટ તરીકે આપવામાં આવશે :

વડોદરા રાજ્યનાં પુસ્તકાલયો માટે ખાસ વાર્ષિક લવાજમ રૂ. ૪૫) (ટપાલ સાથે)

આપના બજેટમાં 'સંદેશ'નું નામ મૂકવાનું રખે ભૂલતા.

વધુ માહિતી માટે લખો : મેનેજર : 'સંદેશ', સારંગપુર : અમદાવાદ

નવચેતનનાં નૂતન પ્રકાશનો આપની લાઇબ્રેરીમાં હોવાં જોઇએ.

કુંદન	શ્રી. બંકિમચંદ્ર	૩-૮-૦
શ્રીદેવી	,,	૩-૮-૦
ચંદા	શ્રી. ઇન્દ્ર વસાવડા	૩-૦-૦
ગંગાનાં નીર	,,	૩-૦-૦
કલાની સહચરી	શ્રી. સોમાભાઇ	૨-૮-૦
ઈશ્વરનું ખૂન	શ્રી. દિગ્યાનંદ	૨-૧૨-૦
યોગી, ભોગ	,,	૧-૮-૦
પ્રીતમની પ્યાસ	,,	૧-૮-૦
બહેન	શ્રી નિરુપમાદેવી	૩-૮-૦
ગ્રામીઝમ	શ્રી. રામરાય મુનશી	૩-૮-૦
યુદ્ધ ને ગામડાં	,,	૦-૪-૦
સુમગ	શ્રી. સીતારામ શર્મા	૩-૦-૦
સ્વાધ્યાય	ડૉ. હરિપ્રસાદ દેસાઇ	૧-૧૨-૦
ભંડારમાળા	શ્રી. કેશવ હ. શેઠ	૧-૪-૦
અક્કલના બાં	શ્રી. 'બેકાર'	૩-૦-૦
કલ્યાણને માર્ગે	શ્રી. રમણિક દલાલ	૨-૦-૦
આશા	શ્રી. મકનજી પરમાર	૧-૮-૦
વગડાનાં ફૂલ	,,	૨-૦-૦
આનંદમગરી	શ્રી. જ.ખંધડિયા	૨-૦-૦
રાસરંજના	શ્રી. જગુભાઇ રા.	૧-૪-૦
ચેકાકી	શ્રી. ન. શુકલ	૧-૪-૦
જીવનનિર્માણ	શ્રી. ચિરંતન	૨-૦-૦
આજકાલ	શ્રી. પુ. પારેખ	૧-૮-૦
જીવંત જવાળા	મનનીય લેખો	૧-૦-૦
વલ્કલ	શ્રી જસવંત ઠાકર	૧-૪-૦
નવનૈવેદ્ય	શ્રી. ર. ટાગોર	૧-૦-૦
ગામડાનું સ્વરાજ	શ્રી. ઇ. યાજ્ઞિક	૦-૪-૦
આપણું રાજ્ય	શ્રી. ઠાલાભાઇ પટેલ	૦-૫-૦
ધરતીનો બાળમેળો	શ્રી ઇંદુલાલ ભટ્ટ	૦-૮-૦
બોલિયો મત	દિનેશ ઠાકોર	૦-૪-૦
સુરભી	ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી	૦-૮-૦
દ્વીવડાં	શ્રી. હિમતલાલ મર્યક	૦-૬-૦

: લખો :

નવચેતન સાહિત્ય મંદિર, ૨૪૫૬ ભદ્ર : અમદાવાદ

લાયબ્રેરીની શોભા સમાં નવાં પ્રકાશનો

અદૃશ્ય માનવી

એચ. જી. વેલ્સ કૃત અંગ્રેજી સાહિત્યમાં નવી જ ભાત પાડતી વૈજ્ઞાનિક નવલકથાનો ભાવાનુવાદઃ ૩-૦-૦

ક્રાંતિની ઝાલરી

પોતાની સ્વાધીનતા માટે લડેલી બહાદુર પ્રજાની બૌદ્ધકાલિન ઐતિહાસિક નવલકથા ૩-૦-૦

વિશ્વાતા

શરદબાબુ કૃત સ્ત્રીસમાજના પ્રશ્નો ચર્ચતી ત્રણ નવલિકાઓનો સંગ્રહ ૨-૮-૦

બ્રહ્મચર્યમિમાંસા

જટાશંકર નાદી કૃત વૈદકીય, સામાજિક, અને ધાર્મિક દૃષ્ટિએ બ્રહ્મચર્યના પ્રશ્નો રજુ કરતું પહેલું જ પુસ્તક. ૩-૮-૦

વિકાસ

ચુનીલાલ વર્ધમાન શાહ કૃત એક સામાજિક નવલકથા. ૩-૦-૦

સમતા

શરદબાબુ કૃત સ્ત્રીસન્યાસના પ્રશ્ન પર પ્રકાશ પાથરતી નવલ. ૨-૦-૦

પ્રથમ આષાઢ

નિરૂભાઇ દેસાઇ કૃત સમાજના અનેક પ્રશ્નો પર વેધક પ્રકાશ પાડતી નવલિકાઓનો સંગ્રહ ૨-૮-૦

નયના

રસિકલાલ જોષી કૃત નવા અને જૂના જમાનાના વિચારનું મિલન અને તેની અથડામણની રહસ્યભરી નવલકથા ૩-૦-૦

સંતતિના સર્જન પછી

મહાશંકર ઈ. દવે કૃત નૈતિક, ધાર્મિક ને વૈદકીય દૃષ્ટિએ બાળઉછેર. ૨-૮-૦

રૂપરાણી

ઇસાડોરા ડંકનની આત્મકથાનો શ્રી. વજુ કોટકે કરેલો અનુવાદ. ૩-૦-૦

નિબેટો

'ધૂમકેતુ'ની સામાજિક નવલિકાઓનો અજોડ સંગ્રહ. ૧-૮-૦

સ્વતંત્ર ભારત

હુંગરશી ધરમશા સંપટ કૃત: ભારતની આર્થિક સ્થિતિ ઉપર માર્ગદર્શક વિચારો રજુ કરતું ઉત્તમ પુસ્તક ૬-૦-૦

ગુણવંતરાય આચાર્ય

કોરી કિતાબ : ૧-૮ નિવેદિતા : ૩-૮
ભસ્માંગના : ૨-૦ વિરાટનો ઝબ્બો ૧-૪
કોણ ગુનેગાર : ૧-૦

સૌભાગ્યજીવન

નારી : ૨-૮ નિરૂપમા : ૨-૮
ગૃહત્યાગ : ૨-૮ મુક્ત પંખી : ૨-૮
લાલ માટીનો રસ્તો : ૨-૮

'નવયુગ' ગ્રથમાળા અને 'લીલાવતી' ગ્રંથમાળાનું લવાજમ કાગળની અનહદ મોંઘવારીને લીધે ૧૧ મા વર્ષથી રૂા. ૮ (આઠ) કરવામાં આવ્યું છે.

નવયુગ પુસ્તક ભંડાર : રાજકોટ

સી. શાંતિલાલની કું. મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે પુસ્તકાલય સા.સ.મં.લિ.
પ્રિન્સેસ સ્ટ્રીટ: મુંબઈ ૨ ત્રણ દરવાજા : અમદાવાદ રાવપુરા : વડોદરા

દરેક લાયબ્રેરી આ પુસ્તક જરૂર વસાવે.

: લેખક :
હંગરશી ધરમશી સંપટ

: કીંમત .
છ રૂપીઆ પોસ્ટેજ ૦-૭-૦

છે છ અને નથી !! નથી નથી અને છ !!
ઘઉં, ચોખા, બાજરી, ઘી, માપબંધીની મજબૂત
તેલ અને કાપડ વગેરે- જંજીરોનો રણકાર

— આ બધું શા માટે ? —

સ્વતંત્ર હિન્દુસ્તાન : ઔદ્યોગિક ભુસ્તર અને ખેતીમાં પોતાના પૂરતું કેટલું આબાદ હતું અને બહાર કેટલી ખ્યાતિ હતી ?

પરતંત્ર હિન્દુસ્તાન : પરદેશી સત્તા આવતાં હિંદની થયેલી બરબાદી—

આ બધા પ્રશ્નો ઉપર હિંદના ઉદ્યોગપતિઓ અને આમ-જનતાને માર્ગદર્શન કરતું અભ્યાસપૂર્ણ પુસ્તક

સ્વતંત્ર ભારત

આજેજ મંગાવો—

નવયુગ પુસ્તક ભંડાર : રાજકોટ

દરેક લાયબ્રેરીએ વસાવવા લાયક પુસ્તક

સૃષ્ટિવાદ અને ઈશ્વર

: લેખક :
ભારતભૂષણ શાતાવધાની
પં. મુનિ શ્રી. રત્નચંદ્રજી
મહારાજ

જગતનો કર્તા ઈશ્વર છે (!) અને જીવોના સત્કાર્ય-અપકાર્યનો નિયંતા ઈશ્વર છે (!) આ રીતે ઈશ્વરનું સૃષ્ટિકર્તાપદ અને જગ-નિયંતાપદ જનતાને નિષ્ક્રિય અને પ્રમાદી બનાવવામા કારણભૂત થાય છે. અને પુરુષાર્થીને તે ગૌણ બનાવે છે. આ વિચારો પર ઘણુંજ પ્રકાશ પાડતું આધ્યાત્મિક વિદ્વાન મુનિશ્રીના હાથે લખાયેલું આ પુસ્તક આજે જ વસાવો.

કીંમત : રૂપીઆ પાંચ ફક્ત પોસ્ટેજ ૦-૭-૦

નવયુગ પુસ્તક ભંડાર : રાજકોટ

૮૬ વર્ષોથી બહેનોને પ્રિય થઇ પડેલું જૂનામાં જૂનું

માસિક પત્ર

દર વરસ ઉત્તમ ભેટ પુસ્તક અપાય છે.

અને આપવામાં આવશે

"સ્ત્રીબોધ"

[નવું વરસ જાન્યુઆરીથી શરૂ થાય છે]

વડોદરા સ્ટેટનાં પુસ્તકાલયોમાં આ માસિક પત્ર આવવું જોઇએ. વાર્ષિક ગ્રાહકોને

ભેટ પુસ્તક

મફત મળે છે. તે ધ્યાનમાં લેશો.

વાર્ષિક લવાજમ : દેશ માટે રૂ. ૫-૦-૦, પરદેશ માટે રૂ. ૬-૮-૦

ભેટ પુસ્તક રજીસ્ટર્ડથી મંગાવનારે ત્રણ આના વધુ મોકલવા. બુકપોસ્ટથી ઘણી વખત ભેટ ગુમ થાય છે.

ગ્રાહક થવા લખો : "સ્ત્રીબોધ" પીરમંશારોડ, અમદાવાદ

ગૃહઉપયોગી બહેનોનું ગૌરવ લેતું પ્રકાશન

પૃષ્ઠ ૪૫૦
કિં. રૂ. ૬-૦-૦
ટ. ખ. આઠ આના.

ઘા કું ધ્ર ૨

શ્રી. કનુ દેસાઇનું રંગીન ઠવર તેમજ વિવિધ રંગીન ચિત્રો

[ભાગ ૧-૨-૩-૪-૫ સાથે]

સ્ત્રીઓ માટે ૫૦૦ વિવિધ વિષયોથી ભરેલ અપૂર્વ આ પુસ્તક છે. તે દરેક પુસ્તકાલયો, તેમ જ ગૃહોમાં વસાવો અને તેનો લાભ ઉઠાવો.

આ પુસ્તક દરેક બુકસેલરને ત્યાં મળે છે.

અગર પ્રકાશકને લખો:—

જીવનલાલ અમરશી મહેતા.

મેટ્રોગ્રાફ સામે, પીરમશા રોડ, અમદાવાદ

આ પુસ્તકની ઉત્તમતાનાં પ્રમાણપત્રો :

૧. વડોદરા રાજ્યના કેળવણી ખાતાએ શાળાઓમા ઇનામ અને પુસ્તકાલયો માટે અને પુસ્તકાલય ખાતાએ તમામ પુસ્તકાલયો માટે આ પુસ્તકના ત્રણે ભાગ મંજુર કર્યા છે.

૨ મુંબઇ ઇલાકાના સરકારી કેળવણી ખાતાએ રકૂલોની વિદ્યાર્થીઓની લાયબ્રેરીઓ માટે આ પુસ્તકના ત્રણે ભાગ મંજુર કર્યા છે.

૩ આ પુસ્તકના પહેલા અને બીજા ભાગની ૨૫ (પચીસ) નકલો વડોદરાના પ્રાચ્ય વિદ્યામંદિરે અને ૧૧ (અગીઆર) નકલો અમદાવાદની ગુજરાત વર્નાકયુલર સોસાયટીએ ઉત્તેજન માટે ખરીદી છે.

૪ આ પુસ્તક માટે 'કચ્છ હુન્નરઉદ્યોગ' પ્રદર્શનમાંથી પ્રમાણપત્ર (Certificate of Merit) મળ્યું છે.

૫ આ પુસ્તકના પહેલા ભાગને આણંદમાં મળેલી બીજી ગુજરાત પુસ્તકાલય પરિષદે સારાં પુસ્તકોમાં ગણ્યો છે.

૬ આ પુસ્તકની ઉત્તમતા માટે અનેક સુપ્રસિદ્ધ સામયિક પત્રોએ સારામાં સારા અભિપ્રાયો આપ્યા છે.

ઘેરબેઠાં પૈસા કમાવા આજેજ મંગાવો !

કચ્છ વેપારી મંડળના પ્રમુખ,

શ્રી. કુંવરજી પરસરી સંપટે લખેલા

" આમુખ " સાથે

નકકામરક હુન્નરો

ભાગ ૧—૨—૩

નિષ્ણાતો અને અનુભવીઓએ લખેલા વિવિધ ભરોસાપાત્ર હુન્નરોથી ભરપૂર પુસ્તક

૭૫૦ પાના, ઉમદા જાડા એંટિક કાગળ, શાસ્ત્રીય શુદ્ધ સુંદર છપાઇ અને આકર્ષક ગેટઅપ .

કિંમત ૭ (સાત) રૂપિયા

(વી. પી. થી ટપાલખર્ચ ૧૩ આના જુદું)

મંગાવવા માટે લખો:—

સંચાલક : શ્રી લક્ષ્મી પુસ્તકમાળા

નંબર ૩ ચોક બજાર,

પોસ્ટ સિનુગરા (અંજાર-કચ્છ).

આ પુસ્તકની ઉત્તમતાના થોડાક અભિપ્રાયો

...દરેક પુસ્તકાલયમાં આ પુસ્તક હોવું જ જોઇએ એટલુંજ નહિ પરંતુ તે વિશેષ વંચાય એવી પેરવી મંત્રીઓએ કરવી જોઇએ... 'પુસ્તકાલય' માસિક (વડોદરા)

...ધરગથ્થુ હુન્નરોના આ જાતનાં દેખાતા પુસ્તકો આપણે ત્યાં ઘણા બહાર પડયાં છે, અને હજીયે ગમે તેવી લહેરાતોનાં ચોકઠાં સાથે બહાર પડશે, પરંતુ આ પુસ્તકની વિશેષતા તેમાં મૂકેલા પ્રયોગોજ માત્ર નથી પણ જુદા જુદા વિષયોના સારા અને અનુભવી લેખકો પાસે લખાવેલા લેખોને સંગ્રહીને આ પુસ્તકને વિવિધતાવાળું બનાવવામા આવ્યું છે તે છે... 'રવિવાર' સાપ્તાહિક (મુંબઇ)

...થોડા ખર્ચે જે કોઇ ભાઇને આજીવિકા મેળવવા માટે પ્રયત્નો કરવા હોય, તો આ પુસ્તક જોઇ જવા જેવું છે . કારણકે ઓછી મૂડીએ જાતમહેનત કરીને પૈસા કમાઇ શકાય છે...

'શિક્ષણ અને સાહિત્ય' માસિક, (અમદાવાદ)

...વર્તમાન જીવનમાં રહીને કેટલાક હુન્નરો કરીને, માણસ પોતાના પેટ પૂરતું મેળવી શકે—એવા પ્રકારના નુસ્ખા આ ગ્રંથમાં બતાવવામા આવ્યા છે. છતા લેખક—સંગ્રાહકે આમા કેટલીક વ્યવહારૂ અને બીજાં પુસ્તકોમા ભાગ્યે મળે તેવી ઉપયોગી હકીકતો નોધી પુસ્તકને ઉપયોગી બનાવ્યું છે. પુસ્તક અવશ્ય વાંચવા જેવું છે; તેમાથી સૌ સૌની રુચિ પ્રમાણે કંઇ ને કંઇ મળ્યા વગર રહેશે નહીં.

'ગુજરાત સાહિત્ય સભાની કાર્યવાહી' (અમદાવાદ)

.. આવાં પ્રજા ઉપયોગી પુસ્તકને રાજ્યે અને ઉદ્યોગોના પ્રચાર માટે ઊભી થયેલી સંસ્થાઓએ ઉત્તેજન આપી, ગ્રામઉદ્યોગને સજીવન કરવામાં સાથ અને સહકાર આપવો જોઇએ.

'ગ્રામજીવન' માસિક (વડોદરા)

વધુ ખાતરી માટે બીજા અભિપ્રાયોની પત્રિકા મફત મંગાવો.

સેવક

છેલ્લાં ત્રણ વર્ષથી પ્રગટ થતું
'સંદેશ'નું સસ્તુ લોકપ્રિય દૈનિક....

મોટા કદનાં ચાર પાનાં છતાં કિંમત માત્ર ૦-૧-૦
દરરોજ સાંજે નિયમિત પ્રગટ થાય છે.

* જેમાં દેશપરદેશના છેલ્લા તાર સમાચાર
* સ્થાનિક પ્રશ્નોની ચર્ચાઓ અને સમાચારો
* વિવિધ રસમય બનાવો અને લેખો
* ગુજરાત કાઠિયાવાડના છેલ્લામાં છેલ્લા વિસ્તૃત અહેવાલો.
* વ્યાપાર સમાચાર-ભાવતાલો વગેરે વિષયો નિયમિત આપવામાં આવે છે.

આપે સેવક જોયું છે?—જો આ દૈનિક ન જોયું હોય તો આજે જ એક પોસ્ટકાર્ડ લખો અને તમને ઘેર બેઠાં મફત નમુનો મોકલી આપવામાં આવશે.
આ દૈનિક પત્ર ગુજરાત કાઠિયાવાડના 'સંદેશ'ના એજન્ટો પાસેથી મળી શકશે.
બહારગામના ગ્રાહકો માટે ખાસ ડાક આવૃત્તિ નીકળે છે.

લવાજમના દરઃ—એક માસના રૂા. ૨-૦-૦ ત્રણ માસના રૂા. ૫-૮-૦
(વી. પી. કરવામાં આવતું નથી. મ. ઓ. કરો)

વડોદરા રાજ્યનાં પુસ્તકાલયો માટે ખાસ વાર્ષિક દર રૂ. ૨૦)વીસ (ટ.ખ.સાથે)
વધુ માહિતી માટે લખોઃ—

મેનેજર, **'સેવક'** સરસ્વતી ભુવન, ગાંધીપુર, **અમદાવાદ**

.....અહાગુજરાતનું માનીતું સાપ્તાહિક.....

આરામ

* છેલ્લાં તેર વર્ષથી દર શનિવારે નિયમિત પ્રગટ થાય છે.
* શિષ્ટ અને ફળવા સાહિત્યની સામગ્રી માટે આ અઠવાડિક અજોડ છે.

છૂટક નકલ કિં. ૦-૪-૦
વાર્ષિક લવાજમ : રૂા. ૧૨) (ટપાલ ખર્ચ સાથે) : પરદેશ ૨૦ શિલિંગ.

દર આંકે પ્રાણવાન પ્રસાદી પિરસાય છે.

* સાહિત્યના પ્રશ્નોની સમીક્ષા
* વર્તમાન વિશ્વયુદ્ધની સમાલોચના
* જાણીતા લેખક શ્રી. અક્રિઝની ડિટેક્ટિવ વાર્તા
* આંતરરાષ્ટ્રિય રાજકારણ ચર્ચતા મનનીય લેખો
* કટાક્ષલેખો, હાસ્યરસિકો અને રસકાવ્યો
* જાણીતા લેખકોની નવલિકાઓ-ટૂંકી વાર્તાઓ
* જ્યોતિષવિજ્ઞાન અને રાશીફળ-વેપારી ભાવ
* સિનેમાસૃષ્ટિની વાનીઓ અને સમાચારો
* સાક્ષર શ્રી. ધનશંકર ત્રિપાઠીની કલમે રજુ થતી આકર્ષક ચાલુ વાર્તા 'પીયૂષ'
* આ અને બીજા વિવિધ વિષયોવાળું પ્રેરક સાહિત્ય.

વડોદરા રાજ્યનાં પુસ્તકાલયો માટે ખાસ વાર્ષિક દર રૂ. ૧૦) દસ (ટ.ખ.સાથે)
નમુનાની નકલ કાર્ડ લખવાથી મોકલાયે.

લખોઃ— વ્યવસ્થાપક, **'આરામ'**

બાળક

૨૧ વર્ષથી બાળકોની સેવા કરે છે.

યુદ્ધકાળ હોવા છતાં, અતિશય મોંઘવારીમાં પોતાનું પ્રકાશન બાળકે એના એ લવાજમમાં એટલે કે ફક્ત રૂપિયા બેમાં ચાલુ રાખ્યું છે. તેને યોગ્ય ન્યાય આપી પોતાની સંસ્થામાં–પોતાનાં ઘરોમાં વસાવવું એ સૌ કોઇ વડિલોની પવિત્ર ફરજ છે.

'બાળક' કાર્યાલય, રાવપુરા, વડોદરા

સ્વ. શરદબાબુની પ્રશંસાને વરેલા "પાડ" "અભિમાન" વગેરેના સર્જક

શ્રી. નારાયણ બાબુની બે નવી નવલકથાઓ

અપર્ણા

રૂા. ૩-૦-૦

બકુરાણી

રૂા. ૨-૮-૦

નારીહૃદયની મર્મવેધક વ્યથાના હૃદયભર્યા પ્રસંગો, માનવતા અને ગૃહસંસારની અપૂર્વ છબી ઉપરનાં બન્ને પુસ્તકો પૂરી પાડે છે.

મહાકવિ પ્રેમાનંદકૃત

દશમ સ્કંધ

અધ્યાય ૧—૨૫

પ્રો. મનસુખ ઝવેરીના ટિપ્પણ અને ઉપોદ્‌ઘાત સહિત

કિંમત રૂ. ૩-૦-૦

શ્રી. ધીરેન્દ્ર દોશી કૃત

કલંક

આધુનિક જીવનના પ્રશ્નને સ્પર્શતી નવી નવલકથા

કિં. રૂા. ૩-૦-૦

શ્રી ક્ષેત્રવ કૃત

'ગુરુસ્વામી'

ઇતિહાસ અને સંવેદન પર રચાયલી રસમય નવલકથા

કિં. રૂા. ૨-૦-૦

લખો:—

કિતાબઘર : : : : રાજકોટ

ત્રિશક્તિ ગ્રંથમાળાનાં પુસ્તકો

સટ ૧ લોઃ–વંધ્યા ૦।૮, કાકી ૦।, કાયદામાં સ્ત્રીનું સ્થાન ૦।, અર્ધાંગના ૦।૮, ગૃહવ્યવસ્થાની વાતો ૦।।, ખંધણું ૦।૯, બલિદાન ૦।૯, ભવાટવી ૦।૮, મા ૦।૮, જયાના પત્રો ૦।।.

સટ ૨ જોઃ–પતિની પસંદગી ૦।૮, લીલાની આત્મકથા ૦।, ફોટ ૦।૮, પારસી વાનીઓ ૦।।, વિધવા ૦।૯, કોને પરણું ? ૧।।।, સુઘડતા ને સુંદરતા ૦।।૯, હાસ્ય પુવારો ૦।।૯, ભૂતના ભડકા ૨), વિષવૃક્ષ ૨).

સટ ૩ જોઃ–હાસ્ય કલાપ ૨), દેવી ચોધરાણી ૨), વીર રોઝા ૧।।, હાસ્ય ઝરણાં ૨), " જરા રહો મૂકજો " ૧।।, રાસરજની ૨।૯, જીવનપલટો ૦।૮, સુખી ઘર ૦।, ભરતગૂંથણ ૧), ચોર્યાસીનું ચક્કર ૦।૯.

સટ ૪ થોઃ–રઝિયા બેગમ ૦।, ગૃહવિવેક અને બીજી વાતો ૦।।, સખીના પત્રો ૦।।૯, રટવનું શાસ્ત્ર ૦।, સ્ત્રીહૃદય ૦।, માતૃપ્રેમ અને બીજી વાતો ૦।૮, પારસી લગ્નગીતો અને ગરબા ૦।।, દામ્પત્ય જીવન ૩।।, વહેમી પતિ ૦।, આરોગ્ય અને સુખ ૦।।.

સટ ૫ મોઃ–સામાજિક વાતો ૦।૯, રમુજી વાતો ૦।૮, ભલી ભાભી ૦।।।, પતિ પ્રભુ છે ૦।।।, બાંહેધરી અને ભાવજત ૦।૮, વાતનું વતેસર ૦।।।, ઘરેણાંનો શોખ ૦।।।, પારસી સતીઓ ૦।।, એકાદશી ૦।।।૯, રાણુકદેવી ૧).

સટ ૬ ઠોઃ–શિવાજીની બા ૦।।।૯, સાસુની શિખામણ ૦।।।, કાયદાનું અજ્ઞાન ૦।।।, નામ વગરની નવલકથા ૨), નારીભિષક ૦।૮, માસિકધર્મ ૦)૯, નવા સાથિયા ૦)૯ વીર તારા (બે ભાગ) ૩), ગોરબાનાં ગીતો ૦।૯.

સટ ૭ મોઃ–મેડમ રેમીડા ૧), સામાજિક વાતો ભાગ–૨ ૦।, ગુણિયલ ગૃહિણી ૦।।।, સ્ત્રીસ્વાતંત્ર્ય ૦।।।, દક્ષિણી રાંધણકળા ૦।, સતી જસમા ૦।।, સંસાર–દર્શન ૦।।, ભૂમિમાતા–આનંદમઠ ૨), બાળવિધવા ૦)૯, સાચાં સડોદર ૨).

સટ ૮ મોઃ–થેપડા અથવા એક પર બીજી ૦।, સુકન્યા ૦)૯, વીરાંગના નીલાદેવી ૦।।।, રાસનન્દિની ૦।।।, પ્રતિભાનો સ્વયંવર ૨), વિમાની ગીતાબાઈ ૦)૯. ઝાંસીની રાણી ૦।૯, હાસ્યાંકુર ૦।।।૮, હાસ્યામૃત ૦।।, ભરિચિકા ૧).

(દરેકનું પોસ્ટેજ અલગ સમજવું)

ત્રિશક્તિ કાર્યાલય, કેળા પીઠ, સુરત.

બાલવિનોદનું બાલસાહિત્ય

બા લ કો મા ટે સ વો ત્ત મ છે

સારોસાર ચિત્રોવાળાં, છ થી પંદર વર્ષનાં બાલકો માટેનાં નીચેનાં પુસ્તકો વિના કોઈ પણ પુસ્તકાલય અધુરું છે.

" પુસ્તકાલયમાં વધુ વાચકો તો ગામનાં ઉછરતાં બાલકો અને જુવાનો હશે તેમ જ પ્રૌઢ શિક્ષણપ્રવૃત્તિના પરિણામે નવાં વાંચતાં શીખેલાં પ્રૌઢો માટેનાં પુસ્તકોનો પણ તમારે વિચાર કરવાનો છે. આ બાબતમાં બાળકો અને પ્રૌઢો સરળતાથી વાંચી સમજી શકે એવી નાની નાની સરળ ભાષામાં અને મોટા અક્ષરે જ્ઞાન આપે એવી જે પુસ્તિકાઓ પ્રકટ થઈ હોય તે પણ લક્ષ્યમા લેતા જઈ અને એમને માટેનાં પુસ્તકો પણ વસાવવાનું રખે ચૂકતા. "

'પુસ્તકાલય'ના તંત્રીની જુલાઇ ૧૯૪૩ના અંકમાંની આ સૂચના ધ્યાનમાં રાખો અને તમારા પુસ્તકાલયમાં બાલવિનોદનાં પ્રકાશનો વસાવો.

બાલવિનોદ ગ્રંથાવલી (છથી આઠ વર્ષનાં બાળકો માટે)

૩ પુસ્તકો : ૯૦ ચિત્રો : ૯૬ પાનનું વાચન. રૂા ૧-૨-૦

બાલવિનોદમાલા (આઠથી બાર વર્ષનાં બાળકો માટે)

૪૨ પુસ્તકો : ૭૦૦ ચિત્રો : ૧૫૦૦ પાનાંનું સુંદર વાચન :
બે મનોહર બોક્સમાં : રૂા ૧૧-૮-૦

અશોક બાલપુસ્તકમાળા (દસથી પંદર વર્ષનાં બાળકો માટે)

૮૩ પુસ્તકો : ૧૦૦૦ ચિત્રો : ૩૬૦૦ પાનનું રસિક વાચન :
આઠ સુંદર બોક્સમાં : રૂા. ૨૮-૦-૦

પુસ્તકોનાં નામ અને વિગત માટે "પુસ્તકાલય"ના જુલાઇ ૧૯૪૩ ના અંકની જાહેરખબરનાં પાન : ૨૭ થી ૩૨ સુધી જુઓ

સૂચિપત્ર માટે લખો :

બાલવિનોદ કાર્યાલય ૧૪૯, પ્રિન્સેસ સ્ટ્રીટ : [મુંબાઈ]

બુકસેલર્સ એજન્સીનાં પુસ્તકો

ગુજરાતનુ ટાઇપીસ્ટ:ગંગાબેન પટેલ		૧-૪-૦
યૌગિક સાધન	અરવિંદ ઘોષ	૦-૮-૦
રાસપાંખડી	ચિ. લો. ગાંધી	૦-૮-૦
કુમારી હેલન	રસૂલભાઇ વોરા	૦-૨-૦
પ્રાથમિક શાળાનાં શિક્ષકનો સાથી		૧-૦-૦
જાતક કથાઓ	ચંદ્રશંકર ભટ્ટ	૦-૧૦-૦
કથામણિ	ગાંડિવ સા. મંદિર	૨-૮-૦
અમૃતસરિતા ભા. ૧-૨	મહાસુખભાઇ શેઠ	૩-૦-૦
કમનસીબ કુમારિકા	”	૦-૩-૦
અનવર કાવ્ય	”	૨-૦-૦
સચિત્ર કાવ્યસરિતા	”	૪-૦-૦
ગ્રામદેવતા	મ. ઠા પટેલ	૧-૮-૦
બલિદાન	પ્રા. ઠા. મુનશી	૦-૮-૦
ચાંદરણું	પ્ર. ગિ. મહેતા	૦-૮-૦
શારીરિક તંદુરસ્તી	રવિશંકર અંજારીઆ	૧-૪-૦
હરિગીત ગીતા	”	૦-૮-૦
બાળલેખન ભાગ ૧ થી ૪	સોમાભાઇ ઠા. પટેલ	૦-૧૨-૦
બાળટેકનો ભાગ	”	૦-૬-૦
બાળગલ્પિત ભા. ૧-૨,		૦-૫-૦
જીવનસંભારણાં (શારદા મહેતા)		૨-૮-૦
બાલસાહિત્ય સર્વસંગ્રહ ભા.૧-૨		૨-૨-૦
છત્રપતિ શિવાજી	વા. મુકાદમ	૫-૮-૦
સામાજિક શૃંખલાઓ		૦-૮-૦

લખો:— પુસ્તક કાર્યાલય

પુસ્તકાલય સહાયક સહકારી સં. લિ.

પો. બો. નં. ૧૭, રાવપુરા—વડોદરા.

રાસમંદિર	ગો. ઠા. ત	૧-૮
ગાંધીયુગની વાર્તાઓ		૧-૨
પ્રેમલીલા—ભાગ ૧-૨		૧-૨
રસિયાના રાસ		”
નગાધિરાજ		”
કુંવારીની રમઝટ		”
કુળદીપક		”
કાઠીઆવાડથી કન્યાકુમારી		” ૧
કુંચગીતો		” ૧-૮
સોમનાથની સખાતે		” ૦-૧-૦
હાસ્યહકૂતરા		” ૧-૮-૦
સોરઠપતિ		” ૧-૮-૦
દાલચિવડાની દશ વાર્તાઓ		” ૧-૮-૦
કાઠિયાવાડની લોકવાર્તા ભા. રજો		૧-૦-૦
નવલખ સોરઠ	શ્રી. રાયચુરા	૧-૮-૦
લખેશ્વરી		” ૨-૮-૦
સૌરઠી વીરાંગનાની વાતો		૨-૦-૦
સોરઠરાણી		૧-૮-૦
રાજ્ય અને રાજકારણ	શ્રી. ઉરકાન્ત શુકલ	૬-૮-૦
ગો. ન. અમીન, જીવન અને કાર્ય		૨-૮-૦
સત્ય શ્રી કબીર દિગ્વિજય	મહંત રતનદાસજી	૧-૦-૦
ગજવે ઘૂમતો કોણ	મૂળવંતરાય	૧-૪-૦
ઋણછોડની વાણી	રેખા કાર્યાલય	૧-૪-૦
જવનિકા		૦-૧૨-૦
રામસિંહ રાઠોડ	ચં. મ. ભટ્ટ	૦-૬-૦
કીસ્ટોફર કોલમ્બસ		” ૦-૬-૦
કુમાર વીરસેન ભા. ૩		” ૦-૬-૦

તમારી લાયબ્રેરી માટે આજે જ મંગાવી લ્યો.



ગાંધીજીને જગવંદના

સંપાદક :
ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્
અનુવાદક :
ચંદ્રશંકર શુકલ

ડૉ સર્વપલ્લી રાધાકૃષ્ણનના હાથે સંપાદિત થયેલ આ ગ્રંથમાં યુગપુરુષ મહાત્મા ગાંધીજીને રોમે રોલાં, પર્લ બક, જનરલ સ્મટસ, કવિવર રવીન્દ્રનાથ ઠાકુર, આલબર્ટ આઇનસ્ટાઇન, ડૉ. મેરિયા મોન્ટેસોરી જેવા દુનિયાના મહાન વિચારકો અને મુત્સદ્દીઓ વંદના કરે છે; ગાંધીજીના વચન અને કર્મમાં, વિચાર અને આચારમાં કેટલી તલસ્પર્શી એકતા છે, તેમના સમગ્ર જીવન અને કાર્યમાં કેવો સુંદર મેળ છે તે બતાવે છે. ગાંધીજીના 'હરિજનબંધુ' સાપ્તાહિકના તંત્રીતરીકે જેમણે કામ કર્યું છે ને ગાંધીજીના વિચારોને ગુજરાતીમાં ઉતારવામાં જેઓ સિદ્ધહસ્ત છે તે શ્રી. ચંદ્રશંકર શુકલે આ ગ્રંથને ગુજરાતી રૂપાંતર આપ્યું છે. સ્વામી આનંદની અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના ઉપરાંત ગાંધીજીના બે ફોટોચિત્ર અને ગુજરાતના જાણીતા કલાકાર શ્રી રસિકલાલ પરીખના બેરંગી કવરચિત્રવાળું આ પુસ્તક દરેક ઘરમાં–લાયબ્રેરીમાં અવશ્ય હોવું જરૂરી છે.

કિંમત રૂા. ૨–૧૨–૦ વી. પી. ખર્ચ છ આના જુદું.

આજે જ મંગાવી લ્યો

એન. એમ. ઠક્કરની કુંપની

બુકસેલર્સ પબ્લીશર્સ

૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ—મુંબઇ ૨.

Reg. No. B. 2216

"પૂણ્ય અને પાપ"

શ્રી. ચુનીલાલ વર્ધમાન શાહની અભિનવ રીતે લગ્નકોયડો છણુતી અતિ રસિક નવલકથા સૌ ભાણાપો તથા જુવાનો જરૂર વાંચે.

પૃષ્ઠ ૪૬૦ : : પાકું પૂઠું : : કિં. રૂા. ૩॥।

રૂપાનો-
-ઘંટ

જાણીતા નવલકથાકાર શ્રી. ચુનીલાલ વર્ધમાન શાહની રંગ, રસ, કુમાશ-ભરી સુંદર નવલિકાઓનો રૂપાળો સંગ્રહ. એકેકથી ચઢિયાતી વાર્તાઓ, લેખકની છબી ને જીવનચરિત્ર સાથે.

કાપડી પૂઠું કિં. ૨) રૂા.

જગતના-
-ઝવેરાતો

શ્રી. જયમુખલાલ ભટ્ટતાના, સંસારમાં શાંતિ સિંચતા, મનોરમ શૈલીથી લખા-યેલા રસિક લેખો-નિબંધો-નિરીક્ષણો, લેખકની છબી ને જીવનચરિત્ર સાથે.

થોડી જ નકલો છાપી છે.

કાપડી પૂઠું કિં. ૧॥। રૂા.

ગાંડીવ બાળમાસિક	૩-૦-૦	ગાંડીવ બાળપંચવાર્ષિક	૫-૦-૦
હાસ્યમૂર્તિ શ્રી. જ્યોતીંદ્ર દવે કૃત રંગતરંગ ચાર ભાગ			૬-૦-૦
બાલોદ્યાનમાળા (૮૦ પુ૦)	૩૦-૮-૦	ચાલો વાજપીએ (૧૨ પુ૦)	૯-૦-૦
બકોર પટેલ (૨૦ પુ૦)	૭-૦-૦	બે વૉલ્યુમમાં પાકું પૂઠું	૯-૦-૦

ગાંડીવ

પુસ્તક ૧૮ મું
ઑક્ટોબર-૧૯૪
અંક ૧૦ મો



સાર્વજનિક પુસ્તકાલય—ગણપતપુરા

: વાર્ષિક લવાજમ :

દેશમાં રૂા. ૩-૮-૦ પરદેશ રૂા. ૫-૦-૦ છૂટક નકલ રૂા. ૦-૬-૦

: વ્યવસ્થાપક :
વાઘજીભાઇ નારણભાઇ અમીન (બી. કૉમ)
મંત્રી, પુ. સ. સ. મંડળ લિ.

: તંત્રી :
મણિલાલ પ્રભાશંકર વ્યાસ

અનુક્રમણિકા

	લેખક	પૃષ્ઠ
આમજનતાનું સાહિત્ય ...	... દિ. ખ. અંબાલાલ સાકરલાલ દેસાઇ	૩૮૧
સાહિત્યસૃષ્ટિનું અવનવું ...	... શ્રી. છોટાલાલ માનસિંગ કાલાદાર	૩૮૨
ભારતીય ભાષાઓનું સાહિત્ય ...	... શ્રી. કુંવરજી ધરમસી સંપટ ...	૩૮૭
ગાંધી-જ્ઞાન-ચક્ર	... શ્રી. હિંમતલાલ મ. પટેલ ...	૩૯૦
અધોગામી સાહિત્ય	... ...	૩૯૨-૯૪
પુસ્તકાલય સ. સ. મંડળ લિ. ની વાર્ષિક સભામાં પસાર થયેલા ઠરાવો		... ૩૯૬-૧
વ૦ રા૦ પુ૦ મંડળની વાર્ષિક સભા ...	... ...	... ૩૯૬-૩
અશ્લીલ સાહિત્ય વેચનારાઓ, સાવધાન !	... ...	... ૩૯૬-૪
વ. રા. પુ. મંડળનો ૧૯૪૨-૪૩ નો અહેવાલ	... ...	... ૩૯૭
પુસ્તક પરિચય	... ...	... ૪૧૩
માસિકો મળ્યા તારીખ	... ...	... ૪૧૯
નવીન ફાળ	... ...	... ૪૨૦
પુસ્તકાલય નોંધ	... ...	... ૪૨૧
પુસ્તકાલયોની તપાસણી ...	... શ્રી. ના. નં. ચોક્સી ...	... ૪૨૨
સાહિત્ય અને સંસ્કૃતિનાં વહેણ...	... ...	... ૪૨૩

સામયિક દોહન

હાલતું-ચાલતું વિશ્વવિદ્યાલય ...	... ...	૪૨૪
નોકરોના દોઢલા દહાડા (કાવ્ય) ...	... શ્રી. ભાણેકલાલ હ. સરિત્ ...	૪૨૬
વિષમજ્વર-ટાઇફોડ ફેલાવાનાં કારણો	... ચં. મા. દીવે	૪૨૭
ગામડાનું ભૂષણ થોર (હાયલિયો)	... ...	૪૨૯
આપણા રાજ્યનો અનાજ પ્રશ્ન ...	... ને. ના. દીવાન સા.	૪૩૦
આજની અનાજ-આંધીનો સરળ ઉકેલ	... શ્રી. ભા. કા. ભાટે	૪૩૧
પુસ્તકાલય ખાતાના વટહુકમો, સૂચના ૪.	... ...	૫૩

જાહેરખબરમાં ઉમેરો.

આ અંકમાં અન્યત્ર છપાયેલી "સંદેશ" કાર્યાલયની " જીવનસખી " પુસ્તકની જા. ખ. માં છેડે નીચે પ્રમાણે છાપવું રહી ગયું છેઃ—

આ પુસ્તકના સોલ એજન્ટસઃ—

એન. એમ. ઠક્કરની કંપની

પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ-૨

આ માસિક વડોદરામાં ' ધી હુલ્લાણાભિત્ર પ્રિં. પ્રેસ 'ના અંબાલાલ વિ. ઠક્કરે પુસ્તકાલય સ. સ મંડળ લિ. ને માટે છાપી પ્રસિદ્ધ કર્યું. તા. ૧૫-૧૦-૪૩

દરેક લાયબ્રેરીમાં નીચેનાં પુસ્તકો તથા માસિક વસાવવાં પડશે

એક આદર્શ રાજવીના જીવનની આબેહૂબ ઝાંખી કરાવતો સુંદર ચરિત્રગ્રંથ

શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ

ભાગ ૧–૨ — મૂલ્ય બન્ને ભાગના રૂ. ૪-૧૨-૦

ફે. શ્રીમંત સયાજીરાવ મહારાજના બાલ્યકાળથી અવસાન પર્યન્તના વિવિધ પ્રસંગો જાણવા, આ ગ્રંથમણિ તમારે વસાવવો જ રહ્યો.
સંબંધ ફોટા–ચિત્રો અને આર્ટ પ્લેટોના સુશોભન સહિત

---

૨૦ વર્ષથી સ્ત્રીઉપયોગી વિષયોને રજૂ કરતું ગુજરાતનું અજોડ માસિક પત્ર

ગુણસુન્દરી

સ્ત્રી-ઉપયોગી વિષયોના ખાસ મનનીય લેખો, જાણીતા કવિઓના રસભર્યા રાસ, જાણીતા લેખકોની સુંદર ટૂંકી વાર્તાઓ, બીજગતના સમાચારો, બાલકો માટે બાલવિભાગ

તંત્રી : શ્રી. જયવતી દેસાઈ
વાર્ષિક લવાજમ : હિંદમાં રૂ. ૪॥ : પરદેશ શિલિંગ ૧૦

ગ્રાહક ન થયા હો તો આજે જ લવાજમ મોકલી નામ નોંધાવો
વ્યવસ્થાપક, "ગુણસુન્દરી", C/o લુહાણામિત્ર પ્રેસ, વડોદરા.

ગુજરાત અને એના સીમાપ્રાંતોના પરમારો અને ચૌહાણોના વીરતા અને નેક–ટેકના ઇતિહાસનું મૂર્ત સ્વરૂપ હૂબહૂ રીતે રજૂ કરતો વાર્તાનો અનોખો ઐતિહાસિક ગ્રંથ

પરમાર ધારાવર્ષદેવ

ભાગ ૧–૨] અને [મૂલ્ય રૂ. ૮)

ચૌલહઠમંકા હેવડા

ભાગ ૧–૨ મૂલ્ય રૂ. ૬॥

આ ઐતિહાસિક નવલને દરેક પુસ્તકાલયે વસાવવી જ પડશે.

હિંદી રાષ્ટ્રીય મહાસભાનો ઇતિહાસ જાણવા માટે વસાવો

મહાસભાનો ઇતિહાસ

ભાગ ૧–૨–૩
મૂલ્ય ત્રણે ભાગના રૂ. ૧૧)

ગુજરાતનાં બે મહાનગરો

વડોદરા અને સુરત

મૂલ્ય ૦–૮–૦ ભા. ૧–૨ મૂલ્ય રૂ. ૧)

બાળકો અને મોટેરાંને આ બે મહાનગરોનો પરિચય રસમય શૈલીએ આપે છે.

મંગાવવા માટે આજેજ લખો: **લુહાણામિત્ર પ્રિ. પ્રેસ–રાવપુરા, વડોદરા.**

છેલ્લાં ૩૨ વર્ષથી શિષ્ટ અને ઉપયોગી સાહિત્ય પૂરું પાડી રહેલી

વિવિધ ગ્રંથમાળા

સંવત ૨૦૦૦ | ભિક્ષુ અખંડાનંદે સ્થાપેલી વાર્ષિક લવાજમ રૂા. ૫) ટપાલખર્ચ માફ | વર્ષ ૩૩ મું

✠

લડાઇના આ પાંચમા વર્ષમાં કાગળો, બોર્ડ છીટ, શાહી ઇ૦ ની ૬ થી આઠ ગણી મોંઘવારી હોવા છતાં વાર્ષિક લવાજમમાં વધારો કર્યો નથી.

✠

સંવત ૨૦૦૦ માં નીચેનાં પુસ્તકો પ્રકટ થશે

૧ ઉપનિષદો–બે ભાગમાં
૨ આર્યોના સંસ્કાર
૩ મહાત્મા કબીરનાં આધ્યાત્મિક પદો
૪ જ્યોતિંદ્ર ઉ. દવેની વાતો
૫ અખંડવાણી
૬ સંવત ૨૦૦૧નું પંચાંગ

દરમ્યાન પુસ્તકોમાં કોઇ કારણસર ફેરફાર કરવાની વ્યવસ્થાપકોને છૂટ છે.

✠

વરસે દિવસે ૬૮ ઇંચ ધા" × ૭ા"નાં ૨૦૦૦ પાનાંનું વાચન ચારથી છ પુસ્તકોમાં મળીને ઘેર બેઠાં અપાય છે.

આ લીટીમાં છે તેવા મોટા અક્ષરોમાં

૬૬ ૭૩૪૨૦, પાન ૫૨૦૦
કાપડી પાકાં પૂંઠાં
અનેક ચિત્રો
મજબૂત જેકેટ

✠

૧–આદિ ને સભાપર્વ
૨–વન ને વિરાટપર્વ
૩–ઉદ્યોગ ને ભીષ્મપર્વ
૪–દ્રોણપર્વ
૫–કર્ણ, શલ્ય, સૌપ્તિક, સ્ત્રીપર્વ
૬–શાંતિપર્વ
૭–અનુશાસન, આશ્વમેધિક, આશ્રમવાસિક, મૌસલ, મહાપ્રસ્થાનિક ને સ્વર્ગારોહણપર્વ

મહાભારત એટલે પુસ્તકોનો રાજા

✠

મ૦ ગાંધીજી કહે છે કે,

" મહાભારતને અમૂલ્ય રત્નોની એકાદ અખૂટ ખાણ સાથે જ સરખાવી શકાય; એ ખાણને જેમ જેમ વધુ ઊંડી ખોદીએ છીએ તેમ તેમ તેમાંથી વધારે કીમતી જવાહિરો નીકળે છે. "

સસ્તું સાહિત્ય

નું અદ્‌ભુત સાહસ ! ! !
૬૬૬૬ ૭ ભાગમાં
સંપૂર્ણ સેટ. મૂલ્ય માત્ર
રૂપિયા ૪૫)

✠

ભિક્ષુ અખંડાનંદની
ગુજરાતને ભેટ

જે જ્ઞાન અને વિનોદ સેંકડો પુસ્તકોમાંથી પણ નથી મળતાં, તે જ્ઞાન ને વિનોદ વીર, શૃંગાર, ભક્તિ તેમજ હાસ્યરસથી ભરપૂર એકલા મહાભારતમાંથી મળે છે

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય—ભદ્ર પાસે, અમદાવાદ ને કાલબાદેવી–મુંબઇ

સસ્તા મૂલ્યે પુસ્તકો મેળવવાની યોજના

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી સ્વામી અખંડાનંદજીના સ્મરણાર્થે લાયબ્રેરીની યોજના ગયા ડિસેંબર માસમા જાહેર કરેલી. તેમા આપવાના જાહેર કર્યા ઉપરાતના સેટો અપાઇ ગયા છે આમ છતાં હજી પણ વાચકવર્ગ તરફથી ઘણી માગણી આવ્યા કરે છે. તેથી તે ગ્રાહકોને નીચેનાં ૬૫ પુસ્તકો જેની છાપેલી કિંમત રૂા. ૧૩૯-૦-૦ છે, તે માત્ર રૂા. ૧૦૦)માં આપવાનું ઠરાવ્યું છે. પુસ્તકો રેલવે પારસલથી મોકલાશે અને પેકિંગ તથા મુકાદમીનું ખર્ચ લેવાશે નહિ. રેલવે ખર્ચ મંગાવનારે ભરવાનું છે.

પુસ્તકનું નામ	મૂલ્ય
યોગવાસિષ્ઠ રામાયણ-૪ ગ્રંથો	૧૨-૦-૦
માનસ રામાયણ-૨ ગ્રંથમાં	૫-૪-૦
ભગવતી ભાગવત	૬-૦-૦
દત્ત-પરશુરામ-વેદાંતનો ઉત્તમ ગ્રંથ	૨-૦-૦
પાતંજલ યોગસૂત્ર-ટીકા સાથે	૧-૦-૦
તુકારામ ગાથા-ગ્રંથ ૧ લો	૨-૪-૦
,, ,, -ગ્રંથ ૨ જો	૨-૮-૦
રામતીર્થનાં વ્યાખ્યાનો (૧)	૨-૮-૦
,, -ઉપદેશો (૩)	૨-૮-૦
,, -ચરિત્ર (૪)	૩-૦-૦
વિવેકાનંદના ઉપદેશો (૪-૫)	૨-૪-૦
,, -ભક્તિયોગ (૮)	૧-૮-૦
,, -ચરિત્ર (૯)	૩-૦-૦
,, રાજયોગ ને જ્ઞાનયોગ(૧૦-૧૧)	૨-૦-૦
આખ્યાનમાળા-ગ્રંથ ૧ લો	૨-૪-૦
,, - ,, - ગ્રંથ ૨ જો	૨-૦-૦
વૈદિક વિનય-૩૬૦ વૈદિક પ્રાર્થનાઓ	૩-૧૨-૦
મહાભારત અંજરી	૩-૦-૦
સંસારમાં સ્વર્ગ-આવૃત્તિ ૫મી	૨-૦-૦
સાચું સ્વર્ગ- ,, ૬ઠ્ઠી	૨-૪-૦
સ્વર્ગનું વિમાન ,, ૫મી	૨-૦-૦
સ્વર્ગની કૂંચી ,, ૫મી	૨-૦-૦
સ્વર્ગનો પ્રકાશ ,, ૨જી	૨-૦-૦
સ્વર્ગની જિંદગી ,, ૩જી	૨-૦-૦
સ્વર્ગનો ખજાનો ,, ૪થી	૨-૦-૦
સ્વર્ગનો આનંદ- ,, ૨જી	૨-૦-૦
સ્વર્ગની સીડી- ,, ૨જી	૨-૦-૦
સ્વર્ગની સડક- ,, ૨જી	૨-૦-૦
ગામડિયા નરૈયો-પઢિયારકૃત	૧-૬-૦
હૃદયતરંગ ને બ્રાહ્મણની ગૌ	૧-૦-૦
પ્રીતમદાસની વાણી	૨-૮-૦
બુદ્ધચરિત્ર ને અન્ય સંતપુરુષો	૨-૦-૦
રામકૃષ્ણ પરમહંસ-ચરિત્ર	૨-૮-૦
સંત તુકારામ-વિસ્તૃત ચરિત્ર	૨-૮-૦
ચૈતન્યમહાપ્રભુ-વિસ્તૃત ચરિત્ર	૬-૮-૦
જ્ઞાનેશ્વર મહા૦-સંત એકનાથ	૨-૮-૦
સ્વામી બ્રહ્માનંદ ને શિવાનંદ	૧-૬-૦
શ્રીરામચંદ્ર ને નાગ મહાશય	૧-૦-૦
મ૦ સર્યુદાસ તથા જાનકીદાસ	૦-૧૦-૦
ભક્તચરિત્ર-૨૯ ચરિત્રો	૧-૮-૦
આદર્શ ચરિત્રસંગ્રહ-૨ જો	૨-૮-૦
સંસારમાં સુખ ક્યાં છે?	૧-૦-૦
હાસબોધ	૨-૦-૦
મુરલીમ મહાત્માઓ	૨-૪-૦
કચ્છની લોકવાતો	૨-૦-૦
આગળ ધસો-પ્રેરક ગ્રંથ	૨-૮-૦
આદર્શ દૃષ્ટાંતમાળા-૧ લો	૨-૦-૦
,, ,, -૨ જો	૨-૦-૦
કતલખાનું મહાન ગ્રંથ ...	૨-૪-૦
શુભસંગ્રહ-ભાગ ૨ જો ...	૨-૮-૦
,, -ભાગ ૯ મો ...	૨-૮-૦
બાળકોની વાતો-ભાગ ૨ જો	૦-૮-૦
ભારતના વીર પુરુષો-ચરિત્રો	૧-૪-૦
વિભુની વાટે ને રામા૦ રત્ન૦	૦-૪-૦
સુબોધ પુષ્પવાટિકા	૦-૫-૦
ઉપદેશસારસંગ્રહ	૧-૦-૦
ટૂંકી વાર્તાઓ-(૧ લો) ...	૨-૮-૦
,, ,, -(૨ જો) ...	૧-૮-૦
,, ,, -(૬ ઠ્ઠો) ...	૨-૦-૦
મૂળ પંચરત્નગીતા ...	૧-૨-૦
મૂળ મૂળ ગીતા-બોર્ડ પટ્ટી	૦-૧૦-૦
ગીતા માત્ર ગુજ૦ ભાષાંતર	૦-૪-૦
જ્ઞાનપટ, સોપાનપટ ને મોક્ષબાજી	૦-૧-૦
કુલ રૂા.	૧૩૯-૦-૦

નોંધ:—ઉપર પ્રમાણે રૂા. ૧૩૯-૦-૦ ના ૬૫ પુસ્તકોનો સેટ માત્ર રૂા. ૧૦૦)માં મળશે.

આ ૬૫ પુસ્તકો દ્વારા એકંદર ૩૩૫૫૨ પાનનું વાચન મળે છે, અને તેનું વજન લગભગ ૮૪ રતલ થાય છે. આજે તો આટલા રૂપિયામાં આટલા કોરા કાગળ પણ નથી મળતા!!

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય } ઠે. ભદ્ર, સેશન્સ કોર્ટ પાસે, અમદાવાદ
ગાંધીરોડ, હાથી બિલ્ડિંગ, મુંબઇ-૨

૧૯૪૨-૪૩માં બહાર પડેલાં નવાં પુસ્તકો

નવાં ઉત્તમ સુંદર પુસ્તકો

કર્ણવતી	ધૂમકેતુ	૪–૦–૦
ચૌલાદેવી સચિત્ર	,,	૪–૦–૦
સીધાં ચઢાણ	(મુનશી)	૩–૮–૦
રમા–નાટક	શરદબાબુ	૨–૦–૦
વગડાનાં ફૂલ	મકનજી પરમાર	૨–૦–૦
પૃથ્વીનાં આંસુ	દુર્ગેશ શુકલ	૧–૮–૦
આપણો ધર્મ નવી આવૃત્તિ		૪–૦–૦
(પૃ. ૯૧૬ આનંદશંકર બાપુભાઇ ધ્રુવ)		
ઠંડી કૂરતા ને બીજાં નાટકો	ધૂમકેતુ	૧–૮–૦
ગૂર્જરાતનો જય પહેલો	નવી આવૃત્તિ : મેઘાણી	૨–૮–૦
બે દેશદીપક	(શ્રદ્ધાનંદ-લાલાજી) મેઘાણી	૨– ૮–૦
કલ્યાણી (નવલકથા)	રમણિકલાલ	૨–૦–૦
૨૫ પ્રેમકથાઓ		૧–૮–૦

શ્રી. કનૈયાલાલ મુનશી કૃત :

અધૂરે રસ્તે		૩– ૦–૦

શ્રી. ધૂમકેતુ કૃત :

રાજસંન્યાસી		૪– ૦–૦
પ્રદીપ	(નવી આવૃત્તિ)	૧–૧૨–૦
રજકણ	,,	૨– ૦–૦
તણખા મંડળ ૧–૨–૩–૪		૯– ૦–૦
પડઘા–નાટકો	,,	૦– ૬–૦
ક્યુબેન સંગ		૦– ૩–૦
વનરાજ		૦– ૬–૦
નવાં વિવેચનો		૨– ૮–૦
ચાંદની	(નવી આવૃત્તિ)	૦– ૫–૦
સોલ સતી		૧– ૪–૦
સુવર્ણા	(નવલકથા)	૨– ૮–૦

શ્રી. ઝવેરચંદ મેઘાણી કૃત : નવી આવૃત્તિઓ

વેવિશાળ	૩– ૦–૦
રસધાર–ભાગ ૧ થી ૫	૧૧– ૦–૦
કંકાવટી–ભાગ પહેલો–બીજો	૨– ૪–૦
રઢિયાળી રાત–ભાગ ૧થી૪	૫–૧૦–૦
રાણો પ્રતાપ	૨– ૦–૦
સોરઠી બહારવટિયા ભા.૧–૨–૩	૧–૪–૦
નિરંજન–નવલકથા	૨– ૮–૦
સોરઠ તારાં વહેતાં પાણી	૩– ૦–૦
જેલઑફિસની બારી	૧– ૮–૦
સોરઠી સંતો (નવી આવૃત્તિ)	૧– ૪–૦
હાલરડાં	૦–૧૦–૦
પ્રતિમાઓ (નવી આવૃત્તિ)	૧–૧૨–૦

શ્રી. ચુનીલાલ વ. શાહ કૃત :

વિલોચના	૩– ૦–૦
અવંતિનાથ	૨– ૦–૦
કર્મયોગી રાજેશ્વર	૨– ૦–૦
રાજહત્યા	૨– ૦–૦

શ્રી. મનુભાઇ જોધાણી કૃત :

શૌર્યનાં તેજ	૨– ૦–૦
કાળિયાર અને બીજી પાણીકથાઓ	૧–૮–૦
જનપદ ભા. ૧–૨–૩(નવી આવૃત્તિ)	૩–૦–૦
ખાટીમીઠી બાળવાતો	૧–૦–૦

શ્રી. તારાચંદ ચો. અડાલજાકૃત :

બાંકાના બેલ (સચિત્ર)	૩– ૮–૦
દંભી દુનિયા	૩– ૮–૦

ચા-ઘર ભા. ૧–૨ ધૂમકેતુ, વગેરે	૨– ૮–૦
આરસીના ભીતરમાં	૧– ૪–૦
રંભા (રાષ્ટ્રીય નવલકથા)	૧– ૪–૦

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધી રસ્તો : અમદાવાદ

ગૂજરાતના શ્રેષ્ઠ લેખકોનાં ઉત્તમ નાટકો

શ્રી. ધૂમકેતુ કૃત

ઠંડી ક્રૂરતા

અને

બીજાં નાટકો

૧-૮-૦

શરદબાબુ કૃત

૨ મા

૨-૦-૦

શ્રી. દુર્ગેશ શુકલ કૃત

પૃથ્વીનાં આંસુ

૧-૮-૦

શ્રી. રત્નમણિરાવ જોટે કૃત

સંભાવિત સુંદરલાલ

૧-૪-૦

સ્વાતંત્ર્યની ભાવના સેવતા આજના નારીજગતમાં દંભનો પડદો તોડીને હૃદયદર્શન કરાવતી નારીના પત્રો.

શા માટે બંધન ?

૧-૪-૦

"સામાજિક જીવનમાં દંભ મૂળતત્ત્વરૂપ બને છે. અને કોઇ ક્ષણિક આકસ્મિક મેળાપમાં નહિ, પરંતુ કોઇ હેતુસર વારંવાર થતા મિલનપ્રસંગોમાં જ્યારે રોમાંચનો પ્રાદુર્ભાવ થાય છે, ત્યારે માનસપ્રદેશમાં રહેલી વસ્તુ વાસ્તવિક જીવનમાં ઊતરવા માંડે છે. આટલી ભૂમિકા રચાયા પછી તમે પોતે દંભની સ્પષ્ટતા અને પુનરાવૃત્તિથી જ્ઞાત હોવા છતાં એ દંભલીલા અટકાવી શકતાં નથી અને આગળ જતાં દાંપત્યમાં અણુરાગ જન્મે છે. તમે જેને સતત ચાહતાં હો તે જ માણસ આઠખીલી જેવો લાગે છે.....અને દંભથી એને છેતરી તમારા આત્માને છેતરો છો....

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધી રોડ : અમદાવાદ.

ભારતી સાહિત્ય

આ મહિનામાં પ્રગટ થયેલાં નવાં પ્રકાશનો

એક જ મહિનામાં પ્રગટ થયેલાં આ પુસ્તકોમાં પ્રશ્નોની વિવિધતા છે, જીવનનો ધબકાર છે, શૈલિની નવીનતા છે, તમારી લાયબ્રેરીમાં વાચકોને આ પુસ્તકો આશીર્વાદરૂપ નિવડશે.

નવલકથાઓ

૧	પુનરાગમન ભાગ ૧	લેખક : સ્વ. હરજીવન સોમૈયા	૩-૦-૦
૨	પુનરાગમન ભાગ ૨	,, ,,	૨-૮-૦
૩	કાંટાની વાડ	અનુ. ,, ,,	૨-૮-૦

વાર્તાઓ

૪	દીઠું મેં ગામડું જ્યાં	લેખક : રતિલાલ અઘાણી પ્રવેશક : સ્વામી આનંદ	૩-૦-૦
૫	શોધને અંતે અને બીજી વાતો	લેખિકા: લાભુબહેન મહેતા	૨-૪-૦

આરોગ્ય

૬	દવાનો છેલ્લો ઘુંટડો અને કુદરતી સારવાર	લેખક : ભૂપતરાય દવે	૨-૧૨-૦

વિવેચનસંગ્રહ

૭	નિકષરેખા	લેખક : વિશ્વનાથ મગનલાલ ભટ્ટ	૨-૮-૦

આ ઉપરાંત

૮	લગ્ન સાધના	લેખક : સોપાન	૨-૮-૦
૯	વિશ્વસાહિત્યની વાર્તાઓ	અનુ ભોગીલાલ ગાંધી	૩-૦-૦
૧૦	હિંદ વિશ્વયુદ્ધના વમળમાં	ડુંગરશી સંપટ	૧-૦-૦
૧૧	૧૯૪૩નાં પગરણ	રતિલાલ મહેતા	૦-૧૦-૦
૧૨	આગાદીની યજ્ઞજ્વાળા	કરસનદાસ માણેક	૦-૮-૦

ભારતી સાહિત્ય સંઘ

૧૪૮, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ—મુંબાઇ. ૧૬, શ્રીમાળી સોસાયટી, અમદાવાદ.

સંઘનાં પુસ્તકો

અમારી સોલ એજન્સીનાં પુસ્તકો

જન્મભૂમિ પ્રકાશન મંદિરનાં બધાં જ પુસ્તકોની સોલ એજન્સી અમારી પાસે હોવાથી દરેક પુસ્તકાલયે એ પ્રકાશનો અમારી પાસેથી મંગાવવાં.

૧ વિશ્વદર્શન
[૧૯૪૩—૪૪]
લગભગ ૮૦૦ પાનાં 'નવરચના'ની સાઇઝનાં પાકું પૂંઠું. દ્વિરંગી જેકેટ રૂા. ૮-૦-૦

૨ પારિભાષિક જ્ઞાનકોષ
[રાજકારણ]
દરેકને ઉપયોગનું આ પુસ્તક લાયબ્રેરીમાં તો હોવું જ જોઇએ. રૂા. ૩-૦-૦

દરેક પુસ્તકાલયના ટેબલ ઉપર

ભગિની
[પાક્ષિક]

૬૨ પંદર દિવસે પ્રગટ થતા આ પાક્ષિકને સૌએ આવકાર્યું છે એમાં જે સામગ્રી આવે છે તે સાવ નવીન પ્રકારની અને જીવનમાં સુગંધ પૂરે એવી છે.

તા. ૧લી અને ૧૫મીએ પ્રકટ થાય છે.

: લવાજમ :

દેશમાં	પરદેશમાં
રૂા. ૪-૦-૦	૫-૦-૦

ઊર્મિ અને નવરચના
[માસિક]

આ માસિક એ તો દરેક લાયબ્રેરીમાં હોવું જ જોઇએ. ગુજરાતનાં ગણ્યાં-ગાંઠ્યાં માસિકોમાં આનું સ્થાન આગળ પડતું છે.

એક અંક લેવાથી ઉપર લખેલ વસ્તુની પ્રતીતિ આપને થશે.

: લવાજમ :

દેશમાં	પરદેશમાં
રૂા. ૪-૦-૦	૫-૦-૦

ભારતી સાહિત્ય સંઘ

૧૩૮; મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ ૧૬, શ્રીમાળી સોસાયટી, અમદાવાદ-૬

લાયબ્રેરીમાં વસાવવા યોગ્ય ઉત્તમ પુસ્તકો

શ્રી. શરદબાણુ કૃત

રેણુની મા	૪–૮–૦
ચરિત્રહીન	૪–૮–૦
શેષપ્રશ્ન	૪–૮–૦
જ્ઞાનદા	૨–૮–૦
શરદ્વાણી	૨–૦–૦

શરદબાણુ પ્રશંસિત
શ્રી. નારાયણ ભટ્ટાચાર્ય કૃત

મિલન	૪– ૦–૦
વારસદાર	૩– ૦–૦
પતિમંદિર	૧–૧૨–૦

શ્રી. નિરૂપમાદેવી કૃત

મોક્ષદા	૪– ૦–૦
પતિ–પત્ની	૨– ૮–૦

શ્રી. બંકિમબાણુ કૃત

દુર્ગેશનંદિની	૩– ૦–૦
કૃષ્ણકાન્તનું વીલ	૨– ૮–૦
બાતાસી	૨– ૮–૦
(બંગશ્રેષ્ઠ નવલકથા સંગ્રહ)	
માધવી (શ્રી. ટાગોર કૃત)	૧– ૮–૦
મુક્તિ (ક્રાન્તિકારી નવલકથા)	૧– ૮–૦
પતિભક્તિ ને બીજી વાતો	૧–૧૨–૦
(સામાજિક નવલકથા)	

હાસ્યરસિક ઉત્તમ પુસ્તકો
શ્રી. બેકાર કૃત

સનમની શોધમાં	૩– ૦–૦
અક્કલના બાં	૨– ૮–૦
રમતારામ	૨– ૮–૦
હું રાજા હોઉં તો	૨– ૮–૦
કલમ ચાબુક	૧–૮–૦

જ્યોતિષ સંબંધી પુસ્તકો

હાથની ભાષા	૫– ૦–૦
શરીરસામુદ્રિક	૩– ૦–૦

બાળસાહિત્યનાં પુસ્તકો

બાવલાના પરાક્રમો	૧–૦–૦
(શ્રી. હંસા મહેતાકૃત)	
બાળભાગવત	૦–૧૦–૦
જગતના ઇતિહાસની વીરકથાઓ	૦–૭–૦
શ્રી. રમણલાલ સોનીકૃત	

ઉર્દૂ લિપિ પરિચય	૦–૮–૦
હિંદુસ્તાની પ્રારંભ	૦–૮–૦
પ્રણય યજ્ઞ	૨–૪–૦

આ સિવાય તમામ જાતનાં પુસ્તકો કિફાયત ભાવે મળશે.

શ્રી હરિહર પુસ્તકાલય ટાવર રોડ, સુરત.

સમસ્ત ગુજરાત અને મુખ્યત્વે વડોદરા રાજ્યની પુસ્તકાલયપ્રવૃત્તિનું એકજ મુખપત્ર

પુસ્તકાલય

પુસ્તક ૧૮ મું | ઑક્ટોબર-૧૯૪૩ | અંક ૧૦ મો

આમજનતાનું સાહિત્ય

"જનસમૂહને શિક્ષણ આપવાથી આપણા સાહિત્યના ઉત્કર્ષને જેટલી પુષ્ટિ મળવાનો લેાગ છે, એટલેા બીજા કેાઇ પણ એક ઉપાયથી મળવાનેા નથી. છેક ગરીબમાં ગરીબ સ્ત્રી કે પુરુષને પણ લેખન, વાચન ને ગણિતના સંસ્કાર તથા સામાન્ય વિજ્ઞાન મળવું આવશ્યક છે. જ્યારે લેાક સમસ્ત વાંચવાનેા શેાખી થશે ત્યારે લેખકેાને અપૂર્વ ઉત્તેજન મળશે, ને સાહિત્યના સત્ત્વમાં ઘણેા ઉત્કર્ષ થશે. વળી એવું પણ બનશે કે એ ગરીબમાંથી કેટલાક સંસ્કાર પામી સાહિત્યમાં નવું બળ પ્રેરશે."

× × × ×

"સામાન્ય કેળવણીનેા પૂર્ણ લાભ મેળવવેા હેાય, તેા તેની રચના એવા હેતુથી કરવી જોઇએ કે એથી લેખન, વાચન વગેરેના સંસ્કાર ઉપરાંત જન જનના ચરિત્રનેા વિકાસ થાય, તેમનાં તન અને મનનું અંતર્બળ વૃદ્ધિ પામે, અને દેશાભિમાન, દેશભક્તિ, સ્વાર્પણ વગેરે ઉચ્ચ લાગણીઓની અભિવૃદ્ધિ થાય, અને તેની જોડે નિર્વાહનેા કસબ હરકિાજ શીખે. આથી જુદી કેળવણી બહુ ફલદાયી ભાગ્યે જ થાય.

" જનસમૂહની કેળવણીનું પૂરેપુરું ફળ મેળવવા સારુ બીજી એક વાત અત્રે સૂચવવાની હું છૂટ લઉં છું, તે એ કે પ્રાથમિક કેળવણીને લાભ પામેલાને શાળા છેાડયા પછી વાંચવા લાયક પુસ્તકેા વસાવવાં જોઇએ. શ્રીમંત ગાયકવાડ મહારાજે આ વાત ઉપર મારું લક્ષ ખેંચ્યું છે, અને આ પરિષદના નિયામકેાની પણ એ દિશાએ નજર ગયેલી દીસે છે. માત્ર કંઇક સૂચના કરવાની ઉચિત હેાય, તેા તે એટલી જ છે કે **ગરીબને વાસ્તે રચાયેલાં ચેાપાનિયાં કે પુસ્તકેાની ભાષા કેવળ સરળ, તરત સમજાય એવી અને નકામા સંસ્કૃત આડંબરથી મુક્ત હેાવી જોઇએ.** વિષય અને તેનું વર્ણન પણ તેમના જ્ઞાન અને કેળવણીના ગજા ઉપરાંત ન હેાવું જોઇએ. તેવું સાહિત્ય સસ્તું જોઇએ, એ કહેવાની જરૂર નથી."*

દિ. બ. અંબાલાલ સાકરલાલ દેસાઈ

* તા. ૨૮-૧૦-૧૯૦૬ના રેાજ ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખસ્થાનેથી.

સાહિત્યસૃષ્ટિનું અવનવું

આઠમી ઑગસ્ટનાં વર્તમાનપત્રોમાં ધ્યાન ન ખેંચાય તેવા ખબર હતા કે 'પદ્મ પબ્લિકેશન્સ'નું એક વર્ષ પૂરું થયું છે. આ એક વેપારી સંસ્થા હોવાનું લોકો ધારે છે. પરંતુ દેશની અત્યારની વિષમ પરિસ્થિતિમાં કોઈપણ પ્રકાશનસંસ્થાની પ્રગતિ નવીન ખબરરૂપ છે.

યુદ્ધને અંગે રદીમરો પર નિયંત્રણ આવતાં, પરદેશનાં પુસ્તકો આવતાં બંધ થયાં અને તેને અંગે હિંદી પ્રકાશકોને સારી સરખી તક મળી ગઈ છે. પણ થોડા અપવાદને બાદ કરતાં એ તકનો પૂરો લાભ લેવાયો નથી તે દિલગીરી સાથે કબૂલ કરવું પડે છે. આ અપવાદમાં 'પદ્મ પ્રકાશનો' આવે છે.

આ પ્રકાશનો સંપૂર્ણ છે અથવા તો તેમાં સુધારાને અવકાશ નથી એમ તો કોઈ કહી શકે તેમ નથી. પરંતુ હિંદી લેખકોનાં સુવાચ્ય પુસ્તકો, એક વર્ષમાં વીસની સંખ્યામાં પ્રગટ કરવાં તે 'કંઈક' પ્રગતિ તો છે જ. એવી આશા રાખવામાં આવે છે કે હિંદના ઊગતા લેખકોને ઉત્તેજન આપીને, હિંદનાં પ્રકાશન મંદિરો, હિંદના વાચકોને બહુવિધ પ્રકારનું રસદાયક વાચન સત્વર પૂરું પાડશે

આ સ્થળે યાદ આપવાની જરૂર છે કે 'પદ્મ પ્રકાશનો'એ ગાંધીજીના લેખોનો સંગ્રહ 'ફિફ્ટ યર્સ ઇન્ડિયા' પ્રગટ કરીને પ્રકાશનનું પહેલું પગલું માંડ્યું હતું. શ્રી. આર. કે. પ્રભુએ તે સંગ્રહ કર્યો હતો. સરકારે તેના પર પ્રતિબંધ મૂકયા પહેલાં તેની ૨૫ હજાર નકલો વેચાઈ ગઈ હતી.

❧

પંડિત જવાહરલાલ નહેરુનાં નાની બહેન મિસિસ કૃષ્ણા હઠીસિંગ તરફથી ખબર મળે છે કે તેમનું પુસ્તક 'વિથ નો રિગ્રેટસ' (With No Regrets) છપાવવાની તૈયારીમાં છે. તેમાં સંસ્મરણો અને તે પણ મોટે ભાગે નહેરુ કુટુંબનાં–છે. આ કુટુંબ હિંદના સ્વાતંત્ર્યની હિલચાલ સાથે તથા આ ચળવળની અગ્રગણ્ય વ્યકિતઓ સાથે કેવું નિકટ જોડાયેલું છે તે જે જાણે છે તે તો આ પુસ્તક પ્રગટ થવાની રાહજ જોઈ રહ્યા છે. પદ્મ પ્રકાશન મંદિર તે પ્રગટ કરશે.

❧

હોલીવૂડના સેન્ટ્રલ ન્યુસ ડિસ્પેચના જણાવ્યા મુજબ, વેન્ડેલ વિલ્કિના પુસ્તક 'વન વર્લ્ડ' (One World)ની ફિલ્મ તૈયાર થઈ રહી છે. આ પુસ્તકમાં વિલ્કીનું જગત–ઉકુયન તથા સંયુકત રાષ્ટ્રોના આગેવાનો સાથેની વાતચિત આપવામાં આવેલી છે. ટવેન્ટી-એથ સેન્ચુરી ફૉકસ સ્ટુડિયો આ ફિલ્મ નવ ભાષા–ચાઇનીઝ, જર્મન, ઇટાલિયન, રશિયન, ફ્રેન્ચ, તુર્કીશ, અરેબિક અને અંગ્રેજીમાં તૈયાર કરે છે.

❧

ત્રાવણકોર રાજ્યના ૧૯૪૧–૪૨ ના તાજેતરમાં બહાર પડેલા રિપોર્ટ પરથી જણાય છે કે વર્ષ દરમિયાન ત્યાં ૭૧ સામયિકો પ્રગટ થતાં હતાં. આ પૈકી ૨૪ મૂલાયલમ ભાષામાં,

૧૪ અંગ્રેજીમાં, ૪ તામિલમાં, ૨૫ અંગ્રેજી, મલાયલમ અને તામિલમાં, ૨ અંગ્રેજી મલાયલમ અને લેટિનમાં, અને ૧ સંસ્કૃત, અંગ્રેજી અને મલાયલમમાં પ્રગટ થતાં હતાં. આ સામયિકો પૈકી ૭ દૈનિક, ૧૩ સાપ્તાહિક, ૧ પાક્ષિક, ૪૩ માસિકો, ૧ ત્રૈમાસિક, ૪ દર ચાર મહિને પ્રગટ થતાં અને એક દ્વિવાર્ષિક હતાં. આ ૭૦ સાપ્તાહિકો પૈકી, ૧૨ માં સામાન્ય તથા રાજકીય બાબતો, ૧૫ સામાજિક અને ધાર્મિક; ૧૬ ધાર્મિક, ૧ વેપારી, ૧ ડૉક્ટરી, ૩ કાયદાનાં, ૩ હાસ્યનાં તથા ૧૯ માં સામાન્ય કેળવણીવિષયક તેમજ સાહિત્યના વિષયોની ચર્ચા કરવામાં આવી હતી.

*

હિંદી સાહિત્યમાં આચાર્ય રામલોચન શરણજીનું નામ સારી રીતે જાણીતું છે. નિશાળના શિક્ષકથી જિંદગીની શરૂઆત કરી, આજે તે બિહારના અગ્રગણ્ય પ્રકાશન મંદિર–લહેરિયા સરાયના પુસ્તક ભંડાર–ના માલિક છે. એક સફળ લેખક તથા પ્રકાશક હોવા ઉપરાંત તે હિંદી માસિક 'બાળક'ના તંત્રી પણ છે. પુસ્તક ભંડારના રજત મહોત્સવ તથા માલિકના સુવર્ણ મહોત્સવના સંયુક્ત પ્રસંગે ગયા વર્ષના જુન માસમાં 'જયંતી સ્મારક ગ્રંથ' પ્રગટ કરવામાં આવ્યો હતો અને સમારંભના પ્રમુખ દરભંગાના મહારાજાના હાથે તે અર્પણ કરવામાં આવ્યો હતો.

આ ગ્રંથને 'બિહાર સર્વસંગ્રહ' કહી શકાય. તેમાં ૧૦૦૦ પાનાં છે અને પહેલાં ૭૦૦ પાનાંમાં બિહારનો ઇતિહાસ, પ્રાચીન અવશેષો, પ્રાચીન વિશ્વવિદ્યાલયો, વિભૂતિઓ, વિદ્વાનો, લેખકો, કવિઓ, સ્થાપત્ય, સંગીત, ખનીજો અને ઉદ્યોગો, કેળવણીસંસ્થાઓ, પુસ્તકાલયો, સામયિકો, ચિત્રશાળાઓ અને એવી અસંખ્ય બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઘણાખરા લેખો બિહારના પ્રસિદ્ધ લેખકો તથા વિદ્વાનોએ લખેલા છે. ગ્રંથની ખાસ વિશિષ્ટતા મહાન હિંદી લેખક તથા વિદ્વાન અલ્લાહાબાદના 'સરસ્વતી' માસિકના આગલા તંત્રી પંડિત મહાવીરપ્રસાદ દ્વિવેદીના સાઠથી વધારે ખાનગી પત્રોનું પ્રકાશન છે. આ પત્રો તેમના મિત્ર તથા બિહારના વિદ્વાન પંડિત જનાર્દન ઉપર આવેલા તે છે.

પુસ્તકમાં પુષ્કળ ચિત્રો છે, તથા બાંધણી પણ આકર્ષક છે. ગ્રંથની કિંમત ૧૬ રૂપિયા છે.

*

'જૈન ગેઝેટ'ના જુલાઇ માસના અંકમાં જીવનચરિત્રની એક ઉપયોગી યોજના પ્રગટ કરવામાં આવી છે. કાનપુરની દિગંબર જૈન પરિષદે 'મહાવીરસ્વામીનું જીવનચરિત' લખવા માટે ૪,૦૦૦ રૂ. ના ઇનામની જાહેરાત કરી છે. જીવનચરિત અંગ્રેજી, ઉર્દૂ અથવા હિંદી ભાષામાં લખી શકાશે પણ તે ઐતિહાસિક સાધનોના આધારે લખાયેલ હોવું જોઇએ. ઇનામનો નિર્ણય પાંચ જણની કમિટિ કરશે. તેમાં સર એસ. રાધાકૃષ્ણન્ તથા શ્રી. કનૈયાલાલ મુનશીનો પણ સમાવેશ થાય છે.

મળી શકતાં સાધનોને ભેગાં કરી યોગ્ય ગોઠવણી કરવા માટે જૈન ગેઝેટ એક લાખ રૂપિયાના ખર્ચની યોજનાની તરફેણમાં છે. એમ કહેવામાં આવે છે કે ૧૯૪૧ માં પ્રગટ થયેલ પંડિત કૈલાસચંદ્ર જૈનના ૬૦૦ પાનાંના પુસ્તક 'શ્રમણ ભગવાન મહાવીર'

લખવામાં તેમને વીસ વર્ષ લાગ્યાં હતાં.' તેમાં પણ સુધારાને અવકાશ હોવાનું 'જૈન ગેઝેટ' માને છે.

❀

કોઇ પણ હિંદી લેખકના અંગ્રેજી પુસ્તકનું હિંદની લગભગ બધી ભાષાઓમાં ભાષાંતર થાય તેવું બહુ ભાગ્યે જ બને છે. પરંતુ મિનુ મસાણીનું પુસ્તક 'અવર ઇન્ડિયા' (આપણું હિંદ) આ માન પામી ગયેલ છે. ગુજરાતીમાં તેનું ભાષાંતર હાલમાં જ થયું છે, પણ ત્યાર પહેલાં ઉર્દૂ, હિંદી, પંજાબી, તામિલ, તેલુગુ, કાનડી તથા મરાઠી ભાષામાં તેનાં ભાષાંતર થઇ ચૂકયાં છે. પ્રકાશકોના જણાવ્યા મુજબ બંગાળી, ઉડિયા, અને સિંધી ભાષાનાં ભાષાંતરો તુરતમાં પ્રગટ થવાનો સંભવ છે, અને રશિયન ભાષાંતરની વિચારણા ચાલી રહી છે. આ પુસ્તકને મળેલ આવી પ્રસિદ્ધિ માટે લેખક તથા પ્રકાશકો બન્ને–અભિનંદનને પાત્ર છે.

❀

'બૂક્સ એબ્રોડ' (Books Abroad) (યુ. સ્ટે. અ.)ના પાનખર ઋતુના અંકમાં રિમથ કોલેજના પ્રો. મેન્ફ્રેડ ક્રિડલ પોલંડના લેખકોની પરદેશની સ્થિતિનું વર્ણન કરે છે. શેરીમાં ઊભા રહી ચીજો વેચીને, હોટલોમાં વેઇટર તરીકે અથવા શાળાઓના શિક્ષકો તરીકે તેઓ ગુજરાન ચલાવી રહેલ છે. પરંતુ પોલંડના પાંચ આગળ પડતા કવિઓ, ઇગ્લંડ અથવા અમેરિકાના યુનાઇટેડ સ્ટેટસમાં સહીસલામત છે.

આ પાંચે કવિઓની ઉંમર ૪૦ થી ૫૦ વર્ષ વચ્ચેની છે અને તેઓ અત્યારે સર્જનાત્મક પ્રવૃત્તિની ટોચે પહોચ્યા છે.

❀

હિંદીમાં સર્જનાત્મક સાહિત્ય માટે દશ સુંદર પારિતોષિકોની જાહેરાત કરીને, અલ્લાહાબાદની હિંદુસ્તાન એકેડેમીએ હિંદી લેખકો તથા વાચક જનતાને આભાર નીચે મૂકી આપેલ છે. દરેક ઇનામ ૧,૨૦૦ રૂ.નું છે, અને તેના નીચે પ્રમાણે વિભાગો પાડવામાં આવ્યા છે. બે ઇનામો લાંબા વર્ણનાત્મક કાવ્યો માટે એક, એકજ લેખકની ટૂંકી વાર્તાઓના સંગ્રહ માટે, એક નાટક, દંતકથા તથા હાસ્યરસ દરેક માટે. એક ઇનામ છ શ્રેષ્ઠ નવલિકાલેખકો વચ્ચે, એક ચાર શ્રેષ્ઠ એકાંકી નાટકોના લેખકો વચ્ચે, અને બે ઇનામ બાર શ્રેષ્ઠ નિબંધો લખનાર વચ્ચે વહેંચી દેવાનાં છે.

હાથપ્રત મોકલવાની છેલ્લી તારીખ ૧૯૪૪ના માર્ચની ૩૧મી છે અને લખાણની માલિકી 'એકેડેમી'ની રહેશે. એકેડેમી તે લખાણ પ્રગટ કરે, પ્રગટ કરવાની ગોઠવણ કરે અથવા અમુક શરતોએ લેખકને પ્રગટ કરવા દે. આ પારિતોષિકો આપવાનું ઔષધની તાલુકદાર એસોસીએશનને અંગે તથા સંખ્યાબંધ રાજાઓના દાનને લઇને શકય બન્યું છે.

વધારે દાન મળતાં, પશ્ચિમનું વિવેચન, સંસ્કૃતનું વિવેચન, હિંદી તથા ઉર્દૂ ભાષાની તપાસનોંધ તથા વિજ્ઞાનનો ઇતિહાસ લખાવવાની પણ જાહેરાત કરવામાં આવી છે. બીજી ભાષાની સંસ્થાઓ પણ હિંદુસ્તાનની એકેડેમીનો દાખલો લઈ જુદી જુદી ભાષાઓમાં તેવા જ પ્રકારનું રચનાત્મક કાર્ય કરશે તો આધુનિક સંસ્કૃતિમાં ખોટું પગલું ભર્યું ગણાશે.

❀

બ્રહ્મપુરી અજમેરના શ્રી. સુખસંપતરાય ભંડારીએ પ્રગટ કરેલ 'વૈજ્ઞાનિક તથા ટેકનિકલ શબ્દોનો વીસમી સદીનો અંગ્રેજી હિંદી કોશ' એક અપૂર્વ સાહસ છે. પ્રગટ થયેલ બે ગ્રંથો પર અનેક હિંદી વિદ્વાનોએ પ્રશંસાનાં પુષ્પો વેર્યાં છે અને ત્રીજો અને છેલ્લો ગ્રંથ પણ તેવો જ થશે. આ પ્રકારનો શ્રી. ભંડારીનો પ્રયત્ન ભાષામાં પહેલો જ છે. ત્રણે ભાગોની કીંમત રૂા. ૫૦) છે.

❧

મિસિસ ચંદ્રાવતી જૈનને તેમના પુસ્તક 'નીવકી ઈંટ' માટેનું રૂ. ૫૦૦) નું સેખ-સરિયા પારિતોષક મળ્યું છે. આ પુસ્તકને ૧૯૪૨ નું શ્રેષ્ઠ હિંદી પુસ્તક ગણવામાં આવ્યું છે.

❧

ધૂળિયાની સત્કાર્યોત્તેજક સભા સંતરામ દાસ તથા તેમના પંથનાં પુસ્તકો પ્રગટ કરે છે અને સાહિત્યસંશોધન કરાવે છે. ૧૯૪૨ ના મે માસમાં તેને પચાસ વર્ષ પૂરાં થતાં તેનો સુવર્ણ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. શ્રી. એન. સી. કેલકરના પ્રમુખપદ હેઠળ જુનની ૧૬ તથા ૧૭ મીએ તે મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. રામદાસ પંથનું સાહિત્ય ઓછી કિંમતે તથા આધારભૂત વાચનવાળું મળે તે માટે સભાએ સરસ કામ બજાવ્યું છે.

❧

પ્રસિદ્ધ ઉડિયા કવિ "કવિસૂર્ય" બલદેવરથની સ્મારકતિથિ, તેના મૃત્યુ પછી ૯૮ વર્ષે, ગઇ અક્ષય તૃતીયાએ ઉજવવામાં આવી હતી. પ્રાચીન ઉડિયાની કાવ્યકળામાં 'કવિસૂર્ય' રથની સરખામણીમાં કોઇ આવી શકે તેમ નહોતું. અને તેનું પુસ્તક 'કિશોર ચંદ્રાનના—ચંદ્ર' ઉડિયા સાહિત્યરસિકોનો મહામૂલો ખજાનો છે. સો વર્ષ પહેલાંનાં તેનાં ગીતો આજે પણ જનતામાં તેટલાં જ પ્રિય છે. તેનું સ્મરણ જાળવી રાખવા માટે કમિટિ સ્થાપવામાં આવી છે, અને કવિનું સવિસ્તર જીવનવૃત્તાંત લખવા માટે રૂ. ૧૦૦) ના ઇનામની જાહેરાત કરવામાં આવી છે. સાપ્તાહિક 'નવીન'ના ૧૮ મી મેનો ખાસ અંક 'કવિસૂર્ય સ્મારક અંક' તરીકે પ્રકટ કરવામાં આવ્યો છે.

❧

'મદ્રાસ રિલિજિયસ એન્ડાવમેન્ટ બોર્ડ'ના આશરા હેઠળ, જુદાં જુદાં મંદિર-દેવ-સ્થાન કમિટીઓ 'સ્થળ પુરાણ' અથવા યાત્રાધામોનો ઇતિહાસ, પ્રગટ કરી રહેલ છે.

જનતામાં ધાર્મિક જ્ઞાનનો પ્રચાર કરવા માટે સ્થાપવામાં આવેલ ધરમપુરમ્ મઠ ધાર્મિક સાહિત્યનાં તેમ જ પ્રખ્યાત મંદિરો-સંબંધી પુસ્તકો પ્રગટ કરી રહેલ છે. અત્યાર સુધીમાં આવાં લગભગ ૫૫ પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યાં છે.

❧

પશ્ચિમના રાજકીય વિચારો સંબંધી તામિલ ભાષામાં 'શક્તિ પ્રકાશન મંદિરે' સંખ્યાબંધ પુસ્તકો પ્રગટ કર્યાં છે. દાખલા તરીકે કાર્લ માર્કસ તથા રૂસોના જીવનવૃત્તાંતો તથા સોવિયેટ રશિયા સંબંધે પુસ્તક પ્રકટ કરવામાં આવેલ છે. રૂસોનું 'સોશિયલ કોન્ટ્રેક્ટ' (Social Contract) પ્રગટ થતાં રાજકીય લખાણોની વાટી પૂરી થાય છે.

તેવું જ બીજું પ્રકાશન મંદિર, 'તામિલપન્નૈ' છે. ઑકસફર્ડની નવી માળાની ઘાટી પર તે પુસ્તિકાઓ પ્રગટ કરવાનું છે. તેમાં નૂતન વિચારો તથા લેખનની નવી પદ્ધતિનો સમાવેશ થશે.

*

મદ્રાસના વિદ્વાનો તથા જાહેર કાર્યકર્તાઓ થોડા જ સમયમાં શ્રી. ટી. વી. કલ્યાણસુંદર મુદાલિયરનો એકસઠમો જન્મમહોત્સવ ઉજવશે. તેઓ પ્રખર વિદ્વાન છે. 'દેશભક્ત' તથા 'નવશક્તિ' જેવાં પત્રો સાથેનો તેનો સંબંધ ન ભૂલી શકાય તેવો છે. તેનાં બે પુસ્તકો 'ગાંધીજી એન્ડ હ્યુમેનિટી' (Gandhiji and Humanity) અને 'ઇન્ડિયા એન્ડ ફ્રિડમ' (India and Freedom) તેની રાષ્ટ્રીયતા તથા આધુનિક વિશાળ દૃષ્ટિના પુરાવારૂપ છે. તેણે 'પેરિયા પુરાણ' ઉપર નોંધ તથા ટીકા લખીને તે ગ્રંથનું સંપાદન કર્યું છે.

ઉચ્ચ પ્રકારના છાપકામ તથા પ્રકાશનો માટે પ્રખ્યાત થયેલ 'પુદુમૈપંદીપટમે' 'મુટ્ટોલયરિમ' (૩×૬૦૦) પ્રગટ કરીને પોતાની કીર્તિમાં ઉમેરો કર્યો છે. આ કાવ્યનું પુસ્તક છે, અને કાળે તેનો ભક્ષ કરતાં માત્ર ૧૦૦ કડીઓ જ મળી આવેલ છે.

*

પીથાપુરમ્‌ના યુવરાજ એક સરસ કવિ તથા નાટયલેખક છે. તેમનું પ્રસિદ્ધ નાટક 'આ લોક મુઆહવાનમ' નોબેલ કાવર્ડના 'યંગ આઇડીઆ' (Young Idea)નું સ્મરણ કરાવે છે. તેનાં નાટકો વસ્તુગૂંથણી કે પાત્રો પર આધાર રાખતાં નથી પરંતુ અદ્‌ભુત દૃશ્યો તથા બનાવો પર આધાર રાખે છે. તેણે બે અંગ્રેજી પુસ્તિકાઓ, 'મિસલેની' (Miscellany) તથા 'રેઇન ડ્રોપ્સ' (Rain Drops) પણ પ્રગટ કરી છે.

*

લંડનના પહેલા પુસ્તકાલયની સ્થાપના ૧૪૯૭માં લિંકન્સ ઇનમાં કરવામાં આવી હતી.

*

સેંકડો અમેરિકનો ૧૦ શિલિંગથી માંડીને ૧ પૌં. ૧૫ શિ. આપીને દરિયાપારના દેશોમાં પોતાના પુત્રોને મોકલવા સારૂ 'ગોળીથી રક્ષણ પામે' તેવાં બાઇબલો ખરીદી રહ્યા છે.

હૃદય ઉપરના જાકીટના ખિસ્સામાં બંધબેસતાં જાઈ જાય તેવી રીતે આ બાઇબલો બનાવવામાં આવે છે.

ઊંચી કિંમતની નકલોને સોનેરીથી વિભૂષિત કરેલ હોય છે.

*

મધ્યસ્થ લંડનની મસ્જિદમાં નવાં સંસ્કૃતિ કેન્દ્ર પૂરું પાડવા માટે પગલાં લેવાઈ રહ્યાં છે. બ્રિટિશ સામ્રાજ્યમાં આ એક મોટું ઇસ્લામી પુસ્તકાલય થશે.

ઇજીપ્તના એલચીના એટેચી કામેલ-અલ-લેબને વર્તમાનપત્રના એક પ્રતિનિધિને જણાવ્યું હતું કે, આ પુસ્તકાલયમાં જગતના દરેક ભાગમાં પ્રસિદ્ધ થયેલ પુસ્તકોનો સમાવેશ કરવામાં આવશે. ઇજીપ્ત, ઇરાન, ઇરાક, સાઉદી અરેબિયા અને અમેરિકામાંથી ઘણાં પુસ્તકો આવશે, અને તેમાંથી પસંદગી કરવા માટે એક કમિટિની નિમણૂક કરવામાં આવશે.

છોટાલાલ માનસિંગ કામદાર

ભારતીય ભાષાઓનું સાહિત્ય

ધાર્મિક સાહિત્ય

બંગાળી ભાષા સમૃદ્ધ બનાવવા માટેનો બ્રાહ્મો સમાજનો ફાળો મોટો છે. એના સંસ્થાપકો અને નેતાઓ લગભગ બધા સારા વ્યાખ્યાતા અને લેખકો હતા. બ્રાહ્મો સમાજના આદ્યસ્થાપક રાજા રામમોહન રાય સંસારસુધારક, પ્રથમ યુરોપનો પ્રવાસ કરનાર, વ્યાખ્યાનકર્તા અને મોટા સાહિત્યકાર હતા. એઓ બંગાળી ગદ્ય સાહિત્યના પિતા ગણાય છે. એમણે સંસ્કૃત ધર્મશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કર્યો હતો. બંગાળીમાં એમણે ધર્મ સંબંધી એક ડઝનથી વધારે પુસ્તકો લખ્યાં છે. એમના પછી મહાકવિ રવિન્દ્રનાથના પિતા મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુર આવ્યા. એમણે ઉપનિષદો વિષે સરસ પુસ્તક લખ્યું છે. એમનાં વ્યાખ્યાનો પણ સરસ છે અને હજી પણ હોંશથી વંચાય છે, પરંતુ એ સર્વે કરતાં ઓછા પ્રખ્યાત નહિ એવા બંગાળના કેશવચંદ્ર સેન થયા છે. એ બંગાળાના વિદ્વાન આખા હિંદમાં સુવિખ્યાત છે. એમની વક્તૃત્વ-શક્તિ એ જમાનામાં અતિશય ઉચ્ચ પ્રકારની ગણાતી હતી. એમણે 'સુલભ સમાચાર' નામે વર્તમાનપત્ર ચલાવ્યું હતું. તેમજ જીવનવેદ તથા નવવિધાન, પ્રાર્થનાઓ વગેરે પુસ્તકો લખ્યાં હતાં. એમનાં પુસ્તકો એમની પાછળ અવસાન પામ્યાં નથી પરંતુ હજી હોંશે હોંશે વંચાય છે. એમનું સાહિત્ય જીવતું છે. પ્રતાપચંદ્ર મજમુદાર, શિવનાથ શાસ્ત્રી વગેરે બ્રાહ્મસમાજના અગ્રગણ્ય લેખકો થઇ ગયા છે. એઓ અંગ્રેજી અને બંગાળી બંને ભાષાઓના વિદ્વાન હતા. બંગાળીઓએ અંગ્રેજી ભાષા ઉપર પહેલેથી જ પ્રભુત્વ મેળવી લીધું હતું. બંગાળમાં હરનાથ પાગલના પણ ઘણા શિષ્યો છે. બ્રહ્મસમાજના શ્રી રામાનંદ ચેટરજીની સાહિત્યસેવા અનોખી છે.

હિંદીમાં દેવ સમાજ, આગ્રાનો રાધા સમાજ વગેરે નવીન ધાર્મિક સંસ્થાઓની સ્થાપના થઇ છે. એ સમાજીઓએ સમાજની ઉન્નતિ માટે ઘણું સારું કામ કર્યું છે. એ સમાજોએ શિક્ષણ, ઉદ્યોગ, તાલિમ, હુન્નરઉદ્યોગ વગેરે સંબંધી સરસ કામ કર્યું છે. પરંતુ સાહિત્યવિષયમાં એમનું કામ નજીવું હોઇને ખાસ ઉલ્લેખપાત્ર નથી.

ગુજરાતીમાં સ્વામીનારાયણ સંપ્રદાય પછી શ્રેયઃસાધક અધિકારીવર્ગે શ્રીમન્નૃસિંહાચાર્ય-ના અધ્યક્ષપણા નીચે ગુજરાતી ભાષાની સારી સેવા કરી છે. એ સંસ્થાએ ગુજરાતી ભાષાના કેટલાક સારા વિદ્વાનો આપ્યા છે. શ્રીમન્નૃસિંહાચાર્ય પોતે સારા લેખક હતા. એમણે ધાર્મિક અને નીતિ સંબંધી ઘણાંક પુસ્તકો પ્રકટ કર્યાં હતાં. એમના શિષ્ય ઉપેન્દ્રાચાર્ય સારા કવિ હતા. એ સંસ્થા તરફથી મહાકાળ, પ્રાતઃકાળ વગેરે સારાં માસિકો નીકળતાં હતાં. એ સંસ્થાના સારામાં સારા લેખક શ્રી. છોટાલાલ મારતર હતા. એમના સમકાલીન કૌશીકરામ વિઘ્નહરરામ મહેતા, નર્મદાશંકર દેવશંકર, નગીનદાસ પુરુષોત્તમદાસ સંઘવી વગેરે હતા. એ શ્રેયઃસાધક અધિકારીવર્ગનો હવે સાહિત્યફાલ લગભગ અસ્ત જેવો થઇ ગયો છે.

ગુજરાતીમાં શ્રીમનથુરામ શર્મા પણ ઉલ્લેખ કરવા યોગ્ય વ્યક્તિ છે. એમણે પણ કુદીબંધ પુસ્તકો લખ્યાં છે. એમના દેહવિલય પછી એમના અનુયાયીઓની સાહિત્યપ્રવૃત્તિ ધીમી પડી છે.

બંગાળની બીજી એક મહાન ધાર્મિક સંસ્થા શ્રી રામકૃષ્ણ પરમહંસદેવનાનામથી

સ્થપાયેલ રામકૃષ્ણ મહની છે. ગરીબોની સેવા એ એમનો મુખ્ય આદર્શ છે. એમાં સ્વામી વિવેકાનંદજી મહાન વિદ્વાન અને ધર્મોપદેશક થઈ ગયા છે. સ્વામીશ્રી વિવેકાનંદજીએ અંગ્રેજીમાં પુષ્કળ લખ્યું છે. પણ બંગાળીમાં બહુ ઓછું લખ્યું છે. એમના અનુયાયીઓએ પણ એમના ધોરણે અંગ્રેજી ઉપર વિશેષ પ્રેમ દાખવ્યો છે. સ્વામી વિવેકાનંદના લખેલા સાહિત્યનાં ભાષાંતરો હિંદની લગભગ દરેક ભાષામાં થયાં છે. પંજાબના સ્વામી રામતીર્થનાં ભાષણો પણ દરેક હિંદી ભાષાઓમાં અનુવાદ પામ્યાં છે. બંગાળના અરવિંદ ઘોષનાં વીસ જેટલાં સુંદર પુસ્તકો ધાર્મિક સાહિત્યમાં પ્રસિદ્ધ થયાં છે. એ બંગાળી અને અંગ્રેજી બંને ભાષાઓમાં છે.

હિંદીમાં 'કલ્યાણ' માસિકના સ્થાપક બાબુ હનુમાનપ્રસાદ પોદ્દાર તરફથી 'કલ્યાણ' નામનું સુપ્રસિદ્ધ માસિક બહાર પડે છે. એમના તરફથી સંખ્યાબંધ ધાર્મિક ગ્રંથોના અનુવાદો હિંદીમાં બહાર પડયા છે. આપણી ગુજરાતીમાં સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલયના સ્વામી અખંડાનંદે ધાર્મિક સાહિત્યના ફેલાવા માટે અગ્રગણ્ય પદ પ્રાપ્ત કર્યું છે. મરાઠીમાં પંડિત સાતવળેકરજીએ વૈદિક સાહિત્ય ખૂબ પ્રકાશમાં આણ્યું છે. આ સૌ સંસ્થાઓએ પોતાની ભાષાઓના સાહિત્યની ઉત્તમ સેવા કરી છે. દિલ્હીનું સસ્તા સાહિત્ય મંડળ પણ ઠીક પ્રકાશનો બહાર પાડે છે.

સિંધી ભાષામાં ધાર્મિક સાહિત્ય પ્રગટ થયું છે. પરંતુ એને માટે કોઈ સમર્થ સંસ્થા નથી.

સાહિત્ય પરિષદો

સાહિત્ય પરિષદોમાં સૌથી જૂની અને સરસ રીતે ચાલતી એક બંગ સાહિત્ય પરિષદ છે. એ હિંદની ભાષાઓની સર્વે સાહિત્ય પરિષદો કરતાં વધારે જૂની અને વધુ વિકસિત છે. એનું પુસ્તકાલય વિશાળ હોઈને લગભગ એક લાખ જેટલાં પુસ્તકો ધરાવે છે. બંગસાહિત્ય પરિષદનું પોતાનું વિશાળ મકાન છે. એનાં પ્રકાશનો પણ સારાં અને નક્કર શોધખોળનાં છે. બંગસાહિત્ય પરિષદને બંગાળાના વિદ્વાનો સરસ ટેકો આપી રહ્યા છે. ઘણું કરીને દર વર્ષે એનું અધિવેશન મળે છે.

બનારસની હિંદી નાગરી પ્રચારિણી સભાના મકાનમાં હિંદી સાહિત્ય પરિષદની ઑફિસ હતી. તે પછી તો એનો વિકાસ બહુ મોટા પ્રમાણમાં થયો છે. ગુજરાતના વિદ્વાનો મહાત્મા ગાંધીજી, કાકા સાહેબ કાલેલકર વગેરેએ હિંદીને સહકાર આપ્યો છે. એનાં અધિવેશનો બીજી ભાષાઓની સાહિત્ય પરિષદો કરતાં વધારે નિયમિત છે. હમણાં હરિદ્વારમાં અખિલ હિંદ હિંદી સાહિત્ય સંમેલનની ૩૨ મી બેઠક મળી હતી. પંડિત માખનલાલ ચતુર્વેદી એના અધ્યક્ષસ્થાને હતા. આવતે વર્ષે જયપુરમાં બેઠક મળશે. આ પરિષદે મોટો હિંદી વિશ્વકોષ તૈયાર કરાવ્યો છે. એનાં બીજાં પ્રકાશનો પણ શ્રેષ્ઠ છે. હમણાં એ સાહિત્ય પરિષદના આશ્રય નીચે મોટો હિંદી વૈજ્ઞાનિક કોષ તૈયાર થાય છે. એમાં મતભેદો અને પક્ષો નથી.

મહારાષ્ટ્ર સાહિત્ય પરિષદ એ પણ નિયમિત સંમેલનો ભરતી નથી. એનું સ્વતંત્ર મકાન પણ નથી. ગંભીર સાહિત્ય એના આશ્રય નીચે ઠીક પ્રમાણમાં બહાર પડે છે. આ જુન માસમાં પૂના ખાતે સદર સાહિત્ય પરિષદના આશ્રય નીચે ઇતિહાસ વાઙ્મય સંમેલન ભરાયું હતું. મહારાષ્ટ્રના વિદ્વાનો મરાઠી ભાષાની ઉન્નતિ માટે સારા પ્રયત્નો કરે છે. આ પરિષદ બબકાદાર કે ધાંધલીઉ નહિ પણ નક્કર કામ કરે છે.

ગુજરાતી સાહિત્ય પરિષદનું મુકામ ઝડપવા માટે હરિફાઇ ચાલે છે. એનાં ચૌદ અધિવેશનો થયાં છે. પક્ષાપક્ષીની ખેંચતાણના અવાજ બહાર સંભળાય છે. પંદરમી સાહિત્ય પરિષદ વડોદરા મુકામે મળવાની છે. એને પોતાનું સ્વતંત્ર મકાન નથી. ભંડોળ પણ નજીવું છે. પ્રકાશનો પણ મોડે મોડે પ્રગટ કરવાનું કામ ઉપાડી લીધું છે. વાર્ષિક અધિવેશન થયા પછી કામ થતું નથી. ચૌદમું અધિવેશન અંધેરી ખાતે મળ્યું હતું. તેના પ્રમુખ કવિ શ્રી. ખબરદાર હતા. પરિષદની મોટી લાયબ્રેરી બનાવવાની પણ હજી શરૂઆત માત્ર થઈ છે. ગુજરાતી સાહિત્ય પરિષદમાં સારા વિદ્વાનો ભાગ લે છે. એને વધારે વિજયવતી બનાવવા માટે વધારે સક્રિય સ્ફૂર્તિ બતાવવાની આવશ્યકતા છે.

સિંધી સાહિત્ય પરિષદ હમણાં જ સક્કર મુકામે મળી હતી. એ એનું પહેલું જ અધિવેશન હતું. હજી એ બાલ્યકાળમાં છે.

લહેરખબરોની જવાબદારી

વાચકોને એક જ ચેતવણી આપી શકાય કે લહેરખબરો તે લહેરખબરો છે. એના સાચાપણાની કોઇ સાબિતી વર્તમાનપત્ર પાસે હોતી નથી. લહેરાતો છપાય છે એનો અર્થ એમ નથી કે છાપું એ ચીજની તમને બાંહેધરી કરે છે. લહેરાતો વાંચ્યા પછી પણ વાચકે તે બાબતનો વ્યવહાર ખાતરી કરીને પછી જ કરવો રહે છે.

કોઇ પણ દેશના કોઇ પણ વર્તમાનપત્રે કોઇ પણ સંયોગોમાં આથી વિશેષ જવાબદારી સ્વીકારી નથી એ વાત વાચકના લક્ષ ઉપર લાવીએ છીએ.

"ફૂલછાબ" તા. ૨-૧૦-૪૩

પ્રાંતીય ભાષાઓનાં વાર્ષિક પ્રકાશનો

હજી આપણી ભાષાઓનો વિકાસ વિશેષ પ્રમાણમાં પ્રગતિશીલ થવાનો સંભવ છે. સાત કરોડ માણસોમાં બોલાતી બંગાળી ભાષાનાં વાર્ષિક પ્રકાશનો લગભગ ૧૩૦૦-૧૭૦૦ થાય છે. એકાદ વરસ ૨૦૦૦ ઉપર પણ ગયાં હતાં. હિંદી પણ ૧૨૦૦ થી ૧૫૦૦ પ્રકાશનો પોતાની પંદર કરોડની પ્રજા માટે કરે છે. મહારાષ્ટ્રીએ પોતાની ૧॥ કરોડ પ્રજા માટે ૬૭૩ પ્રકાશનો ગયા વર્ષે કર્યાં હતાં. ગુજરાતીએ પોતાના ૧ કરોડ વાચનારાઓ માટે ૫૩૬ ગ્રંથો પ્રકટ કર્યા હતા. પરંતુ યુરોપિયન ભાષાઓમાં અંગ્રેજીમાં સૌથી વધારે પ્રકાશનો થાય છે. દરેક યુરોપિયન ભાષામાં લાખો પુસ્તકો પ્રગટ થાય છે. ડુંગરસી ધરમસી સંપટ

સાચો પ્રતિનિધિ

માનવી મરે છે, તેનાં કાર્યો મરતાં નથી. તેનાં કાર્યો તો ' યાવચ્ચંદ્ર દિવાકરૌ ' જેમ સાહિત્યમાં અજર, અમર રહે છે. એમ ન હોત તો શ્રીરામ ને કૃષ્ણ; કબીર ને તુલસીદાસ; શ્રીમદ્ શંકરાચાર્ય ને મહર્ષિ દયાનંદ સરસ્વતી; શિવાજી ને પ્રતાપ; સ્વામી વિવેકાનંદ ને રામતીર્થ; પૂજ્ય ગાંધીજી ને ટાગોર તથા શ્રી અરવિંદ જેવા સમષ્ટિના મહાન ધર્મવૈદ્યોના આદર્શો આજે આપણી પાસે હોત પણ કયાંથી ? ગીતા ને રામાયણ તથા મહાભારત જેવી અદ્‌ભુત સંજીવનીઓના અખૂટ ખજાના પણ કયાંથી હોત ? અને તેથીજ આપણે કહીએ છીએ કે ભૂત, વર્તમાન ને ભાવિ એ ત્રણેનો સુસંયોગ સાધનાર સાહિત્ય એ ખરે જ આપણી મહામૂંઘી મૂડી છે. ને એટલે જ એ સાહિત્યને રાખવાનાં આલયો, સાહિત્યાલયો (પુસ્તકાલયો) જે તે દેશની પ્રજાઓનો પ્રાણ કહેવાય છે. આટલા પરિચ્છેદ ઉપરથી હવે એટલું તો સહેજે પામી શકાય કે પુસ્તકાલય એ એકનો એક, જગજૂનો, આપણા સૌનો સાચો પ્રતિનિધિ છે. —રવિ

ગાંધી-જ્ઞાન-ચક્ર


મહાદેવ ગોવિંદ રાનડે
(ગોખલેના ગુરુ)
ગાંધીજી પર જેમણે આશીર્વાદ વરસાવ્યા
૧. રવીન્દ્રનાથ ઠાકુર, ૨. રોમા રોલાં, ૩. પર્લ બક, ૪. લીન યુ ટાંગ,
૫ સ્વામી શ્રદ્ધાનંદ, ૬. લાલા લજપતરાય, ૭. દેશબંધુ દાસ,
૮. વિઠ્ઠલભાઈ પટેલ, ૯. મેનગુપ્તા, ૧૦. સર્વપલ્લી
રાધાકૃષ્ણન્, ૧૧. પંડિત મદનમોહન માલવીઆ.
ગાંધીજીના ગુરુઓ
૧. ગોપાલકૃષ્ણ ગોખલે
૨. લિયો ટૉલ્સટૉય
૩. દાદાભાઈ નવરોજી
૪. જહોન રસ્કિન
૫. શ્રીમદ્ રાજચંદ્ર
જે ગ્રંથોએ ગાંધીજીનું જીવન ઘડ્યું
૧. ગીતા
૨. સર્વોદય (રસ્કિન)
૩. કુદરતમય જીવન (એડોલ્ફ જુસ્ટ)
૪. મહાભારત
૫. રામાયણ
ગાંધીજી
ગાંધીજી જેમને પ્રેરણારૂપ નીવડ્યા
મોતીલાલ નહેરુ જવાહરલાલ નહેરુ સરોજિની નાયડુ વિજયાલક્ષ્મી પંડિત ઠક્કર બાપા અબ્બાસ તૈયબજી સરહદના ગાંધીભાઈઓ બાબુ રાજેંદ્રપ્રસાદ
મૌલાના આઝાદ ભગવાન ગાંધી સરદાર વલ્લભભાઈ કિશોરલાલ મશરૂવાળા કાકા કાલેલકર મહાદેવભાઈ દેસાઈ વિનોબા ભાવે મોહનલાલ દવે (ડુંગળીચોર)
પ્રફુલ્લચંદ્ર રોય જમનાલાલ બજાજ પટ્ટાભી સીતારામૈયા મિરાબેન અમૃતકુંવર કુમારાપ્પા શંકરલાલ બેંકર આચાર્ય કૃપાલાની આચાર્ય ગિદવાણી (મિસ સ્લેડ)

તખ્તો બીજો

ગાંધીજીનાં પુસ્તકો વાંચ્યા વિચાર્યા વગર તેમના વિષે ખ્યાલ બાંધવો એ ખોટું છે. એટલે ગાંધીજીનાં લખાણો વાંચો. એમનાં લખાણો એમના જીવન સાથે કેવો મેળ સાધે છે, તે તપાસો...અને પછી, ગાંધીજીની જુદી જ મહત્તા તમને જણાશે.

ગાંધીજીનાં પુસ્તકો

૧ સત્યના પ્રયોગો અથવા આત્મકથા ભા. ૧–૨
૨ મંગળપ્રભાત
૩ વ્યાપક ધર્મભાવના
૪ ધર્મસંસ્થાપન
૫ ધર્મમંથન
૬ અનાસક્તિયોગ (ગીતા)
૭ ગીતાપદાર્થકોષ
૮ ગીતાબોધ
૯ આશ્રમવાસીઓ પ્રત્યે
૧૦ અહિંસા
૧૧ ખરી કેળવણી
૧૨ કેળવણીનો કોયડો
૧૩ વર્ણવ્યવસ્થા
૧૪ ગોસેવા
૧૫ ગામડાંની વહારે
૧૬ ત્યાગમૂર્તિ અને બીજા લેખો
૧૭ રચનાત્મ કાર્યક્રમ
૧૮ ગાંધીશિક્ષણ
૧૯ સત્યવીરની કથા
૨૦ સર્વોદય (રસ્કિન)
૨૧ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ
૨૨ દેશી રાજ્યોનો પ્રશ્ન
૨૩ હિંદ સ્વરાજ
૨૪ સંપૂર્ણ દારૂનિષેધ
૨૫ સો ટકા સ્વદેશી
૨૬ ગાંધીજીનું નવજીવન
૨૭ નીતિનાશને માર્ગે
૨૮ આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન
૨૯ જેરવડાના અનુભવ

તખ્તો ત્રીજો

આ તખ્તામાં 'ગાંધીચક્ર'માં જે જે વ્યક્તિઓનો નિર્દેશ થયો છે, તેમનું અથવા તેમના વિષેનું સાહિત્ય દર્શાવ્યું છે.

૧ ભારતસેવક ગોખલે (જુગતરામ દવે)
૨ ગોપાલકૃષ્ણ ગોખલે (વિદ્યાર્થી વાચનમાળા)

ટોલ્સટોય કૃત

૧–૨–૩ નવો અવતાર ભા. ૧–૨–૩
૪ દૃષ્ટિપરિવર્તન
૫ લગ્નસુખ
૬ પ્રેમનો દંભ
૭ ટોલ્સટોયની નીતિકથાઓ
૮ સારે કરીશું શું ?
૯ કથાવલિ

દાદાભાઇ નવરોજી

૧ દાદાભાઈ નવરોજી (વિદ્યાર્થી વાચનમાળા)
૨ દાદાભાઇ નવરોજી (આર. પી. મસાણી)

જહૉન રસ્કિન

૧ સર્વોદય (અન્ટુ ધિસ લાસ્ટ)

શ્રીમદ્ રાજચંદ્ર

૧ શ્રીમદ્ રાજચંદ્ર જીવનકથા

રાનડે

૧ મહાદેવ ગોવિંદ રાનડે (વિદ્યાર્થી વાચનમાળા)
૧ કવિવર રવીન્દ્રનાથ ઠાકુર (ક્રાન્તિલાલ શાહ)
૨ ધરતી (પર્લ બક)
૩ બે દેશદીપકો (મેઘાણી)
૪ કાઠિયાવાડના પડવૈયા (કુલગ્રંથ)
૫ બે ખુદાઈ ખિદમતગાર (મહાદેવ દેસાઇ)
૬ જવાહરલાલ નહેરુ (આત્મકથા)
૭ સમરણયાત્રા (કાકા કાલેલકર)
૮ જીવનસંસ્કૃતિ ,,
૯ જીવનવિકાસ ,,
૧૦ જીવનનો આનંદ ,,
૧૧ પ્રફુલ્લચંદ્ર રોય (વિદ્યાર્થી વાચનમાળા)
૧૨ વીર વલ્લભભાઈ (મહાદેવ દેસાઇ)
૧૩ ઠક્કર બાપા (મેઘાણી)
૧૪ અમૃતલાલ ઠક્કર (વિદ્યાર્થી વાચનમાળા)
૧૫ ગાંધીજીને જગવંદના (રાધાકૃષ્ણન્)
૧૬ બાબુ રાજેન્દ્રપ્રસાદ (વિદ્યાર્થી વાચનમાળા)
૧૭ પંડિત મદનમોહન માલવીજી (,,)
૧૮ મધુકર (વિનોબા ભાવે)
૧૯ સરોજિની નાયડુ (વિદ્યાર્થી વાચનમાળા)
૨૦ વિજયાલક્ષ્મી પંડિત (,,)

હિંમતલાલ મ. પરેખ

સમાજને ક્ષીણપ્રાણ બનાવતું

અધોગામી સાહિત્ય

આપણાં મોટાં શહેરોમાંના કોઇપણ બુકસ્ટોલ પર જઇને તમે નજર નાખો તો લોકોમા કેવું હલકામાં હલકું સાહિત્ય આજે ધોધમાર પહોંચાડવામાં આવે છે તેનો ખ્યાલ તમને આવી રહેશે. કોઇપણ સ્થાનિક બુકસ્ટોલની મુલાકાત લેશો તો એ પ્રકારનું સાહિત્ય ધરાવતાં સામયિકો અને પુસ્તકોનું સંમોહક પ્રદર્શન તમે ત્યાં જોઈ શકશો. એનાં પૂઠાં પર પ્રીણુના સમુદ્રમાંથી તાજી જ નીકળી આવેલી વીનસ સમા પોઝમાં જુદી જુદી સ્ત્રીઓનાં ઉત્તેજનાપૂર્ણ ચિત્રો જોવામાં આવશે, જેમાંનાં કેટલાંક તો સામાન્ય મર્યાદા કરતાં પણ સ્ત્રીદેહના વિશેષ પ્રદર્શનની પોતાની વિશેષતા ધરાવતાં જણાશે. જો એવા કશા ફોટામાં નહિ હોય તો પથારી પર દિવાલ પર સૂચક રીતે એકાદ સ્ત્રી પડી રહી હશે અને તે પર એકાદ પુરુષ ઝૂકી રહ્યો હશે. સ્ત્રીને જનતીયતા અર્પતા સર્વ કંઇનું રહસ્યોદ્ઘાટન એ જ જાણે આવા ચિત્રકારનો ધંધો ન હોય ! એવાં ચિત્રો કરતાંયે એને માટેની પ્રેરણારૂપ એની અંદરનું સાહિત્ય તો અનેકગણું ઘૃણાપાત્ર હોય છે.

હવસના સાહિત્યની સૃષ્ટિ.

જનતીયતાને નામે પ્રગટ થતા આવા સાહિત્યમાં કશી સૌંદર્યાભિવ્યક્તિ વિના કેવળ ગંદી રીતે જનતીય અનુભવોના રહસ્યને ખુલ્લું પાડવાનો પ્રયાસ કરવામાં આવે છે અને હવસના પતંગિયા કાસાનોવાના પ્રકારની વાર્તાઓ તેમાં પ્રેમને નામે ઠાંસવામાં આવે છે. ચિત્રોથી એ ભરપૂર હોય છે, એમાંની નાયિકાને દેહ પર કશું વસ્ત્ર રહેવાની બાબતનું માત્ર વિસ્મરણ જેમા થઈ ગયું હોય છે. સાહિત્ય સાથે તો આ પ્રકારના ઉત્પાદનને કશો સંબંધ નથી હોતો, અને એની સૃષ્ટિ પણ માત્ર શયનાગારનાં દ્વારો પાછળની જ સૃષ્ટિ હોય છે.

વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળ

જાહેરાત નં. ૨ / ૧૯૪૩-૪૪

ગૂજરાતના મૂગા સેવકની ખ્યાતિ ધરાવતા સ્વ. શ્રી. મોતીભાઇ ન. અમીનની યાદગીરીમાં એક સ્મારક ગ્રંથમાળા શરૂ કરવામાં આવેલી છે અને તદંગ પ્રતિવર્ષ વાર્તેતર એક પુસ્તક સ્વર્ગસ્થની પુણ્યતિથિ પર પ્રસિદ્ધ કરવાનું ઠરાવવામાં આવેલું છે. સન ૧૯૪૪ના ફેબ્રુઆરી માસની ૧લી તારીખે આવતી પુણ્યતિથિએ લોકોપકારક જીવનચરિત્ર વિષયનું પુસ્તક પ્રસિદ્ધ કરવાનું હોઇ જેમની પાસે એ વિષયનું કોઇ હસ્તલિખિત તૈયાર હોય તેવા લેખક બંધુઓને નીચે સહી કરનાર સાથે માર્જનમાં જણાવેલે શિરનામે પત્રવ્યવહાર કરવા વિનંતિ કરવામાં આવે છે. પુસ્તકના લેખકને છપાયેલા દર પૃષ્ઠ દીઠ પ્રૂફ રિડિંગ સાથે રૂ. ૧-૦-૦ સુધીનો પુરસ્કાર આપવાની વ્યવસ્થા છે. જે હસ્તલિખિત સ્વીકારાશે તેના લેખકને અગાઉથી નક્કી કરેલા દર મુજબનો પુરસ્કાર પુસ્તક બહાર પડયેથી મોકલી આપવામાં આવશે. ન સ્વીકારાયલાં હસ્તલિખિતો જે તે લેખક પાછાં મંગાવી શકશે.

C/o, સેન્ટ્રલ લાઇબ્રેરી, બરોડા — રામભાઇ કા. પટેલ

શુદ્ધ સાહિત્યમાં પણ કામોદ્દીપનનો પ્રવેશ

પરંતુ જેને આપણે ' સાહિત્ય ' કહીએ છીએ એ કક્ષાના સાહિત્યમાં પણ કામોદ્દીપનના આવા અખતરા શરૂ થઈ ગયા હોઈને એ પણ એક નવી જાયસંજ્ઞારૂપ બની રહે છે. પશ્ચિમમાં રહી આવેલા અથવા ત્યાંના એ પ્રકારના સાહિત્યના સંપર્કમાં આવેલા આપણા અનેક યુવાન લેખકો કંઈક આત્મચરિતાંશ ધરાવતું એવું ચિત્રણ કરવામાં કશી હાનિ નથી જોતા. એ પર એમના વ્યક્તિત્વની કે રાષ્ટ્રીયત્વની છાપ પાડવાને લઈને પ્રથમ નજરે એ એટલું બધું નિંદ્ય નથી જણાતું. જુવાનો સ્વાભાવિક જ એવા સાહિત્ય પ્રત્યે આકર્ષાય છે, અને એવા અધોગામી સાહિત્ય અથવા તેવા સમાજ સુદ્ધાંથી ચેતીને ચાલવાની તેમના માટે વધુમાં વધુ જરૂર હોય છે એ જ વયે તેઓ તેની જાળમાં ફસાઈ પડે છે. એનું પરિણામ એ આવે છે કે આપણી શાળાઓ, કૉલેજો અને યુનિવર્સિટીઓમાં સર્વભક્ષી આગની માફક જાતીયતાનો આ સંપ્રદાય ફરી વળે છે.

યુવાનોના ઘડતરના પાયા

કોઈક વળી દલીલ કરશે કે આપણે તો મુદ્રણસ્વાતંત્ર્યના જમાનામાં જીવીએ છીએ. એવાઓ સામે સીધી સાદી દલીલ એ જ હોઈ શકે કે યુવકોના શારીરિક અને માનસિક ઘડતરમાં શિક્ષણ પછી તરતનું જ સ્થાન સાહિત્યનું આવે છે. આ હકીકત લક્ષમાં લઈએ તો, આપણી શિક્ષણપદ્ધતિમાં પણ હજી ઘણી ઊણપો જણાઈ આવશે. આપણા યુવાનોને ઉત્તમ અને ઉપયોગી નાગરિકો ઘડવા માટેનાં તમામ સાધનો ઉપયોગમાં લેવાવાં જોઈએ અને વર્તમાનપત્રોનો તો એ માટે વિશાળમાં વિશાળ પાયે ઉપયોગ થવો જોઈએ. વસ્તુ-નિરૂપણ ગાટે જીવન પોતે જ અનેકવિધ અને બહુમૂલ્ય સામગ્રી અર્પી રહે તેમ છે, પરંતુ ગટર મુકાદમો તો એ દૃષ્ટિ કેળવીને સમાજને કશા શ્રેયોમાર્ગે વાળવાને બદલે જાતીય ગંદકીના કીડા જ માત્ર બની રહેવાના.

સસ્તાપણા પર ખપતનો ભ્રમ

હાલ વધુમાં વધુ પ્રચાર પામતું કોઈ ચોપાનિયું તમે જોયું છે ? સસ્તું જ સાહિત્ય પ્રચાર પામે છે એવો કેટલાકનો ભ્રમ સમૂળગો નાબૂદ કરી દે એટલી એટલી મોંઘી કિંમતે પણ એમની એટલી ખપત રહેલી છે કે તગારા માન્યામાં ન આવે. એ કઈ ગુણવત્તા પર ? રસતરસી આંખોને ઠારતી સિનેમાસ્ટારોની રંગબેરંગી છબીઓ, એમની હલકટ રસવૃત્તિને ગલીપચી ઉપજાવતા વિષયોની છણાવટ અને તેવી પ્રશ્નોત્તરી, પરિણીત જીવનના છાના અને છૂટાછેડાના જાહેર બનાવો વગેરેના રટંટ એ જ માત્ર તેમની ગુણવત્તા પર તેમની આ અકલ્પ્ય ખપત આધાર રાખે છે.

યથાર્થ જ્ઞાન નહિ પણ વિકૃતિ

જાતીય જ્ઞાન આપવાને બહાને પ્રસિદ્ધ થઈ રહેલું સાહિત્ય ખરું જોતાં કેટલીક સર્વ-સામાન્ય બાબતો સિવાય કશું વિશેષ જ્ઞાન આપતું હોતું નથી. અને જે કંઈ અપાયું હોય

છે તે એવી રીતે તો અપાયું હોય છે કે પરણેલા અથવા પરણવા ઇચ્છનારાઓમાં યથાર્થ જ્ઞાન કે લગ્નવિષયક સુસંગતતા આણવાને બદલે તેમની જાતીય ક્રિયાઓમાં વિકૃતિ આણી રહે છે. જાતીય પ્રશ્ન જાતે જ એટલો જટિલ છે કે તેના રહસ્ય પર પ્રકાશ પાડવાનું કાર્ય માત્ર ઊંચી નીતિમત્તા તથા ઊંચી માનસશાસ્ત્રીય સમજણ ધરાવનાર વ્યક્તિ જ કરી શકે. ઢગલાબંધ વેચાતા આજના જાતીય સાહિત્યમાં એનો બિલકુલ અભાવ રહ્યો છે અને તેનો ઉદ્ભવ પણ સામાજિક સેવાની વૃત્તિમાંથી નહિ પણ કમાણીની વૃત્તિમાંથી જ થયો છે.

કમાણીએ ઊભો કરેલો એક નવો વર્ગ

કમાણી વધારવા માટે સમાજને પતિતાવસ્થાએ પહોંચાડવામાં મુદ્દલ પાછું ન જોનારાઓનો એક નવો વર્ગ તે જુદી જુદી દવાઓ બનાવનારા અને વેચનારાઓનો છે. તેમની પેટંટ દવાઓ અને તેના ફાયદા વર્ણવતાં સચિત્ર ચોપાનિયાં મફત વહેંચવામાં આવે છે અને એ દવાઓ રતંભનથી ગાંડીને ગર્ભનિરોધ સુધીનું રાઘળું રહસ્ય ધરાવતી હોય છે. આપણા ધારાશાસ્ત્રીઓ એવી દવાઓ બજારમાં મુકાતાં પહેલાં શા માટે તેના પૃથક્કરણનો વાંધો નથી ઉઠાવતા કે નાગરિકતા એ પ્રકારનું સંરક્ષણ માગતી હોઈને ગ્યુનિસિપલ સભ્યો અને પત્રકારોએ તેના ગુણાવગુણોની ચર્ચા કરવી જોઈએ.

લેખકો ને ચિત્રકારો ઉપરાંત ફોટોગ્રાફરો પણ

ઉદ્દીપનના કેફ વડે જુવાન પ્રજાને પતનને માર્ગે વાળીને નિર્વીર્ય બનાવી દેવાની આ નિંદ્ય પ્રવૃત્તિ પુસ્તકો અને ચોપાનિયાંથી જ નથી અટકતી. ચિત્રકારોની માફક ફોટોગ્રાફરોએ પણ અશ્લીલતા ભણી પોતાનો ઉદાર હાથ લંબાવ્યો છે, અને "Tillie and Gus-in intimate amorous poses-cannot be described-must be seen-it will thrill you." એવી અમેરિકન નગ્નતા આ ફોટોગ્રાફરોને પ્રતાપે તેના હિંદી સ્વરૂપે બજારમાં ફરવા માંડી છે. માત્ર 'મર્યાદિત સંખ્યામાં' અને 'બાનની પ્રચાર' માટે જ એ ફોટોગ્રાફ હોવાની જાહેરખબરો અપાય છે પણ એના જાહેર પ્રચાર અને ખપતના આંકડા જોઈને તમે દંગ જ થઈ જાઓ. મોટે ભાગે 'પારીસ'ની છાપ મારેલું આ પ્રકારનું ફોટોગ્રાફિક સાહિત્ય, ઘણાને કદાચ માન્યામાં પણ ન આવે, પરંતુ અમેરિકા અને ઇંગ્લેંડથી આયાત થતું રહેતું. યુદ્ધને અંગે એની આયાતની પણ મુશ્કેલી નડવા માંડતાં તેની જવાબદારી લાહોર અને અમૃતસરની કેટલીક સંસ્થાઓએ ઉઠાવી લીધી છે.

વિચારવાનોની રહેલી ફરજ

આ પ્રકારનું સાહિત્ય જેમ વધુ ને વધુ ફેલાતું જશે, તેમ તેમ તેના કેફથી અધોગામી બનતો જતો વર્ગ સમગ્ર સમાજને ક્ષીણપ્રાણ બનાવતો જશે. દરેક વિચારવાન મનુષ્યની ફરજ એ કેફમાંથી સમાજને મુક્ત કરવાની છે. દરેક અગ્રગણ્ય સંસ્થાએ–ખાસ કરીને સ્થાનિક મ્યુનિસિપાલીટીઓ–આ નીચમાં નીચ પ્રકારની ગંદકીની બદબોને પોતાના શહેરમાંથી નાબૂદ કરવા કટિબદ્ધ થવું જોઈએ છે અને ન્યૂયોર્કના મેયર લાગાર્ડીઆનું એ બાબતમાં અનુકરણ કરવું જોઈએ છે.

(લેસ્લી મેન્ડીસનો તા. ૮–૮–૪૩ ના "પ્રજાબંધુ"માં છપાયેલો લેખ)

વાર્ષિક સામાન્ય સભામાં પસાર થયેલા ઠરાવો

તા. ૧૦ ઑકટોબર ૧૯૪૩ ના રોજ શ્રી. મગનભાઇ શંકરભાઇ પટેલના પ્રમુખપણા નીચે પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. વડોદરાની ઑફિસમાં બપોરના એક વાગે વાર્ષિક સાધારણ સભા મળી હતી તેમાં નીચેના ઠરાવો પસાર થયા હતાઃ—

૧. તા. ૧–૮–૪૨ થી ૩૧–૭–૪૩ સુધીના બાર માસનો ઓડિટરે તપાસેલો હિસાબ તથા વ્યવસ્થાપક મંડળનો રિપોર્ટ મંજૂર કરવામાં આવે છે. હિસાબ પૈકી નોકરોને આપેલી મોંઘવારી પૈકી રૂા. ૨૧૯–૧૪–૯ અને નોકરોના પ્રોવિડન્ટ ફંડના મંડળ તરફના ફાળા ખાતે રૂા. ૨૩૫–૯–૩ ના થયેલા વિશેષ ખર્ચના પણ મંજૂર કરવામાં આવે છે.

૨. વ્યવસ્થાપક મંડળે નફાની કરેલી વહેંચણીની ભલામણમાં થોડોક ફેરફાર કરીને નીચે પ્રમાણે વહેંચણી કરવાનું નક્કી કરવામાં આવે છે.

રૂા. ૪૯૬૯–૭–૩ ની વહેંચણીઃ

૧. રિઝર્વ ફંડ ખાતે	૧૨૫૦–૦–૦
૨. સભાસદોને શેરનું સાડાચાર ટકા લેખે ડિવિડન્ડ વહેંચવા	૧૮૦૦–૪–૦
૩. નોકરોને એક માસનો પગાર બોનસ તરીકે આપવા	૩૫૫–૦–૦
૪. મકાન ફંડ ખાતે લઇ જવા	૩૨૬–૦–૦
૫. નોકરોને મોંઘવારી આપવા માટે	૧૨૨૪–૦–૦
૬. આવતા વર્ષના નફા તોટા ખાતે લઇ જવા	૧૪–૯–૩
	૪૯૬૯–૭–૩

" પુસ્તકાલય " માસિકના તંત્રીને માસિક ખાતેથી વર્ષ દરમિયાન થયેલી બચતમાંથી એક માસના પગારના બોનસના રૂા. ૫૫) અને રૂા. ૧૨૦) માસિક રૂા. ૧૦) પ્રમાણે મંડળના બીજા નોકરોના ધોરણે મોંઘવારી ભથ્થુ આપવાનું મંજૂર કરવામાં આવે છે.

ઉપર પ્રમાણેની વહેંચણી પૈકી મંડળના નોકરોને મોંઘવારી રૂા. ૧૦) ને બદલે રૂા. ૧૨) આપવા માટે શ્રી. છત્રસિંહ બા. ઠાકોર–મંત્રી સા. પુ. બીઆગામ તરફથી દરખાસ્ત અને શ્રી. જીવાભાઇ છોટાભાઈ મંત્રી સા. પુ. કોઠીઆ તા. કરજણનું અનુમોદન હતું. પરંતુ મતગણત્રીમાં મંડળના દસ નોકરોને માસિક રૂા. ૧૦) પ્રમાણે અને કચરો વાળનાર નોકરને માસિક રૂા. ૨) પ્રમાણેની મોંઘવારી વધુમતે મંજૂર રહી છે.

૩. સને ૧૯૪૩–૪૪ માટે સાધારણ સભાના પ્રમુખ તરીકે શ્રી. રા. રા. મગનભાઇ શંકરભાઇ પટેલ અને ઉપપ્રમુખ તરીકે શ્રી. રા. રા. નાનાલાલ નાથાલાલ શાહને નીમવામાં આવે છે.

મંડળના ઓડિટર્સ તરીકે મેસર્સ આપાજી અમીન એન્ડ કું. ને રૂા. ૧૦૦) ના મહેનતાણાથી નીમવામાં આવે છે.

વ્યવસ્થાપક મંડળના સભાસદો પૈકી (૧) શ્રી રા. રા. ચિમનભાઈ હરિભાઈ અમીન,

મંત્રી સા. પુ. વરણામા, (૨) શ્રી રા. રા. નટવરલાલ ગિરધરલાલ શાહ, મંત્રી સા. પુ. શિનોર અને (૩) શ્રી રા. રા. શંકરભાઇ સોમાભાઇ પટેલ વડોદરા, એ ત્રણે વ્યવસ્થાપકો ચાલુ સાલે નિયમ મુજબ નિવૃત્ત થતા હતા તે પૈકી શ્રી રા. રા. શંકરભાઇ સોમાભાઇ પટેલ વ્યક્તિગત સભાસદોની એક જગા ઉપર બીનહરીફ ચુંટાઇ આવ્યા છે. પુસ્તકાલયો તરફની બે જગો માટે બન્ને જૂના વ્યવસ્થાપકો ઉપરાંત શ્રી. રા. રા. કાશીભાઇ બાવાજી પટેલ, મંત્રી સા. પુ. ફત્તેપુર તા. કરજણની ઉમેદવારી નોંધાવેલી હતી. પરંતુ બન્ને જૂના વ્યવસ્થાપકો હરીફાઇમાં વિશેષ મત મેળવી ચુંટાઇ આવ્યા છે. એ રીતે ત્રણે જૂના વ્યવસ્થાપકો ચુંટાઇ આવ્યાનું જાહેર કરવામાં આવે છે.

૪. સને ૧૯૪૩–૪૪ નું અંદાજપત્ર નીચે પ્રમાણે મંજૂર કરવામાં આવે છે:—

ઉત્પન્ન

પત્રોનું કમિશન	૨૦૦૦–૦–૦
પુસ્તકોનું કમિશન	૫૦૦૦–૦–૦
વ્યાજનું ઉત્પન્ન	૩૦૦૦–૦–૦
	રૂ. ૧૦૦૦૦–૦–૦

ખર્ચ

પગાર	૪૪૦૦–૦–૦	મુસાફરી ખર્ચ	૫૦–૦–૦
પોસ્ટેજ	૪૦૦–૦–૦	વિમાનું પ્રિમિયમ	૧૫૦–૦–૦
છપામણ	૪૦૦–૦–૦	ઓડિટ ફી	૧૦૦–૦–૦
કંટીજન્ટ	૪૫૦–૦–૦	પ્રો. ફંડમાં મંડળનો ફાળો	૩૦૦–૦–૦
મકાનભાડુ	૫૦૦–૦–૦	આકસ્મિક ખર્ચ	૧૨૫–૦–૦
લાઇ. ચાર્જીસ	૧૭૫–૦–૦		રૂ. ૬૯૫૦–૦–૦

ઉપર પ્રમાણે મંજૂર કરેલા ખર્ચની હદમાં રહીને એક હેડ નીચેથી બીજા હેડ નીચે ખર્ચ કરવાની સત્તા વ્યવસ્થાપક મંડળને આપવામાં આવે છે.

૫. પેટાનિયમોની કલમ ૩૨ ગ માં સુધારો વધારો કરીને નીચે પ્રમાણેની કલમ ૩૨ ગ મંજૂર કરવામાં આવે છે.

કલમ ૩૨ ગ. નિયમ ૧૮ (ઙ) માં જણાવેલા સિવાયના મંડળના તમામ પગારદારી નોકરોની નીમણુંક, બરતરફી, શિક્ષા અંગર કરાગતી કરવી, અગર તેમના હિત માટે પ્રોવિડન્ટ ફંડની યોજના યા બીજી કોઇ યોજનાઓ ઘડવી અને મંજૂર કરવી.

૬. વર્ષ દરમિયાન મંડળે સારો નફો કર્યો છે અને સાથે સાથે પુસ્તકાલયોની સેવા પણ કરી છે અને તે બધું જ પરિણામ મંડળના વ્યવસ્થાપકો મંડળનો કારભાર ચલાવવામાં સારો રસ લે છે તેને આભારી છે અને તે બદલ વ્યવસ્થાપક મંડળના બધા જ સભ્યોને ધન્યવાદ આપવામાં આવે છે.

૭. આજની સભાનું કામકાજ ઘણી જ સફળતાપૂર્વક પાર પડ્યું છે તે બદલ મે. રા. રા. પ્રમુખ સાહેબનો આભાર માનવામાં આવે છે.

વડોદરા, તા. ૧૦–૧૦–'૪૩

મ. શં. પટેલ
પ્રમુખ.

વડોદરા રાજ્ય પુ. મંડળના વ્ય. મંડળની વાર્ષિક સભા

વડોદરા રાજ્ય પુ. મંડળના વ્યવસ્થાપક મંડળની વાર્ષિક સભા તા. ૨૬-૯-૪૩ ના રોજ, બપોરના ત્રણ વાગે, સેન્ટ્રલ લાયબ્રેરીમાં, મંડળના પ્રમુખ રાવબહાદુર શ્રી. ગોવિંદભાઇ હા. દેસાઇ સાહેબ, તબિયત સારી ન હોવાના કારણે, હાજર નહિ રહી શકવાથી લોકરત્ન નાથજી દિવાન રાજપ્રિય શ્રી. મોતીલાલ છો. દેસાઇ સાહેબના પ્રમુખપણા નીચે ભરવામાં આવી હતી. આ સભામાં પુસ્તકાલય ખાતાના મુખ્ય વ્યવસ્થાપક શ્રી. વાકનીસ સાહેબ તથા મદદનીશ વ્યવસ્થાપક શ્રી. ઉમેદભાઇ મો. પટેલ સાહેબ ઉપરાંત વ્ય. મં. ના સભ્યોમાંથી શ્રી. ચુનીલાલ મ. દેસાઇ, શ્રી. હરિવલ્લભદાસ ચુ. શાહ, શ્રી. ચિમનભાઈ હ. અમીન, શ્રી. નાનજીભાઇ ને. પટેલ, શ્રી. નટવરલાલ ગિ. શાહ તથા શ્રી. રામભાઇ કા. પટેલ હાજર હતા.

આ સભામાં થયેલા ઠરાવો નીચે પ્રમાણે છેઃ—

૧ સન '૪૨-૪૩ના ઉત્પન્ન-ખર્ચમાં છપામણી ખાતે બજેટમંજૂરી (રૂ. ૭૦) ઉપરાંત વિશેષ થયેલો ખર્ચ રૂ. ૧૧-૮-૦ મંજૂર કરવામાં આવ્યા.

૨ સન ૪૨-૪૩નો ઉત્પન્ન-ખર્ચનો હિસાબ તથા અહેવાલને બહાલી આપવામાં આવી.

૩ રાજપ્રચારક શ્રી. વલ્લભભાઇ મૂ. પટેલને તા. ૧-૧-૪૪ થી માસિક રૂ. ૧) પ્રમાણે તથા વડોદરા-નવસારી પ્રાંત પ્રચારક શ્રી. છગનભાઇ મ. પટેલને તથા મહેસાણા-અમરેલી પ્રાંત પ્રચારક શ્રી. ભાઇશંકર ટી. ઠાકરને તા. ૧-૮-૪૩ થી માસિક રૂ. ૩) પ્રમાણે પગારવધારો આપવાનું ઠરાવ્યું.

૪ મંડળના મહેકમને, તા. ૧-૧-૪૩ થી માસિક રૂ. ૩) પ્રમાણે મોંઘવારી ભથ્થુ આપવાનું ઠરાવ્યું.

૫ પ્રાંત પ્રચારકો એક પ્રાંતમાંથી બીજા પ્રાંતમાં જાય ત્યારે અપાતું વિશેષ ભથ્થુ માસિક રૂ. ૫) ચાલુ રાખવાનું ઠરાવ્યું.

૬ સન '૪૩-૪૪નું રૂ. ૪૭૪૭૫૦ ના ખર્ચનું બજેટ મંજૂર કરવામાં આવ્યું.

૭ વાલમ તા. વિસનગરના શ્રી. મૂળચંદ લલ્લુભાઇની, રા. પુ. મં. ના આજીવન સભાસદ થવા માટે આવેલી અરજી મંજૂર કરવામાં આવી અને એવી જ રીતે વધુ આજીવન સભ્યો બનાવવા વ્ય. મં. ના સભાસદોને વિનંતિ કરી.

૮ વ્ય. મં. ના એક સભ્ય શ્રી. બાપુલાલ વિ. ગામીના સ્વર્ગવાસ બદલ શોક પ્રદર્શિત કરવામાં આવ્યો અને તેમની ખાલી પડતી જગોએ નવા આજીવન સભ્ય વાલમના શ્રી. મૂળચંદભાઇની નિમણૂક કરવામાં આવી.

૯ સન '૩૯-૪૦ થી પાંચ વર્ષ માટે મળતા ઠરેલી સરકારમદદની મુદત, સન '૪૩-૪૪ આખરે પૂરી થતી હોવાથી, સરકારમદદની નવેસર માગણી કરવાનું ઠરાવવામાં આવ્યું.

૧૦ મોંઘવારીના કારણે રાજ્ય પ્રચારકના ભથ્થામાં માહે ઑક્ટોબર '૪૩ થી ૦-૮-૦ નો વધારો કરવામાં આવ્યો તથા પ્રાંત પ્રચારકોના મુસાફરીખર્ચમાં પણ માસિક રૂ. ૫)નો ઑક્ટોબર '૪૩ થી વધારો કરવામાં આવ્યો.

(સાંધણ પૃ. ૩૬૬-૪ને છેડે)

અશ્લીલ સાહિત્ય વેચનારાઓ, સાવધાન !

જાણીતા "ઇલીટઝ" મેગેઝીન તરફથી ચલાવવામાં આવતી કેટલીક લોકહિતકારી લડતોમાંની એક વધુ લડતને તાજેતરમાં ફતેહ મળવા પામી છે. મુંબઈ શહેરના સંખ્યાબંધ બુકસ્ટોલો ઉપર કેટલીક બીભત્સ ચોપડીઓ વેચાતી હોવાનો પોકાર એ " ઇલીટઝ " પત્રમાં કેટલાક વખત ઉપર ઉઠાવવામાં આવ્યો હતો. આવી જાતનાં બીભત્સ પુસ્તકો યુવાન છોકરાંઓ તેમ જ સ્ત્રીપુરુષોના હાથમાં આવતાં હોવાથી તેમની નીતિ અને મનોવૃત્તિ બગડવાનો ભય હોવાનું જણાવી પોલિસ કમિશ્નરને આવી જાતની બીભત્સ ચોપડીઓ બુકસ્ટોલો ઉપરથી જપ્ત કરવાની તેમ જ આવી ચોપડીઓ વેચનારા સામે કાયદેસર પગલાં ભરવાની અરજ કરી હતી.

એકસામટા દરોડા

ત્યારબાદ એક દિવસે એકી વખતે કોલાબા, પીરોજશા મહેતા રોડ અને તેની આજુબાજુમાં આવેલા બુક સ્ટોલો ઉપર " ઓરકેપેથડ ઓફ ધરોટીક એડના " નામની ચોપડીઓની નકલની શોધમાં દરોડાઓ પાડવા હતા, જેથી શહેરના બુક સ્ટોલોના માલેકોમાં ભારે ગભરાટની લાગણી પેદા થઇ હતી. આ ચોપડી બીભત્સ લખાણોથી બીચોબીચ ભરપૂર હોવાનું કહેવાય છે અને કરાંચીના એક પ્રેસમાં છપાઇને બહાર પડી હતી.

ઝડતી અને ધરપકડ

પોલિસે કોટ, કોલાબા, વગેરે સ્થળોના ૨૦ બુક સ્ટોલોની કલાકો સુધી ઝડતી લીધા બાદ આ ચોપડીની સંખ્યાબંધ નકલો જપ્ત કરી હતી અને દરેક સ્ટોલના માલેકો તેમ જ કેટલીક જગાએ સેલ્સમેનો મળી બે ડઝન જેટલા શખ્સોની ધરપકડ કરી તેઓને જામીન ઉપર છોડયા હતા. પકડાએલાઓમાં બાનુબાઇ અલીમહમદ નામની એક બોજા સ્ત્રી અને પીરોજ ફરામરોજ મિસ્ત્રી, પીરોજશા લીમજીભાઇ એન્જીનીઅર નામના માણસોનો પણ સમાવેશ થાય છે.

પકડાએલાઓને મેજિસ્ટ્રેટ મી. મેથેલોન સમક્ષ ચાર્જશીટ ઉપર મૂકવામાં આવ્યા હતા અને કેસો મુલતવી રાખવા પોલીસ પ્રોસીકયુટરે અરજ કરતાં જણાવ્યું કે તમો નામદારને આ ચોપડીનો અભ્યાસ કરવાને વખત મળે તેટલા ખાતર તપાસ મુલતવી રાખવી.

મેજિસ્ટ્રેટ—શું આવી એક જ જાતની બીભત્સ ચોપડી મુંબઇના બુક સ્ટોલો ઉપર વેચાય છે ? બીજી કોઇ ચોપડીઓ વેચાતી જ નથી ?

પ્રોસિકયુટર—આ તો બીભત્સ સાહિત્ય સામેની ઝુંબેશની શરૂઆત છે. હવે પણ આવી જાતની બીજી ચોપડીઓ સામે પણ પગલાં લેવાશે.

(પૃ. ૩૯૬-નું સાંધણ)

૧૧ વ્ય. મં. ના પ્રમુખ તરીકે ચાલુ રહેવાને રા. બ. ગોવિંદભાઇ હા. દેસાઇ સાહેબને વિનંતિ કરવામાં આવી.

૧૨ વ્ય. મં. ના ઉપપ્રમુખ તરીકે રાજપ્રિય શ્રી. મોતીલાલ છો. દેસાઇ સાહેબની નિમણૂંક કરવામાં આવી.

ના. નં. ચોકસી
સહમંત્રી.

વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળનો

સને ૧૯૪૨-૪૩ ની સાલનો

અહેવાલ

સુજ્ઞ મહાશય,

૧. પૂરી થયેલી સન ૧૯૪૨-૪૩ ની સાલનો રાજ્ય પુસ્તકાલય મંડળનો વિગતવાર અહેવાલ આપની સમક્ષ રજૂ કરતાં આનંદ થાય છે.
આનંદ થાય છે

૨. વડોદરા રાજ્યની જ નહિ, પણ હિંદભરની સાર્વજનિક પુસ્તકાલય પ્રવૃત્તિના આદ્ય પ્રવર્તક કે. શ્રીમંત સયાજીરાવ મહારાજા સાહેબે સન ૧૯૧૨ માં સેન્ટ્રલ લાઇબ્રેરી કલબના સભ્યો સમક્ષના પ્રવચનમાં જાહેર કરેલું કે—
ઉદ્‌ભવ

" પુસ્તકાલયોનો લાભ થોડાં અંગ્રેજી ભણેલાં જ લે એવી મર્યાદા (આંટ) ન રાખવી જોઇએ; પરંતુ તે લાભ વધારેમાં વધારે માણસો કેવી રીતે લઇ શકે એ જ હેતુ સતત લક્ષમાં રાખવો જોઇએ. એ જ હેતુથી મેં આખા રાજ્ય માટે ગ્રામ પુસ્તકાલયોની યોજના ઘડાવી છે. એ યોજના પાર પાડવા માટે પ્રજાએ પોતાની શક્તિ અનુસાર પોતાનો હિસ્સો આપવાની જરૂર છે. મહેનત કર્યા વગર કાંઇ પણ કામ બનતું નથી. સ્વાર્થત્યાગ કર્યા વગર જ્ઞાન પ્રાપ્ત થતું નથી. "

શ્રીમંત સરકારની એ મહદ્ ભાવનાની સિદ્ધિ અર્થે અને તેઓશ્રીના આદેશનું યથાશક્ય પાલન કરી દેખાડવાની પ્રજાને તક મળે એટલા ખાતર સન ૧૯૨૫ માં રાજ્યનાં નાનાં મોટાં પુસ્તકાલયોની પ્રથમ પરિષદ ગણદેવી મુકામે ભરાઇ, તે વખતથી જ આ મંડળનો ઉદ્‌ભવ વાસ્તવિક રીતે થયો ગણી શકાય. સન ૧૯૨૫ થી ૧૯૨૯-૩૦ લગી મંડળની પ્રવૃત્તિ વર્ષે બે વર્ષે પરિષદ ભરવા પૂરતી જ હતી: પણ તે પછી સાર્વજનિક પુસ્તકાલયોને મદદ આપવાના સરકારી ધોરણે મંડળને રૂ. ૧૦૦૦) ની વાર્ષિક મદદ આપવાની યોજના મંજૂર કરવાની શ્રીમંત સરકારે કૃપા કરી અને પાટણમાં મળેલી પાંચમી પરિષદે મંડળનું બંધારણ ઘડ્યું ત્યારથી મંડળની વિવિધ પ્રવૃત્તિઓ ક્રમે ક્રમે અસ્તિત્વમાં આવી છે.

૩. મંડળના ઉદ્દેશ નીચે પ્રમાણે છે:—

(૧) રાજ્યના ચારે પ્રાંતમાં વિખરાયલાં પુસ્તકાલયો અને વાચનાલયોની પ્રગતિ સાધવી અને તેમને સુવ્યવસ્થિત બનાવવાં; (૨) પુસ્તકાલય વિહોણાં ગામોમાં નવીન પુસ્તકાલયો ઉઘડાવવામાં ખાતાને સહકાર આપવો; (૩) પુસ્તકાલયોના કાર્યકર્તાઓ વચ્ચે તથા
ઉદ્દેશ

સરકાર અને સ્થાનિક સંસ્થાઓ સાથે સહકાર સાધવો; (૪) પ્રજામાં વાચનનો શોખ ફેલાવવો; (૫) પુસ્તકાલય–પ્રવૃત્તિપોષક સાહિત્ય પ્રકટ કરવું; (૬) શિષ્ટ સાહિત્યના વાચનનો પ્રચાર વધારવો; (૭) પુસ્તકાલયનું વહીવટી કામ શીખવવા તાલીમ વર્ગો ભરવા યા ભરાય તેમાં મદદ કરવી; (૮) ખાતાના સહકાર અને સલાહ મુજબ પુસ્તકાલય પ્રવૃત્તિનો પ્રચાર કરવો અને તપાસણીનું કામ કરવું.

પેટા મંડળો.

૪. ઉપરના ઉદ્દેશો વ્યવસ્થિત રીતે પાર પાડવા માટે પ્રાંત, મહાલ અને જૂથ મંડળો રચવામાં આવ્યાં છે આ મંડળો રાજ્ય પુ મંડળની સલાહ ને દોરવણી મુજબ પોતાના ક્ષેત્રમાં યથાશક્તિ કામ કરે છે. પૂરા થયેલા વર્ષ દરમ્યાન વડોદરા, નવસારી, મહેસાણા અને અમરેલી એ ચારે પ્રાંત મંડળોની વાર્ષિક સભાઓ મળી હતી. તેમના અહેવાલનો સારભાગ પુસ્તકાલય માસિકના ૧૯૪૨ ના નવેમ્બર અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. મહાલ મંડળો તથા જૂથ મંડળો પણ બધા જ મહાલોમાં યોજાયાં છે, પણ તે બધાં હજુ પૂરાં જાગતાં બન્યાં નથી. જેઓ જાગતાં છે, માને જેમની વાર્ષિક સભાઓ અહેવાલના વર્ષે ભરાઇ છે, તેવાં જૂથ તથા મહાલ મંડળોનાં નામ નીચે પ્રમાણે છેઃ—

(૧) જાગતાં જૂથ મંડળો

વડોદરા પ્રાંતઃ—(૧) બીલ (૨) ડેસર (૩) વેમાર તા. સાવલી (૪) પેટલાદ (૫) વસો (૬) આસોજ તા. વડોદરા (૭) વેજપુર (૮) સોખડારાધુ (૯) શિનોર (૧૦) કોસીન્દ્રા તા. સંખેડા (૧૧) ભાદરણ (૧૨) દરાપુરા (૧૩) સોજીત્રા. **મહેસાણા પ્રાંતઃ** (૧૪) વાલમ (૧૫) કંડ (૧૬) ઉનાઉ (૧૭) વેણુપુરા (૧૮) ખાવડ (૧૯) કડી (૨૦) નંદાસણ (૨૧) વડુ (૨૨) સંડેર (૨૩) કંબોઇ (૨૪) સૂરજ (૨૫) મોટપ (૨૬) વાગજ (૨૭) રાજપુર (૨૮) ધીણોજ (૨૯) ડરણ (૩૦) થોળ (૩૧) ચારોલ (૩૨) મેડા આદરજ (૩૩) ડાંગરવા (૩૪) ઝુલાસણ (૩૫) હલ્યાણપુર (૩૬) જાસલપુર (૩૭) દેઉસણા (૩૮) વીડજ. **નવસારી પ્રાંતઃ** (૩૯) નવસારી (૪૦) આમચક (૪૧) ગણદેવી (૪૨) ધમડાછા (૪૩) ગડત (૪૪) અંભેટા (૪૫) વેરમા. (ગઇ સાલ ૪૩).

(૨) જાગતાં મહાલ મંડળો

વડોદરા પ્રાંતઃ—(૧) વડોદરા (૨) કરજણ (૩) કબોઇ (૪) શિનોર (૫) સંખેડા (૬) તિલકવાડા (૭) સાવલી (૮) વાઘોડિયા (૯) પેટલાદ (૧૦) ભાદરણ (૧૧) પાદરા **મહેસાણા પ્રાંતઃ** (૧૨) ચાણસ્મા (૧૩) કડી (૧૪) વિજાપુર (૧૫) કલોલ (૧૬) દહેગામ (૧૭) આતરસુંબા (૧૮) પાટણ (૧૯) હારીજ (૨૦) સિદ્ધપુર (૨૧) વિસનગર (૨૨) ખેરાળુ. **નવસારી પ્રાંતઃ** (૨૩) નવસારી (૨૪) ગણદેવી (૨૫) પલસાણા (૨૬) માંગરોળ (૨૭) કામરેજ. **અમરેલી પ્રાંતઃ** (૨૮) અમરેલી (૨૯) દામનગર (૩૦) કોડીનાર (૩૧) ઓખામંડળ. (ગઇ સાલ ૩૧).

જે મહાલ મંડળોની સભા ભરાયાનાં નિવેદનો, અમર દાદાન હિસાબ, અમારા તરફ આવ્યાં છે, તેમની જ ગણત્રી કરેલી છે.

જૂથ મંડળો તથા મહાલ મંડળોમાં છેલ્લાં પાંચ વર્ષો દરમ્યાન આવેલી જાગૃતિ અહેવાલવાળા વર્ષમાં એકંદરે ટકી રહેલી જણાય છે. છતાં રાજ્યના ચારે પ્રાંતોમાં હજી એવા પણ તાલુકાઓ છે કે જ્યાં એકે જૂથ મંડળ જાગતું હોવાનું જણાતું નથી. આ વસ્તુસ્થિતિ ભાગ્યે સ્પૃહણીય ગણાય એવી ક્ષોભ લાગતાંવળગતાં મહાલ મંડળોએ એ પરિસ્થિતિને સુધારવાની ખાસ નોંધ લેવી ઘટે છે. જૂથ મંડળની પ્રવૃત્તિ બાબતમાં કડી મહાલનો નંબર પહેલો આવતો હોઈ તે બદલ એ મહાલ મંડળના ઉત્સાહી મંત્રી રા. ભાઈ મફતલાલ દવેને ધન્યવાદ આપીએ છીએ અને બીજા મહાલ મંડળોને એવો જ ઉત્સાહ દાખવવાની હાકલ કરીએ છીએ. ધ્યાનીએ છીએ કે એકવાર કામ કરતાં છતાં હાલમાં શિથિલ બનેલાં તેમજ મૂળથી જ ઊંઘતાં રહેલાં મંડળો નવીન વર્ષ દરમ્યાન ઊંઘ ઉડાડી દઈને પોતપોતાની ફરજો બજાવવા મંડી પડશે. વાર્ષિક અહેવાલ તો વર્ષ પૂરું થતાં જ મોકલી આપવાનો વહિવટ રાખવાની મહાલ મંડળના મંત્રી મહાશયોને અમારી હમેશની માફક આગ્રહભરી વિનંતિ છે, કે જેથી વસ્તુતઃ જાગતાં ને કામ કરતાં મંડળોની ગણના પણ ઊંઘતાંની કોટિમાં થવાનો સંભવ ન રહે. વળી, એકલો હિસાબ માત્ર ન આવે પણ વર્ષ દરમ્યાન કરેલી કામગીરીનો અહેવાલ પણ આવે એ ખાસ ધ્યાનીયોગ્ય છે. જે તે પ્રાંતમાં આવેલાં તમામ મહાલ મંડળોએ આમ કર્યું છે કે નહિ તે જોવાની જે તે પ્રાંત મંડળની ફરજ હોઈ જે તે સાલે ભરાતી વાર્ષિક સભા વખતે મંડળના અહેવાલમાં આ બાબતની ખાસ નોંધ લઈ શિથિલ મહાલ મંડળોને ટકોરવાની પદ્ધત અખત્યાર કરવા પ્રાંત મંડળોને ખાસ ભલામણ કરીએ છીએ. એ જ પદ્ધત જૂથ મંડળો પરત્વે મહાલ મંડળોએ પણ સ્વીકારવી રહી.

પરિષદ પ્રવૃત્તિ

૫. રાજ્યની પુરતકાલય પ્રવૃત્તિને સંગઠિત બનાવી એનું તંત્ર એકધારું અને સુવ્યવસ્થિત ચલાવવાની યોજનાઓ વિચારવા તથા પોતાની મહત્ત્વાકાંક્ષાઓ અને જોઈતી સવલતો તથા રાહતોની માગણી પુરતકાલય ખાતા આગળ તેમજ શ્રીમંત સરકાર સમક્ષ સમૂહગત રીતે રજૂ કરવાના આશયથી સને ૧૯૨૪-૨૫ થી શરૂ થયેલી મંડળની પરિષદ પ્રવૃત્તિ જારી જ રહી છે. અહેવાલવાળું વર્ષ પ્રાંત પરિષદ માટેનું હતું છતાં વિશ્વવ્યાપી યુદ્ધના સબબે ઊભી થયેલી અસહ્ય મોંઘવારી તેમજ પ્રવાસમાર્ગની ભારે હાડમારીને લઈને એકે પ્રાંત પરિષદ અહેવાલના વર્ષે ભરાઈ શકી નથી, તેમ તે માટે આગ્રહ રાખવાનું ઇષ્ટ ગણવામાં આવ્યું નથી. આમ છતાં કડી મહાલ પુ. મંડળના ઉત્સાહી કાર્યકર્તાઓએ કડી મહાલની છઠ્ઠી પરિષદ ડાંગરવા મુકામે મે. કલોલ વિભાગ શાળાધિકારી સાહેબના પ્રમુખપદે ભરવાની તક સાધી હતી.

૬. ઉપરોક્ત પ્રાંત, મહાલ અને જૂથ મંડળોની પ્રવૃત્તિ ઉપરાંત રાજ્ય મંડળે

સમગ્ર રાજ્ય માટે જે કેટલીક પ્રવૃત્તિઓ ઉપાડી છે, તેમાંની એક પ્રવૃત્તિ શિક્ષણવર્ગોની છે. પુસ્તકાલય પ્રવૃત્તિમાં સારી સંગીનતા સાધવા માટે તાલીમ લીધેલા ગ્રંથપાલોની સંખ્યા વધારવાના આશયથી પ્રાંતવાર શિક્ષણવર્ગો યોજવાની પ્રથા મંડળે પુસ્તકાલય ખાતાની કરમાશથી સન ૧૯૩૧ થી આગ્રહપૂર્વક ચાલુ કરી છે. તે મુજબ અહેવાલવાળા વર્ષ દરમ્યાન નવસારી તથા અમરેલી પ્રાંતોમાં શિક્ષણવર્ગો ભરવાની યોજના હતી. પરંતુ પ્રવાસ-પંથની અસાધારણ હાડમારી તેમજ અસહ્ય મોંઘવારી ઉપરાંત જરૂરી સામગ્રી મેળવવાની પારાવાર મુશ્કેલીને કારણે અહેવાલવાળા વર્ષે માત્ર નવસારી પ્રાંત પૂરતી જ એ યોજના અમલમાં મૂકી શકાઇ છે. જો કે પ્રાંતમાં મહાલવાર શિક્ષણવર્ગ ભરી તે તે મહાલના બીન-તાલીમી મંત્રી વ ગ્રંથપાલોને તૈયાર કરવાની નીતિ પુસ્તકાલય ખાતાની શિરસ્તાથી સ્વીકારાઇ હોઇ તેનો ચુસ્ત અમલ કરવાનું અહેવાલવાળા વર્ષે ઠરાવવામાં આવેલું. તે મુજબ નવસારી પ્રાંતના માંગરોળ મહાલ માટે કોસંબા ગામે મે માસની ૭ તા. ૨૪–૨૫–૨૬ ના દિવસોએ વર્ગ ભરવામાં આવેલો, જેનો લાભ માંગરોળ મહાલના ૧૨ અને માંગરોળ મહાલમાંથી નવસારી મહાલમાં તાજેતર બદલાયલા ૧ મળી કુલ ૧૩ ભાઇઓએ લીધો છે. આ પહેલાં સન ૧૯૩૨–૩૩ માં કોસંબા મુકામે એક શિક્ષણ વર્ગ અગાઉ ભરાઇ ગયેલો તેનો લાભ મહાલના અનેક શિક્ષકોએ તે વાર લીધેલો. એટલે માંગરોળ મહાલની પુસ્તકાલય સંસ્થાઓના જવાબદાર કાર્યકર્તાઓ લગભગ બધા જ હાલ તો તાલીમ પામેલા કહી શકાય.

શિક્ષણવર્ગ

શિક્ષણવર્ગને અંગે મંડળના નિવેદનના વર્ષે રૂ. ૪૭-૧૪-૦ નો ખર્ચ થયો છે. વર્ગ માટે ઉતારા તેમજ ભોજનનો સવડ પોતાનાં મકાનોમાં તથા ચાલુ રસોડામાં કરી દેવા બદલ કોસંબાના બેકુત સહકારી જનના સભ્યવી કાર્યકરોનો જાહેર અહેશાન માનવામાં આવે છે. વર્ગમાં અપાતી તાલીમના પ્રતાપે પોતપોતાની સંસ્થાઓને ઠરેલા ધારાધોરણસર સુવ્યવસ્થિત બનાવી દેવાનો જે ઉત્સાહ પ્રગટે છે તેને મૂર્તિમંત કરી દેખાડવો એ તો તાલીમ લીધેલા મંત્રીભાઇઓની એક પવિત્ર ફરજ થઇ પડે છે.

૭. પુસ્તકાલય સંસ્થાનું તંત્ર સુવ્યવસ્થિત રીતે ધોરણસર ચાલે તેટલા માટે તેમની તપાસણી થતી રહેવાની અને સ્થાનિક કાર્યકર્તાઓને પડતી અને નડતી મુશ્કેલીઓનું નિવારણ કરી યોગ્ય તે દોરવણી અને સમજૂત વખતોવખત આપતા રહેવાની જરૂર છે. આ કાર્યની જવાબદારી શ્રીમંત સરકારે મહાલ શાળાધિકારીઓને શિર રાખી છે. તેમના એ કાર્યની પૂર્તિમાં પુસ્તકાલય પ્રવૃત્તિના રસિયા, બોમિયા ને સેવાભાવી શિક્ષકો જે જે મહાલે મળી આવે તે તે મહાલે તેઓને માનદ પ્રચારક તરીકે નીમવામાં આવે છે. અહેવાલને વર્ષે એવા ૧૭ માનદ મહાલ પ્રચારકોએ ૧૧૧ પુસ્તકાલયોની ભેટ લીધી હોવાનું જણાયું છે. માનદ મહાલ પ્રચારકો ઉપરાંત પ્રાંત પ્રચારકો નીમવાની નીતિ સન ૧૯૩૫–૩૬ થી મંડળે સ્વીકારી છે. આર્થિક તેમજ વ્યવહાર કારણોસર બે પ્રાંત વચ્ચે એક પ્રચારક રોકવાનું ધોરણ સન

તપાસણી

૧૯૩૯-૪૦ થી સ્વીકારવામાં આવ્યું છે ને પ્રચારકોની નીમણુંક તથા દોરવણીની જવાબદારી, પ્રાંત મંડળોની સંમતિપૂર્વક, રાજ્યમંડળે સંભાળી લીધી છે. તદનુસાર નિવેદનના વર્ષે વડોદરા અને નવસારી પ્રાંતોના પ્રચારક તરીકે રા. છગનભાઇ મથુરભાઇ પટેલની, તથા મહેસાણા અને અમરેલી પ્રાંતો માટે રા. ભાઇશંકર દીવાભાઈ ઠાકરની નીમણોક ચાલુ રાખવામાં આવી હતી.

પૂરા થયેલા વર્ષ દરમ્યાન રા. છગનભાઇએ ૧૨૬ વડોદરા પ્રાંતના તથા ૮૭ નવસારી પ્રાંતનાં મળી કુલ ૨૧૩ ગામોની ફેરણી કરી છે. એમની એકંદર કામગીરી ૨૬૫ દિવસની થઇ છે. ત્યારે રા. ભાઇશંકરે ૧૬૮ મહેસાણા પ્રાંતની અને ૬૩ અમરેલી પ્રાંતની મળી કુલ ૨૩૧ સંસ્થાઓની તપાસણી કરી છે. એમની એકંદર કામગીરી ૨૭૨ દિવસની થઇ છે. પૂરા થયેલા વર્ષ દરમ્યાન પગારદાર પ્રાંત પ્રચારકો દ્વારા નીચે પ્રમાણે કુલ ૪૪૪ પુસ્તકાલયોની તપાસણી, સુવ્યવસ્થા, પુસ્તકવિધિ અને વર્ગીકરણની કામગીરી થઇ હતી છે:—

વડોદરા પ્રાંત	મહેસાણા પ્રાંત	નવસારી પ્રાંત	અમરેલી પ્રાંત	કુલ
૧૨૬	૧૬૮	૮૭	૬૩	૪૪૪

આ સંખ્યામાં, વર્ષ દરમ્યાન રાજ્ય પ્રચારકની ફેરણીની ૮૫ અને માનદ મહાલ મહાલ પ્રચારકોની કામગીરીની ૧૧૧ સંસ્થાઓ ઉમેરતાં અહેવાલના વર્ષે કુલ ૬૪૦ પુસ્તકાલયોની તપાસણી પ્રચારક સંસ્થા દ્વારા મંડળે કરી છે. પ્રાંત પ્રચારકોની ફેરણીની સંખ્યા ગઈ સાલ કરતાં ૮૫ જેટલી અને એકંદર તપાસણી સંખ્યા ૫ જેટલી ઓછી છે. આનું કારણ અહેવાલવાળા વર્ષના આરંભકાળે રાજદ્વારી ચળવળ અંગે દેશભરમાં વ્યાપેલી અશાંત પરિસ્થિતિ તેમજ પ્રવાસમાર્ગની બીનસલામતીને કારણે તેમની ફેરણો ઉપર જરૂરજોગો અંકુશ મૂકવાનું ઉચિત્ત ગણવામાં આવ્યું હતું તે છે. વળી, અહેવાલવાળા વર્ષે મહેસાણા-અમરેલી પ્રાંત પ્રચારકે તેના પોતીકા લગ્ન નિમિત્તે ભોગવેલી ૧ માસની, તથા વડોદરા-નવસારી પ્રાંત પ્રચારકે માંદગીના સબબે ભોગવેલી રજાઓ પણ પ્રાંત પ્રચારકોની ઓછી ફેરણીના કારણમાં ભાગ પડાવે છે. બાકી, પગારદાર પ્રાંત પ્રચારકો દીવાળીના તહેવારોની ૧૪, શ્રીમંત જન્મોત્સવની ૫ તથા હોળીની ૨ રજાઓ ઉપરાંત દર માસે રવિવાર અને બીજા તહેવારો નિમિત્ત ૭ રજાઓ ભોગવી શકે એવું ધોરણ જે ઠરેલું છે એ હિસાબે તો પ્રાંત પ્રચારકોની વાર્ષિક કામગીરી એકંદરે દિન ૨૭૩ ની થવી જોઇએ. એ દૃષ્ટિએ જોતાં અને એમણે ભોગવેલી ધોરણસરની હક્ક તથા માંદગીની રજાઓનો ખ્યાલ કરતાં તો બન્ને પ્રચારકોની વાર્ષિક કામગીરી એકંદરે સંતોષકારક ગણી શકાય તેમ છે.

આ પ્રચારક સંસ્થા શરૂ થયેલા નવા વર્ષમાં પણ ચાલુ રહેવાની હોઇ આશા રાખવામાં આવે છે કે પુસ્તકાલયોના મંત્રીઓ અને વ્યવસ્થાપકો પ્રચારકોના આગમનને વધાવી લઇ તેમની મદદથી પોતપોતાના પુસ્તકાલયને સુવ્યવસ્થિત બનાવવાની તથા જણાવેલી ત્રૂટિઓ તત્કાળ દૂર કરવાની પોતાની ફરજ યથાયોગ્ય રીતે અદા કરતા રહેશે. પ્રાંત પ્રચારકોએ

તપાસેલી ૪૪૪ પુસ્તકાલય સંસ્થાઓ પૈકી ઘણાંખરાંનું પુસ્તકવિધિ તથા વર્ગીકરણનું કામ કાં તો ઠરેલા ધોરણ પ્રમાણે પૂરું થયેલું હતું વા તેમણે જાતે કરી આપ્યું છે વા કરાવી લીધું છે, અને જ્યાં ફોર્મોના અભાવે કે ઇતર કારણે તેમ નથી થઈ શકયું ત્યાં તેમ કરી લેવાની જરૂરી સમજૂત આપેલી છે.

પ્રચારકોનાં નામ તથા તેમની કામગીરીનો ખ્યાલ મેળવવા પરિશિષ્ટ ૪થું જોવા વિનંતિ છે. માનદ પ્રચારક બાઇઓની નિઃસ્વાર્થ સેવા બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે, અને અહેવાલના વર્ષમાં માનદ પ્રચારકોની સેવામાં થયેલા દેખીતા વધારાની સસંતોષ નોંધ લઈએ છીએ. સ્થાનિક કાર્યકર્તાઓને જરૂરી પ્રેરણા અને પ્રોત્સાહન આપી તેમને જણાતી મુશ્કેલીઓના નિવારણ માટે તેમજ પ્રાંત પ્રચારકોએ કરેલી સૂચનાઓની અમલબજાવણી માટે જરૂરી માર્ગદર્શન અને સહાય આપવાનું કામ માનદ પ્રચારકો દ્વારા સારી રીતે થઈ શકે એમ છે. એટલે આશા રાખીશું કે જે મહાલોમાં માનદ પ્રચારકોની નીમણૂંક જ ન થઈ હોય તેવા મહાલોમાં એ કાર્ય કરવાને ઉત્સાહી શિક્ષક આગળ આવશે ને જે મહાલોમાં માનદ પ્રચારકો નિમાયા હોય છતાં શૈથિલ્ય હોય તેઓ સ્વીકારેલી એ સ્વયંસેવા યથાશક્તિ બજાવવાની પોતાની ફરજ અદા કરી દેખાડશે.

નવીન પુસ્તકાલયો

૮. તપાસણી ઉપરાંત, દર સાલ ૫૦ નવીન પુસ્તકાલયો ઉઘાડવાની શ્રીમંત સરકારની નીતિને બર લાવવામાં પણ આ મંડળ પુસ્તકાલય ખાતાને પોતાના પ્રચારકો દ્વારા પૂરતો સાથ આપે છે. અહેવાલના વર્ષે ઉઘાડવા ઠરેલાં ૫૦ નવીન પુસ્તકાલયોની સંખ્યા પૂરી કરી આપવા બાબતમાં જરૂરી પત્રવ્યવહાર, રૂબરૂ મુલાકાત વગેરે દ્વારા મંડળે પુસ્તકાલય ખાતાને સંપૂર્ણ સહકાર આપ્યો હતો. શાળાવાળું એક પણ ગામ પુસ્તકાલય વિનાનું ન હોય એવી સ્પૃહણીય સ્થિતિ પ્રાપ્ત કરવાનું માન, આ સાલ, વડોદરા પ્રાંતના **પાદરા, સંખેડા** અને **તિલકવાડા** એ મહાલોને, મહેસાણા પ્રાંતના **પાટણ** અને **વિજાપુર** મહાલોને, તથા અમરેલી પ્રાંતના **ઓખામંડળ** મહાલને મેળવી આવ્યા બદલ એ મહાલોના કાર્યકર્તાઓને ધન્યવાદ !

પુસ્તકાલય પર્વણી

૯. પ્રજોપકારક પુસ્તકાલય પ્રવૃત્તિનું મહત્ત્વ જનસમૂહને સમજાવવા કાજે દર વર્ષે વસંત પંચમીનો દિવસ ખાસ પુસ્તકાલય પર્વણી તરીકે ઉજવવાનું ધોરણ છેલ્લાં અગિયારેક વર્ષથી મંડળે સ્વીકાર્યું છે. તે મુજબ એ મંગળ પર્વ દર વર્ષે અનેક સ્થળે ઉજવાય છે; અને સરઘસ, પુસ્તક વાચન, પુસ્તક પ્રદર્શન, વાર્તાકથન, રમતગમત, સભા-સંમેલનો, સંભાષણો, સ્થાનિક પુસ્તકાલય સંસ્થાના કાર્ય ને હિસાબની રજુઆત, ભજનમંડળીઓ વગેરે વિવિધ કાર્યક્રમ રખાય છે. નિવેદનના વર્ષે, અશાંતિભર્યા વાતાવરણમાં પણ, આ પર્વણી ઉત્સવ ચારે પ્રાંતમાં ઉજવાયો હતો. એમાંથી ૨૮ સ્થળોના અહેવાલ મંડળ તરફ આવેલા તેનો સાર ' **પુસ્તકાલય** ' માસિકના સન ૧૯૪૩ ના માર્ચ અંકમાં પ્રસિદ્ધ

કરવામાં આવેલ છે. આ નવીન વર્ષે પર્વણી ઉત્સવ વધુ રથળે ઉત્સાહભેર ઉજવાય એવા સાનુકૂળ સંજોગો પ્રાપ્ત થાય તે માટે પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના ગુજારીએ છીએ.

શિષ્ટવાચન પ્રચાર

૧૦. જનતા શિષ્ટ વાચન પ્રતિ આકર્ષાય અને એકલા વાર્તાસાહિત્યને બદલે જીવનચરિત્ર કે જીવનવિકાસમાં ઉપયોગી થઈ પડે એવા અન્ય વિષયોના વાચન તરફ વળે એ સદ્‌હેતુથી મંડળે શિષ્ટવાચનની પરીક્ષાની યોજના સને ૧૯૩૧ થી હાથ ધરી છે. નિવેદનના વર્ષે પણ એ યોજના ચાલુ રખાઈ હતી.

સાલાનુબાદ નિવેદનના વર્ષે પણ બે પરીક્ષાઓ લેવાની યોજના હતી. પરંતુ યુદ્ધ પરિસ્થિતિએ ઊભી કરેલી કાગળોની અસાધારણ મોંઘવારીને કારણે ઇચ્છા હોવા છતાં પણ અનેક ઉમેદવારો પરીક્ષાનો લાભ લેવા લાચાર બને છે એવું અહેવાલના વર્ષે રખાયેલી ૨૩ મી પરીક્ષા વખતે જણાઈ આવતાં જાહેર કરાયેલી ૨૪ મી પરીક્ષાનો વિચાર મુદ્દામ મુલતવી રાખવામાં આવ્યો હતો. ૨૩ મી પરીક્ષા મ. ગાંધીજી કૃત "**ત્યાગમૂર્તિ અને બીજા લેખો**" એ પુસ્તકની તા. ૨૪-૧-૪૩ ના રોજ લેવાઈ હતી અને તેનો લાભ ૫૪ ભાઈ-બેનોએ લીધો હતો. ઇનામ વહેંચણી તથા પુસ્તક ખાતે રૂ. ૭૭-૮-૯ નો ખર્ચ નિવેદનના વર્ષમાં ઉધર્યો હોઈ તેમાં સન ૧૯૪૧-૪૨ ના જુલાઈ માસમાં લેવાયલી ૨૨ મી પરીક્ષાનાં ઇનામોનો પણ સમાવેશ થઈ જાય છે. રાજ્ય મંડળની આ યોજનાને અપનાવી (૧) શિનોર, (૨) ડભોઈ, (૩) વિજાપુર, (૪) પાદરા, (૫) કરજણ, (૬) ચાણસ્મા, (૭) કડી અને (૮) વડોદરા એ ૮ મહાલોએ વિદ્યાર્થીઓ માટે એવી પરીક્ષા પોતપોતાના મહાલ પૂરતી યોજી હતી. તે બદલ એ મહાલ મંડળોના ઉત્સાહી કાર્યકર્તાઓને ધન્યવાદ આપી એ ધોરણ દર વર્ષે ચાલુ રાખવાની તેમને, તેમજ તેમનું અનુકરણ કરવાની બીજા મહાલોના કાર્યકર્તાઓને ભલામણ કરીએ છીએ. **શિષ્ટ સાહિત્યનો પ્રચાર વધે એમાં જ ગણાવી જોઇએ પુસ્તકાલય પ્રવૃત્તિની ખરી સાર્થકતા !**

વાચક મંડળ

૧૧. હિતકર અને બોધક સાહિત્યના વાચનની નિયમિત ટેવથી જીવનવિકાસ સાધવામાં માર્ગદર્શક અને મદદગાર થવાના શુભાશયથી મંડળે નીચેની રૂપરેખાવાળી ગ્રામ-વાચક મંડળની યોજના જાહેર કરી છે:—

ગ્રામવાચક મંડળની યોજના

(૧) અઠવાડિયામાં નિદાન એક ચોપડી વા ૨૦૦ પૃષ્ઠો જેટલું વાચન કરવાની ટેક લેનારા શિક્ષકો, વિદ્યાર્થીઓ અને અન્ય વાચકોનું આ મંડળ બને.

(૨) મંડળના સભાસદો દર અઠવાડિયે વા પખવાડિયે ભેગા મળે અને તે મુદત દરમ્યાન પોતે શું વાંચ્યું, કેટલું વાંચ્યું, શું સમજ્યું, શું ન સમજ્યું, શું ગમ્યું, શું ન ગમ્યું, એ બાબતો વિષે છૂટથી વિવરણ અને ચર્ચા કરે: ઉપયોગી વિષય પર નિબંધ વાચન પણ કરી શકાય.

(૩) રાત્રે રાત્રે પ્રચારપાત્ર ઉપયોગી પુસ્તકોના વાચનવર્ગો પણ ફળિયાવાર ઉત્સાહી વાચક દ્વારા યોજી શકાય.

(૪) સ્ત્રીઓ, બાળકો, તેમ જ વૃદ્ધજનોનો વાચનરસ જાગૃત કરી તેમને ઘેર બેઠાં વાચન સાહિત્ય પૂરું પાડવાના માર્ગ યોજાય.

આ યોજનાના પ્રચાર અને અમલ માટે, અહેવાલનાં વર્ષ દરમ્યાન મંડળે પત્રવ્યવહારથી તેમ જ પ્રાંત પ્રચારકો દ્વારા યથાશક્ય પ્રયત્નો કરેલા તેને પરિણામે **વડોદરા પ્રાંતમાં** (૧) અવાખલ તા. શિનોર, તથા વાઘોડિયા મહાલનાં (૨) રવાલ (૩) માંડોધર (૪) ભણીયારા (૫) કામરોલ (૬) કોટંબી, (૭) લીલોરા (૮) આસોજ; અને કરજણ મહાલનાં (૯) મેથી (૧૦) સીમળીઃ **મહેસાણા પ્રાંતમાં** (૧૧) મહેસાણા (૧૨) કુણધેર (૧૩) કુંડાવ તા. સિદ્ધપુર અને (૧૪) સોનારડા તા. દહેગામ; તથા **અમરેલી પ્રાંતમાં** (૧૫) બાઢેર તા. ધારી અને (૧૬) દ્વારકાં તા. ઓખામંડળ એ ૧૬ સ્થળોએ આવાં વાચકમંડળો સ્થપાયાં હોવાની ખબરો મળી છે. એ સ્થપાયેલાં ગ્રામવાચક મંડળોના મંત્રીઓને પોતાનાં સામયિક અહેવાલ મોકલતા રહેવાની તથા હજી જ્યાં એવાં વાચકમંડળો ન સ્થપાયાં હોય ત્યાં તેમ કરી દેવાની લાગતાવળગતા ઉત્સાહી કાર્યકરોને વિનંતિ કરીએ છીએ. પ્રાંત પ્રચારકોને તેમ જ માનદ મહાલ પ્રચારકોને, શરૂ થયેલી આ નૂતન સાલમાં, આ માટે સવિશેષ પ્રચાર કરી સ્થાનિક ગ્રામવાચક મંડળો ઠેર ઠેર સ્થાપન કરાવી તેની લેખી ખબરો આ તરફ મોકલાવી આપવાની ખાસ નોંધ લેવા સૂચવીએ છીએ.

પ્રમાણપત્ર માટેની પરીક્ષા

૧૨. પુસ્તકાલય પ્રવૃત્તિ વિષયક શિક્ષણ ઘેરબેઠાં મેળવીને ગ્રંથપાલત્વની પરીક્ષા પસાર કરવા માગનારાંઓ માટે અગાઉની યોજનામાં ફેરફાર કરી શ્રી ઉ. મો. પટેલ સંપાદિત '**સાર્વજનિક પુસ્તકાલય પ્રવૃત્તિનું એકીકરણ**' એ પુસ્તકનો અભ્યાસ અને તેમાં પુસ્તકોના વર્ગીકરણ કામની આવડતને ખાસ મહત્વ આપવાનું ઠરાવી સદર પુસ્તકના અભ્યાસમાં તેમ જ વર્ગીકરણવિધિના શિક્ષણમાં પડતી મુશ્કેલીઓનું નિવારણ મંડળના સહમંત્રી પાસેથી જે તે ઉમેદવારે પત્રવ્યવહાર દ્વારા મેળવી લેવાનું ધોરણ અહેવાલના વર્ષે જાહેર કરવામાં આવેલું. તદનુસાર તૈયાર થયેલા ઉમેદવારોની પરીક્ષા ફેબ્રુઆરી માસમાં રખાયલી. તેમાં ૧૯ અરજદારોમાંથી ૧૫ પરીક્ષાર્થીઓ બેઠા હોઇ તે પૈકી સંપૂર્ણ ઉત્તીર્ણ થયેલા ૬ જણને પુ. ખાતાના વ્યવસ્થાપક સાહેબ તથા મંડળના મંત્રીની સંયુક્ત સહીવાળાં પ્રમાણપત્રો આપવામાં આવ્યાં છે. પ્રમાણપત્રો માટેની પરીક્ષાની આ યોજના નવીન સાલે પણ ચાલુ રહેવાની છે. પણ નિવેદનના વર્ષે અમલમાં મૂકાયેલા એ નવા ધોરણના પહેલા અખતરામાં એવું જણાઇ આવ્યું છે કે આ પરીક્ષા માટેના બીજા વિષયોમાં તો ઉમેદવારો ઠરેલાં પુસ્તકોના અભ્યાસથી આપમેળે તૈયાર થઇ શકે છે, પરંતુ પુસ્તકવિધિ અને વર્ગીકરણ અને તેમાંય શાસ્ત્રીય પદ્ધતિના વર્ગીકરણમાં બરાબર તૈયાર થવા શક્તા નથી. એમાં માર્ગદર્શન તેમ જ હથોટી બેસવાની જરૂર રહે છે. તેથી

ભવિષ્યમાં યોજાતી આ જાતની પરીક્ષાઓ પ્રસંગે ઇચ્છુક ઉમેદવારોને પત્રવ્યવહાર દ્વારા પુ. શિક્ષણની યોજના અંગેના ઉપરોક્ત વિષયોના પાઠો પૂરા પાડી જરૂરી માર્ગદર્શન કરતા રહેવાની પદ્ધતિ સ્વીકારવાની ભલામણ પુ. ખાતાના મદદનીશ વ્યવસ્થાપક સાહેબ તથા રા. પુ. મંડળના મંત્રીની બનેલી પરીક્ષા સમિતિએ કરી હોઈ તે હવેથી અમલમાં મૂકાશે.

સ્વ. મો. ન. અમીન સ્મારક ફંડ

૧૩. પુસ્તકાલય પ્રવૃત્તિના અઠંગ સેવક સ્વ. શ્રી. મોતીભાઈ અમીનની યાદગીરી અર્થે યોજાયેલા સ્મારક ફંડમાં એકત્ર થતી રકમ ટ્રસ્ટડીડથી પુ. સ. સ. મંડળ લિ. ને સોંપી દેવાનું હતું હોઈ ગત સાલ આખર સુધીમાં રૂ. ૪૪૭૦–૬–૦ એ રીતે પુ. સ. સ. મંડળને સોંપવામાં આવેલા. તે પછી નિવેદનના વર્ષે આવેલા રૂ. ૧૬૩) પણ એ જ રીતે પુ. સ. સ. મંડળ લિ. ને, ટ્રસ્ટની શરતે મુજબ, સુપ્રત કરી દેવાતાં સ્મારક ફંડનો આંકડો રૂ. ૪૬૩૩–૬–૦ સુધી પહોંચ્યો છે.

સ્મારક ગ્રંથમાળા

૧૪. ગત સાલના નિવેદનમાં જાહેર થયા પ્રમાણે સ્મારક ગ્રંથમાળાના બીજા પુષ્પ તરીકે ગુજરાતના જાણીતા ગ્રામસેવક શ્રી બબલભાઈ મહેતા પ્રણીત 'ભીંતપત્રો'નું પુસ્તક પ્રસિદ્ધ કરવાની યોજના હતી, અને તે તૈયાર પણ કરવામાં આવ્યું હતું. પરંતુ સંજોગોની પ્રતિકૂળતાને કારણે પ્રમુખશ્રીની સલાહથી, નિવેદનના વર્ષે તેનું પ્રકાશન બંધ રાખવામાં આવ્યું હતું. ગ્રંથમાળાના પ્રથમ પુષ્પ 'સ્વર્ગેનું દોહન'ની ૧૪૫૦ નકલો ખપી ગઈ છે અને ૫૦ નકલો શીલક છે. ગ્રંથમાળાના કાયમના ગ્રાહક તરીકે ૪૩૮ પુસ્તકાલયોનાં નામ નોંધાયાં છે.

સિનેમા

૧૫. વેચી નાખવા ઠરેલા સિનેમા મશીનનો નિકાલ ગ્રાહકના અભાવે થઈ શકયો નથી. કોઈ પણ હિસાબે એનો નિકાલ કરી નાખવાનું કાર્યવાહી બારી સભાએ ઠરાવ્યું છે, જેના અમલ માટે તજવીજ ચાલુ છે.

રાજ્ય પ્રચારક

૧૬. ઉપરોક્ત પ્રાંતિક તથા આનંદ પ્રચારક ઉપરાંત મંડળ તરફથી નિમાયેલા પ્રચારક રાજ્ય પ્રચારક ભાઈ વલ્લભભાઈની સેવા પણ અહેવાલની સાલે ચાલુ રહી છે. તેમણે તપાસણીના ગ્રંથાળા નીચે જણાવેલી ફેરણી કરવા ઉપરાંત નવીન પુસ્તકાલયો ઉઘાડવાના, પ્રાંત મંડળની વાર્ષિક સભાના, રાજ્ય પુ. મંડળ તરફે યોજાતા પુસ્તકાલય શિક્ષણ વર્ગના, પરિષદો કે સભાઓમાં હાજર રહી તેની કાર્યવાહીને દોરવાના, તેમ જ કેટલાંક ગ્રામ તથા કસ્બા પુસ્તકાલયોની તપાસણીની કામગીરી કરી છે. ઉપરાંત રા. પુ. મંડળના હિસાબ કિતાબ અને ઓફિસના દફતરી કામની જવાબદારી પણ રાજ્ય પ્રચારકને માથે મુકાયેલી છે. વડોદરા પ્રાંત પુ. મંડળને લગતું દફતરી કામ પણ એ જ સંભાળે છે. એ જવાબદારી સંસ્થાધિકારક રીતે સંભાળવા ઉપરાંત ગ્રામ પુસ્તકાલયોનાં બજેટ મંજૂરીના કામે

ખાતાને પૂરતો સહકાર આપવાની, નવીન પુસ્તકાલયોની સંખ્યા પૂરી કરી આપવા માટે પ્રાંતો અને મહાલોના કાર્યકર્તાઓ સાથે પત્રવ્યવહાર કરી બજેટો તથા રકમો મંગાવી આપવાની, તેમજ જૂથ અને મહાલ મંડળોને જાગતાં રાખવાની ફરજો એમણે બજાવી છે. કામરેજ મહાલ મંડળની સભા જ છેલ્લાં ત્રણેક વર્ષથી ભરાતી નહોતી. તેથી નવસારી પ્રાંતની ફેરણી વખતે એ મહાલમાં જાગૃતિ આણી સભા ભરવાની, તેમજ મહેસાણા પ્રાંતની ફેરણીમાં સિદ્ધપુર, મહેસાણા અને કલોલ મહાલ પુ૦ મંડળોનાં દફ્તર વ હિસાબની તપાસણીની કામગીરી પણ, નિવેદનના વર્ષે, રાજ્ય પ્રચારકે કરી છે. તદુપરાંત સ્મારક ફંડનો હિસાબ રાખવાની તેની વસૂલ આવતી રકમોની પાવતીઓ ભરવા વગેરેની કામગીરી પણ એમણે કરી છે. રાજ્ય પ્રચારકની બહારગામની કામગીરી ૭૭ દિવસની થઈ છે.

સહમંત્રી

૧૭. સહમંત્રી તરીકે શ્રીયુત નાગુકલાલ નંદલાલ ચોકસીની સેવા પણ ચાલુ રખાઈ છે. નિવેદનની સાલે એમણે શિષ્ટવાચનની પરીક્ષા અંગેનું પરીક્ષાની જાહેરાતથી માંડીને તે અરજીઓ મંગાવી, પ્રશ્નપત્ર કાઢી છપાવી પહોંચતા કરવા તથા ઉત્તરપત્રો તપાસી પરિણામ પ્રસિદ્ધ કરવા લગીનું તમામ કામ, ગ્રામવાચક મંડળો ઉભા કરાવવા અંગે જરૂરી પત્રવ્યવહાર તેમ પ્રચાર કરવાનું કામ, પ્રમાણપત્ર માટેની પરીક્ષા ગોઠવી તદંગેનું તમામ કામ કરવા ઉપરાંત નિવેદનની સાલે કેસંબામાં ભરવામાં આવેલા શિક્ષણ વર્ગમાં હાજર રહી તથા પ્રમાણપત્ર માટેની પરીક્ષાના ઉમેદવારોને પત્ર વ્યવહાર દ્વારા વર્ગીકરણ પદ્ધતિનું ક્રિયાત્મક શિક્ષણ આપવાની કામગીરી બજાવી છે. મંડળને લગતો પત્રવ્યવહાર તથા પ્રાંત તેમજ મહાલ પ્રચારકોની માસિક ડાયરીઓ તપાસી તેમની તાલીમ, દોરવણી તથા દેખરેખની કામગીરી, તેમજ સ્વ. મોતીભાઈ ન. અમીન સ્મારકમાળા અંગે જરૂરી પત્રવ્યવહાર કરવાની તથા હસ્તલિખિતો મંગાવી વાંચી વંચાવડાવી સમિતિ પાસે બહાર કરાવવાની તમામ કામગીરી પણ સહમંત્રીએ જ બજાવી છે. તદુપરાંત, પુ. ખાતાના મદદનીશ વ્યવસ્થાપક સાહેબની સલાહસૂચના મુજબ વર્ગીકૃત ગુજરાતી પુસ્તકોની નામાવલિનો ૩ જો ગ્રંથ બહાર પાડવાની યોજના હાથ ધરી તેને અંગે શુમારે દોઢેક હજાર જેટલાં પુસ્તકોનાં વર્ગીકૃત કાર્ડ પણ, નિવેદનના વર્ષે, એમણે તૈયાર કર્યાં છે. શરૂ થયેલી નવીન સાલે એ યોજના ચાલુ રહી પૂર્ણ કરવાની કોશિષ રહેશે. સહમંત્રીની બહારની કામગીરી કુલ ૭ દિવસની થઈ છે.

પ્રમુખપદ

૧૮, મંડળની કારોબારી સમિતિના પ્રમુખ તરીકે સમાજહિતના કાર્યોમાં ઘણો ઉત્સાહ ધરાવનાર વડોદરા રાજ્યના નિવૃત્ત નાયબ દિવાન રા. બ. ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ સાહેબની સેવા, નિવેદનના વર્ષ દરમ્યાન, ચાલુ રહી છે. તે બદલ તેઓશ્રીનો આભાર માનીએ છીએ, ને તબિયતના કારણે તેમની ઇચ્છા હવે નિવૃત્ત થવાની છે, પરંતુ મંડળના હિતની ખાતર હજી નવીન વર્ષે પણ તેમની સેવાનો લાભ જરી રાખવાની તેઓશ્રીને વિજ્ઞપ્તિ કરીએ છીએ.

રાજ્યાશ્રય અને પ્રાંત પંચાયતોની મદદ.

૧૯. મંડળના ઉદ્દેશને માન્ય રાખી તેની સિદ્ધિ અર્થે વાર્ષિક રૂ. ૧૨૦૦) ની મદદ આપવાનું નવું ધોરણ શ્રીમંત સરકારે ૧૯૩૯-૪૦ થી પાંચ વર્ષ માટે મંજુર કરવાની કૃપા કરી છે, તે મુજબ નિવેદનની સાલે રૂ. ૧૨૦૦) સરકાર મદદ મળ્યા છે. ચારે પ્રાંત પંચાયતોએ પણ પોતાને ભાગે પડતો ફાળો આપી પંચાયત પક્ષથી બેઠલી જ રકમ પૂરી પાડી છે. આ બદલ શ્રીમંત સરકાર તથા પ્રાંત પંચાયતોનો સહૃદય અહેવાલને માનવામાં આવે છે.

મંડળના સભ્યો, કાર્ય-પદ્ધતિ અને હિસાબ.

૨૦. રાજ્યાશ્રિત પુસ્તકાલયો અને વાચનાલયોની કુલ સંખ્યા અહેવાલના વર્ષે ૧૪૭૫ છે, જેમાંથી ૧૨૪૪ સંસ્થાઓ બંધારણમાં ઠરેલી ફી (લવાજમ) ભરીને મંડળના સભ્ય તરીકે ચાલુ રહી છે. પ્રાંતવાર સંસ્થાઓ ઉપરાંત વ્યક્તિગત સભાસદો કરવાનું પણ મંડળનું ધોરણ છે, ને તેને માટે આજીવન સભ્યનું લવાજમ (રૂા. ૩) છે. એ બન્ને વર્ગોના સભ્યો મંડળના ચોપડે નોંધાય એ બહુ ઇચ્છવા જોગ હોઇ તે માટે બનતો પ્રયાસ કરવા મંડળની કારોબારી સમિતિના સભ્યોને વિનંતિ કરવામાં આવે છે.

મંડળના બંધારણ પ્રમાણે ૧૬+૫ મળી ૨૧ સભ્યોનું એક વ્યવસ્થાપક મંડળ સન ૧૯૩૯-૪૦ માં ઓરોળા મુકામે ભરાયેલી ૭ મી રાજ્ય પુ. પરિષદની બેઠકમાં ચુંટવામાં આવેલું; તેમાં અવસાન તથા રાજીનામાને કારણે કારોબારીએ કરેલા સુધારાવાળું વ્યવસ્થાપક મંડળ હાલ કામ કરી રહ્યું છે. એના સભ્યોનાં નામ પરિશિષ્ટ ૩ જામાં આપેલાં છે. કડીવાળા શ્રી બાપુભાઈ વિઠ્ઠલભાઇ ગાંધીનું, નિવેદનની સાલે અવસાન થયેલું હોવાથી તેમની ખાલી પડેલી જગા પૂરી લેવાનો અધિકાર મંડળની કારોબારી સભાને, બંધારણની રૂએ, પ્રાપ્ત થાય છે.

વ્યવસ્થાપક મંડળની વાર્ષિક સભા, દર સાલ પ્રાંત મંડળોની વાર્ષિક સભાઓ મળી રહ્યા બાદ, સપ્ટેમ્બર માસમાં ભરાય છે ને તેમા પૂરા થયેલા વર્ષનો અહેવાલ-હિસાબ અને નવીન સાલનું અંદાજપત્ર રજૂ કરી બહાલ કરાવી લેવામા આવે છે. તે પછી પણ વર્ષ દરમ્યાન ઉપસ્થિત થતા પ્રશ્નોની વિચારણા ને નિર્ણય વ્યવસ્થાપક મંડળે કરવાના પ્રસંગ આવે છે. પણ તે વખતે, વ્ય. મં. ના સભ્યો આખા રાજ્યમાથી ચુંટાયેલા અને પોતપોતાના વ્યવસાયોમાં રોકાયેલા હોવાથી વખતો વખત ભથ્થાભાડાનો ખર્ચ કરી અને કિમતી વખતનો ભોગ આપી બધા સભ્યોની સભા બોલાવવાનું શક્ય તેમ ઉચિત નહિ લાગતું હોવાથી વડોદરા પ્રાંતમાંથી ચુંટાઇ આવેલા સભ્યો સાથે માનદમંત્રી રાજ્ય પુ મંડળે વિચારવાના સામાન્ય પ્રશ્નોની ચર્ચા કરી લઈ તે પર દરેક સભાસદના અભિપ્રાય ટપાલદ્વારા મેળવીને નિર્ણય કરી લેવાનો સામાન્ય વહિવટ મંડળે સ્વીકાર્યો છે. છતા અહેવાલવાળા વર્ષના આરંભમાં દેશભરમાં ઉછળી નીકળેલા અશાંતિના મોજાંને તેમ જ પ્રવાસમાર્ગની અગવડો અને જોખમોને લક્ષમા

લઇને વાર્ષિક સભા અંગેનો કાર્યક્રમ પણ, પ્રમુખશ્રીની સલાહથી, પરિપત્ર દ્વારા ઉઠાવી લેવામાં આવ્યો હતો. ઑડિટ થયેલો મંડળનો ઊપજ-ખર્ચનો વિગતવાર હિસાબ પરિશિષ્ટ ૧ માં સામેલ છે.

ઑફિસ

૨૧. મંડળની ઑફિસ સેન્ટ્રલ લાઇબ્રેરીમાં સાર્વજનિક પુસ્તકાલય શાખાની કચેરીમાં ચાલુ રહી છે.

આભાર

૨૨. મંડળના રચનાત્મક કાર્યને પહોંચી વળાય તે માટે રાજ્ય તરફની મદદ ચાલુ રાખવા બદલ નામદાર મંત્રીમંડળનો પંચાયત પક્ષની મદદ પૂરી કરી આપવા બદલ ચારેય પ્રાંત પંચાયતોનો, મંડળને વખતો વખત જોઇતી સગવડ અને સહાય આપી મંડળના કાર્ય પરત્વે સહાનુભૂતિ ધરાવવા બદલ પુસ્તકાલય ખાતાના વ્યવસ્થાપક મે: વાકનીસ સાહેબનો તથા મદદનીશ વ્યવસ્થાપક રા. રા. ઉમેદભાઇ સાહેબનો, શિક્ષણવર્ગમાં હાજરી આપવા પૂરતી શિક્ષકોની કામગીરી ગણવા માટે મંજુરી આપવા બદલ મે. રા. રા. રાજ્ય વિદ્યાધિકારી સાહેબનો, સભાસદ સંસ્થાઓના લવાજમ વસૂલ કરી આપવા બદલ પુસ્તકાલય સ. સ. મંડળ લિ૦ નો અને મંડળનો હિસાબ નો સરવાયું વગર ફ્રીએ ઑડિટ કરી આપવા બદલ રાજ્યમાન્ય એકાઉન્ટન્ટ્સ મેસર્સ આપાજી અમીન એન્ડ કૉ. નો - અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

વડોદરા, તા. ૩-૯-૪૩

શામભાઇ કા. પટેલ
માનદમંત્રી
વ. રા. પુ. મંડળ

પરિશિષ્ટ ૧ લું

સન ૧૯૪૨-૪૩ ના ઉત્પન્ન-ખર્ચનો હિસાબ

(તા. ૧-૮-૪૨ થી તા. ૩૧-૭-૪૩ સુધીનો)

જ		ઉ	
૧૭૮૫-૦-૦	સાર્વજનિક પુસ્તકાલયો તરફથી લવાજમ અને મદદના	૧૩૨૫-૧-૦	મહાલ તથા પ્રાંતમંડળોને ફાળવણીના
૧૨૦૦-૦-૦	સરકાર મદદના	૭૬૭-૦-૦	પ્રાંતમંડળોને પ્રાંતપ્રચારક ખાતે મદદના
૧૨૦૦-૦-૦	પ્રાંતપંચાયત મદદના	૭૬૨-૬-૦	સહમંત્રીનો પગાર તથા મુસાફરી ખર્ચ
૧૬-૮-૩	પરચુરણ ઉત્પન્ન	૬૬૮-૧૦-૬	રાજ્યપ્રચારકનો પગાર તથા મુસાફરી ખર્ચ
	મહેસાણા પ્રાંત પુ. મં.ને સન ૪૧-૪૨ માં વધુ મદદ અપાયેલી તે પરત જમા લીધી.	૪૭-૧૪-૦	શિક્ષણવર્ગનો ખર્ચ
૪૪-૧૫-૦	વ્યાજના	૭૭-૮-૯	શિ. વા.ની પરીક્ષાઓનાં ઇનામ તથા પુસ્તકખર્ચ
૪૨૪૬-૬-૩		૫૬-૮-૦	કંટીજંટ તથા પોસ્ટેજ ખર્ચ
		૮૧-૮-૦	છપામણી ખર્ચ
		૧૦-૪-૦	મંત્રીનો મુસાફરી તથા પોસ્ટેજ ખર્ચ
		૮૫-૮-૦	સ્ટાફના પ્રોવિડંટ ફંડ ખાતે
		૩૯૧૨-૫-૩	
		૩૩૪-૨-૦	સાલ આખર બચત રહી તે
		૪૨૪૬-૭-૩	

મુંબઇ, તા. ૬-૯-૧૯૪૩

અમે ઉપરનો ઉપજ-ખર્ચનો હિસાબ તપાસ્યો છે ને તે બરાબર છે.

(Sd) **Apaji Amin & Co.**
Registered Accountants
Auditors.

તા. ૩૧-૭-૪૩ આખરનું સરવાયું

જ		ઉ	
૬૫૪૮-૪-૭	ચાલુ ફંડ (રાજ્ય પુ. મં નું)	૧૫૯-૧૦-૯	પુસ્તકોના સ્ટૉક (વેચાણ બાદ જતાંનો ખર્ચ)
૬૨૧૪-૨-૭	સન ૪૧-૪૨ આખરનું	૧૧૧-૯-૯	બાલસાહિત્ય સર્વ સંગ્રહ ભા. ૧ લા ખાતે (સ્ટૉક નં.)
૪૩૪-૨-૦	સન ૪૨-૪૩ ની બચત.	૪૮-૧-૦	બાલસાહિત્ય સર્વ સંગ્રહ ભા. ૨ જા ખાતે (સ્ટૉક નં.)
૮૧૮-૨-૬	અનામત દેવા	૧૦૨૫-૫-૯	લહેણું:—
૧૫૫-૦-૦	શ્રી. સ. ગા. ટ્ર. ફંડના	૦-૧૯-૯	મહેસાણા પ્રાંત પુ. મં.
૧૩૫-૦-૦	સન ૪૧-૪૨ આખરના	૧૦૨૫-૧૧-૦	પુ. સ. સ મંડળ
૨૦-૦-૦	સન ૪૨-૪૩ માં આવ્યા	૬૧૮૧-૬-૯	રોકડ શિલક
૬૬-૧૦-૩	શ્રી. દત્ત સ્મારક ફંડના વ્યાજના	૧૩૭૧-૧૫-૬	બરોડા બેંકના ચાલુ ખાતામાં
૭૬-૧૦-૪	સન ૪૧-૪૨ આખરના	૪૭૦૭-૧૩-૯	બરોડા બેંકના સેવિંગ ખાતામાં
૨૦-૦-૦	સન ૪૨-૪૩ માં આવ્યા	૧૦૧-૯-૬	હાથ ઉપર શિલક
૧૦-૯-૦	કામરેજ-માગરોળ મહાલની શિ. વા. ની પરીક્ષા માટેના	૭૩૬૬-૭-૧	
૧૧૦-૧૦-૪	બાલસાહિત્ય સર્વ સંગ્રહ ભા ૨ જાની પૂરવણી ખાતે ખર્ચ જતાં વધુ આવ્યા તે		
૪૦-૫-૪	પાછળી સાલના		
૭૦-૫-૦	આ સાલના વેચાણના		
૩૦૭-૧૧-૦	સ્ટાફના પ્રોવિડંટ ફંડના		
૧૩૮-૩-૦	અમરેલી પ્રા. પુ મં.		
૮૧૮-૨-૬			
૭૩૬૬-૭-૧			

મુંબઇ, તા. ૧૬-૯-૧૯૪૩.

અમો વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળનું તા. ૩૧-૭-૪૩ નું ઉપર જણાવેલું સરવાયું તપાસ્યું છે ને તે બરાબર છે

(Sd). Apaji Amin & Co.
Registered Accountants

પરિશિષ્ટ ૨જું

આજીવન સભ્ય

૧ રાવબહાદુર ગોવિંદભાઇ હાથીભાઇ દેસાઇ

પ્રાંતવાર લવાજમ આપનાર પુસ્તકાલયોની સંખ્યા

	વડોદરા પ્રાંત		મહેસાણા પ્રાંત		નવસારી પ્રાંત		અમરેલી પ્રાંત	
	પુ. ની સંખ્યા	લવાજમ આપનાર	પુ ની સંખ્યા	લવાજમ આપનાર	પુ ની સંખ્યા	લવાજમ આપનાર	પુ. ની સંખ્યા	લવાજમ આપનાર
પ્રાંત પુસ્તકાલય	૧	૦	૧	૧	૧	૧	૧	૧
કસ્બા પુસ્તકાલય	૧૭	૧૬	૧૪	૧૪	૬	૬	૫	૫
ગ્રામ,મહિલા તથા બાલ પુ. કસ્બા તથા ગ્રામ વા.	૫૫૪	૪૬૦	૫૦૭	૪૫૩	૨૨૭	૧૭૩	૧૩૯	૧૧૪
	૫૭૨	૪૭૬	૫૨૨	૪૬૮	૨૩૪	૧૮૦	૧૪૫	૧૨૦

કુલ : ચારે પ્રાંતનાં પ્રાંત પુસ્તકાલય ૪, કસ્બા પુસ્તકાલય ૪૨, મહિલા પુસ્તકાલય ૨૧, બાલ પુસ્તકાલય ૧૩, ગ્રામ પુસ્તકાલય ૧૩૫૧, ગ્રામ વાચનાલય ૪૨, કસ્બા વાચનાલય ૨ મળી કુલ ૧૪૭૫ માંથી લવાજમ આપનારની કુલ સંખ્યા ૧૨૪૪.

પરિશિષ્ટ ૩જું

વ્યવસ્થાપક મંડળની યાદી

પ્રમુખ :

રાવબહાદુર શ્રી. ગોવિંદભાઇ હાથીભાઇ દેસાઇ

માનદમંત્રી :

શ્રી. રામભાઇ કાશીભાઇ પટેલ, વસો.

સભાસદો :

૧ રાજપ્રિય શ્રી. મોતીલાલ છોટાલાલ દેસાઇ, વડોદરા
૨ શ્રી. મગનભાઇ શંકરભાઇ પટેલ, વડોદરા
૩ શ્રી. નટવરલાલ ગીરધરલાલ શાહ, સિનોર
૪ શ્રી. ચીમનભાઇ હરીભાઇ અમીન, વરણામા
૫ શ્રી. જયવતીબેન ન. દેસાઇ, વડોદરા
૬ શ્રી. ચુનીલાલ પુરુષોતમદાસ શાહ, વડોદરા
૭ શ્રી હરિવલ્લભદાસ ચુ શાહ, પેટલાદ
૮ શ્રી. મહાસુખભાઇ ચુ. શેઠ, વિસનગર
૯ શ્રી. ચુનીલાલ મથનલાલ દેસાઇ, વડોદરા
૧૦ શ્રી. મણિલાલ મંગળજી કાશીવાળા, વાઘોડીઆ
૧૧ શ્રી. બાપુલાલ વિઠ્ઠલદાસ ગામી, કડી (સ્વર્ગવાસ)
૧૨ શ્રી. જેઠાભાઇ લાલદાસ પટેલ, મહેસાણા
૧૩ શ્રી. નાનજીભાઇ જેઠીદાસ પટેલ, ધીણોજ
૧૪ શ્રી. કાવસજી એદલજી ગણુદેવીઆ, ગણુદેવી
૧૫ શ્રી. કનૈયાલાલ જમનાદાસ મજમુદાર, નવસારી
૧૬ શ્રી. કસનજી દયાળજી દેસાઇ, નવસારી
૧૭ શ્રી. પ્રતાપરાય ગીરધરલાલ મહેતા, અમરેલી
૧૮ શ્રી. મોહનલાલ વીરજીભાઇ પટેલ ,,
૧૯ શ્રી. કલ્યાણરાય નથ્થુભાઇ જોશી, દ્વારકા

પરિશિષ્ટ ૪ થું

પ્રાંત તથા માનદ પ્રચારકોએ કરેલી પુસ્તકાલય તપાસણી

નામ	કયા પ્રાંત વ મહાલના પ્રચારક	તપાસણીની સંખ્યા
૧ શ્રી છગનભાઇ મથુરભાઇ પટેલ	વડોદરા–નવસારી પ્રાંત	૧૨૬+૮૭
૨ શ્રી ભાઇશંકર ટીડાભાઇ ઠાકર	મહેસાણા–અમરેલી પ્રાંત	૧૬૮+૬૭
૩ શ્રી છોટાભાઇ રાયજીભાઇ પટેલ	વડોદરા મહાલ માનદ	૧૪
૪ શ્રી લલ્લુભાઇ રા. પટેલ	,, ,,	૪
૫ શ્રી શનાભાઇ લલ્લુભાઇ પટેલ	,, ,,	૮
૬ શ્રી સોમાભાઇ ગરબડભાઇ	સાવલી મહાલ ,,	૧૨
૭ શ્રી છગનભાઇ સોમેશ્વર જોશી	,, ,,	૫
૮ શ્રી ચતુરભાઇ નારણભાઇ પટેલ	પાદરા મહાલ ,,	૫
૯ શ્રી હરિવલ્લભ બાલાશંકર વૈદ્ય	શિનોર મહાલ ,,	૭
૧૦ શ્રી નાનજીભાઇ જેઠીદાસ પટેલ	ચાણસ્મા મહાલ ,,	૮
૧૧ શ્રી જોરાભાઇ લાલદાસ પટેલ	,, ,,	૮
૧૨ શ્રી કરણાશંકર મો. વ્યાસ	,, ,,	૫
૧૩ શ્રી ઉમિયાશંકર લ. દવે	વિસનગર મહાલ ,,	૧૧
૧૪ શ્રી ડાહ્યાલાલ અં. ભટ્ટભટ્ટ	કલોલ મહાલ ,,	૪
૧૫ શ્રી રમેશ ઉ. મજમુદાર	દામનગર મહાલ ,,	૬
૧૬ શ્રી નંદલાલ પુ. ત્રિવેદી	,, ,,	૪
૧૭ શ્રી ભગવાનજી રાઘવજી	કોડીનાર મહાલ ,,	૪
૧૮ શ્રી ધરમશી ભીમજી	ઓખામંડળ મહાલ માનદ	૪
૧૯ શ્રી વિધાભા ગગાભા માણેક	,, ,	૪
		૫૫૫
	અન્યપ્રચારક	૮૫
	કુલ	૬૪૦

૧. ઘરની રાણી—ભા. ૧–૫. લેખકઃ શ્રી. કુંગરસી ધરમસી સંપટ; પ્રકાશકઃ એન. એમ. હકરની કું. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨; ક્રાઉન કદનાં પૃષ્ઠ ૪૦૮ + ૧૬૨, છોંટનું પાકું પૂઠું, ત્રિરંગી બે બાજુ શ્રી. કનુ દેસાઈ અને શ્રી. ભદ્રા દેસાઇ ચિત્રિત ચિત્રોથી સુશોભિત કવર બોકસ સહિત, મૂલ્ય રૂા. ૬–૧૨–૦. ૧૯૪૩

" સંસ્કારલક્ષ્મી " પુસ્તકના સર્જક શ્રી. કુંગરસીભાઇનું એ જ પ્રકારનું આ બીજું સર્જન પ્રકાશકે, આંતરબાહ્ય રૂપરંગની નવીન સજાવટ સાથે અને દોઢસો ઉપરાંત ચિત્રોવાળું પ્રકટ કર્યું છે.

એનો પહેલો તથા બીજો ભાગ બે રંગોમાં છપાયેલો હોઇને તેમાં સ્ત્રીજીવનની વિવિધ અવસ્થાઓના દિગ્દર્શન-ભાવનાથી લક્ષ્મને એના શરીરસ્વાથ્ય અને શૃંગારકલાની વિવિધ રીતભાતો આપી છે; જ્યારે ૩–૪–૫ ભાગોમાં લેખકે, આપણા જૂના જમાનાથી માંડીને આજના નવા યુગની આદર્શ નારીનો વિવિધ દૃષ્ટાંતો વડે સુંદર પરિચય આપ્યો છે.

ગમે તેવા સ્થિતિસંજોગો વચ્ચે રહીને સ્ત્રી પોતાના ઘરની રાણી કેવી રીતે થઇ–રહી શકે તેનાં સચોટ અને પ્રેરણાપ્રદ દૃષ્ટાંતો લેખકે આ કથોપકથનો દ્વારા આપ્યાં છે.

આજના સ્ત્રીઓની ઉન્નતિ અર્થે સેવાતા કેટલાક અવળા માર્ગોને બદલે આપણી આર્ય સ્ત્રીની ભાવના સ્ત્રીધર્મમાં પ્રેરવી હોય તો આ ગ્રંથના બે ભાગો ગામડાંની બહેનો સમક્ષ રજૂ કરાવા જોઇએ.

ચાર ભાગની કેટલીક શૃંગારકલાઓ આપણાં ગામડાંની બહેનોને પણ લોભાવે તેવી છે; જો પોતાના સ્થિતિસંજોગ પ્રમાણે તેને તેઓ અપનાવે તો ઇચ્છવા યોગ્ય થઇ પડે.

પુસ્તકાલયો સુખેથી વસાવે.

૨. ગાંધીજીને જગવંદના—સંપાદક : ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્; અનુવાદક : શ્રી. ચંદ્રશંકર પ્રાણશંકર શુકલ; પ્રાપ્તિસ્થાન : ઉપર પ્રમાણે. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૧૯૬ + ૮, ગાંધીજીની પ્રેરણાપ્રદ બે તસ્વીરો સહિત. કવર આચ્છાદન સહિત પાકું પૂઠું, મૂલ્ય રૂા. ૨–૧૨–૦. ૧૯૪૩

ગાંધીજીની ૭૫ મી જન્મજયંતિ પ્રસંગે–રત્નજયંતિ પ્રસંગે–આ પુસ્તક પ્રકટ કરવામાં આવ્યું છે. એમાં દેશવિદેશની નામાંકિત વ્યક્તિઓએ ગાંધીજીને અર્પેલી વિવિધ પ્રકારની ભવ્ય અને ભાવભીની અંજલિઓનો સુરેખ સંગ્રહ છે. મૂળ અંગ્રેજીને આપણી ભાષામાં ઉતારવામાં એના અનુવાદક શ્રી. ચંદ્રશંકર શુકલે સરસ ન્યાય આપ્યો છે. એમની આ અનુવાદકલાથી " હરિજનબંધુ "નો હરકોઇ વાચક ભાગ્યે જ અજાણ હશે.

ગાંધીજીને જગતના મહાપુરુષોએ આપેલી આ અંજલિઓની પ્રેરણા પોતાનાં વાચકોને આપવા આ પુસ્તક દરેક પુસ્તકાલય વસાવી લે.

૩. **દ્વિરેફની વાતો**—ભાગ ૧ લો; (આવૃત્તિ ચોથી) લેખક : શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠક; પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રોડ, અમદાવાદ. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૧૭૬+૩૮, સચિત્ર કવર આચ્છાદન સહિત પાકું પૂઠું, મૂલ્ય રૂા. અઢી. ૧૯૪૩

શ્રી. પાઠકે અવારનવાર જુદાં જુદાં સામયિકોમાં જુદે જુદે વખતે લખેલી ૧૩ ટૂંકી વાર્તાઓનો આ સંગ્રહ છે. શ્રી. પાઠકની વાર્તાકલા વિષે તેમ જ ચોથી આવૃત્તિ પામતા આ પુસ્તક સંબંધે આજે હવે કંઈ પણ કહેવું અસ્થાને જ છે. આ પુસ્તકની ચોથી આવૃત્તિ એ એની વાચનપ્રિયતાના પુરાવા માટે પૂરતું છે.

જે પુસ્તકાલયોએ હજી પણ ન વસાવ્યું હોય અથવા જેમને ત્યાં એ પુસ્તક જીર્ણાવસ્થાને પામ્યું હોય તેઓ સત્વર પોતાને ત્યાં વસાવી લે.

૪. **વડોદરા**—લેખકઃ શ્રી. ચંદ્રશંકર મણિશંકર ભટ્ટ; પ્રકાશકઃ અંબાલાલ વિઠ્ઠલભાઈ ઠક્કર, લુહાણા મિત્ર પ્રિં. પ્રેસ, વડોદરા. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૧૧૬+૮, બોર્ડપટ્ટીનું સચિત્ર પૂઠું, મૂલ્ય ૦–૮–૦

શ્રી સયાજી બાલજ્ઞાનમાળા દ્વારા આ પુસ્તક પ્રસિદ્ધ થયું છે. એમાં બાલભોગ્ય શૈલીએ જાણીતા મોન્ટેસોરી શિક્ષક શ્રી. ચંદ્રશંકર ભટ્ટે હિંદનાં મોટાં અને જાણવાજોગ શહેરોમાંના જાણવાજોગ ઐતિહાસિક શહેર વડોદરાની પ્રાચીન તેમ જ અર્વાચીન–અદ્યતન ઐતિહાસિક વિશેષતાઓ બાળકોને વડોદરાનો પરિચય આપવા રજૂ કરી છે. આ પુસ્તક બાળકોને વડોદરાનો સરસ ખ્યાલ આપે તેવી રીતે રજૂ થયું છે.

દરેક પુસ્તકાલય પોતાને ત્યાં આવતાં બાલવાચકો માટે આ પુસ્તક અવશ્ય વસાવી લે.

૫. **સૂરત**—ભા. ૧–૨, લેખકઃ મંગેશરાવ જનાર્દન પાઠકજી, પ્રકાશક, કદ, પૃષ્ઠાં તથા મૂલ્ય ઉપર પ્રમાણે.

ઉપલા પુસ્તકની માફક જ આ પુસ્તકમાં સૂરતને લગતું વર્ણન છે. આપણાં ઐતિહાસિક શહેરોનો આવો વાર્તારૂપ પરિચય બાળકોને આપવાની જે નીતિ સયાજી બાલજ્ઞાનમાળાના સંચાલકોએ રાખી છે તે ખરે જ સ્તુત્ય છે. આવા વાચનથી બાળકોને વાર્તારૂપે તે તે શહેરના ઐતિહાસિક, ભૌગોલિક તેમ જ જાણવાજોગ અન્ય હકીકતોને લગતી માહિતી મળે છે અને તેમના જ્ઞાનમાં સારી વૃદ્ધિ થાય છે.

૬. **ઇતિહાસની રૂપરેખા**—લેખકઃ શ્રી. અનંતરાય પ્રભાશંકર પટણી; ક્રાઉન આઠ પેજી કદનાં પૃષ્ઠ ૧૪૦+૧૬, બોર્ડપટ્ટીનું દ્વિરંગી સચિત્ર પૂઠું, મૂલ્ય રૂા. દોઢ.

મૂળ અંગ્રેજીમાં જાણીતા અંગ્રેજ લેખક એચ જી. વેલ્સે લખેલ "**Outline of History**"નાં શરૂઆતનાં પ્રકરણો પરથી લેખકે આ પુસ્તક તૈયાર કરી પ્રસિદ્ધ કર્યું છે. એમાં માનવની આદિઉત્પત્તિથી એનામાં થયેલા ઉત્તરોત્તર ક્રમિક ફેરફારો–પરિવર્તનોનો પરિચય આપ્યો છે. માનવના આદિમૂળની શોધખોળમાં વૈજ્ઞાનિક રસ ધરાવનારાઓને એમાંથી ઘણાં જાણવાજોગ મળી આવશે.

લેખકે પુસ્તકમાં, પૃથ્વીનો આરંભ થયા પછી તેમાં જીવની ઉત્પત્તિ, તથા ક્રમેક્રમે વનસ્પતિ તેમ જ જનવરોનો વિકાસ કેમ થયો, તેમાં માનવજાતિનું સ્થાન શું હતું અને જુદીજુદી ભાષાઓ બંધાઈ તે કાળ સુધી જે જે ફેરફારો થતા ગયા તેને લગતી માહિતી આ પુસ્તકમાં સરળ ભાષામાં રજૂ કરી છે; જે એના અભ્યાસીઓને ઠીક ઉપયોગી થઈ પડશે.

આવો વૈજ્ઞાનિક ગ્રંથ તૈયાર કરવા માટે લેખકને અભિનંદન. કરસા પુસ્તકાલયો સુખે વસાવે. **મ. પ્ર. વ્યાસ**

૭. **Gandhi is India**—" ગાંધીજી એ હિંદ છે " આ નામનું પુસ્તક **V. V. M.** નામના ભાઇએ સંપાદન કરી પ્રસિદ્ધ કર્યું છે. પુસ્તકમાં સર રાધાકૃષ્ણન્, કમળાદેવી ચટોપાધ્યાય, ગુરુદેવ ટાગોર, ફરાકા તેમજ અન્યર દેશવિદેશના આગેવાન લેખકોના ગાંધીજીને લગતા લેખો આપ્યા છે. ઉતારા સરસ છે. એમાં રોમા રોલાંનાં પણ સરસ અવતરણો છે. પુસ્તક ઘરમાં વસાવી જરૂર પડે ઉપયોગી થઈ પડે તેવું છે.

૮. **રાધેશ્યામ**—લેખક : રસિકલાલ જોશી, પ્રકાશક : આર. આર. શેઠની કું. મુંબઇ, કાઉન કદનાં પૃષ્ઠ ૬૮૬+૮, કવર આચ્છાદન સહિત પાકું પૂઠું, મૂલ્ય રૂા. ચાર.

આ નવલકથામાં રજૂ કરાયેલી વાર્તાનો ટૂંક સાર આ પ્રમાણે છે:

દેશી રાજ્યને લગતી વાર્તાને આ પુસ્તકમાં વણી લેવામાં આવી હોઇને એમાં દેશી રાજ્યના રાજકીય જીવનની ચર્ચા છે. દેશી રાજ્યમાં પ્રજામંડળ જે રીતે કામ કરે છે તેવું અહીંઆં પણ છે. પ્રજાનાં દુઃખો જણાવવાં, અને સરકાર એ રીતે જે કાંઈ સાંભળે અને કામ કરે તેટલું જ કામ કરવું એ પ્રમાણેની તેની પ્રણાલિકા હતી. રાધેશ્યામ એમાં જોડાય છે અને નવાં આંદોલનો જગાડે છે. રાજ્ય પાસે માગણીઓ કરે છે અને જો તે રાજ્ય મંજૂર ન કરે તો સત્યાગ્રહ શરૂ કરવાનું જણાવે છે. યુવાનો રાધેશ્યામના પક્ષે છે. અને સરકાર તે માગણીઓ મંજૂર કરે છે. આ રીતે દેશી રાજ્યની રાજકીય બાબતમાં ઉદ્દામવાદ અને ઉદારમતવાદ (મોડરેટ પક્ષ) ની વચ્ચેનું ઘર્ષણ અને સાધારણ જનતાનું ઉદ્દામ મતવાદ તરફ આકર્ષણ સ્પષ્ટ દેખાય છે. રાધેશ્યામ પ્રજામાં પ્રિય થઇ પડે છે પણ તેના માર્ગમાં એક અડચણ ઊભી થાય છે.

આખા પુસ્તકનું આ મુખ્ય વસ્તુ છે. રાધેશ્યામ ગરીબ છે. સારી રીતે નિર્વાહ કરી શકે તેવી તેની સ્થિતિ નથી અને છતાં રાજકીય જીવનમાં આખો વખત ગુંથાયેલો રહે છે, પૈસાની તંગી તેને ખૂબ અકળાવે છે. ઘરમાં માતાનાં મહેણાં અને પત્નીનાં રીસામણાં છેવટે એક પછી એક ઘરેણાં વેચે છે અને તેમ છતાં જીવન ક્રમ પૂરું કરવું તે સમજાતું નથી. છેવટે મિત્રના પૈસા ઉપર હાથ ઉપાડવા જાય છે અને તેને ભાન આવે છે. પોતે જે પતન પામવાની તૈયારી કરતો હતો તેમાંથી બચ્યો તે માટે પ્રભુનો આભાર માને છે. અને પોતે પહેલાં જણાવેલું " પૈસાનો વિચાર કરીને જાહેર જીવનમાં પ્રવેશતાં અટકી જવું એ કાયરતા છે " તે ખોટું છે એમ તે માને છે અને એમ માનતો થાય છે કે " આર્થિક તંગી વચ્ચે જાહેર જીવનમાં પ્રવેશવું એ નરી મૂર્ખતા છે " એમ માનીને ધંધો સ્વીકારે છે

અને ઘરને જરૂરી રકમ ભેગી કર્યા પછી ૧૯૪૦ ના સત્યાગ્રહમાં પોતાનું નામ આપે છે અને પ્રજાની પ્રતિષ્ઠા મેળવે છે.

વાત ટૂંકી હોઇને એમાં ખાસ કાંઇ વિશિષ્ટ રચના નથી છતાં રાધેશ્યામના જીવનમાં ડોકિયું કરવાનું દરેકને મન થાય તેવું છે. લેખકે આજનો મહત્ત્વનો પ્રશ્ન આર્થિક તંગી વચ્ચે જાહેર જીવનમાં પ્રવેશવું કે કેમ તે વિષય ઉપર ઠીક પ્રકાશ પાડ્યો છે. એ પ્રશ્ન જાહેર જીવનમાં પડેલાઓને ખૂબ મૂંઝવે છે એ વાત તદ્દન સત્ય છે. અને ખૂબ કમાયા પછી જાહેર જીવનમાં પડનારાઓ વૃદ્ધ ઉંમરના હોય છે; પરિણામે નવું લોહી જાહેર જીવનમાં પ્રવેશતું નથી.

મારા મત પ્રમાણે તો જાહેર જીવનને નિર્ભેળ સ્વચ્છ અને વિકસિત કરવું હોય તો પ્રજાએ કાર્યકર્તાઓને પોષવા જોઇએ. અને જેમ સરકાર પોતાના નોકરોનું પોષણ કરે છે અને તે નોકરોની પ્રતિષ્ઠા વધારે છે તેવી જ રીતે પ્રજાના કાર્યકર્તાઓની પ્રતિષ્ઠા વધારવામાં આવે અને તેમના જીવનના પોષણની પંચાત કરવાની તેમને ન હોય તો જ જાહેર જીવન સુધરશે–નિર્ભેળ બનશે.'

૯. પરબનાં પાણી—લેખકઃ શ્રી. મુરલી ઠાકુર; પ્રકાશકઃ આર. આર. શેઠની કું. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ. મૂલ્ય રૂા. ૨–૮–૦.

લેખકે લખેલી ટૂંકી વાર્તાઓનો આ સંગ્રહ છે. એમાં " ગં. સ્વ. ગંગાબેન " " સાચું દીલ " " ઝરખેથી " " મેનડી " " વહુની બંગડી " વગેરે વાર્તાઓ સંગ્રહાયેલી છે. વાર્તાઓની ગૂંથણી ઠીક ઠીક રસમય છે. એમાં આપણી મનોદશા (Mental Psyobology)નું સરસ પ્રતિબિંબ જોવા મળે છે. વાર્તાઓ અવકાશે વાંચી જવા જેવી છે.

ચુ. પુ. શાહ

૧૦. અનાજનો સવાલ—લે. શ્રીનિવાસ સરદેસાઈ, તાન્યા–લે. સુભદ્રા ગાંધી, સાચી દેશાભિમાની નીતિ—સત્તાવાર કમ્યુનિસ્ટ પાર્ટીનાં લખાણો, સોવીએટ શકિત–પ્રકાશકઃ લોકપ્રકાશન ગૃહ, મુંબઇ. આ ચાર પુસ્તિકાઓ સામ્યવાદી પક્ષ તરફથી પ્રસિદ્ધ થઇ છે. "તાન્યા"ની વાત વાંચીએ છીએ ત્યારે જ્યાં સ્વરાજ્ય છે અથવા જ્યાં સરકાર અને પ્રજા એક જ છે અને દેશના સંરક્ષણનો પ્રસંગ આવીને ઊભો રહેતાં એક કન્યા–૧૫–૧૭ વર્ષની કૂટડી કન્યા શું શું કરે છે, કેટકેટલું સહન કરે છે તે આપણે જોઇ શકીએ છીએ. તેથી જે દુઃખ અને ત્રાસ વેઠે છે તે વાંચતાં આપણા મુખમાંથી શાબાશીના ઉદ્‌ગારો નીકળી જાય છે અને આપણને લાગે છે કે જો આપણે ત્યાં પણ તેવું જ સ્વરાજ હોત તો આપણે અથવા આપણામાંથી ઘણા ભાઇઓ અને બહેનોને ભોગ આપવા કે દુઃખ વેઠવામાં પાછા ન પડત, ત્યારે આ વાંચીને આપણે ત્યાં એ નથી એવો એક નિસાસો નાખી દેવાય છે.

સોવીએટ શકિત—એ તો સ્વરાજ મળે ત્યારે કેટલું થઈ શકે તે બતાવતી અને આપણી આંખને ઉઘાડી નાખે તેવા કાર્યક્રમ અને સંતોષકારક પ્રગતિનું પ્રેરક છે.

" અનાજનો સવાલ " તો આજે જૂનો બની ગયો છે. બંગાળ સરકાર અને

મધ્યસ્થ સરકારે આ પ્રશ્નનો નિકાલ કરવા પ્રયત્નો કર્યા છે અને આજે જ્યારે કૂડ કમિટિએ જે લંબાણપૂર્વક જણાવ્યું છે તે જોતા જ્યા સુધી હિંદુસ્તાનમાથી અંગ્રેજ નિકાસ નહિ કરવાનો, અને સ્વરાજ્યની સ્થાપના નહિ થાય ત્યા સુધી આ પ્રશ્નનો નિકાલ એ તો આભ ફાટયા પર થીંગડું દેવા જેવું છે. સરકાર સહકાર માગતી જણાતી નથી અને તેથી આ પ્રશ્ન મૂળ ગૂચવાયેલો પડયો છે. બંગાળનો જ વિચાર સામ્યવાદી ભાઇઓ ઘણા વખતથી કરવા છતાં આજે પ્રજાજનોના સંપૂર્ણ સહકાર—દાન છતા કલકત્તાની શેરીઓમા અને ફૂટપાથ ઉપર મરણ પામતા બાળકો અને શેરીઓના કુતરાઓ આપણી નજર આગળ દેખાયા કરે છે.

સાચી દેશાભિમાની નીતિ : આમા સામ્યવાદી પક્ષ આજે શુ કરવા માગે છે તે સંબંધેના લેખો છે. સરકારની નીતિને તે વખોડે છે. કોંગ્રેસના આગેવાનોને છોડાવવા તે મથે છે, કોંગ્રેસ અને મુસ્લીમ લીગ વચ્ચે નિકાલ થવો જોઇએ એમ તે કહે છે પણ આમા શો મતભેદ છે તે સમજાતું નથી. ભાગફોડની નીતિ કમ્યુનીસ્ટ પાર્ટીને પહેલા ગમતી હતી તેઓ જ્યારે રૂશીઆના વીરો અને વીરાગનાનાં વખાણો કરે છે ત્યારે લાગે છે જો તે ની નીતિ તરીકે વિરોધ હોય તો તે કોંગ્રેસમાં માનનારાઓનો કે જેઓ અહિંસાને ધર્મ તરીકે માને છે કોઇ પણ પક્ષની કિંમત તેના ઉપર અકાય છે કે તેની પાસે રાજકીય મડાગાઠના ઉકેલ માટે કોઇ રસ્તો છે કે કેમ. હિંદુમુસ્લીમ ઐકયને અપનાવી કોંગ્રેસ મુસ્લીમ લીગ વચ્ચેનો નિકાલ તો સૌ કોઇ માગી રહ્યું હતુ અને મહાત્મા ગાધીજી, પંડિત જવાહરલાલ નેહરૂ તથા મૌલાના આઝાદ જીણા સાહેબના બગલે ગયા હતા. વળી મહાત્મા ગાધીજીમાં હિંદુમુસ્લીમ ઐકય માટે પ્રાણ અર્પણ કરવા તૈયાર થયેના એટલુ જ નહિ પણ મુસ્લીમ ભાઇઓને ખોટું ન લાગે તે માટે હિંદુઓનો ઉકળાટ સહન કરીને તથા આવી વધુમતીવાળાએ રીતસર થતુ હોય તેના કરતા વધારે આપવાનુ જાહેર કર્યા છતા કાઇ થઇ શકયું નથી, એટલુ જ નહિ પણ તા. ૮મી ઑગસ્ટના ભાષણમા સમાધાન કરવા ની તત્પરતા દેખાઇ આવતી હતી છતા સરકાર ગાધીજીને છોડવા માગતી નથી એટલુ જ નહિ પણ કોઇને મળવા દેતી નથી અથવા પત્રવહેવાર પણ કરવા દેતી નથી. આ સ્થિતિમા શું કરવું જોઇએ તે આમા સ્પષ્ટતાથી સરકારને તમે કહો કે મિ. જીણાને પણ તમે કહો છતા તેઓ તો તમારી વાતને માનતા હોય અને આઝાદીની જરૂરીયાત આજે જનપાન સાથે સારી રીતે લડી લેવાને માટે જરૂરી લાગતુ હોય તો શું કરવુ તે આમા સ્પષ્ટ સમજાતુ નથી. છતા ઘણી ફકીકતો સ્પષ્ટ કહેવાને માટે અને સાદી છતા જોરદાર ભાષા વાપરી રાજકીય પ્રશ્નો આમજનતાના બનાવવા પ્રયત્ન કરી રહ્યા છે તે તરફ આપણે દુર્લક્ષ દાખવવું ન જોઇએ. "અઠયાસી"

૧૧. જમા અને ઉધારની કળા—લેખક અને પ્રકાશક શ્રી. નેમચંદ મોહનલાલ શાહ અને શ્રી મોહનલાલ શંકરલાલ શાહ. શિક્ષકો, કે. ઇ. ઓ. જૈન પાઠશાળા, મુબાઇ, ક્રાઉન ૧૬ પેજી કદનાં પૃ. ૧૧૨; સાદુ પૂઠું, મૂલ્ય રૂ ૧-૪-૦.

ગુજરાતી ભાષામાં "નામા"ના પુસ્તકો જૂજ પ્રસિદ્ધ થયેલા છે અને તેમા યે વળી શાળાઓમાં પાઠયપુસ્તક તરીકે ઉપયોગમાં લઇ શકાય તેવા પુસ્તકની તો ખોટ જ હતી.

"જમાઉધારની કળા"એ એ ખોટ કેટલેક અંશે પૂરી પાડી છે. ભાષા સરળ અને સાદી છે. આપણી માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ સમજી શકે તેવી રીતે ટૂંકમાં મુદ્દાસર ઘણી બાબતોની છણાવટ લેખકોએ કરી છે. દેશી નામાની પદ્ધતિ તેમ જ અંગ્રેજી નામાની પદ્ધતિ જુદી જુદી રીતે ટૂંકમાં સમજાવી લેખકોએ બંનેની મિશ્રિત પદ્ધતિના ફાયદા સમજાવ્યા છે. વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવી રીતે દરેક પ્રકરણ પાછળ પ્રશ્નો મૂકી પુસ્તકને વિશેષ ઉપયોગી બનાવ્યું છે.

આ પુસ્તક વિદ્યાર્થીઓને તેમ જ શિક્ષકોને ઘણું માર્ગદર્શક અને ઉપયોગી થશે. વેપારી પેઢીઓમાં કામ કરવાની ઉમેદ રાખતા યુવકોએ પણ તે જોઈ જવા જેવું છે.

વા. ના. અમીન

૧૨. ઊઘડતી આંખ:—લેખક: ગજેન્દ્રશંકર લા. પંડ્યા; પ્રકાશક: યુગાન્તર કાર્યાલય, ગોપીપુરા, સુરત; ઇ. સ. ૧૯૪૩, ૧ લી આવૃત્તિ, ક્રાઉન ૧૬ પેજી પૃ. ૪+૨૯૦; પૂઠું કાર્ડ બોર્ડ પટ્ટીનું; કિં. રૂ. ૩–૮–૦.

જૂના અને નવા મતવાદી માનવસંસાર વચ્ચેનાં સંઘર્ષણોનો ખ્યાલ આપી બન્ને મતપ્રવાહોનો સમન્વય સાધવા પૂરતી આંખ ઉઘાડી રાખીને ચાલવામાં જ સામાજિક સુખ રહેલું છે, એવું આ નવલકથા પ્રબોધે છે. બંસી અને મધુકાન્તા નામના સાહસ-શોખીન બે કૉલેજમિત્રો સંતલસ કરીને કોઈને પણ કહ્યા કારવ્યા વગર કલકત્તા ઉપડી જાય છે અને દેશોદ્ધર ફિલ્મ કંપની નામની એક સંસ્કારી ફિલ્મ કંપનીમાં માસ્ટર પ્રભાત અને ઉષાદેવી નામે નટનટી તરીકે જોડાય છે અને દેશભરમાં પંકાય છે. કલકત્તાના વસવાટ દરમિયાન બંસી ગધુને ચાહવા માંડે છે અને મધુ એ જ ફિલ્મ કંપનીના એમ. એ. થયેલા એક સુસંસ્કારી કલાકાર નટ નામે શ્યામસુંદરને ચાહવા લાગે છે. ફિલ્મ કંપનીના માલિક બંકિમ શેઠની પુત્રી ચિત્રાનું દિલ પણ બંસી પર ઠરે છે. અને મધુએ બંસીની પત્ની પર વેર લેવાની ધસીને ના પાડવાથી એના દિલ પર જબરો આઘાત પહોંચી તે બેભાન બની જઈ બિછાનાવશ બને છે ત્યારે ચિત્રા મમતાભરી સારવારથી આખરે તેનું દિલ જીતી લે છે ને માતાપિતાની સંમતિપૂર્વક બન્ને પરણી જવાનું ઠરાવે છે. આ ઠરવાને બંસીનાં માતપિતાની પણ સમ્મતિ મળે છે અને એ રીતે વર્ણાંતર તેમ જ આંતરપ્રાંતીય લગ્ન સંબંધ બાંધવાનો આદર્શ નવલકથાકાર સંસ્કારી શૈલિમાં રજૂ કરે છે.

જૂના તેમ જ નવા મતવાદીઓને આ નવલકથામાં રજૂ કરાયલા આદર્શો, એક યા બીજી દૃષ્ટિએ ન રૂચે એ બનવાજોગ છે. છતાં જાણવા અને વિચારવા જેવી અનેક વિવિધ સામગ્રી આ નવલકથામાં સરસ રીતે ગુંથાયલી હોવાથી નવલકથા હરકોઇએ વાંચી જવા જેવી છે.

ના.

સામયિકો

ગુણસુન્દરી : વર્ષા સ્મારકઅંક—ખાસ સંપાદક; શ્રી. યજ્ઞેશ શુકલ; પ્રકાશક: લુહાણામિત્ર પ્રિં. પ્રેસ, વડોદરા.

ગુણસુન્દરી માસિકનો જુલાઈ–ઑગસ્ટ–સપ્ટેમ્બર માસનો અંક ખાસ વર્ષા સ્મારક અંક.

તરીકે પ્રકટ થયો છે. સ્વ. વર્માએ એ માસિકના સ્થાપક હતા. તેમણે એ છોડને રોપી ઉછેરીને પુષ્પોદ્યાન બનાવી તેના હાલના પ્રકાશકને જાહેર જનતાને અર્થે સુપ્રત કર્યો હતો. એ માસિકના સ્થાપકના અવસાનકાળે એના પ્રકાશકે આ ખાસ અંક પ્રકટ કરી તેના પ્રત્યેનું પોતાનું ઋણ અદા કરવા પ્રયત્ન કર્યો છે.

આ ખાસ અંકમાં સ્વ. વર્માભાઇના મિત્રો-પરિચિતો તેમ જ તેમના જાહેર જીવનમાં સંપર્કમાં આવેલાઓએ તેમને અંજલિ અર્પી છે; ઉપરાંત એના સાહિત્યવિભાગમાં વિવિધ રસપ્રદ વાચનવાનીઓ પણ આપવામાં આવી છે. એટલે જેટલે દરજ્જે આ ખાસ અંક સ્વ. વર્માના સ્મારક ચિહ્નરૂપ છે તેટલે જ દરજ્જે એ ચિરવાચનયુક્ત સાહિત્યનો રસથાળ પણ બન્યો છે.

આવો અંક પ્રકટ કરવા માટે સંપાદક-પ્રકાશકને ધન્યવાદ ઘટે છે.

વિ. સં. ૨૦૦૦ નું શુદ્ધ કાર્તિકી પંચાંગ—પ્રકાશકઃ સસ્તુ સાહિત્ય વ. કાર્યાલય, ભદ્ર, અમદાવાદ. પપ૬ ના કદમાં, મૂલ્ય ૦-૬-૦.

આ સંસ્થાએ જ્યોતિષવિષયક પંચાંગ પણ પ્રકટ કરવાની પ્રવૃત્તિ હાથ ધરાઇ છે. જ્યોતિષને એમાં લગતી ઘણી જાણવાજોગ હકીકતો અપાઇ હોઇ સંસ્થાનાં હાલ મળતાં પુસ્તકોનું સૂચિપત્ર પણ અપાયું છે. ઘર આગળ પંચાંગ રાખવા ઇચ્છનાર માટે આ પંચાંગ ઓછા મૂલ્યે વધુ માહિતીભર્યું હોઇ લાભ લેવા જેવું છે.

માસિકો મળ્યા તારીખ

ઊર્મિ અને નવરચના	ઑગસ્ટ	૧૬- ૯-૪૩	
કિશોર	જુલાઇ-ઑગસ્ટ	૧૧- ૮-૪૩	
કુમાર	જુન	૭- ૯-૪૩	
ખેતીવાડી વિજ્ઞાન	ઑક્ટોબર	૨-૧૦-૪૩	
ગાંડીવ	ઑક્ટોબર	૧-૧૦-૪૩	
ગુણસુન્દરી	જુન-જુલાઇ-ઑગસ્ટ	૮- ૯-૪૩	
ગ્રામજીવન	ઑક્ટોબર	૧-૧૦-૪૩	
ઘરશાળા	સપ્ટેમ્બર	૧૫- ૯-૪૩	
ચિત્રમય જગત	ઑક્ટોબર	૪-૧૦-૪૩	
નવચેતન	ઑક્ટોબર	૫-૧૦-૪૩	
પાટીદાર	આસો	૨૬- ૯-૪૩	
પ્રસ્થાન	ભાદ્રપદ-આસો	૨-૧૦-૪૩	
બાલજીવન	ઑક્ટોબર	૯-૧૦-૪૩	
બાલમિત્ર	ઑક્ટોબર	૩-૧૦-૪૩	
બાલસખા	ઑક્ટોબર	૧-૧૦-૪૩	
બાળક	ઑક્ટોબર	૨-૧૦-૪૩	
બુદ્ધિપ્રકાશ	એપ્રિલ-જુન	૨૩- ૭-૪૩	
માનસી	જુન	૮- ૭-૪૩	
રેખા	ઑગસ્ટ	૨૯- ૭-૪૩	
વ્યાયામ	સપ્ટેમ્બર	૨૧- ૯-૪૩	
વૈદ્યકલ્પતરુ	સપ્ટેમ્બર	૭- ૯-૪૩	
શારદા	સપ્ટેમ્બર	૧૫- ૯-૪૩	
શિક્ષણપત્રિકા	ભાદ્રપદ	૨૬- ૯-૪૩	
સ્ત્રીજીવન	ઑક્ટોબર	૧-૧૦-૪૩	
સ્ત્રીબોધ	ઑક્ટોબર	૫-૧૦-૪૩	

કિતાબઘર રાજકોટનાં પુસ્તકો

૧. અપર્ણા—મૂળલેખકઃ શ્રી. નારાયણભાણુ, અનુ. શ્રી. મૃદુલ; મૂલ્ય રૂા. ૩–૦–૦.

૨. બકુરાણી—લેખક તથા અનુવાદક ઉપર પ્રમાણે; મૂલ્ય રૂા. ૨–૮–૦.

૩. ગુરુસ્વામી—લેખકઃ " જોગવ " મૂલ્ય રૂા. ૨–૦–૦.

શિષ્ટ સાહિત્ય ભંડાર–મોટા આંકડીઆનાં પુસ્તકો

૪. ચિરંતન નારી—લેખકઃ શ્રી. સિયારામશરણ ગુપ્ત. મૂલ્ય રૂા. ૧–૧૪–૦.

૫. આહાર અને આરોગ્ય—લેખકઃ શ્રી. જટાશંકર નાન્દી; મૂલ્ય રૂા. ૧–૬–૦

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય–અમદાવાદનાં પુસ્તકો

૬. ફ્રિરેફની વાતો—(ચોથી આવૃત્તિ) લેખકઃ શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠક, મૂલ્ય રૂા. ૨–૮–૦.

૭. સૂર્ય, શરીરવિજ્ઞાન અને પ્રાણાયામ—લેખકઃ શ્રી. મણિલાલ ભોગીલાલ દેસાઈ, મૂલ્ય રૂા. દોઢ.

મેસર્સ એન. એમ. ઠક્કરની કું. મુંબઇ તરફનાં

૮. ગાંધીજીને જગવંદના—અનુ૦ ચંદ્રશંકર પ્રા. શુકલ, મૂલ્ય રૂા. ૨–૧૨–૦

આર. આર. શેઠની કું. તરફનું પુસ્તક

૯. વીર કુમારપાળ—લેખકઃ શ્રી. મૂળજીભાઈ પી. શાહ; મૂલ્ય ૦–૮–૦.

અન્ય પ્રકાશકો તરફનાં પુસ્તકો

૧૦ .ગાંધીજી અને ખ્રિસ્ત—લેખકઃ શ્રી. જ. મ. આસાર; પ્રકાશકઃ રફુઉન્ટસ પબ્લિશિંગ કું. જૂનાગઢ મૂલ્ય ૧–૦–૦.

૧૧. ધીમુ અને વિભા—લેખકઃ શ્રી. જયંતિ દલાલ; પ્રકાશકઃ ધી મહાગુજરાત પબ્લિશિંગ કંપની, સર ફિરોજશાહ મહેતા રોડ, મુંબઇ, મૂલ્ય રૂા. ૩–૦–૦.

૧૨. મૌલાના અબુલ કલામ આઝાદ–લેખક અને પ્રકાશક ઉપર પ્રમાણેઃ મૂલ્ય ૦–૬–૦

૧૩. શરીરનો દરવાજો—લેખકઃ ડૉ. કેખુશરૂ દોરાબજી જીલા; વાડી સ્ટ્રીટ, નવસારી. મૂલ્ય લખ્યું નથી.



"સંદેશ" કાર્યાલયનો પ્રવૃત્તિવિસ્તાર—અમદાવાદથી પ્રકટ થતા અગ્રગણ્ય દૈનિક પત્ર "સંદેશ" કાર્યાલય તરફથી બે નવાં સાહસો હાથ ધરવામાં આવ્યાં છે. તે પૈકી (૧) **"ગુજરાતી પંચ"** સાપ્તાહિક હવે ઉપર્યુક્ત કાર્યાલયના સંચાલન હેઠળથી પ્રસિદ્ધ થવા માંડયું છે; અને (૨) **સંદેશ ગ્રંથમાળા.**

"ગુજરાતી પંચ" ઉપર્યુક્ત સંસ્થાના સંચાલન હેઠળ આવતાં તેમાં અવનવા ફેરફારો કરવામાં આવ્યા છે, જ્યારે સંદેશ ગ્રંથમાળા દ્વારા સંસ્કારલક્ષ્મી અને ધરતી રાણી જેવાં પુસ્તકોના જાણીતા સાક્ષર શ્રી. કુંવરજી ધરમસી સંપટરચિત જીવનસપ્તી પ્રકટ થનાર છે.

સંદેશ લિ. ની આ બન્ને પ્રવૃત્તિઓને અમે આવકારીએ છીએ; અને 'સંદેશ' દૈનિકનો માફક આ પ્રવૃત્તિને પણ સફળતાપૂર્વક લોકભોગ્ય બનાવે તેમ ઇચ્છીએ છીએ.

પુસ્તકાલય સ. સ. મંડળ લિ.ના કાર્યાલયમાં દીવાળીની રજાઓ, અગાઉથી જાહેર કર્યા પ્રમાણે તા. ૨૭-૧૦-૪૩ થી નહિ પરંતુ તા. ૨૬-૧૦-૪૩ ને મંગળવારથી તા. ૨-૧૧-૪૩ ને મંગળવાર સુધીની રહેશે. પુસ્તકાલયોના મંત્રી-ગ્રંથપાલોને આ ગુમારો નોંધી લેવા વિનંતિ છે.

"ફૂલછાબ" સાપ્તાહિકનું વાર્ષિક લવાજમ તા. ૧૦-૪-૪૩થી રૂા. ૧૦-૨-૦ થયેલું હોવાથી, જેમનું લવાજમ ૭-૨-૦ પ્રમાણે ભરાયેલું તે વધારે મુદત પૂરી થયેથી તા. ૧૫-૧૦-૪૩થી સદર સાપ્તાહિક તેમ જ "મુંબઈ સમાચાર" દૈનિક અઠવાડિક પણ તેના વધારેલા લવાજમને કારણે મુદત પૂરી થયે બંધ થશે. તો જેમણે પોતાના પુસ્તકાલય માટે "ફૂલછાબ" અથવા "મુંબઇ સમાચાર" દૈનિક વા અઠવાડીકનું લવાજમ ભરાવ્યું હોય તેઓની જાણ માટે આ ખુલાસો પ્રકટ કર્યો છે, જેથી આ બાબત મંડળ તરફ પૂછપરછ કરવા જરૂર નહિ રહે, એવી આશા છે.

વ. રા. પુ. મંડળ

જાગતાં જૂથ મંડળોઃ—(ગતાંકથી ચાલુ) (૨૮) મહુવા, (૨૯) અંબેટા, (૩૦) મડત, (૩૧) ધમડાછા, (૩૨) ગણદેવી.

જાગતાં મહાલ મંડળોઃ—(ગતાંકથી ચાલુ) (૨૯) સંખેડા, (૩૦) સાવલી, (૩૧) કલોલ, (૩૨) વિજાપુર, (૩૩) ગણદેવી, (૩૪) માંગરોળ.

જેમણે સભા ન ભરી હોય ને ભરી હોય છતાં અહેવાલ હિસાબ હજી ન મોકલી આપ્યાં હોય તેમને તેમ કરી દેવાની આગ્રહભરી ભલામણ કરવામાં આવે છે. **પૂરા થયેલા વર્ષમાં થયેલા કામકાજના અહેવાલ તથા હિસાબ તો નિદાન દરેક મોકલી આપવા જ.**

વાર્ષિક સભાઓઃ—અમરેલી તથા વડોદરા પ્રાંત મંડળોની વાર્ષિક સભાઓ અનુક્રમે તા. ૧૬ તથા ૨૬ મી સપ્ટેમ્બરના દિવસોએ, તેમ જ રાજ્ય પુ. મંડળની સભા

વા. ૨૬ મી સપ્ટેમ્બરના રોજ ભરાઇ ગઇ. રાજ્ય પુસ્તકાલય મંડળના અહેવાલો તથા ઠરાવો આ અંકમાં છે.

કડી મહાલ ૭ મી પરિષદઃ—કડી મહાલની સાતમી પુસ્તકાલય પરિષદ વા. ૩–૧૦–૪૩ ના રોજ વિભાગ વિદ્યાધિકારી શ્રી. માલસે સાહેબના પ્રમુખપદે વીડજ ગામે સફળતાપૂર્વક ભરાઇ ગઇ.

પ્રમાણપત્ર આટેની પરીક્ષાઃ—આ સંબંધમાં સપ્ટેમ્બર અંકમાં પ્રસિદ્ધ થયેલ જાહેરાત નં. ૧ તરફ લાગતાવળગતાઓનું લક્ષ દોરી મોજનાનો લાભ ઉઠાવવાની ભલામણ કરીએ છીએ.

લેખક બંધુઓને વિજ્ઞપ્તિઃ—ચાલુ અંકમાં પ્રસિદ્ધ થયેલ રા. પુ. મંડળની જાહેરાત નં. ૨ નો મજકુર ધ્યાનમાં લેવા લેખક બંધુઓને વિજ્ઞપ્તિ કરીએ છીએ.

પુસ્તકાલયોની તપાસણી

પગારદાર પ્રાંત પ્રચારકો તથા માનદ પ્રચારકોએ નીચેનાં સ્થળોની મુલાકાત, જણાવેલી મુદત દરમ્યાન લઇ ત્યાંનો પુસ્તકાલય વા વાચનાલય સંસ્થાઓ તપાસી છે અને દફતરી કામની અવ્યવસ્થા દૂર કરી છે. પુસ્તકોના વર્ગીકરણ વગેરેની કાર્યવાહી બતાવી તત્સંબંધી જરૂરી સૂચના–સમજૂત આપી છે; તેમ જ પુસ્તકાલય વગરનાં સ્થળોએ પુસ્તકાલય ખોલવા સંબંધી પ્રચારકાર્ય કર્યું છેઃ—

૧. વડોદરા–નવસારી પ્રાંત પ્રચારક રા. છગનભાઇ મથુરભાઇ પટેલ–માહે સપ્ટેમ્બરમાં–કરજણ મહાલનાંઃ—(૧) સામરા, (૨) સણીયાદ; **સંખેડા મહાલનાં** (૩) માંજરોલ, (૪) કાળી તલાવડી, (૫) ગોલાગામડી, (૬) બહાદરપુર, (૭) લોટિયા, (૮) હરેશ્વર, (૯) ચંદાનગર, (૧૦) ડોલમાર, (૧૧) પતરા, (૧૨) કાકટ, (૧૩) ચૂર્યા, (૧૪) વડેલી, (૧૫) છુછાપુરા, (૧૬) પાટણા, (૧૭) અલાદપુરા, (૧૮) પીઠા, (૧૯) બોડેલી, (૨૦) તાંદળજા, (૨૧) માંકણી, (૨૨) રાજનગર; **કવાંટ મહાલનું** (૨૩) મોતીપુરા વા. : કામગીરી દિ. ૨૪.

૨. મહેસાણા–અમરેલી પ્રાંત પ્રચારક રા. ભાઇશંકર ટી. ઠાકર–માહે સપ્ટેમ્બરમાં–મહેસાણા મહાલનાં—(૧) જોરણંગ, (૨) ચલોવા વા., (૩) ભાલકીઆ સ્ટેશન બજાર આંબલીઆસણ, (૪) આંબલીઆસણ, (૫) બાસરીઆ, (૬) આપાપુરા, (૭) ટુંડાલી વા., (૮) મહેસાણા પરા વા. (૯) તાવડીઆ (૧૦) વડોસણ વા., (૧૧) પાલાવાસણા, (૧૨) બોરીઆવી, (૧૩) સામેત્રા, (૧૪) દેલા; **વિજાપુર મહાલનાં** (૧૫) ખરુંસા, (૧૬) પીલવાઇ, (૧૭) વેડા, (૧૮) દેલવાડા, (૧૯) ભિલોડા, (૨૦) ગોઝારીઆ કામગીરી દિ. ૨૩.

તપાસણી દરમ્યાન પ્રચારકે જે જે ખામીઓ દર્શાવી હોય તે તે વેળાસર સુધારી લેવા જણ્યા જે સૂચના–સમજૂત આપી હોય તેનો યોગ્ય રીતે અમલ કરવા જે તે મંત્રી ભાઇઓને ખાસ ભલામણ છે.

ના. નં. ચોકસી
સહમંત્રી, વ. રા. પુ. મંડળ

.....સાહિત્ય અને સંસ્કૃતિનાં વહેણ.....

ગુજરાતી સાહિત્યના અજોડ સાક્ષર મહાત્મા ગાંધીજીની ૭૫મી જન્મજયંતિ–રત્નજયંતિ–ગઇ તા. ૨૬મીના રોજ હિંદભરમાં ઉજવાઈ. એ રત્નજયંતિ પ્રસંગે ગુજરાતી ભાષામાં "ગાંધીજીને વંદના" નામનું દેશવિદેશના વિખ્યાત માણસોની તેમને અંજલિ અર્પતું પુસ્તક મુંબઇની વોરા કંપની તરફથી પ્રસિદ્ધ થયું છે.

*

શ્રીમંત ગુજરનરેશના આમંત્રણથી ગુજરાતી સાહિત્ય પરિષદનું આગામી અધિવેશન ડિસેમ્બર માસમાં વડોદરા ખાતે ભરાવાનું નક્કી થયું હોઈ તેના પ્રમુખપદ માટે નીચેનાં નામો રજૂ કરવામાં આવ્યાં છેઃ— (૧) શ્રી. વિદ્યાબહેન નીલકંઠ, (૨) શ્રી. રામનારાયણ પાઠક, (૩) મુનિશ્રી જીનવિજયજી અને (૪) શ્રી. દુર્ગાશંકર કે. શાસ્ત્રી.

*

ગુ. સાહિત્ય પરિષદ પત્રિકા હવે, માંડવાના કુમારશ્રી નરેન્દ્રસિંહજી ગહીડાએ ભેટ આપેલ રકમમાંથી પ્રકટ થવી શરૂ થઈ છે. એના તંત્રી તરીકે શ્રી. ચિમનલાલ ચકુભાઇ શાહ અને શ્રી. યશવંત શુકલ નિમાયા છે.

*

જાણીતા ગુજરાતી માસિક "નવચેતન"નો મંગલ મહોત્સવ ગઈ તારીખ ૨૫–૨૬/૯–૪૭ના રોજ અમદાવાદ મુકામે હોડી વિદ્યાબહેન નીલકંઠના પ્રમુખપદે ઉજવાયો હતો, જે પ્રસંગે એના તંત્રીને રૂા. ૧૮૦૦ની થેલી તેમ જ એક કલાયુક્ત કારકેટ' અર્પણ કરવામાં આવ્યાં હતાં. તે જ પ્રસંગે ગુજરાતનાં માસિકોના તંત્રીઓનું એક સંમેલન પણ મળ્યું હતું, જેમાં માસિકપત્રોના સંચાલનને લગતા વિચારોની આપ-લે થઇ હતી.

*

ગુજરાતના આદર્શ કેળવણીકાર તરીકે ખ્યાતિ પામેલા શ્રી. કરુણાશંકર કુબેરજી માસ્તર મુંબઇ ખાતે શેઠ કીલાચંદ દેવચંદના રહેાણે અવસાન પામ્યા છે. સદ્‌ગત એક આદર્શ કેળવણીકાર હતા. અને શેઠ અંબાલાલ સારાભાઇ તથા શેઠ કીલાચંદ દેવચંદને ત્યાં બાળકોને શિક્ષણ આપવાનું કાર્ય કરતા હતા.

*

સુરતના સ્ત્રીશક્તિ કાર્યાલય–સ્ત્રી સાહિત્ય મંદિરે તેનું નામ ફેરવીને હવે ત્રિશક્તિ કાર્યાલય જાહેર કર્યું છે.

*

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ કવિશ્રી. અરદેશર ખબરદારે પરિષદના પ્રમુખપદનું રાજીનામું આપ્યું છે.

*

અમદાવાદના કામગાર લત્તાઓમાં ગાંધીજીની ૭૫મી–રત્ન જયંતિ–પ્રસંગે ગાંધી સાહિત્યને લગતાં પુસ્તકોનું એક પ્રદર્શન ગોઠવ્યું હતું, જેમાં ગાંધીજીનાં તેમ જ ગાંધીજીને લગતાં અને તેમની પાસેથી પ્રેરણા પામેલાં લેખકોનાં પુસ્તકો રજૂ કરાયાં હતાં. આ માસિકના આ અંકમાં અન્યત્ર છપાયેલ ગાંધી–જ્ઞાન–ચક્રના તખ્તાઓ પણ એ પ્રદર્શનમાં રજૂ થયા હતા.

*

વિખ્યાત ભજનીક અને 'સંત કબીર', 'સંત તુલસીદાસ' અને 'નરસિંહ ભગત' ની ભૂમિકાઓ ભજવી ફિલ્મજગતમાં જાણીતા થયેલા શ્રી. વિષ્ણુપંત પાગનીસ મુંબઇમાં ટાઇફોઇડની દુઃખી માંદગી ભોગવી ત્રિદોષ થતાં ગઈ તા. ૬ જી એ બપોરે ૫૧ વર્ષની વયે અવસાન પામ્યા હતા.

સામયિક ફોકનો

હાલતું-ચાલતું વિશ્વવિદ્યાલય

તંત્રશાસ્ત્રોમાં બે પ્રકારની દીક્ષાઓની ચર્ચા છેઃ સ્પર્શદીક્ષા અને દીપ્ત-દીપ-દીક્ષા. પારસમણિના સ્પર્શથી લોઢું સુવર્ણ બની જાય છે. પરંતુ તે સ્વયં પારસ બની શકતું નથી. તે બીજાને સ્પર્શ કરી તેને સોનું બનાવી નથી શકતું; એટલે તે બહુ ઊંચી વાત ન ગણાય. પરંતુ સળગતો દીવો બીજા નહિ સળગેલા દીવાને સ્પર્શ કરતાં તે જળહળી ઊઠે છે અને તેનો પ્રકાશ પ્રથમ દીપના જેટલો જ હોય છે, એટલું જ નહિ પણ બીજા અનેક દીવાઓ પ્રકટાવવાની શક્તિ પણ તેનામાં આવી જાય છે. આ દીપ્ત-દીક્ષા થઈ. પૂર્ણાભિષિક્ત સાધકે આવી દીક્ષા લેવી પડે છે.

હું આશા રાખું છું કે આ વિદ્યાપીઠમાં તગેા સૌ એવી દીપ્ત-દીપ-દીક્ષા લેવા આવ્યા છેા. એવી દીક્ષાથી જેઓ દીક્ષિત થયા હોય તેઓ ન ભૂલે કે ભારતીય જ્ઞાનની તપસ્યા કોઈ વ્યક્તિગત સુખસમૃદ્ધિ માટે નથી; એ તો સર્વના અભ્યુદય માટે છે, અને આવા જ હેતુથી પ્રાચીનકાળમાં બ્રહ્મચારીની તપસ્યાની જરૂરિયાતો સમાજે પૂરી પાડવી પડતી હતી અને બ્રહ્મચારી પણ સ્નાતક થયા બાદ પોતાની વિદ્યા પોતાના સ્વાર્થ માટે વેચી શકતો નહિ. તેની એ વિદ્યા સમસ્ત સમાજની સંપત્તિ બની રહેતી. આ વિષયમાં પશ્ચિમની જ્ઞાનસાધનાથી ભારતીય જ્ઞાનસાધના એકદમ નિરાળી પડે છે, ત્યાં વિદ્યા વ્યક્તિગત સંપત્તિ ગણાય છે અને તે પર ધંધો થઈ શકે છે; ભારતવર્ષમાં એવું નથી.

અહીંના ગુરુ જો કે અકિંચન રહેતા તોપણ સમાજમાં એમનું ગૌરવ પારાવાર હતું. મનુષ્યને વધારાનું ધન પોતાનો મહિમા વધારવાને જોઈએ છે. ભારતવર્ષમાં એ મહિમા આપોઆપ ગુરુઓને મળ્યા કરતો હતો, એટલે તેઓ ધનની બહુ આકાંક્ષા પણ ન કરતા. યુરોપ અને અમેરિકામાં ગુરુઓનું એવું સન્માન નથી, એટલે તેની ખોટ પૂરવા રૂપિયા ભરવામાં આવે છે. આથી જ યુરોપ-અમેરિકા મોટા પગારોના બળ પર ગુરુઓ શોધે છે, જ્યારે ભારતવર્ષ સન્માન અને ભક્તિના બળ પર. પણ આપણી ભયંકર દુર્દશા તો એ છે કે ન તો આપણે આપણી પૂર્વપરંપરા અનુસાર ગુરુજનોને ભક્તિ કે સન્માન દઈ શકીએ છીએ, ન તેમને યુરોપની પેઠે પુષ્કળ ધન. આનું પરિણામ એ આવ્યું છે કે આપણા સમાજના જે સર્વોત્તમ મનુષ્યો છે તેઓ આ જ્ઞાનદાનના કાર્યમાં જોડાતા નથી; કારણકે તેમાં ધનની આશાયે નથી, તેમ નથી માન કે સંતોષ. તેથી જેમને કોઈ ક્ષેત્રમાં કામ નથી મળતું એવાઓ જ આપણા દેશમાં આજે શિક્ષણકાર્યમાં જોડાવા લાગ્યા છેઃ

येषां क्वापि गतिर्नास्ति तेषां वाराणसी गतिः ।

આમ, આપણી ઊગતી પેઢીને અધિકાંશ ક્ષેત્રોમાં આપણા સર્વોત્તમ મનુષ્યોનો લાભ મળતો નહિ હોવાથી દિવસોદિવસ સમાજનું ચિન્મય જીવન ક્ષીણ થતું જાય છે. કોઈ પોતાના સંતાનના દૂધમાં મેલું જળ ભેળવે તો એથી વિશેષ મૂઢતા બીજી કઈ ? પણ આપણે એવું જ કરી રહ્યા છીએ. આવી દુર્ગતિમાથી બચવાને સમાજને મારે એટલું ખાસ કહેવાનું છે કે જો તમે અર્થ આપી ન શકો તો પોતાના હૃદયની સર્વોત્તમ ભક્તિ આ કાર્યના વ્રતધારી લોકોને જરૂર દો. નહિ તો આપણાં સંતાનોને માટે ઉત્તમ પથ-પ્રદર્શક મેળવવાની આશા હમેશ માટે છોડી દેવી અને જે લોકોને જ્ઞાનની દીક્ષા મળેલી છે તેમને ખાસ કહેવાનું એટલું કે દારિદ્યવહન કરીને પણ તમે તમારા દેશના પ્રાચીન ગુરુઓના મહાન આદર્શોને અવિચલિત ચિત્તથી અપનાવી લ્યો. તમારું કાર્ય તપશ્ચર્યાનું છે, તમારો માર્ગ કષ્ટનો છે; તમારું વ્રત એ સંસારનું સૌથી અધિક પવિત્ર અને કઠોર વ્રત છે. એક તો આપણે દરિદ્ર છીએ, અને વળી અધઃપતિત. જો સમાજ આ પ્રાર્થના નહિ સાંભળે, જો ભાવી શિક્ષકો મારી આ કરગરતી પ્રાર્થના નહિ સાંભળે તો સમાજના માલિક ભગવાન જ છે.

દીપ-દીપ-દીક્ષાની મોટામાં મોટી વિશેષતા એ છે કે આ દરિદ્ર દેશને માટે એથી ચડિયાતી ચીજ કોઈ જ નથી; કારણ કે આ દીક્ષામાં જે દીક્ષિત થયા તે પોતે એકએક વિશ્વવિદ્યાલય છે. તેમની આસપાસ સહયોગી કે કામ કરનારાનું દળ હોય કે ન હોય, મોટાં મકાનો કે ધમારતો હોય યા ન હોય, પણ એ પોતે જ કોઈ બાહ્ય સાધન વિના સર્વસાધારણ લોકને પ્રદીપ્ત કરતા રહેશે. તે એક જગાએ હોય તો ફરીફરીને પ્રવાસ કરીને સર્વત્ર એક વિશ્વવિદ્યાલયના રૂપમાં વર્તમાન બનશે. વૈદિક યુગના વસિષ્ઠ, જનક ને યાજ્ઞવલ્કય જેવા મોટામોટા ગુરુગણ શું ઉપદેશ માટે કોઈ મોટી લાંબી-પહોળી આલીશાં ધમારતોની અપેક્ષા રાખતા હતા ? શ્રીકૃષ્ણનું વિશ્વવિદ્યાલય તો યુદ્ધક્ષેત્રમાં જામ્યું હતું. વાંસની ઘટાઓ નીચે બેસીને બુદ્ધ અને મહાવીરે કેટલાય ઉપદેશો આપ્યા હતા. જરથુસ્ત્ર, ખ્રિસ્ત, મહમદ, બધાની બાબતમાં એક જ વાત છે. ગ્રીસના સુકરાત (સૉક્રેટિસ) વગેરે આચાર્યો પણ એવી જ મામૂલી જગ્યા પર કાર્યનો આરંભ કરતા. ભારતના શંકર, રામાનુજ, નાગાર્જુન આદિ પંડિત, યા કબીર, રૈદાસ, દાદુ આદિ નિરક્ષર જ્ઞાની સન્તજનો કોઈ ધમારત કે વિશાળ ભવનની પરવા નહિ કરતા. તમે દરેક જણ એવા ' ફરતા-ફરતા ' વિશ્વવિદ્યાલય બની જાઓ. ઉડિસા (ઓરિસ્સા)માં મહાત્મા લોકોને ' ચલન્ત વિષ્ણુ ' કહે છે, એ વાત મને બહુ ભાવપૂર્ણ લાગી છે. જેમ પ્રત્યેક જંગમ સાધુ શિવને ધારણ કરીને ફરે છે, તેમ તમારામાંની પ્રત્યેક વ્યક્તિ સંપૂર્ણ વિશ્વવિદ્યાલયના વાહક થાઓ.

દીપ-દીપના ઉદાહરણથી મેં તમને વ્યક્તિગત સાધનાની વાત કહી છે. પણ એ એક સામુહિક સાધના પણ છે. પૃથ્વીની દીપાવલિમાં એક દીપનો બીજા દીપ સાથે યોગ હોય યા ના હોય, પણ આપણા શિર ઉપર જે જ્યોતિષ્મતી દીપાવલિ આકાશમાં જ્વલંત છે તેમાં પરસ્પર ખૂબ નિબિડ યોગ છે જ.*

(' કુમાર ' માસિકના એપ્રિલ ૧૯૪૩ના અંકમાંથી.)

---

* શાંતિનિકેતન વિદ્યાભવનના આચાર્ય શ્રી. ક્ષિતિમોહન સેને મુંબાઇની હિંદી વિદ્યાપીઠના પદવીદાન વેળાએ આપેલા દીક્ષાન્ત ભાષણમાંથી.

નોકરોના દોહ્યલા દહાડા

ધંધો કરી સહુ પેટ ભરે ને કુટુંબ જોગ કમાય,
હું જ પડયો એવા ધંધામાં કે નવ પેટનું પૂરું થાય,
ગરિબાઇ આવી પૂરી,
નોકરોની હાલત બૂરી. (૧)

"ઉત્તમ ખેતી ને મધ્યમ વેપાર કનિષ્ઠ નોકરી" મૂળ,
કહેવત ભૂલી ગયો હતો આજે યાદ આવે છે જરૂર,
પરંતુ કરું શું હવે!
સ્વીકારી'તી નોકરી ભાવે. (૨)

ખેડૂતને મણ બાજરી કેરું મળતું ધોતિયું એક,
આજેયે એને એવી જ રીતે મળે છે મણનું એક,
પરંતુ નોકરી માં થી,
મને મળે ધોતિયું કયાંથી? (૩)

વેપારી કમાય વેપારમાંથી ને મજૂરીમાંથી મજૂર,
નોકર હું બીજું કયાંથી કમાઉં આવડે "જી" ને "હજૂર",
પૂરું નવ પેટનું થાયે,
છતાં "નોકરી છે" કહેવાયે. (૪)

બાજરી લાવું તો ચોખાને માટે બચે નહીં એક પાઇ,
તો પછી દાળ ને શાકને સારૂ કયાંથી કરું જોગવાઇ,
ઘઉં ઘીની વાત ન થાયે.
અત્યારે આ નોકરી માઠે. (૫)

ચાળીસ વર્ષોથી 'ચા'ની સંગાથે ચાલુ હતો સંસાર,
ટાંગા ઘસી-ના ના-લાતો મારીને તેને કાઢી ઘરબહાર.
રોતો-રોતો ભૂકીને ચાલી,
શકયો નહિ તેને હું ખાળી. (૬)

જરૂરિયાતો આમ કરી ઘણી ઓછી વિચારી મન,
લોટ ને લંગોટ બેયે મળે ના ખાઉં કે ઢાંકું તન?
વાંધા અન્ન વસ્ત્રના આવા,
નોકરોના દોહ્યલા દહાડા: (૭)

સુદામાની સ્ત્રીએ સ્વામીને મોકલ્યા મિત્ર શ્રીકૃષ્ણની પાસ,
દરિદ્રતા ગઇ એની-મને એમ વિનવે બુધાની બાય,
કિન્તુ કયા કૃષ્ણની પાસે,
જાઉં તો દારિદ્ર નાસે? (૮)

માણેકલાલ હ. મરિત્

વિષમજ્વર–ટાયફોઇડ–ફેલાવાનાં કારણો

હમણાં હમણાં લગભગ મૂબરાતભરમાં ટાઈફોઇડ તાવની બિમારી ઘરઘરની થઇ પડી છે. આજે ઘેરઘેર આવા તાવના બાદલા નજરે પડે છે. તેને અંગે અમલમાં મૂકવા જેવી કેટલીક વ્યવહારુ સૂચનાઓ વડોદરા શહેર સુધરાઇના આરોગ્ય અમલદાર સાહેબે પ્રસિદ્ધ કરી છે, જે શહેરો તેમ જ ગામડાંની જનતાને પણ એકસરખી ઉપયોગી હોવાથી તે આ નીચે આપી છે.

તાજેતરમાં વિષમજ્વરનો ઉપદ્રવ ઘણા મોટા પ્રમાણમાં જોવામાં આવ્યો છે તેથી કરી દરેક વિષમજ્વરનાં કારણો જાણી તે અંગે ઉપાય કરવાની ખાસ જરૂર છે. વિષમજ્વરનાં કારણો નીચે મુજબ ગણાવી શકાયઃ

૧. દર્દીનો સહવાસ

માંદગી દરમિયાન દર્દીને જોવા એનાં સગાંવહાલાં જાય છે. તેઓ સાથે નાનાં બાળકોને પણ લઇ જાય છે. અને તેવી રીતે વિષમજ્વરના દર્દીના સહવાસમાં તેઓ આવે છે, જેથી તેઓ એક યા બીજી રીતે વિષમજ્વરના ભોગ થઇ પડે છે. વિષમજ્વરના દર્દીને જોવા જવાનું બંધ કરવું, અને તેમ છતાં જવું જ પડે તો કંઈ નહીં ના જવું. દર્દીને અને દર્દીનાં કપડાં, વાસણ કે ઓરડીની કોઇ પણ ચીજને અડકવાને પ્રસંગે બને તો સાબુ, પાણી અને લોશનથી હાથ બરાબર સાફ કર્યા બાદ ઘેર જવું. વિષમજ્વરનો દર્દી જે ઘરમાં હોય તે ઘરનાં ચહા, પાણી કે ખાવાની વસ્તુ લેવી નહિ. છોકરાંને સાથે લઇ નહિ જવાનું પણ આ ઉદ્દેશથી કહેવામાં આવે છે; કેમ કે તેઓ પાણી વગેરે પીએ અથવા દર્દીના રૂમમાંથી કંઇ પણ ચીજ ભૂલેચૂકે લઇ ખાય તો વિષમજ્વર થવાનો સંભવ રહે છે.

૨. **માંદગી પછી** વિષમજ્વર થએલા દર્દીઓ રાંધવા વગેરેનું કામ જલદી શરૂ કરે છે. વિષમજ્વરની બિમારી પછી ઓછામાં ઓછા ત્રણ માસ સુધી અને અમુક કેસોમાં તો ૬ માસ સુધી દર્દીના ઝાડા અને પેશાબમાં વિષમજ્વરનાં જંતુઓ રહે છે. આવા દર્દીઓ રાંધવાનું તથા પાણી ભરવાનું તેમ જ ઘરકામકાજ શરૂ કરે તો આખા કુટુંબને વિષમજ્વર લાગુ થવાનો ભય રહે છે. તેથી તેટલી મુદ્દત સુધી રાંધવા તથા ખાવાપીવાની બીજાને લગતું કામ ન કરવું.

૩. **રસ્તા ઉપર** નાનાં છોકરાંને ઝાડે ફરવા બેસાડવાની આપણા લોકોમાં ટેવ છે. જે જે રસ્તાઓ ઉપર છોકરાંઓ ઝાડે ફરે છે તે રસ્તાની ધૂળ કે માટીથી પાણી પીવાનાં અને બીજાં વાસણો માંજવામાં આવે છે અને તેથી રસ્તાની ધૂળમાં રહેલાં વિષમજ્વરનાં જંતુઓ વાસણ અને પાણી દ્વારા વિષમજ્વરનો ચેપ ફેલાવે છે.

૪. માખી અને તેનો ઉપદ્રવ વધે તેવી ગંદકી કરવાની ટેવ

ઝાડ. રસ્તા અને ફુટપાથ ઉપર ઓંઠવાડો, કેરી કે કેળાંના છાલાગોટલા અને અન્ય ફળોની છાલ વગેરે નાખવાથી માખીઓનો ઉપદ્રવ વધે છે. જ્યાં ઓંઠવાડ હોય અને બિનાશ હોય ત્યાં સડો થાય છે અને આવા સડામાં માખીઓને પોતાનાં ઇંડાં મૂકવાં સુગમ પડે છે. ચોમાસામાં કુદરતી બિનાશ તો હોય જ. તેમાં ઓંઠવાડો અને કચરો વગેરે પડે અને સડો

થાય; તેમાંથી સેંકડો માખીઓ પેદા થાય, અને આ માખીઓ ઝાડા, પેશાબ ઉપર બેસે અને વિષમજ્વરનાં જંતુઓ તેના પગ અને શરીર ઉપર હોય તેવી સ્થિતિમાં આ માખીઓ ખાવાપીવાની ચીજો ઉપર પણ બેસે અને એ રીતે વિષમજ્વરનો ફેલાવો કરે છે.

બ. બીજું કારણ એ કે, ઘરમાં લોકો ઢોર, ગાય, ભેંસ વગેરે રાખે છે. તેના તબેલા બરાબર સાફ રાખતા નથી, વળી તેના છાણમાંથી છાણાં વગેરે ઘરમાં જ થાપે છે તેથી ગંદકી અને સડો થાય અને આમાં માખીઓ પોતાનાં ઈંડાં મૂકીને તેમની વસ્તીમાં વધારો કરે અને ઉપર પ્રમાણે વિષમજ્વરનો રોગ ફેલાવે છે.

૫. રાખવી જોઇતી સાવચેતી

અ. જે ઘરમાં ટાઇફોઇડ-વિષમજ્વર-નો દર્દી હોય તેના સંપર્કમાં આવતા દરેક માણસોએ ટાઇફોઇડની રસી મુકાવવી જોઇએ. દર્દીની સારવાર દરમિયાન મળમૂત્ર તથા કપડાં ફિનાઇલ અને કારબોલિક લોશનથી નિકાલ કરવો જોઇએ. ઝાડો કે પેશાબ રસ્તા પર ફેંકવાં નહિ દર્દીની સારવારમાં રહેનારાઓએ દરેક વખતે ખાસ કરીને જમતાં પહેલાં હાથ સાબુ, પાણી અને લોશનથી ધોવાની ટેવ રાખવી.

બ. જે લત્તામાં ટાઇફોઇડનો કેસ થયો હોય તે લત્તાના દરેક જણે રસી મુકાવી લેવી અને તેનો ફેલાવો ન થાય તેવી રીતભાત કેળવવી અને ટાઇફોઇડ-વિષમજ્વર-જેવા ચેપી રોગ અટકાવવા બનતી કોશીષ કરવી.

ક. માંદગી પછી વિષમજ્વરના દર્દીએ લગભગ ત્રણ માસ સુધી·

(અ) રસોઈ ન કરવી,

(બ) ખાવાપીવાની ચીજોનો વેપાર ન કરવો,

(ક) કુદરતી હાજત બાદ સાબુથી હાથ બરાબર સાફ કરવાની ટેવ રાખવી,

(ડ) ઝાડા, પેશાબ પર માખીઓ બેસે તેવી રીતે ખુલ્લાં ન રાખવાં, રાખ અગર ફિનાઇલનો ઉપયોગ કરવો,

(ઇ) શારીરિક તંદુરસ્તી અને સફાઇ ઉપર ખાસ ધ્યાન આપવું.

ડ. ઝોકરાંઓને જાજરૂમાં જાઉં કરવા બેસાડવાં અને કાગણ સાંજવા માટે રસ્તા ઉપરની ધૂળનો ઉપયોગ ન કરતાં રાખથી જ સાંજવાનું રાખવું તે ખાસ જરૂરનું છે. વિષમજ્વર સિવાય ક્ષય વગેરેનાં જંતુઓ રસ્તામાં હોય છે.

૭ માખીઓનો ઉપદ્રવ ઓછો થાય તેવી રીતે કચરો, ઓંઠવાડ ગમે ત્યાં ન નાખતાં કચરાપેટીમાં નાખવું. ઢોરના તબેલા બરાબર સાફ રાખવા, છાણાં બહાર ખુલ્લી જગામાં થાપવા, અને જ્યાં ગંદકી હોય ત્યા ફિનાઇલનો ઉપયોગ કરી સાફ રાખવું. સડેલી ચીજો અને ઉતરી ગયેલાં ફળો વગેરે ન ખાવાં અને પાણી ઉકાળીને પીવું.

લોકોના સહકાર અને શિસ્તપાલન સિવાય એક હાથે બધું ન થઇ શકે. માટે દરેક શહેરીએ પોતાની અને પોતાના પડોશીની તંદુરસ્તીને નુકસાન પહોંચે તેવી ગંદકી ન કરતાં જે તે કામના અધિકારીને મદદરૂપ થવું.

ટાયફોઇડની રસી સુધરાઇમાંથી મફત મૂકી આપવામાં આવે છે ને ટાઇફોઇડની તપાસ માટે લેબોરેટરી ખોલવામાં આવી છે. તેમાં ટાયફોઇડના દર્દીના લોહી વગેરેની તપાસ મફત કરવામાં આવે છે.

ચં. ભા. દીવેચા
આરોગ્ય અમલદાર, વડોદરા શહેર સુધરાઇ.

ગામડાનું ભૂષણ થોર (હાથલિયો)

ઘણાં વર્ષો પહેલાં શ્રી. મૂળજીએ "ગામડાનું ભૂષણ થોર" એ નામનો લેખ ચિત્રમય જગતમાં પ્રસિદ્ધ કર્યો હતો. આર્યભિષક્‌ના વધારામાં પણ આ લેખ, સ્વામીશ્રી ભિક્ષુ અખંડાનંદજીએ ઘણો જ કિંમતી માની પ્રસિદ્ધ કરેલ છે. (જુઓ પાન ૬૫ વૈદક સંબંધી વિચારો ભાગ પહેલો) આ થોર અમર ગણાતો. વખત જતાં ઈ. સ. ૧૯૩૨ માં આ થોરનો નાશ કરવા માટે એક જાતનાં જંતુની શોધ કરવામાં આવી; અને આ જંતુનો ઉપયોગ કાઠિયાવાડ જેવા થોડી વનસ્પતિવાળા પ્રદેશમાં કરવામાં આવ્યો. જે થયું તે થયું. ગરીબ ખેડૂતોને તો કરોડો રૂપીઆનું નુકસાન થયું. વાડો ગઈ; ખેતરોનાં ઘોવાણ વધ્યાં. પવનના સપાટાથી જમીનનો ભેજ પણ ઘટયો. થોરના કારણે અનેક વૃક્ષોને પોષણ મળતું; આ વૃક્ષોનો પણ નાશ થયો. થોરની વાડ પાસે ચરવા માટે જે ખડ થતું તે પણ ઊગતું બંધ થયું. અનેક દવા માટે ઉપયોગી એવી વનસ્પતિનો પણ નાશ થયો.

ગામડાની પ્રજાનું દુઃખ અમરેલી તથા ખાંભા પેટામહાલના શિક્ષકોએ જાણ્યું; અને બધા શિક્ષકોએ જ્યાં જ્યાં સગવડ હતી ત્યાં ત્યાં આજથી સાતેક વર્ષ પહેલાં જે એકાદ પાન થોરનું મળી આવ્યું તેને ઉછેરવાનું શરૂ કર્યું. અમરેલી મૉડેલ ફાર્મને પણ આ થોરની જરૂર પડી. તેને પણ લાલાવદર, કેરીઆ નાગસ અને ચકચઢના શિક્ષકોએ થોડાં પાન પૂરાં પાડયાં. તેમાં થોરનો ઉછેર શાસ્ત્રીય રીતે કરવામાં આવ્યો. આવી રીતે અમરેલી તાલુકા તથા ખાંભા પેટામહાલની લગભગ બધી શાળાના કમ્પાઉન્ડમાં ખેડૂતો માટે થોરને સજીવન કરવામાં આવેલ છે; અને જેમ જેમ પાન વધે છે, તેમ તેમ ખેડૂતોને ઉછેરવા માટે આપવામાં આવે છે. શિક્ષકોનું આ કાર્ય ઘણી જ પ્રશંસાને પાત્ર છે.

થોરનો ઉપયોગ

તેનાં ફળના રસમાંથી બાલામૃત બને છે. એના રસને ખાંડની ચાસણીમાં તૈયાર કરી, હંમેશ બે ચમચી દૂધ સાથે લેવાથી, ઉધરસ તથા દમ મટે છે, પાકાં ફળ કાંટાને દૂર કરી ખાઈ શકાય છે.

તેના મૂળના રસને પેટ ભરીને પાવાથી સર્પનું વિષ ઊતરે છે. મેડી ગુ. શા. મુ. શિક્ષક લાલસિંહભાઈનો આ બદલ ખાસ અનુભવ છે. તેના પાનના કાંટા દૂર કરી, તેના કટકા સાથે થોડો ચણાનો લોટ ભેળવી ખવરાવવાથી ઢોરને દૂધ વધે છે, અને તેના શરીરને સારું પોષણ મળે છે. સં. ૧૯૫૬ના દુષ્કાળમાં આ થોર ખવરાવી ઘણાં ઢોરને જીવાડવામાં આવેલ હતાં, તે બદલનો મારો પોતાનો અનુભવ છે. તેની રાખમાંથી પૉટેશ કાર્બોનેટ નામનો અમૂલ્ય પદાર્થ મળી આવે છે. શ્રી. મૂળજીનો અસલ લેખ વાંચવાથી સર્વ કોઈને ખાતરી થશે કે આ થોરમાંથી ઘણાં જ કિંમતી દ્રવ્યો બનાવી શકાય છે. આવી ઉત્તમ વસ્તુનો હિન્દમાંથી નાશ થયો છે. શ્રી. મૂળજીનો લેખ વાંચ્યા પછી તો હરકોઈ સજ્જનને દિલગીરી થયા સિવાય રહેશે જ નહિ. દરેક ખેડૂત તથા શિક્ષકને થોરને સજીવન કરવા માટે મારી નમ્ર વિનંતિ છે. ફરીથી હું બધા શિક્ષકોનો આ મહાન્ કાર્ય કરવા બદલ આભાર માનું છું.

હ. ના. પટેલ

પ્રમુખઃ અમરેલી મહાજ પ્રન્તકોન્વય મંડળ

આપણા રાજ્યનો અનાજપ્રશ્ન

એકંદરે રાજ્યમાં (આ વર્ષે) મોસમ સંતોષકારક થઇ છે અને પાક પરત્વેની વસ્તુસ્થિતિ એવી છે કે રાજ્યની જરૂરતો માટે અનાજ પૂરતું હોવા સંબંધે કોઇપણ પ્રકારની ચિંતા રાખવાની કશી જ જરૂર નથી. સભાસદોને યાદ હશે કે ગયા એપ્રિલ મહિનામાં શ્રીમંત સરકારે હુકમો કાઢીને દરેક ખાતા માટે અનાજની ખેતી સારૂ ઓછામાં ઓછી ફરજીઆત વત્તા ઠરાવી હતી. મને કહેતાં હર્ષ થાય છે કે રાજ્ય સમસ્તમાં બધે નાના તેમ જ મોટા ખેડૂતોએ આ કાર્યનીતિને અમલી રૂપ આપવામાં રાજીખુશીથી સહકાર આપ્યો છે. તેના રૂડા પ્રતાપે એકંદર દૃષ્ટિએ રાજ્યમાં અનાજના સંબંધમાં અછતનો વિસ્તાર રહ્યો નથી અને વસ્તીની જરૂરતોને પહોંચી વળવાને રાજ્યમાં પૂરતો જથ્થો હશે. અલબત, જુદા જુદા પ્રાંતોના સંજોગોમાં ફરક રહે છે. વડોદરા અને નવસારીમાં ખેંચ પડે છે અને મહેસાણા તથા અમરેલીમાં વધારો રહે છે.

શ્રીમંત સરકારની ખોરાક પરત્વેની નીતિ ફરીથી થોડા શબ્દોમાં સ્પષ્ટ કરવી મને ઠીક લાગે છે. પ્રથમ, **પાક લણવાના સંબંધમાં, અથવા ખેડૂતો પોતાના અરેખરા વપરાશ માટે તેમને જોઇએ તેટલું બધું અનાજ પોતાની પાસે રાખે તે સંબંધમાં કશો જ પ્રતિબંધ નથી.** છાપામાં તેથી ઊલટા પ્રકારના મારી મચડેલા અહેવાલો પ્રસિદ્ધ થયા છે તેથી આ હકીકત હું સ્પષ્ટપણે કહું છું.

બીજું, **અતિસંગ્રહ ગુન્હો છે, અને તે માટે સખ્ત સજા કરવામાં આવશે.** બધા વધારાના જથ્થા પરવાનદાર વેપારીઓ અગર વેપારીમંડળોને જ વેચવા જોઇશે, અને ચોખ્ખાખરીદી માટે શ્રીમંત સરકારે જેની નિમણુક કરી હોય તેને જ વેચવાના છે. ત્રીજું, રાજ્યને લગતા પ્રદેશોમાં જે ભાવો ચાલતા હોય તે જ ભાવ ખેડૂતોને તેમના વધારાના અનાજ માટે મળવા જોઇએ એવી શ્રીમંત સરકારની નીતિ છે. પડોશના પ્રદેશોમાં ચાલતા હોય તેનાથી ઓછા ભાવે પોતાનું અનાજ વેચવાની રાજ્યના ખેડૂતોને ફરજ પાડવામાં આવે એવો બિલકુલ ઇરાદો છેજ નહિ અને શ્રીમંત સરકાર તેમના ઉપર એવી ફરજ ચોક્કસપણે નહી જ નાખે. પૂરવઠા અધિકારી-ડિરેક્ટર ઑફ સિવિલ સપ્લાઇઝના અગર મુખ્યના પરવાના વિના રાજ્ય બહાર અનાજ નિકાસ કરવી એ ગુન્હો છે અને તેને માટે સખ્ત સજા કરવામાં આવશે. શ્રીમંત સરકારની એવી આતુર આશા છે કે ખેડૂતો પોતાનું વધારાનું અનાજ તત્પરતાથી વેચશે અને સત્તાવાળાઓની લેખી પરવાનગી વગર રાજ્ય બહાર બિલકુલ અનાજ મોકલાશે નહિ. આ દિશામાં શ્રીમંત સરકારના પ્રયત્નોને પ્રાંત અને મહાલોની ખોરાક સમિતિઓ અને ગામ પંચાયતોએ મદદ કરવી જોઇએ. એ સમિતિઓએ વારંવાર મળીને પોતપોતાના વિસ્તારોમાં ખોરાકની વસ્તુસ્થિતિને તપાસતા રહેવું જોઇએ. ખાસ કરીને, ખેડૂતો અથવા વેપારીઓ પાસેના વધારાના જથ્થા તાત્કાળા વિસ્તારને પૂરેપૂરા મળી શકે તેમ છે કે નહિ, ખેડૂતોને અપાતા ભાવો વાજબી છે કે નહિ, ગ્રાહકો પાસેથી લેવાતા ભાવમાં નફાખોરી થાય છે કે નહિ, અને બહારના વિસ્તારોમાં વગર પરવાને નિકાશ અગર છાનીછપની ખાનગી થાય છે કે કેમ, એ બાબતો તપાસવી જોઇએ. તો સમિતિઓ રાજ્યના લોકોની ઉંચામાં ઉંચા પ્રકારની સેવા કરી શકશે.*

---

* તા. ૧૧-૧૦-૪૩ ના રોજ મળેલી વડોદરા રાજ્ય ધારાસભાની બેઠકમાં ને. ના. દીવાન સાહેબે આપેલા જવાબમાંથી.

આજની અનાજ--આંધીનો સરળ ઉકેલ

ખેડૂતોને ખાસ લક્ષમાં રાખવાની બે મહત્ત્વની વાતો તરફ હું ધ્યાન ખેંચું છું. અત્યારે જગતે કદી નહિ જોયેલા એવા દારુણ યુદ્ધમાં આખું વિશ્વ સંડોવાયું છે. પશ્ચિમના જે દેશોનાં ખેતરોમાં ધાન્યના ઢગલા થતા તે ખેતરોમાં આજે વેરાનતા પ્રસરે છે. હિંદમાં પરદેશથી અનાજ આવતું બંધ થયું છે, અને લશ્કરી જરૂરીઆતોને લીધે આજે અનાજ મોટા પાયા ઉપર ખરીદાય છે. પરિણામે અનાજની માંગ વધી રહી છે. આપણે સૌએ જીવવા માટે વધારેમાં વધારે અનાજ ઉગાડવાની જરૂરીઆત ઉપસ્થિત થઇ છે. વડોદરા રાજ્ય એ ખાધાખોરાકી માટે ખાધનો પ્રદેશ છે. માળવાથી આવતા ઘઉં અને નવગઢથી આવતા ચોખા મેળવતાં હવે મુશ્કેલી પડે છે. એટલે આપણા રાજ્યની પ્રજાને અનાજ વગર મુશ્કેલીમાં મુકાવું ન પડે તે ખાતર, બની શકે તેટલું અનાજનું વાવેતર વધારવા શ્રીમંત સરકારે હુકમો કરેલા છે. ખેડી શકાય તેવી તમામ જમીનોનો ઉપયોગ અનાજના વાવેતર માટે કરવા ધોરણ ઠરાવ્યું છે, અને આને માટે સરકાર તરફથી સવલતો પણ અપાય છે. વધારે અનાજ વાવી ખેડૂતો જો દેશના ભૂખે મરતા દેશબાંધવોને ભૂખમરામાંથી બચાવી શકે, તો તેમણે અગત્યની માનવસેવા કરી છે એમ કહી શકાય. હું માનું છું કે **ખેડૂત જેવો પાક તૈયાર થાય એટલે પ્રથમ પોતાની જરૂરીઆત જેટલું સંભાળી જ રાખશે.** તેમ કરતાં વધારો રહે. તે પ્રથમ પોતાના પ્રાંતનાં બીજાં ગામો માટે, અને તેમ કર્યા પછી વધારો તે રાજ્યના બીજા પ્રાંતો માટે રાખવાનો છે. પૈસાના લોભે અનાજને ગેરકાયદે રાજ્ય બહાર મોકલવું, એ એક દ્રોહ છે. વધારે ભાવના લોભે અનાજ વેચી પાછળથી પોતે અને પોતાનાં આશ્રિતોને ભૂખે મારવા જેવી સ્થિતિ ઊભી કરનારા માટે બંગાળની અત્યારની સ્થિતિ બોધપાઠ લેવા જેવો દાખલો પૂરો પાડે છે. પૈસા વગર તમે ચલાવી શકો; અનાજ વગર ચલાવી શકો નહિ. માટે પાકની વહેંચણી અને વ્યવસ્થા માટે સરકાર તરફથી વખતોવખત જે સૂચનાઓ આવે તેનો પ્રામાણિકપણે અમલ કરજો.

બીજી મહત્ત્વની વાત અત્યારે ખેતીના પાકના ઊંચા બજારભાવોથી થતી કમાણી સંબંધમાં હું કહેવા માગું છું. આપણો ખેડૂત સામાન્યતઃ કર્જના બોજામાં દટાયેલો હોય છે. અને કર્જનો ભાર ઓછો કરવા માટે ખેડૂત કર્જનિયમન નિબંધ અસ્તિત્વમાં આવ્યો છે, અને કર્જ સમાધાન મંડળો પણ બોજામાં છે. હાલના બજારભાવોને લીધે થતી કમાણીનો લાભ લઇ દરેક ખેડૂત પોતાનું પાછલું કર્જ ચૂકવી નાખી ઋણમુકત બને, એમ હું ઇચ્છું છું. કર્જ ચૂકવ્યા પછી બાકી રહેલી કમાણી ઉડાવી દેવા કરતાં બચત રાખવી આવશ્યક છે. અત્યારે અનાજના ભાવો ઊંચા હોવાથી ખેડૂત છેલ્લાં પાંચ સાત વર્ષમાં ન કમાઇ શકયો હોય તેટલું એક વર્ષમાં કમાઇ શકે, તેવી સ્થિતિમાં છે. આ કમાણી હજુ નિદાન બે વર્ષ સુધી ચાલુ રહેશે. પરંતુ ઉદય પછી અસ્ત, એ કુદરતનો કાનુન છે. તેથી પછી મંદી આવે છે, એ ભૂલવું જોઇએ નહિ. અનાજના આટલા ઊંચા ભાવો કાયમને માટે ટકી રહેશે એવા ભુલાવામાં પડશો નહિ. જયારે અનાજના ભાવ નીચા જશે અને જીવનની અને ખેતીના ઇતર જંજરિયાતોના ભાવ ઊંચા હશે, ત્યારે જો ખેડૂત પાસે બચત રકમ નહિ હોય, તો ઘણો

વિકટ પરિસ્થિતિમાં તે મુકાશે. એવી બેહાલી ભોગવવી ન પડે તે ખાતર પ્રત્યેક ખેડૂત હાલની કમાણીમાંથી કરકસર કરીને બને તેટલાં વધારે નાણાં બચાવે, તે ખાસ આવશ્યક છે. આને માટે આપણી સરકારે ખેડૂતોના હિતમાં એક યોજના કરેલી છે. પ્રત્યેક ખેડૂત પોતાની બચત રકમો—નાની નાની રકમો પણ ટુકડે ટુકડે—પોતાના ગામના પટેલતલાટી મારફત સરકારમાં જમા કરાવી શકે છે. સરકાર આ બચત ઉપર વ્યાજ આપે છે, અને ખેડૂતને જ્યારે જરૂર પડે ત્યારે વ્યાજ સાથે જમા મૂકેલી રકમ પાછી આપવાની યોજના છે. બેંકની માફક પાસબુક આપવામાં આવે છે, અને બચત મુકાતી તમામ રકમો તેમાં જમા કરી આપવામાં આવે છે. એટલે અત્યારની કમાણી વેડફી ન નાખતાં, બને તેટલું બચાવો. આ પ્રમાણે કરેલી બચત તમારી ખરી જરૂરિયાતના પ્રસંગે આશીર્વાદ સમાન નીવડશે, અને નવું કર્જ કરવામાંથી તમે ઉગરી જશો.

મુલકી અમલદારોને

મારું આજનું વક્તવ્ય પૂરું કરતા અગાઉ મુલકી અમલદારોને એક મહત્ત્વની વાત હું કહેવા માગું છું. શ્રીમંત મહારાજા સાહેબની રાજનીતિ ખેડૂતોનો ઉત્કર્ષ સાધી તેમને સુખી અને આબાદ કરવાની છે. આ નીતિ અમલમાં મૂકવા માટે હાલના ખેતીવાડી ખાતાની યોજના છે. ખેડૂતોના સર્વદેશીય વિકાસ માટે તે ખાતું સતત પ્રવૃત્ત રહે છે. તે ખાતા તરફથી થતી પ્રવૃત્તિઓમાં સંપૂર્ણ સહકાર આપવો એ દરેક મુલકી અમલદારની પ્રધાન ફરજ છે. ખેતીવાડી ખાતાની પ્રવૃત્તિથી વાકેફ થઈ પોતાની ફેરણી દરમ્યાન ખેડૂતોના ધ્યાન ઉપર એ પ્રવૃત્તિઓ લાવવી જોઈએ. મુલકી અમલદારો ખેડૂતોના સતત સંપર્કમાં આવે છે. આ સંપર્ક વખતે જો તેઓ ખેતીના વિષયમાં થઈ રહેલી પ્રગતિ ખેડૂતોના ધ્યાન ઉપર લાવી શકે નહિ, તો તેમણે તેમની ફરજ અદા કરી નથી એમ હું માનીશ. ખેડૂત અને ખેતીની ઉન્નતિથી વધારે મહત્ત્વની બીજી કોઈ વાત મુલકી અમલદારોને હોઈ શકે નહિ. ખેડૂતની આબાદી થાય તો જ મુલકની આબાદી થાય. મુલકની આબાદી માટે *નિમાયેલા મુલકી અમલદારોએ ખેડૂતની આબાદી અર્થેની ખેતીવાડી ખાતાની તમામ* પ્રવૃત્તિઓમાં સક્રિય સહકાર આપવો જોઈએ. જો આ બે ખાતાં વચ્ચે સહકાર ન હોય તો શ્રીમંત સરકારના પ્રયત્નોનું જોઈએ તેટલું અસરકારક પરિણામ આવી શકે નહિ. હું આશા રાખું છું કે ખેતીવાડી ખાતાની પ્રવૃત્તિઓ તરફ મુલકી અમલદારો ઉદાસીનતા સેવે છે, અગર તે ખાતાનાં લખાણોનો જોઈએ તેવી તત્પરતાથી અમલ થતો નથી, એવી ફરિયાદો મારે સાંભળવાના પ્રસંગ આવશે નહિ. ખેતીવાડી ખાતાની પ્રવૃત્તિઓ સાથે સહકાર સાધવાની એક પણ તક મુલકી અમલદારોએ જવા દેવી જોઈએ નહિ.

અંતમાં હું આશા રાખું છું કે આપણો ખેડૂત ઉદ્યમી, આનંદી અને સ્વાશ્રયી થાય, ઔદ્યોગિક ખેતીમાંથી સાધન બની સુખી થાય, અને તેની ઉન્નતિ સાધવાના શ્રીમંત સરકારના પ્રયત્નોમાં સાથ આપી ઉત્કર્ષ સાધે, અને "જગતના તાત"નું બિરુદ સાર્થક કરે!*

---

* અમરેલી મુકામે ઉજવાયેલા ખેડૂતદિન પ્રસંગે મે. રા. બા. સરસુબા શ્રી. ભાઈ સાહેબ પ્રમુખપદેથી આપેલા વ્યાખ્યાનમાંથી.

આવતા માસની કાર્યદિશા

૧ ઑક્ટોબર આખર પૂરા થતા ત્રણ માસનું નિવેદન તૈયાર કરી જૂથમંડળમાં મોકલી આપો, જેથી તેઓ વહેલી તકે ખાતામાં મોકલે.

૨ તમારા અંદાજમાં મંજૂર થયા પ્રમાણે ગ્રામ પંચાયત અને સંરક્ષાર મદદની બાબતીઓ પુસ્તકાલય ખાતા તરફ જલદી મોકલો.

૩ અંદાજ મંજૂર કર્યું છે તેમાં રકમમાં ફેરફાર કરવા સવડ નથી, માટે ફરી પાછાં મોકલવાં નહિ. પરંતુ જે તે સદરે મંજૂર કરેલી રકમો માટે કોઈ પત્ર કે સામયિક બહાર પડ્યું હોય અને તે તમને ન રૂચે તો નક્કી કરેલી નાણાંની યત્તામાં રહી સુધારો સૂચવશો તો ગ્રાહ્ય રહેવા ઘટિત તજવીજ થશે.

૪ પુસ્તકાલયના વર્ગીકરણનું કામ અધુરૂં હોય તો આવતી વૅકેશનનો લાભ લઈ સેવાભાવી યુવકોના સહકારથી તે કાર્ય પૂરૂં કરવા પ્રયાસ કરો.

૫ દીપાવલિના તહેવારોમાં વાચનપ્રચાર વધે તે માટે તમારા પુસ્તકાલયમાંથી મહોલ્લે મહોલ્લે પુસ્તકવાચન પૂરૂં પાડવા આપનું બનતું કરો.

૬ તમારા પુસ્તકાલયની લોકમદદ વહેલામાં વહેલી પુસ્તકાલય સ. સ. મંડળમાં મોકલી આપો.

વડોદરા,
તા. ૨૪-૯-'૪૩

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક

મધ્યવર્તી પુસ્તકાલય — સાર્વજનિક પુસ્તકાલય શાખા

વટહુકમ નંબર ૪ સને ૧૯૪૩-૪૪

વિષય

કરજ્યા પુસ્તકાલયોએ દફ્તરી વ્યવસ્થા અને હિસાબી કામ ઠરેલા ધોરણે રાખવા બાબત

દફ્તરી વ્યવસ્થાનું કામ ઠરેલા ધોરણે થતું નથી.

કરજ્યા પુસ્તકાલયોનું દફ્તરી વ્યવસ્થાનું કામ ખાતા તરફથી ઠરાવી આપ્યા પ્રમાણે કરવા વખતોવખત આ તરફથી સૂચવવામાં આવેલું છે અને દફ્તરી વ્યવસ્થા ઠરાવી આપેલા દફ્તરી કાગળો પ્રમાણે રાખવા અંગેથી વટહુકમ નં. ૬ સને '૪૮-૩૯ તા. ૯-૫-૩૯ થી ઠરાવેલું છે અને તે પુસ્તકાલય પ્રવૃત્તિના ઓફીકરણ (૧૯૪૨)ના પાન ૧૧૪-૧૧૫ ઉપર પણ આ બાબતની સૂચના આપેલી છે. તે પુસ્તક દરેક

પુસ્તકાલયમાં આવેલું છે જ. છતાં અમારી તપાસણીમાં જણાઇ આવ્યું છે કે કરમા પુસ્તકાલયોનું હિસાબી કામ અને દફતરી કાગળોની ફાઇલો ફેરીસ્તો વગેરેનું કામ ઠરેલા ધોરણ પ્રમાણે રહેતું નથી.

હીસાબી કામ પુરૂં કર્યાનો પ્રતિજ્ઞા શેરો બીલ ઉપર કરવા બાબત.

સબબ આથી તમામ કરમા પુસ્તકાલયોના મંત્રીઓને અને વ્યવસ્થાપકોને જણાવવામાં આવે છે કે જે તે પુસ્તકાલયનું હિસાબી કામ અત્રેથી ઠરાવી આપેલા નમુનાઓમાં રાખવું અને હિસાબી કાગળો વગેરેની ફાઇલ દુરસ્તીનું કામ વખતસર કરી સાલવાર દફતરની ગોઠવણી તેમ જ મેળવણીનું કામ કરવાની તજવીજ કરવી. હવેથી આ બાબતની ખાતરી કોઇ પણ કરમા પુસ્તકાલયને અપાતી સરકાર પંચાયત મદદ બંધ કરવાની ફરજ પડશે તે જણવું. આ વટહુકમ પ્રમાણે તમામ વ્યવસ્થા વ્યવસ્થિત રીતે રાખી છે તેવો પ્રતિજ્ઞાશેરો દરેક બીલ પર કરી મોકલવા જેમણે તેમણે હવેથી તજવીજ રાખવી.

વડોદરા,
તા. ૨૭-૯-૪૩

પુ. ત્રિ. શાહ

ઉ. મો. પરેલ
મદદ. વ્યવસ્થાપક

વટહુકમ નં. ૫ સને ૧૯૪૨-૪૩

વિષય

હિસાબો અને કાયમનિધિ સંબંધી

કેટલાંક કરમા પુસ્તકાલયોની તપાસણીમાં જણાયું છે કે તેમને વખતોવખત સૂચના આપવા છતાં હજી કેટલીક ગેરરીતિઓ ચાલુ જ રહે છે તે હવે સદંતર બંધ થવી જ જોઇએ.

જે કરમા પુસ્તકાલયોઓએ ચાલુ સાલનાં અંદાજમાં મંજૂર કરવામાં આવ્યાં છે તેમને મદદ જોઇતી હોય તો નીચેની બાબતોનો સ્પષ્ટપણે ઉલ્લેખ કરી તે પ્રમાણે પુસ્તકાલયમાં વ્યવસ્થા છે તે માગણી સાથે જણાવવું પડશે.

(૧) કાયમનિધિની રકમો ફિક્સ કે સેવિંગ્સ ખાતે મૂકી દેવી જોઇએ અને તેમાંથી કોઇ પણ રકમનો ઉપાડ સામાન્ય સભાના ઠરાવથી ખાતાની મંજૂરી સિવાય ઉપાડ કરવાનો નથી. ખાતાવહીમાં કાયમનિધિનું સ્વતંત્ર ખાતું રાખવું.

(૨) ખાનગી રીતે મંત્રીના નામે પુસ્તકાલયનાં કોઇ પણ નાણાં રહેવાં ન જોઇએ. પરંતુ સંસ્થાના નામે તે નાણું રહેવું જોઇએ. જો બેંક કે પોસ્ટમાં તે રીતે નાણાં મૂકવાની અડચણ હોય તો તમામ નાણાં પુસ્તકાલય સહાયક સહકારી મંડળમાં જમા કરાવવાં.

(૩) કરમા પુસ્તકાલયે બજેટ અને ચાલુ રકમ આવે કે ખર્ચ થાય તે માટે રથાનિક બેંકની શાખા કે પોસ્ટમાં કે મહાલબચત પેઢીમાં ખાતું ખોલી રથાનિક જરૂરીઆત પ્રમાણે રકમ ઉપાડવી અને રૂા. ૨૫) ઉપરાંત જે તે માસની આખર તારીખે શિલક હોય તે જમા કરાવવી અને જરૂર હોય ત્યારે બિલો પ્રમાણે મંત્રીએ ખર્ચ મંજૂરી પ્રમાણે કરવો.

(૪) બજેટમાં મંજૂર થયા પ્રમાણે જ દરેક સદરે ખર્ચ કરવો અને રૂા. ૧૦) થી દશ રૂપિયા સુધી મંત્રી પોતાના અધિકારમાં ફેરફાર કરે તે બીજા માસની કારોબારીની સભામાં રજૂ કરવો.

(૫) માસિકખર્ચ દર માસે કારોબારીની સભામાં રજૂ કરવો અને તેની બહાલી મેળવી રોજમેળ પર તે ખર્ચ બરાબર થયાની મંત્રી સિવાય બીજા એક સભ્યની સહી કરાવવી.

(૬) રોજમેળ રોજ જ્યારે આવક કે ખર્ચ થાય ત્યારે લખી છેવટે શિલક કાઢવી.

(૭) દર માસે તા. ૨૦ સુધીમાં સભા બોલાવી કામ કરવું. જો સભા ન મળી શકે તો જે પ્રશ્નો સભામાં મૂકવાના હોય તે તમામ પ્રશ્નો સંબંધે લેખી મત મેળવવા અને આવેલા અભિપ્રાયો પરથી ઠરાવ કરવા. આ તમામ કાગળો કાયમે રાખવા.

(૮) અંદાજ ઉપરાંત જે સદરે ખર્ચ કરવાની જરૂર હોય તેની પ્રથમ મંજૂરી વ્યવસ્થાપક મંડળે પુસ્તકાલય ખાતાની મેળવવી.

(૯) પુસ્તકાલયના કાયમનિધિની રકમોમાંથી જ પુસ્તકાલયોએ પોતાનાં મકાનો વગેરે બાંધ્યાં છે તો તે મકાનો વગેરેની કિંમત કાયમનિધિ ખાતેની મૂડીમાં ગણવી અને તેટલું વધારે કાયમનિધિનું ફંડ ગણવું.

(૧૦) દુકાનો વગેરે ભાડે આપવાની હોય તો તેનું દરેક અંગ્રેજી માસની તારીખ ૫ સુધીમાં ભાડું જમા લેવાની શરતે તેમ જ સંસ્થાના હિત ખાતર બીજી જે યોગ્ય બાંહેધરી લેવી હોય તેમ જ સ્પષ્ટ કરારથી ભાડાચિઠ્ઠી ભાડે રાખનારના ખર્ચે કરાવવી. ભાડા બાકી પડે અને માંડી વાળવાના પ્રસંગો થાય એ કોઈ રીતે હિતાવહ નથી.

તા. ૧૧-૧૦-'૪૩ }

ઉ. મો. પટેલ
મદદ. વ્યવસ્થાપક

સૂચના નં. ૧૨ સને '૪૩-૪૪

વિષય

વાચકો અને હાલની પરિસ્થિતિ

પુસ્તકાલયોમાં આવતા સંખ્યાબંધ સામાન્ય જ્ઞાન ધરાવનાર વાચકો માટે પુસ્તકાલયોના વ્યવસ્થાપકોએ નીચેની મહત્ત્વની સૂચના પોતાના પુસ્તકાલયમાં મોટા અક્ષરે લખાવી ચોડવીઃ

(૧) કોઈ જાતની ઊડતી વાતોમાં માનવું નહિ.

(૨) બેફૂતે બીનજરૂરી સંગ્રહવૃત્તિ રાખવી નહિ; કારણ, પોતાને જોઇતી બજારની ચીજો મેળવવા માટે તેને થોડું ઘણું વેચવું પડશે.

(૩) નફાખોરીને ઉત્તેજન ન આપતાં શ્રીમંત સરકાર તરફથી જે યોજનાઓ વખતોવખત બહાર પડે તે પ્રમાણે સહકારથી વર્તવું.

આશા છે કે ઉપરની સૂચનાથી કેટલાય વાચકોને લાભ થશે.

વડોદરા,
તા. ૪-૯-૪૩ }

ઉ. મો. પટેલ
મદદ. વ્યવસ્થાપક

જંગલમાં ઘર વસાવવું છે?
પત્નિ-પ્રેમ ચાખ્યા કરવો છે?
સંસ્કારી પુત્રોના પિતા બનવું છે?
તો પછી આજેજ આંખો મીંચી ખરીદો 'ચકલીવાળી'
તાજા-આંખો ઉઘાડશો એટલે બીજી દુનિયા દેખાશે!

ચકલી વાળી

ઉનાળાની રજાઓમાં શું વાંચશો ?

ઇન્દુલાલ યાજ્ઞિક કૃત

વરઘોડો

જાગત સ્ત્રીત્વની ઝલકદાર નાટિકા: મનોહર રૂપરંગ

રૂ. ૧–૪–૦

○

રણસંગ્રામ

વેધક અને વિચારપ્રેરક ત્રણ ક્રાન્તિકારી નાટકો

રૂ. ૧–૮

ચા ર ના ટ કો

યશવંત પંડ્યા કૃત

શરતના ઘોડા

ભજવાયલાં અને ભજવાય તેવાં લેખકની ચટકદાર શૈલીમાં લખાયલાં ચાર જોરદાર સામાજિક નાટકો

રૂ. ૧–૮–૦

○

રસજીવન

જોબનનાં જાદુભર્યાં ચાર ન' ભજવાય તેવાં નાટકો

રૂ. ૦–૧૨–૦

શ્રી. ધનસુખલાલ મહેતા લિખિત

મનોહર હાસ્યરસથી ભરપૂર કુટુમ્બજીવનની ૨૪ વાર્તાઓ

સા સુ જી

ઉઠાવદાર રૂપરંગ : ૨૦૦ પાનાં : રૂ. ૧–૮

ચન્દ્રશંકર પંડ્યાનાં કાવ્યો

પ્રૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના પુરોવચન અને ડૉ. કાન્તિલાલ પંડ્યાના પ્રવેશક તથા રસપ્રદ ટિપ્પણ સહિત

૩૧૦ પાનાં — રૂ. ૨–૮

દ્વિદલ

બે લેખક મિત્રોની ચોટદાર ચૌદ સામાજિક સુંદર વાર્તાઓ

પાકું પૂઠું : આકર્ષક જેકેટ

રૂ. ૨–૮

સૂચિપત્ર મંગાવો : કોઈ પણ પુસ્તક માટે લખો :

એન. એમ. ત્રિપાઠી લિ., પ્રિન્સેસ સ્ટ્રીટ: મુંબઈ-૨

નવાં પુસ્તકો

ઊઘડતી આંખ

લેખક : ગજેન્દ્રશંકર લાલશંકર પંડ્યા
એમ. એ. બી ટી

નવા અને જૂના જમાનાની આંખોને વાસ્તવિક રીતે ઊઘડતી દર્શાવતી, કૉલેજ, હૉસ્ટેલજીવન, ન્યાત અને સિનેમાસૃષ્ટિના પ્રસંગો રજુ કરી, આજના જીવનના રંગભરી; અંત સુધી, અખંડિત રસપ્રવાહ જાળવી રાખતી રસમય નવલકથા.

ઍન્ટિક કાગળ : કિં. ૩-૮-૦

શારદાપ્રસાદ વર્મા
કૃત

દુર્ગારામ મહેતાજી
અને
બીજાં નાટકો

ગુજરાતના આદ્ય સમાજસુધારકનું અદ્‌ભુત જીવન આલેખતું અને જમાનાનો ચીતાર આપતાં જાજવા જેવાં સાત સુંદર નાટકો અને સંવાદો

પાકું પૂઠું : કિં. રૂા. ૧-૪-૦

મંદિરને પગથિયે

કલ્પનાનાં ઉદ્‌ગ્રયનો, કટાક્ષની તીક્ષ્ણ ઋજુતાભર્યાં ગદ્યકાવ્યો અને આત્માની કણ સમી વિચારકલિકાનો રૂપે રંગે સોહામણો સંગ્રહ.....

ઍન્ટિક કાગળ કિં. રૂા. ૦-૮-૦

ફોરમ આપણા મહાપુરુષોના પ્રેરક પ્રસંગો, ને જિજ્ઞાસા જગાવે એવી બોધક ચરિત્રકથાની સચિત્ર બાર ચોપડીઓ કિં. ૩-૦-૦

અમર મહાજનો કમાલ ઑતાતુર્ક, ઍડિસન, માર્કોની, કયુરી, પાસ્ટર વગેરે દેશ દેશના મહાપુરુષો વૈજ્ઞાનિકો વગેરે બાર સંપૂર્ણ જીવનચરિત્રોની સચિત્ર બે પાકી બાંધણીની ચોપડીઓ... ... રૂા. ૨-૦-૦

પુરાણનાં પાત્રો સાતથી દસ વર્ષનાં બાળકો માટે સરલ શૈલીમાં લખાયેલાં, રામ, સીતા, શ્રીકૃષ્ણ, હનુમાન વગેરે પુરાણનાં પ્રેરક ચરિત્રોની સચિત્ર પાંચ ચોપડીઓ... કિં. ૦-૧૩-૦

યુગાન્તર કાર્યાલય, ગોપીપુરા—સૂરત

ગુજરાત—કાઠિયાવાડનું માનીતું મહાન દૈનિક

સંદેશ

[સ્થા : ૧૯૨૩]

વિશ્વયુદ્ધના અને દેશપરદેશના
છેલ્લામાં છેલ્લા સમાચારો
આપવામાં સૌથી મોખરે છે.

આપના પુસ્તકાલયમાં
દૈનિક 'સંદેશ' આવે છે ?

આપ 'સંદેશ'ના વાર્ષિક ગ્રાહક
બની ઝડપી જગતના છેલ્લામાં છેલ્લા
ટેલિપ્રિન્ટર
દ્વારા મળતા સમાચારો વાંચો.

આખા વર્ષનું લવાજમ ભરનારને
'સંદેશ'ના દળદાર અને સચિત્ર
દીપોત્સવી અંક
ભેટ તરીકે આપવામાં આવશે :

વડોદરા રાજ્યનાં પુસ્તકાલયો માટે ખાસ વાર્ષિક લવાજમ રૂ. ૪૫) (ટ.ખ.સાથે)

આપના બજેટમાં 'સંદેશ'નું નામ મૂકવાનું ન્હેમ ભૂલશો.

વધુ માહિતી માટે લખો : મેનેજર : 'સંદેશ', સારંગપુર : અમદાવાદ

નવચેતનનાં નૂતન પ્રકાશનો આપની લાઇબ્રેરીમાં હોવાં જોઇએ.

કુંદન	શ્રી. બદ્રિમચંદ્ર	૪–૮–૦
શ્રીદેવી	,,	૩–૮–૦
ચંદા	શ્રી. ઇન્દ્ર વસાવડા	૩–૦–૦
ગંગાના નીર	,,	૩ ૦–૦
કલાની સહચરી	શ્રી. સોમાભાઇ	૨–૮–૦
ઈશ્વરનું ખૂન	શ્રી. દિવ્યાનંદ	૨-૧૨-૦
યોગી કોણ	,,	૧–૮–૦
પ્રીતમની પ્યાસ	,,	૧–૮–૦
બહેન	શ્રી નિરુપમાદેવી	૩–૮–૦
ગ્રામીઝમ	શ્રી. રામરાય મુનશી	૩–૮–૦
યુદ્ધ ને ગામડાં	,,	૦–૪–૦
સુકન્યા	શ્રી. સીતારામ શર્મા	૩–૦–૦
સ્વાધ્યાય	ડૉ. હરિપ્રસાદ દેસાઇ	૧-૧૨-૦
મંદારમાળા	શ્રી. કેશવ ઠ. શેઠ	૧–૪–૦
ઝાકળના બાંધ	શ્રી. 'બેકાર'	૩–૦–૦
કલ્યાણને માર્ગે	શ્રી. રમણિક દલાલ	૨–૦–૦
આશા	શ્રી. મકનજી પરમાર	૧–૮–૦
વગડાના ફૂલ	,,	૨–૦–૦
આનંદમંત્રીસી	શ્રી. જ. ખંધડિયા	૨–૦–૦
રાસરંજના	શ્રી. જયુભાઇ રા.	૧–૪–૦
એકાકી	શ્રી. ન. શુકલ	૧–૪–૦
જીવનનિર્માણ	શ્રી. ચિરંતન	૨–૦–૦
આજકાલ	શ્રી. પુ. પારેખ	૧–૮–૦
જીવંત નવાળા	મનનીય લેખો	૧–૦–૦
વલકલ	શ્રી જયવંત ઠાકર	૧–૪–૦
નવનૈવેદ્ય	શ્રી. ર. ટાગોર	૧–૦–૦
ગામડાનું સ્વરાજ	શ્રી. ઇ. યાજ્ઞિક	૦–૪–૦
આપણું રાજ્ય	શ્રી. ડાહ્યાભાઇ પટેલ	૦–૫–૦
ધરતીનો બાળમેળો	શ્રી ઇંદુલાલ ભટ્ટ	૦–૮–૦
બોલિયો મત	દિનેશ ઠાકોર	૯–૪–૦
સુરભી	ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી	૦–૮–૦
દીવડા	શ્રી. હિંમતલાલ મર્યંક	૦–૬–૦

: લખો :

નવચેતન સાહિત્ય મંદિર, ૨૪૫૬ : ભદ્ર : અમદાવાદ

લાયબ્રેરીની શોભા સમાં નવાં પ્રકાશનો

અદૃશ્ય માનવી

એચ. જી. વેલ્સ કૃત અંગ્રેજી સાહિત્યમાં નવી જ ભાત પાડતી વૈજ્ઞાનિક નવલકથાનો ભાવાનુવાદઃ ૩-૦-૦

ક્રાંતિની ઝાલરી

પોતાની સ્વાધીનતા માટે લડેલી બહાદુર પ્રજાની બૌદ્ધકાલિન ઐતિહાસિક નવલકથા ૩-૦-૦

વિમાતા

શરદબાબુ કૃત સ્ત્રીસમાજના પ્રશ્નો ચર્ચતી ત્રણ નવલિકાઓનો સંગ્રહ ૨-૮-૦

બ્રહ્મચર્યમિમાંસા

જટાશંકર નાંદી કૃત વૈદકીય, સામાજિક, અને ધાર્મિક દૃષ્ટિએ બ્રહ્મચર્યના પ્રશ્નો રજુ કરતું પહેલું જ પુસ્તક. ૩-૮-૦

વિકાસ

ચુનીલાલ વર્ધમાન શાહ કૃત એક સામાજિક નવલકથા ૩-૦-૦

મમતા

શરદબાબુ કૃત સ્ત્રીસન્માનના પ્રશ્ન પર પ્રકાશ પાથરતી નવલ. ૨-૦-૦

પ્રથમ આષાઢ

નિરૂભાઇ દેસાઇ કૃત સંસારના અનેક પ્રશ્નો પર વેધક પ્રકાશ પાડતી નવલિકાઓનો સંગ્રહ ૨-૮-૦

નયના

રસિકલાલ જોષી કૃત નવા અને જૂના જમાનાના વિચારનું મિલન અને તેની અથડામણની રહસ્યભરી નવલકથા ૩-૦-૦

સંતતિના સર્જન પછી

મહાશંકર ઈ. દવે કૃત નૈતિક, ધાર્મિક ને વૈદકિય દૃષ્ટિએ બાળઉછેર. ૨-૮-૦

રૂપરાણી

ધસાડોરા ડંકનની આત્મકથાનો શ્રી. વજુ કોટકે કરેલો અનુવાદ. ૩-૦-૦

નિમેટો

'ધૂમકેતુ'ની સામાજિક નવલિકાઓનો અજોડ સંગ્રહ. ૧-૮-૦

તૈયાર થાય છે

સ્વતંત્ર ભારત [ડુંગરશી સંપટ]
હસાહસાટ [ઝોલીયા જોશી]

ગુણવંતરાય આચાર્ય

કોરી કિતાબ : ૧-૮ નિવેદિતા : ૩-૮
ભસ્માંગના : ૨-૦ વિરાટનો ઝબ્બો ૧-૦
કોણ ગુન્હેગાર : ૧-૦

સૌરિન્દ્રમોહન

નારી : ૨-૦ નિરૂપમા : ૨-૦
ગૃહત્યાગ : ૨-૦ મુક્ત પંખી : ૨-૮
લાલ માટીના રસ્તા : ૨-૮

'નવયુગ' ગ્રંથમાળા અને 'લીલાવતી' ગ્રંથમાળાનું લવાજમ ફાગણની અનદદ મોંઘવારીને લીધે ૧૧ મા વર્ષથી રૂા. ૮ (આઠ) કરવામાં આવ્યું છે.

નવયુગ પુસ્તક ભંડાર : રાજકોટ

સી. શાંતિલાલની કું. મહાદેવ રામચંદ્ર બાગુલે પુસ્તકાલય સ.સ.મં.લિ.
પ્રિન્સેસ સ્ટ્રીટ: મુંબઈ ૨ ત્રંબુ કરવાળ અમદાવાદ ચકપુરા : વડોદરા

દરેક પુસ્તકાલયમાં આ પુસ્તક હોવું જ જોઇએ !.

સંપત્તિ અને સૌંદર્ય જેના પગ પાસે આળોટતાં હતાં છતાં પણ

તેના તરફ નજર પણ નહિ ફેંકતાં સામાજિક વડિલશાહી સામે ક્રાંતિનો મંત્ર પુકારનાર

નારીજીવનની કથા

એટલેજ દિલના ડંખ

સ્ત્રી એ અર્ધાંગના છે,
વાસના પોષવાનું રમકડું
નહિજ.

એવા આપણા જીવનમાં બનેલા સામાજિક પ્રસંગો વડે મઢાયેલ નવલકથા

કિં. રૂ. અઢી ટ. ખ. ચાર આના જુદા.

સુંદર કવર જોઇને સાથે આજે જ મંગાવો.

આધુનિક લડત એટલે રાષ્ટ્રીય લડતની અજોડ નવલકથા દરેકે વાંચવી જોઇએ.

સને ૧૯૩૦-૩૧ ના હિંદના સ્વાતંત્ર્યસંગ્રામની ઘટનાઓથી ભરપૂર સુરેખ નવલ.

સુરેખા

લેખક :
જેઠાલાલ ત્રિવેદી
પ્રસ્તાવના :
રમણલાલ દેસાઈ

કિં. ૩ અઢી

મુકુટમણિ અવંતીસમ્રાટ વિક્રમાદિત્યના રોમાંચિક જીવનકાર્યોની સુરેખ ને સુંદર સુલલિત વસ્તુગૂંથણી અહીં રજૂ થઇ છે તે

સમ્રાટ વિક્રમ-અવંતિપતિ

નવોજ ઇતિહાસ લઇને આવે છે. કયો ભારતવાસી સંવતના સ્રષ્ટા વિક્રમને નથી જાણતો ? એનાં થોડાંક પાત્રો જ તમોને ભોભાવી દેશે.

પરદુઃખભંજન વિક્રમ, બળનો અવતાર વેતાળ, સાડવી સરસ્વતી, આભના ગોળા જેવા કાલિકાચાર્ય, દેવદમની, ધંધલી ધાંચણ વગેરે.

કિંમત ૩. અઢી.

બંગાળની પ્રતિભાશાળી સ્ત્રીલેખિકા આ નવલકથામાં નારીહૃદયની ઊંડી વેદનાઓ અને ગ્રંથનો કલાત્મક રીતે રજૂ કરે છે.

સ્વ. શરદ્‌ચંદ્ર ચટ્ટોપાધ્યાયની શૈલીનું સ્મરણ કરાવતી નવી બંગાળી નવલકથા

અચલા

[અનુવાદક : જેઠાલાલ ત્રિવેદી]

લગ્ન, પ્રેમ, સમાજ અને રૂઢિના ભીષણ ચક્રમાં ભીંસાતી હિંદી નારીનું હૃદય વાંચવા માટે આ નવલકથા જરૂર વાંચવી જોઇએ.

કિં. રૂ. ૨-૮-૦

આજકાલ બંગાલી અનુવાદો ખૂબ ગમે છે તે નવલકથાઓ વગેરે

શરત્‌ચંદ્ર (બળવાનું છાયાચિત્ર)	૨-૮
ઈલા (છેલ્લી ઢબની નવલ)	૧-૮
રાધારાણી (બંકિમચંદ્ર)	૦-૮
ધર્મપાલ (બૌદ્ધ જમાનાની નવલ)	૨-૦
નારાયણી (બળવાના વખતની નવલ)	૨-૦
સુવાસચંદ્ર (શરદ્‌બાબુ)	૨-૮
વૃંદાવન ,,	૨-૦
બિન્દુ ,	૦-૮
અરેબિયન નાઇટસ (રામાનંદ ચેટરજી)	૪-૦

દરેક લાઇબ્રેરીના ભોમીઓ તે—

ગુજરાતી

શબ્દાર્થ ચિંતામણિ

(શબ્દકોષ)

૪૨૦૦ શબ્દો, પંદરસો પાનાં. અર્થો વ્યુત્પત્તિ અને રંગ ઠંકેવતો સાથે.

કિં. રૂા. ૫-૮-૦ (ટ. ખ. તેર આના)

લખો—જીવનલાલ અમરશી મહેતા, પીરમથા રોડ, ગાંધી રોડ, અમદાવાદ
જીવનલાલ એન્ડ સન્સ, લજપતરાય રોડ, વીલાપારલા (મુંબઇ)

આ પુસ્તકની ઉત્તમતાનાં પ્રમાણપત્રો :

૧. વડોદરા રાજ્યના કેળવણી ખાતાએ શાળાઓમાં ઇનામ અને પુસ્તકાલયો માટે અને પુસ્તકાલય ખાતાએ તમામ પુસ્તકાલયો માટે આ પુસ્તકના ત્રણે ભાગ મંજુર કર્યા છે.

૨ મુંબઇ ઇલાકાના સરકારી કેળવણી ખાતાએ સ્કૂલોની વિદ્યાર્થીઓની લાયબ્રેરીઓ માટે આ પુસ્તકના ત્રણે ભાગ મંજુર કર્યા છે.

૩ આ પુસ્તકના પહેલા અને બીજા ભાગની ૨૫ (પચીસ) નકલો વડોદરાના પ્રાચ્ય વિદ્યામંદિરે અને ૧૧ (અગીઆર) નકલો અમદાવાદની ગુજરાત વર્નાકયુલર સોસાયટીએ ઉત્તેજન માટે ખરીદી છે.

૪ આ પુસ્તક માટે ' કચ્છ હુન્નરઉદ્યોગ ' પ્રદર્શનમાંથી પ્રમાણપત્ર (Certificate of Merit) મળ્યું છે.

૫ આ પુસ્તકના પહેલા ભાગને આણંદમાં મળેલી બીજી ગુજરાત પુસ્તકાલય પરિષદે સારાં પુસ્તકોમાં ગણ્યો છે.

૬ આ પુસ્તકની ઉત્તમતા માટે અનેક સુપ્રસિદ્ધ સામયિક પત્રોએ સાચા સારા અભિપ્રાયો આપ્યા છે

ઘેરબેઠાં પૈસા કમાવા આજેજ મંગાવો !

કચ્છ વેપારી મંડળના પ્રમુખ,

શ્રી. કુંવરજી પરમશી સંપટે લખેલા

" આમુખ " સાથે

નફાકારક હુન્નરો

ભાગ ૧—૨—૩

નિષ્ણાતો અને અનુભવીઓએ લખેલા વિવિધ ભરોસાપાત્ર હુન્નરોથી ભરપૂર પુસ્તક

૭૫૦ પાનાં, ઉમદા બંધિક કાગળ, સાદ્યોપ શુદ્ધ સુંદર છપાઇ અને આકર્ષક ગેટઅપ

કિંમત ૭ (સાત) રૂપિયા

(વી. પી. થી ટપાલખર્ચ ૧૩ આના જુદું)

મંગાવવા માટે લખો:—

સંચાલક : શ્રી લક્ષ્મી પુસ્તકમાળા

નંબર ૩ ચોક બજાર,

પોસ્ટ સિંધુગરા (અંજાર-કચ્છ).

આ પુસ્તકની ઉત્તમતાના ચોકકસ અભિપ્રાયો

.. દરેક પુસ્તકાલયમાં આ પુસ્તક હોવું જ જોઇએ એટલું જ નહિ પરંતુ તે વિશેષ વંચાય એવી પેરવી મંત્રીઓએ કરવી જોઇએ .. ' પુસ્તકાલય ' માસિક (વડોદરા)

...ઘરગથ્થુ હુન્નરોના આ જાતના દેખાતા પુસ્તકો આપણે ત્યાં પણ બહાર પડયા છે, અને હજીયે ઘણે તેવી જાહેરાતોના ચોકઠા સાથે બહાર પડશે, પરંતુ આ પુસ્તકની વિશેષતા તેમાં મૂકેલા પ્રયોગોજ માત્ર નથી પણ જુદા જુદા વિષયોના સારા અને અનુભવી લેખકો પાસે લખાવેલા લેખોને સંગ્રહીને આ પુસ્તકને વિવિધતાભર્યું બનાવવામાં આવ્યું છે તે છે... ' રવિવાર ' સાપ્તાહિક (મુંબઇ)

...થોડા ખર્ચે જો કોઇ જાતને આજીવિકા મેળવવા માટે પ્રયત્નો કરવા હોય, તો આ પુસ્તક જોઇ જવા જેવું છે...કારણકે ઓછી મૂડીએ જાતમહેનત કરીને પૈસા કમાઇ શકાય છે...

' શિક્ષણ અને સાહિત્ય ' માસિક, (અમદાવાદ)

...વર્તમાન જીવનમા રહીને કેટલાક હુન્નરો કરીને, માણસ પોતાના પેટ પૂરતું મેળવી શકે—એવા પ્રકારના નુસ્ખા આ ગ્રંથમા બતાવવામા આવ્યા છે. છતાં લેખક-સંગ્રાહકે આમાં કેટલીક બિનજરૂર અને બીજાં પુસ્તકોમા જાગ્યે મળે તેવી ઉપયોગી હકીકતો નોંધી પુસ્તકને ઉપયોગી બનાવ્યું છે. પુસ્તક અવશ્ય વાચવા જેવું છે; તેમાથી સૌ કોની રુચિ પ્રમાણે કંઇ ને કંઇ મળ્યા વગર રહેશે નહીં.

' ગુજરાત સાહિત્ય સભાની કાર્યવાહી ' (અમદાવાદ)

...આવાં પ્રત્યેક ઉપયોગી પુસ્તકને રાજ્યે અને ઉદ્યોગોના પ્રચાર માટે ઉભી થયેલી સંસ્થાઓએ ઉત્તેજન આપી, ગ્રામઉદ્યોગને સજીવન કરવામાં સાથ અને સહકાર આપવો જોઇએ.

' ગ્રામજીવન ' માસિક (વડોદરા)

વધુ ખાતરી માટે બીજા અભિપ્રાયોની પત્રિકા મફત મંગાવો.

સેવક

છેલ્લાં ત્રણ વર્ષથી પ્રગટ થતું
'સંદેશ'નું સસ્તુ લોકપ્રિય દૈનિક....
મોટા કદનાં ચાર પાનાં છતાં કિંમત માત્ર ૦-૧-૦
દરરોજ સાંજે નિયમિત પ્રગટ થાય છે.

* જગતમાં દેશપરદેશના છેલ્લા તાર સમાચાર
* સ્થાનિક પ્રશ્નો ની ચર્ચાઓ અને સમાચારો
* વિવિધ રસમય બનાવો અને લેખો
* ગુજરાત કાઠિયાવાડના છેલ્લામાં છેલ્લા વિસ્તૃત અહેવાલો.
* વ્યાપાર સમાચાર-ભાવતાલો વગેરે વિષયો નિયમિત આપવામાં આવે છે.

આપે સેવક જોયું છે ?—જો આ દૈનિક ન જોયું હોય તો આજે જ એક પોસ્ટકાર્ડ લખો અને તમને ઘેર બેઠાં મફત નમુનો મોકલી આપવામાં આવશે.
આ દૈનિક પત્ર ગુજરાત કાઠિયાવાડના 'સંદેશ'ના એજન્ટો પાસેથી મળી શકશે.
બહારગામના ગ્રાહકો માટે ખાસ ડાક આવૃત્તિ નીકળે છે.
લવાજમના દરઃ—એક માસના રૂા. ૨-૦-૦ ત્રણ માસના રૂા ૫-૮-૦
('વી. પી. કરવામાં આવતું નથી. મ. ઓ. કરો)
વડોદરા રાજ્યનાં પુસ્તકાલયો માટે ખાસ વાર્ષિક દર રૂ. ૨૦)વીસ (૮ ખ.સાથે)
વધુ માહિતી માટે લખોઃ—
મેનેજર, **'સેવક'** સરસ્વતી ભુવન, રાયપુર, **અમદાવાદ**

....મહાગુજરાતનું માનીતું સાપ્તાહિક....

આરામ

* છેલ્લાં તેર વર્ષથી દર શનિવારે નિયમિત પ્રગટ થાય છે.
* શિષ્ટ અને ઘડવા સાહિત્યની સામગ્રી માટે આ અઠવાડિક અજોડ છે.

છૂટક નકલ કિં. ૦-૪-૦
વાર્ષિક લવાજમ : રૂા ૧૨) (ટપાલ ખર્ચ સાથે) : પરદેશ ૨૦ શિલિંગ.

દર અંકે પ્રાણવાન પ્રસાદી પિરસાય છે.

* સાહિત્યના પ્રશ્નોની સમીક્ષા
* વર્તમાન વિશ્વયુદ્ધની સમાલોચના
* જાણીતા લેખક શ્રી. અગ્નિની ડિટેક્ટિવ વાર્તા
* આંતરરાષ્ટ્રિય રાજકારણ ચર્ચતા મનનીય લેખો
* કટાક્ષલેખો, હાસ્યરસલેખો અને રસકાવ્યો
* જાણીતા લેખકોની નવલિકાઓ-ટૂંકી વાર્તાઓ
* જ્યોતિષવિજ્ઞાન અને ગણીદળ-વેપારી ભવિષ્ય
* સિનેમાસૃષ્ટિની વાતો અને સમાચારો.
* સાક્ષર શ્રી. ધનશંકર ત્રિપાઠીની કલમે રજુ થતી આકર્ષક ચાલુ વાર્તા 'પીયૂષ'
* આ અને બીજા વિવિધ વિષયોવાળું પ્રેરક સાહિત્ય.

વડોદરા રાજ્યનાં પુસ્તકાલયો માટે ખાસ વાર્ષિક દર રૂ. ૧૦) દસ (૮.ખ.સાથે)
નમુનાની નકલ કાર્ડ લખવાથી મોકલાશે.

લખોઃ— **વ્યવસ્થાપક, 'આરામ'**
C/o. 'સંદેશ' કાર્યાલય, રાયપુર, **અમદાવાદ**

સ્ત્રીશક્તિ ગ્રંથમાળાનાં પુસ્તકો

સટ ૧ લે૦:–વંધ્યા ૦૮, કાકી ૦૭૫૦૦, કાયદામાં સ્ત્રીનું સ્થાન ૦૭૫૦૦, અર્ધાંગના ૦૮, ગૃહવ્યવસ્થાની વાતો ૦૭૫૦, ખાંધણું ૦૭૫, બલિદાન ૦૭૫, ભવાટવી ૦૮, મા ૦૮, જયાના પત્રો ૦૭૫૦.

આખો સેટ રૂા. ૩૰ને બદલે રૂા. ૩

સટ ૨ જો:–પતિની પસંદગી ૦૮, લીલીની આત્મકથા ૧૰૫૦, ફોધ ૦૮, પારસી વાનીઓ ૦૭૫૦, વિધવા ૦૭૫, કોને પરણું? ૧૫૮, સુઘડતા ને સુંદરતા ૦૫૮, હાસ્ય કુવારો ૦૫૮, ભૂતના ભડકા ૧૫૫૮, વિષવૃક્ષ ૧૫૫૮.

આખો સેટ રૂા. ૮૰૫ ને બદલે રૂા. ૭૫૫૮૫

સટ ૩ જો:–હાસ્ય કલાપ ૧૫૫૮, દેવી ચૌધરાણી ૧૫૫૮, વીર રોઝા ૧૫, હાસ્ય ઝરણાં ૧૫૫૮, "વરસ ચઢ્યા મૂકને" ૧૫, રાસરત્નની રુજા, જીવનપલટો ૦૮, સુખી ઘર ૦૭૫૦૦, ભરતગૂંથણ ૦૫૫૮, ચોર્યાસીનું ચક્કર ૦૭૫૦.

આખો સટ રૂા. ૧૨૫૮ ને બદલે રૂા. ૧૧૫૮

સટ ૪ થો:–રઝિયા બેગમ ૦૭૫૦૦, ગૃહવિવેક અને બીજી વાતો ૦૭૫૦, સખીના પત્રો ૦૫૮, રટવનું શાસ્ત્ર ૦૭૫૦૦, સ્ત્રીહૃદય ૦૭૫૦૦, ભાતપ્રેમ અને બીજી વાતો ૦૮, પારસી લગ્નગીતો અને ગરબા ૦૭૫૦, દામ્પત્ય જીવન કુંજ, વફાદાર પતિ ૦૭૫૦૦, આરોગ્ય અને સુખ ૦૭૫૦.

આખો સટ રૂા. ૬૫૦ ને બદલે રૂા. ૬૰૮૰

સટ ૫ મો:–સામાજિક વાતો ૦૭૫૦, રમુજી વાતો ૦૮, ભલી ભાભી ૦૭૰, પતિ પ્રભુ છે ૦૭૰, બાંહેધરી અને ભાવગત ૦૮, વાતનું વતેસર ૦૭૰, ધરેણાંનો શોખ ૦૭૰, પારસી સતીઓ ૦૭૫૦, એકાદશી ૦૫૫૮૫૦, રાણકદેવી ૦૫૫૮.

આખો સટ રૂા. ૩૫૫૮ ને બદલે રૂા. ૩૫૦

સટ ૬ ઠ્ઠો:–શિવાજીની બા ૦૫૫૮, સાસુની શિખામણ ૦૭૰, કાયદાનું અજ્ઞાન ૦૭૰, નામ વગરની નવલકથા ૧૫૫૮, નારીનિપુણ ૦૮, સામાજિકધર્મ ૦૭૫૦, નવા સાથિયા ૦૭૫૦ વીર તારા (બે ભાગ) ૨૫૫૮, ગોરમાનાં ગીતો ૦૭૰.

આખો સટ રૂા. ૬૫૮ ને બદલે રૂા. ૬૰૦

સટ ૭ મો:–મેઘમ કેમીડા ૦૫૫૮, સામાજિક વાતો ભાગ–૨ ૦૭૫૦૦, ગૃહિણીપદ ગૃહિણી ૦૭૰, સ્ત્રીસ્વાતંત્ર્ય ૦૭૰, દક્ષિણી રાંધણકળા ૦૭૫૦૦, સતી જસમા ૦૭૫૦, સંસાર-દર્શન ૦૭૫૦, ભૂમિમાતા–આનંદમઠ ૧૫૮, બાળવિધવા ૦૭૫૦, સાચાં સદ્ગાર ૧૫૫૮.

આખો સટ રૂા. ૬૫૦ ને બદલે રૂા. ૬૰૦

સટ ૮ મો:–ચેપમા અથવા એક પર બીજી ૦૭૫૦, સુકન્યા ૦૭૫૦, વીરાંગના નીલાદેવી ૦૭૰, રાસનન્દિની ૦૮, પ્રતિભાનો સ્વયંવર ૧૫૮, વિમાની ગીતાબાઈ ૦૭૰, ગંસીની રણી ૦૭૫, હારબંધ ૦૫૫૮૦, હારબામૃત ૦૭૫૦.

(દરેકનું પોસ્ટેજ અલગ સમજવું)

દેશબંધુ–સ્ત્રી શક્તિ કાર્યાલય, કોળાપીઠ, સુરત.

બાળક

૨૧ વર્ષથી બાળકોની સેવા કરે છે.

યુદ્ધકાળ હોવા છતાં, અતિશય મોંઘવારીમાં પોતાનું પ્રકાશન બાળકે એના એ લવાજમમાં એટલે કે ફક્ત રૂપિયા બેમાં ચાલુ રાખ્યું છે. તેને યોગ્ય ન્યાય આપી પોતાની સંસ્થામાં–પોતાનાં ઘરોમાં વસાવવું એ સૌ કોઇ વડિલોની પવિત્ર ફરજ છે.

'બાળક' કાર્યાલય, રાવપુરા, વડોદરા

ઋણમુક્તિ કિંમત રૂ. ૩-૦-૦

ગીતામાધુરી ૦-૫-૦

લેખક તથા પ્રકાશક
ભાઈલાલ હ. જાની

ઋણમુક્તિ પુસ્તક આપે જોયું ? વાંચ્યું ? ગમ્યું ?

તમારા પુસ્તકાલયમાં એને તાકીદે વસાવી લેશોને ?

૨૪૦ પાનાં, ૧૬ સુંદર ચિત્રાલેખો, ૩૨ રતલી આર્ટિક કાગળ,
તથા આકર્ષક જેકેટવાળું પાકું પૂઠું

હિંદી રાષ્ટ્રની–ગ્રામજનતા, આમજનતા અને કૃષક જનતાની કરજદારીના મહા-પ્રશ્નની ચર્ચા અને ઉકેલ આમાં આપને ઉદ્‌બોધક અને ઉરબોધક ઢબે મળશે.

પુસ્તક જેટલું ઉપયોગી તેટલું સુંદર, સરસ ને સોહામણું છે.

બન્ને અચીત વસાવી લેજો, બે માસમાં જ અર્ધી પ્રતો તો ખલાસ થઇ છે.

ગીતામાધુરી ગીતાનો મધુર સુંદર અનુવાદ. ૦-૫-૦

પ્રાપ્તિસ્થાન—

પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ૦ વડોદરા

સ્વ. શરદબાબુની પ્રશંસાને વરેલા "પારૂ" "અભિમાન" વગેરેના સર્જક

શ્રી. નારાયણ બાબુની બે નવી નવલકથાઓ

અપર્ણા

રૂા. ૩-૦-૦

બકુરાણી

રૂા. ૨-૮-૦

નારીહૃદયની મર્મવેધક વ્યથાના દર્દભર્યા પ્રસંગો, માનવતા અને ગૃહસંસારની અપૂર્વ છબી ઉપરનાં, બન્ને પુસ્તકો પુરી પાડે છે.

મહાકવિ પ્રેમાનંદકૃત

દશમ સ્કંધ

અધ્યાય ૧—૨૫

પ્રો. મનસુખ ઝવેરીના

ટિપ્પણ અને ઉપોદ્‌ઘાત સહિત

કિંમત રૂ. ૩-૦-૦

શ્રી. ધીરેન્દ્ર દોશી કૃત

કલંક

આધુનિક જીવનના પ્રશ્નને

સ્પર્શતી નવી નવલકથા

કિં. રૂા. ૩-૦-૦

શ્રી ભોગવ કૃત

'ગુરૂસ્વામી'

ઇતિહાસ અને સંવેદન પર

રચાયલી રસમય નવલકથા

કિં. રૂા. ૨-૦-૦

લખો:—

કિતાબઘર : : : : રાજકોટ

"પુસ્તકાલય" માસિકમાં છપાતી જા. ખ. ના ભાવો

	૧૨ માસ	૬ માસ	૩ માસ	એક માસ
એક પેજ	રૂા. ૬૦	રૂા. ૧૦	રૂા. ૩૬	રૂા. ૧૪
અર્ધું પેજ	,, ૬૦	,, ૩૬	,, ૨૪	,, ૧૦
કવરપેજ ૩ જું	,, ૧૨૦	,, ૬૦	,, ૪૦	,, ૧૬
,, ૪ થું	,, ૧૫૦	,, ૬૦	,, ૨૦	,, ૨૦

ઇન્ડેક્ષ વહેંચામણી ૮ પેજ સુધી એક વખતના રૂા. ૮

,, ,, ,, ત્રણ વખતના રૂા. ૨૦

૧. જા. ખ. ના ઉપરના દરો સાદી છે, તેમાં કાંઇ વળતર કાપી આપવામાં આવતું નથી.

૨. જા. ખ. નાં નાણાં અગાઉથી જ લેવામાં આવે છે.

૩. બદલા (Exchange)માં જા. ખ. લેવાનું ધોરણ બંધ છે; માટે તે વિષે કૃપા કરી કોઇએ પૂછપરછ કરવા તસ્દી લેવી નહિ.

૪. કોઇપણ જા. ખ. લેવી યા ન લેવી તે વ્યવસ્થાપકના નિર્ણય પર રહેશે.

વધુ વિગત માટે લખો—

વ્યવસ્થાપક, 'પુસ્તકાલય' માસિક

પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ૦

પો. બો. નં. ૧૦, શવપુરા—વડોદરા.

બાલવિનોદનું બાલસાહિત્ય

બા લ કો મા ટે સ વો ત્ત મ છે

બારોબાર ચિત્રોવાળાં, છ થી પંદર વર્ષનાં બાલકો માટેનાં નીચેનાં પુસ્તકો વિના કોઈ પણ પુસ્તકાલય અધુરું છે.

" પુસ્તકાલયમાં વધુ વાચકો તો ગામનાં ઉછરતાં બાલકો અને જુવાનો હશે તેમ જ પ્રૌઢ શિક્ષણપ્રવૃત્તિના પરિણામે નવાં વાંચતાં શીખેલાં પ્રૌઢો માટેનાં પુસ્તકોનો પણ તમારે વિચાર કરવાનો છે. આ બાબતમાં બાળકો અને પ્રૌઢો સરળતાથી વાંચી સમજી શકે એવી નાની નાની સરળ ભાષામાં અને મોટા અક્ષરે જ્ઞાન આપે એવી જે પુસ્તિકાઓ પ્રકટ થઈ હોય તે પણ લક્ષ્યમાં લેતા જાઓ અને એમને માટેનાં પુસ્તકો પણ વસાવવાનું રખે ચૂકતા. "

'પુસ્તકાલય'ના તંત્રીની જુલાઇ ૧૯૪૩ના અંકમાંની આ સૂચના ધ્યાનમાં રાખો અને તમારા પુસ્તકાલયમાં બાલવિનોદનાં પ્રકાશનો વસાવો.

બાલવિનોદ ગ્રંથાવલી (છથી આઠ વર્ષનાં બાળકો માટે)

૩ પુસ્તકો : ૯૦ ચિત્રો : ૯૬ પાનનું વાચન ₹. ૧-૨-૦

બાલવિનોદમાલા (આઠથી બાર વર્ષનાં બાળકો માટે)

૪૨ પુસ્તકો : ૭૦૦ ચિત્રો : ૧૫૦૦ પાનાંનું સુંદર વાચન : બે મનોહર બોક્સમાં : ₹. ૧૧-૮-૦

અશોક બાલપુસ્તકમાળા (દસથી પંદર વર્ષનાં બાળકો માટે)

૮૩ પુસ્તકો : ૧૦૦૦ ચિત્રો : ૩૭૦૦ પાનનું રસિક વાચન : આઠ સુંદર બોક્સમાં : ₹. ૨૮-૦-૦

પુસ્તકોનાં નામ અને વિગત માટે "પુસ્તકાલય"ના જુલાઇ ૧૯૪૩ ના અંકની જાહેરખબરનાં પાન : ૨૭ થી ૩૨ સુધી જુઓ.

સૂચિપત્ર માટે લખો :

બાલવિનોદ કાર્યાલય ૧૪૯, પ્રિન્સેસ સ્ટ્રીટ : [મુંબાઈ]

નવજીવન કાર્યાલયનાં અવશ્ય વસાવવા જેવાં પુસ્તકો

સ્વદેશી સમાજ : શ્રી. રવીન્દ્રનાથ ઠાકુર ૦– ૮–૦

મૂળ બંગાળી ઉપરથી શ્રી. નગીનદાસ પારેખે આ અનુવાદ કરેલો છે. બંગાળામાં ૧૯૦૫ થી ૧૯૧૦ દરમ્યાનનાં વર્ષોમાં જે સ્વદેશી હિલચાલ શરૂ થઈ હતી, તે સમયની પરિસ્થિતિને સ્પર્શતા આ લેખો છે.

જાતે મજૂરી કરનારાઓને : ૦– ૩–૦

જાતમહેનતનું મહત્ત્વ ને ગૌરવ દર્શાવતા ટૉલ્સ્ટૉયના ઉદ્બોધક નિબંધનો અનુવાદ. ખેડૂતો અને મજૂરોના ઉદ્ધારનો મહર્ષિ ટૉલ્સ્ટૉયે બતાવેલો માર્ગ આ નાનકડા નિબંધમાંથી મળી રહે છે.

જીવનશોધન : શ્રી. કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા ૧– ૪–૦

કેળવણીના પાયા : ,, ,, ,, ૧– ૦–૦

ઉધઈનું જીવન : સુપ્રસિદ્ધ લેખક મૉરીસ મેટરલીંકના ૦–૧૦–૦
The White Ant નામના બોધક પુસ્તકનો અનુવાદ.

બાપુ : શ્રી. ઘનશ્યામદાસ બીરલાના ૦–૧૦–૦
મૂળ હિંદી પુસ્તકનો ગુજરાતી અનુવાદ. ગાંધીજીના જીવનની મીમાંસા કરતું મનનીય પુસ્તક.

સો ટકા સ્વદેશી : ગાંધીજી ૧– ૪–૦
સ્વદેશી તથા ખાદી અને ગ્રામોદ્યોગની મીમાંસા કરતા લેખોનો સંગ્રહ.

શ્રીમદ્ ભાગવત : શ્રી ભાગવત મહાપુરાણનો છાયાનુવાદ. ૧–૮–૦

આપણો આર્થિક પ્રશ્ન : શ્રી. છગનલાલ જોશી ૧–૦–૦
હિંદની વિકટ આર્થિક પરિસ્થિતિ રજૂ કરી તેના ઉકેલનો માર્ગ દર્શાવતું પુસ્તક.

મારી વ્યાપક કેળવણી : અનુ: ચંદુભાઈ રા. પટેલ ૧–૪–૦
બૂકર ટી વૉશિંગ્ટનની ' My Larger Education ' નામની બોધક અને રસપૂર્ણ આત્મકથાનો અનુવાદ.

ટૉલ્સ્ટૉય અને શિક્ષણ : અનુવાદક: પાંડુરંગ વિઠ્ઠલ વળામે ૦– ૮–૦
ટૉલ્સ્ટૉયના કેળવણી વિષેના વિચારો અને અભિપ્રાયોનો સંગ્રહ.

હિંદુ જીવનદર્શન : સર્વપલ્લી રાધાકૃષ્ણન્ ૦–૧૦–૦
The Hindu View of Life નો અનુવાદ.

ગામગોષ્ઠી : લેખકો—વિઠ્ઠલદાસ કોઠારી, રાવજીભાઈ ના. પટેલ ૦–૬–૦
ગામડાના પ્રશ્નોની સંવાદરૂપે ચર્ચા, તથા ખેડૂત ઉપયોગી ત્રણ કાયદાઓની સંવાદરૂપે સમજુતી.

મારું ગામડું : બળવંતભાઈ મહેતા ૦–૧૦–૦
આ પુસ્તકમાં એક નિષ્ઠાવાન ગ્રામસેવકે ગામડાના વસવાટ દરમ્યાન પોતાને મળેલા કડવા મીઠા અનુભવોનો આબેહુબ ચિતાર આપ્યો છે. તે ઉપરાંત એમાં ગ્રામજીવનને સ્પર્શતા આર્થિક તેમ જ સામાજિક પ્રશ્નોની છણાવટ કરી તેના ઉકેલની દિશા પણ બતાવી છે.

પુસ્તકાલય સ. સ. મંડળ લિ. પો. બો. નં. ૧૦, રાવપુરા **વડોદરા**

દરેક લાયબ્રેરી આ પુસ્તક જરૂર વસાવે.

: લેખક :
ડુંગરશી ધરમશી સોપટ

: કીંમત :
છ રૂપીઆ

અનાજની અછત, ખાંડ અને બીજા આવશ્યક પદાર્થોની અછત, બળતણમા લાકડા અને કેરોસીની અછત, ગ્યાસતેલની ખેંચ, દૂધ ઘીની ખેંચ, માનવજીવનને ઉપયોગી દરેક વસ્તુઓનો પાક હિન્દમાં થતો હોવા છતાં આ ખેંચોનું કારણ શું છે? ભારતની પરતંત્રતા –પરદેશી સત્તાની ધોંસરી.

પરદેશી સત્તા આવતાં હિન્દની થએલી અધોગતિનું આંકડાશાસ્ત્ર એટલે સ્વતંત્ર ભારતનું પુસ્તક.

આ પુસ્તકની નકલ આજેજ મંગાવો.

નવયુગ પુસ્તક ભંડાર
રાજકોટ

દરેક લાયબ્રેરીને વસાવવા લાયક પુસ્તક

સૃષ્ટિવાદ અને ઈશ્વર

: લેખક :
ભારતભૂષણ શાતાવધાની
પં. મુનિ શ્રી. રત્નચંદ્રજી
મહારાજ

જગતનો કર્તા ઈશ્વર છે (!) અને જીવોના સત્કાર્ય–અપકાર્યનો નિયંતા ઈશ્વર છે (!) આ રીતે ઈશ્વરનું સૃષ્ટિકર્તાપદ અને જગ–નિયંતાપદ જનતાને નિષ્ક્રિય અને પ્રમાદી બનાવવામાં કારણભૂત થાય છે. અને પુરૂષાર્થીને તે ગૌણ બનાવે છે આ વિચારો પર હૂબહૂ પ્રકાશ પાડતું આધ્યાત્મિક વિદ્વાન મુનિશ્રીના હાથે લખાયેલું આ પુસ્તક આજે જ વસાવો.

કીંમત : રૂપીઆ પાંચ ફક્ત

નવયુગ પુસ્તક ભંડાર : રાજકોટ

માત્ર દશ રૂપિયામાં

૧૫૦૦ પાનાનું શિષ્ટ રસભર્યું સાહિત્ય

"સંદેશ" ગુજરાતી સાહિત્યમાં અનોખી ભાત પાડે અને રસમય, શિષ્ટ અને ઉપયોગી વાચન પુરું પાડે એવાં પુસ્તકો પ્રગટ કરી, સસ્તી કિંમતે આપવા માટે 'સંદેશ ગ્રંથમાળા' ની યોજના શરૂ કરી છે. આ ગ્રંથમાળામાં પહેલે વર્ષે ફાગુન ૧૬ થી ૭૩ સાઇઝનાં ૧૫૦૦ પાનાંનું રસમય અને શિષ્ટ વાચન આપતાં ૪ થી ૫ પુસ્તકો પ્રગટ થશે. ગ્રંથમાળાનું વાર્ષિક લવાજમ દીવાળી સુધીના માટે માત્ર રૂ. ૧૦ રાખવામાં આવ્યું છે. ગ્રંથમાળાનું પ્રથમ પુસ્તક ધનતેરસના દિવસે પ્રગટ થશે.

ભવન સભી

લેખક :
સાક્ષરશ્રી
કુંવરજી ધરમશી સંપટ

પૃષ્ઠ ૪૦૦ થી ૪૫૦ : સુંદર ગ્લેઝ કાગળ : સંખ્યાબંધ ચિત્રો અને ત્રિરંગી બોર્ડર

આ પુસ્તકની છુટક નકલની કિંમત, માત્ર દીવાળી સુધી જ
રૂ. ૪) ચાર રાખી છે (વી. પી. ખર્ચ ૧૦ આના જુદું)

* આ પુસ્તક ત્રિરંગી, દ્વિરંગી અને એકરંગી એવાં સંખ્યાબંધ ચિત્રોથી ભરપૂર છે. દીપોત્સવી પ્રસંગે, લગ્ન પ્રસંગે અને દરેક માંગલિક પ્રસંગોએ સ્નેહીઓને ભેટ આપવા માટે સર્વોત્તમ ગ્રંથ છે. ગુજરાતના જાણીતા વિદ્વાન કર્તાની અનુભવી કલમપ્રસાદી છે.
* આ પુસ્તકની પ્રસ્તાવના ગુજરાતના જાણીતા નવલકથાકાર, સાક્ષરશ્રી રમણલાલ વ૦ દેસાઈ બી. એ. લખી, 'સંદેશ ગ્રંથમાળા'ની યોજનાને આશીર્વાદ આપ્યા છે.
* આ આખાય પુસ્તકને કલાત્મક રીતે શણગારી જાણીતા ચિત્રકાર શ્રી. કંચુ દેસાઈની પિંછીએ પાને પાને ચેતન ભર્યું છે.

વડોદરા રાજ્યનાં પુસ્તકાલયો માટે જ ખાસ વાર્ષિક લવાજમ દીવાળી સુધી જ રૂપિયા નવ રાખ્યું છે. દરેક પુસ્તકાલયને આ લાભ લેવા ભલામણ છે.

વધુ માહિતી માટે લખો—

વ્યવસ્થાપક : સંદેશ પ્રકાશન મંદિર

C/o. સંદેશ કાર્યાલય, સારંગપુર, અમદાવાદ.

બેતાળીસ વર્ષથી પ્રગટ થતું ગુજરાતી ભાષાનું અગ્રગણ્ય
અને વધુ ફેલાવો પામેલું સાપ્તાહિક

ગુજરાતી પંચ

તદ્દન નવા આકારમાં
નવાં આકર્ષણો
સાથે પ્રગટ થાય છે:

તંત્રી : નંદલાલ ચુનીલાલ બોડીવાલા

આ સાપ્તાહિકનું નવું કલેવર, એક સુંદર સામયિક તરીકે, જનતામાં આવકાર પામ્યું છે: દર રવિવારે પ્રગટ થતા આ સાપ્તાહિકમાં, દેશપરદેશ અને હિંદભરના છેલ્લા સમાચારો, વ્યાપારી બજારોનું અવલોકન, મનનીય અગ્રલેખ, આંતરરાષ્ટ્રીય રાજકારણ ચર્ચતા લેખો; સુંદર ચાલુ વાર્તા, સાહિત્યના લેખો અને નવી દૃષ્ટિ આપતા અભ્યાસપૂર્ણ લેખો નિયમિત અપાય છે.

વાર્ષિક ગ્રાહકને દર વર્ષે એક સુંદર ભેટ પુસ્તક અપાય છે.

વાર્ષિક લવાજમ : રૂા. ૮।। : છમાસિક રૂ. ૪।। : પરદેશ શિલિંગ ૨૦

(ભેટ પુસ્તકનું ટ. ખ. જુદું)

વાર્ષિક લવાજમ ભરનારને 'ગુજરાતી પંચ'ના રૂ. ૧૫ની કિંમતનો
હીરોત્સવી અંક ભેટ અપાશે.

વડોદરા રાજ્યનાં પુસ્તકાલયો માટે ખાસ
વાર્ષિક લવાજમ રૂ. ૬ રાખ્યું છે.

નમુનાની નકલ જોવા માટે મફત મોકલીશું.

આજે જ લખો—

વ્યવસ્થાપક : 'ગુજરાતી પંચ'

પાંચ કુવા, હરજીવાળી પોળ : ગાંધી રોડ, અમદાવાદ.

ઘરની ચાવી

તમારી લાયબ્રેરી માટે આજેજ મંગાવી લ્યો.

ગાંધીજીને જગવંદના



સંપાદક :
ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્
અનુવાદક :
ચંદ્રશંકર શુકલ

ડૉ સર્વપલ્લી રાધાકૃષ્ણનના હાથે સંપાદિત થયેલ આ ગ્રંથમાં યુગપુરુષ મહાત્મા ગાંધીજીને રોમે રોલા, પર્લ બક, જનરલ સ્મટસ, કવિવર રવીન્દ્રનાથ ઠાકુર, આલબર્ટ આઇનસ્ટાઇન, ડૉ. મેરિયા મોન્ટેસોરી જેવાં દુનિયાના મહાન વિચારકો અને મુત્સદ્દીઓ વંદના કરે છે; ગાંધીજીના વચન અને કર્મમાં, વિચાર અને આચારમાં કેટલી તલસ્પર્શી એકતા છે; તેમના સમગ્ર જીવન અને કાર્યમાં કેવો સુંદર મેળ છે તે બતાવે છે. ગાંધીજીના હરિજનબંધુ સાપ્તાહિકના તંત્રી તરીકે જેમણે કામ કર્યું છે ને ગાંધીજીના વિચારોને ગુજરાતીમાં ઉતારવામાં જેઓ સિદ્ધહસ્ત છે તે શ્રી. ચંદ્રશંકર શુકલે આ ગ્રંથને ગુજરાતી રૂપાંતર આપ્યું છે સ્વામી આનંદની અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના ઉપરાંત ગાંધીજીના બે ફોટોચિત્ર અને ગુજરાતના જાણીતા કલાકાર શ્રી. રસિકલાલ પરીખના બેરંગી કવરચિત્રવાળું આ પુસ્તક દરેક ઘરમાં–લાયબ્રેરીમાં અવશ્ય હોવું જરૂરી છે.

કિંમત રૂા. ૨–૧૨–૦ વી. પી. ખર્ચ છ આના જુદું.

આજે જ મંગાવી લ્યો

એન. એમ. ઠક્કરની કુંપની

બુકસેલર્સ પબ્લીશર્સ
૧૪૩, પ્રિન્સેસ સ્ટ્રીટ—મુંબઇ ૨.

"મૂળજી અને પૂતળીબાઈ"

શ્રી. ચુનીલાલ વર્ધમાન શાહની અભિનવ રીતે લગ્નકોયડો છણતી અતિ રસિક નવલકથા સૌ માણાપો તથા જુવાનો જરૂર વાંચે.

૫૪ ૪૬૦ : : પાકું પૂઠું : : કિં. રૂા. ૩।।।

રૂપાનો-ઘંટ

જાણીતા નવલકથાકાર શ્રી. ચુનીલાલ વર્ધમાન શાહની રંગ, રસ, કુમાશ-ભરી સુંદર નવલિકાઓનો રૂપાળો સંગ્રહ. એકેકથી ચઢિયાતી વાર્તાઓ, લેખકની છબી ને જીવનચરિત્ર સાથે.

કાપડી પૂઠું કિં. ૨) રૂા.

જગતના-ઝઘડણિયા માં

શ્રી. જયસુખલાલ મહેતાના, સંસારમાં શાંતિ સિંચતા, મનોરમ શૈલીથી લખા-યેલા રસિક લેખો-નિબંધો-નિરીક્ષણો, લેખકની છબી ને જીવનચરિત્ર સાથે. થોડી જ નકલો છાપી છે.

કાપડી પૂઠું કિં. ૧।।। રૂા.

ગાંડીવ બાળમાસિક	૨-૦-૦	ગાંડીવ બાળપખવાડિક	૫-૦-૦
હાસ્યમૂર્તિ શ્રી. જ્યોતીંદ્ર દવે કૃત રંગતરંગ ચાર ભાગ			૧-૦-૦
બાલોદ્યાનમાળા (૮૦ પુ૦)	૩૦-૮-૦	ચાલો બજવીએ (૧૨ પુ૦)	૯-૦-૦
બક્કોર પટેલ (૨૦ પુ૦)	૭-૦-૦	બે વૉલ્યુમમાં પાકું પૂઠું	૯-૦-૦

ગાંડીવ

પુસ્તક ૧૮ મું
સપ્ટેમ્બર-૧૯૪૩
અંક ૯ મો



સાર્વજનિક પુસ્તકાલય — પાદરા

: વાર્ષિક લવાજમ :

દેશમાં રૂા. ૩-૮-૦ | પરદેશ રૂા. ૫-૦-૦ | છૂટક નકલ રૂા. ૦-૧-૦

: વ્યવસ્થાપક :
ચાંપશીભાઇ નારણભાઇ અમીન (બી. કૉમ)
મંત્રી, પુ. સ. સ. મંડળ લિ.

: તંત્રી :
મણિલાલ પ્રભાશંકર વ્યાસ

અનુક્રમણિકા

	લેખક	પૃષ્ઠ
અવતરણ	શ્રી. ધૂમકેતુ	૩૨૫
સાહિત્યસૃષ્ટિનું અવનનું ...	... શ્રી. છોટાલાલ માનસિંગ કાગદાર	૩૨૬
માસિકો મળ્યા તારીખ	... ...	૩૩૧
ભારતીય ભાષાઓનું આધુનિક સાહિત્ય	... શ્રી. કુંવરજી મેરામણી સંપટ ...	૩૩૨
પુસ્તકાલયોની તપાસણી ...	... શ્રી. ના. નં. ચોકસી	૩૩૪
પુસ્તકાલયોની મૂક વાણી ...	... શ્રી. ઉમેદભાઇ ગો. પટેલ ...	૩૩૫
નવીન ફાઇલ	... ...	૩૩૮
પુસ્તકાલય નોંધ	... ...	૩૪૦
સાહિત્ય અને સંસ્કૃતિનાં વહેણ...	... ...	૩૪૦-૧
વ૦ રા૦ પુ૦ મંડળની જાહેરાત...	... ...	૩૪૦-૨
પુસ્તકાલય સ. સ. મંડળ લિ. નો ૧૬મા વર્ષનો અહેવાલ	... ...	૩૪૧
પુસ્તકાલય ખાતાના સૂચના, વટહુકમ વગેરે	... ...	૪૮

મોતીભાઇ અમીન

લેખક : શ્રી. પુ. છ. શાહ, એમ. એ.

જીવન અને કાર્ય

ગુજરાતને સેવાનાં સાચાં મૂલ્યો સમજાવનાર એ નરદેવના જીવનમાંના જાણવા જેવા પ્રસંગો એમાં આલેખાયેલા છે.

લગભગ સાતસો પૃષ્ઠના આ પુસ્તકનું પડતરથી પણ ઓછું મૂલ્ય રૂા. અઢી છે.

સેંકડો પુત્રોના પિતા

" મોતીભાઇને છોકરો નહોતો. અને એમના કાકા એમને છોકરા માટે ફરી પરણાવવાનો આગ્રહ લઇ બેઠેલા. ત્યારે મોતીભાઇએ કહેલું કે, વંશવૃદ્ધિ માટે તો આગ્રહ કરતાં તમેજ પરણો; મારે તો સોંફટો છોકરો છે. અને ખરેજ, એ ગુજરાતની સેવા કરવા સેંકડો પુત્રો મૂકી ગયા છે. "

" હું ક્યાંથી કહું કે તમારાં વિદ્યાર્થીઓ માટે પુસ્તકો ખરીદજો; પણ એમાં સૌથી પહેલું સ્વ. મોતીભાઇ અમીનનું જીવનચરિત્ર લઇ લેજો. * * એ ગુજરાતને ગૌરવ અપાવી ગયા છે. એ શિક્ષકોના આદર્શ હતા અને આ નવા બનતા શિક્ષક-શિક્ષિકા સમજી આપ એ એમનું જીવન દ્રષ્ટાંત માટે મૂકજો " —ડૉ. હરિપ્રસાદ દેસાઇ.

આ માસિક વડોદરામાં ' શ્રી લુહારાનુભિત્ર પ્રિં. પ્રેસ 'માં અંબાલાલ વિ. કંસારે પુસ્તકાલય સ. સ મંડળ લિ. ને માટે છાપી પ્રસિદ્ધ કર્યું. તા. ૧૫-૬-૪૩

દરેક લાયબ્રેરીમાં નીચેનાં પુસ્તકો તથા માસિક વસાવવાં પડશે

એક આદર્શ રાજવીના જીવનની આબેહૂબ ઝાંખી કરાવતો સુંદર ચરિત્રગ્રંથ

શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ

ભાગ ૧–૨

મૂલ્ય બન્ને ભાગના રૂા. ૩-૧૨-૦

કે. શ્રીમંત સયાજીરાવ મહારાજનાં બાલ્યકાળથી અવસાન પર્યન્તના વિવિધ પ્રસંગો જાણવા, આ ગ્રંથમણિ તમારે વસાવવો જ રહ્યો.

સંખ્યાબંધ ફોટો–ચિત્રો અને આર્ટ પ્લેટોના સુશોભન સહિત

૨૦ વર્ષથી સ્ત્રીઉપયોગી વિષયોને રજૂ કરતું ગુજરાતનું અનોખું માસિક પત્ર

ગુણસુન્દરી

સ્ત્રી-ઉપયોગી વિષયોના ખાસ મનનીય લેખો, જાણીતા કવિઓના રસભર્યા રાસ, જાણીતા લેખકોની સુંદર ટૂંકી વાર્તાઓ, સ્ત્રીજગતના સમાચારો, બાલકો માટે બાલવિભાગ

તંત્રી : શ્રી. જયવતી દેસાઈ

વાર્ષિક લવાજમ : હિંદમાં રૂા. ૪॥ : પરદેશ શિલિંગ ૧૦

ગ્રાહક ન થયા હો તો આજે જ લવાજમ મોકલી નામ નોંધાવો

વ્યવસ્થાપક, "ગુણસુન્દરી", C/o લુહાણામિત્ર પ્રેસ, વડોદરા.

ગુજરાત અને એના સીમાપ્રાંતોના પરમારો અને ચૌહાણોના વીરતા અને નેક-ટેકના ઇતિહાસનું મૂર્ત સ્વરૂપ ડુંગરૂ રીતે રજૂ કરતો વાર્તાનો અનોખો ઐતિહાસિક ગ્રંથ

પરમાર દીપકવર્ષાદેવ

ભાગ ૧–૨] અને [મૂલ્ય રૂ. ૮)

બુલઠણકા દેવડા

ભાગ ૧–૨ મૂલ્ય રૂ. ૬॥

આ ઐતિહાસિક નવલને દરેક પુસ્તકાલયે વસાવવી જ પડશે.

હિંદી રાષ્ટ્રીય મહાસંભાનો ઇતિહાસ જાણવા માટે વસાવો

મહાસભાનો ઇતિહાસ

ભાગ ૧–૨–૩

મૂલ્ય ત્રણે ભાગના રૂા. ૧૧)

ગુજરાતનાં બે મહાનગરો

વડોદરા અને સુરત

મૂલ્ય ૦-૮-૦ (બા. ૧-૨ મૂલ્ય રૂ. ૧)

બાળકો અને મોટેરાંને આ બે મહાનગરોનો પરિચય રસમય શૈલીએ આપે છે.

મંગાવવા માટે આજેજ લખો: **લુહાણામિત્ર ગ્રં. પ્રેસ–રાવપુરા, વડોદરા.**

અનુક્રમણિકા

	લેખક	પૃષ્ઠ
અવતરણ	શ્રી. ધૂમકેતુ	૩૨૫
સાહિત્યસૃષ્ટિનું અવનવું ...	... શ્રી. છોટાલાલ માનસિંગ કાગદાર	૩૨૬
માસિકો મળ્યા તારીખ	... ...	૩૩૧
ભારતીય ભાષાઓનું આધુનિક સાહિત્ય	... શ્રી. કુંવરજી મેરામજી સંપટ ...	૩૩૨
પુસ્તકાલયોની તપાસણી ...	... શ્રી. ના. નં. ચોકસી	૩૩૪
પુસ્તકાલયોની મૂક વાણી ...	... શ્રી. છગેદભાઇ મો. પટેલ ...	૩૩૫
નવીન ફાલ	... ...	૩૩૬
પુસ્તકાલય નોંધ	... ...	૩૪૦
સાહિત્ય અને સંસ્કૃતિનાં વહેણ...	... ...	... ૩૪૦-૧
વ૦ રા૦ પુ૦ મંડળની બાદબાકી...	... ...	... ૩૪૦-૨
પુસ્તકાલય સ. સ. મંડળ લિ. નો ૧૬મા વર્ષનો અહેવાલ	... ...	... ૩૪૧
પુસ્તકાલય ખાતાના સૂચના, વટહુકમ વગેરે	... ...	... ૪૬

મોતીભાઇ અમીન

લેખક : શ્રી. પુ. હ. શાહ, એમ. એ.

જીવન અને કાર્ય

ગુજરાતને સેવાનાં સાચાં મૂલ્યો સમજાવનાર એ નરદેવના જીવન-માંના જાણવા જેવા પ્રસંગો એમાં આલેખાયેલા છે.

લગભગ સાતસો પૃષ્ઠના આ પુસ્તકનું પડતરથી પણ ઓછું મૂલ્ય રૂા. અઢી છે.

સેંકડો પુત્રોના પિતા

" મોતીભાઇને છોકરો નહોતો. અને એમના કાકા એમને છોકરા માટે ફરી પરણાવવાનો આગ્રહ કર્યા કરતા. ત્યારે મોતીભાઇએ કહેલું કે, વંશવૃદ્ધિ માટે તો ભાગ કરતાં તમેજ પરણો; મારે તો સેંકડો છોકરા છે. અને ખરેજ, એ ગુજરાતની સેવા કરતા સેંકડો પુત્રો મૂકી ગયા છે. "

" કૂંવરબાઇનું કહેવું છે કે તમારાં વિદ્યાર્થીઓ માટે પુસ્તકો ખરીદીને પણ એમાં ચોથી પત્નીનું દ્રવ્ય. મોતીભાઇ અમીનનું જીવનચરિત્ર તપ હોવું. * * એ ગુજરાતને મોરલ અપાવી ગયા છે. એ વિદ્યાર્થીના આદર્શ હતા અને આ નવા બનાર શિક્ષક-શિક્ષિકા સમક્ષ આપ મે જેવું જીવન ગાળ્યું મૂકયું "

—ડૉ. હરિપ્રસાદ દેસાઇ.

આ માસિક વડોદરામાં ' શ્રી સુધાબ્ધિમિત્ર પ્રિં. પ્રેસ 'માં અંબાલાલ વિ. દેસાઇ પુસ્તકાલય સ. સ. મંડળ લિ. ને માટે છાપી પ્રસિદ્ધ કર્યું. તા. ૧૫-૬-૩૩

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયનાં પુસ્તકો

સસ્તા મૂલ્યે મેળવવાની યોજના

સદ્‌ગત સ્વામીજીના સ્મરણાર્થે લાયબ્રેરીની યોજના ગયા ડિસેંબર માસમાં જાહેર કરવામાં આવી હતી. તેમાં આપવાના જાહેર કર્યા ઉપરાંતના સેટો ખપાઈ ગયા છે. આમ છતાં હજી પણ ગ્રાહકવર્ગ તરફથી ઘણી માગણી આવ્યા કરે છે. તેથી તે ગ્રાહકોને નીચેનાં ૬૫ પુસ્તકો જેની છાપેલી કિંમત રૂા. ૧૩૬-૦-૦ છે, તે માત્ર રૂા. ૧૦૦) માં આપવાનું ઠરાવ્યું છે. પુસ્તકો માલગાડીથી મોકલાશે અને પૅકિંગ તથા મુકાદમી માટે ગણીને ગુજરાત કાઠિયાવાડમાં કોઈ પણ રેલ્વે સ્ટેશને ફ્રી ડીલીવરી આપશે.

પુસ્તકનું નામ	મૂલ્ય
યોગવાસિષ્ઠ રામાયણ-૪ ગ્રંથો	૧૨-૦-૦
માનસ રામાયણ-૨ ગ્રંથમાં	૫-૪-૦
ભગવતી ભાગવત	૬-૦-૦
દત્ત-પરશુરામ-વેદાંતનો ઉત્તમ ગ્રંથ	૨-૦-૦
પાતંજલ યોગસૂત્ર-ટીકા સાથે	૧-૦-૦
તુકારામ ગાથા-ગ્રંથ ૧ લો	૨-૪-૦
,, ,, -ગ્રંથ ૨ જો	૨-૮-૦
રામતીર્થનાં વ્યાખ્યાનો (૧)	૨-૮-૦
,, -ઉપદેશો (૩)	૨-૮-૦
,, -ચરિત્ર (૪)	૨-૦-૦
વિવેકાનંદના ઉપદેશો (૪-૫)	૨-૪-૦
,, -ભક્તિયોગ (૮)	૧-૮-૦
,, -ચરિત્ર (૯)	૩-૦-૦
,, (૧૦-૧૧)	૨-૦-૦
આખ્યાનમાળા-ગ્રંથ ૧ લો	૨-૪-૦
,, ,, ગ્રંથ ૨ જો	૨-૦-૦
વૈદિક વિનય-૩૬૦ વૈદિક પ્રાર્થનાઓ	૩-૧૨-૦
મહાભારત મંજરી	૩-૦-૦
પઢિયારકૃત સ્વર્ગનાં પુસ્તકો:-	
સંસારમાં સ્વર્ગ-આવૃત્તિ ૫મી	૨-૦-૦
સાચું સ્વર્ગ- ,, ૩જી	૨-૦-૦
સ્વર્ગનું વિમાન ,, ૫મી	૨-૦-૦
સ્વર્ગની ફૂંચી ,, ૬ઠ્ઠી	૨-૦-૦
સ્વર્ગનો પ્રકાશ ,, ૨જી	૨-૦-૦
સ્વર્ગની જિંદગી ,, ૩જી	૨-૦-૦
સ્વર્ગનો ખજાનો ,, ૪થી	૨-૦-૦
સ્વર્ગનો આનંદ- ,, ૨જી	૨-૦-૦
સ્વર્ગની સીડી- ,, ૨જી	૨-૦-૦
સ્વર્ગની સડક- ,, ૨જી	૨-૦-૦
ગામડિયા નરદેવો-પઢિયારકૃત	૧-૬-૦
હૃદયતરંગ ને બ્રાહ્મણની ગૌ	૧-૦-૦
પ્રીતમદાસની વાણી	૨-૮-૦
બુદ્ધચરિત્ર ને અન્ય સંતપુરુષો	૨-૦-૦
રામકૃષ્ણ પરમહંસ-ચરિત્ર	૨-૮-૦
સંત તુકારામ-વિસ્તૃત ચરિત્ર	૨-૮-૦
ચૈતન્યમહાપ્રભુ-વિસ્તૃત ચરિત્ર	૬-૮-૦
જ્ઞાનેશ્વર મહા૦-સંત એકનાથ	૨-૮-૦
સ્વામી બ્રહ્માનંદ ને શિવાનંદ	૧-૬-૦
શ્રીરામચંદ્ર ને નાગ મહાશય	૧-૦-૦
મ૦ સર્યુદાસ તથા જાનકીદાસ	૦-૧૦-૦
ભક્તચરિત્ર-૨૯ ચરિત્રો	૧-૮-૦
આદર્શ ચરિત્રસંગ્રહ-૨ જો	૨-૮-૦
શિવાજી છત્રપતિ-વિસ્તૃત ચરિત્ર	૨-૪-૦
રાજસ્થાનનો ઇતિહાસ-૨ જો	૫-૦-૦
આગળ ધસો-પ્રેરક ગ્રંથ	૨-૮-૦
આદર્શ દૃષ્ટાંતમાળા-૧ લો	૨-૦-૦
,, ,, -૨ જો	૨-૦-૦
કૃતજ્ઞતાનું-મહાન ગ્રંથ ...	૨-૪-૦
શુભસંગ્રહ-ભાગ ૨ જો ...	૨-૮-૦
,, -ભાગ ૬ ઠ્ઠો ...	૨-૮-૦
બાળકોની વાતો-ભાગ ૨ જો	૦-૮-૦
ભારતના વીર પુરુષો-ચરિત્રો	૧-૪-૦
ચિબુની વાટે ને રામા૦ રત્ન૦	૦-૪-૦
સુબોધ પુષ્પવાટિકા	૦-૫-૦
ઉપદેશસારસંગ્રહ	૧-૦-૦
ટૂંકી વાર્તાઓ-(૧ લો) ...	૨-૮-૦
,, ,, -(૨ જો) ...	૧-૮-૦
,, ,, -(૬ ઠ્ઠો) ...	૨-૦-૦
મૂળ પંચરત્નગીતા ...	૧-૨-૦
મૂળ મૂળ ગીતા-બોર્ડ પટ્ટો	૦-૧૦-૦
ગીતા માત્ર ગુજ૦ ભાષાંતર	૦-૪-૦
જ્ઞાનપટ, સોપાનપટ ને મોક્ષબાજી	૦-૧-૦
કુલ રૂા.	૧૩૬-૮-૦

નોંધ:—ઉપર પ્રમાણે રૂા. ૧૩૬-૮-૦ નાં ૬૫ પુસ્તકોનો સેટ માત્ર રૂા. ૧૦૦)માં મળશે.

આ ૬૫ પુસ્તકો દ્વારા એકંદર ૩૩૫૫૨ પાનનું વાચન મળે છે, અને તેનું વજન લગભગ ૮૪ રતલ થાય છે. આટલે તો આટલા રૂપિયામાં આટલા કોરા કાગળ પણ નથી મળતા!!

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય } ઠે. બદ્રૂ, સેશન્સ કોર્ટ પાસે, અમદાવાદ
કાલબાદેવી રોડ, હાથી બિલ્ડિંગ, મુંબઈ-૨

૧૯૪૨-૪૩નાં બહાર પડેલાં નવાં પુસ્તકો

નવાં ઉત્તમ સુંદર પુસ્તકો

કર્ણાવતી	ધૂમકેતુ	૪–૦–૦
ગૌલાદેવી સચિત્ર	,,	૪–૦–૦
સીધાં ચઢાણ	(મુનશી)	૩–૮–૦
રમા–નાટક	શારદાબાબુ	૨–૦–૦
વગડાનાં ફૂલ	મકનજી પત્રકાર	૨–૦–૦
પૃથ્વીનાં આંસુ	દુર્ગેશ શુકલ	૧–૮–૦
આપણો ધર્મ નવી આવૃત્તિ		૪–૦–૦
(પ્ર. લા૰ આનંદશંકર બાપુભાઈ મુખ)		
ઠંડી કૂરતા ને બીજા નાટકો	ધૂમકેતુ	૧–૮–૦
ગૂજરાતનો જય પહેલો	નવી આવૃત્તિ . મેઘાણી	૨–૮–૦
બે દેશદીપક	(શ્રદ્ધાનંદ–લાલાજી) મેઘાણી	૨– ૮–૦
કલ્યાણી (નવલકથા)	રમણિકભાઈ	૨–૦–૦
૨૫ પ્રેમકથાઓ		૧–૮–૦

શ્રી. કનૈયાલાલ મુનશી કૃત :

અડધે રસ્તે		૩– ૦–૦

શ્રી. ધૂમકેતુ કૃત :

રાજસંન્યાસી		૪– ૦–૦
પ્રદીપ	(નવી આવૃત્તિ)	૧–૧૨–૦
રજકણ	,,	૨– ૦–૦
તણખા મંડળ ૧–૨–૩–૪		૯– ૦–૦
પડઘા–નાટકો	,,	૦– ૬–૦
હ્યુએન સંગ		૦– ૩–૦
વનરાજ		૦– ૬–૦
નવાં વિવેચનો		૨– ૮–૦
ચાંદની	(નવી આવૃત્તિ)	૦– ૫–૦
સોલ સતી		૧– ૪–૦
સુવર્ણા	(નવલકથા)	૨– ૮–૦

શ્રી. ઝવેરચંદ મેઘાણી કૃત : નવી આવૃત્તિઓ

વેવિશાળ	૩– ૦–૦
રસધાર–ભાગ ૧ થી ૫	૧૧– ૦–૦
કંકાવટી–ભાગ પહેલો–બીજો	૨– ૪–૦
રઢિયાળી રાત–ભાગ ૧થી૪	૫–૧૦–૦
રાણો પ્રતાપ	૨– ૦–૦
સોરઠી બહારવટિયા ભા.૧–૨–૩	૧–૪–૦
નિરંજન–નવલકથા	૨– ૮–૦
સોરઠ તારાં વહેતાં પાણી	૩– ૦–૦
જેલઑફિસની બારી	૧– ૮–૦
સોરઠી સંતો (નવી આવૃત્તિ)	૧– ૪–૦
હાલરડાં	૦–૧૦–૦
પ્રતિમાઓ (નવી આવૃત્તિ)	૧–૧૨–૦

શ્રી. ચુનીલાલ વ. શાહ કૃત :

વિલોચના	૩– ૦–૦
અવંતિનાથ	૨– ૦–૦
કર્મયોગી રાજેશ્વર	૨– ૦–૦
રાજહત્યા	૨– ૦–૦

શ્રી. મનુભાઈ જોધાણી કૃત :

શૌર્યનાં તેજ	૨– ૦–૦
કાળિયારૂ અને બીજી પ્રાણીકથાઓ	૧–૮–૦
જનપદ ભા. ૧–૨–૩(નવી આવૃત્તિ)	૩–૦–૦
ખોટીનીતી બાળચાતો	૧–૦–૦

શ્રી. તારાચંદ ચો. અડાલજાકૃત :

બાંડાના ખેલ (સચિત્ર)	૩– ૮–૦
દંભી દુનિયા	૩– ૮–૦

ચા–ઘર ભા. ૧–૨ ધૂમકેતુ, વગેરે	૨– ૮–૦
આરસીના ભીતરમાં	૧– ૪–૦
રંભા (રાષ્ટ્રીય નવલકથા)	૧– ૪–૦

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધી રસ્તો : અમદાવાદ

ગુજરાતના શ્રેષ્ઠ લેખકોનાં ઉત્તમ નાટકો

શ્રી. ધૂમકેતુ કૃત

ઠંડી કુરતા

અને

બીજાં નાટકો

૧-૮-૦

શ્રી. હૃષીકેશ શુકલ કૃત

પૃથ્વીનાં આંસુ

૧-૮-૦

શરદબાણુ કૃત

૨ મા

૨-૦-૦

શ્રી. રત્નમણિરાવ જોટે કૃત

સંભાવિત સુંદરલાલ

૧-૪-૦

સ્ત્રીસ્વાતંત્ર્યની ભાવના સેવતા આજના નારીજગતમાં દંભનો પડદો તોડીને હૃદયદર્શન કરાવતી નારીના પત્રો.

શા માટે બંધન ?

૧-૪-૦

"સામાજિક જીવનમાં દંભ મૂળતત્ત્વરૂપ બને છે. અને કોઇ ક્ષણિક આકસ્મિક મેળાપમાં નહિ, પરંતુ કોઇ હેતુસર વારંવાર થતા મિલનપ્રસંગોમાં જ્યારે રોમાંચનો પ્રાદુર્ભાવ થાય છે, ત્યારે માનસપ્રદેશમાં રહેલી વસ્તુ વાસ્તવિક જીવનમાં ઉતરવા માંડે છે. આટલી ભૂમિકા રચાયા પછી તમે પોતે દંભની સ્પષ્ટતા અને પુનરાવૃત્તિથી જ્ઞાત હોવા છતાં એ દંભલીલા અટકાવી શકતાં નથી અને આગળ જતાં દાંપત્યમાં અઘુરાશ જન્મે છે. તમે જેને સતત ચાહતાં હો તેજ માણસ આઠખીલી જેવો લાગે છે.....અને દંભથી એને છેતરી તમારા આત્માને છેતરો છો....

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધી રોડ : અમદાવાદ.

ના વગર પુસ્તકાલયોની શોભા અધુરી રહેશે.

જીવનના ઝંઝાવાતોનો સરળતાથી સામનો કરનાર, લિચ્છવીકુલભૂષણ,
સૌન્દર્યમૂર્તિ અને પ્રેમની પ્રતિમા વૈશાલીની વલ્લભા અને
અનેક વીરોની પ્રેરણામૂર્તિ

આમ્રપાલી

રાજરાજેશ્વરી નૃત્યનૃત્યાંગનાની અપૂર્વ કથા

પ્રગટ થઈ ચૂકી છે.

ભા. ૧-૨ માં સંપૂર્ણ : : : : : કિં. રૂા. ૬-૦-૦

યાદ રાખો!

નવલકથા-કાર લેખક પાલી અને બૌદ્ધ ભાષાના એક અદ્ભુત અભ્યાસી છે. લિચ્છવી અને બૌદ્ધયુગના ઇતિહાસનો તેમનો અભ્યાસ અતિ સૂક્ષ્મ છે અને આથી જ તેમણે આ નવલકથાને અપ્રતિમ બનાવી આપ્યો છે.

સાવધાન રહો!

બળતા નામથી સાવચેત રહેજો. અગે કહીએ છીએ આ એક એવી નવલ કથા છે કે જે વાચ્યા સિવાય તમારે ચાલશે જ નહિ એ મોટી ભૂલ તમને વાર્તા-પ્રવાહમાં ખેંચીને વાહ-વાહના પોકારો કરાવ્યા વગર રહેશે જ નહિ.

લેખક : શ્રી. રામચંદ્ર ઠાકુર M. A
બૌદ્ધ અને પાલી ભાષાના સ્કૉલર

લાયબ્રેરીઓના ગૌરવરૂપ આ ગ્રંથ વસાવેજ છૂટકો છે!

એન. એમ. ઠક્કરની કંપની

બુકસેલર્સ, ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨

'આમ્રપાલી'ને મળેલા

અસંખ્ય અભિપ્રાયોમાંથી માત્ર થોડાક જ

શ્રી. કનૈયાલાલ મુનશી

"આમ્રપાલીનો વિષય બૌદ્ધકાલીન હોઇ મોહક છે. એમની શૈલીમાં સચોટતાના લક્ષણો છે. એમની વાર્તા કહેવાની કથામાં શક્તિ છે અને આખુંય પુસ્તક રસથી વંચાય તેવું છે."

"પુસ્તકાલય" માસિક શું કહે છે ?

"આ પુસ્તકની રચના ચિત્રપટ માટે થયેલી. એટલે ઘણે અંશે એની રચના પ્રેક્ષકો માટે થઇ હોય તેમ એમાંના બધા પ્રસંગો વાચકના ધ્યાનને એકધારા જકડી રાખે છે. અને 'હવે શું' એમ વિચારતો કરી મૂકે છે. લેખકે પોતાની પાકી ભાષાના અભ્યાસના પરિણામે બૌદ્ધ ઇતિહાસવિષયક સંખ્યાબંધ ગ્રન્થોના આધારે અને તેના પરિશીલનને અંતે આ પુસ્તક લખ્યું છે એટલે જ એમાં બધા ભાવો સુંદર રીતે રજુ થયા છે. આટલા પરિશ્રમના ફલસ્વરૂપ આ પુસ્તક લખવા માટે લેખકને અભિનંદન !"

શ્રી. રણછોડલાલ જ્ઞાની એમ. એ.

"શ્રી. ઠાકુરનો આ પ્રથમ પ્રયાસ એટલો અભ્યાસપૂર્ણ અને સફળ છે કે એમાંથી ઇતિહાસ પ્રત્યે સૂગ ધરાવતાં વાચકોને પણ પ્રાચીન સંસ્કૃતિનું ભાન થયા વિના ન રહે."

હાથમાં લીધા પછી મૂકવી ન ગમે એવી, તમારા હૈયાને સર કરતી હૃદયંગમ, સચોટ અને વેગવંત નવલકથા. જેનું પાનેપાનું પાત્રાલેખન અને યશસ્વી કથાનકથી પરિપૂર્ણ બન્યું છે, જેની સચોટ ઐતિહાસિક વસ્તુઓ પર રચાઇ છે અને જેના સંશોધન પાછળ બાર વર્ષોની જહેમત છે એવી

આપણા ગુજરાતી સાહિત્યમાં આ એક જ

નકલથી સાવચેત રહેજો

ભારતી સાહિત્ય

આ મહિનામાં પ્રગટ થયેલાં નવાં પ્રકાશનો

એક જ મહિનામાં પ્રગટ થયેલાં આ પુસ્તકોમાં પ્રશ્નોની વિવિધતા છે, જીવનનો ધબકાર છે, શૈલિની નવીનતા છે, તમારી લાયબ્રેરીમાં વાચકોને આ પુસ્તકો આશીર્વાદ રૂપ નિવડશે.

નવલકથાઓ

૧	પુનરાગમન ભાગ ૧	લેખક : સ્વ હરજીવન સોમૈયા	૩-૦-૦
૨	પુનરાગમન ભાગ ૨	,, ,,	૨-૮-૦
૩	કાંટાની વાડ	અનુ. ,, ,,	૨-૮-૦

વાર્તાઓ

૪	દીઠું મેં ગામડું જ્યાં	લેખક : રતિલાલ અઘાણી પ્રવેશક : સ્વામી આનંદ	૩-૦-૦
૫	શોધને અંતે અને બીજી વાતો	લેખિકા: લાભુબહેન ભટેલા	૨-૪-૦

આરોગ્ય

૬	દવાનો છેલ્લો ઘુંટડો અને કુદરતી સારવાર	લેખક : ભૂપતરાય દવે	૨-૧૨-૦

વિવેચનસંગ્રહ

૭	નિકષરેખા	લેખક : વિશ્વનાથ મગનલાલ ભટ્ટ	૨-૮-૦
		આ ઉપરાંત	
૮	લગ્ન સાધન.	લેખક : સોપાન	૨-૮-૦
૯	વિશ્વસાહિત્યની વાર્તાઓ	અનુ મોગીલાલ ગાંધી	૩-૦-૦
૧૦	હિંદ વિશ્વકુટુંબના વમળમાં	ડુંગરશી સંપટ	૧-૦-૦
૧૧	૧૯૪૩ના પગરણ	રતિલાલ ભટેલા	૦-૧૦-૦
૧૨	આઝાદીની યજ્ઞજ્વાળા	કરસનદાસ માણેક	૦-૮-૦

ભારતી સાહિત્ય સંઘ

૧૪૮, મેરોજ સ્ટ્રીટ, ફોર્ટ—મુંબાઇ. ૧૬, ગ્રીમાળી મોસાયટી, અમદાવાદ.

સંઘનાં પુસ્તકો : : :

અમારી સોલ એજન્સીનાં પુસ્તકો

જન્મભૂમિ પ્રકાશન મંદિરનાં બધાં જ પુસ્તકોની સોલ એજન્સી અમારી પાસે હોવાથી દરેક પુસ્તકાલયે એ પ્રકાશનો અમારી પાસેથી મંગાવવાં.

૧ વિશ્વદર્શન
[૧૯૪૩—૪૪]

લગભગ ૮૦૦ પાનાં 'નવરચના'ની સાઇઝનાં પાકું પૂંઠું. દ્વિરંગી જેકેટ રૂા. ૮-૦-૦

૨ પારિભાષિક જ્ઞાનકોષ
[રાજકારણ]

દરેકને ઉપયોગનું આ પુસ્તક લાયબ્રેરીમાં તો હોવું જ જોઇએ. રૂા. ૩-૦-૦

દરેક પુસ્તકાલયના ટેબલ ઉપર

ભગિની
[પાક્ષિક]

૧૫ પંદર દિવસે પ્રગટ થતા આ પાક્ષિકને સૌએ આવકાર્યું છે એમાં જે સામગ્રી આવે છે તે સાવ નવીન પ્રકારની અને જીવનમાં સુગંધ પૂરે એવી છે.

તા. ૧લી અને ૧૫મીએ પ્રકટ થાય છે.

: લવાજમ :

દેશમાં	પરદેશમા
રૂા. ૪-૦-૦	૫-૦-૦

ઊર્મિ અને નવરચના
[માસિક]

આ માસિક એ તો દરેક લાયબ્રેરીમાં હોવું જ જોઈએ. ગુજરાતનાં ગણ્યાં-ગાંઠ્યાં માસિકોમાં આનું સ્થાન આગળ પડતું છે.

એક અંક જોવાથી ઉપર લખેલ વસ્તુની પ્રતીતિ આપને થશે.

: લવાજમ :

દેશમાં	પરદેશમા
રૂા. ૪-૦-૦	૫-૦-૦

ભારતી સાહિત્ય સંઘ

૧૩૮; મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ — ૧૬, શ્રીમાળી સોસાયટી, અમદાવાદ-૬

લાયબ્રેરીમાં વસાવવા યોગ્ય ઉત્તમ પુસ્તકો

શ્રી. શરદબાણુ કૃત

રેહુની મા	૪–૮–૦
ચરિત્રહીન	૪–૮–૦
શેષપ્રશ્ન	૪–૮–૦
જ્ઞાનદા	૨–૮–૦
શરદવાણી	૨–૦–૦

શરદબાણુ પ્રશંસિત
શ્રી. નારાયણ ભટ્ટાચાર્ય કૃત

મિલન	૩– ૦–૦
વાસરઘર	૩– ૦–૦
પતિમંદિર	૧–૧૨–૦

શ્રી. નિરૂપમાદેવી કૃત

મોક્ષદા	૩– ૦–૦
પતિ–પત્ની	૨– ૮–૦

શ્રી. બંકિમબાણુ કૃત

દુર્ગેશનંદિની	૩– ૦–૦
કૃષ્ણકાન્તનું વીલ	૨– ૮–૦
બાતાસી	૨– ૮–૦
(બંગશ્રેષ્ઠ નવલકથા સંગ્રહ)	
માધવી (શ્રી. ટાગોર કૃત)	૧– ૮–૦
મુક્તિ (ક્રાન્તિકારી નવલકથા)	૧– ૮–૦
પતિભક્તિ ને બીજી વાતો	૧–૧૨–૦
(સામાજિક નવલકથા)	

હાસ્યરસિક ઉત્તમ પુસ્તકો
શ્રી. બેકાર કૃત

સનમની શોધમાં	૩– ૦–૦
અક્કલના બાં	૨– ૮–૦
રમતારામ	૨– ૮–૦
હું શબ્દ કોઉં તો	૨– ૮–૦
કલમ ચાબુક	૧–૮–૦

જ્યોતિષ સંબંધી પુસ્તકો

હાથની ભાષા	૫– ૦–૦
શરીરસામુદ્રિક	૩– ૦–૦

બાળસાહિત્યનાં પુસ્તકો

બાવલાનાં પરાક્રમો	૧–૦–૦
(શ્રી. હંસા મહેતાકૃત)	
બાળભાગવત	૦–૧૦–૦
જગતના ઇતિહાસની વીરકથાઓ	૦–૪–૦
શ્રી. રમણલાલ સોનીકૃત	

ઉર્દૂ લિપિ પરિચય	૦–૮–૦
હિંદુસ્તાની પ્રારંભ	૦–૮–૦

આ સિવાય તમામ જાતનાં પુસ્તકો કિફાયત ભાવે મળશે.

શ્રી હરિહર પુસ્તકાલય ટાવર રોડ, સુરત

એક સુન્દર–રૂપ–ગુણ–કલા અને સુવાસથી મઘમઘતું

ગૃહઉપયોગી પ્રકાશન

ઘરણીરાણી

ભાગ ૧-૨-૩-૪-૫
સાથે

: લેખક :
શ્રી. કુંગરસી ધરમસી સંપટ

: પ્રકાશક :
એન. એમ. ઠક્કરની કંપની
બુકસેલર્સ : પબ્લીશર્સ
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ
મુંબઈ-૨

કિંમત : રૂા. ૬-૧૨-૦
વી. પી. ખર્ચ બાર આના જુદું.

૨૫૦ ચિત્રો
સુંદર દ્વિરંગી છપાઈ :
પચરંગી કલાથી ઓપતાં
આકર્ષક ચિત્રો સાથેના
બૉઉસ સહિત

સંસ્કારલક્ષ્મીના પ્રકાશક **એન. એમ. ઠક્કરની કંપની તરફથી** ગૃહઉપયોગી આ બીજું પ્રકાશન રજુ કરવામાં આવે છે. સંસ્કારલક્ષ્મીના કર્તા શ્રી. કુંગરસી ધરમસી સંપટની જ આ કૃતિ છે. સંસ્કારલક્ષ્મીની જેમ જ આ પુસ્તક પણ સ્ત્રીઉપયોગી બનાવવામાં આવ્યું છે, પરંતુ સંસ્કારલક્ષ્મીમાં ન આવેલા અને સ્ત્રીઓને માર્ગદર્શક થાય એવા તથા સ્ત્રી-જીવનને સ્પર્શતા વિવિધ પ્રકારના વિષયો રજુ કરવામાં આવ્યા છે. આ પુસ્તક મધ્યમ અને સંસ્કારી વર્ગની બહેનો માટે તથા ગ્રામ્ય બહેનોથી માંડીને, તે શહેરની સુધરેલી બહેનોને સ્પર્શે, તેમને એમાંથી શીખવાનું મળે એવી રીતે તેને રચવામાં આવ્યું છે.

સ્ત્રી એ ઘરની રાણી છે. એ રાણીપદ તેને ક્યારે મળે છે, કેવી રીતે પ્રાપ્ત થાય છે અને એ પદ પ્રાપ્ત થયા પછી તેણે એને યોગ્ય કેવી રીતે બનવું તેની માર્ગદર્શક માહિતી એમાં દાખલા-દલીલ અને દૃષ્ટાંતો સાથે અનુભવી લેખક તરફથી સુંદર અને સચોટ શૈલીમાં વર્ણવી બતાવવામાં આવી છે. સ્ત્રીએ ઘરની રાણી બની ઘરનો કારભાર કેવી રીતે ચલાવવો, ઘરમાં રહેતાં અનેક પ્રકારના સંબંધવાળાં માનવીઓની સાથે કેવી રીતે વર્તવું તે આ પુસ્તક પરથી જાણી શકાય છે.

આ પુસ્તકને **પાંચ ભાગમાં** વહેંચી નાખવામાં આવ્યું છે. **પહેલો વિભાગ સ્ત્રીની સુન્દરતાને સ્પર્શતો છે.** એમાં સ્ત્રીએ સુન્દર શા માટે બનવું ? કેવી રીતે સુન્દરતા પ્રાપ્ત કરવી, કેશ-ગૂંથનના વિવિધ પ્રકાર, વેણીની રચના અને તેનું સાન્દર્ય,



સોળ શણગારની કળા, સ્નાન કેવી રીતે કરવું, ચહેરાને સુન્દર કેવી રીતે બનાવવો, સૌન્દર્યપ્રયોગો, વાળ અને તેનું રક્ષણ, વેણીની રચનાના પ્રાચીન તથા અર્વાચીન પ્રકારો, સૌભાગ્ય ચાંલ્લો, ચાંલ્લાની વિવિધ ફેશનો તથા પ્રચલિત પ્રકારો, શૃંગારની વિવિધ સજાવટો, વસ્ત્રોનું સૌન્દર્ય, વસ્ત્રો પહેરવાની કળા તથા તેની ફેશન; અલંકાર અને આભૂષણો, કાન તથા ગળાનાં આભૂષણોના અર્વાચીન ઢબના નમૂનાઓ તથા ફેશનો, તરેહ તરેહની બંગડીઓ, કંગન, સુવર્ણકંકણો, શરીરનું આરોગ્ય, વ્યાયામની જરૂર આદિ વિષયો પુષ્કળ ચિત્રો સાથે આ ભાગમાં આપવામાં આવ્યા છે.

બીજો વિભાગ પતિને કેવી રીતે પ્રસન્ન રાખી તેને વશ બનાવવો તેને લગતો છે. સ્ત્રી જો ધારે તો પતિને પોતાને અનુકૂળ બનાવી પોતાના ગરીબ ઘરમાં પણ સ્વર્ગ ઉતારી શકે છે. આ માટે સ્ત્રીએ શું કરવું જોઇએ, પતિ કેવી રીતે રાજી થઇ તેને વશ થાય, પુરુષોને શું ગમે છે, પતિને રીઝવવાની જરૂર શા માટે? પતિને મિત્ર બનાવો, વગેરે વિષયો એમાં રજૂ કરવામાં આવ્યા છે. આ વિભાગનું સ્ત્રીઓ અધ્યયન કરી તેનો જો અમલ કરે તો અનેક સ્ત્રીઓ પોતાના દુઃખી, તકરારી અને કલેશથી બળતાં ઘરોમાં પણ સોનાનો સૂરજ ઉગાડી શકે છે. સ્ત્રીને પતિ સિવાય બીજું કોઇ જ મોટું નથી. એ પતિ જો તેને રીઝી જાય, તેને વશ બની જાય તો સ્ત્રીના સુખની મણા ન રહે. આ વિભાગમાં પણ પુષ્કળ ચિત્રો મૂકવામાં આવ્યાં છે. આ બન્ને વિભાગોની વિશિષ્ટતા એ છે કે તે દ્વિરંગી શાહીમાં આકર્ષક ઢબે છાપવામાં આવ્યા છે. ચિત્રો પણ ભરપૂર છે. આ વિભાગોને બરાબર ઊઠાવદાર અને આકર્ષક બનાવવામાં પ્રકાશકે જરા પણ મણા રાખી નથી એ જોઇ શકાય છે.

તે પછીના ત્રણ વિભાગોમાં જુદા જુદા ઘરોનાં ને કુટુમ્બનાં સંસાર-ચિત્રો રજુ કરવામાં આવ્યાં છે. આ સંસાર-ચિત્રો એટલાં તો સજીવ અને આકર્ષક ઢબે આલેખાયાં છે કે તે વાંચતાં એ આપણા-આપણા પાડોશીઓના તથા આપણા અંગત સગાંઓનાં હોય એવું જણાયા વગર રહે નહિ. વઢકણી સાસુઓને પ્રેમથી અને પોતાની કામગીરીથી વશ બનાવી દેતી વહુઓ, સમરા અને જેઠોનો પ્રેમ સંપાદન કરનારી વધૂઓ તથા ઘર આખાને પોતાને કબજે કરી દેનારી પુત્રવધૂઓના રસભર્યા, બુદ્ધિ, શિક્ષણ અને જ્ઞાનથી ઓપતાં સંસારચિત્રો એમાં પાને પાને ભરવામાં આવ્યાં છે. કુટુમ્બકલેશને કેવી રીતે દૂર કરી શકાય, સાસુ, નણંદો તથા જેઠ અને દિયરોને પ્રેમથી કેવી રીતે પોતાના બનાવી, ઘરનો કબજો મેળવી શકાય તેની ગુપ્ત

ચાવીઓ લેખકે કુશળતાપૂર્વક અંદર બતાવી દીધી છે. વઢકણી અને જમાનાની આધેલી સાસુઓને પણ વિનયપૂર્વક અને પ્રેમથી વશ બનાવી દેનારી વહુઓની રસભરી વાતો અંદર છે. આ ત્રણે વિભાગો સ્ત્રીઓને ખૂબ જ વિચારશીલ વાંચન પૂરું પાંડે છે અને તેના વાચનથી સ્ત્રી સંસારને લગતું તથા કુટુમ્બજીવનને લગતું ઘણું જાણી શકે છે.

પુસ્તકમાં ૨૫૦ ઉપરાંત ચિત્રો–સુશોભનો છે. ગુજરાતના પ્રસિદ્ધ ચિત્રકારોનો એમાં સાથ છે. શ્રી. કનુ દેસાઇ, શ્રીમતી ભદ્રાબ્હેન દેસાઈ, કુમારી નલિનીબહેન માવાણી, શ્રી. ભાનુ સ્માર્ત, શ્રી. મોરારજી સંપટ, શ્રી. હીરાલાલ પટેલ, શ્રી. જગદીશ મીસ્ત્રી, શ્રી. દીનેશ વોરા આદિનાં ચિત્રો એમાં અગ્રસ્થાન પ્રાપ્ત કરે છે. પુસ્તકમાં રાસ–નૃત્ય અને ગરબાનાં ચિત્રો, ગોવ્રત, મેંદી અને બોરાના ચિત્રો પણ સુંદર રીતે અંકાયેલાં છે. પુસ્તકની શરૂઆતના ભાગમાં કુમારી નલિનીબહેન માવાણીનું બંગાળી અલ્પનાનું અને માતૃપ્રેમનુ ત્રિરંગી ચિત્ર બરોબર આપણા મનને મુગ્ધ બનાવે છે. આવી જ રીતે પુસ્તકના અન્તભાગમાં પ્રકટ થયેલું શ્રી. ભાનુ સ્માર્તનું 'કોન્સર્ટ અને પ્રેક્ષકોનું' ત્રિરંગી ચિત્ર પણ એટલું જ નયનમનોહર અને મનને આકર્ષનારું છે. એમાં ચિત્રની કલા સાથે આજના શિક્ષિત નારીસમાજની કેશ–ગૂંથનની કલાનો પણ રસિક પરિચય કરાવવામાં આવ્યો છે. આ ચારે ત્રિરંગી ચિત્રો આખા પુસ્તકની બે પાંખ જેવા સુશોભિત અને રળીઆમણા બન્યા છે.

અને આ પુસ્તકનું સૌથી વિશેષ આકર્ષણ તો એનું બૉકસ છે. જેવી રીતે '**સંસ્કારલક્ષ્મી**'ના બૉકસ ઉપર ચાંલ્લો કરતી સ્ત્રીનું સુંદર ચિત્ર આપવામાં આવ્યું છે તેવી જ રીતે ઘરની રાણીના બૉકસ ઉપર પણ ગુજરાતની કલા અને સંસ્કારિતાનો પરિચય કરાવતી એક ગુર્જર કુલવધૂનું સુન્દર, આકર્ષક અને નયનમનોહર પચરંગી ચિત્ર આપવામાં આવ્યું છે. આ ચિત્ર શ્રી કનુ દેસાઇની અપૂર્વ કલારચનાનો સાક્ષાત્ પરિચય કરાવે છે. ચિત્ર એટલું તો સુરેખ, રેખાંકનોથી ભરપૂર અને સજીવ બન્યુ છે કે તેને વારંવાર જોતાં પણ મન ન ધરાય. બૉકસની બીજી બાજુએ શ્રીમતી ભદ્રાબહેન દેસાઇનુ ત્રિરંગી ચિત્ર છે. આ ચિત્ર પણ આકર્ષક અને દેસાઇ દંપતિની કલાનો પરિચય કરાવનારું બન્યું છે.

આમ '**ઘરની રાણી**' એ વહુઓ માટેનું જ નહિ પરન્તુ પુરુષો અને સ્ત્રીઓ માટેનું એક અનોખું, અનુપમ અને વિવિધ જ્ઞાનથી ભરપૂર એવુ પ્રકાશન છે. સ્ત્રીઓ પોતાનું કહી શકે એવું આ એક જ પ્રકાશન છે. દરેક સંસ્કારી અને શિક્ષિત કુટુમ્બોમાં એ અવશ્ય હોવું જોઇએ. સ્ત્રીઓને શુભ પ્રસંગોએ ભેટમાં આપી શકાય એવું આ એક જ પુસ્તક અમને જણાય છે. અમે આ પુસ્તકને વસાવવાની દરેક કુટુમ્બને આગ્રહભરી ભલામણ કરીએ છીએ. સુંદર સામગ્રી, ૨૫૦ ઉપરાંત ચિત્રો, આકર્ષક બૉકસ અને આંખને ઉડી વળગે એવું રૂપાળું મુદ્રણ જોતાં એની કિંમત રૂા. ૬–૧૨–૦ યોગ્ય જ છે. વી. પી. ખર્ચ બાર આના જુદું. પુસ્તક નીચેને ઠેકાણેથી મળી શકશેઃ—

એન. એમ. ઠક્કરની કંપની

બુકસેલર્સ : પબ્લીશર્સ

૧૪૦, ગોવિંદ બિલ્ડીંગ પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ–૨

લાયબ્રેરીની શોભા સમાં નવાં પ્રકાશનો

અદૃશ્ય માનવી

એચ. જી. વેલ્સ કૃત અંગ્રેજી સાહિત્યમાં નવી જ ભાત પાડતી વૈજ્ઞાનિક નવલકથાનો ભાવાનુવાદ: ૩-૦-૦

ક્રાંતિની ઝાલરી

પોતાની સ્વાધીનતા માટે લડેલી બહાદુર પ્રજાની બૌદ્ધકાલિન ઐતિહાસિક નવલકથા ૩-૦-૦

વિમાતા

શરદબાબુ કૃત સ્ત્રીસમાજના પ્રશ્નો ચર્ચતી ત્રણ નવલિકાઓનો સંગ્રહ ૨-૮-૦

બ્રહ્મચર્યમિમાંસા

જટાશંકર નાંદી કૃત વૈદકીય, સામાજિક, અને ધાર્મિક દૃષ્ટિએ બ્રહ્મચર્યના પ્રશ્નો રજુ કરતું પહેલું જ પુસ્તક. ૩-૮-૦

વિકાસ

ચુનીલાલ વર્ધમાન શાહ કૃત એક સામાજિક નવલકથા ૩-૦-૦

મમતા

શરદબાબુ કૃત સ્ત્રીસન્માનના પ્રશ્ન પર પ્રકાશ પાથરતી નવલ. ૨-૦-૦

પ્રથમ આષાઢ

નિરૂભાઇ દેસાઇ કૃત સમાજના અનેક પ્રશ્નો પર વેધક પ્રકાશ પાડતી નવલિકાઓનો સંગ્રહ ૨-૮-૦

નયના

રસિકલાલ જોષી કૃત નવા અને જૂના જમાનાના વિચારનું મિલન અને તેની અથડામણની રહસ્યભરી નવલકથા ૩-૦-૦

સંતતિના સર્જન પછી

મહાશંકર ઈ. દવે કૃત નૈતિક, ધાર્મિક ને વૈદકિય દૃષ્ટિએ બાળઉછેર. ૨-૮-૦

રૂપરાણી

ધસાડોરા ડંકનની આત્મકથાનો શ્રી. વજુ કોટકે કરેલો અનુવાદ. ૩-૦-૦

ત્રિભેટો

'ધૂમકેતુ'ની સામાજિક નવલિકાઓનો અલેડ સંગ્રહ. ૧-૮-૦

તૈયાર થાય છે

સ્વતંત્ર ભારત [ડુંગરશી સંપટ]
હસાહસાટ [ઓલીયા જોશી]

ગુણવંતરાય આચાર્ય

કોરી કિતાબ : ૧-૮ નિવેદિતા : ૩-૮
ભસ્માંગના : ૨-૦ વિરાટનો ઝબ્બો ૧-૦
કોણ ગુન્હેગાર : ૧-૦

સૌરિન્દ્રમોહન

નારી : ૨-૦ નિરૂપમા : ૨-૦
ગૃહત્યાગ : ૨-૦ મુક્ત પંખી : ૨-૮
લાલ માટીના રસ્તો : ૨-૮

'નવયુગ' ગ્રંથમાળા અને 'લીલાવતી' ગ્રંથમાળાનું લવાજમ ફાગણની અનદદ મોંઘવારીને લીધે ૧૨ મા વર્ષથી રા. ૮ (આઠ) કરવામાં આવ્યું છે.

નવયુગ પુસ્તક ભંડાર : રાજકોટ

સી. શાંતિલાલની કું. મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે પુસ્તકાલય સ.સ.મં. લિ.
પ્રિન્સેસ સ્ટ્રીટ: મુંબઈ ૨ ત્રણ દરવાજા રાવપુરા : વડોદરા
અમદાવાદ

ગૂજરાત—કાઠિયાવાડનું માનીતું મહાન દૈનિક

સંદેશ

[સ્થા : ૧૯૨૩]

વિશ્વયુદ્ધના અને દેશપરદેશના
છેલ્લામાં છેલ્લા સમાચારો
આપવામાં સૌથી મોખરે છે.

આપના પુસ્તકાલયમાં
દૈનિક 'સંદેશ' આવે છે ?

આપ ' સંદેશ 'ના વાર્ષિક ગ્રાહક
બની ઝટપી જગતના છેલ્લામાં છેલ્લા
ટેલિપ્રિન્ટર
દ્વારા મળતા સમાચારો વાંચો.

આખા વર્ષનું લવાજમ ભરનારને
'સંદેશ'ના દળદાર અને સચિત્ર
દીપોત્સવી અંક
ભેટ તરીકે આપવામાં આવશે :

વડોદરા રાજ્યનાં પુસ્તકાલયો માટે ખાસ વાર્ષિક લવાજમ રૂ. ૪૫) (ટપાલ સાથે)

આપના બજેટમાં ' સંદેશ 'નું નામ મૂકવાનું કદી ભૂલતા.

વધુ માહિતી માટે લખો : મેનેજર : "સંદેશ", સારંગપુર : અમદાવાદ

દરેક સાહિત્યપ્રેમી વાંચે

મા ન સી

સરસ સાહિત્યના આ સુન્દર ત્રૈમાસિકમાં વિદ્વાનોના લેખો તેમ જ પૂનલાલ ને ઉમાશંકર, સુન્દરમ્, ધનસુખલાલ વગેરેની રસભરી રચનાઓ છપાય છે. તંત્રી: (' કૌમુદી 'વાળા) પ્રોફેસર વિજયરાય ક. વૈદ્ય. વાર્ષિક લવાજમ રૂપિયા પાંચ.

લખો:—
વ્યવસ્થાપક: ' માનસી ' આનન્દ પ્રેસ :
સ્ટેશન રોડ : ભાવનગર

આપણી ભાષાનું
સર્વાંગસુંદર સચિત્ર માસિક



દરેકમેઠ વાચનાલયે
મંગાવવા જેવું છે,
એના વગર
બજેટ અધુરું છે.

વાર્ષિક દાન : લિંદ બહાર ૮૫

"નવચેતન" કાર્યાલય
ટોઠી પાસે, વડોદરા

શ્રી. ચાંપશી ઉદેશીની
નવી પ્રસાદી

અનોખી સામાજિક
નવલકથા છે.
જેણે જેણે વાંચી
તેણે તેણે પ્રશંસી.

૨૨૫ પાન-કનુ દેસાઇ કૃત કવર-કિં. રૂા. ૧૫
સોલ એજન્ટ
એન. એમ. હકકરની કંપની
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ—૨

પુસ્તક ૧૮ મું | સપ્ટેમ્બર–૧૯૪૩ | અંક ૯ મો

અવતરણ

" **અ**ત્યારે ગામડામાં કેટલાક કાર્યકર્તાઓ છે; ને એ કાર્યકર્તાઓ અમુક પ્રકારની રાજકીય દૃષ્ટિ પણ ધરાવે છે. **જ્ઞાનની પરબ જેવા પુસ્તકાલયનો વહિવટ** પણ એમાંના ઘણા સેવાભાવે કરતા હોય છે. એમની પાસે એમની દૃષ્ટિ છે, સેવાની ધગશ છે, કામ કરવાની હોંશ છે, છતાં એ જે ફાળો આપશે તે સર્વદેશી વિકાસની દૃષ્ટિએ અત્યંત સંકુચિતજ રહેશે. આમ શા માટે ? – કારણ કે **વાદ** !

" માણસ જ્યારે કોઇ પણ વાદનો ચેલો બને છે ત્યારે એનામાંથી એની દૃષ્ટિનો લોપ થાય છે. કોઇ પણ વાદના ચેલા બનવું–અને કોઇપણ વાદનાં લોકકલ્યાણકારી તત્ત્વોને સમજીને એને વધારે સમજવા મથવું, એ બેમાં આકાશ–પાતાળ જેટલું અંતર છે. ચેલાઓ ભયંકર છે–પછી ભલે એ ટોલ્સ્ટૉયના હોય, અરવિંદના હોય, ગાંધીજીના હોય કે સ્ટેલીનના હોય : ભયંકર છે એટલે સમર્થ નથી. એ અર્ધદગ્ધ હોય છે અને એમની અર્ધ-દગ્ધતા લોકભૂમિને પણ અર્ધદગ્ધ રાખવા મથે છે; આ વસ્તુ ભયંકર છે.

" એટલે આપણી આજની મોટામાં મોટી જરુરિયાત, જે વસ્તુ કે વાદને આપણે સ્વીકારતા હોઇએ તે વસ્તુ કે વાદ સિવાયની સઘળી જ વસ્તુઓ નિષ્ફળ છે, એવી વારંવાર ઉચ્ચારાતી વાણીને સંયમ આપવાની છે. ભલે આપણો વાદ, લોકની મોરલીએ ચડેલો હોય, પણ એ વાદમાં જેટલું ધાતુત્વ છે એટલું જ લોકમાં રહેવાનું છે.

" લોકની નિર્દોષ મોરલી તો અજ્ઞ રીતે ક્રૂર હોય છે. એ તો આજે મુસોલિનીનાં તોપ ઉપર થયેલાં વ્યાખ્યાનો સાંભળે ને કાલે એ જ તોપને મોઢે એને ચડાવે ! ! "

[" સ્ત્રીજીવન "માંથી] —" ધૂમકેતુ "

સાહિત્યસૃષ્ટિનું અવનવું

બ્રિટનમાં કાગળના પૂરવઠા પર અંકુશ હોવા છતાં આંધળાઓ માટેની બ્રિટિશ સામ્રાજ્યની મોટામાં મોટી પ્રકાશનસંસ્થા—નેશનલ ઇન્સ્ટિટ્યુટ ફૉર ધ બ્લાઇન્ડ(આંધળાઓ માટેની રાષ્ટ્રીય સંસ્થા)એ ગયા વર્ષમાં ૧૪,૦૦૦ થી વધારે બ્રેઇલ પુસ્તકો, ૧૩,૦૦૦ થી વધુ ગ્રેમ્ફોનો, ૧૪૧,૦૦૦ થી વધારે માસિકો તથા ૩૫૦,૦૦૦ થી વધારે વર્તમાનપત્રો બ્રેઇલ તથા મૂન અક્ષરોમાં પ્રકટ કર્યાં છે.

*

૧૯૪૨ માં મુંબઇ ઇલાકામાં રજિસ્ટર થયેલાં પુસ્તકો તથા સામયિકોની સંખ્યા ૫,૫૪૩ થી ઘટીને ૪,૩૬૮ ની થઇ છે.

પ્રાદેશિક ભાષામાં મૌલિક ગ્રંથોની સંખ્યા ૩૧૨૮ અને અંગ્રેજી તથા બીજી યુરોપિયન ભાષાનાં પુસ્તકોની સંખ્યા ૭૨૩ ની હતી.

પ્રાદેશિક ભાષામાં પ્રગટ થયેલ પુનર્મુદ્રણો તથા ભાષાંતરોની સંખ્યા અનુક્રમે ૧૯ તથા ૩૯ની હતી.

પુસ્તકોમાં મરાઠી ભાષામાં ૬૭૩, ગુજરાતીમાં ૫૩૬ તથા કાનડી ભાષામાં ૧૫૦ પ્રકટ થયાં હતાં. સામયિકોમાં ૯૧૨ ની સંખ્યા સાથે ગુજરાતી ભાષા આગળ પડતી હતી. ઉર્દૂ ભાષામાં ચાર પુસ્તકો પ્રગટ થયા હતાં; જ્યારે નવું એક પણ સામયિક પ્રગટ થયું નહોતું.

મૌલિક ગ્રંથોની પહેલી આવૃત્તિ પ્રગટ થઇ હોય તેની વિભાગવાર સંખ્યા નીચે મુજબ છે:—

ધર્મ ૪૧૫, ભાષા ૨૪૩, વાર્તા ૧૭૬, દવાને લગતાં ૫૬૫, વિજ્ઞાન ૧૪૮, કાવ્ય ૧૦૦, જીવનચરિત્ર ૭૧, કાયદો ૫૯, રાજનીતિ ૫૫, ઇતિહાસ ૪૨, નીતિશાસ્ત્ર ૩૯, ગણિત તથા યંત્રશાસ્ત્ર ૩૪, નાટય ૩૧, કળા ૨૧.

*

શ્રી. વી. એચ. ડેવીડના તંત્રીપણા હેઠળ બમૉ ખાલી કરી આવેલાઓનું મુખપત્ર ' બમૉ નાઉ ' આખરે પ્રકટ થયું છે.

જાહેર કર્યો મુજબ તે વહેલું પ્રકટ ન થઈ શકવાનું કારણ એ હતું કે, કાગળની ખરીદી માટે સરકાર તરફથી જોઇતી પરવાનગી મળી શકી નહોતી. અત્યારે તો આ પત્ર ફક્ત અંગ્રેજીમાં જ નીકળશે, પણ કાગળનો વધારે જથ્થો મળતાં તામિલ અને તેલુગુ ભાષાની આવૃત્તિઓ પણ પ્રકટ કરવામાં આવશે.

પહેલા અંકમાં સરકારી અધિકારીઓના સંખ્યાબંધ સંદેશાઓ પ્રગટ કરવામાં આવ્યા છે. આ સંદેશા મોકલવામાં બંગાળના આગલા ગવર્નર નથા બીજા ઘણાનો સમાવેશ થાય છે. આ પત્રમાં બમૉ ખાલી કરી ગયેલાઓના પ્રશ્નની ખાસ ચર્ચા કરવામાં આવે છે. પત્રની ઑફિસ ભારત બિલ્ડીંગ્ઝ, માઉન્ટ રોડ, મદ્રાસ ખાતે છે.

*

પટણાથી નીકળતા ' બિહાર હેરલ્ડ ' ૮ મી જુનનો અંક ' ઝોરાસ્ત્રોવેકિયા અંક ' તરીકે બહાર પાડેલ છે. ઝેક જીવનની જુદી જુદી બાબતો, તેનો ઇતિહાસ, ભૂગોળ, મુખ્ય,

ઉદ્યોગ, ખેતીવાડી, સ્વાતંત્ર્ય અને રાજકીય બંધારણ સંબંધી ઘણું જાણવાનું મળી આવે છે. શરૂઆતમાં 'હિંદ અને ઝેકોસ્લોવેકિયા'માં બન્ને દેશો વચ્ચેના સાંસ્કૃતિક સંબંધ ઉપર જનબેરોએ લેખ લખેલ છે.

❀

કોઈ પણ લેખક કે ગ્રંથકાર માટેનાં લોકોનાં માન અને આદર, તેના મૃત્યુ પછી, ઘડવામાં આવેલ કોઈ પણ કાયદા કરતાં વધારે સારા રક્ષકો છે. છતાં પણ વેપારી દૃષ્ટિથી મહાપુરુષોનાં પુસ્તકો સાથે છૂટછાટ લેવામાં આવે છે. આપણે શરતચંદ્ર ચેટરજીના પુસ્તક 'કાશીનાથ'ની જ વાત લઈએ. તેની જે ફિલ્મ ઉતારવામાં આવી છે તેમાં મુખ્ય હકીકતને વિકૃત સ્વરૂપમાં રજૂ કરવામાં આવી છે.

દિલ્હીથી પ્રગટ થતા માસિક 'ધી કેરેવન'માં અત્યાર સુધી પશ્ચિમના મહાન ગ્રંથોનો ટૂંક સાર આપવામાં આવતો હતો. હવે તેમાં હિંદનાં પુસ્તકોનો સાર આપવાનું શરુ કરવામાં આવ્યું છે. અને 'કાશીનાથ'થી શરુઆત કરવામાં આવી છે. બીજી નવલકથાઓનો ટૂંક સાર પણ હવે પછી આપવામાં આવશે.

❀

આઠ દિવસમાં પાંચ લાખ પુસ્તકો ખપી ગયાં!!

યુનાઇટેડ સ્ટેટ્સના પુસ્તકવિક્રેતાઓના ઇતિહાસમાં હંમેશને માટે યાદ રહી જાય એવું ગયા અઠવાડિયાનું વેન્ડેલ વીલ્કીના 'વન વર્લ્ડ' પુસ્તકનું વેચાણ હતું. 'ગૉન વીથ ધી વીન્ડ,' 'હાઉ હુ વીન ફ્રેન્ડઝ એન્ડ ઇન્ફ્લુએન્સ પીપલ' અને 'યોર ઇન્કમ ટેક્સ' જેવાં પુસ્તકોના વેચાણને ટપી જાય એવું મોટું એ વેચાણ થયું હતું.

આઠ દિવસમાં **પાંચ લાખ** નકલો છપાઇ હતી. રોજની **પચાસ હજાર** નકલો વેચાતી હતી. બ્રિટિશ, રશીઅન અને સ્પેનીશ આવૃત્તિઓના 'હક્ક' વેચાઇ ગયા હતા. બાંધેલાં ગંજીપૂંજીના લિલામમાં મિ૦ જુલીઅસ ફલોરેન્જે એ બાંધેલાં પૂંજીની ખરીદી કરી હતી. એની કિંમત એક લાખ ડોલરના વોર બૉન્ડની હતી. એ જ માણસે જેક બેન્નની વાયોલીન દસ લાખ ડોલરમાં ખરીદી હતી.

બંગાળી ભાષામાં શ્રી. રવીન્દ્રનાથ ટાગોરનાં બે નવાં પુસ્તકો પ્રકટ કરવામાં આવ્યાં છે. 'આત્મપરિચય' અને 'સાહિત્યેર સ્વરૂપ.'

❀

'મોડર્ન રિવ્યુ'ના વિદ્વાન તંત્રી શ્રી. રામાનંદ ચેટરજીની જયંતી ઉજવવાની તૈયારીઓ પૂરબહારથી ચાલી રહી છે. આ ઉત્સવની ઉજવણીમાં ડૉ. શ્યામપ્રસાદ મુખરજી પત્રકારો, વિદ્વાનો તથા કળાકારોને મદદ કરી રહ્યા છે એટલી જ હકીકત તેની સફળતા માટે પૂરતી છે. બંગાળી સંસ્કૃતિમાં શ્રી. રામાનંદ ચેટરજીનો ફાળો સુવિદિત છે.

❀

પ્રિન્સિપાલ રામેંદ્ર સુંદર ત્રિવેદીની ચોવીસમી મૃત્યુતિથિ ઉજવવા માટે બંગીય સાહિત્ય પરિષદની એક ખાસ બેઠક બોલાવવામાં આવી હતી. કલકત્તાની સભામાં સર જદુનાથ સરકારે પ્રમુખપદ લીધું હતું. અનેક વક્તાઓએ, પ્રિન્સિપાલ ત્રિવેદીએ બંગાળી સાહિત્યની બજાવેલ સેવાનાં વખાણ કર્યાં હતાં. બંગાળી ભાષામાં વૈજ્ઞાનિક સત્યોને સમજાવવાના તેમના યત્નની ખાસ પ્રશંસા કરવામાં આવી હતી.

❀

હિંદી સાહિત્યને સમૃદ્ધ બનાવવામાં મધ્ય પ્રાંતોએ અગત્યનો ભાગ ભજવ્યો છે. એમ

પણ કહેવાય છે કે મહાકવિ કાલિદાસને મેઘદૂત લખવાની પ્રેરણા ત્યાંથી જ મળી હતી. ચિંદવાડા પરગણામાં આવેલ અમરવાસને સંસ્કૃત વિદ્વાનોએ કાલિદાસનું ' અમરકૂટ ' ગણ્યું છે. અત્યારે મધ્ય પ્રાંતમાં ઘણા પ્રખ્યાત વિદ્વાનો વસી રહ્યા છે.

બિલાસપુરના ગહામહોપાધ્યાય સાહિત્ય-વાચસ્પતિ રાવબહાદુર જગન્નાથપ્રસાદ 'ભાનુ' હિંદી કાવ્યના પ્રસિદ્ધ વિદ્વાન છે. તેમનાં ' કાવ્ય પ્રભાકર ' તથા ' ચાંદ-પ્રભાકર ' હિંદભરમાં જાણીતાં બન્યાં છે. તેમની ઉંમર લગભગ નેવું વર્ષની છે.

રાયપુરના ડૉ. બલદેવપ્રસાદ મિશ્ર હિંદીના જાણીતા વિદ્વાન, કેળવણીકાર તથા વક્તા છે. તેમણે હિંદી સાહિત્યની અમૂલ્ય સેવા બજાવી છે. તુલસીદાસના તત્ત્વજ્ઞાન વિષેના તેમના લેખે તેમને ડૉકટરની પદવી અપાવી છે.

❧

' કર્મવીર 'ના તંત્રી માખનલાલ ચતુર્વેદીએ મધ્યપ્રાંતમાં પ્રગતિશીલ સાહિત્યનું વાતાવરણ ઉત્પન્ન કર્યું છે. આ ઉપરાંત બીજા પણ ઘણા છે.

સ્ત્રીલેખિકાઓને આપણે વિસરી જવી ન જોઇએ. સુભદ્રાકુમારી ચૌહાણ, હીરાદેવી ચતુર્વેદી, શકુંતલાદેવી ખરે, સરલા તિવારી, વિદ્યા ભાર્ગવ, રત્નકુમારીદેવી અને દિનેશનંદિની, જાણીતી લેખિકાઓ છે. બીજી કવયિત્રીઓનાં પુસ્તકો એટલાં જ માનાર્હ છે. નવલકથા તથા નવલિકાની લેખિકા તરીકે ઉષા મિત્ર અને તેજરાણી પાઠકને આપણે ભૂલી શકાએ નહિ.

મધ્યપ્રાંતમાં લગભગ દશ વર્તમાનપત્રો ચાલે છે, જેમાંનાં ઘણાંખરાં અઠવાડિકો છે. ' હિંદી શુભચિંતક 'ની પ્રગતિ ખાસ નોંધપાત્ર છે. ' કર્મવીર ', ' સ્વરાજ ', ' આમ્રાદૂત ', ' સાવધાન ', ' નવભારત ', ' લોકમત ' અને ' અંકુશ ' હિંદી સાહિત્યની સરસ સેવા બજાવી રહ્યાં છે. આ બધા છતાં મધ્ય પ્રાંતમાં એક સારા માસિકની ખોટ જણાય છે.

❧

અખિલ હિંદ હિંદી સાહિત્ય સંમેલનની એકત્રીસમી બેઠક મે માસના અંતમાં હરિદ્વારમાં પંડિત માખનલાલ ચતુર્વેદીના પ્રમુખપણા હેઠળ ભરવામાં આવી હતી. આ પરિષદના પ્રમુખપદ માટે મધ્યપ્રાંતમાંથી એથી વખત ચૂંટણી થઈ છે. સ્વ. રા. બ. પંડિત વિષ્ણુદત્ત શુકલ ૧૯૨૦ માં પટણામાં પ્રમુખ હતા. રાયપુરના સ્વ. પંડિત માધવરાવ સપ્રે ૧૯૨૪ માં દહેરાદુનમાં તથા ૧૯૩૭ માં સ્વ. શેઠ જમનાલાલ બજાજ મદ્રાસમાં પ્રમુખ હતા.

આ વર્ષની બેઠકનો અભૂતપૂર્વ બનાવ એ હતો કે પ્રમુખનું વજન રૂપિયાના સિક્કાથી કરવામાં આવ્યું હતું. સ્વાગત સમિતિના પ્રમુખ મહંત શાંતાનંદ નાથ, મહંત ધનશ્યામગિરિ અને શ્રી. પન્નાલાલ બાલા, આ દાન કરનારાઓમાં મુખ્ય હતા. શ્રીમતી ચંદ્રાવતી જૈને રૂા. ૧૦૦૧) આપ્યા હતા. આ બધી રકમ હવે પછી ' હરિદ્વાર સંમેલન નિધિ ' તરીકે ઓળખાશે અને તેનો ઉપયોગ વીસમી સદીના સ્વર્ગસ્થ થયેલ લેખકોનાં પુસ્તકો પ્રગટ કરવામાં વાપરવામાં આવશે. અલ્હાબાદ યુનિવર્સિટીના વાઇસ ચેન્સેલર ડૉ. અમરનાથ ઝાએ પણ મહંત શાંતાનંદ નાથે રૂા. ૫૦૧)ની થેલી ભેટ ધરી હતી. હિંદીમાં વૈજ્ઞાનિક શબ્દો તૈયાર કરવામાં આ રકમ વાપરવાનું ડૉ. અમરનાથ ઝાએ વચન આપ્યું છે. પરિષદની હવે પછીની બેઠક જયપુરમાં મળશે.

❧

મહિસુર સરકારે, બેંગલોરની કાનડા સાહિત્ય પરિષદને અપાવેલી રૂા. ૩૦૦૦) ની વાર્ષિક ગ્રાન્ટ ૧૯૪૩ ના જુલાઇથી ત્રણ વર્ષ માટે ચાલુ રાખી છે.

આગેવાન વેપારી તથા આર્સીકેરના સ્થાનિક કર્ણાટક સંઘના પ્રમુખ શ્રી. કે. વેંકટસ્વામીએ પરિષદને રૂા. ૧૦૦૦) નું દાન કર્યું છે.

જુનના પહેલા અઠવાડીઆમાં આર્સીકેરના કર્ણાટક સંઘે વસંત સાહિત્ય ઉત્સવ ઉજવ્યો હતો.

*

જે બાળક અથવા મનુષ્યને પહેલવહેલું શિક્ષણ મળે તેને વાંચવાની ખૂબ ભૂખ જાગે છે અને તેથી આપણા રાષ્ટ્રના મહામૂલા ગ્રંથો રામાયણ અને મહાભારતમાંથી સહેલું વાચન મળે તે માટે ખૂબ લાગણી થાય તે સ્વાભાવિક છે. સરળ સાદા ગદ્યમાં, બાલપુસ્તકોમાં રામાયણની વાત પ્રગટ કરવાની યોજના મહિસુર અક્ષર પ્રચાર સમિતિની વિચારણા હેઠળ છે. આ વિષે કાનડી ભાષાના આગેવાન લેખકોના મત માગવામાં આવ્યા છે.

*

મહિસુર યુનિવર્સિટીના પ્રો. એન. એસ. નારાયણશાસ્ત્રીને તાજેતરમાં યુનિવર્સિટીએ ' ડૉકટર ઑફ લિટરેચર 'ની પદવી આપી છે. આ માન મેળવનાર પ્રો. પહેલવહેલા જ છે. પ્રો. નારાયણસ્વામી હિંદમાં તેમ જ હિંદ બહાર ખૂબ પ્રખ્યાત છે.

*

મહારાષ્ટ્ર સાહિત્ય પરિષદના આશ્રય હેઠળ જુન માસના પહેલા અઠવાડિયામાં પૂના ખાતે ' ઇતિહાસ વાઙ્મય સંમેલન ' ભરવામાં આવ્યું હતું. પ્રમુખપદે જાણીતા ઇતિહાસવેત્તા રાવબહાદુર જી. એસ. સરદેસાઇ હતા.

*

યશોદા ચિંતામણિ ટ્રસ્ટે જાહેર કરેલું આ વર્ષનું રૂ. ૨૫૦) નું પારિતોષિક પૂનાના મિ. (થોડો સમય પ્રોફેસર) એન. જી. જોશીને આપવામાં આવ્યું છે. તેમના નિબંધનો વિષય ' ભારતીય નાટયકલાનું વાઙ્મય ' છે. નિબંધ પ્રગટ થવાની તૈયારીમાં છે.

*

મરાઠી ભાષામાં હાલમાં વિવિધ પ્રકારનાં પુસ્તકો પ્રગટ થયાં છે. તેમાંનાં કેટલાંકનો નિર્દેશ નીચે કરવામાં આવે છેઃ

શ્રી. વાય. એમ. પાઠકનું ' માઝે કાદંબરીલેખન ' લીલા દેશમુખનું ' વીણા કાદંબરી, ' એન. કે. બિહારીનું ' શકકર્તા શાલિવાહન ' અને ગુરુજીનું ' ગોડા શેવતાં, ' અવિનાશ ઓક કૃત ' પીવલા ગુલાબ, ' જી. ટી. મધોલકરનું ' ચંદનવાડી ' વગેરે.

*

લાહોરમાં મળેલ પંજાબના વર્કિંગ જર્નાલિસ્ટસ (કામ કરતા તંત્રીઓ)ની સભામાં ' ધી પંજાબ વર્કિંગ જર્નાલિસ્ટસ એસોસીએશન 'ની સ્થાપના કરવામાં આવી હતી. ' સિવિલ એન્ડ મિલિટરી ગેઝેટ 'ના તંત્રી મિ. એફ ડબ્લ્યુ બરસ્ટીનને તથા ' ટ્રિબ્યુન ' ના સિનિયર આસિસ્ટન્ટ તંત્રી મિ. જંગબહાદુરસિંઘને અનુક્રમે કામચલાઉ પ્રમુખ તથા

સામાન્ય મંત્રી તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા હતા. બંધારણ ઘડવા માટે એક પેટાસમિતિની નિમણૂક કરવામાં આવી હતી.

મુશ્કેલીમાં આવી પડેલા પત્રકારોને મદદ આપવા માટે ટ્રસ્ટની દેખરેખ હેઠળ એક લાખ રુપિયાનું ફંડ કરવાનો સભાએ ઠરાવ કર્યો હતો. લાહોરના ઉર્દૂ દૈનિક 'વીર ભારતે' એક હજાર રૂપિયાનું દાન આપીને ફંડની શરૂઆત કરી છે.

❀

ગયા વર્ષના ઑગસ્ટની ૯ મી તારીખ પછી ગાંધીજી સંબંધી, ગાંધીજીના લખેલ તથા તેમના લેખોમાંથી તૈયાર થયેલ કેટલાં પુસ્તકો બહાર પડ્યાં હશે ? હવે તો તે ગણવાનું કાર્ય પણ પડતું મૂકવું પડે તેમ છે.

છેલ્લું પુસ્તક શ્રી. વી. વી. એમ. એ લખેલું 'ગાંધી ઇઝ ઇન્ડિયા' (Gandhi is India) બહાર પડ્યું છે. ગાંધીજીના વ્યક્તિત્વ તથા તેમનાં લખાણો સંબંધી રોમે રોલાંથી માંડીને જૉન ગંથર સુધી તથા રવીન્દ્રનાથ ટાગોરથી માંડીને સર રાધાકૃષ્ણન્ સુધીના લેખકોનાં તેમાં અવતરણો છે. આ પુસ્તક સારામાં સારું વાચન પૂરું પાડે છે.

❀

કાગળોની તંગીના આ જમાનામાં જ્યારે પ્રકાશકો હાથ જોડીને બેસી રહ્યા છે, વર્તમાનપત્રોએ પાનાં તથા ફેલાવા પર કાપ મૂક્યો છે, જેવાં તેવાં માસિકો તો બંધ પડ્યાં છે, ત્યારે એક જ એવી પ્રકાશનસંસ્થા છે, કે જેને આ કંઈ પણ હરકત ન નડતી હોય. આ સંસ્થાનું નામ છે 'યુનાઇટેડ પબ્લીકેશન્સ' દિલ્હી. તેના એક પ્રકાશન પરથી જણાય છે કે, એ સંસ્થા ફ્રેંચ, પર્શિયન, પુસ્તૂ, અરેબિક, ઉર્દૂ અને અંગ્રેજીમાં ઓછામાં ઓછાં અગિયાર માસિકો પ્રગટ કરે છે. બધાં માસિકો સરસ કાગળ પર–કેટલાંક તો આર્ટ પેપર પર છપાય છે. તેમાં પુષ્કળ ચિત્રો આપવામાં આવે છે અને તેની કિંમત બહુ જ ઓછી–મોટે ભાગે ચાર જ આના–હોય છે. તેમાં જાહેરખબરો બિલકુલ લેવામાં આવતી નથી. કોઈપણ પ્રકાશક તમને કહેશે કે આ તો વીસમી સદીની એક નવાઈ છે !

❀

વાચકને આટલી હકીકતથી તો તે વિષે વધારે જાણવાની જિજ્ઞાસા થશે. લગભગ અર્ધો ડઝન ભાષામાં માસિકો પ્રગટ કરાવીને કોઈ ધૂની શ્રીમંત પોતાના પૈસા વેડફી નાખે છે કે કોઈ મોટી સંસ્થા દિલ્હીથી ઉત્તર આફ્રિકા સુધીનો પ્રકાશનનો ધંધો હાથ કરી લેવા માગે છે ? અથવા તો હિંદી સરકારનું કોઈ પ્રચાર ખાતું આ માસિકો પ્રગટ કરાવે છે ? આમાંનાં કેટલાંક માસિકો તો હમણાં સુધી નજીકના પૂર્વના દેશોમાં પ્રચાર કરવા માટે પરદેશના બનાવોના ખાતા તરફથી પ્રગટ કરવામાં આવતાં હતાં.

❀

હાલમાં બર્મામાં અંગ્રેજી ભાષા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, ફક્ત જાપાનીઝ તથા બર્મીઝ ભાષાની છૂટ છે.

૭ મી સિપ્ટેમ્બરથી રંગૂનમાંથી એક જાપાની દૈનિક નીકળવું શરૂ થયેલ છે.

❀

સાત સમુદ્રનાં અંદરોના અસંખ્ય રોમાંચક કિસ્સાઓની ખબર ભવિષ્યની પ્રજાને પડી શકશે નહિ.

યુનાઇટેડ સ્ટેટસના નૌકા ખાતાના નવા સંરક્ષણ પગલાં હેઠળ અમેરિકાના નૌકા ખાતાના અધિકારીઓ તથા ખલાસીઓને ભવિષ્યમાં ડાયરી ન રાખવાનું તથા અત્યારની બધી ડાયરીઓનો નાશ કરવાનું કહેવામાં આવ્યું છે.

❀

' રોમ્ઝ વીકલી 'માં વેફેરર જણાવે છે કે ' મને ચોક્કસ વહેમ છે કે થોડા મહિનામાં જ લોર્ડ લિન્લિથગો હિંદ ઉપર એક પુસ્તક લખશે. હું જો મારી વિચારશ્રેણી આગળ ચલાવું તો મને ખાતરી છે કે સનંદી નોકરો પરના પ્રકરણમાં ખૂબ માહિતી મળી શકશે. ' તે કહે છે કે હિંદ સનંદી નોકરોની નાગચૂડમાં છે અને તે અટકાવવાને એક પણ વાઇસરોય શક્તિમાન થયેલ નથી. ગાંધીજીએ એક વખત લૉર્ડ રીડીંગને એવી સલાહ આપી હતી કે ' જો તમે પ્રથાને ગણી નહિ જાવ, તો પ્રથા તમને ગણી જશે. ' લૉર્ડ રીડીંગ સુધ્ધાં બધા વાઇસરૉયના સંબંધમાં આ શિખામણ સાચી પડી છે.

❀

મદ્રાસના પ્રસિદ્ધ પુસ્તકવિક્રેતા જી. એ. નાટેસને ગાંધીજીના જીવનચરિત્રના, ' મહાત્મા ગાંધી, ધી મેન એન્ડ હિઝ મિશન ' નામથી પ્રગટ કરેલ પુસ્તકની હાલમાં દશમી આવૃત્તિ પ્રગટ થઇ છે તે ખરેખર પ્રકાશકો માટે ગૌરવ લેવા જેવી વસ્તુ છે. આ પુસ્તકમાં, અખિલ હિંદ મહાસભા સમિતિની ઑગસ્ટની બેઠક, આગાખાન મહેલમાં ગાંધીજીની અટકાયત, તેમનો છેલ્લો અપવાસ તથા નેતાઓની માગણી સુધીની હકીકત આપી પુસ્તકને અદ્યતન બનાવવામાં આવેલ છે. પુસ્તકની કિંમત બે રૂપિયા છે. **છોટાલાલ માનસિંગ કામદાર**

માસિકો મળ્યા તારીખ

ઊર્મિ અને નવરચના	ઑગસ્ટ	૧૬–૮–૪૩
કિશોર	જુલાઇ–ઑગસ્ટ	૧૧–૮–૪૩
કુમાર	જુન	૭–૯–૪૩
ખેતીવાડી વિજ્ઞાન	સપ્ટેમ્બર	૨–૯–૪૩
ગાંડીવ	સપ્ટેમ્બર	૧–૯–૪૩
ગુણસુન્દરી	જુન–જુલાઇ–ઑગસ્ટ	૮–૯–૪૩
ગ્રામજીવન	સપ્ટેમ્બર	૧–૯–૪૩
ઘરશાળા	ઑગસ્ટ	૧૪–૮–૪૩
ચિત્રમય જગત	સપ્ટેમ્બર	૪–૮–૪૩
નવચેતન	સપ્ટેમ્બર	૧–૯–૪૩
પાટીદાર	ભાદરવો	૨૬–૮–૪૩
પ્રસ્થાન	અષાડ–શ્રાવણ	૩–૮–૪૩
બાલજીવન	સપ્ટેમ્બર	૬–૯–૪૩
બાલમિત્ર	સપ્ટેમ્બર	૩–૯–૪૩
બાલસખા	સપ્ટેમ્બર	૧–૯–૪૩
બાળક	સપ્ટેમ્બર	૧–૯–૪૩
બુદ્ધિપ્રકાશ	એપ્રિલ–જુન	૨૩–૭–૪૩
ભગિની	ઑગસ્ટ	૨૧–૭–૪૩
માનસી	જુન	૮–૭–૪૩
રેખા	ઑગસ્ટ	૨૯–૭–૪૩
વ્યાયામ	ઑગસ્ટ	૨૧–૮–૪૩
વૈદ્યકલ્પતરુ	સપ્ટેમ્બર	૭–૯–૪૩
શારદા	ઑગસ્ટ	૧૫–૮–૪૩
શિક્ષણપત્રિકા	શ્રાવણ	૨૭–૮–૪૩
સ્ત્રીજીવન	સપ્ટેમ્બર	૧–૯–૪૩
સ્ત્રીબોધ	સપ્ટેમ્બર	૮–૯–૪૩

ભારતીય ભાષાઓનું આધુનિક સાહિત્ય

બ્રિટિશ સમય પહેલાં હિંદની મુખ્ય ભાષાઓ બંગાળી, હિંદી, મરાઠી, ગુજરાતી, સિંધી ભાષાઓમાં લગભગ મોટા ભાગના ગ્રંથો પદ્યમાં જ રચાતા હતા. એમાં આશરે સોએ સો ટકા પદ્યગ્રંથો જ રચાયા છે. કોઈ અપવાદરૂપે ગદ્યગ્રંથ લગભગ દુર્લભ જેવા જ હતા. એ ગદ્ય ભાષાગ્રંથોની ગૂંથણીનો વિકાસ અંગ્રેજી અમલ દરમિયાન જ થયો છે. આગળ વાર્તાઓ પણ પદ્યમાં જ રચાતી હતી. પરંતુ બ્રિટિશ અમલમાં ભાષાઓનું સાહિત્ય શતગણું વિકસિત થયું છે. તેમાં મુદ્રણકળાની જર્મનીમાં ગટનબર્ગે બ્રિટિશમાં કેક્ષ્ટને શોધ કર્યા પછી તો પુસ્તકોનું મુદ્રણ અને વાચન ખૂબ વધ્યાં. હિંદમાં પણ એનો વિકાસ ધીમે પણ સચોટપણે થયો. આશ્ચર્યકારક બિના તો એ છે કે હિંદની ઘણીખરી ભાષાઓની સુધારણા વિકાસ અને આધુનિક યુગનો પાયો નાખનાર ખ્રિસ્તી ધર્મના યુરોપીયન મિશનરીઓ હતા. એમણે હિંદની લગભગ ઘણીખરી ભાષાઓ ઉપર મહદ્ ઉપકાર કર્યો છે.

બંગાળી ભાષાનું હાલનું વ્યાકરણ તૈયાર કરવામાં અને ગદ્ય સાહિત્યની શરૂઆત કરવામાં શ્રીરામપુરના એક પાદરી સાહેબનો હાથ હતો બંગાળમાં. અંગ્રેજ અમલ ઠેઠ ઇ. સ. ૧૭૭૨ થી શરૂ થયો છે; એ સમય પછી થોડાં વર્ષે હાલ્હેડ નામના યુરોપિયને અત્યંત પરિશ્રમ વેઠી, બંગાળી ભાષાનું સાંગોપાંગ જ્ઞાન મેળવ્યું. ઇ. સ. ૧૮૦૦ માં અંગ્રેજી અમલદારોને બંગાળી ભાષાનું જ્ઞાન આપવા ફૉર્ટ વિલિયમ કૉલેજ નામના વિદ્યાલયની સ્થાપના થઇ. તેમાં કેટલાક બંગાળી પંડિતોને પણ રાખવામાં આવ્યા હતા. એ કૉલેજના શિક્ષણ માટે કેટલાંક પુસ્તકો રચાયાં હતાં. ઇ. સ. ૧૮૦૧ માં બંગાળી ભાષાનો પહેલો કોષ રચાયો હતો. દેશી ભાષાઓમાં કોષની રચના હિંદભરમાં આ પ્રથમ જ થઇ હતી. હિંદીમાં પણ મિશનરીઓએ પાયો ખોદવાનું યથાશક્તિ કામ કર્યું હતું. ગુજરાતીમાં રેવરન્ડ મિ. ટેલરનું વ્યાકરણ ઘણાં વર્ષો સુધી પાઠય પુસ્તક તરીકે જાણીતું હતું. સિંધી ભાષાને અગાઉ લિપિ નહોતી. વેપારી બોડીઆ લિપિ ઢંગધડા વગરની અને વ્યાકરણદોષવાળી હતી. રેવરેન્ડ મિ. ટ્રેન્ટે સિંધીને અરબી લિપિમાં લખવાની પહેલ કરી આખી વર્ણમાળા અને વ્યાકરણ તૈયાર કર્યું હતું. પણ એ વ્યાકરણ સિંધીમાં ચાલે છે. ગુજરાતીમાં ટી. જે. વેલ્સની પાઠમાળા હજી પણ ઉપકારક છે. લૉપ વાચનમાળાના લેખકો ગુજરાતીઓ છતાં એની સંકલના લોપ સાહેબની દેખરેખ નીચે થઇ છે.

ઇ. સ. ૧૯૦૧માં બંગાળમાં પાદરીઓએ ૮૦ હજાર શબ્દોનો મોટો કોષ તૈયાર કર્યો. તેમ જ હિંદની દેશી ભાષાઓમાં પહેલું માસિક પણ બંગાળી મિશનરીએ જ કાઢયું હતું. રેવરેન્ડ કૃષ્ણમોહન બંદોપાધ્યાય નામે દેશી મિશનરીએ ઇ. સ. ૧૮૦૧ લગભગમાં " વિદ્યાકલ્પ દ્રુપ " નામે માસિક કાઢયું હતું. ગુજરાતી, હિંદી, મરાઠી, સિંધીમાં ત્યારે માસિકો નહોતાં.

બંગાળીમાં ગદ્ય સાહિત્યના પિતા તરીકે શ્રી. રામમોહન રાયનું નામ આજે પણ આદરથી લેવાય છે. એમણે બ્રાહ્મસમાજની સ્થાપના કરી, સતી થવાનો ચાલ બંધ કરવામાં ખૂબ સહકાર આપ્યો હતો. હિંદમાંથી વિલાયત જનાર પહેલા હિંદી રાજા રામમોહન રાય હતા.

એમણે અંગ્રેજી પદ્ધતિ ઉપર વ્યાકરણ રચ્યું. અનેક પુસ્તકો એમણે રચ્યાં છે. આપણા ગુજરાતમાં એવા જ પ્રતિભાશાળી ટંકારાના મૂળશંકર (શ્રી દયાનંદ સરસ્વતી) થયા છે. એમણે આર્ય સમાજની સ્થાપના કરી, મૂર્તિપૂજા વિરુદ્ધ જબ્બર ઝુંબેશ ઉપાડી. એમણે ગુજરાતી ભાષાની સેવા ભલે નથી કરી પણ હિંદી-સંસ્કૃતમાં વિપુલ સાહિત્ય આપ્યું છે. હિંદી ગદ્યનો ખરો પાયો નાખનાર તો ભારતેન્દુ હરિશ્ચંદ્ર હતા. એમણે હિંદીનો સર્વત્રિક વિકાસ સાધ્યો હતો. ગુજરાતીમાં કવિ નર્મદાશંકરને માટે યશકલગી પહેરાવવી જોઈએ. ગુજરાતી ગદ્યના વિકાસનો ખરો પાયો કવિ નર્મદાશંકરે જ નાખ્યો હતો. ત્રણે ય ભાષાના આધુનિક યુગના આ ત્રણ મુખ્ય સ્તંભો છે.

બંગાળીમાં આ સમયે સમર્થ લેખકો પ્રકાશમાં આવ્યા હતા. ડૉ. રાજેન્દ્રલાલ મિત્ર સર્વતોભદ્ર લેખક હતા. મદનમોહન તરલિંકાર પણ બંગાળી ગદ્યના વિકાસ માટે સરસ સામગ્રી મૂકી ગયા છે. ગુજરાતીમાં શ્રી. નવલરામ લક્ષ્મીરામ ગુજરાતી સાહિત્યના સરસ વિવેચક તરીકે મોખરે આવ્યા હતા. સદ્‌ગત મણિલાલ નભુભાઈ પણ એક ઉત્તમ લેખક તરીકે કીર્તિ મેળવવાની શરૂઆત કરી હતી. દોલતરામ કૃપારામના કુસુમાવળી અને ઇંદ્રજિત વધ કાવ્ય પણ તે સમયે વખણાતાં હતાં. પરંતુ આ સર્વેમાં કવિવર દલપતરામ ડાહ્યાભાઈને એલેકઝાન્ડર કિન્લાક ફાર્બસ સાહેબે આગળ આણ્યા હતા. શ્રી. ભોળાનાથ સારાભાઈ, શ્રી. મણિભાઈ રૂપરામ આ બધા લેખકોએ ગુજરાતી ભાષાને પ્રસન્ન કરી હતી. પરંતુ એ મહાલેખકોમાં પણ શ્રી. નંદશંકર તુલજાશંકર પોતાની એક જ કાદંબરી " કરણઘેલા "ના લેખક તરીકે આગળ આવ્યા હતા. બંગાળીમાં તો ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરને ભાષાસ્વામી તરીકેનું સ્થાન અબોડ રહ્યું છે. હિંદીમાં આ સમયનો કાળો બહુ ચેતનવંતો નથી. બાબુ શિવકુમારે ઇતિહાસ તિમિરભાસ્કર ભૂગોળ હસ્તામલક વગેરે ગ્રંથો લખ્યા છે.

મરાઠીમાં ઇતિહાસ વિશેષ પ્રમાણમાં ખેડાયલો છે. એમાં પણ રામકૃષ્ણ ભાંડારકર સારા વિદ્વાન હતા. પરંતુ એમણે મરાઠીમાં કાંઈ લખ્યું નથી. બાળગંગાધર તિલકે એ અરસામાં કેસરીના સંપાદકનું કામ ઉપાડી ગદ્યને વિકસાવ્યું નહોતું. મહર્ષિ રાનાડેએ પણ અંગ્રેજીમાં કલમ વિશેષપણે ચલાવી છે. તિલક મહારાજના બે ત્રણ સમકાલીન સારા લેખકો હતા. સિંધીમાં દયારામ ગીદુમલ, મિરઝાં કુમેચ બેગ વગેરે હતા. પરંતુ સિંધી ભાષાનો વિકાસ બીજી હિંદી ભાષાઓને મુકાબલે બહુ જ ધીમો હતો.

સૌથી વિશેષ વિકાસ બંગાળી ભાષાનો આ સમયે થયો હતો. ઘણા ગદ્યસેવકોએ બંગાળીમાં દેખાવ દીધો હતો; તે પૈકી અક્ષયકુમાર દત્તે (૧૮૨૧-૧૮૮૭) મોખરે આવે તેવા ગ્રંથો રચ્યા છે. ગુજરાતીમાં મણિલાલ નભુભાઈ (સુદર્શનકાર) આગળ પડતા હતા. આ સમયે ગુજરાતીમાં દોલતરામ કૃપારામ પંડ્યા, મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી, મણિલાલ નભુભાઈ દ્વિવેદી એ સર્વે માત્ર બ્રાહ્મણોમાંથી જ લેખકો થયા હતા. એમની ભાષા સંસ્કૃતમય ક્લિષ્ટ ગુજરાતી હતી. એમાં ટુંકાં વાક્યો, સરળતા અને સજીવતા નહોતાં. આડંબરી સંસ્કૃત શબ્દો વિશેષ પ્રમાણમાં વપરાતા હતા. બંગાળી સાહિત્યમાં પણ એ સમયે એ જ રોગ લાગુ પડ્યો હતો. શ્રી. અક્ષયકુમાર દત્ત, મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોર વગેરે અનેક સારસ લેખકોને પણ સંસ્કૃતમય બંગાળી ભાષા લખી છે. બંગાળીમાં હજી એ સંસ્કૃતમય ભાષાને જાળવી રાખવામાં આવી છે; જો કે તેના ગદ્યમાં લાલિત્ય, માર્દવ, માધુર્ય સારી રીતે દીપી નીકળ્યાં છે.

ગુજરાતીમાં જે મોટા ગદ્યલેખકો થયા છે તેમાંના ઘણાખરાનાં પુસ્તકો હવે

લગભગ દુષ્પ્રાપ્ય જેવાં થઈ ગયાં છે. શાળામાં ચાલતાં પુસ્તકો ઉપરાંત નર્મદાશંકર, દલપતરામ, નવલરામ, દોલતરામ, મણિલાલ નભુભાઈ, મહિપતરામ રૂપરામ, દુર્ગાશંકર વગેરેની કૃતિઓ હવે પુસ્તકવિક્રેતાઓને ત્યાં મળતી નથી. એમના ગ્રંથોની નવી આવૃત્તિઓ નીકળી નથી, જ્યારે બંગાળીમાં એવી સુસ્તી દેખાતી નથી. જૂના ગ્રંથકારોની ગ્રંથાવલીઓ પ્રકટ કરીને લોકોની સમક્ષ ભારે પ્રચાર કરવામાં આવ્યો છે. આપણે ત્યાં પણ જૂના લેખકોનાં પુસ્તકોનો પ્રચાર થવો જરૂરનો છે. એ સાહિત્યને લગતી ગ્રંથાવલીઓ નીકળે તે માટે પ્રયાસ કરવો જ જોઈએ. કોઈ આની નોંધ લેશે ?

આપણામાં સરળ ગુજરાતી ગદ્ય કવિ દલપતરામનું ગણાય છે. નંદશંકરનું પણ ગદ્ય ભારે સંસ્કૃતમય શબ્દોયુક્ત નથી. બંગાળીમાં પણ પ્યારીચાંદ મિત્રે (૧૮૧૪–૧૮૭૨) ના હાસ્યરસિક પુસ્તક " આલાલેહ ઘરેર દુલાળ " (પૈસાદારના ઘરનો લાડકો) એ પુસ્તક ઘરગથ્થુ શૈલિથી લોકપ્રિય થયું હતું.

બંગાળીમાં સામાજિક વિષયો ઉપર બાબુ ભૂદેવ ચંદ્રે ખૂબ સરસ લખ્યું છે. આપણે ત્યાં નર્મદાશંકરે આ ખોટ પૂરી પાડી છે. હિંદીમાં ભારતેન્દુએ સામાજિક વિષય ઉપર લખ્યું છે. મરાઠીમાં આગરકર વગેરે લેખકોએ લખ્યું છે. ડુંગરસી ધરમસી સંપટ

પુસ્તકાલયોની તપાસણી

પગારદાર પ્રાંત પ્રચારકો તથા માનદ પ્રચારકોએ નીચેનાં સ્થળોની મુલાકાત, જણાવેલી મુદત દરમ્યાન લઈ ત્યાંની પુસ્તકાલય વા વાચનાલય સંસ્થાઓ તપાસી છે અને દફ્તરી કામની અવ્યવસ્થા દૂર કરી છે. પુસ્તકોના વર્ગીકરણ વગેરેની કામગીરી બજાવી તત્સંબંધી જરૂરી સૂચના–સમજૂત આપી છે; તેમ જ પુસ્તકાલય વગરનાં સ્થળોએ પુસ્તકાલય ખોલવા સંબંધી પ્રચારકાર્ય કર્યું છે:—

૧. વડોદરા–નવસારી પ્રાંત પ્રચારક રા. છગનભાઈ મથુરભાઈ પટેલ-માહે ઓગસ્ટમાં-કરજણ મહાલનાં:—(૧) રોપા, (૨) રારોદ, (૩) પુરા, (૪) આલમપુરા, (૫) ઓજ, (૬) કોરલ, (૭) કરમડી, (૮) મિયાગામ, (૯) પેમાર, (૧૦) વલણ, (૧૧) ચોરંદા, (૧૨) કીણા, (૧૩) દીવી, (૧૪) કોલીયાદ, (૧૫) મેસરાડ, (૧૬) તેમવા, (૧૭) આસનેરા, (૧૮) કોઠાવઃ કામગીરી દિન ૨૩.

૨. મહેસાણા–અમરેલી પ્રાંત પ્રચારક રા. ભાઈશંકર ટી. ઠાકર-માહે ઓગસ્ટમાં-મહેસાણા મહાલનાં:—(૧) ધાંધુસણ, (૨) ખેરવા, (૩) જગુદણ, (૪) પુનાસણ વા., (૫) મેવડ, (૬) શોભાસણ, (૭) લાખવડ, (૮) કુકસ, (૯) નાગલપુર, (૧૦) મહેસાણા પોલીસ હેડક્વાર્ટર પુ., (૧૧) દેદીઆસણ વા.; **વિસનગર મહાલનાં** (૧૨) ધામણવા, (૧૩) ઉદલપુરઃ કામગીરી દિન ૨૬.

તપાસણી દરમ્યાન પ્રચારકે જે જે ખામીઓ દર્શાવી હોય તે તે વેળાસર સુધારી લેવા તથા જે સૂચના–સમજૂત આપી હોય તેનો યોગ્ય રીતે અમલ કરવા જે તે મંત્રી ભાઈઓને ખાસ ભલામણ છે.

ના. નં. ચોકસી
સહમંત્રી, વ. રા. પુ. મંડળ

પુસ્તકાલયની મૂક વાણી

ગ્રામ પુસ્તકાલયોએ જનતાની શું સેવા કરી છે, એવો ઘણા કારોબારી અધિકારી સાહેબો તેમ જ સમાજસેવાના કાર્યની સમીક્ષા કરનાર અભ્યાસી વર્ગ પ્રશ્ન પૂછે છે અને તેને લગતી માહિતી મેળવવા ઇચ્છે છે. મારી નજરે પુસ્તકાલયો મૂકપણે આજે શું કરી રહ્યાં છે તેનો આછો ખ્યાલ આ લેખમાં આપવા પ્રયત્ન કર્યો છે. આમાં કોઇ બોલતા આંકડા નથી, પણ વાચક તરીકેનું મારું મનોમંથન છે.

પુસ્તકાલયોની જનતામાં વ્યાપ્તિ

પુસ્તકાલયના વાચકો લગભગ તમામ કોમો અને વર્ગોમાંના હોય છે. શિક્ષણનો જેટલા પ્રમાણમાં તમામ કોમોમાં ફેલાવો થાય છે, તેટલા પ્રમાણમાં તેનું કાર્યક્ષેત્ર મર્યાદિત છે એમ નથી; પણ એક વાચક પાસેથી અનેક સાંભળનારાઓ તેની આજુબાજુ બેસી તેને સાંભળે છે. એટલે આજે આપણાં પુસ્તકાલયોના લગભગ બે લાખ વાચકો સંખ્યામાં છીએ તે તો પુસ્તકાલયનો ઉપયોગ પુસ્તકાલયમાંથી પુસ્તક ઘેર લઈ જઈ વાચનાર પૈકીના જ છે. એટલે તેમાં વર્તમાનપત્રનું વાચન સાંભળનાર કે ઘરમાં કોઈ ધાર્મિક કે ઐતિહાસિક પ્રસંગકથા સાંભળનાર માણસો જેઓ અભણ છે તેનો સમાવેશ થતો નથી. આપને સહજ ખ્યાલ આવશે કે જનતામાં પુસ્તકપ્રચારના યુગ પહેલાં જ્ઞાનપ્રચાર વ્યાખ્યાન દ્વારા થતો હતો; આજે એ જ્ઞાનપ્રચાર વાચન દ્વારા થાય છે. અને સામાજીક જીવનની થોડી મિનિટો ગ્રામજનો નાનાં નાનાં જૂથોમાં વૃત્તપત્રોની હકીકત અને પુસ્તકવાચન સાંભળવામાં ગાળે છે અને આ રીતે પુસ્તકાલયો ગ્રામજનતાને પોતાના જીવનની ઉચ્ચ ભૂમિકાનો તેમ જ બહારની દુનિયાનો ખ્યાલ પોતાનાં જ વર્ગનાં ભણેલાં માણસો દ્વારા આપે છે.

માહિતીની દૃષ્ટિએ પુસ્તકાલયોની સેવા

આમ પ્રત્યક્ષ અને પરોક્ષપણે ગ્રામજનતા નીચેની વિગતોથી હરહંમેશ માહિતગાર રહેવા પામી છેઃ

(૧) સ્થાનિક મુખ્ય બજારોના ભાવો,

(૨) સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા પોતાનો તાલુકો, જિલ્લો, પ્રાંત કે દેશ પરદેશની હકીકત.

(૩) સ્થાનિક ફરજો જેવી કે કરભરણું, ગ્રામ સંરક્ષણ, સીમસંરક્ષણ, કેળવણી અને આરોગ્ય. પ્રચાર વગેરે સામાજિક જરૂરીઆતો માટે વાચકો પોતાને રોજના દૈનિક કે અઠવાડિક પત્રોથી મળતા સમાચારો, અભ્યાસ અને અનુભવ દ્વારા યોગ્ય રીતે પૂરી પાડવા જાગ્રત થઈ છે;

(૪) પોતાનું જીવન ઉચ્ચતર બને એ હેતુથી જીવનચરિત્રો, આખ્યાનો, તેમજ ધાર્મિક ગ્રંથોનું શ્રવણ પણ પરોક્ષ રીતે અભણ ગ્રામજનોમાં પુસ્તકાલય દ્વારા વધ્યું છે.

(૫) ગુજરાતી ચોપડી ૪ સુધી જે ભણેલો હશે તે જલ્દીથી જ નિરક્ષરતામાં સબડતો માલૂમ પડે છે. અતક્ષણ કે, ફરજીયાત કેળવણી દ્વારા તેણે જે શિક્ષણ પ્રાપ્ત કર્યું છે તે ટકાવી રાખવા પુસ્તકાલયે સંપૂર્ણપણે પોતાનો ફાળો આપ્યો છે.

પુસ્તકાલયો દ્વારા ગ્રામજનતાને થતા પરોક્ષ આર્થિક લાભો.

પુસ્તકાલયો દ્વારા ઉપર પ્રમાણે જ્ઞાનનો લાભ મળવાથી અને બીજી સાથે પત્રો અને પુસ્તકોના વાચન દ્વારા સંસર્ગમાં આવવાના પરિણામે આર્થિક હેતુઓ પણ ગામડાંમાં ઘણે અંશે ફળીભૂત થતા માલમ પડે છે. એમાં મુખ્યત્વે કરીને અનાજના ભાવ, તેલી બીઆં, રૂના રોજના ભાવો તેમ જ કાપડ બજારની માહિતી વગેરે ખેડૂત મેળવે છે. આ યોજના સાથે વધુ ગાઢો સંબંધ જેમ શાળાઓનો છે, તેમ રાજ્યની દોરવણીથી ચાલતી સહકારી મંડળીઓને પણ છે. પુસ્તકાલયોમાં આવતાં પુસ્તકો અને સમાચારોનાં વાચન દ્વારા જનતામાં આવાં મંડળો અને સંધકાર્યો કરવાની પ્રવૃત્તિ જાગ્રત કરી છે. એકલા નાણાં ધીરનારી નહિ પણ સમૂહ રીતે ઉદ્યોગો ઊભા કરવાની, ખેતીનાં સાધનો પૂરાં પાડવાની, નાના નાના ઉદ્યોગો અને સાધનો પૂરા પાડવાનું કાર્ય પણ આગળ વધી રહ્યું છે. આપણે જોઇશું કે ગામડામાં જોકો માંડ માંડ ગુજરાતી ચાર–છ ચોપડી કે કવચિત અંગ્રેજી પાંચ છ ચોપડી સુધી ભણેલા હોય છે. તેઓએ જે શિક્ષણ મેળવ્યું છે તે તાજું રાખવાના પ્રયાસો વાચન દ્વારા ચાલુ રાખી, નવીન યોજનાઓનો સારાસાર વિચાર કરી તેમાં પોતાથી બનતો ફાળો આપવા તૈયાર થઇ પોતાના વ્યક્તિગત હિત તેમ જ સામાજિક હિતને લક્ષમાં રાખી સહકારી કાર્યોની સ્થાપના કરી છે. શહેરમાં આવી સંસ્થાઓ તો કેટલાય જૂના વખતથી સ્થાપિત થઇ છે. પણ એ યાદ આપવું જોઇએ કે એવી જૂની સંસ્થાઓના પણ. ખરા પ્રણેતા તો પુસ્તકોના સાચા વાચકો જ હતા.

આજે વડોદરા રાજ્યનાં ગામડાંમાં સામાન્યતઃ ખેડૂત પોતાની પરિસ્થિતિ સારી રીતે સમજી શકે છે અને પોતાની જે ઉપાર્જન શક્તિ છે તે વ્યવસ્થિત રીતે વધારવા પ્રયાસ કરે છે. ગયા મહાયુદ્ધમાં ખેડૂતો જે અણસમજ અને અવ્યવસ્થિત રીતે પોતે મેળવેલી મૂડીનો ઉપયોગ કરી રહ્યા હતા તે ખેડૂતો હવે આપણને જોવાના મળવાના નથી. એથી મારૂં એમ કહેવાનું નથી કે ખેડૂત કંજુસ બનવા લાગ્યો છે. પણ પોતાનો ખર્ચ કેમ વ્યવસ્થિત રીતે કરવો તે તે સમજવા લાગ્યો છે.

હાલનું વિશ્વયુદ્ધ અને પુસ્તકાલયો.

જગતભર પર જે મહાન યુદ્ધ ચાલી રહ્યું છે અને જેમાં અંતે સત્યનો જય થનાર જ છે, જેમાં શોષિત પ્રજાઓની આઝાદી સંભવનારી છે તે યુદ્ધના સફળ સંચાલનમાં અને તેના ઉદ્દેશો પર આવે એ હેતુથી વર્તમાનપત્રો અને સરકારી યાદીઓ દ્વારા અપાતી માહિતી ગામડે ગામડે પહોંચી વળી છે. આજે ગામડાંને વડોદરા રાજ્યમાં વિશ્વ વાતાવરણથી જુદું પાડી શકાતું નથી. એ યુદ્ધના સમાચારોમાં રસ લે છે. અને વિજયની પ્રાર્થના સાથે અંતરથી ઇચ્છે છે કે મિત્ર દેશોની આઝાદી સાથે હિંદ પણ આઝાદી પ્રાપ્ત કરે. હિંદનાં દેશી ભાષાનાં વૃત્તપત્રોને થોડા જ રોજ ઉપર દિલ્હીથી નેક નામદાર વાઇસરોય સાહેબે તેની નિખાલસતા અને ઉચ્ચ કોટિના પત્રકારિત્વ-પણા માટે શાબાશી આપી છે; તેની સુવાસ ગામડાંઓમાં પણ આપણી પુસ્તકાલયપ્રવૃત્તિ દ્વારા વાચકોને હંમેશ મળે છે. આ તો થઇ યુદ્ધ અંગેના વર્તમાનપત્રોના સમાચારની વાત પરંતુ યુદ્ધ સંચાલનને અંગે ઊભી થતી વિકટ પરિસ્થિતિનો ખ્યાલ આજે ગામડાની જનતાને

પણ આવવા લાગ્યો છે. અસહ્ય મોંઘવારીમાં ગામડામાં પણ લોકોએ પોતાની બીનજરૂરી અને જરૂરીઆત છતાં ન મળતી ચીજો માટે સંગ્રહવૃત્તિ ઘટાડી છે. ગામડામાં ગ્યાસતેલ પ્રજાને પહતિસર મળતું નથી, પણ તે સામે પ્રજાએ નિભાવી લેવાનું સ્વીકાર્યું હોય એમ લાગે છે. લોકો કહે છે કે વીસ વર્ષ પહેલાં આપે દીવેલ જ બાળતા અને હાલની કપરી સ્થિતિમાં અમે તેનાથી જ નિભાવી લઇશું. ખાંડ, ગોળ પણ લોકો ઉપયોગમાં ઓછા લેતા થઇ ગયા છે. મુશ્કેલીઓ માત્ર શહેરમાં રહેનાર લોકોની છે. તેમને પડતી તંગીની વ્યવસ્થા કરવામાં અડચણોનો સામનો કરવા તેઓ હજી વધારે ટેવાયલા નથી. ગામડામાં સહકારી મંડળીઓ અને સહાયક સમિતિઓ દ્વારા ખાંડની વહેંચણી સફળ રીતે હોવાનું વાચકને જણાયું છે અને આ માટે તેઓએ આગળ આવી કામ ઉપાડી લીધું છે, એ કેળવણીના પરિપાકનું શુભ ફળ જ છે. વળી ખેડુતોએ શ્રીમંત સરકારની ઇચ્છાનુસાર પોતાની ખેતીની જમીન મોટા ભાગમાં ખાદ્ય વસ્તુઓના ઉત્પાદનના જ ધક્કાને લીધા છે જેથી શ્રીમંત સરકારને નિયમ કરતાં ઓછું અનાજ વાવેતર કરનાર અને કાયદાનો ભંગ કરનાર વ્યક્તિઓ જવલ્લે જ મળશે. આ બધું બતાવે છે કે ગામડામાં ભણેલા માણસો મારફત વાચનના પ્રચારથી અભણ પ્રજામાં પણ ભણતર પામેલા જેટલી જ જવાબદારીવાળી વૃત્તિ કેળવવામાં થોડે ઘણે અંશે પુસ્તકાલય અને વાચનાલયો ફળીભૂત થયાં છે.

વાજબી રીતે સહકાર-વૃત્તિનો જનતામાં ફેલાવો

આમ જનતામાં પુસ્તકાલયો દ્વારા વાચનપ્રચારનો એક વિશિષ્ટ પ્રકારનો લાભ દેખાઇ આવે છે તે સરકારના વહીવટી તંત્ર સાથે વધુ ને વધુ સહકારવૃત્તિ કેળવી રહ્યો છે. તે સમજપૂર્વક કાયદાને અમલમા મૂકવા માગે છે. જડસુ વૃત્તિ, બીજાની શીખવણી, કે ખોટી ભભેરણીને જેટલા ટકા ગામડામાં સામુદાયિક રીતે સ્થાન હતું તે ઘણું ઓછું થતું જાય છે. વ્યક્તિ પોતે પોતાને વખતોવખત મળતા સમાચારો દ્વારા બીજાથી ન છેતરાવાની, સરકારી કાયદા-કાનુનોનો ભંગ ન કરવાની વૃત્તિમાં વધારે રસ લે છે. ખેડૂતમાં પોતાના રાજકર્તા તરફ વધારે પૂજ્યભાવ કેળવાય છે અને સાથે સાથે પોતાને પડતી મુશ્કેલીઓ અને અડચણો નિખાલસ દિલે કહી પણ શકે તેવી ધીમે ધીમે અને ચોકકસ પણે તાકાત જમાવતો માલૂમ પડે છે મતલબ કે, ખેડૂત રામરાજ્યની ઝંખના કરે છે. પોતાને મળતી સવલતોનો જ્યારે તે વિચાર કરે છે અને તેનો ઉપયોગ કરે છે ત્યારે તેને સમજાય છે કે વડોદરા રાજ્યમાં પોતાના હિત માટે શ્રીમંત મહારાજ સાહેબે ઘણા કાયદા કાનૂનો કર્યા છે.

પુસ્તકાલયો કેટલીક નિર્દેશપાત્ર ખામીઓ પણ બતાવે છે.

પુસ્તકાલયોના પ્રચારથી ઉપર પ્રમાણે ગ્રામજનતામાં ઉન્નતિના માર્ગોનું જ્ઞાન સારી રીતે ફેલાવા પામ્યું છે, એ ખરૂં; પણ તેના સંચાલકોને મહત્ત્વની ત્રુટિઓ પણ તેને બતાવી છે તે પણ જેવી તેવી નથી. તે માટે યુવકવર્ગ તેનો ઋણી જ રહેશે. આ રહી તે અણઉકલી મુશ્કેલીઓ જે પુસ્તકાલયોના વાચકો સામે ઊભી છે.

(૧) સામાજિક કંકાસો, કજીઆઓ, કૌટુંબિક કલેશો વગેરે.

૨૦ વર્ષથી સ્ત્રીઉપયોગી વિષયોને રજૂ કરતું ગુજરાતનું અજોડ માસિક પત્ર

ગુણસુન્દરી

તંત્રી શ્રી. જયવન્તી દેસાઈ

સ્ત્રી-ઉપયોગી વિષયોના ખાસ મનનીય લેખો, જાણીતા કવિઓના રસભર્યા રાસ, જાણીતા લેખકોની સુંદર ટૂંકી વાર્તાઓ, સ્ત્રીજગતના સમાચારો, બાલકો માટે બાલવિભાગ

વાર્ષિક લવાજમ : હિંદમાં રૂા. ૪॥ : પરદેશ શિલિંગ ૧૦

ગ્રાહક ન થયા હો તો આજે જ લવાજમ મોકલી નામ નોંધાવો

વ્યવસ્થાપક, "ગુણસુન્દરી", C/o લુહાણામિત્ર પ્રેસ, વડોદરા.

ગુજરાત અને એના સીમાપ્રાંતોના પરમારો અને ચૌહાણોના વીરતા અને નેક-ટેકના ઇતિહાસનું મૂર્ત સ્વરૂપ હૂબહૂ રીતે રજૂ કરતો વાર્તાનો અનોખો ઐતિહાસિક ગ્રંથ

પરમાર વીરવર્ધવ

ભાગ ૧-૨] અને [મૂલ્ય રૂ. ૮)

લુલહઠબંકા દેવડા

ભાગ ૧-૨ મૂલ્ય રૂ. ૬॥

આ ઐતિહાસિક નવલને દરેક પુસ્તકાલયે વસાવવી જ પડશે.

હિંદી રાષ્ટ્રીય મહાસભાનો ઇતિહાસ જાણવા માટે વસાવો

મહાસભાનો ઇતિહાસ

ભાગ ૧-૨-૩

મૂલ્ય ત્રણે ભાગના રૂા. ૧૧)

ગુજરાતનાં બે મહાનગરો

વડોદરા અને સુરત

મૂલ્ય ૦-૮-૦ ભા. ૧-૨ મૂલ્ય રૂ. ૧)

બાળકો અને મોટેરાને આ બે મહાનગરોનો પરિચય રસમય શૈલીએ આપે છે.

મંગાવવા માટે આજેજ લખો: લુહાણામિત્ર પ્રિ. પ્રેસ-રાવપુરા, વડોદરા.

અંજલિ ગ્રંથમાળા

[વર્ષ આઠમું]

ગુજરાતની આ સમૃદ્ધ ગ્રંથમાળા પાછી શરૂ કરવામાં આવી છે. નીચેનાં બે પુસ્તકો પ્રગટ થઈ ગયાં છે. ત્રીજું પુસ્તક એક નવલકથા જુલાઇમાં પ્રગટ થશે.

[૧] લગ્નવ્યવસ્થા

લેખક : ચોપાન

સૌથી નાજુક પ્રશ્નને લેખકે વિશદ રીતે ચર્ચ્યો છે. ક્રાઉન કિં. રૂ. ૨-૮-૦ પોસ્ટેજ ૦ ૨-૦

[૨] વિશ્વસાહિત્યની વાર્તાઓ

સંપાદક : ભોગીલાલ ગાંધી

મૂર્ધન્ય લોકમાનસને મળગાંઠી મૂકયું છે એ વખતે એ દેશના સંસ્કૃતિવાહક લેખકોની વાર્તાઓ આપણને નવું જ દર્શન કરાવે છે.

કિંમત ૩-૦-૦ પોસ્ટેજ ૦-૩-૦

આ ગ્રંથમાળાના ગ્રાહક થતાં વાર્ષિક લવાજમ રૂ. ૮-૦-૦ [પોસ્ટેજ સાથે]

આરોગ્ય ગ્રંથમાળા

નિસર્ગોપચારની દૃષ્ટિએ બાર વર્ષથી ચાલતી આ એક જ પ્રમાણભૂત ગ્રંથમાળા છે. નીચેનાં ત્રણ પુસ્તકો આ વર્ષે આપવામાં આવશે.

[૧] હઠીલાં દર્દોમાં કુદરતી ઉપચાર

લેખક : ભૂપતરાય દવે

રોગથી થાકેલા દર્દી માટે આમાં નવો ઇલાજ છે.

કિં. ૧-૮-૦ પોસ્ટેજ ૦-૨-૦

[૨] દવાનો છેલ્લો ધૂંટડો અને નિસર્ગોપચાર

લેખક : ભૂપતરાય દવે,

જીવવાની આશા ગુમાવી દીધેલાઓએ આ પુસ્તક અવશ્ય જોઇ જવું. (છપાય છે)

કિંમત ૩-૦-૦ પોસ્ટેજ ૦-૩-૦

[૩] દૂધ મૃત્યુલોકનું અમૃત

લેખક : કાંતિલાલ શાહ

(જુલાઇમાં પ્રગટ થશે)

વાર્ષિક લવાજમ રૂ. ૫-૦-૦

દેશ અને દુનિયા ગ્રંથમાળા

૭ પુસ્તિકા : ૭ માસિક લવાજમ રૂ. ૩-૬-૦

આજના સમયના પ્રશ્નોના અભ્યાસી લેખકો આ ગ્રંથમાળામાં દર મહિને પરિચય આપે છે.

[૧] આઝાદીની યજ્ઞજ્વાળા

લે : હરજીવનદાસ માણેક

(વૈશંપાયનના રાણીના લેખક)

[૨] ૧૯૪૩ નાં પગરણ

લે. : રતિલાલ મહેતા

(પલટાતા નકશાના લેખક)

ભારતી સાહિત્ય સંઘ

૧૨૮, મેડોઝ સ્ટ્રીટ–મુંબઇ. ૧૬, શ્રીમાળી સોસાયટી, અમદાવાદ

ગુજરાત—કાઠિયાવાડનું માનીતું મહાન દૈનિક

સંદેશ

[સ્થા : ૧૯૨૩]

વિશ્વયુદ્ધના અને દેશપરદેશના
છેલ્લામાં છેલ્લા સમાચારો
આપવામાં સૌથી મોખરે છે.

આપના પુસ્તકાલયમાં
દૈનિક 'સંદેશ' આવે છે ?

આપ 'સંદેશ'ના વાર્ષિક ગ્રાહક
બની ઝટપી જગતના છેલ્લામાં છેલ્લા
ટેલિપ્રિન્ટર
દ્વારા મળતા સમાચારો વાંચો

આખા વર્ષનું લવાજમ ભરનારને
'સંદેશ'ના દળદાર અને સચિત્ર
દીપોત્સવી અંક
ભેટ તરીકે આપવામાં આવશે :

વડોદરા રાજ્યનાં પુસ્તકાલયો માટે ખાસ વાર્ષિક લવાજમ રૂ. ૪૫) (ટપાલ સાથે)

આપના બજેટમાં 'સંદેશ'નું નામ મૂકવાનું કદી ભૂલતા.

વધુ માહિતી માટે લખો : મેનેજર : 'સંદેશ', સારંગપુર : અમદાવાદ

દરેક સાહિત્યપ્રેમી વાંચે

'માનસી'

સરસ સાહિત્યના આ સુન્દર ત્રૈમાસિકમાં વિદ્વાનોના લેખો તેમ જ પૂનલાલ ને ઉમાશંકર, સુન્દરમ્, ઘનશ્યામલાલ વગેરેની રસભરી રચનાઓ છપાય છે તંત્રી. ('કોમુદી'વાળા) પ્રોફેસર વિજયરાય ક વૈદ્ય વાર્ષિક લવાજમ રૂપિયા પાંચ.

લખો —

વ્યવસ્થાપક 'માનસી' આનન્દ પ્રેસ .
સ્ટેશન રોડ · ભાવનગર

૧૯૪૨-૪૩માં બહાર પડેલાં નવાં પુસ્તકો

નવાં ઉત્તમ સુંદર પુસ્તકો

કર્ણાવતી	ધૂમકેતુ	૪–૦–૦
ચૌલાદેવી સચિત્ર	,,	૪–૦–૦
સીધાં ચઢાણ	(મુનશી)	૩–૮–૦
રમા–નાટક	શરદબાબુ	૨–૦–૦
વગડાનાં ફૂલ	મકનજી પરમાર	૨–૦–૦
પૃથ્વીનાં આંસુ	ફુગેંચ શુકલ	૧–૮–૦
આપણો ધર્મ નવી આવૃત્તિ		૪–૦–૦
(પ્ર. ૬૧૬ આનંદશંકર બાપુભાઇ ધ્રુવ)		
ઠંડી કૂરતા ને બીજાં નાટકો	ધૂમકેતુ	૧–૮–૦
ગુજરાતનો જય પહેલો નવી આવૃત્તિ : મેઘાણી		૨–૮–૦
બે દરિયાદીપક (શ્રદ્ધાનંદ–લાલાજી)	મેઘાણી	૨– ૮–૦
કલ્યાણી (નવલકથા)	રમણિકલાલ	૨–૦–૦
૨૫ પ્રેમકથાઓ		૧–૮–૦

શ્રી. કનૈયાલાલ મુનશી કૃત :

આધે રસ્તે		૩– ૦–૦

શ્રી. ધૂમકેતુ કૃત :

રાજસંન્યાસી		૪– ૦–૦
પ્રદીપ	(નવી આવૃત્તિ)	૧–૧૨–૦
રજકણ	,,	૨– ૦–૦
તણખા મંડળ ૧–૨–૩–૪		૬– ૦–૦
પડઘા–નાટકો	,,	૦– ૬–૦
ચુગેન સંગ		૦– ૩–૦
વનરાજ		૦– ૬–૦
નવાં વિવેચનો		૨– ૮–૦
ચાંદની	(નવી આવૃત્તિ)	૦– ૫–૦
સોલ સતી		૧– ૪–૦
સુવર્ણા	(નવલકથા)	૨– ૮–૦

શ્રી. ઝવેરચંદ મેઘાણી કૃત : નવી આવૃત્તિઓ

વેવિશાળ	૩– ૦–૦
રસધાર–ભાગ ૧ થી ૫	૧૧– ૦–૦
કંકાવટી–ભાગ પહેલો–બીજો	૨– ૪–૦
રઢિયાળી રાત–ભાગ ૧થી૪	૫–૧૦–૦
રાણો પ્રતાપ	૨– ૦–૦
સોરઠી બહારવટિયા ભા.૧–૨–૩	૧–૪–૦
નિરંજન–નવલકથા	૨– ૮–૦
સોરઠ તારાં વહેતાં પાણી	૩– ૦–૦
જેલઑફિસની બારી	૧– ૮–૦
સોરઠી સંતો (નવી આવૃત્તિ)	૧– ૪–૦
હાલરડાં	૦–૧૦–૦
પ્રતિમાઓ (નવી આવૃત્તિ)	૧–૧૨–૦

શ્રી. ચુનીલાલ વ. શાહ કૃત :

વિલોચના	૩– ૦–૦
અવંતિનાથ	૨– ૦–૦
કર્મયોગી રાજેશ્વર	૨– ૦–૦
રાજહત્યા	૨– ૦–૦

શ્રી. મનુભાઇ જોધાણી કૃત :

શૌર્યનાં તેજ	૨– ૦–૦
કાળિયાર અને બીજી પ્રાણીકથાઓ	૧–૮–૦
જનપદ ભા. ૧–૨–૩(નવી આવૃત્તિ)	૩–૦–૦
ખાટીમીઠી બાળવાતો	૧–૦–૦

શ્રી. તારાચંદ પો. અડાલજાકૃત :

બાંકાના બેલ (સચિત્ર)	૩– ૮–૦
દંભી દુનિયા	૩– ૮–૦

ચા–ઘર ભા. ૧–૨ ધૂમકેતુ, વગેરે	૨– ૮–૦
આરસીના ભીતરમાં	૧– ૪–૦
રંભા (રાષ્ટ્રીય નવલકથા)	૧– ૪–૦

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધી રસ્તો : અમદાવાદ

પુસ્તકાલયો પોતાના નવા બજેટમાં ઉમેરે

પોતાનાં સ્ત્રીત્વ અને માતૃત્વને
વૈશાલીની ગણસત્તાને ચરણે ધરતી,
પોતાનાં રૂપ અને યૌવનનું
દેશ, કાળ અને ભૂમિને સમર્પણ કરતી

નૃત્યાંગના

આમ્રપાલી

શ્રી. ધૂમકેતુની કલમે અક્ષરદેહ પામી નવી નવલકથા

ઑગસ્ટમાં પ્રગટ થાય છે

કિંમત રૂપિયા ચાર

મળવાનાં સ્થળ :

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ
આર. આર. શેઠની કું., કેશવબાગ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ—૨
પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. રાવપુરા, વડોદરા

ભળતા નામથી સાવચેત રહેજો

લાયબ્રેરીની શોભા સમાં નવાં પ્રકાશનો

અદૃશ્ય માનવી

એચ. જી. વેલ્સ કૃત અંગ્રેજી સાહિત્યમાં નવી જ ભાત પાડતી વૈજ્ઞાનિક નવલકથાનો ભાવાનુવાદઃ ૩-૦-૦

ક્રાંતિની ઝાલરી

પોતાની સ્વાધીનતા માટે લડેલી બહાદુર પ્રજાની બૌદ્ધકાલિન ઐતિહાસિક નવલકથા ૩-૦-૦

વિમાતા

શરદબાબુ કૃત સ્ત્રીસમાજના પ્રશ્નો ચર્ચતી ત્રણ નવલિકાઓનો સંગ્રહ ૨-૮-૦

બ્રહ્મચર્યમિમાંસા

જટાશંકર નાંદી કૃત વૈદ્યકીય, સામાજિક, અને ધાર્મિક દૃષ્ટિએ બ્રહ્મચર્યના પ્રશ્નો રજુ કરતું પહેલું જ પુસ્તક. ૩-૮-૦

વિકાસ

ચુનીલાલ વર્ધમાન શાહ કૃત ચોટ સામાજિક નવલકથા ૩-૦-૦

મમતા

શરદબાબુ કૃત સ્ત્રીસન્માનના પ્રશ્ન પર પ્રકાશ પાથરતી નવલ. ૨-૦-૦

પ્રથમ આષાઢ

નિરૂભાઇ દેસાઇ કૃત સમાજના અનેક પ્રશ્નો પર વેધક પ્રકાશ પાડતી નવલિકાઓનો સંગ્રહ ૨-૦-૦

નયના

રસિકલાલ મોદી કૃત નવા અને જૂના જમાનાના વિચારનું મિલન અને તેની અથડામણની રહસ્યભરી નવલકથા ૩-૦-૦

સંતતિના સર્જન પછી

મહાશંકર ઈ. દવે કૃત નૈતિક, ધાર્મિક ને વૈદ્યકિય દૃષ્ટિએ બાળઉછેર. ૨-૮-૦

રૂપરાણી

ધસાડોરા ડંકનની આત્મકથાનો શ્રી. વજુ કોટકે કરેલો અનુવાદ. ૩-૦-૦

ત્રિપેટો

'ધૂમકેતુ'ની સામાજિક નવલિકાઓનો અજોડ સંગ્રહ. ૧-૮-૦

તૈયાર થાય છે

સ્વતંત્ર ભારત [ડુંગરશી સંપટ]
હસાહસાટ [ચોલીયા જેશી]

ગુણવંતરાય આચાર્ય

કોરી કિતાબ : ૧-૮ નિવેદિતા : ૩-૮
ભરભાંગના : ૨-૦ વિરાટનો ઝબકારો ૧-૦
કોણ ગુન્હેગાર : ૧-૦

સૌરિન્દ્રમોહન

નારી : ૨-૦ નિરૂપમા : ૨-૦
ગૃહત્યાગ : ૨-૦ મુક્ત પંખી : ૨-૮
લાલ માટીનો રસ્તો : ૨-૮

'નવયુગ' ગ્રંથમાળા અને 'લીલાવતી' ગ્રંથમાળાનું સ્વામિત્વ કાયમી ગ્રાહકોની સોંપવારીને લીધે ૧૨ મા વર્ષથી રા. ૮ (બાર) કરવામાં આવ્યું છે.

નવયુગ પુસ્તક ભંડાર : રાજકોટ

સી. શાંતિલાલની કું. નેશનલ બુક ડીપો પુસ્તકાલય સ.સ. મંડળ લિ.
પ્રિન્સેસ સ્ટ્રીટઃ મુંબઈ ૨ ફરનાંડિઝ બ્રીજ પાસેઃ રાવપુરા : વડોદરા
અમદાવાદ

વડોદરા રાજ્યનું કોઈ પુસ્તકાલય

હજુ આ પુસ્તક વિના રહી ગયું છે ?

હિંદી અર્થશાસ્ત્ર, નાણાવટા, શરાફી, સરકારની ચલણનીતિ, ખેડૂતોની આર્થિક સ્થિતિ, શાહુકારોનો નાણાંકીય વ્યવહાર, સહકારી તથા લેંડમોર્ટગેજ બેંકો, હુંડિયામણ દેશના વેપારને કેમ ચૂંથી નાખે છે, ઉદ્યોગ તથા નાણાંનો સંબંધ, રિઝર્વ બેંક અંગેની પૂરી સમજ, ચલણી નોટો કેવી રીતે છાપવામાં આવે છે વગેરે ગૂઢ તથા અટપટા પ્રશ્નો સરળ રીતે સમજાવતું ગુજરાતીમાં પહેલું જ પુસ્તક

હિંદનું નાણાવટું

લેખક : જયન્તીલાલ હ. મહેતા, બી. કૉમ

" નાણાવટા જેવા શાસ્ત્રીય અને જટિલ વિષયને શ્રી. જયન્તીલાલ મહેતાએ ઘણી સમર્થ રીતે છણ્યો છે. શૈલી તથા ભાષા સાંગોપાગ સુબધુરં છે. "

જ્યોતીંદ્ર મા. મહેતા (વિદ્યાધિકારી, વડોદરા રાજ્ય)

" ગુજરાતીમાં નાણાવિષય હજુ સુધી ચર્ચાયો નહોતો. હિંદી નાણાવટાને સ્પર્શતા પ્રશ્નોનું સમગ્ર વિવેચન કરતું આ પુસ્તક અતિ ઉપયોગી થઇ પડશે. "

પ્રમુખ : હિંદી વેપારી મંડળ

" ગુજરાતી સાહિત્યમાં આધારભૂત માહિતીવાળું નાણાવટા પર પુસ્તક નહોતું. નાણાબજારને લગતા પ્રશ્નોની સમર્થ રીતે છણાવટ કરી હોઈ લેખક અભિનંદનને પાત્ર ઠરે છે "

'ગુજરાતી'

" નાણાવટાને લગતું હિંદી દૃષ્ટિનું આ પુસ્તક દેશની આંખ ઉઘાડનારું અને સ્વદેશી દૃષ્ટિ સાંપડાવનારું નીવડશે. "

" પ્રજાબંધુ "

" આપણા સાહિત્યની ત્રુટી શ્રી. મહેતાએ આ પુસ્તક લખી પૂરી પાડી છે. "

પ્રાણલાલ દેવકરણ નાનજી

પૃષ્ઠ : ૩૩૪ : કિંમત રૂા. ૩-૮-૦ : (પાકું પૂઠું)

પુસ્તકાલય સ. સ. મંડળ લિ. રાવપુરા, **વડોદરા.**

સુકુન્દલાલ એચ. મહેતા કંપની, રાવપુરા, **વડોદરા.**

ખાતા તરફથી આ પુસ્તક રાજ્યની દરેક શાળા તથા પુસ્તકાલય માટે મંજૂર થયું છે. (તા. ૫-૧૧-૪૨ ની આજ્ઞાપત્રિકા, જાહેરાત અંક ૧ સને ૪૨-૪૩)

ઉનાળાની રજાઓમાં શું વાંચશો ?

ઇન્દુલાલ યાજ્ઞિક કૃત

વરઘોડો

જાણ્યા શ્રીત્વની ચલકદાર નાટિકા: મનોહર રૂપરંગ

રૂ. ૧-૪-૦

○

રણસંગ્રામ

વેધક અને વિચારપ્રેરક ત્રણ ક્રાન્તિકારી નાટકો

રૂ. ૧-૮

ચા ૨ ના ૮ કો

યશવંત પંડ્યા કૃત

શરતના ઘોડા

ભજવાયલાં અને ભજવાય તેવાં લેખકની ચટકદાર શૈલીમાં લખાયલાં ચાર ખેરદાર સામાજિક નાટકો

રૂ. ૧-૮-૦

○

રસજીવન

જોબનનાં જાદુભર્યાં ચાર ન ભજવાય તેવાં નાટકો

રૂ. ૦-૧૨-૦

શ્રી. ધનસુખલાલ મહેતા લિખિત

મમતાળા ઢારથરસથી ભરપૂર કુટુમ્બજીવનની ૨૪ વાર્તાઓ

સા સુ જી

ઉભાવદાર રૂપરંગ : ૨૦૦ પાનાં : રૂ. ૧-૮

ચન્દ્રશંકર પંડ્યાનાં કાવ્યો

પ્રૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના પુરોવચન અને ડૉ. કાન્તિલાલ પંડ્યાના પ્રવેશક તથા રસપ્રદ ટિપ્પણ સહિત

૩૧૦ પાનાં રૂ. ૨-૮

દ્વિદલ

બે લેખક મિત્રોની ચોટદાર ચૌદ સામાજિક સુંદર વાર્તાઓ

પાકું પૂઠું : આકર્ષક જોડ

રૂ. ૨-૮

સૂચિપત્ર મંગાવો : કોઈ પણ પુસ્તક માટે લખો :

એન. એમ. ત્રિપાઠી લિ. પ્રિન્સેસ સ્ટ્રીટ: મુંબઈ-૨

વડોદરા રાજ્યનાં પુસ્તકાલયોમાં

: : અમારાં પ્રકાશનો આવ્યાં છે ? : :

ઓસરતો રૂપિયો : ચાલુ યુદ્ધનાં નાણાંપ્રકરણથી ઊભી થયેલી આંટી જેમાં સમજાવવામાં આવેલી છે

લેખક : પ્રો. સી. એન. વકીલ

અનુવાદક : પ્રો. જયંતીલાલ હ. મહેતા

કિંમત : ૧ રૂપિયો

પાસ્પિફિક : યુદ્ધકાળ દરમ્યાન છપાયલું આ પુસ્તક ગુજરાતે ખૂબ જ આવકાર્યું છે.

લેખક : ભારકરરાવ વિદ્વાંસ

કિં. : રૂા. ૦–૧૨–૦

જાપાન : સાદ્યંત ઇતિહાસ પર પ્રકાશ પાડતી આ પુસ્તિકા અત્યારના યુદ્ધમાં વિશેષ માહિતી આપતા પ્રકાશનની ગરજ સારે છે.

લેખક : કુંવરસી ધરમસી સંપટ

કિં. : રૂા. ૦–૧૨–૦

તીર્થસલિલ : મહાન યોગી શ્રી. અરવિંદ ઘોષ, મહાન કર્મવીર શ્રી. ગાંધીજી, મહાન કવિશ્રી ટાગોર, મહાન ચિંતક રસેલ અને મહાન તત્ત્વવેત્તા શ્રી. રોમા રોલાં સાથેનો આ વાર્તાલાપ વિચારમય જીવન અને જીવનવિકાસ માટે આવકારદાયક છે.

કિં. : રૂા. ૩–૦–૦

જીવનનાં વમળ : શરતચૂકથી પ્રલોભનથી કે બળાત્કારથી સંયમનું પગથું ચૂકેલી સમાજથી ત્યજાયલી અબળાઓના દુ:ખદર્દની સત્યકથા આ પુસ્તક રજુ કરે છે.

લેખક : ગટુભાઇ પ્રભુ કિં. : રૂા. ૧–૪–૦

પૂર્વ અને પશ્ચિમ : કવિવર ટાગોરે પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિ અને રિવાજની તુલના કરી, કયું ઉત્તમ તે સબંધી પોતાના સુંદર વિચારો રજુ કર્યા છે.

કિં. : રૂા. ૧–૧૨–૦

પરાજિત પ્રેમ : શ્રી. ભોગીલાલ ગાંધી કૃત : મૂલ્ય રૂા. ૩–૦–૦

ટ્રિરેફની વાતો : ભાગ ત્રીજો.

લેખક : શ્રી. રામનારાયણ પાઠક

કિં. : રૂા. ૧–૧૨–૦

નિ:સંતાન : જગતમાં પંકાયલા શ્રેષ્ઠ લેખકોની આ ઉત્તમ વાતો છે.

મૂલ્ય રૂા. ૨–૦–૦

ગીતાંજલિ અને બીજાં કાવ્યો: બીજી આવૃત્તિ તૈયાર થાય છે.

—: લખો :—

ધી મહાગુજરાત પબ્લિશિંગ કું. લિ.

સર ફિરોજશાહ મહેતા રોડ, ફોર્ટ, મુંબઇ

શ્રી. ચાંપશી ઉદેશીની
નવી પ્રસાદી

માનવ હૈયાં

અનોખી સામાજિક
નવલકથા છે.
જણ જણ વાચી
તેણ તેણ પ્રશંસી.

૨૨૫ પાન–કનુ દેસાઇ કૃત કવર–કિં. રૂા. ૧૫
સોલ એજન્ટ
એન. એમ. હકુરની કંપની
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ—૨

આપણી ભાષાનું
સર્વાંગસુંદર સચિત્ર માસિક

નવચેતન

અકુઠિત વાચનાલયે
મંગાવવા જેવું છે,
એના વગર
બધે ચાલુ છે.

વાર્ષિક ફાળા : હિંદ બહાર ૮૫

"નવચેતન" કાર્યાલય
કોઠી પાસે, વડોદરા

પુસ્તક ૧૮ મું ઑગસ્ટ–૧૯૪૩ અંક ૮ મો

હાનિકારક જાહેરાતો અને પત્રકારોની શુભનિષ્ઠ ફરજ

—તંત્રીસ્થાનેથી

પુસ્તકાલયોમાં શિષ્ટ વાચનનો પ્રચાર થાય તે માટે "પુસ્તકાલય" માસિક તેમ જ વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળ અને તેની પ્રાંત તેમ જ મહાલ મંડળોની શાખાઓ દ્વારા અવારનવાર પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રયત્નો થતા રહે છે. અને તેને અંગે વખતોવખત શિષ્ટવાચન પ્રતિ જનતાને પ્રેરવા માટે શિષ્ટવાચન પરીક્ષાઓની યોજના પણ કરવામાં આવે છે. તેની સાથે સાથે અશિષ્ટ વાચનથી જનતાને ચેતવવાનું કાર્ય પણ ઉપર્યુક્ત સામયિક તેમ જ મંડળો દ્વારા કરવામાં આવે છે.

શિષ્ટ વાચનના પ્રચાર માટેના પ્રયત્નોનાં સુફળો તો આજે જાણીતાં છે અને જનતામાં વાચનપ્રચાર દિનપ્રતિદિન વધતો જ જાય છે, એ તો નિર્વિવાદ વાત છે. તેમાં પણ શિષ્ટ અને ઉપયોગી પુસ્તકોના વાચનની સાથોસાથ રોજબરોજના દુનિયામાં બનતા બનાવોથી વાકેફ રહેવા માટે વર્તમાનપત્રોના વાચનનો પ્રચાર પણ વધતો જ ચાલ્યો છે. આવાં વર્તમાનપત્રો, સામાન્ય રીતે ગ્રાહકો તરફથી મળતાં લવાજમો ઉપરાંત વિશેષે કરીને જાહેરાતોની આવક પર નભતાં હોવાનું કહેવાય છે. એ એમનું એક અગત્યનું આવકનું સાધન ગણાય છે.

વર્તમાનપત્રો પોતાના નિભાવ માટે જાહેરાતો છાપે તે માટે જનતાને કંઈ જ વાંધો વિરોધ હોઈ શકે નહિ; જનતાને નુકસાન ન થાય, ઊલટ પક્ષે કંઈક ઉપયોગી નીવડે તેવી જાહેરાતો છપાય તે માટે કોઈને કંઈ જ કહેવાપણું હોય નહિ; પરંતુ જ્યારે એ જાહેરાતો જનતાને ઊંધે રસ્તે દોરવનારી, તેના આરોગ્યને નુકસાન પહોંચાડે તેવી તેમ જ કેટલીક વાર છેતરનારી અને ઠગાઈભરી જાહેરાતો ન છાપવા માટે તો જનતા પોતાનો વિરોધ જરૂર જાહેર કરી શકે.

દાખલા તરીકે કહેવાતી પૌષ્ટિક દવાઓ, કામશાસ્ત્ર અને કોકશાસ્ત્રને લગતાં બીભત્સ ચિત્રોવાળાં તેમ જ તે સિવાયનાં એવાં અનીતિપ્રેરક પુસ્તકો, અમુક રીતે હજારો

કમાણીની લાલચો દર્શાવનારી ફરેબી જાહેરાતો, તેમ જ આંકફરકને લગતી કેટલીક જાહેરાતો જે જનતાના તન-મન-ધનને એક યા બીજી રીતે નુકસાનકર્તા નીવડવા સંભવ હોય તેવી જાહેરાતોથી તો હરેક પત્રકાર અવશ્ય જ દૂર રહે, એમ જનતા જરૂર ઇચ્છે.

આ દિશામાં વડોદરા રાજ્ય પુસ્તકાલય પરિષદનું છેલ્લું અધિવેશન જે ગારોળા મુકામે મળેલું તેમાં સખ્ત વિરોધ વ્યક્ત કરતા ઠરાવો પસાર થયા હતા; ઉપરાંત મહાલ અને પ્રાંત મંડળોની પરિષદોમાં એવા વિરોધાત્મક ઠરાવો કરવામાં આવ્યા હતા અને તે ગુજરાતી પત્રકારો તરફ મોકલવામાં પણ આવ્યા હતા. ઉપરાંત, " પુસ્તકાલય " માસિકમાં પણ અમે એવી જાહેરાતોનાં અનિષ્ટો સંબંધે તંત્રીનોંધો પણ લખી હતી.

વળી અવારનવાર જનતાની સેવાર્થે ચાલતાં સામયિકોએ પણ વખતોવખત આવી જાહેરાતો પ્રત્યે ધૃણાદર્શક લેખો લખ્યા હતા, તેમ જ ગુજરાતી શ્રીમંડળોએ પણ આ દિશામાં અવારનવાર વિરોધ વ્યક્ત કરતા પ્રયત્નો કરેલા. પરંતુ એ બધાયનું પરિણામ આજ સુધીમાં પથ્થર પર પાણી જેવું આવ્યું હતું.

છેલ્લે છેલ્લે ગુજરાતમાં સમાજસેવાનું મૂક કાર્ય કરતા એક સમાજસેવક શ્રી. ગટુલાલ ધ્રુએ " જ્યોતિર્ધર "ના તા. ૧૨ જુન '૪૩ ના અંકમાં પણ એક તંત્રીનોંધ લખી હતી* અને અખિલ હિંદ મહિલા પરિષદની ગુજરાત શાખા તરફથી, જુલાઇ માસના બીજા અઠવાડિયામાં મુંબઇ ખાતે તંત્રીઓની એક પરિષદ મળેલી તેના પર આજ બાબતનો એક વિનંતિપત્ર પણ મોકલાયો હતો.

આ દિશાના આટઆટલા પ્રયત્નોને અંતે, છેલ્લે પત્રકારોની ઉપર્યુક્ત પરિષદની બેઠકમાં મળેલા પત્રકારોએ આવી હાનિકારક જાહેરાતો પોતાનાં પત્રોમાં નહિ છાપવાને લગતો ઠરાવ કર્યો હતો. એ પરિષદમાં હિંદના લગભગ અગ્રગણ્ય તમામ પત્રકારો હાજર હતા; એટલે એ બધા પત્રકારો એ ઠરાવને સ્વીકાર્યો છે.

આટલા પ્રયત્નોને અંતે પણ પત્રકારોએ જનતાના આ નીતિપ્રશ્નને નુકસાનકર્તા જાહેરાતો નહિ છાપવાનો જે નિર્ણય કર્યો છે તે માટે અમો એ પત્રકાર બંધુઓને સહર્ષ ધન્યવાદ અર્પીએ છીએ. અને તેવી જાહેરાતો તે બધા છાપતા બંધ થાય તેવી આકાંક્ષા સેવીએ છીએ.

ઉપર્યુક્ત ઠરાવ પસાર થયાને લગભગ મહિનો માસ થઈ ગયો છે; પરંતુ હજી પણ કેટલાંક સામયિકોમાં એવી જાહેરાતો દેખા દઈ જાય છે એ ખરે જ, શોચનીય લેખાય. તેમાં પણ શ્રીઓનાં જ માસિકોમાં એના જ વાચકોને શારીરિક તેમ જ માનસિક વિકૃતિ પહોંચાડે તેવી જાહેરાતો હજી પણ છપાય છે એ વળી વધુ શોચનીય છે.

ફરીવાર અમે એ પત્રકાર બંધુઓને તેમણે કરેલા ઉપર્યુક્ત ઠરાવને અભિનંદન અર્પી એવી જાહેરાતો ન છાપવા વિનંતિ કરી વિરમીએ છીએ.

---

* " પુસ્તકાલય " માસિકના ત્રણ અંકમાં પૃષ્ઠ ૨૬૪ પર છપાયેલ છે.

સાહિત્યસૃષ્ટિનું અવનવું

ગઇ તા. ૨૩ મી મેના રોજ કલકત્તાની હિંદી પત્રકાર મંડળીએ 'મોડર્ન રિવ્યુ'ના વિદ્વાન તંત્રી શ્રી. રામાનંદ ચેટરજીને એક માનપત્ર આપ્યું. માનપત્રમાં હિન્દી પત્રકારિત્વની તેમણે બજાવેલ અનેકવિધ સેવા માટે, ભાવભરી અંજલિ આપવામાં આવી હતી. શ્રી. રામાનંદ બાબુ અત્યારે માંદગીના બિછાને પડયા છે. તેમણે વાળેલ ટૂંકા જવાબમાં તેઓશ્રીએ જણાવ્યું છે કે 'મારા દેશબાંધવોના હૃદયમાં મારું પ્રેમભર્યું સ્થાન છે તે વાતથી હું ઘણો ઉત્સાહી બનું છું.

❧

વિદ્વન્મંડળોની અમેરિકન કાઉન્સિલ, ન્યુયૉર્કની હન્ટર કૉલેજમાં હિંદુસ્તાની ભાષાનો અભ્યાસક્રમ દાખલ કરવાની છે એ આનંદદાયક સમાચાર છે. આ અભ્યાસક્રમની જાહેરાત કરતાં, ખાસ કરીને યુદ્ધસમયમાં તથા શાંતિની સ્થાપના થાય ત્યારે આ ભાષાના અભ્યાસ પર ભાર મૂકવામાં આવ્યો છે. શુદ્ધ ઉચ્ચાર તથા શબ્દપ્રયોગ માટે એક હિંદીને મદદમાં રાખવામાં આવશે. અમેરિકા પૂર્વના દેશોમાં કેટલો રસ લઇ રહ્યું છે તેનું આ પ્રતીક છે.

❧

મોડે મોડો પણ અપ્ટન સિંકલેરને તેના પુસ્તક 'ડ્રેગોન્સ ટીથ' (*Dragon's Teeth*) માટે તાજેતરમાં પુલિટ્ઝર પારિતોષિક આપવામાં આવ્યું. પોતાના સિવાય દરેક દેશમાં સિંકલેરનું બહુ માન કરવામાં આવ્યું હતું. જગતની લગભગ બધી મુખ્ય ભાષાઓમાં તેનાં પુસ્તકોનું ભાષાંતર કરવામાં આવ્યું છે. 'જંગલ' 'લવ્ઝ પિલ્ગ્રિમેજ', 'ઑઇલ' અને 'બોસ્ટન' જેવી તેની નવલકથાઓએ તેને વિશ્વસાહિત્યમાં મહત્વનું સ્થાન અપાવ્યું છે. ૧૯૨૯ માં પુલિટ્ઝર પારિતોષિક તથા ૧૯૩૨ માં નોબેલ પારિતોષિક તેને મળવાનું કારણ તેનું સમાજવાદી વલણ મનાય છે, પરંતુ 'ડ્રેગોન્સ ટીથ' ના નાત્સીવાદની તેણે કાઢેલ ઝાટકણીએ તેના સમાજવાદને ઓછો અસ્વીકાર્ય બનાવ્યો લાગે છે. સિંકલેર હિંદના મિત્ર છે. અત્યારે તેમની ઉંમર ચોસઠ વર્ષની છે.

❧

પંજાબ વિશ્વવિદ્યાલયના પત્રકારિત્વ વિભાગે ગઇ તા. ૨૩-૨૪ મેએ પોતાના દ્વિતીય વાર્ષિક દિનની 'ડૉન'ના વિદ્વાન તંત્રી શ્રી. પોથેન જોસેફના પ્રમુખપણા હેઠળ ઉજવણી કરી. વિશ્વવિદ્યાલયના આશ્રય હેઠળ ચાલતો પત્રકારિત્વનો આ એક જ વર્ગ, શ્રી. પી. પી. સિંઘના નેતૃત્વ હેઠળ સારો પ્રગતિ કરી રહ્યો છે. 'તાલીમ પામેલા પત્રકારોની હિંદમાં ખાસ જરૂર છે. શ્રી. પોથેન જોસેફે પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે " સરકારી દૃષ્ટિમાં આપણે 'ગુન્હેગાર જાતિ' છીએ. બીજાની દૃષ્ટિમાં 'દલિત વર્ગ' છીએ. "

❧

બનારસથી નીકળતા બંગાળી સાપ્તાહિક 'ઉત્તરા'માં એક ઉપયોગી વિભાગ 'પ્રતિવેશી-પ્રગતિ'—છે. તેમાં સાથી ભાષાઓની પ્રગતિની નોંધ લેવામાં આવે છે. તેમાં કલકત્તાથી પ્રકટ થતા બંગાળી સાપ્તાહિક 'દેશ'માં સ્વામી જગદીશ્વરાનંદે લખેલ નોંધનો ઉતારો લેવામાં આવ્યો છે. સ્વામીજી લખે છે કે " ઘણું બંગાળી પુસ્તકોનાં ગુજરાતી-

માં ભાષાંતર કરવામાં આવ્યાં છે, તેવી જ રીતે ગુજરાતી ભાષાનાં અગત્યનાં પુસ્તકોનાં બંગાળી ભાષાંતર થવાં જોઇએ. હિંદની ભાષા તથા સાહિત્યના વિચારોની સ્વતંત્ર આપ-લે કરવાનો સમય આવી પહોંચ્યો છે.

કુમારો માટે બંગાળીમાં હિંદના ઇતિહાસ-ભારતવર્ષેર ઇતિહાસ-ની તથા મનોરંજક 'નેપાલે બંગનારી' ની લેખિકા શ્રીમતી હેમલતા સરકારનું હમણાં જ અવસાન થયું છે. પોતાના પિતા સ્વ. પંડિત શિવનાથ શાસ્ત્રીના જીવનચરિતની તે લેખિકા હતી. દાર્જિલિંગની મહારાણી ગર્લ્સ સ્કૂલની સ્થાપના તેણે કરી હતી, અને પ્રિન્સિપાલ તરીકે બંગાળની અગ્રગણ્ય કેળવણી સંસ્થામા તે શાળાને તેણે સ્થાન પ્રાપ્ત કરાવ્યું હતું.

અજિતમલ, ઇટાવાના નારાયણ પબ્લિશિંગ હાઉસે, હિંદીમાં સચિત્ર 'હુઝ હુ' (Who's who) તૈયાર કરવા માંડ્યું છે. હિંદી અને અંગ્રેજીના પ્રખ્યાત લેખક શ્રી. પ્રેમનારાયણ અગ્રવાલ, એમ. એ. આ પુસ્તકના સંગ્રાહક છે. એમાં રાજકીય, ધંધાદારી, સાહિત્યવિષયક વગેરે અનેક પ્રકારની વ્યક્તિઓની જીવનનોંધ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. પુસ્તક સત્વર બહાર પાડવાની યોજના છે.

વર્ષો પહેલાં 'ગુજરાતી હુઝ હુ' બહાર પાડવાની જાહેરાત કરવામાં આવી હતી, પણ ત્યારપછી તે વિષે કશું જાણવામાં આવેલ નથી.

સંયુક્ત પ્રાંતોની હિંદુસ્તાની એકેડેમીએ રૂા. ૫૦૦) નું એક એવાં ચાર ઇનામોની હિંદી તથા ઊર્દુ પુસ્તકો માટે જાહેરાત કરી છે. (૧) ઇતિહાસ અને જીવનચરિત્ર, (૨) વિજ્ઞાન (૩) પદ્ય અને (૪) ગદ્ય, પુસ્તકો એપ્રિલ ૧૯૪૧ થી માર્ચ ૧૯૪૩ સુધીમાં પ્રગટ થયેલ હોવાં જોઇએ. હરિફાઇની મુદત ૩૧ મી જુલાઇ ૧૯૪૩ સુધીની છે. પુસ્તકોની સાત નકલો મોકલવાની છે. પુસ્તકો પાછાં મોકલવામા આવશે નહિ.

મરાઠીમાં જીવનવૃત્તાંતોનાં પુસ્તકોનો વધારો થતો જાય છે. જુદા જુદા સાહિત્યના લેખકો તથા વિશિષ્ટ વ્યક્તિઓનો આમાં પરિચય કરાવવામાં આવે છે. આવાં પુસ્તકોમાં નીચેનાંનો નિર્દેશ કરી શકાય 'ડિપ્લોટિઝમ'ના શોધક ગોવાના ખ્રિસ્તી બ્રાહ્મણ 'આબે ફરિયા'નું જીવનવૃત્તાંત કોંકણી મરાઠીમા શ્રી ગોયા બાબાએ લખ્યું છે. 'ભારતીય પ્રભાવી પુરુષ'માં જૈન સાહિત્યના ત્રણ મહાપુરુષો-શ્રાવક શાંતિદાસ, 'હીરવિજયસૂરી' તથા તીર્થંકર 'પાર્શ્વનાથ'ના ચરિત્રો આપવામાં આવેલ છે. બીજાં પુસ્તકોમાં-'વત્સરાજ ઉદયન,' આવા આપ લે હિતગુની, તથા 'તીન પોરા દેશભક્ત' છે. છેલ્લું પુસ્તક પ્રો. એન. એમ. ફડકેએ લખેલ છે અને તેમા દાદાભાઇ નવરોજી, ટેરેન્સ મેકસ્વિની તથા ૬' વેસ્ટેરાનાં જીવનચરિત્રો આપવામાં આવ્યાં છે. મરાઠી સાહિત્યનો આ વિભાગ, વિવિધતા તથા પ્રગતિ બતાવી રહેલ છે.

અત્યારના જમાનામાં હિંદમા કોઇ પણ સાહિત્યપ્રેમી વ્યક્તિની 'રત્નતુલા થઇ

હોય તો તે પંડિત મખનલાલ ચતુર્વેદીની છે. સાહિત્યના ઇતિહાસમાં આ પ્રસંગ અપૂર્વ ગણી શકાય.

અખિલ હિંદ હિંદી સાહિત્ય સંમેલનની હરદ્વારની બેઠક વખતે આ પ્રસંગ બન્યો હતો. પંડિત મખનલાલ ચતુર્વેદીનું રૂપિયાથી વજન કરવામાં આવ્યું હતું. હજારોની મેદની આ પ્રસંગે હાજર હતી. મહંત શાંતાનંદ નાથ ગિરિ તથા શ્રી. પન્નાલાલ બાહલાએ આ રૂપિયા આપ્યા હતા.

ત્રાવણકોર સરકારે ત્રાવણકોર યુનિવર્સિટીને એક લાખ રૂપીઆની બક્ષીસ કરી છે, તેના વ્યાજમાંથી મહારાજા અને મહારાણીના નામથી દ્વિવાર્ષિક ઇનામો અપાનાર છે. સંસ્કૃત સાહિત્યમાં, હિંદુ તત્ત્વજ્ઞાનમાં તથા વિજ્ઞાનમાં મૌલિક શોધખોળોને ઉત્તેજન આપવાનો આ ઇનામોનો હેતુ છે.

પંજાબ સરકારે ઐતિહાસિક રેકર્ડો માટે નીમેલ પંજાબ રીજ્ઞ મનલ કમિટિએ ગુરગાંવ પ્રાંતની મુલાકાત લેતાં ત્યાંના સંગ્રહમાં પર્શિયન બાપાગાં ફકકડ અક્ષરો વડે લખાયેલ, ભાગવત પુરાણની એક વિરલ નકલ મળી આવી છે. આ નકલ ૩૦૦ વર્ષ પહેલાંની છે.

છોટાલાલ માનસિંગ કામદાર

હું કોણ છું ?

હું બધા માણસોનું માનીતું છું અને માનીતું થવા માગું છું. લોકો મને ઓળખે છે–ન ઓળખતા હોય તો ઓળખાણ કરવા માગું છું.

વડોદરા રાજ્યમાં તો છેક નાના ગામડા સુધી મારું અસ્તિત્વ છે. એટલો મારો કદ-વિસ્તાર છે.

કેટલાય વિદ્વાનોનો પ્રાણ–હૃદય મારી પાસે છે–મેં સંગ્રહી રાખ્યો છે. અને એનું જે માગે તેને વિના મૂલ્યે ભાવભીને હૃદયે દાન કરું છું. અને માનવી પ્રાણ લઇ પોતે પ્રાણવાન–જીવંત બને છે.

મારે ત્યાં ભેદભાવ નથી. ગરીબ–તવંગર, રંક–રાય, ઊંચ–નીચ, બાલક–વૃદ્ધ, સ્ત્રી–પુરુષ, એ સર્વ મારે ત્યાં પધારે છે. અને સૌને પધારવા મારું આમંત્રણ છે.

આખી દુનિયાના સમાચાર મારે ત્યાં મફત મળે છે, છતાં હું ટપાલી નથી.

મેં કેટલાય ઊધેલાઓને જમત કર્યા છે, અભણોને ભણતા બનાવ્યા છે, ભણેલાઓને વિદ્વાન બનાવ્યા છે–છતાં હું શિક્ષક નથી. તોપણ હું લોકકેળવણીનું કાર્ય કરું છું.

બધા લોકો મને નિર્જીવ માને છે, પણ ખરેખર રીતે હું સજીવ છું. મેં કેટલાય લોકોને સજીવ કર્યા છે. મારી પાસે સંજીવન મંત્ર છે.

કહો, જોઇએ, હું કોણ છું ?

હું સાર્વજનિક પુસ્તકાલય છું.

શંભુભાઇ માધવલાલ રાવળયોગી

તમે કોઈને પુસ્તકો વાંચવા આપો છો ?

જો તમે કોઇને પુસ્તકો વાંચવા આપતા હો તો તે પાછાં કેમ મેળવવાં તે પણ શીખી લો. કેમકે પુસ્તકો ચલણી નાણા જેવાં છે, જ્યારે તેનો ઉપયોગ થાય ત્યારે જ તેની કિંમત છે. દરેક સાહિત્યપ્રેમી તે જાણે છે, પરંતુ અવિચારીપણે પુસ્તકો વાંચવા આપનાર બાનગી પુસ્તકાલયોના માલિકોને તો તેનો બહુ જ કડવો અનુભવ થયો હોય છે. વાંચવા આપેલ પુસ્તકો સહીસલામત પાછાં આવે તેને માટે અત્યાર સુધી લોકોએ અનેક રીતો અજમાવી જોઇ છે, પરંતુ એક પણ રીત સંપૂર્ણપણે સફળ થઇ નથી.

વર્ષો પહેલાં ' જહોન ઓ લંડન્સ વિકલી 'એ આ હેતુ માટે નીચે પ્રમાણેનું લખાણ પ્રગટ કર્યું હતું:

If this is borrowed by a friend,
That friend shall welcome be
To read, to study, not to lend
But to retnrn to me.

(જો કોઇ મિત્ર આ પુસ્તક વાંચવા લઇ જાય તો તે મિત્રે તે વાંચવું, તેનો અભ્યાસ કરવો પણ બીજાને ન આપતાં મને પાછું આપવું.)

ઉપરાંત

Steal not this book for fear of shame,
For here you see the owner's name;
And when you die, the Lord will say
Where is that book you stole away ?
And if you say you do not know,
Hell send you into hell below.

(શરમના ભયથી આ પુસ્તક તમે ચોરતા નહિ, કેમ કે તમે તેમાં માલિકનું નામ જોઇ શકો છો. જ્યારે તમે મૃત્યુ પામશો ત્યારે પ્રભુ પૂછશે કે ' તમે ચોરેલ પુસ્તક કયાં છે ?' અને જો તમે કહેશો કે ' મને ખબર નથી ' તો તે તમને નીચે નરકમાં ધકેલી દેશે)

આપણે નાના હતા ત્યારે આપણે આપણાં પુસ્તકના પહેલા પાના પર નીચે પ્રમાણે લખતા:

The grass is green The rose is red,
This book is mine Till I am dead.

જો ચોરે આ ચોપડી,
લાજ ઘટયાનું ઠામ;
× × ×
વગેરે વિગેરે.

પણ આપણો બધાનો અનુભવ એવો છે કે માત્ર માલિકીની જાહેરાતથી ખાસ પરિણામ આવતું નથી.

માનસશાસ્ત્રીઓના કહેવા મુજબ માગેલી ચીજો પાછી ન વાળનારાઓના ત્રણ વર્ગો પાડી શકાયઃ—

૧. પોતે શું માગી લાવેલ છે તે ભૂલી જનારા લોકો;

૨. કોની પાસેથી માગી લાવેલ છે તે ભૂલી જનારાં લોકો;

૩. લાંબા વખતે ચીજ પાછી વાળતાં શરમ થાય અથવા તો માલિકને તેનો ઉપયોગ નહિ હોય તેવી કલ્પના કરનાર લોકો.

ત્રણે વર્ગના લોકોને લાગુ પડે તેવું નીચેનું લખાણ છેઃ—

This book is lent with kind intent
Return not good with ill
It's not too late is send it back
The owner needs it still.

(શુભ ઇરાદાસર આ પુસ્તક વાંચવા આપવામાં આવ્યું છે. શુભેચ્છાનો બદલો નરસાથી વાળો નહિ. પુસ્તક પાછું મોકલવાનું કદી મોડું થતું નથી. માલિકને હજુ પણ તેની જરૂર છે જ.)

સહેલામાં સહેલો તથા કાર્યસાધક રસ્તો તો ઉપલા લખાણનો તથા તમારા નામ અને શિરનામાનો પૂરેપૂરો રબર સ્ટેમ્પ કરાવી લેવાનો છે. પુસ્તકની કિંમત તથા ખરીદ તારીખ માટે એક નાની લીટી આ રબર સ્ટેંપમાં ઉમેરી શકાય.

વાચકો ઉપલા લખાણનો ખુશીથી ઉપયોગ કરી શકે છે અથવા તો તેમાં યોગ્ય ફેરફાર કરી શકે છે. આ લખાણ માટે સારામાં સારું સ્થાન પહેલું પાનું અથવા પાછળના પૂંઠાનો અંદરનો ભાગ છે.

જેમની પાસે પુસ્તકોનો મોટો સંગ્રહ હોય અથવા જે અવારનવાર પુસ્તકો વાંચવા આપતા હોય તેમને વાંચવા આપેલ પુસ્તકોનો હિસાબ રાખવાનું કાર્ય મુશ્કેલ લાગે છે. ખાસ ચોપડીમાં નોંધ કરવાનું કાર્ય કંટાળાભરેલું છે. તો તો પછી ગ્રંથપાલ જ થઇ પડીએ તો શું ખોટું ? બિસાની ડાયરીમાં નોંધ રાખવી લગભગ નકામી છે.

આને માટે સારી યોજના તો એ છે કે પોસ્ટકાર્ડના માપનું એક કોરું કાર્ડ તમારા દરેક પુસ્તકમાં રાખવું અને તેના ઉપર પુસ્તકનું તથા લેખકનું નામ લખવું. જ્યારે કબાટમાંથી પુસ્તક કાઢો ત્યારે કાર્ડને બહાર કાઢી લઇને તેના પર લઇ જનાર માણસનું નામ, આપ્યા તારીખ

તથા પાછા આવવાની સંભવિત તારીખ લખી લેવી. કબાટમાં પુસ્તકને બદલે કાર્ડ મૂકો. એ કાર્ડ આપણને યાદી આપે છે.

જ્યારે કોઇને પુસ્તક વાંચવા આપો ત્યારે તમારે પુસ્તક કયારે પાછું જોઇએ છે તે જણાવવું ખાસ આવશ્યક છે. જો મિત્ર વાંચવાને આતુર હોય તે તો એક–અને બહુ બહુ તો બે–અઠવાડિયામાં પુસ્તક પૂરું કરી નાખશે. જો મિત્ર એવી દલીલ કરે કે ' હું વાંચવામાં બહુ ધીમો છું અને ફુરસદના સમયમાં જ વાંચી શકું છું ' તો તેને ચોપડી ન આપવા માટે કોઇ કારણ શોધી રાખજો. જ્યારે તેને વાંચવાનો વધારે સમય હોય ત્યારે જ પુસ્તક આપવાનું તેને વચન આપજો !

કેટલાક લોકોને તો પુસ્તકો વાંચવા દેવાં પસંદ નથી. તેના કારણમાં કાં તો તેથી તેમણે ઘણાં પુસ્તકો ગુમાવ્યાં હશે અથવા તો બીજા પાસેથી માગી લીધેલાં પુસ્તકો પાછાં ન આપીને તે પુસ્તકોથી પોતાનું પુસ્તકાલય બનાવેલ હશે. આવા માણસો પાસેથી પુસ્તકો ન માગવાં તે જ ઠીક છે. જો તમે એકાદ પુસ્તક માગી લાવશો તો તેઓ તમારી પાસેથી બે પુસ્તકો લઇ જશે. અને તે પુસ્તકોનું તમને ફરીથી કદી દર્શન થશે નહિ !

પરંતુ પહેલા વર્ગ પાસેથી પુસ્તકો લાવવાની તમને જરૂર પડી હોય તો તેને માટે સારામાં સારી રીત એ છે કે તમારી પાસેના કોઇ સારા પુસ્તકનાં મૂળ વખાણ કરવાં અને તેના પુસ્તકાલયમાંથી પુસ્તકની માગણી કર્યા પહેલાં તમારું પુસ્તક વાંચવા આપવાની સામેથી માગણી કરવી. પછી તમે તેને વાંચવા આપેલ પુસ્તકોની તમારી નોંધ બતાવશો તો તે તમારો મિત્ર થઇ રહેશે અને ગમે તેવા સારા પુસ્તકની તમારી માગણીનો અસ્વીકાર કરશે નહિ.

ઘણાં ખરાં નવાં પુસ્તકો પર સચિત્ર રંગીન રેપર અથવા જેકેટ હોય છે. પુસ્તક વાંચવા આપ્યા પહેલાં જેકેટ ઉતારી લેવું જરૂરી છે. તમારા મિત્રોને પુસ્તક વાંચવા માટે જોઇએ છે, પ્રદર્શન માટે નહિ. પુસ્તકને બદલે અધીરાઇમાં જેકેટ, તથા નામનું કાર્ડ રાખો. જેકેટ કાઢી લેવું એ બીજું પણ કારણ છે. તમારા મિત્રને મળવા આવનારાઓનું તે પર ધ્યાન ખેંચાશે. આપણે વાંચવા આપેલ પુસ્તક, લઇ જનાર બીજાને વાંચવા આપે તેના કરતાં વધારે ચીડ ચડે તેવી બીજી કોઇ બાબત નથી.

જ્યારે પુસ્તકોની હાથથી નકલ કરતી પડતી ત્યારે મહના સાધુઓ, પોતાની પાસેનાં થોડાં ઘણાં પુસ્તકો, જાહેર પુસ્તકાલયના મેજ ઉપર સાંકળથી બાંધી રાખતા. આધુનિક છાપકામે આ ચેતવણી નકામી બનાવી દીધી છે. પરંતુ જેમ જેમ લડાઇ અંગેની હાડમારી વધતી જશે, અને હિંદમાં આવતાં પુસ્તકોની સંખ્યા ઘટતી જશે તેમ તેમ આજના પુસ્તક પ્રત્યેના, જો પોતે સંગ્રહ સાચવી રાખવા માગતા હોય, તો તેણે પોતાના સંગ્રહનું રક્ષણ કરતાં શીખવું પડશે.

છોટાલાલ માનસિંગ કામદાર

સાહિત્યિક અપહરણો માટેનું સ્વાતંત્ર્ય

જ્યારે જ્યારે કોઈ વિવેચક 'આ લેખકે તો અપહરણ કર્યું છે' એવી ટીકા કરે ત્યારે મને તેના પર બહુ જ ગુસ્સો ચડે છે. બિચારા લેખક પર કેટકેટલા મિથ્યારોપો લદાય છે! તેણે તો 'પરસાહિત્યમાં આવા સારા વિચારો, અને આપણા સાહિત્યમાં નહિ!' એવી સાહિત્યપ્રીતિની ભાવના વિચારીને જ, આ સાહિત્યના દારિદ્રયને ટીટાડવાના પુણ્ય ઉદ્દેશથી જ, અન્ય સાહિત્યકારોના વિચારો પોતાની કૃતિમાં ઝડપીને, સાહિત્યસેવા કર્યાની કૃતકૃત્યતાનો લહાવો મેળવવા એણે ઇચ્છયું હતું! તેની આવી ઉત્કૃષ્ટ ભાવના માટે પ્રશંસા કરવી તો બાજુ પર રહી, પણ તેના પર અપહરણ કરવા જેવા નિર્જીવ આરોપો મૂકી, તેના ઉત્સાહ પર નિરાશાનું ઠંડું પાણી રેડવાનો કોને અધિકાર હોય? અને કૃતનું સારા નરસાપણું તો તેના ધ્યેય પર જ આધાર રાખે છે ને! ખૂન કરવું એ બરાબ ગણાય છે, છતાં સૈનિકની ભાવના દેશપ્રીતિની હોઈ તેને ખૂન કરવાની છૂટ છે; તેવી જ રીતે પ્રયોગ કરવા માટે ડૉકટર એકાદ બે ખૂન કરે તેનો વાંધો નહિ! પરંતુ વૈરની ભાવનાથી થયેલ ખૂન જરૂર ગુનો છે. આ રીતે તો અપહરણ કદાચ બરાબ હોય (અલબત્ત, તે છે તો નહિ જ!), તો પણ ઉપર જણાવેલ ધન્ય હેતુથી જ તેમ કરનાર સાહિત્યકારને દોષિત ગણવો શું અન્યાયી નથી? વળી એવી ટીકા કરનાર વિવેચકને સાથે એટલું પણ કહેવાનું મન થઈ જાય છે કે ભલા 'सत्यं अपि अप्रियं मा ब्रुयात्।' એ પણ શું તું નથી જાણતો? અને તારી આ ટીકા છેવટ અન્ય કોઈને નહિ તો પણ તેના લેખકને તો અપ્રિય થશે જ, એ પણ શું તું ન સમજ્યો કે આવી ટીકા કરી?!

વળી અપહરણ કરવું એ જો બરાબ હોય તો પછી શેકસપિયર, કાલિદાસ, ભવભૂતિ જેવા મહા સાહિત્યકારોએ તે કેમ જ અપનાવેલ હોય? અને ભવભૂતિ તો 'માલતી માધવ'ને પોતાની સ્વતંત્ર કૃતિ તરીકે ઓળખાવે છે, છતાં એ અપહરણોથી ભરેલ છે તે કોણ નથી જાણતું? તો પણ કોઈ દલીલ કરે કે તેઓને પોતાનો ઋણસ્વીકાર કરવાનો રસ્તો ન હતો, કારણ કે તેઓના વખતમાં પ્રસ્તાવના લખાતી ન હતી. પણ આ વાત તદ્દન વજૂદ વગરની છે, સંસ્કૃત કવિઓ પોતાના જીવનનો અહેવાલ વગેરે બધું જ જણાવતા, પણ આ અપહરણ જણાવવાની તેમને જરૂર જ લાગી નહિ, કેમ કે તેઓ સારી પેઠે જાણતા હતા કે અપહરણ તો સ્વાભાવિક જ છે, તેનો નિર્દેશ નિરર્થક છે!

ઉપરાંત ઋણસ્વીકાર કરીને તો તેણે કોની કૃતિમાંથી ચોર્યું છે તેનું નામ જ જણાવવાનું ને? પરંતુ નામ તો નશ્વર છે. સાહિત્યકાર જેવી અમર કૃતિમાં નશ્વર નામનો નિર્દેશ કેટલો અપ્રસ્તુત! વળી શેકસપીઅરે પણ કહ્યું છે કે 'What is there in a name?' (આ કે આવા જ અર્થનું તેણે કહ્યું છે.). નામમાં તે વળી શું છે? આમ નામનિર્દેશથી શું વિશેષ છે? અને આધુનિક સાહિત્યકારો આને અનુસરીને મૂળ નામ ન આપે તેમાં તેના પર આવું મોટું દોષારોપણ કેટલું અસ્થાને!! વળી લેખક શું કોઈ દુન્યવી, વ્યવહારુ માણસ છે? તે તો દૈવી ફિરસ્તો! તેને તો 'वसुधैव कुटुम्बकम्'ની જ ભાવના હોય ને! 'अयं निजः परो वेत्ति गणना लघुचेतसाम्।' આ જગતમાં પારકું શું, ને પોતાનું શું? અને એવા ઉદાર વિચારથી જ તે અપહરણ કરે એમાં શું ખોટું છે?

વળી અપહરણથી તો બન્ને લેખકને લાભ છે. મૂળ લેખકે તો તે લખ્યું અને જગતને સમર્પ્યું, એટલે તે પર તો તેનો કશો જ અધિકાર નહિ, એ તો જગતની જ મિલકત! અને જગતમાં જે પ્રાપ્ય હોય તેનો ઉપયોગ ન કરે તે તો મૂર્ખ જ ને? આમ અપહરણથી લેખકે તો કશું જ ખોટું નથી કર્યું. પરંતુ સાથે સાથે મૂળ લેખકે પણ (જો જીવતો હોય તો) ગૌરવ લેવું જોઈએ કે તેના વિચારો વિસ્તૃત ફેલાવો પામ્યા છે; અને એથી પણ વધુ અભિમાન તો તેને એ થવું જોઈએ કે તેના વિચારો એટલા બધા સારા હતા કે કોઈને અપહરણ કરવાનું મન થાય! ચોરી કાંઈ મામુલી વસ્તુની ઓછી જ થાય! અને શું મૂળ લેખક એટલો પણ ઉદાર ન હોય કે પોતાના કોઈ સર્જનથી અન્યને ધન અને કીર્તિ પ્રાપ્ત થતી હોય તો તે સહર્ષ થવા દે?! અલબત્ત, આ ધન અને કીર્તિનો લાભ દર્શાવ્યો તે તો આનુષંગિક જ છે, અપહરણ કરનારનો હેતુ તો ઉપર જણાવ્યું તેમ ધન્ય જ છે! આમ જ્યાં બન્ને પક્ષને કશો વાંધો ન હોય તો વિવેચકોએ શા માટે વચમાં પડી લેખકની અપકીર્તિ અને સાહિત્યની અવનતિ કરવી જોઈએ?

ઉપરાંત અપહરણનો નિર્દેશ કરવાથી તો રસની ક્ષતિ થાય છે. મારી વાત પૂછો તો 'સરસ્વતીચંદ્ર' વાંચતાં, વાર્તાના મૂળ પ્રવાહને પડતો મૂકી શેમાંથી અપહરણ કર્યું છે તેની નોંધ, અને મૂળમાંથી લાંબા લાંબા ઉતારા વાંચવાની ધીરજ કે ઇચ્છા થતી જ નથી. ઊલટું, નીચે નોંધ આપી હોય તે distraction કરી વાર્તાના રસમાં ક્ષતિ જ પહોંચાડે છે. આ શું સારું કહેવાય? આના કરતાં શેમાંથી અપહરણ કર્યું છે તે જણાવ્યું જ શા માટે? વળી અપહરણ જાહેર કરે તો તેથી તો તે વાચકના મનમાં ઓછો ઊતરે છે, કે એણે તો બધામાંથી ચોરીને લખ્યું છે! ને ચોરીની શ્રેષ્ઠતા શેમાં? ચોરી કરી 'હું લઉં છું', 'હું લઉં છું', એમ કરતાં ચોરી કરનાર કરતાં બધાની આંખમાં ધૂળ નાખી તે છુપાવી શકનાર ચોર જ મહાન ને? અને સાક્ષરો તો સંસ્કારી ચોરો! આ વાત વિવેચકો કેમ સમજતા નથી કે અપહરણને દોષ તરીકે ગણાવે છે?

અને વિવેચકો તો પોતાને સાહિત્યના વિકાસવાંચ્છુઓ ગણાવે છે. તો પછી છેવટ અપહરણ કરીને પણ સાધારણ સાહિત્યવિકાસ શા માટે વખોડવો? અને જે લેખક દર વખતે અપહરણ કરે છે તે કોઈક દિવસ મૌલિક સર્જન કરી શકશે. સેવાને પ્રથમથી જ અટકાવવાથી તો ભવિષ્યમાં તેમના તરફથી મળનાર મૌલિક કૃતિ પણ ગુમાવવી પડશે! એવો ખોટનો વેપાર કયો બુદ્ધિવાળો વિકાસવાંચ્છુ કરે?

તે ઉપરાંત અપહરણ તો સ્વાભાવિક જ છે. દર વખતે નવું નવું લાવવું પણ શું? વિષયો એટલા ઓછા છે, અને તેના લખનાર સાહિત્યસેવકો એટલા બધા છે, કે સહજ જ એક વિષય પર બે-ચાર જણ જોગા થઈ જાય. આ બધાની કૃતિઓમાં વિચારસામ્ય આવે એ શું સ્વાભાવિક નથી? આવી રીતે મૌલિક હોવા છતાં વિવેચકો તેને અપહરણ ગણે તે કેટલું અન્યાયી?

પરંતુ વિવેચકોનો અપહરણ હોવાનો નિર્દેશ કદાચ એમ પણ હોય કે એક ગ્રંથ પર વિવેચન કરનાર એટલા બધા વિવેચકો હોય છે કે તેમને તેમનાં વિવેચનોને જ 'અપહરણ'ના આરોપથી બચાવવા માટે વૈવિધ્ય રાખવું જોઈએ. એટલે 'येन केन प्रकारेण' 'આ વિચાર

[અનુસંધાન સામેના પૃષ્ઠને છેડે]

દૃષ્ટિપરિવર્તન (ટૂંકી વાર્તા)

"કેમ રમેશ, બધી તૈયારી બરાબર થઈ છે ને ?" પાનાચંદ શેઠે B. A માં ભણતા પોતાના કૉલેજિયન પુત્રને પૂછ્યું.

"જી, બરાબર છે. પણ કલેક્ટર સાહેબ આવશે ક્યારે ?" રમેશે ઉત્સુકતા બતાવી.

"ટાઇમ તો આઠ વાગ્યાનો આપ્યો છે; હવે થોડીક જ વાર છે."

એટલામાં બહાર મોટરનું હૉર્ન સંભળાયું ને મોટરના શોફરે સિફતથી મોટરને શેઠના બંગલા તરફ હંકારી. બંગલાના નોકરોએ કલેક્ટર સાહેબને લળી લળી સલામો ભરી. તે સાહેબે સસ્મિત ઝીલી. બારણા પરજ શેઠ અને તેનો પુત્ર અને આમંત્રિત મહેમાનો અમલદારો વગેરે સાહેબનો સત્કાર કરવા ઊભા હતા.

કલેક્ટર સાહેબ આસ્તેથી નીચે ઊતર્યા. શેઠે તેમનો સારો સત્કાર કર્યો, અને તેમને બંગલામાં લઈ ગયા શેઠના બંગલામાં એક 'મહેમાન'ની સરભરા માટે જબરી ધમાલ મચી રહી હતી.

પાનાચંદ શેઠ મૂળ તો ગામડાના વતની હતા. બાપદાદાની દુકાન, ખેતી, જમીન, ધીરધાર, વ્યાજવટાવ ને કેટલાંએ કાળાંધોળાં કરી તેમણે સારી એવી પુંજી એકઠી કરી હતી. એઓ ગામડામાંથી મોટા કસ્બામાં-તાલુકાના સ્થળે-રહેતા હતા. ત્યાં તેમણે એક ૫૦-૬૦ ચરખાનું જીન વસાવ્યું હતું. તેલનો ઘાણો અને ચક્કી પણ સાથે જ ચલાવતા. સંતાનમાં શેઠને એક પુત્ર અને બે પુત્રીઓ હતી; પુત્ર રમેશ રાજનગરમાં ગૂજરાત કૉલેજમાં જુનિયર B. A. માં ભણતો હતો.

ધીરે ધીરે શેઠની શાખ વધતી ગઈ. કસ્બાના તે એક આગેવાન ગણાવા લાગ્યા. તે સુધરાઈના સભાસદ પણ હતા પાંજરાપોળ, અનાથાશ્રમ, પુસ્તકાલય વગેરે સંસ્થાઓમાં તે યોગ્ય

[અનુસંધાન પૃ. ૨૬૪નું]

તો અમુકમાં પણ છે, માટે આ લેખકે તેમાંથી ચોર્યું છે' કહેવું પડે છે. આ કાંઈ સારી રીત ન કહેવાય.

અને એક માણસના દોષ જ જોવા હોય તો અનેક જડી આવે તેમાં નવાઈ શી ? અને કોઈ પણ લેખક લખે તે પહેલાં તેણે કાંઈક તો વાંચ્યું હોય ને ? અને તેની અસર કુદરતી જ તેના પર રહે, એમાં તેના પર ચોર હોવાનો આરોપ મૂકવો એ કયો નીતિનો પ્રશ્ન છે ? અરે, લેખકે કાંઈ પણ ન વાંચ્યું હોય તોપણ વિચારસામ્ય તો આવી જ જાય તેમાં તે શું કરે ? તેને મન તો તે મૌલિક જ છે ને ? અને કોઈ પણ લેખકને પૂછો, તે કહેશે જ કે તેણે લખ્યું છે તે મૌલિક જ છે !

આથી હું એમ કહું છું કે જાણ્યે અજાણ્યે અપહરણમાંથી કોઈ બાતલ નથી; પછી તે કાલિદાસ હોય, મિલ્ટન હોય, શેકસપીઅર હોય કે ગમે તે હોય. અને જ્યારે તે સ્વાભાવિક જ છે, ત્યારે તે દોષ ગણવો બંધ થવો જોઈએ. સ્વાતંત્ર્યના આ યુગમાં દરેક ક્ષેત્ર જ્યારે સ્વાતંત્ર્ય મેળવે ત્યારે શું લેખક જ તેમાંથી બાદ ? નહિ. આપણે ઇચ્છીએ કે લેખકને પણ આમાં અપહરણનું સ્વાતંત્ર્ય સાંપડે !

મુકુન્દરાય છ. પંડ્યા

ફાળો આપતા. વેપારને અંગે ૨–૩ છાપાં પણ મંગાવતા. કસ્બામાં આવતા મોટા અમલદારો માટે શેઠની ગાડી અને મોટર તૈયાર રહેતાં; સાથે સરભરા પણ ખરી જ. કલેક્ટર સાહેબ શેઠના આમંત્રણથી જ આવ્યા હતા. આમ શેઠનો ધંધો, લાગવગ,–વગસગ, ધીકતાં જણાતાં હતાં. શેઠ હવે રાજ્યરત્ન, રા. સા. થવાની તૈયારીમાં હતા. વર્ષોથી એ માટેની મહત્ત્વાકાંક્ષા સેવતા હતા. આથી જ તેઓ અમલદારોના ' સેવક ' બની રહેતા.

બંગલાના ઉદ્યાનમાં કલેક્ટર સાહેબને શેઠે પાર્ટી આપી હતી. શેઠે કલેક્ટર સાહેબને ભેટના રૂપમાં સુવર્ણની સોએક રૂપિયાની કિંમતની હીરાજડિત વીંટી આપી. સાહેબે તે કમને સ્વીકારી. અને ' રા. સા. બનવા તમારું નામ આગળ ગયું છે ' એમ શેઠને કહ્યું. શેઠ આનંદી થઈ ગયા. ઉપાહારને ઇન્સાફ આપી મહેમાનો વિખરાયા. જતાં જતાં શેઠે સાહેબના સેક્રેટરીને પણ ભેટ આપી અને પોતાના નામ માટે ' ખાનગી ' ભલામણ કરી. આજકાલ અમલદાર સાહેબો કરતાં તેમના હાથ નીચેના નોકરોને વધારે સાચવવા પડે છે તેની કોણ ના કહેશે?

***

" રામા, શેઠ સાહેબ છે કે?" આગંતુકે નોકરને પૂછ્યું.

" હા, અંદરના ખંડમાં છે. શું કામ છે? "

" મારે જરા મળવું છે. "

" ઊભા રહો, હું ખબર આપું. "

થોડી વાર પછી નોકર બહાર આવ્યો અને કહ્યું કે, " પધારો. "

આવનાર વ્યક્તિ તે જ ગામના અનાથાશ્રમના મંત્રી હતા. તેમણે શેઠને પ્રણામ કર્યા. શેઠે આગમનનું કારણ પૂછ્યું.

" જુઓ, સાહેબ, શંકરલાલે નમ્રતાથી પ્રસ્તાવના કરી " આપણા ગામના અનાથાશ્રમમાં ૨૫ અનાથ બાળકો છે. આ બાળકો સમાજનાં જ છે. અને સમાજ તેમને નિભાવે છે. આપ જેવા મોટા માણસ પાસેથી સંસ્થા માટે થોડી વધારે મદદની આશા રાખીએ છીએ. " શંકરલાલે ટૂંકમાં એમના આગમનનું કારણ કહ્યું.

" દર વર્ષે અમારી દુકાનેથી નિયમિત ધર્માદા અપાય છે તેમાં અનાથાશ્રમને પણ આપીએ છીએ, હવે વધારે કયાંથી કાઢીએ? " શેઠ શાંતિથી બોલ્યા.

" અરે! સાહેબ, આપ જેવા લક્ષાધિપતિને શી કમીના છે? આપની જરાક ઉદારતા અને ૨૫ બાળકોના આશીર્વાદ આવશે ને પરમેશ્વર આપને આપી રહેશે. "

" હવે આવતે વર્ષે વાત. તમારી સંસ્થામાં થોડું વધારે આપશું. " શેઠ ઠંડે કલેજે બોલ્યા.

" નહિ, સાહેબ, આપ રૂા. ૫૦૧) આપી અમારી સંસ્થાના પેટ્રન થાઓ, ૨૫ દીન-હીન ગરીબ બાળકો અન્ન વગર ભૂખ્યાં પણ રહે છે. દેશમાં દુષ્કાળ છે. કયાંયથી પૂરતી મદદ મળતી નથી. આપ જેવા ધનવાનોના રોટલામાં તેમનો પણ ભાગ છે. નાનાં બચ્ચાં ટળવળે ને તમો જમો એ ઠીક કહેવાય? " મંત્રીએ વરાળ કાઢવી.

" તે શું પરસેવો આપને ઠીલે ઊતર્યો છે? " ' કદાં ' (શેઠ પૈસાને બહુ જ વહાલથી બહુવચનના અર્થમાં એકવચનમાં ' કદાં ' કહેતા) કમાવા બહુ જ અઘરું કામ છે. " ને કે શેઠે પરસેવો ઉનાળા સિવાય ઉતાર્યો નહોતો તેની સાક્ષી તેમનો ચહેરો પૂરતો હતો.

" જુઓ, સાહેબ, જરા વિચાર કરી જુઓ. તમારે ઘેર કેટલા મહેમાનો, અમલદારો, કલેકટર સાહેબ સુદ્ધાંત આવે છે. આપ તેમને હથેળીમાં રાખો છો. ત્યારે આપને ખર્ચ નહિ થતું હોય ? આપ જરા દૃષ્ટિ બદલો. તો સમજશો કે, આવી સરભરામાં વપરાતાં નાણાં સેંકડો ગરીબોને રોટલો આપી શકે. " શંકરલાલ જરા પ્રગલ્ભ બન્યો.

શેઠનું અભિમાન ઘવાયું. તે બોલ્યા:

" મારી મિલ્કતનું હું ગમે તેમ કરું તેમાં તમારે શું ? "

" મહેરબાન સાહેબ, હું તો ગરીબ બાળકો વતી પ્રાર્થના કરું છું. આપો તો આપનો મોટો આભાર. " શંકરલાલે નમ્રતાથી કહ્યું.

અંતે શેઠે ફાળામાં રૂા. ૫૦) આપ્યા. શંકરલાલ રજા લઈને રસ્તે પડ્યો.

***

" સાહેબ, કાર કઈ બાજુએથી લઉં ? " શૉફરે પૂછ્યું.

" આ આશ્રમ પાછળથી પુસ્તકાલયના મકાન પર લે. " અંદરથી કલેકટર સાહેબ બોલ્યા.

આશ્રમના પાછલા ભાગમાં, મોટરનો અવાજ સાંભળી વાને શ્યામ જણાતાં, બાઠીની ચડ્ડી પહેરેલાં એવાં ૧૦–૧૫ બાળકો અનિમેષ નજરે કાર તરફ ગીટ માંડી રહ્યાં. શૉફરને વિચાર આવ્યો કે, સાહેબને મહિને રૂા. ૧૫૦૦) નો પગાર મળે છે. તેમાંથી આમ મહિને રૂા. ૧૦૦) આપતા હોય તો ?

કલેકટર સાહેબે કરખાના સા. જ. પુસ્તકાલયની મુલાકાત લઈ ઉત્તમ રિમાર્ક કર્યો. લોકોમાં સ્ત્રી અને પુરુષોમાં પુસ્તકો છાપાં–માસિકો ખૂબ જ વંચાય એમ મંત્રીને ભલામણ કરી; અને નવીન પુસ્તકાલયો માટે સરકાર આ વર્ષે પણ રૂા. ૧૦૦૦) આપશે એમ જાહેર કરી સાહેબ કાર હંકારી ગયા.

***

" પિતાજી, આપણા કરખામાં જે પુસ્તકાલય છે, તેના મંત્રી અને પ્રમુખ સાહેબ મળ્યા હતા. તેઓ કહેતા હતા કે જો, તમારા પિતાશ્રી રૂા. ૨૦૦૦ આપે તો તેમનું નામ પુસ્તકાલયના મકાનમાં મુકાય ને નામ **યાવદ્‌ચંદ્રદિવાકરૌ** રહે. " રમેશે પિતાને કહ્યું.

" તે દુનિયામાં કોનાં નામ કાયમ રહ્યાં છે તે આપણાં રહે ? આપણે દર વર્ષે લવાજમ તો ભર્યા જ કરીએ છીએ, બીજી મદદ પણ કરીએ છીએ; આ તો ગામની સંસ્થા જાણી મદદ કરી ને આંગળી આપી ત્યાં તો પોંચો જ કરડવાની વાત ! બધી સંસ્થાઓ આમ ભીખ માગતી લાગે છે. " શેઠે કૂલીફાલેલી પુસ્તકાલયપ્રવૃત્તિ તરફનો પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો.

" મદદ તો જે વાંચે એણે કરવી જ જોઇએ; આ તો ગામ સમસ્તની સંસ્થા છે. ને ગામની લોકમદદથી જ તે ચાલે છે. સરકાર તેમાં ત્રણગણી મદદ આપી ગામને વર્તમાનપત્રો, માસિકો, પુસ્તકો વાંચવા અપાવે છે તેમાં તમે સંસ્થાને શા માટે મેણાં મારો છો ? "

" મેણાં કયાં માર્યું છું ! આ તો રૂા. ૨૦૦૦) નું મારું બચાવનામું છે. તું મોટો થા ત્યારે રૂા. ૪૦૦૦) આપજે ને. " શેઠ વકીલની ભાષામાં બોલ્યા. રમેશ શાંત રહ્યો. તેણે ત્યારે એ વાત ત્યાં જ દાટી દીધી. (અપૂર્ણ)

કૃષ્ણલાલ રણછોડલાલ ત્રિવેદી

હિંદી, બંગાળી અને ગુજરાતી, મહારાષ્ટ્રી

[એક સરખામણી]

સંયુક્ત પ્રાંતો અને બિહારમાં હિંદી ભાષા મુખ્યત્વે બોલાય છે. પંજાબમાં પણ હિંદીનું ચલણ છે. મહાત્મા ગાંધીજીના પ્રચારથી મુંબઇ ઇલાકામાં પણ હિંદીનો પ્રચાર વધતો જાય છે. હિંદના દક્ષિણ ભાગમાં હિંદીનો પ્રચાર થોડાં વર્ષો થયાં જ થયો છે. હિંદના બીજા બધા ભાગોના લોકો હિંદી સમજી શકે છે, ઘણા બોલે પણ છે. સંસ્કૃત ભાષાના મૂળાક્ષરો હિંદીમાં વપરાય છે. એટલે દરેક હિંદુ નાગરી ભાષાની લિપિ થોડીઘણી જાણે છે. મુસલમાનો હિંદી ઉર્દૂ લિપિમાં લખે છે, હિંદુઓ નાગરીમાં લખે છે. હિંદીનો પ્રચાર હિંદના ૩૯ કરોડ મનુષ્યોમાંથી અગિયાર કરોડ મનુષ્યો વચ્ચે છે. આખા હિંદની મુખ્ય ભાષા હિંદી છે. બંગાળી ભાષા એ બંગાલના હિંદુમુસલમાનોની બોલવા અને લખવાની ભાષા છે. ૭ કરોડ માણસો એ ભાષા બોલે છે અને લખે છે. હિંદી સૌથી વિશાળ બોલનારાઓની સંખ્યા ધરાવે છે. પરંતુ આધુનિક સાહિત્યવિકાસમાં બંગાળીએ પ્રથમ પદવી મેળવી છે. ગુજરાતી ભાષા તો બહુ જ અલ્પ સંખ્યામાં પ્રસરેલી છે. મુંબઇ ઇલાકાની સવાબે કરોડની વસ્તીમાં અર્ધી વસ્તી મરાઠી ભાષા બોલે છે: માત્ર એક કરોડની વસ્તી ગુજરાતી બોલી લખી શકે છે. હિંદી ગુજરાતી કરતાં અગીઆરગણાં વધારે માણસો બોલે છે. બંગાળી ગુજરાતીથી છગણાં વધારે બોલનારાં છે. મહારાષ્ટ્રી ભાષા ૧। સવા કરોડ જ બોલે છે.

પ્રાચીન સાહિત્ય

આધુનિક સાહિત્યમાં બંગાળીએ સૌથી વિશેષ પ્રમાણમાં વિકાસ કર્યો છે. પરંતુ પ્રાચીન સાહિત્યમાં તો જરૂર હિંદી જ પ્રથમ પદવી લઇ જાય છે. મહાત્મા તુલસીદાસજી જેવા સર્વોત્તમ કવિની રામાયણ તો હિંદનું અમૂલ્ય ધન છે. બંગાળીમાં કૃતવાસીની રામાયણ છે, ગુજરાતીમાં ગિરધરકૃત રામાયણ છે; પણ તુલસી રામાયણ તો કયાંયે ચંડી જાય. મહાભારત બંગાળીમાં કાશીદાસનું શ્રેષ્ઠ છે એમ મારી માન્યતા છે. હિંદીમાં એવી જાતનું મહાભારત નથી. ગુજરાતીમાં મહાકવિ પ્રેમાનંદે મહાભારત ઉપરથી આખ્યાનો રચ્યાં છે. પરંતુ સમગ્ર મહાભારત પ્રાચીન ગુજરાતી પદ્યસાહિત્યમાં સળંગ નથી. ભાગવત હિંદીમાં પ્રેમસાગર કે શુકસાગર નામે શ્રેષ્ઠ પુસ્તક છે. બંગાળીમાં પણ સાધારણ છે, ગુજરાતીમાં શ્રી પ્રેમાનંદનો દશમ સ્કંધ છે. બીજાં પુરાણોમાં પ્રેમાનંદનું માર્કંડેય પુરાણ છે.

મહાન ભક્ત કવિઓના સાહિત્યમાં બંગાળમાં ચંડીદાસ અને વિદ્યાપતિનાં પદો છે. ગુજરાતીમાં નરસિંહ મહેતાનાં પદો છે. હિંદીમાં પુષ્કળ છે. મીરાં, કબીર, સૂરદાસ, તુલસીદાસ, દાદુ, નાનક વગેરેનાં છે. હિંદી પ્રાચીન પદ્યસાહિત્ય વધારે સમૃદ્ધ છે. મહારાષ્ટ્રમાં તુકારામના અભંગ એ બોટ પૂરી પાડે છે. પ્રાચીન સાહિત્યમાં ભક્તિને લગતું સાહિત્ય વિશેષ પ્રમાણમાં છે.

મહાન આચાર્યોએ દરેક ભાષામાં સુંદર સાહિત્યનો ફાળો આપ્યો છે. બંગાળીમાં શ્રી ચૈતન્ય ગૌરાંગના શિષ્યો રઘુનાથદાસ, કૃષ્ણદાસ, નરોત્તમદાસ વગેરેએ સુંદર ભક્તિ-સાહિત્ય ભંડાર પાડયું છે. હિંદીમાં શ્રી વલ્લભાચાર્યનાં અષ્ટસખા શ્રી સૂરદાસ, શ્રી કૃષ્ણ-

દાસ, શ્રી પરમાનંદદાસ, શ્રી ચિતરવામી, શ્રી નંદદાસ વગેરેએ પોતાનાં વ્રજ ભાષાનાં પદોથી હિંદીને સમૃદ્ધ બનાવી છે. ગુજરાતીમાં શ્રી સ્વામીનારાયણ સહજાનંદના ભક્ત કવિ મંડળ શ્રી બ્રહ્માનંદ, મુક્તાનંદ, પ્રેમાનંદ, નિષ્કુલાનંદ, દેવાનંદ વગેરેએ ગુજરાતી સાહિત્યની સેવા કરી છે. મહારાષ્ટ્રમાં શ્રી જ્ઞાનેશ્વર અને તુકારામના અનેક અનુયાયીઓએ મરાઠી ભાષાને શોભાવી છે. ચૈતન્યના અનુયાયીઓ સનાતન, રૂપ અને જીવ ગોસાંઈએ ભક્તિ-સાહિત્ય સંસ્કૃતમાં પણ વિપુલ સાહિત્ય રચ્યું છે. શ્રી વલ્લભ અને તેમના પુત્ર વિઠ્ઠલે પણ સંસ્કૃતમાં લખ્યું છે. સ્વામીનારાયણના શિષ્યોએ નજીવું સંસ્કૃત સાહિત્ય પ્રકટાવ્યું છે; જ્યારે મહારાષ્ટ્રના ભક્તોએ મહારાષ્ટ્રીને જ પકડી રાખી છે.

બંગાળીમાં લોકસાહિત્યનાં ગીતો પુષ્કળ છે. હિંદીમાં પણ છે. ગુજરાતીમાં પણ શ્રી. મેઘાણીએ પ્રસિદ્ધ કર્યાં છે અને મહારાષ્ટ્રીમાં પણ છે.

ચારેય ભાષાઓ અપભ્રંશ કે પ્રાકૃત ને સંસ્કૃતમાંથી ઉત્પન્ન થઈ છે. ચારેય સગી બહેનો છે, જે જુદાં જુદાં ઘરે પરણી છે. પરંતુ તેમનાં કલેવરો એક જ માબાપથી પેદા થયાં છે. બંગાળીમાં સંસ્કૃત શબ્દો વધારે છે. ચારેય ભાષાઓએ મુસલમાન યુગમાં અરબી અને ફારસીમાંથી પણ શક્તિ અને શબ્દસમૂહ મેળવ્યાં છે. હમણાં આ ચારેય ભાષા અંગ્રેજી યુગના પ્રભાવ નીચે રહીને અંગ્રેજી લાગવગ અને શબ્દસમૂહનો પોતાના શૃંગાર માટે ઉપયોગ કરે છે.

બંગાળી ભાષાની ઉત્પત્તિ આઠમા નવમા સૈકામાં છે. એના ઉપર શરૂઆતમાં બૌદ્ધોની અસર હતી. હિંદીની ઉત્પત્તિ પણ એ જ આરસામાં થઈ છે, ગુજરાતી ભાષા તેરમી ચૌદમી સદીમાં જૈનોએ વિપુલ સાહિત્ય આપી સમૃદ્ધ બનાવી છે. મહારાષ્ટ્રી તો જૈનધર્મની અર્ધ-માગધી ભાષામાંથી જ જન્મી હશે. જૈનોનું મુખ્ય સાહિત્ય આ અર્ધમાગધીમાં જ છે.

ચારેય ભાષાઓના બંધારણના પાયા એક છે. તેના ઉપર જુદી જુદી જાતની ઇમારતો ભિન્ન ભિન્ન દેખાવની ચણાઈ છે. ચારેય ભાષાઓની વાક્યરચનાઓ એક જ નિયમ ઉપર રચાઈ છે. વ્યાકરણના નિયમો પણ લગભગ એક જેવા જ છે. નામ, સર્વનામ, ક્રિયાપદ, અવ્યયો સર્વે લગભગ એકસરખાં છે. ચારે ભાષાઓ સહેજ ભ્રમથી પરસ્પરની પ્રજાને સાધ્ય છે. ચારે ભાષાઓમાં ધાર્મિક સાહિત્ય લગભગ એક પ્રકારનું છે. ચારે સાહિત્યોમાં કૃષ્ણપૂજાનું સાહિત્ય વિપુલ પ્રમાણમાં છે. તે પછી રામભક્તિનું સાહિત્ય આવે છે. દેવીભક્તિ બંગાલમાં વિશેષભાવે પ્રસરી છે. હિંદીમાં અને ગુજરાતીમાં પણ એનો પ્રભાવ છે. મહારાષ્ટ્રીમાં કદાચ ઓછો હશે. શિવભક્તિ પણ ચારે ભાષાઓમાં વિપુલ છે. વેદાંતનો પ્રભાવ પણ ચારે ભાષાઓમાં સારા પ્રમાણમાં છે. ક્રિયાકાંડ, ભક્તિ, વૈરાગ્ય એનું પણ ચારે ભાષામાં પુષ્કળ સાહિત્ય છે.

ચારે ભાષાઓનાં નીચેનાં વાક્યોથી ભાષાઓની રચના-સરખામણી સમજશેઃ—

બંગાળી—અંગ્રેજોના બોમ્બાઈતે એસેછેનના પૂર્વે બોમ્બાઈતે પોર્તુગાજેર સત્તા ૧૩૦ બર્ષ હોયેચ્છે.

ગુજરાતી—અંગ્રેજો મુંબઈ આવ્યા તે પહેલાં પોર્તુગીજોની મુંબઈ ઉપર ૧૩૦ વરસો સુધી સત્તા હતી.

હિંદી—અંગ્રેજ મુમ્બઈમેં આયા ઉસકે પહીલે પોર્તુગીજોંકી ૧૩૦ બરસોં તક મુમ્બઈમેં સત્તા થી.

મહારાષ્ટ્રી ઇંગ્રેજ લોક મુંબઈસ આલે ત્યાપૂર્વી મુંબઈવર પોર્તુગિજાંચી સત્તા ૧૩૦ વર્ષાહુન અધિક હોતી.

આ જોતાં ભાષાઓનાં બંધારણોમાં બહુ થોડા પ્રમાણમાં ભિન્નતા છે.

પ્રાચીન સાહિત્યમાં બંગાળીમાં ચંડીદાસ, વિદ્યાપતિ અને શ્રી ચૈતન્ય ભક્ત કવિઓ હતા. કૃતવાસી વગેરે પણ માનનીય કવિઓ થયા છે. હિંદીમાં તો આ કાલ બહુ મોટો હતો. તુલસીદાસ, ચંદ, કેશવદાસ, સૂરદાસ, બિહારીદાસ, રસખાન, કબીર, નાનક, દાદૂ, ખાનખાનાન, કવિ ગંગ, મતિરામ, ભૂષણ વગેરે થયા છે. ગુજરાતીમાં નરસિંહ મહેતો, પ્રેમાનંદ, શામળ ભટ્ટ, અખો, ભાલણ વગેરે થયાં છે. મહારાષ્ટ્રીમાં જ્ઞાનેશ્વર, તુકારામ, રામદાસ સ્વામી અને એકનાથ વગેરે છે.

વીર સાહિત્ય હિંદીમાં ચંદ રાસો, ભૂષણભાવની અને રાજપૂતાનામાં ભાટચારણોની હમીરકાવ્ય જેવી વાણી છે. મરાઠીમાં પોવાડા છે. ગુજરાતીમાં ભાટચારણોની કથાઓ, બંગાળીમાં એવું સાહિત્ય મારા વાંચવામાં આવ્યું નથી. જો કે મીર મહમ્મદ કવિએ રચેલા " પદ્માવત " ના હિંદી કાવ્યનો અનુવાદ બંગાળીમાં કવિ આલવાળે કર્યો છે.

હિંદીમાં કાવ્યશાસ્ત્ર અને રસશાસ્ત્રના કવિઓ કેશવદાસ, બિહારીદાસ, મતિરામ, રસખાન વગેરે થઈ ગયા છે. ગુજરાતી, મરાઠી અને બંગાળી સાહિત્ય આવાં અંગોથી વિશેષ અલંકૃત નથી.

ગુજરાતી ભાષામાં કવિ શામળ ભટની વાર્તાઓ પ્રખ્યાત છે. હિંદીમાં તો સિંહાસન-બત્રીસી, તોતા મેનાના કિસ્સા વગેરે એવી ઢબનું સાહિત્ય છે. બંગાળીમાં ભારતચંદ્ર કવિએ બનાવેલ વિદ્યાસુંદર કાવ્યગ્રંથ તેના શબ્દલાલિત્ય અને કથારસ માટે પ્રસિદ્ધ છે. મહારાષ્ટ્રીમાં એવું સાહિત્ય મેં જોયું નથી.

હિંદીમાં અકબર, પ્રતાપ, પૃથ્વીરાજ વગેરે ભવ્ય વીરમૂર્તિઓના આશ્રય હેઠળ ઘણું સાહિત્ય રચાયું છે. મહારાષ્ટ્રીમાં શિવાજી મહારાજની પાછળ એવું સાહિત્ય રચાયું છે. ગુજરાતીમાં સિદ્ધરાજ જયસિંહે એ વારસો આપ્યો છે. બંગાળીમાં નવદ્વીપના રાજા કૃષ્ણચંદ્રને ફાળે એ માન જાય છે.

પ્રાચીન સાહિત્યમાં બંગાળીમાં મુસલમાનોએ કાવ્યો રચ્યાં છે. આલવાલે પદ્માવતનું કાવ્ય બનાવ્યું છે. મુના હુસેનઅલી અને સૈયદ જાફરખાંએ પણ સંગીતમય કાવ્યો રચ્યાં છે. હિંદીમાં રસખાન, ખાનખાનાન, તાનસેન અને મીર મહમ્મદ (પદ્માવતનો કર્તા) છે. ગુજરાતી અને મરાઠી મુસલમાનોએ પ્રાચીન સાહિત્યરચનામાં ઉપયોગી ફાળો આપ્યો હોય તેમ જણાતું નથી.

ડુંગરશી ધરમશી સંપટ.

નસીબદાર કોણ ?

પત્ની : (પતિને) અમારા નસીબમાં તો પુરુષોના ગોલાપા જ કરવાનું સરજ્યું છે. સાચાં નસીબદાર તો તમે છો.

પતિ : ખોટી વાત. સાચી નસીબદાર તો સ્ત્રીઓ જ છે. અમે જન્મીએ ત્યારે અભિનંદન અમારી માતાને મળે, પરણીએ ત્યારે ભેટ-સોગાદ અમારી પત્નીને મળે, અને મરીએ ત્યારે ય વીમાની રકમ તો અમારી વિધવાને મળે. સાચું નસીબદાર કોણ ?

("ભગિની")

યુદ્ધસમયનું બ્રિટનનું વાચન*

થોડા દિવસો પહેલાં હું લંડનની એક જાણીતા ગ્રંથભંડારમાં બેઠો હતો. ત્યાં એક ગ્રાહકીએ આવીને પ્રશ્ન પૂછ્યો કે 'તમારી પાસે ફિલિપ્સનું 'મોડર્ન થોમીઝમ' (Modern Thomism) છે?' હું તો ડધાઈ ગયો. મહદ્‌નીશે તે પુસ્તક હોવાનું કહેતાં નાવિક તે ખરીદીને ચાલ્યો ગયો. એક તદ્દન સામાન્ય નાવિક આધુનિક તત્ત્વજ્ઞાનનું વિદ્વત્તાભર્યું પુસ્તક ખરીદે તે માટે મને આશ્ચર્ય થયું નહિ. કેમકે અત્યારે તો પાદરીપદનો ઉમેદવાર અથવા તો તત્ત્વજ્ઞાનની ડીગ્રી લેવા ઇચ્છતો સ્નાતક, વહાણ પર નોકરી કરતો હોય. મને આશ્ચર્ય તો એ થયું કે નોકરીમાં રોકાયેલ મનુષ્યને આવા ગંભીર વાચનમાં પણ રસ પડે છે.

આ બનાવથી, યુદ્ધસમયના બ્રિટનના વાચન સંબંધી તપાસ કરવાની મને પ્રેરણા થઈ. જો તમે આગગાડી અગર બસમાં વાંચતા લોકોને જુઓ અગર તો 'ફૂટબૉલ' પર દૃષ્ટિ નાખશો તો તમને બધે હળવું સાહિત્ય, સસ્તી નવલકથાઓ તથા ગુન્હા સંબંધી હલકી વાતો તેમ જ ઝણઝણાટી ઉત્પન્ન કરે તેવાં પુસ્તકો મળી આવશે. કચરા જેવું સાહિત્ય સારા પ્રમાણમાં ઉત્પન્ન થયું કે વંચાતું નથી તેવો ડોળ કરવો મૂર્ખોથભરેલો છે. મારા કહેવાનો અર્થ એવો નથી કે મહાન ડેનિશ તત્ત્વવેત્તા કિર્કેગાર્ડ (Krirkegaard)નાં પુસ્તકોનાં ભાષાંતર લશ્કરમાં નોકરી કરનારાઓએ કે કારખાનામાં કામ કરનારાઓએ વાંચવાં જોઈએ.

મારો તત્ત્વજ્ઞાની નાવિક તો અપવાદરૂપ હતો તેમ હું કબૂલ કરું છું, પરંતુ બ્રિટિશ વાચનનો સંભાળપૂર્વકનો અભ્યાસ બતાવી આપે છે કે, સ્થાયી રસ જળવાઈ રહે તેવા ગંભીર વાચનનાં પુસ્તકો પ્રગટ થઈને વેચાય છે એટલે તે વંચાય છે. લંડનમાં, મહાન લંડન પુસ્તકાલય જેવાં પુસ્તકાલયોના સભ્યોની સંખ્યા વધી છે. એક પ્રકાશકે મને જણાવ્યું કે તેની યાદીના ગંભીર વાચનનાં જે પુસ્તકોની વર્ષે બહુ જૂજ નકલો ખપતી તે પુસ્તકો હવે ખપી ગયાં છે. કામના કલાકો પછી જે જાહેર પુસ્તકાલયો માણસોથી ઊભરાઈ જાય છે તે પુસ્તકાલયોમાં રાજકારણ, ઇતિહાસ અને સમાજની પુનર્રચનાના પ્રશ્નો સંબંધી પુસ્તકોની માગ વધી છે. અંગ્રેજી સાહિત્યનાં પ્રમાણભૂત ગણાતાં પુસ્તકોની નવી આવૃત્તિઓની માગ એટલી બધી વધી છે કે કાગળ તથા મજૂરીના વધેલા દરોને અંગે તેને પહોંચી વળાય તેમ નથી.

ઉપર નિર્દિષ્ટ કરેલ અડચણ છતાં, નવાં પુસ્તકોનું ઉત્પાદન તથા તેમની સાહિત્યવિષયક ગુણવત્તા નોંધપાત્ર છે. કેમકે રાષ્ટ્ર તો અત્યારે ઉત્પાદન, સમુદ્ર અને વધારે સક્રિય યુદ્ધવિષયક સામગ્રીના ત્રિવિધ કાર્યક્રમમાં ગળાબૂડ રોકાયેલું છે.

ચીન તથા રશિયાના સામાજિક, રાજનીતિ અને યુદ્ધવિષયક ઇતિહાસનાં પ્રસિદ્ધ થતાં સંખ્યાબંધ પુસ્તકોમાંજ માત્ર, આ બે દેશો વિષેનો રસ પ્રદર્શિત થતો નથી પરંતુ તેમની સંસ્કૃતિ સંબંધી વધારે સારી સમજ મેળવવામાં મદદ કરે તેવાં કેટલાંક પુસ્તકોમાં પણ તે જણાઈ આવે છે. દાખલા તરીકે શેકસ્પીઅરના સમકાલીને લખેલ મહાન ચીની નવલકથા

* હેન્રિ નૉર્થના લેખ પરથી.

'મંકી' (Monkey)નું હમણાં જ ભાષાંતર થયું છે અને તેનો બહોળો ઉહાવ થાય છે. રશિયન સાહિત્ય તથા કળા ઉપરનાં પુસ્તકો તો ગણાવી શકાય તેટલાં નથી. પોલંડના વીરતાભર્યા-કાવ્ય 'ટેસ્ટામેન્ટમ પોલોનીઅલ' (Testamentum Polonial)ના વાચકોની સંખ્યા ખૂબ મોટી છે.

લંડન પરના જર્મન હવાઈ હુમલાઓથી સિત્તેર લાખ પુસ્તકોનો નાશ થયાનું માનવામાં આવે છે. પરંતુ કાગળોનું નિયમન તથા છાપનારાઓ અને પુસ્તક બાંધનારાઓ યુદ્ધકાર્યમાં રોકાયેલ હોવા છતાં, આ નુકસાનની ભરપાઈ થઈ ગઈ છે. કેટલીક વખત એવી દલીલ કરવામાં આવે છે કે અભ્યાસ તથા સંસ્કૃતિમાં રસ લેવાથી યુદ્ધની ગંભીરતા તરફ બેદરકારી સેવવામાં આવે છે. પરંતુ રશિયામાં તેમ હોય તેમ લાગતું નથી. સાંભળવા પ્રમાણે ત્યાં શેક્સપીઅરનું એવું સન્માન કરવામાં આવ્યું છે કે, બ્રિટિશ પાર્લમેન્ટના સભ્યે બ્રિટિશ લોકોને તેનું અનુકરણ કરવાની ભલામણ કરી છે. ના. બ્રિટન પણ એમ બતાવી આપે છે કે તે વિદ્વત્તાપૂર્વક અભ્યાસ તથા મનનની સાથે હિંમતભરી યુદ્ધવૃત્તિને સંયુક્ત કરી શકે છે.

છોટાલાલ માનસિંગ કામદાર

સર ઍલેક્ઝાંડર ફ્રૉન્સ જૂનાં પુસ્તકોના શૉખીન હતા. એક વખત એક ભાટ તેમને એક જૂનું પુસ્તક ભેટ ધરીને બોલ્યોઃ "સાહેબ, એક વાર શ્રીમંત ગાયકવાડને અમારા વૃદ્ધે એક સરસ પુરાણું પુસ્તક આપ્યું હતું; તેના બદલામાં તેમણે એક ગામ બક્ષિસ આપ્યું છે. તો અંગ્રેજ તો મોટા રાજા છે, તેથી અમને વધારે આશા છે.

સાહેબ સ્વધનમાંથી પુસ્તકની કિંમતજોગું આપતા. તેમને આ માગણી સાંભળી રમૂજ ઉત્પન્ન થઈ. એટલે કવિ દલપતરામ ત્યાં હાજર હતા તેમને કહ્યું કે 'હનુમાન નાટક'માંની પેલી વાર્તા આ બારોટને કહો. તે આ પ્રમાણે હતીઃ એક વાર હનુમાનને એક માણસે કહ્યું કે 'હે હનુમાન દાદા, તમે મને બૈરી મેળવી આપશો તો હું તમને તેલ ને સિંદૂર ચડાવીશ.' હનુમાને ઉત્તર આપ્યો કે 'તને પરણાવવા જો મારી પાસે સ્ત્રી હોય તો હું જ શા માટે કુંવારો રહું ?' સાહેબે પેલા બારોટને કહ્યું કે 'ભાઈ, તમને આપવા મારી પાસે ગામ હોય તો હું જ શા માટે સરકારી નોકરી કરું ?'

***

પોતાના કૉલેજ-જીવનમાં ગોખલે સ્મરણશક્તિમાં બિનહરીફ હતા. તેમની યાદદાસ્ત એટલી તીવ્ર હતી કે મોટામોટા ગ્રંથો પણ તે મોઢે કરી શકતા. બર્કનું 'રિફ્લેકશન્સ ઑન ફ્રેન્ચ રેવોલ્યુશન' તેમણે આખું મોઢે કરેલું અને ચર્ચાસભામાં પણ ભાષણ આપતાં તેમાંથી અવતરણો બોલતા. એક દિવસ તેમની સ્મરણશક્તિની કસોટી કરવા એક મિત્રે તેમની પાસેથી પેનું પુસ્તક લઈ લઈને એવી શરત કરી કે એ પુસ્તકમાંનું લખાણ મોઢેથી બોલતી વખતે જો ભૂલ પડે તો દરેક ભૂલ દીઠ એક આનો ગોખલેએ પેલાને આપવો. પછી કલાકો સુધી પેલો ચોપડી ઉઘાડી રાખી ગોખલેને સાંભળતો બેસી રહ્યો, પણ તેના નસીબમાં એક પણ આનો લખાયો નહોતો !

["કુમાર"ના મે '૪૨ના અંકમાંથી]

મફત ફરતા પુસ્તકાલયના ફાયદા

૧ જો એક જ લેખકનાં પુસ્તકો એક પેટીમાં મૂકયાં હોય તો તે લેખકનાં પુસ્તકો સામટાં વાંચી શકાય એટલે વાંચન મોકુફ રાખવું પડે નહિ.

૨ એક લેખકનાં પુસ્તકો કુટુંબનાં સઘળાં માણસો એકી વખતે વાંચી શકે.

૩ એક જ લેખકનાં પુસ્તકો સામટાં વાંચવાથી લેખકની લેખનશૈલી સારી રીતે સમજી શકાય.

૪ એક લેખકનાં પુસ્તકો સાથે બીજા લેખકોનાં પુસ્તકો સંબંધી સરખામણી થઇ શકે.

૫ એક જ લેખકનાં પુસ્તકો હોવાથી બીજાને પુસ્તકો વાંચવા સારૂ આપવામાં વખત ગુમાવવો ન પડે; કારણ કે લેનાર માણસે તરત પસંદગી કરવી જોઇએ.

૬ પુસ્તકો માટે નાની પેટીઓ હોવાથી સહેલાઇથી લઇ જઈ શકાય એટલે કંઇ પણ મજૂરીનું ખર્ચ ન થાય, તેમ જ તેમ કરવામાં વખત ગુમાવવો ન પડે.

૭ પુસ્તકોની પેટીઓની ફેરબદલીઓ સહેલાઇથી અને સગવડતાથી થઈ શકે.

૮ પુસ્તકોની સંભાળ સારી રાખી શકાય એટલે પુસ્તકો બગડવાનો તથા જંતુથી કાતરવાનો ભય ન રહે.

૯ બહારગામ હવાફેર અર્થે જતી વખતે પુસ્તકોની પેટીઓ સગવડપૂર્વક સાથે લઈ જવાય, એટલે ત્યાં નાનું પુસ્તકાલય બનાવી શકાય.

૧૦ પુસ્તકોની પેટીઓને લીધે વાચનનો વધુ ફેલાવો થઇ શકે અને તે દ્વારા સામાજિક લાભ આપી શકાય.

૧૧ પુસ્તકોની પેટીઓ જોઇતા વખત સુધી રાખી શકાય અને પછીથી પેટીઓની ફેરબદલી થઇ શકે.

૧૨ સારા આર્થિક સ્થિતિવાળા માણસો પોતાની માલિકીનાં પુસ્તકો વાંચી રહ્યા પછી સંસ્થાઓમાં ભેટ તરીકે આપી દે તો ઘણી સંસ્થાઓને વિવિધ પુસ્તકોનો લાભ મળી શકે અને જનતા તેનો પૂરો લાભ લઇ શકે.

૧૩ વાચનનો શોખ વધવાથી દરેક કુટુંબમાં જો તેનો ફેલાવો થાય તો સામાજિક સુધારા સારા પ્રમાણમાં થઇ શકે.

૧૪ એક જ મકાનના અગર એક જ લત્તાના માણસો અંદર અંદર સમજૂતીથી સાથે મળી પુસ્તકોની પેટી લઈ જાય તો દરેકનો એકેક ચોપડી છૂટક છૂટક લેવા માટે જવાનો વખત બચી જાય.

ભોગીલાલ અમરતલાલ ઝવેરી

૧ વરઘોડો—લેખકઃ ઇન્દુલાલ કે. યાજ્ઞિક; પ્રકાશકઃ એન. એમ. ત્રિપાઠી લિ. મુંબઇ; ૧૯૪૩; ૧૬ પેજી ફાઉન પૃઃ ૭૨; પૂઠું કાર્ડબોર્ડનું; કિં. ૧–૪–૦.

આ પુસ્તક ગુજરાતના જાગ્રત સ્ત્રીત્વનો સચોટ ખ્યાલ આપતું ચાર અંકી નાટક છે, અને તે સામાજિક મેળાવડાઓમાં ભજવી શકાય એવું છે. સમાજસેવાની ઉત્કટ ભાવનાવાળી સરિતા નામની એક તરુણી સાસુ અને માવડીમુખા ધણીના અમાનુષી મારનો ભોગ થઇ પડેલી એક અસહાય બાળાને પોતાના આશ્રમમાં લઇ તેને ન્યાય અપાવવા જે ખટપટ કરે છે તે, તેમ જ કજોડા લગ્નનો ભોગ થઇ પડતી પોતાની એક સહિયરને બચાવવા માટે જે યુક્તિ વાપરે છે તે, સ્ત્રીસેવાનું કામ કરનારાં બાઇબહેનોને ખાસ પ્રેરણાદાયી પડે થઇ તેમ છે. વળી, પંકજ અને સનાતન જેવા, અપરિણિત સુંદર બાળાઓ પાછળ ભમતા, પુરુષપતંગિયાને કસોટીએ ચડાવી તેમની જે રીતે કજોડો ઉડાવે છે તે એ કિસમના તરુણવર્ગને ચિમકીરૂપ છે. નાટકનું વસ્તુ સમયોચિત, બોધક અને રસિક હોઇ પુસ્તકાલયોએ પોતાની અભરાઇ પર સ્થાન આપવા જેવું પુસ્તક છે. ના.

૨ પ્રણય અને પરિણય—લેખકઃ શ્રી. ચુનીલાલ વર્ધમાન શાહ, પ્રકાશકઃ શ્રી. નટવરલાલ મૂ. પીમાવાળા, ગાંડિવ સાહિત્ય મંદિર, હવાડિયો ચકલો, સુરત. ફાઉન ૧૬ પેજી કદનાં પૃષ્ઠ ૪૪૬+૬; સચિત્ર આચ્છાદન સહિત બોર્ડપૂઠું; મૂલ્ય રૂ. ૩–૧૨–૦.

'પ્રણય અને પરિણય' એ એક સામાજિક નવલકથા છે. સન ૧૯૩૮–૩૯ના 'પ્રજાબંધુ' સાપ્તાહિકમાં તે, આ પહેલાં કકડે કકડે પ્રસિદ્ધ થઇ ગયેલી છે. આ નવલકથા, લગ્નસમસ્યાનો એક ગૂઢ અને કૂટ પ્રશ્ન ચર્ચે છે. અને તે એ કે, "પહેલાં સ્નેહ અને પછી લગ્ન વા પહેલાં લગ્ન અને પછી સ્નેહ" આ બેમાં કયો માર્ગ સારો છે કે જેથી લગ્નજીવન સફળ નીવડે."

પાશ્ચાત્ય દેશોનો સંસર્ગ ને કેળવણી લઇ, આજનો યુવાનવર્ગ, સ્નેહલગ્ન તરફ આકર્ષાયો છે. એને હવે સમાજના રૂઢ ચીલે ચાલવાનું ગમતું નથી, મોટેરાઓને યુવાનવર્ગનો આ નવો માર્ગ રુચતો નથી, અને તેથી આજે સમાજમાં આ પ્રશ્ને ખૂબ ઉહાપોહ મચાવી મૂક્યો છે. છૂટાછેડાની ભાવના પણ આજે ધીમે ધીમે વિસ્તૃત થતી જાય છે અને તેના પરિણામે, મૂળ લગ્નસંસ્થાની જે પવિત્ર ભાવના—બંનેનાં હૃદયોમાં સમભાવ કે સમાન્તર ન હોય તો પણ એક બીજાને નિભાવી લઇ, ધીમે ધીમે પરસ્પરનાં હૃદયો નજીક લાવી તેમાંથી જે સુખ મેળવવાની–હતી. તેમાં પણ આજે સડો બેસવા માંડ્યો છે. તેવે ટાણે આ વાર્તા દ્વારા લેખક, એક સુંદર ચિત્ર દોરી, સમાજને એ સમજાવવા પ્રયત્ન કરે છે કે, "છૂટા છેડાનો માર્ગ હિંદુ સમાજ માટે ઇષ્ટ નથી. અને સ્નેહલગ્નને બદલે, લગ્ન પછી જ સ્નેહની ભાવના સાચી છે. આ વાર્તામાં આવતું કિરીટનું મુખ્ય પાત્ર ઉચ્ચ આદર્શવાળું છે. એ એક બી. એ. થયેલો યુવક છે. એને પોતાના અનુભવમાં ઉપરનું સત્ય સમજાય છે અને

છૂટાછેડા પામેલાં પતિપત્નીનાં પુનઃ લગ્ન કરાવે છે. અને પોતે પણ લગ્ન પછીના સ્નેહમાં માની તે પ્રમાણે જ લગ્ન કરે છે. વાર્તાની વસ્તુગૂંથણી એટલી સરસ છે કે, વાર્તા પૂરી વાંચવાનું જ મન થાય. સમાજનાં યુવક-યુવતીઓને આ વાર્તા બેશક બોધક થઈ પડે તેમ છે. તેઓ જરૂર વાંચે અને સાથી મિત્રોને વંચાવે.

૩ પિરામીડની છાયામાં—લેખકઃ શ્રી. ચંદ્રશંકર પ્રાણશંકર શુકલ; પ્રકાશકઃ ગુજરાતી સાહિત્ય પરિષદ, ભારતીય વિદ્યાભવન, મુંબઈ; ક્રાઉન ૧૬ પેજી કદનાં પૃષ્ઠ ૧૬૦; સાદું પૂઠું, મૂલ્ય રૂ. ૨–૦–૦

ગુજરાતી સાહિત્ય પરિષદની, વિશ્વ સાહિત્ય માળાના પહેલા મણકારૂપે આ પુસ્તક પ્રસિદ્ધ થાય છે. આફ્રિકા ખંડના ઈશાન ખુણામાં નાઈલ નદીને બંને કાંઠે મિસરનો પ્રદેશ આવેલો છે. તે ઈજીપ્તના નામે પણ ઓળખાય છે. આ મિસરનું ૫૦૦૦ વર્ષ પૂર્વેનું પ્રાચીન સાહિત્ય અને સંસ્કૃતિ કેવાં હતાં, તે આ પુસ્તકમાંથી સારી પેઠે જાણી શકાય છે. આ સાહિત્ય આજે, મિસરનાં પિરામિડો, મંદિરો, કબરો, કબ્રો વગેરેમાંથી શિલાલેખો અને બીજી રીતે લખાયલાં મળી આવે છે. ભાઈ ચંદ્રશંકર શુકલે, મિસરના એ પ્રાચીન સાહિત્યમાંથી થોડીક થોડીક વાનગીઓ લઈ, આ પુસ્તકમાં આપી છે. આ સાહિત્ય વાંચતાં ખરેખર આપણને એમ થઈ આવે છે કે, ૫૦૦૦ વર્ષ પૂર્વેનું મિસર કેટલું ઉચ્ચ કોટીનું હશે. વિશ્વ સાહિત્યમાળાના સંપાદક શ્રી. કનૈયાલાલ મુન્શીજીને પણ આ સાહિત્ય ઉચ્ચ કોટીનું જણાયું છે. અને તે માટે તેઓએ પ્રસ્તાવનામાં પણ લખ્યું છે કે, "આ સાહિત્ય ઉંચા પ્રકારનું છે, રસસમૃદ્ધ છે, હૃદયંગમ છે, કાલક્રમને વટાવી અમરતાના અખંડ પ્રકાશમાં જીવનસૌંદર્યની ઝાંખી કરાવે છે."

આ પુસ્તકમાં મિસરી સાહિત્યની અપાયલી વાનગીઓમાં 'પાપની ક્ષમાયાચના'; 'મેં પાપ નથી કર્યું'; 'તા. હોતેપનો હિતોપદેશ'; 'કેટલાંક સુભાષિતો'; 'વાત કોને કરું?'; 'મૃત્યુનું આગમન'; 'જીવન માણી લે'; 'સત્કર્મ કરી લે'; એ ખાસ વાંચવા જેવાં છે. અને એટલા ઉપરથી જ જણાઈ આવશે કે, મિસરી પ્રજાનું જીવન કેટલું ધાર્મિક, સંસ્કારી અને ઉચ્ચ કોટીનું હતું. આ પુસ્તકમાં અપાયલો 'મિસરનાં સંસ્કૃતિ અને સાહિત્ય'ને લગતો નિબંધ પણ ખાસ વાંચવા જેવો છે. એમાંથી પૂર્વકાલીન મિસરનો ઘણો ખરો ઈતિહાસ મળી આવે છે.

૪ મરીચિકા—પ્રકાશકઃ ત્રિશક્તિ કાર્યાલય, ૧૮૦, કોળાંપીઠ, સુરત; ૧૯૪૩; ક્રાઉન ૧૬ પેજી કદનાં પૃષ્ઠ ૧૦૦, સાદું પૂઠું, મૂલ્ય રૂ. ૧–૦–૦ (યુદ્ધ દરમ્યાન).

ત્રિશક્તિ કાર્યાલય તરફથી શરૂ થયેલ, બાલકૃષ્ણેર ગ્રંથાવલિના પહેલા પુસ્તકરૂપે પ્રગટ થતા આ નાનકડા પુસ્તકમાં ટૂંકી ટૂંકી સાત નવલિકાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ નવલિકાઓ અનુક્રમે ૧ મરીચિકા, ૨ સાંકુ, ૩ પ્યાલારકાબી, ૪ બંસી, ૫ ડૉક્ટર, ૬ રાજસી અને ૭ ભદ્રાભાભી એ નામે પ્રસિદ્ધ થઈ છે. આમાં, ગરીબ અને મધ્યમ વર્ગનાં કુટુંબોનું જીવન દર્શાવતી 'પ્યાલારકાબી' અને 'ભદ્રાભાભી' એ બે વાતો ખાસ વાંચવા જેવી છે. અને તે સિવાય, વખતોવખત લગ્નમાં નિષ્ફળતા મેળવતો 'બંસી', એક સ્ત્રીની દગવિદ્યાથી આબાદ ઠગાતો 'ડૉક્ટર' અને ગજવામાં કાણું પડવાથી ગજવામાંની વસ્તુઓ નીચે સરી જતાં, ગૃહજીવનમાં કેવો કલહ ઊભો થાય છે તે દર્શાવતી 'રાજસી' એ વાતો પણ ઘડીભર નિર્દોષ હાસ્ય માટે તો સારી છે જ.

૫ સુવર્ણમૃગ—લેખકઃ શ્રી. રામનારાયણ નાગરદાસ પાઠક, પ્રકાશકઃ શ્રી. જમનાદાસ મા. રવાણી, શિષ્ટ સાહિત્ય કાર્યાલય, વિજયાવાડી, મોટા આંકડીઆ–કાઠીઆવાડ. પૃષ્ઠ ૨૩૩, કાચું પૂઠું મૂલ્ય રૂ. ૨–૩–૦

આ એક સામાજિક નવલકથા છે. જોગ રામ સુવર્ણમૃગને પકડવા માટે તેની પાછળ દોડ્યા પણ મૃગ પકડાયો નહિ અને સીતાજીને ગુમાવ્યાં, તેવી જ રીતે નિર્દોષ, શાંત અને સાદુ જીવન ગાળતાં તથા જે મળે તેમાં સંતોષ માનતાં, ગામજીવનનાં માનવીઓ, પરદેશમાં રહેતાં માનવીઓની કમાણીની વાતો સાંભળી તથા તેમનાં ભભકભર્યાં જીવન જોઈ તેઓ પણ પરદેશ દોડે છે અને ત્યાં ધનલોલુપતામાં આગળ ને આગળ દોડ્યે જ જાય છે. એમાં એ પછડાય પણ ખરો અને વળી પુનઃ ઊભો થાય પણ ખરો; છતાં એ પાછું જોતો નથી અને અટકતો પણ નથી. અને એ રીતે જીવન આખું ધમાલ અને અશાંતિમાં પૂરું થાય છેઃ એ આ વાર્તાનું ખાસ રહસ્ય છે. આ વાર્તામાં વિશેષતા એ છે કે, પરદેશ રહેતા માણસો લડાઈને કારણે સ્વદેશ પાછા ફરતાં તેમને કેવાં કેવાં દુઃખો અને મુસ્કેલીઓ અનુભવવી પડેલી તે ખાસ જણાવ્યું છે. આ આખી વાર્તાનો છેવટે સાર તો એ જ નીકળે છે કે "સંતોષી નર સદા સુખી."

વાર્તા તદ્દન સાદી અને સરળ ભાષાશૈલિમાં લખાઈ છે. વાર્તાની વસ્તુગૂંથણી પણ સરળ અને નિર્દોષ છે. સામાન્ય ભણેલી જનતા પણ વાંચી શકે તેવી આ વાર્તા છે. આવા સુરેખ સાહિત્યને હલકા કાગળમાં છપાવી પ્રકાશકે પુસ્તકને એક રીતે અન્યાય કર્યો છે.

'અ-દ્રષ્ટા'

૬ દી. બ. અંબાલાલભાઈ (જીવનદર્શન)—લેખકઃ શ્રી. નરહરિ દ્વારકાદાસ પરીખ, પ્રકાશકઃ રામકૃષ્ણ સેવાસમિતિ, અમદાવાદ. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૩૬+૯૪, સાદુ પૂઠું, મૂલ્ય રૂ. ૦–૧૨–૦.

સ્વ. દી. બ. અંબાલાલ સાકરલાલ દેસાઈનાં ભાષણો અને લેખોનો પરિચય અમે "પુસ્તકાલય"ના ગયા જાન્યુઆરી અંકમાં આપી ગયા છીએ. એ પુસ્તકમાં સાઠેક પૃષ્ઠોમાં તેમનું સંક્ષિપ્ત જીવનવૃત્તાંત શ્રી. નરહરિભાઈએ આપેલું તેનું આ નવીન સંસ્કરણ છે. એમાંનો નહિવત્ ફેરફાર બાદ કરતાં એ ચરિત્ર આ પુસ્તકમાં આખુંય ઉતારવામાં આવ્યું છે. ઉપરાંત, પુસ્તકના શરૂભાગમાં જાણીતા સાહિત્યરસિક અને સહૃગતના સમકાલીન (તે વખતે જુવાન) ડૉ. હરિપ્રસાદ દેસાઈનો પ્રવેશક અને અંતે પરિશિષ્ટરૂપે ઉમરેઠના દંડનાયક શ્રી. નારણજીને સ્વર્ગસ્થનો મળેલો પરિચય વધારામાં આપવામાં આવ્યો છે.

આપણા કુમારો અને કિશોરો આગળ આવાં આદર્શ જીવનચરિત્રો રજૂ કરાવાં ઘટે. જે પુસ્તકાલયો ઉપર્યુક્ત ભાષણો અને લેખોનું પુસ્તક વસાવી શકે તેમ ન હોય તેઓ તમામ ગ્રામપુસ્તકાલયો આ પુસ્તક પોતાને ત્યાં વસાવી લઈ પુસ્તકાલયમાં આવતા વાચકોને ખાસ કરીને કિશોરો અને કુમારોને એ વાંચવા પ્રેરે.

વિદ્યાર્થીઓ માટેની શિષ્ટ વાચન પરીક્ષા માટે પણ આ પુસ્તક પસંદ કરવા જેવું છે. કાગળની મોંઘારતમાં પણ એનું ૦–૧૨–૦ મૂલ્ય ઓછું લેખી શકાય.

૭ તંદુરસ્તીના રક્ષકો—લેખક અને પ્રકાશકઃ ડૉ. કેખશરૂ દોરાબજી ઝાલા, વાડી સ્ટ્રીટ, નવસારી. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૬૪, સાદુ પૂઠું, મૂલ્ય લખ્યું નથી.

ડૉ. જીલાએ તેમના સ્વીકૃત 'મિશન' તરીકે દંતવિજ્ઞાનના પ્રચારને ખાસ સ્વીકારી લીધું છે. તેમના એ ધ્યેયાનુસાર તેમણે અત્યારસુધીમાં (૧૯૨૧ થી ૧૯૪૩ સુધીમાં) દંતવિજ્ઞાનને લગતી લોકભોગ્ય ભાષામાં કુલ ૨૯ પુસ્તિકાઓ પ્રકટ કરી તેને વિનામૂલ્યે વહેંચી-વહેંચાવી છે. એ દરેકમાં શરીરસ્વાસ્થ્યના મૂળરૂપ દાંતની સંભાળ-જતન-કાળજી માટેનાં જરૂરી અને વ્યવહારુ સૂચનો આપેલાં છે. આ પુસ્તિકામાં પણ તેમણે બાળકોના દાંત કૂટવાથી લઈને મોટા માણસોએ દાંત માટે રાખવાની કાળજીને લગતી વિવિધ પ્રકારની સોનેરી સલાહ આપી છે. માંદા પડવાનાં અનેક કારણોમાંના એક દાંતની બિમારી ન ભોગવવા ઇચ્છનારાંઓને આ પુસ્તિકા પણ ઠીક માર્ગદર્શક નીવડે તેવી છે. પુસ્તકાલયો મેળવી પોતાને ત્યાં વસાવે.

૮ **સુરમા**—મૂળ લેખકઃ શ્રી નારાયણ ભટ્ટાચાર્ય, અનુઃ શ્રી. રમણલાલ ગાંધી; પ્રકાશકઃ મેસર્સ સી. શાન્તિલાલની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૧૫૪+૪, સચિત્ર કવર આચ્છાદન સહિત પાકું પૂઠું, મૂલ્ય રૂા. ત્રણ.

આ અગાઉ આજ લેખકનાં લખેલાં પારુ, અભિમાન, વારસદાર વગેરેનો પરિચય અમે આપી ગયા છીએ.

આ પુસ્તકના મૂળ લેખકે હિંદુ સમાજજીવનમાંથી વિવિધ કૌટુંબિક પ્રસંગો લઈ તેની ગૂંથણી એવી સરસ રીતે કરે છે—એ રજૂ કરવાની કલા તેમને એવી સરસ સાધ્ય છે-કે જાણે એ પ્રસંગોના આપણે સાક્ષીભૂત હોઈએ તેમ એ પુસ્તકો વાંચતાં આપણને લાગે છે.

આ પુસ્તકની રચના પણ એવા જ સમાજદર્શનના કૌટુંબિક પ્રસંગ પરથી લેખકે ઉપજાવી છે. બંગાળની પહેરામણીની પ્રથાની ભોગ બનતી એક મિત્રની બહેનને બચાવવા વાર્તાનો નાયક—એક ધનપતિનો પુત્ર પંકજ તેની સાથે લગ્નગ્રંથિથી જોડાય છે. પાછળથી તેના પિતા આવી ગરીબ કન્યા સાથે કરેલા લગ્ન પ્રત્યે અણગમો વ્યકત કરતાં તેને ઘેર બોલાવી લે છે અને તેને અન્ય કન્યા સાથે પરણાવે છે. પાછળથી પ્રથમ પત્નીને પંકજ ભૂલી જાય છે; ભાઈ સાથે તેની એ પ્રથમ પત્ની સુરમા તેના બાળક સાથે જેમ તેમ દિવસો ગુજારે છે. તેનો બાળક માંદો પડે છે, ભાઈને મોટર અકસ્માત થાય છે; અને અચાનક એક વેળા પંકજ સુરમાના મકાને જાય છે, ત્યાં પોતાના બાળકના છેલ્લા શ્વાસ જેવી સ્થિતિ વગેરે કરુણ દૃશ્ય જોઈ તે તેને પોતાને ત્યાં લઈ જાય છે; ત્યાં સુરમા પોતાનું સ્વાભિમાન જાળવવા પ્રયત્નશીલ રહે છે, શોકય સાથે હળીમળી છે, પણ પતિ સાથે બોલતી ચાલતી નથી વગેરે એક પછી એક આકર્ષણ જમાવી જતા પ્રસંગો અસરકારક રીતે રજૂ કરાયા છે.

આખાય પુસ્તકમાં સુરમા અને તેની શોકયની પરસ્પરની ત્યાગભાવનાનો આદર્શ સુંદર છે.

સામાજિક નવલકથાઓના રસિયાઓને એ જરૂર ગમશે. **મ. પ્ર. વ્યાસ**

૯ **બિન્દુ**—લેખક તથા પ્રકાશકઃ રામપ્રસાદ શુકલ, બારી પાસે, વઢવાણ શહેર; પૃષ્ઠ ૬૪; પૂઠું કાચું; કિંમત ૧-૦-૦; પ્રાપ્તિસ્થાન—એન. એમ. ત્રિપાઠી, લિ., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.

આ પુસ્તકમાં ચૌદ ચૌદ લીટીવાળાં સૉનેટો છે. આ સૉનેટોમાં પૃથ્વી, હરિણી, મંદાક્રાંતા, શિખરિણી, સ્રગ્ધરા, વગેરે વૃત્તો વપરાયેલાં છે. આ સૉનેટો વિષય પરત્વે બે વિભાગમાં વહેંચાયેલાં છે. પહેલા વિભાગમાં જુદા જુદા વિષયો છે; બીજા વિભાગમાં યુદ્ધને લગતાં સૉનેટો છે. યુદ્ધને લગતાં સૉનેટોમાં પહેલા આઠમાં ચાલુ યુદ્ધની હકીકત આપી બાકીનાંમાં એના ઉપરનું ચિંતન છે. એ ચિંતનનો ધ્વનિ એવો છે કે સૃષ્ટિમાં મૃત્યુનાં અને જીવનનાં બળોની અથડામણ ચાલે છે તેમાં છેવટે જીવનનાં બળો વિજયી થશે. પહેલા વિભાગનાં સૉનેટોમાં કુદરતને લગતાં સૉનેટો વિશેષ છે. એમાં પણ ચિંતન પ્રધાન છે. આ સૉનેટો વિષય, ભાષા, વૃત્ત વગેરે દૃષ્ટિએ તપાસતાં સારાં છે. કાવ્યરસિકોને એનું વાચન આનંદ આપશે. કરમા પુસ્તકાલયોને તથા સાહિત્યરસિક વાચકોને તે ખરીદવા ભલામણ છે. **શં. સો. પટેલ**



સસ્તુ સાહિત્ય વ. કાર્યાલય–અમદાવાદનાં પુસ્તકો

કચ્છની લોકવાર્તાઓ—લેખકઃ શ્રી. ડુંગરશી ધરમશી સંપટ; રૂા. ૨–૦–૦

સંસારમાં સુખ ક્યાં છે?—લેખકઃ સ્વ. વાડીલાલ મોતીલાલ શાહ; મૂલ્ય રૂા. ૧)

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય–અમદાવાદ તરફથી

મનુષ્ય અને નભમંડપ—લેખકઃ શ્રી. મણિલાલ ભોગીલાલ દેસાઈ; મૂલ્ય રૂા. એક.

આર. આર. શેઠની કંપની તરફથી

રાધેશ્યામ—લેખકઃ રસિકલાલ જોષી, મૂલ્ય રૂા. ૪–૦–૦

સી. શાન્તિલાલની કું. મુંબઇનાં પુસ્તકો

દેશવટો—ભા. ૧–૨, લેખકઃ ભારદ્વાજ, મૂલ્ય બે ભાગના ૫–૮–૦

સુરમા—અનુવાદકઃ શ્રી. રમણલાલ ગાંધી, મૂલ્ય રૂા. ૩–૮–૦

વિશાલખ્યા—લેખકો–શ્રી. ધીરજરામ કેશવરામ ભટ્ટ અને લીલીબહેન છગનલાલ મહેતા; મૂલ્ય રૂા. ૨–૦–૦

વિશ્વયુદ્ધને પગલે પગલે—લેખકો–શ્રી. રવિશંકર મહેતા અને ધનવંત ઓઝા, મૂલ્ય રૂા. ૨–૦–૦

Gandhi is India—(અંગ્રેજી) લેખકઃ શ્રી. V. V. M; મૂલ્ય રૂા. ૧–૧૨–૦

અન્ય પ્રકાશકો તરફનાં પુસ્તકો

મરીચિકા—પ્રકાશકઃ શ્રી. ઈશ્વરલાલ વીમાવાળા; ત્રિશક્તિ કાર્યાલય, કેળાંપીઠ, સુરત.

ગીતામાધુરી—લેખકઃ શ્રી. ડાહ્યાલાલ હ. જાની; પ્રાપ્તિસ્થાનઃ મુકુન્દલાલ એચ. મહેતાની કું. રાવપુરા, વડોદરા. મૂલ્ય ૦–૬–૦

પ્રણય અને પરિણય—લેખકઃ શ્રી. ચુનીલાલ વર્ધમાન શાહ; પ્રકાશકઃ ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત. મૂલ્ય ૩–૧૨–૦

તંદુરસ્તીના રક્ષકો—લેખક અને પ્રકાશકઃ ડૉ. કેખશરૂ દોરાબજી જીવા, નવસારી. મૂલ્ય લખ્યું નથી.

દી. બ. અંબાલાલભાઈ (જીવનદર્શન) લેખકઃ શ્રી. નરહરિ પરીખ; પ્રકાશકઃ શ્રી રામકૃષ્ણ સેવા સમિતિ, અમદાવાદ. મૂલ્ય ૦–૧૨–૦

રણલાડુ—પ્રકાશકઃ લોકપ્રકાશનગૃહ, મુંબઇ. મૂલ્ય ૦–૧૦–૦

સોવેટવિની વીરાંગનાઓ—અનુવાદકઃ રમેશ સંઘવી, પ્રકાશક ઉપર પ્રમાણે. મૂલ્ય ૦–૮–૦

પુસ્તકાલયોની તપાસણી

પગારદાર પ્રાંત પ્રચારકો તથા માનદ પ્રચારકોએ નીચેનાં સ્થળોની મુલાકાત, જણાવેલી મુદત દરમ્યાન લઇ ત્યાંની પુસ્તકાલય વા વાચનાલય સંસ્થાઓ તપાસી છે અને દફ્તરી કામની અવ્યવસ્થા દૂર કરી છે. પુસ્તકોના વર્ગીકરણ વગેરેની કામગીરી બજાવી તત્સંબંધી જરૂરી સૂચના-સમજૂત આપી છે; તેમ જ પુસ્તકાલય વગરનાં સ્થળોએ પુસ્તકાલય ખોલવા સંબંધી પ્રચારકાર્ય કર્યું છે:—

૧. વડોદરા–નવસારી પ્રાંત પ્રચારક રા. છગનભાઇ મથુરભાઇ પટેલ માર્ચે જુલાઇ માસમાં–નવસારી મહાલનાં (૧) મહુવર (૨) કોલાસણા (૩) મરોલી (૪) નગોદ (૫) નીમળાઇ (૬) કરાંબટ (૭) ભાઠા (૮) માંગરોલ (૯) પારજણ (૧૦) ભીનાર (૧૧) દેલવાડા (૧૨) વડોલી (૧૩) સીમળગામ (૧૪) અજુરા (૧૫) છીણુમ (૧૬) કડોલી (૧૭) મીરજાપુર (૧૮) સાગર (૧૯) તવડી (૨૦) ધામણ (૨૧) ચોખડવા (૨૨) સરાઇ (૨૩) પરથામે (૨૪) વેજલપુર (૨૫) સંદલપુર કામગીરી દિનઃ ૨૪.

૨. મહેસાણા–અમરેલી પ્રાંત પ્રચારક રા. ભાઇશંકર ટી. ઠાકર–માર્ચે જુલાઇમાં–અમરેલી મહાલમાં (૧) દેવરાજીઆ (૨) સોનારીઆ (૩) ફતેહપુર; રા. રા. પુ. મદદનીશ વ્ય. સા. સાથે (૪) અમરેલી કસ્બા (૫) અમરેલી મહિલા (૬) અમરેલી બાલ. (૭) ધારી કસ્બા; (૮) કેગળા (૯) કમીગઢ (૧૦) બારી બીજડીઆ; ધારી મહાલના (૧૧) ગોવિંદપુર.

—મહેસાણા પ્રાંતનાં મહેસાણા મહાલનાં (૧૨) લીંચ (૧૩) સાંગણપુર (૧૪) પઢારીઆ (૧૫) ધાંધુસણ (૧૬) જગુદણ. કામગીરી દિન ૨૧.

૩. શિનોર મહાલ માનદ પ્રચારક રા. હરિવલ્લભ બાલાશંકર વૈદ્ય વર્ષ દરમ્યાન (૧) માલસર (૨) માંડવા (૩) દામાપુરા (૪) સીમળી (૫) કોકણિયા.

૪. ચાણસ્મા મહાલ પુ. મંડળના મંત્રી વ માનદ પ્રચારક (૧) ગોરાદ (૨) ધીણોજ (૩) લણવા (૪) વસઇ.

૫. ચાણસ્મા મહાલ માનદ પ્રચારક રા. જોરાભાઈ લાલદાસ પટેલ માર્ચે જુનમાં (૧) કારોડા (૨) ઘેલીઆવાસણા (૩) પીંપળ (૪) સરસાવ (૫) કેસણી (૬) ધારોધરડા.

તપાસણી દરમ્યાન પ્રચારકે જે જે ખામીઓ દર્શાવી હોય તે તે વેળાસર સુધારી લેવા તથા જે સૂચના મમજૂત આપી હોય તેનો યોગ્ય રીતે અમલ કરવા જે તે મંત્રી બાઇઓને ખાસ ભલામણ છે.

ના. નં. ચોકસી
સહમંત્રી, વ. રા. પુ. મંડળ

માસિકો મળ્યા તારીખ

ઊર્મિ અને નવરચના	જુલાઇ	૧૬–૭–૪૩
કિશોર	જુલાઇ–ઑગસ્ટ	૧૧–૮–૪૩
કુમાર	મે	૧–૮–૪૩
ખેતીવાડી વિજ્ઞાન	જુલાઇ	૨–૮–૪૩
ગાંડીવ	ઑગસ્ટ	૧–૮–૪૩
ગુણસુન્દરી	જુન	૧–૬–૪૩
ગ્રામજીવન	ઑગસ્ટ	૨–૮–૪૩
ઘરશાળા	જુલાઇ	૧૪–૭–૪૩
ચિત્રમય જગત	ઑગસ્ટ	૪–૮–૪૩
પાટીદાર	શ્રાવણ	૨૬–૭–૪૩
પ્રસ્થાન	અષાડ–શ્રાવણ	૩–૮–૪૩
બાલજીવન	ઑગસ્ટ	૯–૮–૪૩
બાલમિત્ર	ઑગસ્ટ	૨–૮–૪૩
બાલસખા	જુલાઇ–ઑગસ્ટ	૧૬–૭–૪૩
બાળક	ઑગસ્ટ	૨–૮–૪૩
બુદ્ધિપ્રકાશ	એપ્રિલ–જુન	૨૩–૭–૪૩
ભગિની	જુલાઇ	૨૧–૭–૪૩
માનસી	જુન	૮–૭–૪
રેખા	ઑગસ્ટ	૨૯–૭–૪
વ્યાયામ	જુલાઇ	૧૬–૭–૪
વૈદ્યકલ્પતરુ	ઑગસ્ટ	૧૦–૮–૪
શારદા	જુલાઇ	૧૫–૭–૪
શિક્ષણપત્રિકા	અષાડ	૨૭–૭–૪
શ્રીજીવન	શ્રાવણ	૧–૮–૪
શ્રીબોધ	ઑગસ્ટ	૬–૮–૪

વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળ

સ્વ. શ્રી. મોતીભાઈ ન. અમીન સ્મારક ફંડ

(સન '૪૨-૪૩ માં ભરાયલી રકમો)

૧૧૦૦	સા. પુ. ટીંબા (તા. સંખેડા)	રૂ.	૫–૦–૦
૧૧૦૧	„ અગોળ (તા. કડી)	રૂ.	૨–૦–૦
—	યુગાન્તર કાર્યાલય સુરત	રૂ.	૫–૦–૦
૧૧૦૨	સા. પુ. વાઘોડીઆ	રૂ.	૫૦–૦–૦
૧૧૦૩	„ મહેસાણા	રૂ.	૧૦૧–૦–૦
			૧૬૩–૦–૦
	પાછલો સરવાળો રૂ.		૪૪૬૯–૧–૦
			૪૬૩૨–૧–૦

વડોદરા,
તા. ૧૦–૮–૪૩

ના. ન. ચોકસી
સહમંત્રી, વડોદરા રા. પુ. મંડળ



આચાર્ય ધ્રુવ સ્મારક ગ્રંથ—ગુજરાત વર્નાક્યુલર સોસાયટિ તરફથી સ્વ. આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ સ્મારક ગ્રંથ પ્રસિદ્ધ કરવામાં આવનાર છે. તેનાં લગભગ ૮૦૦ પૃષ્ઠ થશે અને રંગીન તેમ જ સાદાં ચિત્રો પણ તેમાં મૂકવામાં આવનાર છે. એ ગ્રંથનું મૂલ્ય આશરે રૂા. ૧૦) રાખવામાં આવનાર છે; પરંતુ સોસાયટિમાં નોંધાયેલા પુસ્તકાલયોને રૂા. ૬)થી આપવાની યોજના રખાઇ છે. તા. ૩૧–૮–'૪૩ સુધીમાં ગ્રંથનું મૂલ્ય મોકલી (ગુ. વ. સો. માં) અગાઉથી નામ નોંધાવનારને, પાછળથી એની કિંમત વધારવામાં આવશે તોપણ તેટલી જ કિંમતે અપાશે.

આ ગ્રંથમાં હિંદભરના જાણીતા વિદ્વાનોનાં સ્વ. આચાર્યશ્રીના જીવન અને પ્રવૃત્તિને સ્પર્શતાં અંગત સંસ્મરણો તેમ જ વિવિધ વિષયોને સ્પર્શના વિદ્વત્તાભર્યા લગભગ સોએક લેખોનો સમાવેશ થનાર છે.

કસ્બા પુસ્તકાલયો તેમ જ સ્થિતિસંપન્ન ગ્રામ પુસ્તકાલયો આ સ્મારક ગ્રંથ મેળવવા ઘટતી તજવીજ વેળાસર કરે.

પુસ્તકાલયોને મળેલી મદદ

સા. પુ. કડીના માજી ગ્રંથપાલ શ્રી. ગોવિંદલાલ ભૂધરદાસના સ્મરણાર્થે તેમના વારસ શ્રી. શેઠ પ્રેમાનંદ મૂલચંદદાસે રૂા. ૫૦૧) ભેટ આપ્યા.

મહિલા પુસ્તકાલય–વિજાપુરને ૫) હીરપુરનાં સૌ. કુમુદિની બળદેવપ્રસાદ જોષી તથા ૨) ભાવસાર વિઠ્ઠલભાઇ ભાઇચંદ તરફથી.

સા. પુ. ખેરવા (તા. મહેસાણા)ને ૨) શા. માધવદાસ મગનલાલ, ૫) સુથાર સોમનાથ બબલદાસ, ૫) સુથાર જેઠતારામ સાંકળચંદ, ૫) સુથાર મયાચંદ કરસનદાસ, ૫) સુથાર ચુનીલાલ મોતીરામ, ૫) સુથાર શંભુરામ રામચંદ, ૧૦) સુથાર કાળીદાસ બડારામ, ૫) શા. ચંદુલાલ બાલચંદ, ૨) પા. શંકરદાસ નરસીદાસ.

સા. પુ. ઘડિયા (તા. આતરસુંબા)ને ૫) શા. રતિલાલ પોપટલાલ, ૨) શા. રસિકલાલ નગીનદાસ, ૫) શાહ ચંદુલાલ મનસુખરામ, ૫) ભટ્ટ ત્રિભુવન નરસિંહરામ, ૫) શા. કેશવલાલ કાળીદાસ, ૧૫) વીસનગરા નાગરો તરફથી.

વ. રા. પુ. મંડળ

જાગતાં જૂથ મંડળોઃ—જે જૂથ મંડળો તરફથી વાર્ષિક સભા ભરાયાના સમાચાર રા. પુ. મંડળ તરફથી આવ્યા છે, તે નીચે પ્રમાણેઃ—

(૧) બચાર, (૨) ડેસર, (૩) મકરપુરા, (૪) સંખેડાપુર, (૫) વેજપુરા, (૬) નવસારી.

જેમણે સભા ભરી હોય ને અહેવાલ રવાના ન કર્યો હોય તેમને તરત જ તેમ

કરી દેવાની, તથા કોઇપણ કારણસર જૂય મંડળની સભા હરેલી તારીખે ન ભરી શકાઇ, કોય તેમણે હજી પણ વહેલામાં વહેલી તકે ભરી દઇને ઍડેવાલ મોકલી આપવાની ખાસ ભલામણ કરવામાં આવે છે. મજકુર સભામાં કરવા જેગાં કામો માટે જુઓ જુલાઇ અંકમાં જાહેરાત નં. ૬ ટી.

મહાલ પુ૦ મંડળની સભાઓઃ—ગતાંકમાં પ્રસિદ્ધ થયેલ જાહેરાત નં. ૭ માં સૂચવ્યા પ્રમાણે તા. ૧૫ મીના રોજ મહાલમંડળની સભાઓ ભરી દઇને તેના ઍડેવાલ તથા હિસાબ પ્રાંત પુસ્તકાલય તેમ જ રાજ્ય પુ. મંડળો તરફ તરત જ મોકલી આપવાની મહાલ પુ. મંડળોના મંત્રી બાઇઓને ખાસ વિનંતિ.

પ્રાંત મંડળોની વાર્ષિક સભાઓઃ—સાલાનુસાર ચાલુ વર્ષની પ્રાંત પુ. મંડળોની વાર્ષિક સભાઓમાં પણ રાજ્ય પુ. મંડળ તરફના એક પ્રતિનિધિ તેમ જ પુસ્તકાલય ખાતાના અધિકારી સાહેબ હાજર રહેવાનો ઠરાવ રાખતા હોવાથી જુદા જુદા પ્રાંતોની વાર્ષિક સભાઓ માટે નીચે પ્રમાણેની તારીખો નક્કી કરી પ્રાંત મંડળોને જણાવવામાં આવ્યું છેઃ—

(૧) નવસારી પ્રાંત માટે તા. ૫-૯-૪૩, (૨) મહેસાણા પ્રાંત માટે તા. ૧૨-૯-૪૩, (૩) અમરેલી પ્રાંત માટે તા. ૧૯-૯-૪૩, (૪) વડોદરા પ્રાંત માટે તા. ૨૬-૯-૪૩.

આ સંબંધમાં જરૂરી પરિપત્ર જે તે પ્રાંત મંડળ તરફથી લાગતાવળગતા સર્વ કોઇને મળશે. એ મળ્યેથી હરેલી તારીખ ધ્યાનમાં રાખી પ્રાંતમંડળોના સભાસદો પોતપોતાની પ્રાંત સભામાં ઉલટભેર હાજર રહે એ ખાસ ઇચ્છવા યોગ્ય.

મહાલ તરફે શિ. વા. પરીક્ષા—ચાલુસાલ મહાલ પુ. મંડળ તરફથી એપ્રિલ માસમાં શિષ્ટ વાચનની પરીક્ષા વિદ્યાર્થીઓ માટે રખાઇ હતી, એ માટે સ્વ. શ્રી. મો. ન. અમીનનું પુસ્તક રખાયું કોઇ તેનો ૧૦૮ બાળકોએ લાભ લીધો હતો.

સન ૧૯૪૨–૪૩ નો શિક્ષણવર્ગ

પૂરી થયેલી સન ૧૯૪૨–૪૩ ની સાલમાં વારી પ્રમાણે નવસારી તથા અમરેલી પ્રાંતોના શિક્ષણવર્ગો ભરવાની યોજના હતી. પરંતુ અસહ્ય મોંઘવારી તથા પ્રવાસમાર્ગની અગવડોને કારણે ફક્ત નવસારી પ્રાંતનો જ વર્ગ માંગરોળ મહાલના કોસંબા મુકામે બે માસની તા. ૨૪–૨૫–૨૬ ના દિવસોએ ભરી શકાયો. એનો લાભ લેનારનાં નામ ગામ નીચે પ્રમાણે છેઃ—

નવસારી પ્રાંત

માંગરોળ મહાલ—(૧) હરિસિંગ કુંવરા–ઝુવારા, (૨) છોટુભાઇ રામભાઇ–હથોડા, (૩) પ્રભાતસિંહ પ્રતાપસિંહ–કુંવારદા, (૪) મોરારભાઇ કાળાભાઇ–માંગરોળ, (૫) અમૃતલાલ પ્રેમશંકર–પીપોદરા, (૬) નંદશંકર નાથુરામ–વેળાછા, (૭) દલપતસિંહ ગોવિંદસિંહ–નંદાવ, (૮) મોહનસિંહ અમરસિંહ–કંટવા, (૯) મીંચરા ચાંદીઆ–મહુવેજ, (૧૦) છોટુભાઇ બાઇલાલભાઇ–આંકડોદ, (૧૧) ઇસ્માઇલ કાસમ મોમલા–નાની નરોલી, (૧૨) ભીખાભાઇ ગોવિંદજી–કોસાડી.

નવસારી મહાલ—(૧૩) પરસોતમ કીકાભાઇ–ભીનાર.

આત્મશિક્ષણ

જરા પાછું વાળીને જુઓ.

મારા એક મિત્રની પડોશમાં હીરાબાઈ કરીને આધેડ ઉંમરની એક વિધવા રહેતી હતી. તેનો જુવાન દીકરો પરદેશ કમાવા ગયો ત્યારે એક ઓળખીતા દુકાનદારને ભળાવી ગયો કે મારી માને જે કાંઈ પરચુરણ ચીજ જોઈએ તે મારે ખાતે લખીને આપજો. દીવાળી ઉપર હું ઘેર આવીશ ત્યારે હિસાબ ચૂકવી આપીશ. જતી વખતે દાણાલૂગડાં તો ઘરમાં ભરી ગયો હતો, એટલે ખોરાકી–પોશાકીની ચિંતા હીરાબાઈને નહોતી. માત્ર ઝીણી–નાની પરચુરણ ચીજ જોઈએ તે પેલા વેપારીને ત્યાંથી તે લઈ આવતી. બાર મહિને દીકરો ઘેર આવીને વેપારીને ત્યાં હિસાબ ચૂકવવા ગયો ત્યારે પોતાને નામે બારસો રૂપિયાનો આંકડો નીકળતો જોઈને તે આભો જ બની ગયો ! હિસાબ તપાસતાં ચોપડામાં રકમો વિગતવાર લખી હતીઃ

એક પૈસાની દીવાસળી—હરતે બાઈ હીરૂ;
બે પાઈની છીંકણી—હરતે બાઈ હીરૂ
પૈસાનું ધૂપેલ—હરતે બાઈ હીરૂ
એક આનાનું ધારતેલ—હરતે બાઈ હીરૂ
ત્રણ પૈસાનો સાબુ—હરતે બાઈ હીરૂ

આમ બધી રકમો વિગતવાર 'હરતે બાઈ હીરૂ' કરીને માંડી હતી, અને નીચે બારસો બસો રૂપિયા લગભગનો સરવાળો હતો ! દીકરાએ મૂંગે મોઢે રૂપિયા ગણી આપ્યા.

છેક નાનપણમાં સાંભળેલી આ બરી બનેલી વાતે જીવનમાં મને એક ગાંધો પાઠ ભણાવ્યો છે કે ' નાની ચીજોનો સરવાળો હંમેશાં મોટો હોય છે. ' હીરાબાઈના હિસાબમાં વેપારીનો વિશ્વાસઘાત હતો કે નહિ એ વાત બાજુએ મૂકીએ; પણ એક વાત જે બાઈ હીરૂ ન કરી શકી તે તો જીવનમાં બાસ મહત્ત્વની છેઃ ' **પાછું વાળીને જોવાની.** '

અને એ ચેતવણી માત્ર બર્ચ કરવા પૂરતી જ ઉપયોગી નથી. જીવનમાં ડગલે ને પગલે આપણે પાછું વાળીને જોયા વિના ચાલીએ છીએ. બાતી વખતે આપણે જેમ પાછું વાળીને જોતા નથી ને માંદા પડીએ છીએ, તેમ બરચતી વખતે આપણે આપણું ગજું વિસરી જઈએ છીએ, બોલતી વખતે આપણે આપણું ગારવ વિસરી જઈએ છીએ. સ્વાર્થવશ થઈ કોઈ અજુગતું કામ કરતાં આપણી આર્યતા–બાનદાની વિસરી જઈએ છીએ.

પણ એ નજીવાં ગણાતાં મામૂલી બર્ચો, બેદરકારીથી બોલી નાબેલાં કળવાં વેણ, વિસાત વિનાનાં લાગતાં નાનાં નાનાં આચરણોનો સરવાળો, બાઈ હીરૂના હિસાબની બાકી, એટલી ધીમી ને અદૃશ્ય રીતે વધતો જતો હોય છે કે એક દિવસ બોચિંતો તે આપણને બાયમાલી કે પસ્તાવાના કાદવમાં તરફડતા કરી મૂકે છે.

બાઝી કીડીઓએ સાપને હણ્યો હતો એ વાત જીવનમાં બધાં જ ક્ષેત્રોમાં અને હમેશને માટે સાચી છે. નાના ને નજીવા લાગતા પ્રસંગોએ આપણે માત્ર જરાક જ બમચીને વિચાર કરીએ, થોડીક જ વાર આત્મપરીક્ષા કરી લઈએ, બરે વખતે ચેતીનો પાછું વાળી જોઈ લઈએ, તો—

તો ! 'હરતે બાઈ હીરૂ'ની બાકી આપણે 'હરતે' જીવનના અદૃશ્ય ચોપડામાં આપણે બાતે લખાતા હિસાબનો સરવાળો જોઈને પસ્તાવાનો વખત કદી નહિ આવે.*

'શાલિગ્રામ'

[' કુમાર ' માસિકના મે '૪૩ ના અંકમાંથી]

સ્વચ્છ દાંત–સારી તંદુરસ્તી

[દંતવિજ્ઞાનને લગતું એક બાળકાવ્ય]

છોકરાં રે !
હો..... રે...!
અહિંયાં આવો.
સા માટે ?
દાંત બતાવવા.

દોડતાં આવો
કૂદતાં આવો
હસતાં આવો
રમતાં આવો
મોં ઉઘાડી
દાંત બતાવો.

અમુને આઠ દાંત
બબુને બાર દાંત
સોનુબેનને સોળ છે
વિનુબેનને વીસ છે
ચિનુને ચોવીસ છે
અંશુને અઠ્ઠાવીસ
બાપુને બત્રીસ છે.

નાનપણમાં દૂધિયા દાંત
પછી આવે છાશિયા દાંત
તમારા દાંત દાડમ કળી
તમારા દાંત ઉજળા ફૂલ
તમારા દાંત પીળા પચ
તમારા દાંત લાંબા લચ.

નાનાને દાંત ઓછા હોય
ધીમે ધીમે વધતા જાય
જુવાન થયે પૂરા થાય
પૂરા દાંત બત્રીસ હોય.

દાંતમાં ત્રણ જાત :—
આગલા દાંત
પાછલા દાંત
વચલા દાંત

ઉપર નીચે જડબાં હોય
બન્નેમાં દાંત સરખા હોય
સૌથી છેલ્લે દાઢો હોય
દાઢ આપણી ઘંટી છે
એથી ખોરાક ચવાય છે.

દાઢ પછી રાક્ષસી
એની કોર ધારદાર
કાપવું હોય તે કાપી દે
આગલા દાંત રૂપાળા
ધારદાર ને સરખા હોય.

દાંત નીચે પેઢું હોય
પેઢું રાતું ચોળ હોય
જેટલો દાંત બહાર હોય
એથી વધારે અંદર હોય.

દાંત બારે ઉપયોગી
દાંત સારા તો શરીર સારું
દાંત બગડે તો હોજરી બગડે.

રોજ રોજ દાતણ કરો
અંદર ઘસો બહાર ઘસો
ઉપર ઘસો નીચે ઘસો
મીઠું ચાવી કોગળા કરો.

ઘેર બનાવી તૈયાર કરી
સારો એવો પાઉડર ઘસો
ખૂબ ખૂબ કોગળા કરો
આંગળી વતી પેઢાં ઘસો.

બશેર જેટલું પાણી લઈ
ત્રણ વાર કોગળા કરો
મોઢામાં પાણી ભરી
આંગળીવતી પેઢાં ઘસો
પોચાં પેઢાં કઠણ થાય
દાંત બારે મજબૂત થાય.

ટાઢું હિમ જેવું બાર
ઊનું ફડફડતું બાય
બાઢું બારું તીખું બાય
ભરી મરાલા ખૂબ બાય
એથી દાંત બગડતા જાય.

પોચું પોચું બારો નહિ
ચાવ્યા વિના બારો નહિ
દાંત નકામા કરશો નહિ.

દૂધથી દાંત મજબૂત થાય
ફળથી દાંત મજબૂત થાય
શાકભાજીથી મજબૂત થાય.

દાંતનાં મૂળ ઊંડાં છે
આંખ સાથે નેકાન સાથે
એ નસને સંબંધ છે.

જે તે બાઇને કોગળા કરો
પાન ચાવીને કોગળા કરો
સૂતા પહેલાં કોગળા કરો
ઊઠીને પણ કોગળા કરો.

દાંત બનાવો ઉજળા દૂધ
દાંત બનાવો મોતી સરખા
દાંત બનાવો દાડમકળી
હસો તો જાણે ફૂલ ઝર્યાં.

હેમુભાઇ

કળાની ગળથૂથી

બાળકોમાં સંસારનું જ્ઞાન ચિત્ર દ્વારા જ પ્રવેશ કરે છે. તેની અશુધ્ધ અવસ્થામાંથી જ રંગો, આકારો, ઓળાઓ અને વિવિધ સ્વરૂપોની છાપ તેના મગજમાં પડતી જાય છે અને તેની ઉપર તેની વિચારસૃષ્ટિનું મંડાણ થાય છે. એ વિચારસૃષ્ટિમાં મોટેભાગે તેને આનંદ અને સુખ આપનાર ભાવનાઓનો આદર થાય છે અને દુઃખ, શોક, ગ્લાનિ કે વિઘાત કરનારાં રૂપો પ્રતિ તે તિરસ્કારની લાગણી સેવે છે.

બાળકો ચિત્રો જુએ છે ત્યારે પણ તેઓ માત્ર સમય કાઢવા પૂરતો તેનો પરિચય નથી કરતાં, પણ તેની છાપો સંધરે છે, તેના ઉપર પ્રશ્નો કરે છે, તેની યાદી આપી તેની વાર્તા કહેવડાવે છે ને તેમાં પોતાને અમુક પ્રાણી, પાત્ર કે પ્રસંગ ગમે છે યા નથી ગમતાં એવી અંગત રુચિ પણ દર્શાવે છે. ચિત્રો અને ચિત્રોની ચોપડીઓ પ્રત્યેક બાળકને ગમે છે, તેનું કારણ તેઓને ચિત્રકળાનો શોખ છે એમ ન સમજવું; પણ મનુષ્યને સંસારનો બોધ થવામાં રંગ રૂપ અને આકૃતિ પ્રધાન સાધનો છે, માટે તે તેની માનસિક આવશ્યકતાઓ છે.

પરંતુ આજે તો, માનવબોધ માટે ચિત્રો અને રૂપસામગ્રીનો શિક્ષણના સળંગ અભ્યાસક્રમમાં બહિષ્કાર થયો જણાય છે. ભાગ્યે જ કોઇ શાળામાં દેશના મહાન પુરુષોની તસ્વીરો, કથાપ્રસંગો, શૌર્યપ્રસંગો કે પ્રસિદ્ધ દૃશ્યોના તકતાઓ નજરે પડશે. તો પછી નાનાં બાળકો માટે ચિત્રપોથાઓ કે મૂર્તિઓ કે પ્રતિમાઓ કોણ વસાવે ? ઘણાંયે બાળપ્રેમી માતપિતાઓ તેમની એ ભૂખ ભાંગવા યુરોપની ચિત્રપુસ્તિકાઓ અને પોસ્ટકાર્ડોથી એ ખોટ પૂરવા મથે છે. તેની સારી અને માઠી બંને અસરો બાળકોનાં જીવનમાં થાય છે. ઘણી વાર યુરોપિયન પોશાકો પહેરેલાં બાવલાં, રાજકુમારો, પરીઓ જેવા પોશાકો અને વ્યવહાર તેમને ચોંટે છે અને દેશની સંસ્કૃતિ અને જીવનથી તેઓ વિમુખ બને છે.

ઇંગ્લંડમાં ડબ્લ્યુ. હીથ રૉબિન્સન, બી. ટિન્ડેલ, વૉલ્ટર ક્રેઇન ને પ્રી–રાફેલાઇટ ચિત્રકારોએ બાળકોની સૃષ્ટિમાં આનંદ ભરવાને ધસપકથાઓ, ' એલીસ ઇન વન્ડરલૅંડ, ' ' પીટર પાન, ' ' ટ્વીંગલો ' વગેરે વાર્તાઓ સરળતાપૂર્વક ચિત્રમાં ઉતારી છે. એવો એકજ્યથાવાળો પ્રયત્ન આપણે ત્યાં થયો નથી; અને ચિત્રકળાને આપણા પાઠયશિક્ષણમાં માનવંતું સ્થાન નહિ હોવાથી કેળવાએલો નાગરિક તે પ્રતિ બેપરવા થયો છે. બીજી બાજુ ચિત્રકારોએ પણ કોઇ એક જ ક્ષેત્રમાં વિશિષ્ટતા મેળવવા પ્રયત્ન કર્યો નથી. એટલે બાળચિત્રસાહિત્ય માટે તો ચિત્રકારોએ પણ વિશેષ ચિંતન, અવલોકન અને પરિચય મેળવ્યા પછી જ કામ કરવાનું રહે છે.

કલકત્તામાં શ્રી. અર્ધેન્દ્રકુમાર ગાંગુલીએ અને તેમના સાથીદારો એ સુશિક્ષિત જનતામાં આ વિષયમાં આંદોલન શરૂ કર્યું છે. તેઓ દર માસે યુનિવર્સિટીના હૉલમાં જ પ્રસિદ્ધ કલાકારોની કૃતિઓનાં પ્રદર્શનો કરે છે, તે પર ચર્ચા અને વિવેચનો કરે છે અને તેમાંથી સિદ્ધ ગણાએલી કૃતિઓનાં ફોટોગ્રાફિક ચિત્રો તૈયાર કરાવી, પ્રાથમિક શિક્ષકો દ્વારા બાળકો સુધી પહોંચાડે છે. તે ચિત્રો વિષે બાળકો શું વિચારે છે, તેની અસર શી થાય છે અને તેઓ શું વિશેષ માગે છે, તેની વિગતવાર નોંધ રાખવામાં આવે છે. આ પ્રયોગોમાંથી ચિત્રકારો પણ ઘણું શીખશે.

બાળકને મનુષ્યેતર પ્રાણીઓ અને પંખીઓમાં બહુ રસ પડે છે. મોટી ઉંમર થતાં

સુધી તો એ એમ જ માને છે કે તેઓ અંદરોઅંદર વિચાર કરતાં હશે, વાતો કરતાં હશે, અને મનુષ્યોને વિચારપૂર્વક સેવા આપતાં હશે. આ કલ્પના ટાળી નાખવા જેવી નથી. ઊલટું, તે દ્વારા તેની લાગણી ને સંસ્કારને અનેકગણાં ઊંચાં લાવી શકાય. ભગવાન બુદ્ધની જાતકકથાઓ મનુષ્યસંઘને દયા અને એકતા એ રીતે જ આપી શકી છે. એ જ રીતે સાચા ભાવે દોરાએલાં તમામ ચિત્રો (ગમે તે યુગનાં તે હશે તો પણ) આબાલવૃદ્ધ સૌને તેની ભક્તિ, પ્રેમ કે શૌર્યની લાગણીઓથી પ્રેરિત કર્યા વિના નહિ રહે.

વિવિધ જ્ઞાન આપવાની ભાવનાથી કરાતાં ચિત્રોમાં પણ કલ્પના અને ભાવમિશ્રિત ચિત્રોથી જ આરંભ કરવો પડશે. વૈજ્ઞાનિક વિભાગીકરણ કે નિરાકરણ કોઈ પણ બાલ-માનસને પ્રથમ રુચિકર થતું નથી; પણ પોતાના પરિચય, સંબંધ કે લાગણીમાં સમાય એવાં પાત્રો પ્રાણીઓ અને પંખીઓ કે પદાર્થો વડે જ તે પ્રથમ સહેલાઈથી આકર્ષાય છે. તમે એને વરાળયંત્રની રચના સમજાવવા માંડશો તો જરા યે નહિ ગમે; પણ એક પ્રચંડ શક્તિવાળા રાક્ષસની વાત કહો, મનુષ્ય તેને કબજે કરે છે એવું કહો, તો તે એકાગ્રતાથી સાંભળશે અને મનુષ્યશક્તિનો વિકાસ કરવાની ઇચ્છા કરશે.

અરેબિયન નાઇટ્સ જેવી ચમત્કારપૂર્ણ વાતો દ્વારા તે સાહસ, ધૈર્ય, વિશ્વાસ, એક-નિષ્ઠા સમજશે ને સાથે જ પ્રપંચો, કુટિલતા અને દુરાચારને તિરસ્કારતું થશે. આપણે મોટેરાં બધાં એવા અનુભવોમાંથી પસાર થઈ ચૂકયાં છીએ. વાર્તાનાં સ્વરૂપો ઊડી ગયાં છે, પણ તેનું રહસ્ય આપણા જીવનમાં ઉતારી વ્યવહાર કરી રહ્યાં છીએ.

સ્વ. ગિજુભાઇએ આ હકીકતનો સ્વીકાર કરી પોતાના બાલસાહિત્યમાં તેનો આદર કર્યો છે અને સદુપયોગ કરી બતાવ્યો છે, એટલે લેખિત સાહિત્યમાં આપણે ઠીક સંચય કર્યો છે. પરંતુ ચિત્રિત સાહિત્ય ઘણું જ થોડું છે—અપ્રાપ્ય છે, અથવા જે છે તે ભોંઘું છે. આ દિશામાં શ્રી હંસાબહેનના પ્રયાસો ખરેખર અભિનંદનીય છે. તેમણે ચિત્રો સારાં અને સચોટ કરવા ખાસ કાળજી રાખી ખર્ચ કર્યો છે, અને લગભગ સફળતા મેળવી છે. પણ ઇતર ચિત્રિત સાહિત્યમાં ચિત્રોની પોકળતા, નિર્ગન્ધતા, વિચારની સચોટતાનો અભાવ અને નિર્માલ્ય કલ્પનશક્તિ જોવામાં આવશે.

આ ખામીનો દોષ પ્રકાશકો અને ચિત્રકાર બનેને ફાળે સરખો જાય છે. પ્રકાશકો ચિત્રોના ગુણદોષનો ખ્યાલ કરી શકતા નથી; ચિત્રકારો ઊંડું નિરીક્ષણ અને અભ્યાસ કરતા નથી.

છતાં રાષ્ટ્રની ઉન્નતિ અને પ્રગતિનો પ્રશ્ન વિચારતાં આ કાર્યમાં દરેક જણ થોડો ભોગ આપવા તૈયાર થાય અને ઉચિત કાર્ય માટે ઉચિત પાત્રોને કામ સોંપાય તો એક મોટું દેશોપકારક કામ કરી શકાય. ચિત્રો સારા અને કલાનિષ્ઠ ચિત્રકારોને હાથે થવા જોઇએ, સારા રૂપમાં છપાવાં જોઇએ અને પ્રામાણિક વ્યાપારથી વેચાવાં જોઇએ, જેથી દરેક સાધા-રણ આવકવાળાં માતપિતા તે લઇ શકે. આ માટે બાળકોની ચિત્રપોથીઓ મોટી સંખ્યામાં અને અનેક ભાષાઓમાં છપાવવાની તૈયારી કરવી જોઇએ, જેથી બ્લૉક અને ચિત્રોનો ખર્ચ મોટા જથ્થા ઉપર વહેંચાઈ જતાં પરિણામે તે સસ્તાં પડે.

આજે તો કાગળ અને છાપકામ ઘણાં મોંઘાં થઇ ગયાં છે; પણ તેનો ઉકેલ જ્યારે આવી જાય તે વખતે નવેસરથી વિચાર કરવો જોઇએ, અને બાળકોની પ્રગતિમાં ઢીલ થાય એ કરતાં તે દિશામાં યોજનાપૂર્વક કામનો આરંભ કરી દેવો જોઇએ. ર. ગ. રા.

['કુમાર'ના મે ૧૯૪૩ ના અંકમાંથી]

ભૂતકાળનું ભવ્ય અમદાવાદ

અમદાવાદ આજે ગુજરાતનું પાટનગર છે–વર્ષોથી એ ગુજરાતના પાટનગર તરીકે ખ્યાતિ પામ્યું છે, અને હિંદના મિલઉદ્યોગના મહાન મથક તરીકે આજે એ પંકાયું છે; એટલે વર્ષો લગી તેનું એ સ્થાન રહેશે. છતાં મોગલ જમાનામાં એનું જે ઉન્નત સ્થાન હતું તેવું ઉન્નત સ્થાન આજે નથી: એની જાહોજલાલીનો રોમાંચક ઉલ્લેખ કરતાં એક અંગ્રેજે લખેલો આ લેખ ગુજરાતીઓને ગમશે એ નિઃશંક છે. પણ, એ પરથી એ નગરીને અને ગુજરાતની બીજી નગરીઓને એવી આબાદ બનાવવાનાં સ્વપ્નાંઓ પણ કોઈ રચશે, અને તે ફલિભૂત કરશે ?

અમદાવાદની તવારીખ એટલે–ગુજરાત જેવા સમૃદ્ધ પ્રાંતના પાટનગરની ગૌરવગાથા. આ નગરે ચડતી પડતી જોઈ છે; આબાદી, સત્તા અને ખ્યાતિના ક્ષેત્રમાં એ નગર અગ્રસ્થાન ધરાવતું હતું. પછી બહારની સત્તાઓની તાકાતના તેમ જ આંતરિક ઝઘડાના કારણે આ ભવ્ય નગરીને પડતીના દિવસો જોવા પડ્યા.

બીજા પ્રદેશોના મુકાબલે મહમદ ગજનવીની ચડાઈથી, સમૃદ્ધ એવા ગુજરાતને આફતની ભારે થપાટો ખમવી પડી છે. એ જમાને ખંભાત અને ઘોઘા ગુજરાતનાં ધીકતાં બંદરો હતાં. અહીં આરબ ધંધાદારીઓની અવરજવર ચાલુ રહ્યા કરતી. પુષ્કળ ખજાનો–અસામાન્ય દોલત ધરાવતા સોમનાથ મંદિરની દંતકથાઓ પરદેશના વાતાવરણમાં પહોંચી હતી.

આ સમયે આસાવલ અને અણહીલપુર પાટણ હિંદુ રાજકર્તાઓની રાજધાની હતાં.

તે પછી અમદાવાદ કેમ વસ્યું ? કોણે આ ઇતિહાસના પટ પર ઝબકારો કરતા તેજવર્તુલથી અંકિત એવા નગરની સ્થાપના કરી એ વિગતો ખૂબ પરિચિત છે. અહમદશાહ પાદશાહે જૂના ભૂતકાલના મંદિર કરતો કિલ્લો બંધાવ્યો. સાબરમતીના પ્રવાહ સાથે આ નિસર્ગપ્રેમી રાજાએ હાથમતીનો પ્રવાહ જોડી દીધો અને અમદાવાદમાં નયનાભિરામ ઇમારતો ખડી કરી દીધી. આ ભવ્ય પ્રાસાદોના બાંધકામ માટે આરસના પથ્થરો અજમેરથી લાવવામાં આવ્યા હતા અને બીજા પથ્થરો અહમદનગરથી આયાત કરવામાં આવ્યા હતા. આ શહેરને ચૌદ દરવાજા હતા અને દર વીસ વારે મિનારા અને બુરજો હતા.

નગરરચનાની ઇજનેરી દૃષ્ટિ આજના બાંધકામને જોમ આપે તેવી હતી. એ જમાને એટલે કે પંદરમી સદીમાં અમદાવાદના રસ્તાઓ કેટલા પહોળા રાખવામાં આવ્યા હતા તે જાણીએ છીએ ત્યારે જ શહેરની રચના કરનારાઓની વિશાળ દૃષ્ટિનો ખ્યાલ આવે છે.

રસ્તાઓ પહોળા હતા. કેટલીક શેરીઓ પણ એટલી વિશાળ હતી કે એકસાથે દશ બળદગાડીઓ સહેલાઈથી પસાર થઈ શકતી.

સુલતાન અહમદશાહે વેપારીઓ, કારીગરો, જહાજો બાંધનારાઓ અને બીજા ધંધાદારીઓને આ શહેરમાં વસાવીને નગરને ઉદ્યોગનું કેન્દ્ર બનાવ્યું.

૧૪૫૯ માં આ પાદશાહનો તેર વર્ષનો વયનો પુત્ર મહમદશાહ પહેલાનાં નામથી

ગાદી સંભાળી. ચકોર અને શાણી સમજદારી ધરાવવા ઉપરાંત બહાદુર નરબંકડા તરીકે આ રાજનાં પરાક્રમો લોકગીતો અને દંતકથાઓમાં ઝીલાયાં છે. મહમદ બેગડાના નામથી એ મુલક મશહુર બન્યો હતો. કોઈ જાતનું ઝેર એના પર કારગત નીવડતું નહિ, એ કથન સાગરપારના મુલકો સુધી પહોંચેલું.

એના રાજ્યઅમલ દરમ્યાન અમદાવાદ વધુ સમૃદ્ધ બન્યું–પૂરબહારમાં ખીલ્યું.

ઇ. સ. ૧૫૭૩ માં ગુજરાતનો પ્રદેશ મોગલ શહેનશાહત સાથે જોડાયો. આ રાજ્ય-પલટાની શહેરની આબાદી પર કશી અસર થઇ નહિ. કાપડ અને હાથકારીગરીના ક્ષેત્રમાં અમદાવાદની નામના વધુ દેદીપ્યમાન બની.

અમદાવાદમાં બનેલો રેશમનો અને સૂતરનો માલ પૂર્વની બજારોમાં વખણાતો. એ માટે ભારેમાં ભારે કિંમત ચૂકાતી. કેરોથી પેકીન સુધીના વિસ્તારોમાં આ માલ પ્રમાણમાં ખપતો. 'ખંભાતી માલના' નામે આ વસ્તુઓ બહારના દેશોમાં પંકાતી.

એ જમાને ધોધા બંદર પર ભારે ધમાલ જામતી. દેશપરદેશનાં જહાજો, માલ લેવા અને માલ આપવા ત્યાં આવતાં. ત્યાંથી બધો માલ પગરસ્તે અમદાવાદ પહોંચાડવામાં આવતો. ઉચ્ચ કીસમની આ વસ્તુઓમાં મોજશોખ માટેનાં મૂલ્યવાન સાધનોનો સમાવેશ થતોઃ "એ તો શોખીન અમદાવાદીઓ માટે છે" એમ કહેવાતું.

એક પોર્ટુગીઝ પ્રવાસી લખે છેઃ "ગુજરાતીઓ ઉદાર અને શોખીન લોકો હતા. તેઓ સુંદર રીતે રહે છે અને પુષ્કળ નાણું ખરચે છે."

માળવાથી અફીણ આવતું, અશ્વો અને રેશમનો કાચો માલ ખોરાસાનથી આવતો. ઊંચી કિંમતનું રેશમ ભવ્ય વસ્ત્રોનું રૂપ ધારણ કરવા માટે ચીન, બંગાળ અને બસરાથી અમદાવાદ પહોંચવાની મજલ ખેડતું.

અમદાવાદનાં કારખાનાંઓમાં એ કાચા માલ પર ક્રિયાઓ થતી. વણાટ લોકો વણતા. રંગારાઓ એ વસ્ત્રો પર રંગબેરંગી છાપકામ કરતા. સોનીઓ સોના–રૂપાના ઝીણા તાર ખેંચી આપતા અને તે વડે સુંદર જરીકામ થતું. એ બધી વિધિઓમાંથી પસાર થએલા વસ્ત્રના સૌન્દર્ય પર પરદેશીઓ વારી જતા.

આફ્રિકામાં એ કાપડના પડતર કિંમતથી બેા ગણા દામ ઉપજતા. કાપડના ક્ષેત્ર પૂરતી જ અમદાવાદી આવડત મર્યાદિત ન હતી. મજાના નકસીદાર ખડીયા પણ બનતા, દાગીના માટેની નાની પેટીઓ ઘડાતી અને ખંજરના હાથા પર ઝવેરાતનાં નંગો જડાતાંઃ તરવારની મૂઠ પર કારીગીરી રેલાતી.

વાંસના ઉપયોગ વડે બનતા 'અમદાવાદી કાગળો' જ્યાં જ્યાં લખાપટીનો વહેવાર હતો ત્યાં ઉપયોગમાં લેવાતા. 'અમદાવાદના કાગળો'ની ગઇ કાલની ખ્યાતિ આજે પણ જનતાની જીભ પર ફરવા આવી જાણે છે. નવેમ્બરથી એપ્રિલ એ કામધંધા માટેના સમય દરમ્યાન દર દશ દિવસે ૨૦૦ ગેટલાં વેગનો ભરાય તેટલી વણઝાર ઉપડતી, અને ખંભાત પહોંચતી. ત્યાંથી એ માલ દેશાવર ચડાવાતો.

આ નગરમાં એક હજાર મરિજદો હતી. એના બાંધકામમાં ગુજરાતના કળાકાર અને કારીગરની કળાદૃષ્ટિ પ્રતિબિંબિત થતી હતી. એ કામમાં કંડારાએલી બારીકાઈ અને ભવ્યતા

આજે પણ અનેક છે. આ પ્રદેશમા એ જમાને કેવી કળાભાવના અને બુદ્ધિપ્રતિભા મોજૂદ હતી તેનો ખ્યાલ આ ઇમારતી રચનાઓ દ્વારા મળી રહે છે.

વિવિધ પ્રકારની વૃક્ષરાજીથી આચ્છાદિત શેરીઓ, ભવ્ય છતા મજબૂત ઇમારતો પુષ્કળ પાણી પૂરું પાડવાની સગવડો, નમણાઇના પ્રતિક સરીખા આરામગૃહો—આ ભવ્ય પ્રાસાદોના રૂપમ ડિત ઝરૂખાઓ, એ ઝરૂખાઓ પર થયેલું કળામય કોતરકામ, આ નગરની પહોળી શેરીઓ અને શેરીઓના રક્ષણ માટેના ભવ્ય દરવાજાઓ, આ બધા વડે અમદાવાદ ત્યા રહી ગયેલા પ્રવાસીને ભારતવર્ષનું સુદરતમ શહેર લાગતુઃ કદાચ આખી આલમમા પણ એ સુંદરતાની પ્રતિકૃતિ હોય !

સોળમી અને સત્તરમી સદીમા અમદાવાદ આ રીતે સગૃદ્ધ, સુખી, ભવ્ય અને નામાકિત નગર હતું.

આ આબાદી માણતા નગરના વાતાવરણને પ્રથમ પહેલી થપાટ લાગી પોર્ટુગાલના ધધાદારીઓએ કરેલી પેશકદમીથી. નવા આગતુકો સમજતા હતા કે આ વેપારીઓ તેમના કટ્ટર હરીફ છે.

પ્રત્યેક સ્થળે વેપારી આલમ પરના ગુજરાતી વર્ચસ્વનો પોર્ટુગીઝ લોકોએ સામનો કર્યો. હરિફાઇ ચાલી. બંને પક્ષને ખમવું પડયુ, પણ પોર્ટુગીઝોએ જહાજો કબજે કરીને દરિયા પર સરસાઇ જમાવી દીધી

પરદેશી હરિફાઇનો યુગ શરૂ થયો ડચ પણ આવ્યા અને પાછળ અંગ્રેજ લોકો પણ આવ્યા. અગ્રેજ ભાલિકીનું પહેલું કારખાનુ ઇ સ ૧૬૧૪ મા અમદાવાદમાં શરૂ થયું. અને પછી તો યુરોપના સખ્યાબધ પ્રવાસીઓનું આવાગમન શરૂ થયું.

કારણ કે સમૃદ્ધિ હતી દોલતની લાલસાએ એ લોકોને આ પ્રદેશમા અહીં જમાવવા પ્રેર્યા.

બે સૈકાની જવલંત તવારીખ પછી બાદશાહ અહમદશાહના આ લાડીલા નગરનો દિવસ બદલાયો અને એક વખતની આ પ્રખ્યાત નગરી બીજા નબરના શહેરમા ફેરવાઇ ગઇ.

ખંભાતના અખાત પર આવતા વહાણો બધ થયા સુરતના ડચ અને અગ્રેજી કારખાના પ્રાતના મુખ્ય ધધાને પોતા તરફ વાળી લેવામા કારણભૂત બન્યા. અને વેપારે પણ રાજનગરની વિદાય લીધી આજે કાપડઉદ્યોગના કેન્દ્રરૂપ અમદાવાદે આગલી આબાદી પ્રાપ્ત કરી છે કે કેમ ? એ ચોક્કસપણે કહી શકાય તેમ નથી આસપાસ ગ્રામ્યપ્રદેશ કામધધાના અભાવે ઉજ્જડ બની ગયો. ઘોઘાના બહાદુર અને ચાંચિયાગીરીમા મશહુર બનેના ખારવાઓનો ધધો પડી ભાગ્યો

અમદાવાદની પડતીની શરૂઆત થઇ. ઔરગઝેબના છેલ્લા દિવસો સાથે એક તબક્કો પૂરો થયો. મરાઠા સત્તાનો ઉદય થતા નવો તબક્કો શરૂ થયો. શહેરની સુરત પલટી ગઇ ચોતરફ અરાજકતા પ્રસરી રહી નગરના અદરના ભાગમા અને બહારના ભાગમા સર્વત્ર અવ્યવસ્થાનું સામ્રાજ્ય જામી ગયુ

લૂંટફાટ અને પ્લેગના ઉપદ્રવે લોકો શહેર છોડી ગયા. રસ્તાઓ પર તૂટી પડેલી

આલીશાન ઇમારતોના ભંગારના ઢગ જમી ગયા. અહીં માનવીઓ વસવાટ કરતા હશે એમ કોઇ માને નહિ તેવી દુર્દશાના હાલ-હવાલમાં અમદાવાદે વર્ષો વિતાવી જાણ્યાં છે.....જાહેર જનતા માટેની ઇમારતો નામશેષ બની ગઇ.

નવ લાખની વસ્તીવાળા આ નગરની ભાગ્યરેખાએ એવી રીતે પલટો ખાધો કે માત્ર એકાદ લાખ જેટલા માણસો રહ્યા.

વણાટ અને હાથકારીગરીના ધીકતા ધંધા પણ નામશેષ બની રહ્યા; ગરીબી, આ એક વાર સમૃદ્ધિથી છલકાતા નગર પર આધિપત્ય ધરાવવા આવી ચડી. નિરાશાના વાતાવરણે શહેરની રખેવાળી સંભાળી લીધી. એક દિવસની ગુલાબી હવા શહેરનો સાથ છોડી ગઇ.

એ અરસામાં બ્રિટિશ સત્તાની સ્થાપના થઇ, પુનાના ૧૮૧૭ ના કરારો અનુસાર ઇસ્ટ ઇંડીઆ કંપનીએ ગાયકવાડ પાસેથી અમદાવાદનો કબજો લીધો. તે પછી ધીમે ધીમે શહેરના વાતાવરણમાં ચેતનનો સંચાર થયો, તૂટેલી ઇમારતો દુરસ્ત થઇ, નવા પ્રાસાદો ખડા થયા.

છતાં આ ઓગણીસમી સદીની ઇમારતી રચના ભવ્ય અને કળાપૂર્ણ એવા આગલા બાંધકામની બરોબરી કરી શકે તેવી નથી. આજે એ નગરની શેરીઓમાં શીતળ છાંયડી પાથરતાં વૃક્ષો હાજર નથી.

જોકે ધંધા-રોજગારની પ્રવૃત્તિ ફરીવાર સચેત બની. ૧૮૬૧ માં અમદાવાદમાં પહેલી કાપડની મિલ શરૂ થઇ.

એક વાર આબાદીના ઝૂલે ઝીલોળા લેતા આ શહેરમાં સ્ફૂર્તિ આવી. વેપાર-રોજગારની જમાવટ થવા લાગી, પણ એ બધાના કેન્દ્રરૂપ બનનાર વસ્તુ માત્ર રૂ છે.

એ જાહોજલાલીના હૃદયધબકારરૂપ બનેલા હાથકારીગરીના અને બીજા ઉદ્યોગો ક્યાં ?

આજે અમદાવાદ મિલઉદ્યોગનું એક મહાન કેન્દ્ર બન્યું છે. ' ત્યાં બારીકમાં બારીક કાપડ તૈયાર થાય છે. પરાંઓનો પરિવાર હરહંમેશ વધ્યે જાય છે. શાહીબાગ હજુ સુલતાનની પાદશાતના દિવસો યાદ કરાવે છે.

અને એ બધા વચ્ચે સાબરમતીના કિનારા પર આવેલો સાબરમતી આશ્રમ એક રીતે આ શહેરની સાથે સુસંગત બની રહે છે. કારણ કે આ નગરનો વ્યવસાય હાથવણાટ જ હતો. અને એ પ્રવૃત્તિને સચેત બનાવતી ભાવના પણ આ આશ્રમમાંથી જ મૂર્ત સ્વરૂપ પ્રાપ્ત કરવા માટે બહાર આવી છે. ત્યાંથી મહાત્માજીની ઐતિહાસિક દાંડીકૂચ શરૂ થએલી.

જૂના જમાનાનાં કેટલાંક ઊંચાં મકાનો હજુ ઊભાં છે. આ મકાનોની અગાસી પરથી આજનું અમદાવાદ નયનાભિરામ ગુલઝાર જેવું નથી દેખાતું, પણ મિલોનો ધુમાડો વાતાવરણને આવરી લેતો હોય છે. જાણે કહેતો હોય કે " વીસમી સદીના અમદાવાદની જાહોજલાલીના પ્રતીકરૂપ આ મિલો છે. "

શહેરની આબાદી પણ ઘણી ચીજ પર અવલંબે છે ! સોનું, રેશમ અને રૂ. આ આજના મુખ્ય વ્યવસાયો છે.

[તા. ૨૫-૭-'૪૩ ના " નૂતનગુજરાત "માંથી]

આવતા માસની કાર્યદિશા

૧ તમારા પુસ્તકાલયનું વાર્ષિક નિવેદન ન મોકલાવ્યું હોય તો આજે જ મે. થી તૈયાર કરી મોકલો. કારણ, તમારી ભૂલથી આખા વર્ષનું સરકારી નિવેદન તૈયાર કરવામાં વિલંબ થાય છે.

૨ દરેક સાર્વજનિક પુસ્તકાલય જૂથમંડળની સભામાં હાજર રહી સહકારના ધોરણે શ્રીમંત સરકારે મંજૂર કરેલી ટકાવારી પ્રમાણે અંદાજપત્ર બનાવે.

૩ ચાતુર્માસમાં ગામડાંઓમાં ધાર્મિક લાગણીના કારણે વાચનમાં ઘણો વધારો થઈ શકે તેમ છે. તમે એ પ્રજાની લાગણીનો લાભ લઇ તમારા પુસ્તકાલયને લોકપ્રિય બનાવવા બનતું કરજો.

૪ ગુજરાત વર્નાકયુલર સોસાયટીનાં પુસ્તકો મંગાવી લેવા તજવીજ કરો.

૫ અંદાજપત્રમાં તમામ હકીકત કાળજીપૂર્વક લખીને મોકલો.

૬ ક્રમી કરવા યોગ્ય પુસ્તકો તેમજ ઇતર સાહિત્ય વગેરેની યાદી મોકલવાનું ભૂલશો નહિ.

૭ પ્રૌઢ શિક્ષણના વર્ગોમાં પાસ થયેલાંઓ માટે તમારા પુસ્તકાલય દ્વારા પૂરતું વાચન પૂરું પાડો.

૮ ગયા વર્ષના બજેટમાંની પુસ્તકયાદીઓ જેમની અધુરી હોય તેમણે વેળાસર ખાતા મારફત મંજૂર કરાવી પુ. સ. સ. મંડળમાં મોકલવા સત્વર તજવીજ કરવી.

વડોદરા,
તા. ૧-૮-'૪૩

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક

મધ્યવર્તી પુસ્તકાલય સાર્વજનિક પુસ્તકાલય શાખા

સૂચના નં. ૧ સને ૧૯૪૩-૪૪

વિષય

પુસ્તકો મોકલવામાં વિલંબ થવા બાબત

આથી વડોદરા રાજ્યનાં મદદ મેળવતાં સાર્વજનિક પુસ્તકાલયોને જણાવવાનું કે ચાલુ ચાલે પુસ્તકાલય સહાયક સહકારી મંડળને મહેસાણા પ્રાંત, વડોદરા પ્રાંત તથા નવસારી પ્રાંત પંચાયત તરફથી ખૂટતી પંચાયત મદદ વધારા તરીકે મેળવવામાં વિલંબ થવાથી અમે તે રકમ પુસ્તકાલય સ. સ. મંડળને જુલાઇ માસમાં અદા કરી છે, જેથી બાકી રહેલાં પુસ્તકાલયોને તેમનાં પુસ્તકો સપ્ટેમ્બર ૧૯૪૩ થી મોકલવાનું શરૂ થશે તે જાણવું. આ માટે પુસ્તકાલય ખાતા તરફ કે પુસ્તકાલય મંડળ તરફ હિસાબ માટે તેમજ પુસ્તકો માટે વિનાકારણ પત્રવ્યવહાર કરવો ન પડે તે માટે આ સૂચના સર્વની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવી છે.

તમામ પુસ્તકાલયોને ડિસેમ્બર આખર પહેલાં પોતાની રકમનાં પુસ્તકો મળી રહેશે તે જાણવું.

વડોદરા, રવિવાર
તા. ૧-૮-૪૩

ઉ. મો. પટેલ,
મદદ. વ્યવસ્થાપક

સૂચના નં. ૨ સને '૪૩-૪૪

વિષય

શુ. વ. સોસાઇટિનાં પુસ્તકો મંગાવવા બાબત

સને ૧૯૪૨-૪૩ ની સાલે ઑગસ્ટ માસમાં પ્રસિદ્ધ કરેલી સૂચના નં. ૨ /૪૨-૪૩ પ્રમાણે શુ. વ. સો. માં નોંધાયેલાં પુસ્તકાલયોએ પોતાનાં પુસ્તકો મંગાવવી લેવા તજવીજ કરવા વિનતિ કરવામાં આવે છે.

તા. ૧-૮-'૪૩

ઉ. મો. પટેલ
મદદ. વ્યવસ્થાપક

સૂચના નં. ૩ સને ૧૯૪૩

વિષય

રા. મહાલ શાળાધિકારી સા. ને વિનંતિ

પુસ્તકાલયોની તપાસણીનું કાર્ય, પુસ્તકાલયોને વધારે વિકસિત કરવાનું તેમ જ લોકમાં તેનો પ્રચાર વધુ થાય તે માટે સ્વતંત્ર તપાસનીસો ન નીમતાં રાજ્યના મે. મહાલ શાળાધિકારી સાહેબોને સદરહુ કાર્ય કરવા નેકનામદાર દિવાન સાહેબના હુકમથી સૂચવ્યું છે.

આશા છે કે ચાલુ વર્ષમાં તેઓ પોતાનું કાર્ય નીચેની બાબતમાં વ્યવસ્થિત રીતે કરી પોતાનાં તપાસણી નિવેદનો મોકલતા રહેશેઃ—

(૧) મધ્યવર્તી શાળાવાળા સ્થળના પુસ્તકાલયની સંપૂર્ણ દફ્તર તપાસણી.
(૨) તમામ પુસ્તકાલયોની ભેટ તથા ચાલુ દફ્તરની તપાસણી.
(૩) મધ્યવર્તી શાળાના મુખ્ય શિક્ષક દ્વારા તાબાનાં પુસ્તકાલયોની દફ્તર તપાસણી કરાવી લેવી.
(૪) વાર્ષિક નિવેદનો પોતાના તાબાની શાળાવાળાં પુસ્તકાલયો તરફથી તાત્કાલિક મોકલાવી આપવાં.
(૫) પ્રત્યેક ગામે નિદાન પાંચ રૂપિયાની પણ લોકમદદ ઊભી કરવા પ્રયાસો કરવા.
(૬) થોડું ભણેલા ભૂલી ન જાય તે માટે ઊઠી ગયેલાં બાળકો તથા પુખ્ત ઉંમરનાં માણસોમાં તેમના બરનું સાહિત્ય વંચાવવા પ્રયાસો કરવા.

વડોદરા,
તા. ૮–૮–'૪૩

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક

સૂચના નં. ૪ સને ૧૯૪૩–૪૪

વિષય

"પુસ્તકાલય" માસિકને બદલે સૂચના–સર્કયુલરો મોકલવાનું ઠરાવ્યા બાબત

રા. મહાલ શાળાધિકારી સાહેબો તરફ પુસ્તકાલય સહાયક સહકારી મંડળ તરફથી તેમને "પુસ્તકાલય" માસિક વિના લવાજમે છેલ્લાં બે વર્ષથી મોકલાતું હતું, પરંતુ કાગળની કારમી મોંઘવારીના કારણે અને વ્યવસ્થાપકો તરફથી તે બંધ કરવા સૂચન થતાં રા. મહાલ શાળાધિકારી સાહેબો તરફ મૂળ પ્રમાણે સૂચના સર્કયુલરોનું જૂથ મોકલવાનો પ્રબંધ રહેશે.

આશા છે કે રા. મહાલ શાળાધિકારી સાહેબો તેમને સને ૧૯૩૯ થી મળતી તમામ સૂચનાઓ–સરકયુલરની ફાઇલો તથા "પુસ્તકાલય" માસિકની ફાઇલો પોતાના દફ્તરના ઉપયોગ માટે રાખી હશે. સપ્ટેમ્બર ૧૯૪૩ થી મળનારી સૂચના–સરકયુલરોની ફાઇલો પણ તેમને રાખવા મે. થી તજવીજ કરવી, જેથી તપાસણીમાં તે ઉપયોગી નીવડે.

વડોદરા
તા. ૮–૮–૪૩

ઉ. મો. પટેલ
મદદનીશ–વ્યવસ્થાપક

સૂચના નં. ૫ સને ૧૯૪૩–૪૪

વિષય

મકાનવાળાં તમામ પુસ્તકાલયોએ અવશ્ય વસાવવા યોગ્ય પુસ્તકોની ભલામણ

કેટલીક સંસ્થાઓ અને વ્યક્તિગત લેખકો તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલાં કેટલાંક ઉપયોગી પ્રકાશનો પુસ્તકાલયોના સંચાલકોના ધ્યાન પર લાવવાની આવશ્યકતા જણાઈ છે.

ગામડામાં જોકલા વાર્તાસાહિત્ય ઉપર જ પુસ્તકાલયો પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે

એ બરાબર નથી, જોકે શિષ્ટ વાર્તાઓ એ પણ એક સંસ્કારી વારસો છે અને લોકોને પોતાનાં ધંધા સાથે આરામ અને ઉત્તમ કોટિનું વાચન પૂરું પાડે છે અને બાળકોની કલ્પનાશક્તિને ખીલવે છે. પણ તેટલાથી જ આપણી પુસ્તકાલયરૂપી લોકવિદ્યાપીઠે સંતોષ માનવાનો નથી. તેણે તો ધર્મ, નીતિ, ઇતિહાસ, સમાજશાસ્ત્ર, પ્રવાસ, કેળવણી વગેરે વિવિધ વિષયોને લગતાં પુસ્તકો પણ અવશ્ય વસાવવાં જોઈએ.

અમને ખાતરી છે કે આ નીચે આપેલી એવી એક યાદી તેમને ઠીક ઉપયોગી નીવડશે. આ ઉપરાંત સસ્તા સાહિત્યનાં પ્રકાશનો, સયાજી બાલજ્ઞાન માળા અને સાહિત્ય જ્ઞાનદ્વારા પ્રસિદ્ધ થતાં પુસ્તકો તેમજ નવજીવન પ્રકાશન મંદિર, ભારતી સાહિત્ય સંઘ વગેરે દ્વારા પ્રસિદ્ધ થતાં પુસ્તકો તરફ પણ અમે સંચાલકોનું ધ્યાન ખેંચીએ છીએ.

ધર્મ–નીતિ

દત્ત–પરશુરામ (સ. સા. વ. કા.)
વૈદિક વિનય (,,)
મહાભારતનો આખો સેટ (,,)
શ્રીમદ્‌ભાગવત (,,)
વિભુની વાટે અને રામાયણની રતીપ્રભા (,,)
સુબોધ રત્નાકર (,,)
તુકારામ ગાથા (,,)
આખ્યાનમાળા ભા. ૧–૨ (,,)
શ્રી પંચરત્ન ગીતા–સટીક (,,)
વિષ્ણુ સહસ્રનામાવલિ દર્શન (,,)
સુખી જીવનનાં સાધન (,,)
સૃષ્ટિનું જ્ઞાન (ધર્મરાજ્ય ઓફિસ)
દુનિયાની દુઃખથી દૂર (રા. કૃ. સે. સ.)
તત્ત્વચિંતામણિ (ભક્તિમાર્ગ કા.)
સુખી થવાનો માર્ગ અથવા સ્ત્રીધર્મ શિક્ષા (,,)
ઉપનિષદનાં ચૌદ રત્ન (,,)
સત્ય શ્રી ક્ષીર દિગ્વિજય (પુ. સ. સ. મં.)
ગીતા ગૌરવ (ગીતાપ્રેસ, કાશી)
અંક ૧–૨–૩–૪–૫

સાહિત્ય

દિ. બ. અંબાલાલ સા. દેસાઈનાં ભાષણો અને લેખો (નવજીવન કા.)
વિશ્વદર્શન (ભા. સા.)
વડોદરા રાજ્ય ડીરેક્ટરી (મહાશંકર પાઠક)
રસપાન (ગાંડીવ સા. મં.)
વીણેલાં (વૈદ્ય જાદવજી)
તીર્થસલિલ (મહા ગુ. પબ્લી. કું.)
પૂર્વ અને પશ્ચિમ (,,)
સંસ્કારલક્ષ્મી (એન. એમ. હક્કર)
દિગ્દર્શન (ગુ. વ. સો.)
લીલાંસૂકાં પાન (એન. એમ. ત્રિપાઠી)
સર્વોદયની જીવનકળા (નવજીવન પ્ર. મં.)
તરંગ (ગાંડીવ સા. મં.)
પંચામૃત (,,)
સાહિત્યદ્રષ્ટાને (શં. ગં. શાસ્ત્રી)

સમાજશાસ્ત્ર–રાજનીતિ

ગામડિયા નરદેવો (સ. સા. વ. કા.)
આપણી ગ્રામસંસ્થાઓ (મ. પ્ર. વ્યાસ)
ગ્રામોન્નતિ (ર. વ. દેસાઈ)
હિંદુ જીવનદર્શન (નવજીવન પ્ર. મં.)
સ્વરાજ્યશાસ્ત્ર (નવજીવન પ્ર. મં.)
ત્યાગમૂર્તિ અને બીજા લેખો (,,)
ખરી કેળવણી (,,)
કેળવણીનો કોયડો (,,)
આઝાદીના યજ્ઞ જ્વાળા (ભા. સા. સંઘ)
સમાજનાં મૂળ (યુગાંતર કાર્યાલય)
સામ્રાજ્યવાદ (રા. દે. ખુમાણ)

ગામડાંનું સ્વરાજ્ય (ઇ. ક. યાજ્ઞિક)
દેશી રાજ્યોનો પ્રશ્ન (મ. ગાંધીજી)
ઍમિઝમ (નવચેતન સા. મંદિર)
સમાજવાદ (સી. શાન્તિલાલની કું.)
વૈજ્ઞાનિક સમાજવાદ (,,)
મહારાજ્યોની યુદ્ધ શક્તિ (,,)
વિશ્વયુદ્ધને પગલે પગલે (,,)

વિજ્ઞાન

વિજળીનો આંચકો લાગે ત્યારે
થતી અસર અને તેના ઉપચારો (વિ. કુ. કા.)
આધુનિક આકાશવાણી) (,,)
હાથની ભાષા (હરિહર પુ.)
શરીર સામુદ્રિક (,,)
ભવિષ્યવાણી (એન. એમ. ઠક્કરની કું.)
વિજ્ઞાનની વાટે (ગુ. વ. સો.)
આપણે આંગણે ઊડનારાં (ફૂલછાબ કા.)
વિજ્ઞાનવિહાર ભા. ૧–૫ (બાલવિનોદ કા.)
વ્યાયામજ્ઞાનકોષ ખંડ ૧–૨ (વ્યાયામ કા.)
જીવન અને વિજ્ઞાન (પુ. સ. સ. મં.)

અર્થશાસ્ત્ર

ઓસરતો રૂપિયો (મુકુન્દલાલ એચ. દ. કું.)
હિન્દનું નાણાવટું (,,)
ઋણમુક્તિ (આર. આર. શેઠ)
વધારાના નફાનો કર (એન. એમ. ત્રિપાડી.)

વૈદક

દવાનો છેલ્લો ઘૂંટડો (ભા. સા. સંઘ)
દૂધઃ મૃત્યુલોકનું અમૃત (,,)
મહર્ષિ અણ્ણાસાહેબ પટવર્ધન (શ્રી. ભાગવત)
"પાયોરિયા" દિગ્દર્શન (વૈદ્ય, કિ. ભા. ગુપ્તા)
સંતતિના સર્જન પછી (નવયુ. પુ. ભં.)
હઠીલાં દર્દોમાં કુદરતી ઉપચાર (ભા. સા. સં.)
ઉપવાસ (,,)
શરીરરચનાનું રહસ્ય (,,)
દંતરત્ન (કે. દો.)

કાવ્ય

કલાન્ત કવિ (ગુ. સા. સભા)
પરાગ (યુગાન્તર કાર્યા.)
મંદિરને પગથિયે (,,)
દુહાની રમઝટ (રાયચુરા)
કાવ્યસંહિતા (મહાસુખભાઇ ત્રુ.)
સંવેદના (એન. એમ. ત્રિપાડી)
પસલી (ઉમેશ કવિ)
નિહારિકા (આર. આર. શેઠ)
બંસરી (નવયુગ કલા મંદિર.)
દીવડિયા (શંકરલાલ ના. દવે)
હેમ્લેટ (હંસા મહેતા)
કટાક્ષકાવ્યો (દેવકૃષ્ણ પી. જોશી)
પ્રતીક્ષા (ચોકસી બ્રધર્સ)
મંજૂષા (આર. આર. શેઠ)

જીવનચરિત્ર

શ્રી ભક્ત ચરિત્ર (સ. સા. વ. કા.)
પરમહંસ રામકૃષ્ણ (,,)
સ્વામી રામતીર્થ (,,)
ચૈતન્ય મહાપ્રભુ ભા. ૧–૩ (,,)
સ્વામી વિવેકાનંદ (,,)
જ્ઞાનેશ્વર મહારાજ અને
એકનાથ (,,)
મહાત્મા રામચંદ્ર દત્ત
અને નાગ મહાશય (,,)
સ્વામી બ્રહ્માનંદજી અને
સ્વામી શિવાનંદજી (,,)
આદર્શ ચરિત્ર સંગ્રહ
ભા. ૧–૨ (,,)
સરયૂદાસ, ભૂધરભક્ત અને
જનકીદાસનાં ચરિત્રો (,,)
શિવાજી છત્રપતિ (,,)
મોતીભાઇ અમીન (પુ સ. સ મં.)
બે દેશદીપક (મેઘાણી)
અડધે રસ્તે (ક. મા. મુનશી)

સીધાં ચઢાણ (ક. મા. મુનશી)
કવિવર ટાગોર (સી. શાન્તિલાલ કું.)
સોરઠી સંતો (મેઘાણી)
પુરુષાર્થની પ્રતિમાઓ (સી. શાન્તિલાલની કું.)
તેજછાયા (આર. આર. શેઠ)
વીરપૂજા (મો. પા. દવે)
સ્વ. સર સયાજીરાવ ભા. ૧–૨ (લુ. મિ. પ્રેસ)
ખ્રિસ્તખ્રિસ્ત (નવજીવન કાર્યાલય)
બાપુ (,,)
સહજાનંદસ્વામી (,,)

ખેતીવાડી

ખાતરોની માહિતી અને ખેતીસુધારણા (સો. કિ. પટેલ)
ધરતીનું ધોવાણ અને તેની અટકાયત (ખેતીવાડી ખાતું)
ખેતીની જમીન (ગુ. વ. સો.)
ખેડ અને ઓજાર (જ. ર. પાઠક)

હુન્નરકળા

નકશકારક હુન્નરો ભા. ૧–૨–૩ (ભા. સા. સં.)
ભાતભાતનું ભરતકામ (એન. એમ. ઠક્કર)
રસોઇનું રસાયણ (એન. એમ. ત્રિપાઠી)
સંધવ્યાયામ (ગુ. બા. પ્ર. મંડળ)
રાષ્ટ્રીય ઉદ્યોગ (ન. યુ. પુ. ભંડાર)

ઇતિહાસ–પ્રવાસ–ભૂગોળ

બ્રહ્મદેશ (સયાજી સા. માળા)
ભારતદર્શન (મહાગુ. પબ્લી. કું.)
જાપાન (,,)
પાસિફિક (મહાગુ. પબ્લી. કં.)
*પ્રાચીન ભારતવર્ષ ભા. ૧-૨-૩-૪-૫ (ડૉ.ત્રિ. લ.)
રંગદ્વેષનો દુર્ગ ભા. ૧–૨ (ગૂ. ગ્રં. કા.)
એબિસિનિયા પર ચોથાર (ન. યુ. પુ. ભં.)
પલટાતા નકશા (વંદેમાતરમ્ કા. મુંબઇ)
દક્ષિણાયન (સયાજી સાહિત્યમાળા)
સોવિયેટ ભૂમિમાં (ભા. સા. સંઘ)
૧૯૪૩ નાં પગરણ (,,)
ગુજરાતના ઇતિહાસની આરસી (ઝાંડીવ)
પીરામીડની છાયામાં (ચંદ્રશંકર શુકલ)
મારી બીનજવાબદાર કહાણી
અમર યાત્રાધામો (ગૂ. ગ્રં. કાર્યા.)
આપણો મહાવીર પાડોશી (કૂલછાબ કા.)
હિમાલય દિગ્દર્શન (એન. એમ. ત્રિપાઠી)

આ ઉપરાંત ગ્રામ વિકાસમાળાનાં પુસ્તકો જે રાજ્ય તરફથી દરેક ગ્રામપંચાયત તરફ મોકલવામાં આવ્યાં છે તે મેળવી જાહેરમાં લાવી પ્રચાર કરવા અમારી ખાસ ભલામણ છે.

વડોદરા,
તા. ૮–૮–૪૩

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક

* તમામ પુસ્તકાલયોએ અવશ્ય વસાવવા યોગ્ય એ લેખકનાં છ પુસ્તકોનો આખો સેટ રૂા. ૩૦) માં મળશે. જેમની પાસે થોડાં હોય અને બાકીનાં ખરીદવાનાં હશે તો જેટલી કિંમતનાં ખરીદાયાં હશે તે મજરે મળશે. લેખકની ભલામણ પ્રમાણે જે પુસ્તકાલયો આ આખો સેટ લઈ શકે તેમ હોય તેમને ખરીદવા ભલામણ છે.

જાહેરાત અંક ૧ સને ૧૯૪૩-૪૪

સન ૧૯૪૨-૪૩ માં પ્રાંતવાર નવીન પુસ્તકાલયો ઉઘાડવામાં આવ્યાં તેની યાદી

મહેસાણા પ્રાંત

આંતરસુંબા મહાલ

		વસ્તી
૧	ગરોડ	૫૦૯
૨	ઝંઝા	૫૩૧
* ૩	વાયજીપુર	૪૦૨
૪	કમાલબંધ વાસણા	૬૨૨

કલોલ મહાલ

૫	નાદરી	૨૯૫

ખેરાળુ મહાલ

		વસ્તી
૬	પાન્છા	૬૮૪
* ૭	ગોરીસણા	૮૪૨

દહેગામ મહાલ

૮	કડાદરા	૧૩૩૪
૯	સીહોલી મોટી	૧૦૨૧
૧૦	વાસણાચોધરી	૧૧૩૪

પાટણ મહાલ

		વસ્તી
૧૧	વામૈયા	૧૮૩૧
૧૨	સાંપરા	૧૬૬૨

મહેસાણા મહાલ

૧૩	સિદ્ધાસણા	૩૦૫
૧૪	બાસરીઆ	૩૪૭
૧૫	મુદરડા	૧૨૩૦
*૧૬	નવીસેઢાવી	૬૫૪
૧૭	ધોળાસણ	૧૧૬૮
૧૮	કુકસ	૫૫૬
૧૯	શોભાસણ	૭૬૫

વિજાપુર મહાલ

૨૦	હરણાહોડા	૧૨૧૬
૨૧	ખભરામપુરા	૩૪૨

વડોદરા પ્રાંત

વડોદરા મહાલ

૨૨	કોટણા	૬૪૩
૨૩	મોતીઆપુરા	૫૦૬
૨૪	ગોસીંદા	૪૫૯
૨૫	ખલીપુર	૪૩૭
*૨૬	કપુરાઇ	૫૭૮

પાદરા મહાલ

૨૭	મદાપુર	૩૯૩

તીલકવાડા મહાલ

+૨૮	જેમલગઢ	૩૧૧

વાઘોડીઆ મહાલ

૨૯	અલવા	૬૨૬

સંખેડા મહાલ

૩૦	લોટીઆ	૪૦૯
+૩૧	સૂર્યા	૨૪૮
+૩૨	કાળી તલાવડી	૩૯૯

સાવલી મહાલ

૩૩	જાંબુગોરલ	૨૬૯
૩૪	કડાછલા	૩૬૬
૩૫	સગલાયા	૫૮૭
૩૬	વેમાર	૫૭૭
૩૭	ધંટીઆળ	૭૪૧

નવસારી પ્રાંત

વ્યારા મહાલ

*૩૮	ઉમરવાવદૂર	૮૦૭
*૩૯	બેડકુવાદૂર	૧૨૨૫
*૪૦	આંબોયા	૨૮૮
,૪૧	ઉંચામાળા	૧૩૧૪

મહુવા મહાલ

×૪૨	હળદવા	૮૩૦

અમરેલી પ્રાંત

કોડીનાર મહાલ

૪૩	પીપળી	૮૨૬
૪૪	માલસરમ	૮૨૦
*૪૫	માલગામ	૫૭૪
*૪૬	દેવળપુર	૭૭૭

ધારી મહાલ

*૪૭	હડાલી	૪૦૨
૪૮	કમી	૬૬૩
*૪૯	પાણીઆ	૨૦૩

ઓખામંડળ મહાલ

૫૦	મિઠાપુર	૩૩૩૭

વડોદરા
તા. ૮-૮-૪૩

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક

---

* હિરક નોંધમાંથી મદદ મેળવી છે. + આ પુસ્તકાલયોને ખત્રી સ્મારકમાંથી મદદ મળી છે, × પુસ્તકાલય ગ્રાંટને સ્મારકમાંથી લેવું થયું છે.

વડોદરા રાજ્યનાં સાર્વજનિક પુસ્તકાલયો અને વાચનાલયોની

અનુક્રમ નંબર	મહાલનું નામ	મહાલવાર ગામો	શાળાવાળાં ગામ	પુસ્તકાલયો સંબંધી વિગત						
				ફક્ત પુસ્તકાલય	ફક્ત વાં. તથા મહિલા ખાતા પ.			ગ્રામ પુસ્તકાલય	ગ્રામ વાચનાલય	કુલ	મદદ લેનારની સંખ્યા
૧	૨	૩	૪	૫	૬			૭	૮	૯	૧૦
	વડોદરા પ્રાંત										
૧	પેટલાદ	૭૩	૭૨	૭	૦	૪	૩	૬૫	૦	૭૯	૭૧
૨	ભાદરણ	૩૧	૨૭	૧	૦	૧	૧	૨૭	૦	૩૦	૨૮
૩	વડોદરા	૧૧૯	૭૮	૧	૧	૦	૦	૭૬	૪	૮૨	૬૭
૪	પાદરા	૮૨	૭૨	૧	૦	૦	૦	૭૨	૧	૭૪	૬૪
૫	કરજણ	૯૮	૭૮	૧	૦	૦	૦	૮૦	૦	૮૧	૬૮
૬	ડભોઈ	૯૭	૪૮	૧	૦	૧	૧	૫૦	૧	૫૪	૪૪
૭	શિનોર	૪૫	૩૯	૧	૦	૧	૦	૪૨	૦	૪૪	૩૮
૮	સાવલી	૭૨	૩૪	૧	૦	૦	૧	૩૭	૩	૪૨	૩૮
૯	વાઘોડીઆ	૭૧	૨૮	૧	૦	૦	૦	૨૪	૫	૩૦	૨૬
૧૦	સંખેડા	૧૩૦	૪૯	૨	૦	૦	૦	૪૮	૧	૫૧	૪૦
૧૧	તિલકવાડા	૩૪	૮	૧	૦	૦	૦	૬	૦	૭	૬
	કુલ	૮૫૨	૫૩૩	૧૮	૧	૭	૬	૫૨૭	૧૫	૫૭૪	૪૬૦
	મહેસાણા પ્રાંત										
૧૨	દહેગામ	૬૬	૪૧	૧	૦	૦	૦	૩૦	૪	૩૫	૩૪
૧૩	આતરસુંબા	૪૦	૧૮	૧	૦	૦	૦	૧૫	૨	૧૭	૧૭
૧૪	કડી	૧૨૧	૫૪	૧	૦	૦	૦	૫૪	૦	૫૫	૫૧
૧૫	કલોલ	૬૧	૫૧	૧	૦	૧	૦	૪૭	૨	૫૧	૪૮
૧૬	વિજાપુર	૮૭	૬૪	૨	૦	૧	૦	૬૪	૦	૬૭	૬૪
૧૭	વિસનગર	૫૬	૪૦	૧	૦	૨	૦	૪૦	૨	૪૫	૪૦
૧૮	મહેસાણા	૮૪	૫૭	૧	૦	૦	૦	૫૧	૧	૫૩	૪૯
૧૯	સિદ્ધપુર	૮૧	૪૪	૨	૦	૨	૧	૪૩	૦	૪૮	૪૪
૨૦	ખેરાળુ	૬૧	૪૪	૨	૦	૧	૧	૩૮	૧	૪૩	૩૬
૨૧	પાટણ	૧૪૦	૪૩	૧	૧	૧	૧	૪૧	૦	૪૫	૪૧
૨૨	ચાણસ્મા	૧૧૩	૫૪	૨	૦	૦	૦	૫૪	૦	૫૬	૫૧
૨૩	હારીજ	૩૮	૭	૦	૦	૦	૦	૭	૦	૭	૬
	કુલ	૧૦૩૮	૫૧૭	૧૫	૧	૮	૩	૪૮૪	૧૧	૫૨૨	૪૮૧

સને ૧૯૪૩-૪૪

મહાલવાર સંખ્યા અને તેમને અપાયેલી મદદ સને ૧૯૪૨-૪૩

સરકાર મદદની વિગત		પંચાયત મદદની વિગત		શેરો
કરખા પુ. ને કરખા વા. ને તથા મહિલા તથા બાલ પુ. ને	ગ્રામ પુસ્તકાલયો તથા વાચનાલયોને	કરખા પુ. ને તથા કરખા વાં. મહિલા તથા બાલ પુ. ને	ગ્રામ પુસ્તકાલયોને તથા વાચનાલયોને	
૧૧	૧૨	૧૩	૧૪	૧૫
૨૧૦૫-૦-૦	૧૩૮૪-૦-૦	૧૮૪૦-૦-૦	૧૩૮૪-૦-૦	(૧) વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળને વડોદરા પ્રાંત પંચાયત મદદના રૂા. ૪૫૨-૦-૦ આપવામાં આવ્યા છે.
૪૭૫-૦-૦	૮૬૭-૮-૦	૪૦૦-૦-૦	૮૬૭-૮-૦	
૫૫૦-૦-૦	૧૫૦૬-૦-૦	૫૦-૦-૦	૧૫૦૬-૦-૦	
૨૫૦-૦-૦	૧૨૫૦-૮-૦	૧૭૫-૦-૦	૧૨૫૦-૮-૦	
૨૬૫-૦-૦	૧૨૪૬-૮-૦	૨૨૦-૦-૦	૧૨૪૬-૮-૦	
૦-૦-૦	૭૧૧-૦-૦	૦-૦-૦	૭૧૧-૦-૦	
૨૫૦-૦-૦	૮૧૩-૦-૦	૨૫૦-૦-૦	૮૧૩-૦-૦	
૨૩૦-૦-૦	૭૭૫-૮-૦	૧૬૦-૦-૦	૭૭૫-૮-૦	
૩૦૦-૦-૦	૪૧૮-૮-૦	૧૫૦-૦-૦	૪૧૮-૮-૦	
૪૫૦-૦-૦	૬૮૬-૮-૦	૩૩૦-૦-૦	૬૮૬-૮-૦	
૧૦૦-૦-૦	૧૫૩-૮-૦	૧૦૦-૦-૦	૧૫૩-૮-૦	
૫૦૦૫-૦-૦	૬૮૧૨-૮-૦	૩૬૭૫-૦-૦	૬૮૧૨-૮-૦	
૨૦૦-૦-૦	૫૦૬-૦-૦	૧૫૦-૦-૦	૫૦૬-૦-૦	(૧) વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળને મહેસાણા પ્રાંત પંચાયત મદદના રૂા. ૪૩૩-૦-૦ આપવામાં આવ્યા છે.
૧૨૫-૦-૦	૨૪૬-૮-૦	૧૦૦-૦-૦	૨૪૬-૮-૦	
૨૭૫-૦-૦	૬૮૪-૦-૦	૨૦૦-૦-૦	૬૮૪-૦-૦	
૨૬૦-૦-૦	૬૩૩-૮-૦	૧૦૦-૦-૦	૬૩૩-૮-૦	
૫૦૦-૦-૦	૧૫૮૭-૦-૦	૪૮૦-૦-૦	૧૫૮૭-૦-૦	
૩૫૦-૦-૦	૭૧૭-૦-૦	૩૫૦-૦-૦	૭૧૭-૦-૦	
૫૫૦-૦-૦	૧૦૦૨-૦-૦	૪૭૫-૦-૦	૧૦૦૨-૦-૦	(૨) મહેસાણા પ્રાંતમાં મકાનો ખાતે સરકાર મદદના રૂા. ૧૬૬-૦-૦ મદદ કરવામાં આવ્યા છે.
૬૧૫-૦-૦	૬૯૦-૮-૦	૫૨૫-૦-૦	૬૯૦-૮-૦	
૫૬૦-૦-૦	૫૪૪-૦-૦	૫૩૦-૦-૦	૫૪૪-૦-૦	
૩૫૦-૦-૦	૮૦૪-૮-૦	૧૬૫-૦-૦	૮૦૪-૮-૦	
૩૭૫-૦-૦	૭૭૨-૦-૦	૧૫૦-૦-૦	૭૭૨-૦-૦	
૦-૦-૦	૮૦-૦-૦	૦-૦-૦	૮૦-૦-૦	
૪૧૬૦-૦-૦	૮૫૭૩-૦-૦	૩૨૫૫-૦-૦	૮૫૭૩-૦-૦	

	નવસારી પ્રાંત										
૨૪	નવસારી	૬૧	૪૩	૧	૦	૧	૧	૪૪	૧	૪૮	૪૧
૨૫	ગણદેવી	૩૦	૨૩	૨	૦	૧	૦	૨૪	૧	૨૮	૨૪
૨૬	પલસાણા	૫૨	૩૦	૧	૦	૦	૦	૩૦	૧	૩૨	૩૧
૨૭	કામરેજ	૭૨	૪૨	૧	૦	૦	૦	૪૩	૨	૪૬	૪૪
૨૮	મહુવા	૬૯	૪૦	૦	૦	૦	૦	૨૮	૨	૩૦	૨૮
૨૯	માંગરોળ	૧૩૨	૨૦	૦	૦	૦	૦	૨૩	૦	૨૩	૧૬
૩૦	સોનગઢ	૨૨૧	૯	૧	૦	૦	૦	૨	૦	૩	૨
૩૧	વ્યારા	૧૫૨	૩૪	૧	૦	૧	૦	૧૮	૪	૨૪	૧૯
	કુલ	૭૮૯	૨૪૧	૭	૦	૩	૧	૨૧૨	૧૧	૨૩૪	૨૦૫
	અમરેલી પ્રાંત										
૩૨	અમરેલી	૫૯	૪૯	૧	૦	૧	૧	૪૨	૫	૫૦	૫૦
૩૩	દામનગર	૨૬	૨૦	૧	૦	૦	૦	૧૯	૦	૨૦	૧૯
૩૪	ધારી	૫૭	૨૨	૧	૦	૦	૧	૨૧	૦	૨૩	૨૨
૩૫	ખાંભા	૩૧	૮	૦	૦	૦	૦	૬	૦	૬	૫
૩૬	કોડીનાર	૬૪	૨૫	૧	૦	૦	૦	૨૨	૦	૨૩	૨૧
૩૭	રતનપુર	૮	૬	૦	૦	૦	૦	૭	૦	૭	૬
૩૮	ભીમકટા	૧	૧	૦	૦	૦	૦	૧	૦	૧	૧
૩૯	ઓખામંડળ	૪૪	૧૨	૨	૦	૨	૧	૧૦	૦	૧૫	૧૩
	કુલ	૨૯૦	૧૪૩	૬	૦	૩	૩	૧૨૮	૫	૧૪૫	૧૨૬
	કુલ એકંદર		૧૪૩૪	૪૬	૨	૨૧	૧૩	૧૩૫૧	૪૨	૧૪૭૫	૧૩૧૨

(૧) સરકારમદદની વિશેષ હકીકત

અ ચાલુ સાલે ઉઘાડેલાં નવીન ૫૦ પુસ્તકાલયોને પુસ્તકો ખાતે મદદ આપવામાં આવી તે — રૂા. ૩૭૪૫-૨-૯

આ વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળને નિભાવવા માટે સરકારમદદના — રૂા. ૧૨૦૦-૦-૦

(૨) કુલ એકંદર સરકાર મદદ — રૂા. ૪૪૯૭૫-૨-૬

(૩) પંચાયત મદદ કુલ એકંદર મકાન મદદ સાથે — રૂા. ૩૪૪૫૧-૮-૦

૫૨૫–૦–૦	૯૦૬–૮–૦	૦–૦–૦	૯૦૬–૦–૦	(૧) વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળને નવસારી પ્રાંત પંચાયત મદદના રૂા. ૧૯૦–૦–૦ આપવામાં આવ્યા છે.
૬૩૦–૦–૦	૪૫૮–૦–૦	૦–૦–૦	૪૫૮–૦–૦	
૩૦૦–૦૦	૭૪૮–૦–૦	૨૦૦–૦–૦	૭૪૮–૦–૦	
૨૭૫–૦–૦	૧૦૬૫–૮–૦	૦–૦–૦	૯૬૫–૮–૦	
૦–૦–૦	૫૪૮–૮–૦	૦–૦–૦	૫૪૮–૮–૦	
૦–૦–૦	૬૩૦–૦–૦	૦–૦–૦	૬૩૦–૦–૦	(૨) નવસારી પ્રાંત પંચાયતે મકાન માટે પંચાયત મદદના શામપુરા તા. કામરેજ પુસ્તકાલયને રૂા. ૭૫૦–૦–૦ અદા કર્યા છે.
૧૪૫–૦–૦	૫–૮–૦	૦–૦–૦	૫–૮–૦	
૩૧૦–૦–૦	૨૭૫–૮–૦	૦–૦–૦	૨૭૫–૮–૦	
૨૧૭૫–૦–૦	૪૬૪૦–૮–૦	૨૦૦–૦–૦	૪૫૪૦–૮–૦	
વળી આવાં પત્રો–માસિકો પસંદ કરતી વેળા કેટલીક વાર આગલા વર્ષે પસંદ કરાયાં હોય તેનાં તે જ સામયિકો–ખાસ કરીને માસિકો–ની પસંદગી થાય છે તે પદ્ધતિ પણ બરાબર નથી. ગયા વર્ષે મંગાવેલાં માસિકોમાં વાચકોએ કયાં વાંચવામાં વધુ રસ લીધો અને જનતાને કયાં વધુ ઉપકારક નીવડયાં તે પણ વિચારવું જોઇએ. ખાસ કરીને બાલમાસિકો અથવા સ્ત્રીમાસિકોમાં આ બાબત ખાસ તપાસવી જોઇએ. એવું કોઇ માસિક સસ્તુ હોય છતાં તેમાં આવતું વાચન બાળકો કે સ્ત્રીઓને રુચિકર અથવા વાંચવામાં રસ ઉત્પન્ન કરે કે જ્ઞાનદાયક ન હોય તો નવે વર્ષે તેમાં ફેરફાર કરી શકાય. અથવા ગયે વર્ષે અમુક બાલમાસિક કે સ્ત્રીમાસિક મંગાવ્યું હોય તો નવે વર્ષે બીજું નવું મંગાવી બાળકોને તે કેટલું વધુ રુચિકર નીવડે તેમ છે તે પણ જોવું જોઇએ. આ સિવાય એ બાબતમાં સરળ ઉપાય એ છે કે, આવાં માસિકોના નમુનાના અંક મંગાવી જોવા, બાળકોમાં ફરતા કરવા અને બાળકની વાચનવૃત્તિ કયા પર ઊતરે છે તે અજમાવીને તે માસિક મંગાવવું વધુ ઠીક થઈ પડશે. અને આવાં માસિકોના સંચાલકો નમુનાનો અંક મોકલવા ભાગ્યે જ ના પાડશે; અરે, કેટલાક તો નમુનાનો અંક મફત પણ મોકલી આપે છે. અન્ય માસિકોની પસંદગીમાં પણ આ અખતરો અજમાવશો તો તેમાંથી પણ તમોને કયું માસિક પસંદ કરવું તે વધુ સુગમ અને સરળ થઈ પડશે.

દૈનિક વા અઠવાડીક પત્રોની બાબત પણ કેટલોક વિચાર માગી લે છે. નાની રકમનું બજેટ હોય છતાં ભારે કિંમતનું દૈનિક વર્તમાનપત્ર માગવામાં આવે તો તે ન સ્વીકારાય એ સ્વાભાવિક છે. એટલે પોતાની બજેટની રકમ લક્ષ્યમાં રાખીને પુસ્તકાલયને પરવડે તેવું દૈનિક મંગાવવું વધુ ઇષ્ટ છે. અને દૈનિક પત્ર માટે રકમની જોગવાઇ ન થઈ શકે તેમ હોય તો અર્ધસાપ્તાહિકથી અથવા અઠવાડીકથી સંતોષ માનવો જોઇએ અને છેક નાની રકમના બજેટવાળાં પુસ્તકાલયોએ તો રાજ્યમાંથી પ્રકટ થતાં અઠવાડીકોથી જ સંતોષ માનવો રહ્યો.

પુસ્તકપસંદગી

પુસ્તકો પસંદ કરતી વખતે કેટલેક સ્થળે બુકસેલરો તરફથી મળેલાં સૂચિ-પત્રોમાં છપાતાં પુસ્તકોનાં નામોના આધારે પસંદગી કરવામાં આવે છે અથવા મંત્રી કે ગ્રંથપાલ અથવા ગામમાં વધુ લાગવગ ધરાવનાર વ્યક્તિની માગણીનાં પુસ્તકો પણ માગવામાં આવે છે. પુસ્તકપસંદગીની બાબતમાં આ નીતિ બરાબર નથી. પુસ્તકો પસંદ કરતી વખતે વ્યવસ્થાપક મંડળના સભ્યોની સલાહ લો. તમારે ત્યાં

આવતાં વાચકોને અવારનવાર પૂછતા રહો. અને "પુસ્તકાલય" માસિકમાં વા અન્ય માસિકો કે સામયિકોમાં આવતાં અવલોકનો કે પુસ્તકપરિચયોથી વખતોવખત વાકેફગાર થતા જાઓ. એટલે કયું બહાર પડેલું પુસ્તક ખરીદવા જેવું છે તેનો કંઈક ખ્યાલ તમને મળશે. અને એ રીતે પુસ્તકપસંદગીનો તમારો માર્ગ સરળ બની જશે. પરંતુ ખાસ ધ્યાનમાં રાખવા જેવી વાત એ છે કે, અશિષ્ટ કે અનિષ્ટ પુસ્તકો તમારા પુસ્તકાલયમાં ન પેસી જાય તેની પણ ખાસ તકેદારી રાખજો.

બાળકો અને પ્રૌઢો માટે

વળી પુસ્તકાલયમાં વધુ વાચકો તો ગામનાં ઉછરતાં બાળકો અને જુવાનો હશે, તેમ જ પ્રૌઢશિક્ષણપ્રવૃત્તિના પરિણામે નવા વાંચતાં શીખેલા પ્રૌઢો માટેનાં પુસ્તકોનો પણ તમારે વિચાર કરવાનો છે. આ બાબતમાં બાળકો અને પ્રૌઢો સરળતાથી વાંચી સમજી શકે તેવી નાની નાની સરળ ભાષામાં અને મોટા અક્ષરે જ્ઞાન આપે એવી જે પુસ્તિકાઓ પ્રકટ થઈ હોય તે પણ લક્ષ્યમાં લેતા જજો અને એમને માટેનાં પુસ્તકો પણ વસાવવાનું રખે ચૂકતા.

ગ્રંથમાળાઓ શા માટે ?

એક વધુ લાલ બત્તી અહીં ધરવી અસ્થાને નહિ લેખાય. અને તે ગ્રંથમાળાઓને લગતી. આપણે ત્યાં હમણાં હમણાં જુદા જુદા પ્રકારની અને જુદી જુદી લાલચો બતાવતી કેટલીક ગ્રંથમાળાઓ અગાઉથી લવાજમ લઈ પુસ્તકો બહાર પાડવાની જાહેરાતો થાય છે અને પાછળથી તેનું પરિણામ કેટલીક વાર લવાજમનાં નાણાં ગુમાવવામાં આવે છે. આવું ન થાય તે માટે ખાસ તકેદારી રાખવી જરૂરી છે. એટલે અગાઉથી લવાજમ માગતી ગ્રંથમાળાઓના ગ્રાહકો થઈ ગમે તેવાં-કદી કદી અણગમતાં પુસ્તકો વહોરી લઈ પાછળથી પસ્તાવા વખત ન આવે તે માટે પ્રતિષ્ઠિત ગ્રંથમાળાઓ સિવાયની ગ્રંથમાળાના ગ્રાહક થવાનું હમેશ માટે માંડી વાળજો. રૂબે એવી ગ્રંથમાળાઓના ગ્રાહક થતા.

હવે છેલ્લી પણ અગત્યની લક્ષ્યમાં રાખવા જેવી એક બાબત છે. કેટલાક ગ્રંથપાલો બજેટ સાથે પુસ્તકોની યાદી જ મોકલતા નથી, જ્યારે કેટલાકો ખાતાની પસંદગીનાં પુસ્તકો મોકલવા જણાવે છે. આ રીત બરાબર નથી. ખાતુ પોતાની પસંદગીનાં પુસ્તકો મોકલે તેમાં કોઇ એવાં પણ હોય જે અગાઉ પુસ્તકાલયમાં આવી પણ ગયાં હોય; સ્વાભાવિક છે કે, ખાતાને આ વિષેનો ખ્યાલ ન પણ હોય.

વળી પોતે મોકલેલી યાદીમાં ખાસ જરૂરી પુસ્તકો કયાં છે તે અવશ્ય જણાવવું કે જેથી તે મોકલવા પુ. સ. સ. મંડળ ખાસ તજવીજ કરી શકે.

બજેટ બનાવતી વખતે પુસ્તકાલયના મંત્રી-ગ્રંથપાલો આટલી બાબત ધ્યાન પર રાખશે તો તેમનો પત્રો-માસિકો તેમ જ પુસ્તકપસંદગીનો માર્ગ સરળ બની જશે અને વ્યર્થ પત્રવ્યવહારમાં નહિ ઊતરવું પડે.

સાહિત્યસૃષ્ટિનું અવનવું

' ડેઇલી ગેઝેટ 'ના તંત્રી શ્રી. એમ. એસ. શર્માએ અમેરિકન પ્રકાશકોની પેઢી સાથે યુદ્ધ પછી ' હિંદી બાબતો ' વિષે ત્રણ પુસ્તકો લખવાનો કોન્ટ્રેક્ટ કર્યો છે. આ ગ્રંથોની અંદર ' યુદ્ધ સમયનું પત્રકારિત્વ ' ઉપર પણ એક ગ્રંથનો સમાવેશ થશે.

❀

' શંકરરામ 'ની સંજ્ઞાથી લખતા શ્રી. ટી. એલ. નાટેસને પોતાની અંગ્રેજી નવલકથા ' ધી લવ ઑફ ડસ્ટ ' (The Love of Dust)નું તામિલમાં ' મન્નસૈ ' શીર્ષકથી ભાષાંતર કર્યું છે. છ શ્રેષ્ઠ તામિલ નવલકથામાં તેની ગણતરી કરવામાં આવી છે.

❀

જ્યે શ્રી. રવીન્દ્રનાથ ટાગોરે બંગાળી સાહિત્યના ભોગે અંગ્રેજી સાહિત્યને સમૃદ્ધ કર્યું હોત અને જો સર વિલિયમ રોથન્સ્ટીન બંગાળી હોત તો તેણે તાજેતરમાં કરેલ ટીકા વધારે ગણનાપાત્ર હોત. તેનું એમ કહેવું છે કે અંગ્રેજી પરિધાનમાં કાવ્ય, નિબંધો અને નવલકથાના ઉપરાઉપરી ગ્રંથો બહાર પાડવાથી ટાગોરની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચ્યો અને ગીતાંજલિથી તેમને પ્રાપ્ત થયેલ પ્રશંસામાં ઘટાડો થતો ગયો. સર વિલિયમ આગળ જતાં કહે છે કે યીટસને પણ એમ લાગવા માંડયું કે અંગ્રેજીમાં આટલાં બધાં પુસ્તકો પ્રગટ કરવામાં ટાગોર ભૂલ કરી રહ્યા હતા. કેમકે દેશભક્ત તરીકે તેમણે ફક્ત બંગાળી ભાષાનો જ ઉપયોગ કરવો જોઇતો હતો. આ ફરિયાદ ગમે તેવી કડવી હોવા છતાં સાચી હોઇ શકે. પરંતુ કોઇપણ બંગાળીને પૂછી જુઓ કે ' ટાગોરે બીજી ભાષામાં પુસ્તકો લખ્યાં તેથી તેમારી ભાષાને કંઇ નુકસાન થયું છે ખરું ? તેમનું અંગ્રેજી લખાણ તો બંગાળીથી ભરપૂર ટેબલ પરથી પડેલા ટુકડા સમાન છે.

❀

બિહારના લેખકો તથા કળાકારોનું મંડળ સ્થાપવાનો ઠરાવ તા. ૨૭ એપ્રિલે પટણામાં મળેલી સભામાં પસાર કરવામાં આવ્યો હતો, અને બંધારણ ઘડવા માટે એક સબ કમિટિ નીમવામાં આવી હતી.

❀

શ્રી. પ્રભુ ગુહા તાકુર્તાનું હૃદય બંધ થવાથી ૪૨ વર્ષની નાની વયે અવસાન થતાં બંગાળના સાહિત્યરસિકોમાં શોકની લાગણી પ્રવર્તી રહી છે. તેણે લંડનની પી. એચ. ડી. ની ડીગ્રી પ્રાપ્ત કરી હતી તે માટેનો તેનો વિષય ' બંગાળી નાટક ' હતો. લંડનના પ્રકાશકો ' કેગન પૉલે ' તે શીર્ષક હેઠળ એ પ્રગટ કર્યું હતું.

❀

ગઇ તા. ૨૭ એપ્રિલે, સર જદુનાથ સરકારના પ્રમુખપણા હેઠળ બંગીય સાહિત્ય પરિષદે બંકિમચંદ્ર ચેટરજીની ૧૦૫ મી જન્મગાંઠ ઉજવી હતી.

❀

રાયપુરના શ્રી. જી. પી. શ્યાનને તેમના નાટક ' જીવન-સુધાર ' માટે એકસાઇઝ કમીશનરે રૂા. ૧૦૦] નું ઇનામ આપ્યું છે.

❧

અલ્લાહાબાદની હિંદુસ્તાની એકેડેમીના પ્રમુખ ડૉ. રાયરાજેશ્વર બલિએ હિંદી અને ઉર્દૂ ભાષામાં સારાં પુસ્તકો લખવા માટે સંખ્યાબંધ ઇનામોની જાહેરાત કરી છે. તે કાર્ય માટે ત્રણ વર્ષ માટે વાર્ષિક ૪,૦૦૦ રૂા. આપવાનું પણ વચન આપ્યું છે. કમિટિ વિષયો તથા શરતોની યાદી તૈયાર કરી રહી છે.

❧

બાંકીપોરથી રામદહીન મિશ્રના તંત્રીપણા હેઠળ પ્રગટ થતા ' કિશોર 'ના છઠ્ઠા વર્ષનો પહેલો અંક ' વિક્રમઅંક ' તરીકે પ્રગટ થયો છે.

❧

પુનાનું ' સહ્યાદ્રિ ' ૧૯૩૫ ના જાન્યુઆરીમાં શરૂ થયું છે. શ્રી. એન. સી. કેળકરની સૂચના હેઠળ શ્રી. ડી. વી. કાળે તેનું સંચાલન કરી રહ્યા છે. એપ્રિલમાં તેનો શતાંક પ્રગટ થયો છે. તે અંકમાં તંત્રીએ આઠ વર્ષમાં બજાવેલ કાર્યની નોંધ લીધી છે. વૈજ્ઞાનિક ઔદ્યોગિક તથા તેવા બીજા વિષયોના સાહિત્યની ઉણપ હોવાનું તંત્રી જણાવે છે.

❧

પ્રખ્યાત મરાઠી નાટ્યલેખક તથા નવલિકાલેખક શ્રી. બી. વી. વરેરકરનો એકસઠમો જન્મમહોત્સવ, સંખ્યાબંધ સાહિત્ય સભાઓ તરફથી મુંબઇમાં તા. ૨૭ એપ્રિલે ઉજવવામાં આવ્યો હતો. તેમની અનેકવિધ સાહિત્યપ્રવૃત્તિ વિષે ભાષણો થયાં હતાં અને તેમનું નાટક ' સદા બંદીવાન ' ભજવી બતાવવામા આવ્યું હતું. આ નાટકની વસ્તુ ગાલ્સવર્થીના નાટક ' જસ્ટીસ ' (Justice)ને મળતી આવે છે. શ્રી. પી. એમ. લાડ આઇ. સી. એસે. તેમનાં કેટલાંક નાટકોના પશ્ચિમના પ્રસિદ્ધ નાટ્યકારોના નાટકોની સાથે સરખામણી કરી હતી.

❧

હિંદના મહાન ઇતિહાસકાવ્ય ' મહાભારત 'નો હવે રશિયન ભાષામાં અનુવાદ થઇ રહ્યાના ખબર મળે છે. સંસ્કૃત ભાષાના એક રશિયન વિદ્વાને આ કાર્ય માથે ઉપાડી લીધેલ છે. એનો પહેલો ભાગ તાજેતરમાં પ્રકટ થયાના સમાચાર બહાર આવ્યા છે.

❧

સર વિલિયમ બેવરીજના પુસ્તક ' બ્રિટિશ સોસ્યલ ઇન્સ્યુરન્સ એન્ડ એલાઇડ સર્વિસીઝ 'ની પ્રગટ થતાં જ એક દિવસમાં ૭૦ હજાર નકલો ખપી ગઇ હતી. પરંતુ સ્ટેશનરી ઑફિસનું ખૂબ ખપતું પ્રકાશન તો હજુ પણ ' બેટલ ઑફ બ્રિટન ' છે. અત્યાર સુધીમાં તેની સાડી બેતાળીસ લાખ નકલો ખપી ગઇ છે ! !

છોટાલાલ માનસિંગ કામદાર

હિંદ વિષેનાં અંગ્રેજી પુસ્તકો

ચારેક મહિના પહેલાં મુંબઇના સુપ્રસિદ્ધ સાપ્તાહિક 'ઇલસ્ટ્રેટેડ વીકલી ઑફ ઇન્ડિયા' એ આ સંબંધી એક હરિફાઇ ગોઠવી હતી. કુલ ૧૫૪ હરીફોએ ભાગ લીધો હતો. લગભગ ૩૦૦ પુસ્તકોનાં નામ મળ્યા હતાં. તેમાંથી ૧૫ પુસ્તકોનાં નામ પસંદ કરવાનું કાર્ય જેવું તેવું દુષ્કર નહોતું. પુસ્તકોને નીચે પ્રમાણે મતો મળ્યા હતાઃ—

	મત
૧ જવાહરલાલ નેહરુ 'આત્મકથા'	૧૦૩
૨ મહાત્મા ગાંધી 'સત્યના પ્રયોગો'	૭૦
૩ મીનુ મસાણી 'અવર ઇન્ડિયા'	૭૦
૪ રવીન્દ્રનાથ ટાગોર 'ગીતાંજલિ'	૫૬
૫ એફ. આર. મોરેસ 'ધી સ્ટોરી ઑફ ઇન્ડિયા'	૩૪
૬ લાલા લજપતરાય 'અનહેપી ઇન્ડિયા' (દુઃખી ભારત)	૨૮
૭ ભગવદ્‌ગીતા—ગમે તે સારાં ભાષાંતર	૨૭
૮ કે. ટી. શાહ 'ધી સ્પ્લેન્ડર ધેટ વૉઝ ઇન્ડ'	૨૬
૯ શ્રી રામકૃષ્ણ-શતાબ્દિ કમિટિએ પ્રગટ કરેલ 'ધી કલ્ચરલ હેરિટેજ ઑફ ઇન્ડિયા' ત્રણ ભાગ	૨૬
૧૦ સર એસ. રાધાકૃષ્ણન્ 'ધી હિંદુ વ્યુ ઑફ લાઇફ' (હિંદુ જીવનદર્શન)	૨૬
૧૧ રવીન્દ્રનાથ ટાગોર 'ગોરા'	૨૫
૧૨ કાલિદાસ 'શાકુંતલ'	૨૩
૧૩ ઇ. એમ. ફોર્સ્ટર 'એ પેસેજ ટુ ઇન્ડિયા'	૨૩
૧૪ રુડયાર્ડ કિપ્લિંગ 'કીમ'	૨૧
૧૫ રામાયણ	૨૦

ત્યાર પછીની પસંદગીમાં નીચેનાં પુસ્તકો આવ્યાં હતાંઃ—

૧ કર્નલ જે. ટોડ 'એનાલ્સ એન્ડ એન્ટીકવીટીઝ ઑફ રાજસ્થાન'	૧૯
૨ લુઇ બુમરીલ્ડ 'ધી રેઇન્સ કેમ'	૧૯
૩ પ્રો. મેકસ મૂલર 'ઇન્ડિયા—વૉટ કેન ઇટ ટીચ અસ'	૧૯
૪ સર એડવિન આર્નોલ્ડ 'ધી લાઇટ ઑફ એશિયા'	૧૮
૫ મહાભારત	૧૬
૬ સુરેન્દ્રનાથ બેનરજી 'એ નેશન ઇન ધી મેકીંગ'	૧૬
૭ એડવર્ડ ટોમ્સન 'એન ઇન્ડિયન ડે'	૧૬

ઉપરની પંદર પુસ્તકોની યાદી ઉપરથી જણાશે કે કુલ સંખ્યાનો ત્રીજો ભાગ ઇતિહાસ તથા રાજકારણનો છે. નવલકથા ત્રણ છે—રુડયાર્ડ કિપ્લિંગનું 'કીમ', ઇ. એમ. ફોર્સ્ટરનું 'પેસેજ ટુ ઇન્ડિયા' અને ડૉ. રવીન્દ્રનાથ ટાગોરનું 'ગોરા'. ત્રણ 'ક્લાસિક'—રામાયણ, ભગવદ્‌ગીતા અને કાલિદાસના શાકુંતલનો પણ સમાવેશ થાય છે. ડૉ. ટાગોરની નોબેલ પારિતોષિક વિજેતા 'ગીતાંજલિ'નું સ્થાન પણ ઉચ્ચ છે. પ્રો. શાહ તથા રામકૃષ્ણ શતાબ્દિ સ્મારક કમિટિનાં ત્રણ પ્રકાશનો તથા સર રાધાકૃષ્ણનનાં પુસ્તકો પણ આ પસંદગીમાં સ્થાન મેળવે છે.

ઘણાને આ યાદીથી સંતોષ થશે નહિ. ઘણાં જાણીતાં નામો આ યાદીમાં દેખાતાં નથી. ખાસ કરીને પ્રગતિશીલ લેખકો—મુલકરાજ આનંદ, અહમદઅલી અને રાજારાવ—નાં નામ દેખાતાં નથી. મુલકરાજ આનંદને કુલ ૩૪ મતો મળ્યા હતા. પરંતુ આમ તો તેના

પાંચ પુસ્તકો વચ્ચે વહેંચાઈ ગયા હતા. તેનાં બે પુસ્તકો 'ધી વિલેજ' અને 'અનટચેબલ્સ' દરેકને નવ મતો મળ્યા હતા. એડવર્ડ ટોમ્પ્સનના પુસ્તક 'એન ઇન્ડિયન ડે'નો નંબર ઊંચો આવવો જોઈતો હતો. સર રાધાકૃષ્ણનનાં પુસ્તક 'ધી હિંદુ વ્યુ ઑફ લાઇફ'ની સાથે સર મહમદ ઇકબાલના પુસ્તક 'અશ્રર. ઇ. ખુદી'નો સમાવેશ થવો જોઈતો હતો. છેલ્લા પુસ્તકનું અંગ્રેજી ભાષાંતર પ્રો. આર. એ. નિકલ્સને કર્યું છે. શામરાવ હિવળે અને વેરીઅર એલ્વિનનાં પુસ્તક 'સોંગ્સ ઑફ ધી ફોરેસ્ટ'નો સમાવેશ થવો જોઈતો હતો. દક્ષિણહિંદના લેખકોને તો ભૂલી જવાયા છે. બીજા કોઈ કારણથી નહિ પણ તે જ કારણસર રાજારાવના પુસ્તક 'કંથપુરા'નો સમાવેશ થવો જોઈતો હતો.

આ નામો ઉપરથી તથા બીજી માહિતી ઉપરથી તંત્રીએ નીચે પ્રમાણે યાદી તૈયાર કરી:—

૧ ઇ. એમ. ફોર્સ્ટર 'પેસેજ ટુ ઇન્ડિયા'	૯ શામરાવ હિવળે તથા વેરિયર એલ્વિન 'સોંગ્સ ઑફ ધી ફોરેસ્ટ'
૨ મુલ્કરાજ આનંદ 'ધી કૂલી'	૧૦ સરોજિની નાયડુ 'બર્ડ ઑફ ટાઇમ'
૩ જે. આર. એકર્લી 'હિંદુ હોલિડે'	૧૧ ફ્રાન્સિસ યીટસ બ્રાઉન 'બેંગાલ લાન્સર'
૪ એડવર્ડ ટોમ્પ્સન 'એન ઇન્ડિયન ડે'	૧૨ મિનુ મસાણી 'અવર ઇન્ડિયા'
૫ રવીન્દ્રનાથ ટાગોર 'ગોરા'	૧૩ મહાત્મા ગાંધી 'સત્યના પ્રયોગો'
૬ રાજારાવ 'કંથપુરા'	૧૪ જવાહરલાલ નેહરુ 'આત્મકથા'
૭ સર મહમદ ઇકબાલ 'સિક્રેટરી ઑફ સ્ટેટ'	૧૫ ગેરેટ અને ટોમ્પ્સન 'રાઇઝ એન્ડ ફુલફિલમેન્ટ ઑફ બ્રિટિશ રૂલ ઇન ઇન્ડિયા'
૮ સર એસ રાધાકૃષ્ણન્ 'ધી હિંદુ વ્યુ ઑફ લાઇફ'	

હરીફ અ. બી. અબ્દુલ્લાને નીચેની યાદી માટે ઇનામ આપવામાં આવ્યું હતું:—

૧ જવાહરલાલ નેહરુ 'આત્મકથા'	૮ મહમદ નોમેન 'મુસ્લીમ ઇન્ડિયા'
૨ રવીન્દ્રનાથ ટાગોર 'ગીતાંજલિ'	૯ રુડયાર્ડ કિપ્લિંગ 'કિમ'
૩ મીનુ મસાણી 'અવર ઇન્ડિયા'	૧૦ ઇ. એમ. ફોર્સ્ટર 'પેસેજ ટુ ઇન્ડિયા'
૪ કે. એસ. શેલવંકર 'ધી પ્રોબ્લેમ ઑફ ઇન્ડિયા'	૧૧ મુલ્કરાજ આનંદ 'ધી કૂલી'
૫ સી. એફ. એન્ડ્રુઝ 'ગાંધી, હીઝ ઓઉન સ્ટોરી'	૧૨ સર એડવિન આર્નોલ્ડ 'ધી સોંગ સીલેસ્ટિયલ'
૬ ગેરેટ અને ટોમ્પ્સન 'ધી રાઇઝ એન્ડ ફુલફિલમેન્ટ ઑફ બ્રિટિશ રૂલ ઇન ઇન્ડિયા'	૧૩ સર સર્વપલ્લી રાધાકૃષ્ણન્ 'ધી હિંદુ વ્યુ ઑફ લાઇફ'
૭ રોસીટા ફોર્બ્સ 'ઇન્ડિયા ઑફ ધી પ્રિન્સિસ'	૧૪ સર મહમદ ઇકબાલ 'ધી રીકન્સ્ટ્રક્શન ઑફ રીલિજીયસ થોટ ઇન ઇસ્લામ'
	૧૫ કે. ટી. શાહ 'રપ્રેઝન્ટર ઘેટ વૉઝ ઇન્ડ'

છાયાલાલ માનસિંગ કામદાર

ગુજરાતી ભાષાનાં શ્રેષ્ઠ પુસ્તકો

तुण्डे तुण्डे मतिर्भिन्ना–મગજે મગજે બુદ્ધિ બદલે છે; તે મુજબ ગુજરાતી ભાષામાં શ્રેષ્ઠ ૧૦–૨૦–૩૦–૪૦ પુસ્તકો કયાં એ વિષયમાં પણ જુદા જુદા અભિપ્રાયો પડવા સંભવ છે. મેં અહીં મારી સમજશક્તિ પ્રમાણે ૧૦–૨૦–૩૦–૪૦ ગુજરાતી સારામાં સારાં જે પુસ્તકો મને લાગ્યાં તે આપ્યાં છે. પરંતુ એમાં પણ મતભેદને સ્થાન છે. "પુસ્તકાલય"ના તંત્રી મહાશયને હું વિજ્ઞપ્તિ કરીશ કે આવી યાદીઓને સ્થાન આપીને ગુજરાતી સાહિત્યનાં શ્રેષ્ઠ પુસ્તકોની બહુમાન્ય યાદી છેવટે પ્રકટ કરે. આનો વિકાસ કરતાં કરતાં છેવટે એકસો સર્વશ્રેષ્ઠ પુસ્તકોની યાદી આપત, પરંતુ આ ધીમી શરૂઆત કરી છે.

ગુજરાતી ૧૦ શ્રેષ્ઠ પુસ્તકો ચિરંજીવ સાહિત્ય	કર્તા
૧ શ્રીનરસિંહ મહેતાનાં પદો	નરસિંહ મહેતા
૨ નળાખ્યાન	પ્રેમાનંદ ભટ્ટ
૩ મામેરું	,,
૪ દયારામભાઈનાં પદો	મહાકવિ દયારામ
૫ સરસ્વતીચંદ્ર	શ્રી. ગોવર્ધનરામ ત્રિપાઠી
૬ આત્મકથા	મહાત્મા ગાંધીજી
૭ જયા અને જયંત	શ્રી. નાનાલાલ કવિ
૮ ગીતગોવિંદ	શ્રી. કેશવ હર્ષદ ધ્રુવ
૯ ગુજરાતનો નાથ	શ્રી. ક. મા મુનશી
૧૦ ગુલાબસિંહ	શ્રી. મણિલાલ નભુભાઈ

આ દશની યાદી પછી બીજાં દશ પુસ્તકોની યાદી મારી સમજશક્તિ પ્રમાણે નીચે પ્રમાણે હું ગણું છું:—

૧ કલાપીનો કેકારવ	ઠાકોર શ્રી. સુરસિંહજી
૨ કાન્તનાં કાવ્યો	શ્રી. મણિશંકર રત્નજી ભટ્ટ
૩ બોટાદકરના રાસો	શ્રી. દા. ધ્રુ. બોટાદકર
૪ દિવ્યચક્ષુ	શ્રી. રમણલાલ દેશાઈ
૫ શ્રી. જવાહરલાલનો આત્મકથા	મહાદેવ હરિભાઈ દેશાઈ
૬ કાકાસાહેબના નિબંધો	કાકા કાલેલકર
૭ પ્રેમાનંદનું ઓખાહરણ	કવિ પ્રેમાનંદ
૮ તિલકગીતા	શ્રી ઉ. નૌ. ત્રિવેદી
૯ કુસુમમાળા	શ્રી. નરસિંહરાવ ભોળાનાથ
૧૦ નર્મકવિતા	કવિ નર્મદાશંકર લાલશંકર

આ યાદીમાં તીવ્ર મતભેદ રહેવા સંભવ છે. હવે પછીની ત્રીજી યાદી આ રહી:—

૧ મદનમોહના	કવિ શામળ ભટ્ટ
૨ નવલ ગ્રંથાવલી	શ્રી. નવલરામ લક્ષ્મીશંકર
૩ અખેગીતા	શ્રી અખો
૪ ભાલણનાં કાવ્યો	શ્રી ભાલણ
૫ અરતોદય અને નળદમયંતી	મનસુખરાય સૂર્યરાય ત્રિપાઠી
૬ લલિતા દુખદર્શક નાટક	રણછોડભાઈ ઉદયરામ
૭ દિગ્દર્શન	આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ
૮ દિરેફની વાતો	,, રામનારાયણ પાઠક
૯ ભદ્રંભદ્ર	શ્રી. રમણભાઈ નીલકંઠ
૧૦ તણખા	શ્રી. ધૂમકેતુ

ચોથી યાદી નીચે મુજબ છે—

૧ નાનાભાઈના મહાભારતના ભાગો	શ્રી. નાનાભાઈ ભટ્ટ
૨ ખબરદારની ભજનિકા	શ્રી અ. ફ. ખબરદાર
૩ સોરઠ તારાં વહેતાં પાણી	શ્રીઝવેરચંદ મેઘાણી
૪ વેનચરિત્ર	કવિશ્વર દલપતરામભાઈ
૫ દિવાસ્વપ્ન	શ્રી. ગિજુભાઈ બધેકા
૬ હિન્દ અને બ્રિટાનીઆ	શ્રી. ધનછારામ સુ. દેસાઈ
૭ ચંદ્રકાન્ત	,,
૮ કેશવકૃતિ	શ્રી. કેશવરાય હરિરાય
૯ શ્રી ઉમાશંકરનાં કાવ્યો	શ્રી. ઉમાશંકર
૧૦ શ્રી સુન્દરમ્‌નાં કાવ્યો	શ્રી. સુન્દરમ્
૧૧ શ્રી. ધનુભાલનાં કાવ્યો	શ્રી. ધનુભાલ

આમાં પણ કાવ્ય, નવલ, નાટકો, ચરિત્ર એ ગ્રંથોમાંથી જુદા જુદા વિભાગો કરી દશ દશ સારાં પુસ્તકો ચૂંટી શકાય.

ડુંગરસી ધરમસી સંપટ

શ્રી. કાકાસાહેબ કાલેલકર અને એમનાં સર્જનો

કાકા સાહેબની માતૃભાષા મરાઠી હોવા છતાં 'લોકજીવન' જેવું એકાદ પુસ્તક બાદ કરતાં, મરાઠીમાં તેમણે વિશેષ લખ્યું હોય તેમ જાણ્યામાં નથી. ગુજરાતી નહિ હોવા છતાં ગુજરાતી ભાષા પરનું તેમનું પ્રભુત્વ, ધરગથ્થુ શબ્દોનો સફળતાથી ઉપયોગ કરવાની શક્તિ, ભલભલા ગુજરાતી સાક્ષરોને પણ શરમાવે તેવી છે. તેમની વિદ્વાવિશારદતા, સાહિત્ય-રસિકતા અને તેમનું વ્યાપક અનુભવજ્ઞાન, એ તેમનાં પુસ્તકોનું મુખ્ય આકર્ષણ છે. તેમની કૃતિ-ઓમાં એક ઋષિમુનિની વિશુદ્ધ સૌમ્યતાનાં આપણને ડગલે ને પગલે દર્શન થાય છે. તેમની સત્ત્વગુણી વિચારશ્રેણી, વિષયો સમજાવવા સુંદર અને સચોટ રીતે દૃષ્ટાંતો આપવાની વિશિષ્ટ શક્તિ અને સંસ્કૃત સાહિત્યના લાંબા સમયના પરિશીલનથી કેળવેલી તેમની 'ફૂલ જેવી સુંદર, સુવાસિત અને સુકોમળ શૈલી' એ તેમનાં પુસ્તકોની લોકપ્રિયતાનું બીજું કારણ છે.

નવજીવન કાર્યાલય તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલ તેમનાં લખાણોનો પહેલો બૃહદ્ સંગ્રહ 'જીવનવિકાસ' છે. રૂપિયા આઠના માસિક પગારથી, રાષ્ટ્રીય શિક્ષણમાં ઝંપલા-વનાર, આજીવન કેળવણીકાર શ્રી. કાલેલકરે, જે પચીસ વર્ષ સુધી કેળવણીના કૂટ પ્રશ્નોનું એકનિષ્ઠાથી, અખંડ અને વ્યાપક ચિંતન કર્યું છે, કેળવણીનાં વિવિધ ક્ષેત્રોમાં જે અનેક પ્રયોગો કર્યા છે અને એક શિક્ષણશાસ્ત્રીની દૃષ્ટિથી જગતને જે સ્વરૂપે જોયું છે તેના પરિપાક-રૂપે આ પુસ્તક છે. તેઓ પોતે જ આ પુસ્તક માટે લખે છે કે "મારું બીજું લખાણ વિનોદરૂપે લખાયેલું છે, જ્યારે કેળવણી વિષેનું લખાણ જીવનના એક મિશન તરીકે અને સામાજિક જીવનની મીમાંસાના મહત્ત્વના અંગ તરીકે લખાયેલું છે. ગુજરાતની પ્રજા મને ભૂલે નહિ ત્યાં સુધી, મને સાહિત્યકાર તરીકે ન ઓળખે પણ કેળવણીકાર તરીકે ઓળખે એવી મારી આંતરિક ઇચ્છા છે." આજીવન કેળવણીકારની નિર્મળ દૃષ્ટિથી કેળવણીના જટિલ પ્રશ્નોનો ઉકેલ કરતું આ બૃહદ્ પુસ્તક વાંચ્યા પછી એમ જ લાગે કે ગુજરાતી ભાષામાં કેળવણી-વિષયક ગણ્યાંગાંઠ્યાં પુસ્તકોમાં ઘણાં વર્ષ સુધી એક દીવાદાંડી સમાન આ પુસ્તક રહેશે.

શાસ્ત્રીયતાને સાચવી કલારૂપ ઘડનાર આ સમર્થ કલાકારનો બીજો સંગ્રહ 'જીવનનો આનંદ' છે. કાકા સાહેબમાં કલાને ખૂબ ઝીણવટથી પારખવાની નૈસર્ગિક શક્તિ છે અને સામાન્ય જનતાને મન નિર્જીવ લાગે એવી વસ્તુઓમાં તેઓ અદ્ભુતતા નીરખી શકે છે. કાબર અને ચામાચીડિયા પર તેઓ નિબંધ લખે છે; એક બાળકના જેવી નિર્દોષતાથી બિલાડી સાથે મૈત્રી બાંધે છે અને બાળકની કૌતુકવૃત્તિથી બિસકોલીને ગજવામાં પણ ઘાલી શકે છે. તેમના આ હળવા હાથે લખાયેલા નિબંધો છે, પણ તે સાથોસાથ બુદ્ધગયા, તાજમહાલ, કાશ્મીર મહાવીરની કૈવલ્યભૂમિ જેવા વિષયો પર લખતી વખતે તેમની વિશિષ્ટ કલ્પનાસમૃદ્ધિ તેમની સહાયે આવે છે અને તત્ત્વજ્ઞાન તેમ જ પ્રવાસવર્ણનોની શુષ્કતામાં કલ્પનાના રંગની અજબ મેળવણી કરી સજીવ ચિત્રો આપણી સમક્ષ ખડાં કરે છે. તેમના સંગીત, ચિત્ર, સ્થાપત્ય, આકાશદર્શન પરના અભ્યાસપૂર્ણ લેખોમાં તે તે વિષયોનું અનેકવિધ જ્ઞાન, લલિત કલ્પનાવિલાસ અને માનવદ્વેષ વિનાનો શુદ્ધ નિસર્ગપ્રેમ દૃષ્ટિગોચર થાય છે.

ગુજરાતના આ સત્ત્વગુણી સાહિત્યમીમાંસકનો ત્રીજો સંગ્રહ 'જીવનભારતી' છે. એક

અખંડ વિદ્યાવ્યાસંગી પુરુષની લાંબા સમયની સાહિત્યોપાસનાના પરિપક્વ ફળરૂપે આ ગ્રંથ છે. 'વિવેચક એટલે આજીવન સૌંદર્યનો ઉપાસક.' તેનાં અનેકવિધ જ્ઞાનમાં બુદ્ધિનો ચમકાર, તેના દર્શનમાં અપૂર્વતા, તેની લાગણીમાં સુકુમારતા અને તેના વિચારમાં રફટિકમણિસમી પારદર્શકતા હોય છે. રા. વિશ્વનાથ ભટ્ટના શબ્દોમાં કહીએ તો, 'જીવન ફલાધર બનવું એ સાહિત્યકારનું મુખ્ય કર્તવ્ય છે' એમ તેઓ માને છે; એ તેમનો આદર્શ છે. કાકા સાહેબની સર્જક-વિવેચક તરીકેની ઊંચ શક્તિનો આ પુસ્તક ખ્યાલ આપે છે. તેમની પ્રતિભાવંત, પ્રાણવાન અને સત્ત્વગુણી વિવેચનાએ ગુજરાતી સાહિત્યમાં જુદી ભાત પાડી છે અને અનેક ઊગતા લેખકોનાં પુસ્તકોની પ્રસ્તાવનાઓ લખી છે, પ્રોત્સાહન આપી, તેમના પ્રિય ગુરુ અને માર્ગદર્શક સખા બન્યા છે.

અનેક વિદ્યાવિશારદ પંડિતોની બલવાહી અને સંસ્કારપ્રૌઢ શૈલીથી લખાયેલા લેખોનો ચોથો બૃહદ્ સંગ્રહ '**જીવન સંસ્કૃતિ**' છે. જીવનના કોલાહલથી દૂર વસનાર એક અનાસક્ત કર્મયોગીએ માનવજીવનને, માનવસંસ્કૃતિને, રાજકારણ વગેરેને સ્પર્શતા અનેક જટિલ પ્રશ્નોનું સહૃદયતાથી વ્યાપક અને તલસ્પર્શી અવલોકન આ પુસ્તકમાં કર્યું છે. આ ચારે સંગ્રહોના લેખો વાંચ્યા પછી નિબંધોની સંખ્યામાં કે શૈલીની સુંદરતામાં, વિષયોની વિવિધતામાં, વિચારોની સમૃદ્ધિમાં કે ભાવનાની ઉદાત્તતામાં, રા. વિશ્વનાથ ભટ્ટ કહે છે તેમ, આ યુગના ઉત્તમ નિબંધકાર કાકા સાહેબ જ છે, એમ લાગ્યા વિના નહિ રહે.

આપણા પ્રવાસસાહિત્યમાં કાકા સાહેબનું '**હિમાલયના પ્રવાસે**' અનેક દૃષ્ટિએ ઉત્તમોત્તમ પુસ્તક છે. તેમણે આ પ્રવાસ 'એક વૈજ્ઞાનિકની વાસ્તવિક દૃષ્ટિથી કે સંસ્કારલોલુપ પ્રવાસીની કુતૂહલ દૃષ્ટિથી નહિ, પણ એક ભાવિકની પ્રેમદૃષ્ટિથી કરેલ છે' અને તેથી હિમાલયમાં પ્રાપ્ત કરેલી આત્મશુદ્ધિની સુગંધ અદૃશ્ય રીતે વાચકને પણ પવિત્ર અને પાવનકારી બનાવે છે. રા. વિજયરાય વૈદ્યના શબ્દોમાં કહીએ તો, આ પુસ્તક કાકા સાહેબની ચિંતનયુક્ત, સંસ્કારશીલ, જનસ્વભાવનું નિરીક્ષણ તથા કુદરતની પ્રેરણાઓ ઝીલતું મધુર અને familiar શૈલીમાં લખાયું છે.

તેમનું પ્રવાસસાહિત્યનું બીજું પુસ્તક '**બ્રહ્મદેશનો પ્રવાસ**' છે. બ્રહ્મદેશનો પ્રવાસ કર્યા પછી ઘણાં વર્ષે આ પ્રવાસનું વર્ણન લખાયું છે તેથી પ્રવાસનાં સંસ્મરણો ઝાંખાં થઈ ગયેલાં હોય તે કારણસર અથવા બીજા ગમે તે કારણે તેમના આ લઘુ પુસ્તકમાં હિમાલયના પ્રવાસનાં વર્ણનોમાં જે લલિત કલ્પનાવિલાસ, સભર ચિંતન, જનસ્વભાવનું ઊંડું નિરીક્ષણ તેમ જ કુદરતની મનોહરતા અને ભવ્યતાને પ્રતિબિંબિત કરી શક્યા છે અને શૈલીમાં જે પ્રાસાદિકતા અને સુકોમળતા લાવી શક્યા છે, તે આ પુસ્તકમાં આવી શકી નથી. પ્રવાસવર્ણનમાં ક્યારેક ક્યારેક શુષ્કતા આવી ગઈ છે, છતાં પણ રસિક પ્રવાસસામગ્રી અને કાકા સાહેબનું સંસ્કારી માનસ આ પુસ્તકમાં પણ દૃષ્ટિગોચર થાય છે. તેમનું '**ઓતરાતી દિવાલો**' તેમના જેલજીવનના સૂક્ષ્મ અનુભવોની નોંધ છે. કુદરત ને કલા, સાહિત્ય અને તત્ત્વજ્ઞાન, ભૂગોળ અને ખગોળ જેવા ગંભીર વિષયો પર ચિંતનભર્યા લેખો લખનાર કાકા સાહેબમાં ભમોડિયો વિનોદ કરવાની શક્તિ અને બાળકના જેવી કૌતુકપ્રિયતા પણ સારા પ્રમાણમાં છે, એમ આ પુસ્તક વાંચતાં આપણને પ્રતીત થાય છે.

લાલિત્યભરી પ્રસન્નમધુર શૈલીમાં લખાયેલાં અને લેખક તરીકેની ઉચ્ચ પ્રતિભા અને સર્જકશક્તિનો ખ્યાલ આપતાં તેમનાં ત્રણ પુસ્તકો ' **સ્મરણયાત્રા** ', ' **લોકમાતા** ' અને ' **જીવતા તહેવારો** ' છે. ' **સ્મરણયાત્રા** ' એ તેમનાં કિશોરજીવનની લાંબે સમયે પૂરી થયેલી નોંધ છે. એક નિર્મળ અને સાધુચરિત વ્યક્તિના બાલ્યકાળનો અલ્પ પણ અંગત પરિચય આપણને થાય છે. આત્મકથાના આપણા અલ્પ સાહિત્યધનમાં આ પુસ્તકે ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ' **લોકમાતા** 'માં કાકા સાહેબે ભારતવર્ષની નદીઓનું જુદે જુદે સમયે કરેલા દર્શનનું ભક્તહૃદયે કવિતામય ગદ્યમાં કરેલું સ્તવન છે. ' **જીવતા તહેવારો** 'માં તહેવારોને જીવતા બનાવી તેની પાછળ જે ઉજ્જ્વળ, વ્યાપક, રહસ્યપૂર્ણ ઇતિહાસ રહેલો છે તેનું સંશોધન કરીને, આપણને ચિરસ્મરણીય ભેટ આપી છે. આપણા તહેવારો આપણી સંસ્કૃતિ અને આપણા રાષ્ટ્રીય જીવનને કેવા અનુરૂપ છે તે તેમણે પોતાની પ્રસન્નમધુર શૈલીથી સુંદર આખ્યાયિકાઓ આપી આ પુસ્તકમાં સમજાવ્યું છે.

ટૂંકમાં, ગુજરાતી ભાષાના એક પ્રથમ કોટિના સમર્થ ગદ્યલેખક હિંદી ભાષાના પ્રખર પ્રચારક, આજીવન મહાન કેળવણીકાર, ગાંધીજીના શિષ્યમંડળમાં એક તેજસ્વી તારક સમા, ઋષિમુનિ સમું શુદ્ધ અને સત્ત્વવતું જીવન ગાળનાર, સંસારમાં જલકમલવત્ રહી સેવામય જીવન ગાળનાર અનાસક્ત કર્મયોગી કાકા સાહેબ, હિંદનું મહામૂલ્યવાન રત્ન છે.*

જાદવજી નાથાલાલ કામદાર
બી. એ. એલએલ. બી.

મૃત પંડિતોની સાથે

અનુવાદક—સ્વ. વામનપ્રસાદ અં. ભટ્ટ

[સોરઠા]

વિત્યા મારા દિન, મૃત પંડિતોની મહીં,
દૃષ્ટિ પડતિ જ્યાંહ, વિદ્વજ્જન પેખું તહીં.

કદી ન વિસરે જે એવા મમ મિત્રો જ છે,
જે સાથે દિન રેણુ વિનોદવાર્તા હું કરું.

સુખમાં બહુ આનંદ, લહું દિલાસો શોકમાં,
જ્યારે જાણું હું આભારી છું તે તણો.

વર્ષે આંસુધાર આંખડલીમાંથી પ્રભો !
ભિજાય મુજ ગાલ દૃષ્ટિએ આભારની.

વિચારો મમ સર્વ મૃત પંડિતો સાથ છે,
ઇચ્છા મારી પ્રબળ થાવા મૃત પંડિત સમ.

ગ્રાહ્ય કરું સદ્‌ગુણ, દુર્ગુણને ધિક્કારતો,
બનું ભામીયો હું તેઓના જ જયાજ્યે.

શોધું સાર ખરો, મૃદુ અને દૃઢ મન વડે,
તેઓને અનુભવ લાધ્યા હોય જીવન મહિં.

આશાઓ મુજ સર્વ મૃત પંડિતોમાં દિસે,
ભવિષ્યમાં મુજ સ્થાન, તેઓના જેવું થશે.

મારા ભવિષ્ય માંહ ધ્યેય રહીશ હું તેની સાથ,
ને મુજ કીર્તિ માન બુંસાએ અહીંયો નહિ ×

---

* " પ્રસ્થાન "માંથી.

× અંગ્રેજી કાવ્ય ' ધી રકૉલર 'નો અનુવાદ

નવા વર્ષે પુસ્તકાલયોના કાર્યકરોને એક વિનંતિ

પુસ્તકાલયના કામકાજનું વર્ષ આ માસ આખર પૂરું થઇ જશે અને સૌ કાર્યકરો પોતાના કામની સમીક્ષા કરવા લાગશે, એ પ્રસંગે આપને મારા થોડા વિચારો જણાવું તો અસ્થાને નહિ લેખાય.

આપણાં પુસ્તકાલયોનું સંચાલન ગામડાંઓમાં મોટે ભાગે શિક્ષકભાઇઓ દ્વારા થાય છે. વર્ષ આખરે તેમની સેવાઓ બદલ તેમનો ઉપકાર માનું છું. કરબા પુસ્તકાલયોમાં પુસ્તકાલયોનું સંચાલન થોડા સરકારી અમલદાર સાહેબો અને પ્રજામાં આગળ પડતી રીતે તરી આવતા વકીલ અને ધનિક વર્ગના સહકારથી ચાલે છે તેમનો પણ પોતાની શક્તિ અનુસાર જે કંઇ ફાળો આપ્યો હોય તે બદલ તેમનો પણ ઉપકાર.

કસ્બાઓમાં પુસ્તકાલયના કારોબારમાં એક ઉણપ છે અને તે માધ્યમિક શાળાઓમાં કાર્ય કરતા શિક્ષકો, જેમના ૫૨ ૧૧ થી ૧૭ વર્ષ સુધીના કિશોરોના મનોમંથનોને સુયોગ્ય દિશામાં વાળવાની જવાબદારી સોંપાયલી છે તેવા શિક્ષકોના સહકાર અને સક્રિય મદદ દ્વારા પુસ્તકાલય માટેનાં પુસ્તકોની પસંદગી અને તેનો પ્રચાર. માધ્યમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓને ગ્રંથપાલ પુસ્તકો તો આપે છે, પણ તેમાં વિદ્યાર્થીઓ શું વાંચે છે, કેવું વાંચે છે, તે ગ્રંથપાલ પોતે ઓછા શક્તિશાળી હોવાથી તારવી શકતો નથી. જીવનચરિત્ર, પ્રવાસવર્ણન, અને ભાષા તથા ઇતિહાસને લગતાં યોગ્ય પુસ્તકોનું પૂરતું વાચન થતું નથી તેમ તે વસાવવા પૂરતા પ્રયાસો થતા નથી અને કેવળ આ વિદ્યાર્થીઓ પણ નવલિકા સાહિત્યના વાચન પાછળ ગાંડા થયેલા જોવામાં આવે છે. મને આશા છે કે નવા વર્ષે આ ઉણપ દૂર કરવા કંઇક થશે.

કસ્બામાં બીજી ખામી એ જણાઇ છે કે કેટલાંક સ્થળોએ પુસ્તકાલયોની પુસ્તક-નોંધવહીઓ પર જોઇતી માહિતી વર્ષ આખરે નોંધવામાં આવતી નથી અને પુસ્તકોની મેળવણી અને ખૂટતાં પુસ્તકો તેમ જ કમી કરવા પાત્ર પુસ્તકોનો નિકાલ પણ કરવામાં આવતો નથી. જો કોઇ પુસ્તકાલયે વર્ષ આખરે પણ મેળવણી કરવી અધુરી રાખી હોય તો તેણે **પ્રથમ તકે નવા વર્ષે મેળવણી કરી પછી જ આપ-લેનું કામ કરવું જોઇએ. ગ્રંથપાલથી ભિન્ન માણસોએ આ મેળવણી કરવી જોઇએ. જોઇતો ખર્ચ મોટા પુસ્તકાલય માટે વિશેષ અનામત રકમમાંથી કરવો જોઇએ.**

ત્રીજી ખામી એ છે કે પુસ્તકાલયમાં વર્તમાનપત્રો પાછળ હદ ઉપરાંત ખર્ચ કરવામાં આવે છે. અને તે ખર્ચ જોઇતાં જુદા જુદા પ્રકારનાં વૃત્તપત્રો પાછળ નહિ પણ એકના એક પત્રની વિશેષ પ્રતો ખરીદવા પાછળ છે. આપ સમજી શકશો કે સાર્વજનિક સંસ્થામાં મૂધરાઇ, પ્રાંત પંચાયત, કોઇ ખાનગી વ્યક્તિ કે સરકાર જે કંઇ મદદ કે બક્ષીસ આપે તેનો લાભ વ્યક્તિઓને વિશેષ લાભ મળે નહિ, પણ આખાય જનસમુદાયમાં તે યોજનાના કેમ પહોંચાડવી તે માટે વિપુલ યોજનાઓ ઘડવામાં વાપરી શકાય.

બહેનો (ગરીબ અને મધ્ય વર્ગની સ્ત્રીઓ) માટે ઘેર બેઠાં વાચન મળે તેવો પ્રબંધ, પછાત વર્ગના હસ્તામાં તે લોકોને વાંચવા યોગ્ય પુસ્તકો પ્રચારકો શોધી તેમને મહેનતાણું

આપી દૂર દૂરના ગરીબ લત્તાઓમાં જ્ઞાન પ્રચાર કરવો; શાળાઓમાં ફરતાં પુસ્તકાલયોની પેટીઓ તેમને જોઇતાં પુસ્તકો વસાવી આપવાનાં, કસબામાં આખા તાલુકાની પ્રગતિ માટે યોગ્ય અધ્યયનગ્રંથો-હિન્દી, ગુજરાતી, અંગ્રેજી અને મરાઠી-ઉચ્ચ કોટિનાં પુસ્તકો વસાવવાં અને તાલુકાની પ્રજામાં ફરતાં પુસ્તકાલયોની પેટીઓ દ્વારા પહોંચાડવાં, શિષ્ટ વાચનની યોજના દ્વારા સુવાચનનો પ્રચાર કરવોઃ—આવાં અનેક કાર્યોમાં તેમનાં નાણાં ખર્ચાવાં જોઇએ. આશા છે કે ઉપરની નીતિ નવા વર્ષે કરણા અને પ્રાંત પુસ્તકાલયો અખત્યાર કરશે.

છેવટની બાબી એ કે કાયમનિધિ જેમાંથી દુકાનો, જમીન કે ઇતર વ્યવસ્થાથી ઉત્પન્ન થયું કર્યું હોય તેને સમિતિઓ નવા વર્ષની લોકમદદ સમજે છે મને લાગે છે કે એ નીતિ ઘણી જ વિઘાતક છે. આપણા વડીલોએ જે દ્રવ્ય એકઠું કર્યું છે તે તો આપણી આવકની ખોટ માટે વાપરી શકાય—નહિ કે તે આપણે ઊભી કરેલી મૂડી ગણાય. સાર્વજનિક સંસ્થાએ કયા કયા પ્રચારપૂર્વકના પ્રયાસો દ્વારા મદદ ઊભી કરી છે તે તેણે ગામની નાગરિક પ્રજાને જાહેર કરવું જોઇએ. તેમાંથી નીમે રકમ અનામત મૂકની અને બાકીની રકમ ઉપર સરકાર પંચાયત મદદ કે સુધરાઇ મદદ માગવી જોઇએ.

સુધરાઇઓ ઘણે સ્થળે મદદ આપવા લલચાતી નથી. સુધરાઇના સભ્યો પ્રજાએ ચૂંટેલા હોય છે કે શ્રીમંત સરકાર તરફથી નિમાયેલા હોય છે તો તેઓ તમારા શુભ હેતુઓ અને ચોક્કસ કાર્યવહી જાણે તો જરૂર તમને મદદ કરે. માટે તમારા કાર્યથી તેમને સંતોષ આપી તમારે જોઇતી મદદ મેળવશો. આશા છે કે સુધરાઇના પ્રમુખ સાહેબ અને સભ્યો આ યોજનાને અપનાવી પુસ્તકાલયોને નભાવશે.

ઉપર પ્રમાણે કરણાઓ પોતાની કાર્યવાહીમાં જરૂર તે ફેરફાર કરી પોતાનું કામ વ્યવસ્થિત અને નિયમિત બનાવશે એવી આશા છે.

ગ્રામ પુસ્તકાલયો મોટે ભાગે શાળાના શિક્ષકો દ્વારા ચાલે છે. સ્થાનિક મહાલ શાળાધિકારી સાહેબો તેમ જ વહીવટદાર સાહેબો પણ આ સંસ્થાની મુલાકાત લે છે. તેમનાં નિવેદનો તેઓ મોકલતા નથી. પણ કોઇ કોઇ મકાનવાળાં પુસ્તકાલયો કાર્યવાહકોના પ્રમાદ અને બેદરકારીના પરિણામે બગડવા બેઠાં છે. તે જાણી અમને ભારે દિલગીરી થાય છે. આ માટે જે શિક્ષક મિત્રો જે તે સ્થળે કામ કરે છે તેમને ખાસ વિનંતિ છે કે આ સેવાનું કાર્ય તેઓ ઉપાડી લે અને સંસ્થાનો લોકોમાં જ્ઞાનપ્રચાર કરવાનો શુભ હેતુ બર લાવે. કરી લોકો અનુકૂળ સમયમાં તૈયાર થઇ કોઇ જુવાન કાર્યકર મળે તેમને પછી સોંપે. મોટે ભાગે અવ્યવસ્થિત મકાનવાળાં પુસ્તકાલયો ઉપરની મારી નમ્ર ફરીઆદ સાંભળી કાં તો પોતાની કાર્યવહી સુધારે અગર શાળા ખાતાને સોંપી તે દ્વારા જેટલું થઇ શકે તેટલો પ્રચાર થવા દે.

શાળામાં જે પુસ્તકાલયો છે તેમણે આજે મોટા મોટા બુકસેલરો તરફથી પ્રસિદ્ધ થતી અનુવાદોની વાર્તાઓ ખરીદવા કરતાં પ્રજાજીવનને ઘડે એવાં નીતિપ્રેરક જીવનચરિત્રો, પ્રવાસવર્ણન, ઇતિહાસ તથા કળાના શિક્ષણને લગતું વાચન પ્રજામાં વધે તેમ કરવા વિનંતિ છે. તેમને પ્રસિદ્ધ થયેલાં શ્રી શિવાજી છત્રપતિ, શ્રી. મોતીભાઇ અમીન, દત્ત અને પરશુરામ, બ્રહ્માનંદ, ઇસુ ખ્રિસ્ત, બાપુ, સહજાનંદ, તેજચિત્રો તેમ જ બાલોપયોગી જીવનચરિત્રો જે

ચરોતર એજ્યુકેશન સોસાયટી, સયાજી બાલજ્ઞાનગાળા, અશોક બાલપુસ્તકમાળા, વગેરે દ્વારા પ્રસિદ્ધ થયાં છે તે વંચાવવાં અને વસાવવાં. પ્રવાસવર્ણનો અને સ્થળવર્ણનો જોતાં દક્ષિણાયન, બ્રહ્મદેશ, મારી કચ્છયાત્રા વગેરે પુસ્તકો મોટી ઉંમરના માણસોને વાંચવા જેવાં છે. આવાં પુસ્તકોની એક યાદી દર વર્ષે અમે વાર્તાઓ સહિત આપીએ છીએ. વાર્તાઓ સારી હોય તે વંચાવવાની પણ આપણે ફરજ ન ચૂકવી જોઇએ.

ઊઠી ગયેલાં બાળકો તથા શાળામાં ભણતાં બાળકો માટે અમે ૧૯૩૬-૪૦ માં એક બસો જેટલાં પુસ્તકોની વર્ગવાર યાદી પ્રસિદ્ધ કરી છે. તેમાં દર વર્ષનાં પ્રસિદ્ધ થતાં નવાં પુસ્તકોની યાદીમાંથી બાકીપયોગી પુસ્તકો જોઇ જરૂર તે મંગાવી દરેક વર્ગ માટે નિદાન વીસથી પચીસ પુસ્તકો દરેક નાના ગામડાના પુસ્તકાલયે વસાવવાં જોઇએ. મોટાં ગામડાં અને કસ્બાએ એક પુસ્તકની બાળકોની સંખ્યાના પ્રમાણમાં વધુ પ્રતો ખરીદી શાળામાં ફરતાં પુસ્તકાલયો મારફત વાચનપ્રચાર કરવો જોઇએ, જેથી ભણનારાંનું ભણતર તાજું રહે, ભણવામાં આનંદ માણે, અને ભણીને ઊઠી જનારાને પુનઃ નિરક્ષર થવાના પ્રસંગો ન આવે.

છેવટ, ગ્રામ પુસ્તકાલયો પોતે પોતાની ફરજો કરવા કરતાં વધારે સારી રીતે બજાવે છે તે મેં તેમના કાર્ય ઉપરથી જોયું છે. પરંતુ તેટલું પૂરતું નથી. ભણેલા તમામ માણસોને તેમને પુસ્તકાલયમાં આકર્ષવા જોઇએ અને મદદ વધારે સારા પ્રમાણમાં ઊભી કરી વર્તમાનપત્રો કરતાં પુસ્તકો પાછળ વધારે ખર્ચ કરી જોઇતું વાચન વાંચે તેવો પ્રચાર કરવામાં યથાયોગ્ય મદદ કરવી ઘટે.

ગ્રામ પુસ્તકાલયોના મંત્રી અને ગ્રંથપાલ ભાઇઓએ પોતાની સમિતિઓને બરાબર સમજાવવું કે પત્રો ખાતર મેળવેલું દાન નિરર્થક છે. પણ બક્ષીસ કે જ્ઞાનપ્રચાર માટે મેળવેલું દાન જ ખરું દાન છે.

પ્રજામાં જ્ઞાનનો ફેલાવો થાય, તે લેવું ભૂલી ન જવાય, અને દુનીઆના સમાચારોથી જાણુ રહીએ તે માટે આપણે પૂર્ણ વિચાર કરી આપણી લોકમદદના પ્રમાણમાં કાયમનિધિ ખાતે નીમે રકમ કરવી. ટકાવારીના ધોરણે અંદાજ બનાવવાનું કાર્ય આપ સૌને માથે છે. મને ખાતરી છે કે ઉપરની મારી ઇચ્છાને બર લાવવા સૌ પુસ્તકાલયોના કાર્યવાહકો જ પોતાનાથી બનતો સહકાર આપશે જ.

નાનાં નાનાં પુસ્તકાલયો નજીકનાં મોટાં પુસ્તકાલયોના કામ કરનારાઓના સીધા સંપર્કમાં આવી મોટા પુસ્તકાલયમાંથી પોતાના ગામના બાળકો માટે પુસ્તકો મેળવવા પ્રયાસ જે ચાલુ છે તેને વધારે ગતિમાન કરવાની જરૂર છે. ભવિષ્યમાં આપણે એક સારા જૂથ કે કસ્બા પુસ્તકાલય મારફત આજુબાજુનાં ઘણાં ગામોને પુસ્તકપેટીઓ આપી શકીએ તેવી દૂરદેશી મોટાં પુસ્તકાલયોના સંચાલકોએ રાખવી ઘટે. અને આ બધું ત્યારે જ બને જ્યારે પુસ્તકો પાછળ આપણે પૂરતી રકમ ખરચી શકીએ. અને ખૂટે તો આપણા કાયમનિધિના ઉત્પન્નમાંથી એ માટે રકમ ખર્ચ કરીએ.

આ બધી બાબતો તો પ્રાંત, કસ્બા અને ગ્રામ પુસ્તકાલયોની વ્યવસ્થા અને દોરવણી

[અનુસંધાન સામેના પૃષ્ઠને છેડે]

શ્રવણ બેલ્ગોલની સુપ્રસિદ્ધ ૫૭ ફૂટની વિરાટકાય ગોમ્મટેશ્વર-બાહુબલીની દિ. પ્રતિમાને શ્વે. સંપ્રતિ રાજાએ કરાવેલી છે અને તે ભદ્રબાહુની છે, તેમ જણાવે છે ! (ખં. ૩, પરિ. ૧), પૃ. ૧૭૯ માં ' નિર્ગ્રન્થ એટલે દિગંબર જૈનસંપ્રદાય ' જણાવે છે ! વગેરે અનેક વિધાનો વિચારણીય અને ચર્ચાસ્પદ જણાય છે. પ્રાચીન અર્વાચીન પ્રમાણોને વિચિત્ર દલીલો અને મનસ્વી કલ્પનાઓથી પોતાના મત તરફ વાળવા પ્રયત્ન થયો લાગે છે.

જેણે આ ગ્રંથના સર્જનમાં અને સંશોધનમાં ડૉ. શાહના મુખ્ય મદદનીશ તરીકે અસાધારણ પરિશ્રમ ઉઠાવ્યો હતો અને આ ગ્રંથની પૂર્ણાહુતિ સાથે પોતાના જીવનની પણ અકાળે કરુણ પૂર્ણાહુતિ કરી નાખી હતી, તે ભાઈ ચીમનલાલ અમૂલખ મંધરીનું નામ આ ગ્રંથના લેખક તરીકે જોડી શકાયું હોત તો ઉચિત ગણાત.

ડૉ. શાહનાં અન્ય સર્જન ' પ્રાચીન ભારતવર્ષ 'ની જેમ ઐતિહાસિક ચર્ચાસ્પદ આ દળદાર પુસ્તક પણ તેમનું મંતવ્ય સમજવા ઇચ્છનાર સાક્ષરોને ઉપયોગી થવા સંભવ છે.

લા. ભ. ગાંધી

૩. વારસદાર—અનુવાદકઃ ' મૃદુલ '; પ્રકાશકઃ શ્રી હરિહર પુસ્તકાલય, ટાવર રોડ, સુરતઃ ૧૯૪૩; ક્રાઉન ૧૬ પેજી કદનાં પૃષ્ઠ ૧૬૬; સચિત્ર આચ્છાદન સહિત છૂટનું પૂઠું; કિંમત રૂા. ૩-૦-૦.

બંગાળના જાણીતા લેખક સ્વ. શ્રી. નારાયણચંદ્ર ભટ્ટાચાર્યરચિત નવલનો આ એક અનુવાદ છે. આ પહેલાં પ્રસિદ્ધ થયેલા ' પાઇ ', ' અભિમાન ' અને ' પતિમંદિર 'ના મૂળ લેખક પણ આ જ છે. આ પુસ્તકના મૂળલેખક અને તેમના સાહિત્ય પરત્વે 'વારસદાર'ની પ્રસ્તાવનામાં જણાવાયું છે કે તેમનું વાર્તાસાહિત્ય, બંગ જનતામાં ખૂબ આદર પામ્યું છે. તેમની વાર્તાઓમાં પ્રધાન સૂર ગામડાંનાં દર્દોનો છે. અને એટલા માટે બંગજનતાએ, તેઓને ' પલ્લી-ચિત્રનિપુણ'ની માનભરી મર્યાદા પણ અર્પી છે. તેમના સ્વર્ગવાસી થવાથી, સ્વ. શરદ્બાબુ અને સ્વ. જલધર સેન રાયસાહેબ જેવાને પણ કહેવું પડ્યું છે કે, ગામડાનાં દર્દભર્યાં ચિત્રો હવે અધુરાં રહેશે.

ખરે જ, આ લેખકનાં ઉપર જણાવેલાં વાર્તાનાં પુસ્તકો આ જ પ્રકારનાં છે. સ્વ. શ્રી ભટ્ટાચાર્ય, પોતાની વાર્તાઓમાં, ગામડાંના સામાન્ય અને ઉચ્ચ કુટુંબોનાં જીવન ઉઠાવી લઈ, તે દ્વારા ગ્રામજીવનમાં સામાજિક અને કૌટુંબિક કેવાં દર્દો ભર્યાં છે, અને તે દર્દો મનુષ્ય-જીવનને કેટલી હદ સુધી પીડે છે, તેનો તાદૃશ્ય અને હૃદયસ્પર્શી ચિતાર રજૂ કરે છે. ખાસ વિશિષ્ટતા તો એ છે કે, આપણે જાણે કોઈ ઘરમાં બેસી, તે ગૃહજીવન નીરખતાં જાણે તે સજીવ ન હોય તેવાં ચિતરે છે. અને કહેવાનું હોય તે પણ આડંબર અને લાંબા વર્ણન વિના ટૂંકામાં જ કહી દે છે.

'વારસદાર'ની વાર્તા, મનુષ્યને વારસ માટેની ભૂખ કેટલી હદ સુધી સતત જમત રાખે છે, અને તે ભૂખને સંતોષવા, મનુષ્યનામાં કેવી ગડમથલ અને મનોમંથનો ચાલી રહ્યાં હોય છે તેનો સુંદર ચિતાર આપે છે. તારિણીચરણ નામના જમીનદાર પોતાને કંઈ વારસ નહિ હોવાથી પોતાના ભાઇના છોકરા (ભત્રિજા) સત્યચરણને વારસ લેવાની ઇચ્છા સેવે છે. પણ તેનામાં લાયકાત ન જોતાં તે ભત્રિજા દ્વારા સારો વારસ મેળવવા સારૂ, ભત્રિજાને

પરણાવવાની ભેવના રાખે છે. ભત્રિજો પરણવાની ના પાડતાં, પોતે જ ભત્રિજા માટે નક્કી કરેલી કન્યા સાથે પરણે છે. અને છેવટે તો ભત્રિજાને જ પોતાનો વારસ બનાવે છે. આ વાર્તામાં સત્યચરણને ઊંચી કક્ષાનું પાત્ર ચિતર્યું છે. સત્યચરણની ત્યાગવૃત્તિ, નીડરતા અને પરોપકાર વૃત્તિના ગુણો સમાજને એક ઉત્તમ બોધપાઠ શીખવે છે. જમીનદાર છેવટે એના આ જ ગુણોથી આકર્ષાઈ, તેને પોતાનો વારસદાર બનાવે છે. વાર્તા ખરેખર બોધક અને પ્રેરક છે.

૪. અચલા—અનુવાદકઃ શ્રી, જેઠાલાલ નારાયણ ત્રિવેદી, પ્રકાશકઃ ગે. જીવનલાલ અ. મહેતા વતી ચંદ્રકાન્ત જી. મહેતા, પીરમશા રોડ, અમદાવાદ; ૧૯૪૩; ક્રાઉન ૧૬ પેજી કદનાં પૃષ્ઠ ૧૨૮+૧૬=૧૮૪; સચિત્ર આચ્છાદન સહિત બૉર્ડ પટીનું પૂઠું; મૂલ્ય રૂ. ૩-૮-૦.

પ્રકાશક તરફથી પ્રસિદ્ધ થતી, 'જ્ઞાનવર્ધક પુસ્તકમાળા'નું સન ૧૯૪૩ ની સાલનું આ પહેલું પુસ્તક છે. અને તે 'ગ્રીબોધ'ના ગ્રાહકોને આ વર્ષે ભેટ તરીકે પણ આપવામાં આવ્યું છે. પ્રકાશકે ચાલુ સાલથી માળાનું લવાજમ લેવાનું બંધ કર્યું છે. અને તેને બદલે હવેથી પ્રસિદ્ધ થતાં પુસ્તકો, ગ્રાહકોને ૩૩ ટકા કમિશનથી આપવાનું ઠરાવ્યું છે.

આ પુસ્તકમાં બે બંગાળી વાર્તાનો અનુવાદ અપાયો છે. એમાંની એક 'અચલા' એક બંગાળી લેખિકા બહેનની અને બીજી 'રાધારાણી' બંગાળના જાણીતા નવલકથાકાર શ્રી. બંકિમચંદ્ર ચટોપાધ્યાયની લખેલી છે. આ બંને સામાજિક વાર્તા છે. 'અચલા'નું ચિત્ર હિંદુ સમાજમાં નારીનું સ્થાન શું છે અને સાચું નારીહૃદય કેવું છે તથા તેમનામાં કેવી કેવી વેદનાઓ અને મનોમંથનો ચાલી રહ્યાં હોય છે તેનો સચોટ અને મર્મવેધક ચિતાર રજૂ કરે છે. અચલા એ એક જાગીરદારના મેનેજરની પુત્રી છે. તેને જાગીરદારના પુત્ર શિરીષ સાથે નાનપણથી સ્નેહ બંધાય છે. મોટપણે એ લગ્નમાં પરિણમે એવી બંનેની ઇચ્છા હતી. પણ તે ફળી નહિ. અને શિરીષ બીજે ઠેકાણે પરણી ગયો. છેવટે અચલા પણ, એક ગૃહસ્થ પણ ભણેલો નહીં અને દાઢીઓ એવા એક યુવક સાથે પરણે છે. આમ બંને વિખૂટાં પડયા પછી, તેમનામાં જે દુઃખની ઘડીઓ આવે છે તે ઘડીઓ, સમાજને, હિંદુસમાજની નારીની લગ્નભાવના અને પતિભાવના કેટલી ઉચ્ચ છે તે સચોટપણે સમજાવે છે. અને નારીજીવન પ્રત્યે સહૃદયી બનતાં અને આદરથી જોતાં શીખવે છે.

બીજી વાર્તા 'રાધારાણી' એ પણ એક ટૂંકી અને સામાન્ય વાર્તા છે. રાધારાણી, પહેલાં ગૃહસ્થી પણ પાછળથી તદ્દન ભિખારણ અવસ્થામાં આવેલી એક ગરીબ માતાની પુત્રી છે. તે પોતાની ગરીબાઈમાં, અકસ્માતથી ગુપ્ત રીતે મદદ કરનાર એક યુવકને, મોટપણે પોતાના સારા દિવસો આવતાં પણ ભૂલી શકતી નથી અને રાતદિવસ તેનું જ સ્મરણ કરે છે. છેવટે બંનેનો મેળાપ થાય છે અને તેઓ પરણે છે. આ વાર્તા પણ સમાજને કંઈક અંશે બોધક તો છે જ. 'અ-દ્રષ્ટા'

૫. દુર્ગારામ મહેતાજી અને બીજાં નાટકો—લેખકઃ શારદાપ્રસાદ વર્મા; પ્રકાશકઃ યુગાન્તર કાર્યાલય, સુરત; આવૃત્તિ ૧ લી ઇ. સ. ૧૯૪૩; ૧૬ પેજી પૃષ્ઠ ૯૮; પૂઠું કાર્ડબોર્ડનું; કિ. ૧-૪-૦.

શ્રી. ઉમેદભાઈ પટેલ (ઝ)ને અર્પિત થયેલું આ પુસ્તક એના નામમાં સૂચિત થયા પ્રમાણે નાટક વિષયનું છે. એમાં 'સંસ્કૃતિ પ્રચાર' નામનું એક પ્રહસન અને 'દુર્ગારામ

મહેતાજી ' તથા ' સુરુચિ ' નામનાં બે નાટકો ઉપરાંત ' મોટાં થઈશું ત્યારે 'ના શીર્ષક નીચે ' જરિયાન ' ' મહાદેવનાં ફૂલ ' ' રિવાજ ' અને ' છાપાં ' નામના ૩ નાનકડા સંવાદો સંચિત થયેલ છે. બધાંયનું વસ્તુ યુગ્મ હોવા ઉપરાંત બોધક, વિચારણીય અને જાહેર મેળાવડાઓને પ્રસંગે ભજવી શકાય તેવી સામગ્રી પૂરી પાડે છે. ' દુર્ગારામ મહેતાજી 'નું નાટક એ સર્વમાં લાંબું ત્રણ પ્રવેશનું હોઈ સુરત શહેરમાં પોતાના નામની એક વાર હાક વગાડી જનાર એ સુવિખ્યાત મહેતાજીના જમાનાની શિક્ષણપદ્ધતિ, તથા ' પુનર્લગ્ન ' જેવા સામાજિક સુધારણાના પ્રશ્ન પરત્વે તેમ જ ભૂતભુવા અને જાદુમંત્રના વહેમખંડન માટે મહેતાજીએ ચલાવેલી ઝુંબેશ પર અચ્છું અજવાળું પાડે છે. પુસ્તકાલયોએ અપનાવવા યોગ્ય.

' દુર્ગારામ મહેતાજી 'નું ચરિત્ર વર્ષો પહેલાં સ્વ. મહીપતરામભાઈની કલમે લખાયેલું, પણ તેમાં મહેતાજીના અંતકાળ સુધીની હકીકત ઉપલબ્ધ નથી અને તેની નકલો પણ હવે દુષ્પ્રાપ્ય બની છે, એટલે સુરતના આ સુવિખ્યાત સુધારક મહેતાજીનું સળંગ જીવનચરિત્ર સંકલિત કરીને પ્રગટ કરવાનો શ્રમ કોઈ સાહિત્યસેવક ઉઠાવશે તો તે અત્યંત આદરપાત્ર થઈ પડશે. ના.

૬. **જિગર અને અમી**—લેખકઃ શ્રી. ચુનીલાલ વર્ધમાન શાહ, પ્રકાશકઃ પ્રજાબંધુ કાર્યાલય, રેવડી બજાર, અમદાવાદ કાઉન કદનાં પૃષ્ઠ ૨૧૬+૮, દ્વિરંગી ચિત્રયુક્ત સાદું પૂઠું, મૂલ્ય રા. ૨–૮–૦.

આ પુસ્તકના લેખક આપણા સાહિત્યના એક સિદ્ધહસ્ત વાર્તાલેખક છે. એમણે આજપર્યંતમાં સંખ્યાબંધ ટૂંકી વાર્તા–નવલકથાઓ આપી છે. તેમાંનું એમનું ઐતિહાસિક અને સામાજિક પાત્રનિરૂપણ ખાસ પ્રશંસા માગી લે તેવું હોય છે. એવી જ પ્રશંસા માગી લેતું આ પુસ્તક છે.

પુસ્તકનું વસ્તુ, નવલકથાના નાયકની રોજનિશિમાંથી ઉપાડી એક સત્યમય ઘટનાને અદ્‌ભુત રીતે નવલકથાના રૂપમાં રજૂ કરવાને લેખક સફળ રીતે શક્તિમાન થયા છે.

સ્થિતિસંપન્ન માબાપનો એક છોકરો ઘરબાર છોડી નાસી જાય, નાની ઉમરે પણ સ્વમાનને સાચવવાની ટેકવાળો રહી મોટપણે એક વિસ્તૃત કુટુંબમાં પોતાની પ્રિય સ્નેહાળ અને મમતાળુ પત્નીને પોતાના હૃદયમાં કેવી બિરાજમાન કરે છે તે લેખકે હૃદયસ્પર્શી રીતે વર્ણવ્યું છે. તેમાં પણ એની પત્ની અને એની બહેન વચ્ચેના અલૌકિક પ્રેમની તો લેખકે પરાકાષ્ટા જ બતાવી છે. ખરેખર, સત્ય ઘટનાઓ પણ આવી અદ્‌ભુત હોય છે ! લેખકે આ સત્ય ઘટના રજૂ કરીને એક વિશાળ કુટુંબમાં ચાલતા કાવાદાવાનું પણ હૂબહૂ દર્શન કરાવ્યું છે. અને આવા બનાવો તો આપણા સમાજમાં અનેક હશે.

આ પુસ્તકમાં સળંગ નવલકથાનું માત્ર પ્રથમ દર્શન જ કરાવ્યું છે. એનું બીજું દર્શન " પ્રજાબંધુ " સાપ્તાહિકમાં ક્રમશઃ પ્રકટ થઈ ગયું છે, જ્યારે ત્રીજું દર્શન અલારે ફરી આકર્ષવા આવ્યે જાય છે. દરેક પુસ્તકાલય, સામાન્ય નવલકથાઓ પોતાને ત્યાં વસાવવા પ્રેરાય છે તે કરતાં આવી સત્ય ઘટનાત્મક છતાં બોધક અને પ્રેરક નવલકથાને જરૂર સ્થાન આપે એમ ઇચ્છીએ.

લેખકને એ કથાનકનાં બીજાં બે દર્શનો પણ પુસ્તકાકારે પ્રકટ કરવા અમારો ભલામણ-

આગ્રહ છે.

૭. **આમ્રપાલી**—ભા. ૧-૨, લેખક અને પ્રકાશકઃ શ્રી. રામચંદ્ર ઠાકુર, પ્રાપ્તિ-સ્થાનઃ મેસર્સ ઓન. એમ. દલ્છરની કું. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૧૯૨ + ૧૩૧, સચિત્ર દ્વિરંગી કવર આચ્છાદન સહિત પાકું પૂઠું, મૂલ્ય બન્ને ભાગના રૂા. ૬)

બુદ્ધકાલીન સમાજરચના, તે સમયની રાજદ્વારી પરિસ્થિતિ તેમ જ રીત-રિવાજો ઇત્યાદિનો હૂબહૂ ચિતાર રજૂ કરતી આ નવલકથા, દેશને ચરણે અર્પણ થયેલી, એ જ દેશના ગણતંત્ર-લોકશાસન-બંધારણના પ્રમુખ મહાનામની પુત્રી આમ્રપાલીની આસપાસ ગુંથાયેલી આ કથા છે.

ત્યારે, ભારતવર્ષના લિચ્છવીઓ અને મગધીઓ વચ્ચે વૈમનસ્ય પ્રવર્તતું હતું. આમ્રપાલીને પોતાની કરવા હજારો લિચ્છવી જુવાનો તલસતા હતા, અને એક સ્ત્રીને પામવા વધુ પુરુષો તત્પર થાય તો તે સ્ત્રી દેશને અર્પણ થવાનું રાષ્ટ્રના પ્રણેતા પુસ્તકમાં વિધાન છતાં એ દુશ્મન દેશના રાજા બિંબિસારને પરણી અને તેના દ્વારા તેને એક પુત્ર પણ જન્મ્યો હતો. પરંતુ એક બાજુ તેનાં લગ્ન થઇ ગયાં ત્યારે બીજી બાજુએ લિચ્છવી ગણતંત્રના પ્રમુખ-પાલીના પિતાએ, દેશ અને લોકશાસનના કાયદાને માન આપી પાલીને દેશને ચરણે અર્પણ કરી હતી. અને આખરે પાલી થેરી બને છે અને તેનો ભાઇ આનંદ તેમજ છેલ્લે તેની પાછળ પાગલ બનેલો તેનો પતિ-મગધરાજ બિંબિસાર-કેવી રીતે બુદ્ધ ધર્મનો અંગીકાર કરે છે વગેરે વિવિધ પ્રસંગોની લેખકે, તેમની તાદશ-જાણે નજર સામે જોતા હોઇએ તેવી કથાનક-શૈલીએ રજુઆત કરી છે.

મૂળે આ કથાનક ચિત્રપટ માટે યોજાયેલું એટલે ઘણે અંશે એની રચના પ્રેક્ષકો માટે થઇ હોય તેમ એમાંના સઘળા પ્રસંગે વાચકના ધ્યાનને એકધારા જકડી રાખે છે. અને 'હવે શું,' એમ વિચારતો કરી મૂકે છે. વાર્તાપ્રસંગોમાંના સંવાદો પણ બરાબર ચિત્રપટને અનુરૂપ લખાયા છે, એટલે વાંચતી વખતે જાણે વાર્તામાંનાં પાત્રો આપણી સામે જ બોલતાં આપણને સંભળાતાં હોય તેમ લાગે છે.

ચિત્રપટ માટે સર્જાએલું આ સર્જન જનતાને નજરોનજર જોવા મળે એમ ઇચ્છીએ.

લેખકે, પોતાના પાલી ભાષાના અભ્યાસના પરિણામે-બૌદ્ધ ઇતિહાસવિષયક સંખ્યા-બંધ ગ્રંથોના આધારે અને તેના પરિશીલનને અંતે આ પુસ્તક લખ્યું છે; એટલે તત્કાલીન સમાજરચના, રાજકીય પરિસ્થિતિ, દેશને માટે સર્વસ્વનું બલિદાન કરવાની ભાવના અને તેની સાથે સાથે જ ચાલી આવતી ધર્મરુચિ વગેરે પણ આ પુસ્તકમાં સુંદર રીતે રજૂ કરાયાં છે. આટલા પરિશ્રમના ફલસ્વરૂપ આ પુસ્તક લખવા માટે લેખકને અભિનંદન.

૮. **જીવનનાં વમળ**—લેખકઃ શ્રી. ગટુલાલ ગોપીલાલ પ્રભુ, પ્રકાશકઃ ધ મહાગુજરાત પબ્લિશિંગ કંપની લિ. સર ફિરોજશા મહેતા રોડ, ફોર્ટ, મુંબઇ. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૧૦૪+૪, સાદું પૂઠું, મૂલ્ય રૂા. સવા.

આપણે ત્યાં " જ્યોતિર્ધર " નામનું સામાજિક પ્રશ્નોની છણાવટ કરતું એક ઉત્તમ કોટીનું પાક્ષિક પ્રસિદ્ધ થાય છે. માત્ર, પત્ર ચલાવવાને ખાતર જ નહિ, પરંતુ આપણા સમાજમાં પ્રવર્તતાં અનિષ્ટ તત્ત્વો સામે જનતાને લાલ બત્તી ધરવાને માટે જ એ સામ-યિકનું સંચાલન ચાલે છે. એના તંત્રી શ્રી. ગટુભાઇ પ્રભુ એક ઉમદા સમાજસેવક હોઇને આવી સામાજિક સેવાને એમણે પોતાનું પ્રધાન કર્તવ્ય બનાવ્યું છે. તેઓશ્રીએ અમદાવાદ-ના મહીપતરામ રૂપરામ અનાથાશ્રમના વહીવટ દ્વારા સમાજથી તરછોડાયેલી, દુઃખી અને

આધારહીન અબળાઓનાં વીતકોની જે વિવિધ કહાણીઓ સાંભળેલી તેને " જ્યોતિર્ધર " માં પ્રકટ કરેલી. એ છપાતી હતી ત્યારે, એ લેખમાળા પ્રકટ કરવી પ્રસ્તુત છે કે નહિ તે સંબંધી પણ કેટલોક વાદ ચાલેલો. એટલું બધું ધ્યાન ત્યારે એ લેખમાળા તરફ સમાજના કેટલાક આગેવાન કાર્યકર્તાઓનું દોરાયેલું. એ બધા બનાવોનો આ પુસ્તકમાં સંગ્રહ કરવામાં આવ્યો છે.

પુસ્તકમાં લખાયેલા બધા જ પ્રસંગો એક યા બીજી રીતે બહેનોની દુઃખકહાણીઓ રજૂ કરે છે. એ વાંચીને જનતા જો જાગ્રત થાય તો જોઈ શકે કે પોતાની આસપાસ કેવો દાવાગ્નિ પ્રજ્વળી રહેલો છે.

પુસ્તકમાં અપાયેલા સઘળા બનાવો સત્ય ઘટના રજૂ કરતા હોઈને સમાજનાં એ અનિષ્ટ રૂઢિબંધનો કેટલે દરજ્જે સ્ત્રીઓ પ્રત્યે ક્રૂર અને સંકુચિત માનસ ધરાવે છે તેનો હૂબહૂ પરિચય મળે છે. તેમાં પણ આવા રૂઢિ-રિવાજો ગામડાંઓમાં તો એની હદ વટાવી જાય છે. એ દૃષ્ટિએ આ પુસ્તક દરેક દરેક ગ્રામ પુસ્તકાલય પોતાને ત્યાં વસાવી લે અને તેને ઘેર ઘેર વંચાવે.

૯. ધ્વજમિલાપ—લેખકઃ શ્રી. ઝવેરચંદ મેઘાણી, પ્રકાશકઃ સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર, રાણપુર, ક્રાઉન કદનાં પૃષ્ઠ ૭૮+૪, સાદું પૂઠું, મૂલ્ય ૦-૮-૦.

રાણપુરના સૌરાષ્ટ્ર સાહિત્ય પ્રકાશન મંદિર તરફથી શરૂ થયેલી નવપ્રકાશન શ્રેણીના બીજા ઝૂમખાનું આ બીજું પુસ્તક છે. લેખકે આ અગાઉ, ચીન દેશને લગતું " મહાવીર પડોશી " નામનું પુસ્તક આપ્યું હતું. એ જ દેશના ભાગલાને સાંધતા પ્રસંગોને લેખકે પોતાની પ્રેરક શૈલીએ આ પુસ્તકમાં વણી લીધા છે. લાલ ચીન અને સફેદ ચીન નામે ઓળખાતા ચીનના કટકા એક કાળે ખતરનાક લડતા તેમનું કેવી રીતે મિલન થયું તેમ જ દેશને ખાતર એ લોકોએ શું શું કર્યું તે બધી ઐતિહાસિક સામગ્રી લેખકે વાર્તારૂપે આ પુસ્તકમાં આપી છે.

આપણા પડોશી દેશે સ્વદેશના ઐક્યને અર્થે કરેલા પ્રયત્નો પ્રેરક જાનીમાં મેળવવા પુસ્તકાલયો આ પુસ્તક જરૂર વસાવે. અમે કહીએ છીએ, દરેક પુસ્તકાલય આ નવપ્રકાશન શ્રેણીના રસ્થાયી ગ્રાહક બને. આ શ્રેણીમાં દર માસે જાણવા જેમ વિવિધ વિષયોને લગતું ઉપયોગી પુસ્તક આપે છે.

૧૦. અજબ દુનિયા—સંપાદક, પ્રકાશક, કદ, પૂઠાં, મૂલ્ય ઉપર પ્રમાણે. પૃ. ૮૦.

ઉપરની જ શ્રેણીનું આ પાંચમું પુસ્તક છે. એમાં દુનિયાની વિવિધ અજાયબીઓ સંપાદકે સંગ્રહી છે. એ વાંચીને આપણાથી સહજે જ ઉચ્ચારી જવાય છે કે " દુનિયા અજાયબ બાબર છે. " પુસ્તકાલયના વાચકોને દુનિયાની નવાઈઓથી પરિચિત કરવા માટે આ પુસ્તિકા પુસ્તકાલયો જરૂર ખરીદે.

૧૧. તણખલાં—લેખકઃ ' વનકુસુમ ' અનુવાદકઃ શ્રી. રમણીક મેઘાણી, પ્રકાશક, કદ, પૂઠું, મૂલ્ય ઉપર પ્રમાણે.

બંગાળના એક ડૉક્ટરે " વનકુસુમ "ના તખલ્લુસથી લખેલ પોતાના દાક્તરી વ્યવસાયમાં અનુભવેલા પ્રસંગોને વાર્તાકથનરૂપે રજૂ કર્યા છે. દાક્તરના ધંધામાં અનેક માણસોના પ્રસંગમાં આવવાનું થાય છે. આપણા ડૉક્ટરો આવા પોતાના દર્દીઓની વિવિધ કહાણીઓ આ રીતે રજૂ કરે તો દેશનાં દીન-દુઃખીઓ તેમ જ તેમના વ્યવસાયમાં પ્રસંગાનુસાર આવતાં માનવીઓનાં દુઃખદર્દો અને માનસપરિચયનો અચ્છો ખ્યાલ મળી આવે.

અનુવાદની રૈલી, પુસ્તક પરભાષાનો અનુવાદ હોવાનો ખ્યાલ સરખો પણ આવવા દે તેવી નથી; બધે કોઈ મૌલિક સર્જન વાંચતા હોઇએ તેવો એકધારો વાચનરસ જળવાઈ રહે છે.

૧૨. બાપુનાં પારણાં—સંપાદકઃ શ્રી. ઝવેરચંદ મેઘાણી; ફુલસ્કેપ કદનાં પૃષ્ઠ ૭૨, સાદું સચિત્ર પૂઠું, મૂલ્ય રા. એક.

ગાંધીજીએ ગયા મહા માસમાં જે છેલ્લા અનશન આદરેલા તેના પારણાને ટાંકણે બહાર પડેલા આપણા રાષ્ટ્રીય શાયર શ્રી. મેઘાણી તેમ જ કવિ કાગનાં રચેલાં ગાંધીજીને લગતાં તથા તેમના અનશનને લગતાં કુલ ૨૩ કાવ્યોનો આ સંગ્રહ છે.

આ પુસ્તકમાંનાં શ્રી. મેઘાણીનાં કેટલાંક કાવ્યો પહેલાં પ્રકટ થઇ ગયેલાં તે તેમ જ કેટલાંક પ્રસંગને અનુલક્ષીને લખાયેલાં તેનો સંગ્રહ છે; એકંદરે ગાંધીજીનાં સફળ પારણાંની યાદ કરાવતાં તેમના પ્રત્યે ભક્તિભાવ પ્રેરે તેવાં હૃદયંગમ અને ભાવનાભરપૂર એવાં આ ગેય કાવ્યો છે. પુસ્તકાલયો આવી ઉત્તમ પ્રાસાદિક વાણીને જરૂર પોતાને ત્યાં વસાવી લે.

૧૩. આપણું હિન્દુસ્તાન—લેખકઃ શ્રી. મીનુ મસાણી; અનુવાદકઃ પુરુષોત્તમ ત્રિકમદાસ; પ્રકાશકઃ ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, નિકલ રોડ, મુંબઇ. ક્રાઉન કદનાં એન્ટિક કાગળ પર છાપેલાં પૃષ્ઠ ૧૪૮+૮, સચિત્ર સાદુ પૂઠું, મૂલ્ય રા. ૨.

લેખકે મૂળ અંગ્રેજીમાં લખેલ "Our India" પુસ્તકનો આ ગુજરાતી અનુવાદ છે. લેખકે આ પુસ્તકમાં, હિંદુસ્તાન કાચા સોનાથી ભરેલો દેશ છે, એને ત્યાં કાચી ચીજો પુષ્કળ પ્રમાણમાં પાકે છે, છતાં આ દેશની અત્યારની દીનહીન દશાનો સુંદર ચિતાર આપ્યો છે. આપણા દેશના અર્થશાસ્ત્રનો અનુવાદકે આ પુસ્તકમાં લોકભોગ્ય–(બાલભોગ્ય પણ કહી શકાય તેવી) ભાષામાં મૂળ પુસ્તકને સરસ રીતે રજૂ કર્યું છે. તેમાં પણ આમજનતા સમજી શકે તેવી સરળતા એ આ પુસ્તકની લખાવટનું ખાસ ધ્યાન ખેંચે છે. ભણેલાઓને તે વાંચવા આપવા તેમ જ અભણ પ્રૌઢોને પણ તેનાં ચિત્રોમાંથી સમજ આપવામાં ઉપયોગી નીવડે તેવું આ પુસ્તક છે. આમ પુસ્તકાલયો અવશ્ય વસાવે.

૧૪ સૃષ્ટિનું જ્ઞાન—લેખકઃ અને પ્રકાશકઃ શ્રી. દયારામ ખેચરભાઈ ભટ્ટ; રાયપુર, ભઠ્ઠીવાડ, અમદાવાદ. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૩૬૬+૮, પાકું પૂઠું, મૂલ્ય રા. ત્રણ.

આ પુસ્તકમાં અધ્યાત્મવિષયને લગતા કેટલાક સિદ્ધાંતો, ગુરુ–શિષ્યના સંવાદરૂપે આપ્યા છે. અધ્યાત્મ વિષયમાં આવતાં વિવિધ તત્ત્વોનું સરળ ભાષામાં વ્યાખ્યાન છે. એ વિષયના જિજ્ઞાસુઓને ઉપયોગી નીવડવા સંભવ. **મણિલાલ પ્ર. વ્યાસ**

૧૫. લગ્નસાધના—બંગાળી લેખક શ્રી. સોપાને લખેલું આ પુસ્તક છે. લગ્નનો વિષય આપણે ત્યાં ઘણા વખતથી ચર્ચાય છે. અને દરેક સમયે એ વિષે વિવિધ વિચારો ચાલે છે, અને તે દરેક વિચારશ્રેણીમાં ફેરફાર હોય છે. હિન્દુ સંસ્કૃતિમાં લગ્ન એ બહુ જરૂરી સંસ્કાર છે અને છેલ્લાં વીસ વર્ષમાં જે વિચારશ્રેણી હતી. ત્યારે ઘણા ફેરફારો થતા જાય છે અને અથડામણો પણ ખૂબ થાય છે તે વખતે આ પુસ્તક અતિ ઉપયોગી વાચન પૂરું પાડે છે.

લગ્નનું ધ્યેય, શ્રી. "સોપાન"ની દૃષ્ટિએ નીચે પ્રમાણે છેઃ " લગ્નને પરિણામે માણસની વાસનાને ધીમે ધીમે શાંતિ મળવી જોઇએ. એના જીવનને પ્રતિદિન જે ધસારો લાગતો હોય તે ઠીક થઈ રહે તેટલું બળ મળતું રહેવું જોઇએ. સમાજજીવનને અંગે ઊભાં થતાં કર્તવ્યો એ પૂરી રીતે બજાવી શકતો હોવો જોઇએ. એના જીવનમાં છૂટાછેડાનો પ્રસંગ

ઊભો જ ન થવો જોઈએ. એકના મૃત્યુ પછી બીજાને પાવનકારી સુગંધ અને શાંતિસુખ તેમજ કર્તવ્યપરાયણતા આપી શકે એટલી પ્રેમની તીવ્રતા હોવી જોઈએ. એકબીજાની સ્વતંત્રતા ઉપર ઓછામાં ઓછો કાપ પડતો હોવો જોઈએ. સંયુક્ત જીવન છતાં વ્યક્તિવિકાસને પૂરેપુરો અવકાશ હોવો જોઈએ. "

આ ધ્યેયને સમજાવવા અને તે રીતે લગ્ન કરનારાઓને વાળવા આ બસો પાનાના પુસ્તકમાં પ્રયત્ન છે. લેખકને છેડાછૂટકા નથી ગમતા, તેઓ સંયુક્ત જીવનના હિમાયતી હોવા છતાં બન્ને જણાનાં વ્યક્તિવિકાસ માગી રહ્યા છે. લેખક લગ્નસુખ વધારે વિસ્તારથી સમજાવે છે અને લગ્ન કરનાર યુગલ પોતાની જાતને, કુટુંબને, સમાજને અને દેશને કેવી રીતે અનુકૂળ થઈ શકે અને સેવા બજાવી શકે તે સમજાવવા બહુ સાદી ભાષામાં ઠીક સંયમ સાથે અને વિવેકભરેલી ભાષામાં પ્રયત્ન કર્યો છે. દરેક પ્રકરણમાં લેખકની મક્કમ મનોદશા પણ દેખાઈ આવે છે.

આપણા આદર્શ ને ધ્યેય શું હોવાં જોઈએ તેની સ્પષ્ટ ઝાંખી કરાવે છે. અને એને માટે શું પ્રયત્ન અને કેટલી ધીરજ હોવી જોઈએ અને કેટલી યાતના અને સહનશીલતા પણ જોઈએ તે બહુ અચ્છી રીતે સમજાવ્યું છે. છેવટે લેખક જણાવે છે કે " જ્યાં અજ્ઞાનનું અંધારું નહિ હોય, મોહનું ધન નહિ હોય, જ્યાં ત્યાગનું દિવેલ બળતું હશે, જ્યાં પોતે સળગી બીજાને પ્રકાશ આપવાની વૃત્તિ હશે ત્યાં પ્રભુના આશીર્વાદનાં ફૂલો સદાય વરસતાં હશે. "

ગુજરાતીઓનાં લગ્નજીવન આ પુસ્તકના વાચનથી વધારે વિકસિત થાય એવી ઇચ્છા અમે રાખીએ છીએ. ચુ. પુ. શાહ

સામયિકો

ભગિની—સંપાદકો: સૌ. દેવીબહેન પટ્ટણી અને કુ. સુશીલાબહેન મહેતા; પ્રકાશક: ભગિની કાર્યાલય, ૧૬, શ્રીમાળી સોસાયટિ, અમદાવાદ ૬.

આપણે ત્યાં ગણ્યાં ગાંઠ્યાં સ્ત્રીસામયિકોમાં ' ભગિની 'થી એક આવકારદાયક ઉમેરો થાય છે. ' ભગિની ' આપણા સ્ત્રીસમાજના પ્રશ્નોને નવી જ રીતે અને શૈલીએ એના વાચકો સમક્ષ રજૂ કરે છે. આ સામયિક પાક્ષિક હોઈને દર મહિનાની તા. ૭ અને ૨૨મીએ પ્રકટ થાય છે. એમાં આવતા સ્ત્રીઉન્નતિ–પ્રગતિવિષયક લેખો પ્રેરક હોઈને ખાસ તેમ જ શહેરી બહેનોના જીવનવિકાસમાં ઠીક પ્રેરણાપ્રદ નીવડે તેવા છે આજ સુધીમાં એના આઠ અંકો બહાર પડી ગયા છે, જેમાં ' સમયના વહેણ ' શીર્ષક લેખમાં વર્તમાન પરિસ્થિતિને લગતા લેખ ઉપરાંત કટાક્ષલેખ, તેમ જ આદર્શ સ્ત્રીઓની જીવનરેખાઓ પણ આવે છે. એમાં આવતા લેખો આપણાં કેટલાંક સામયિકો પોતાના પત્રમાં ઉતારી તેનો લાભ પોતાના વાચકોને પણ આપે છે. આવું ઉત્તમ સાહિત્ય આપતા આ પાક્ષિકનું વાર્ષિક લવાજમ માત્ર રૂા. ત્રણ છે. પ્રત્યેક મહિલા પુસ્તકાલય તેમ જ કરશે અને ગ્રામ પુસ્તકાલયો આગામી વર્ષના બજેટમાં એને અચૂક સ્થાન આપે.

સ્ત્રીબોધ—કાબરાજી સ્મારક અંક—સંપાદકો: શ્રી. કેશવપ્રસાદ છો. દેસાઈ અને જરબહેન કાબરાજી; પ્રકાશક: જીવનલાલ એન્ડ સન્સ, ફીરમશા રોડ, અમદાવાદ.

છેલ્લાં ૮૭ વર્ષથી પ્રકટ થતા " સ્ત્રીબોધ "નાં સ્વ. તંત્રી શ્રી. પુતળીબાઈ કાબરાજીના સ્મારક અને એમના પતિ શ્રી. કેખુશરૂ કાબરાજીની જયંતિ પ્રસંગે સ્ત્રીબોધે તેના ૮૭ મા વર્ષના પાંચમા અંકને ખાસ અંક તરીકે પ્રકટ કર્યો છે. આ અંકમાં બન્ને વિદુષીઓના પ્રેરક–બોધક જીવનપ્રસંગો અપાયા ઉપરાંત વાચનીય સામગ્રી પણ ઠીક સંપ્રદાઈ છે. આજના કાગળની મોંઘવારીના વખતમાં પણ આ પ્રમાણેનો દળદાર અંક પ્રકટ કરવા માટે સંચાલકોને ધન્યવાદ.



સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર–રાણપુરનાં પુસ્તકો

બાપુનાં પારણાં—લેખકઃ શ્રી. ઝવેરચંદ મેઘાણી, મૂલ્ય ૧–૦–૦
અજબ દુનિયા—સંપાદકઃ ઉપર પ્રમાણે. મૂલ્ય ૦–૮–૦
ધ્વજમિલાપ— ,, ,, ,,
તણખલાં—અનુવાદકઃ શ્રી. રમણીક મેઘાણી, મૂલ્ય ૦–૮–૦

એન. એમ. ત્રિપાઠી લિ. મુંબઇનાં પુસ્તકો

વરઘોડા—લેખકઃ શ્રી. ઈન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક, મૂલ્ય રૂા. ૧–૪–૦.
શરતના ઘોડા—લેખકઃ શ્રી. યશવંત પંડ્યા, મૂલ્ય રૂા. ૧–૮–૦.
બિન્દુ—લેખકઃ શ્રી. રામપ્રસાદ શુકલ, મૂલ્ય રૂા. ૧–૦–૦

અન્ય પ્રકાશકો તરફનાં પુસ્તકો

સૂર્યસારણી—લેખકઃ શ્રી. હરિહર ભટ્ટ, સરસ્વતી સોસાયટિ, આનંદનગર, અમદાવાદ, મૂલ્ય રૂા. ૨–૦–૦
આપણું હિન્દુસ્તાન—લેખકઃ શ્રી. મીનુ મસાણી, પ્રકાશકઃ ધ ઑકસફર્ડ યુનિવર્સિટી પ્રેસ, નિકોલ રોડ, મુંબઇ. મૂલ્ય રૂા. ૨–૦–૦
જીવનનાં વમળ—લેખકઃ શ્રી. ગટુલાલ ગો. ધ્રુવ, પ્રકાશકઃ ધ મકાગુજરાત પબ્લિશિંગ કું. લિ. સર ફિરોજશા મહેતા રોડ, ફોર્ટ, મુંબઇ. મૂલ્ય રૂા. ૧–૪–૦

માસિકો મળ્યા તારીખ×

ઊર્મિ અને નવરચના	જુન	૨૭–૬–૪૩	પ્રસ્થાન	મે–જુન	૧૬–૬–૪૩
કિશોર	મે–જુન	૧૧–૬–૪૩	બાલજીવન	જુલાઇ	૬–૭–૪૩
કુમાર	એપ્રિલ	૨૬–૬–૪૩	બાલમિત્ર	જુલાઇ	૨–૭–૪૩
ખેતીવાડી વિજ્ઞાન	જુન	૨–૭–૪૩	બાળક	જુન–જુલાઇ	૧–૭–૪૩
ગાંડીવ	જુલાઇ	૧–૭–૪૩	ભગિની	જુન	૨–૭–૪૩
ગુણસુન્દરી	જુન	૧–૬–૪૩	માનસી	જુન	૮–૭–૪૩
ગ્રામજીવન	જુલાઇ	૧–૭–૪૩	રેખા	જુલાઇ	૩–૭–૪૩
ઘરશાળા	જુન	૧૪–૬–૪૩	વૈદ્યકલ્પતરુ	જુલાઇ	૮–૭–૪૩
ચિત્રમય જગત	જુલાઇ	૩–૭–૪૩	શિક્ષણપત્રિકા	જોઇ	૨૫–૬–૪૩
નવચેતન	જુલાઇ	૧–૭–૪૩	શ્રીજીવન	જુલાઇ	૩–૮–૪૩
પાટીદાર	અષાઢ	૨૬–૬–૪૩	શ્રીબોધ	મે–જુન	૧૧–૬–૪૩

×આ પૃષ્ઠ અમે ઘેલ્લા કેટલાક વખતથી બંધ કર્યું હતું; પરંતુ કેટલાક મંત્રી-ગ્રંથપાલોની માગણીથી તે ફરીથી આપવું શરૂ કર્યું છે. તેમાં દરેકથી વર્ષ–અંક નહિ છપાય. —તંત્રી

પુસ્તકાલયોની તપાસણી

પુગારદ્વાર પ્રાંત પ્રચારકો તથા માનદ પ્રચારકોએ નીચેનાં સ્થળોની મુલાકાત, જણાવેલી મુદત દરમ્યાન, લઇ ત્યાંની પુસ્તકાલય વા વાચનાલય સંસ્થાઓ તપાસી છે અને દફતરી કામની અવ્યવસ્થા દૂર કરી છે. પુસ્તકોના વર્ગીકરણ, વગેરેની કામગીરી બજાવી તત્સંબંધી જરૂરી સૂચના-સમજૂત આપી છે; તેમ જ પુસ્તકાલય વગરનાં સ્થળોએ પુસ્તકાલય ખોલવા સંબંધી પ્રચારકાર્ય કર્યું છેઃ—

૧. વડોદરા-નવસારી પ્રાંત પ્રચારક રા. છગનભાઇ મથુરભાઇ પટેલ-માહે મે માસમાં કામરેજ મહાલનાં (૧) ભેરવ, (૨) ખોલેશ્વર, (૩) દેલોદ, (૪) નનસાડ, (૫) કોળીભરથાણા, (૬) દીગસ, (૭) ઓરણા, (૮) વાવ, (૯) કોસમાડી સીમાડા, (૧૦) પરબ, (૧૧) વલણ, (૧૨) ઉમેલ, (૧૩) માંકણા, (૧૪) કઠોદરા, (૧૫) કોસમાડા, (૧૬) લાડવી; **માંગરોળ મહાલનું** (૧૭) મહુવેજઃ કામગીરી દિન ૨૪, જેમાં કામરેજ મહાલ મં. ની સભા તથા કોસંબા શિક્ષણવર્ગની વિશિષ્ટ કામગીરી થયેલી છે.

માહે જુન માસમાં કામરેજ મહાલનાં (૧) વેળંજા, (૨) શેખપુર, (૩) અમ્રામા, (૪) ભાદા, (૫) ખોલવડ, (૬) ઘોરણ પારડી, (૭) કરંજણ, (૮) કુંગરા, (૯) ધાતવા, (૧૦) ધળા, (૧૧) ખાનપુર, (૧૨) સેવણી, (૧૩) આસ્તા, (૧૪) જોખા, (૧૫) સેગવા, (૧૬) પાલી, (૧૭) અલુરા (વા.), (૧૮) હળદર, (૧૯) ચીખલી, (૨૦) નગોડ, (૨૧) વિહાણ, (૨૨) સામપુરા, (૨૩) ટીંબા, (૨૪) ટેલાડ, (૨૫) કામરેજઃ કામગીરી દિન ૨૪.

૨. મહેસાણા-અમરેલી પ્રાંત પ્રચારક રા. ભાઈશંકર ટી. ઠાકર-માહે મે-જુનમાં, ધારી મહાલનાં (૧) ધારંગણી, (૨) સરસીઆ, (૩) વીરપુર, (૪) દેવળા, (૫) કમી, (૬) કેરાળા, (૭) ચલાલા સાર્વ., (૮) ચલાલા બાલ; (૯) રઘનાથપુર તા. ખાંભા; **ઓખા મહાલનાં** (૧૦) બરડીઆ, (૧૧) ધીણકી, (૧૨) કુપણી, (૧૩) ખતુંબા, (૧૪) ગોપારાજપુર, (૧૫) ધ્રાસણવેલ, (૧૬) દ્વારકાં કસ્બા, (૧૭) દ્વારકાં બાલ., (૧૮) દ્વારકાં, મહિલા, (૧૯) વરવાળા, (૨૦) મીઠાપુર, (૨૧) આરંભડા, (૨૨) બેટ મહિલા, (૨૩) બેટ કસ્બા, (૪૪) કલ્યાણપુર; **અમરેલી મહાલનાં**, (૨૫) કેરિયાચાડ, (૨૬) સાજીયાવદર, (૨૭) માળીલા, (૨૮) ચાડીઆ, (૨૯) રાજસ્થલી, (૩૦) તરકતળાવ. કામગીરી માહે મે દિન ૧૭: જુન દિ. ૧૨.

૩. **સાવલી મહાલ માનદ પ્રચારક રા. છગનલાલ સોમેશ્વર જોશી, માહે એપ્રિલમાં** (૧) પીપોલ, (૨) વેમાર, (૩) સમલાયા.

૪. **સાવલી મહાલ માનદ પ્રચારક રા. સોમાભાઇ ગરબડભાઇ માહે જુન માસમાં** (૧) મુવાલ, (૨) ડેસર.

૫. **વિસનગર મહાલ માનદ પ્રચારક શ્રી. ઉમિયાશંકર લ. દવે, માહે જાન્યુઆરીથી જુન સુધીમાં** (૧) કમાણા, (૨) ઉદલપુર, (૩) ખરવડા, (૪) મગરોડા (?) (૫) સવાળા (?) (૬) સાતુસણા, (૭) વાલમ મહિલા.

૬. ચાણસ્મા મહાલ માનદ પ્રચારક નં. ૧ રા. નાનજીભાઇ જે. પરેલ માટે જુનમાં (૧) બહુચરાજી, (૨) સંખલપુર.

૭. ચાણસ્મા મહાલ માનદ પ્રચારક નં. ૨ રા. કરુણાશંકર મો. વ્યાસ માટે એપ્રિલમાં (૧) ચડાસણા, (૨) બરીઆદ, (૩) ડોડીવાડા, (૪) આદીવાડી, (૫) ખાંભેલ.

૮. ચાણસ્મા મહાલ માનદ પ્રચારક રા. જેરાભાઇ લાલદાસ માટે મે માસમાં (૧) જસલપુર.

તપાસણી દરમ્યાન પ્રચારકે જે જે ખામીઓ દર્શાવી હોય તે તે વેળાસર સુધારી લેવા તથા જે સૂચના સમજૂત આપી હોય તેનો યોગ્ય રીતે અમલ કરવા જે તે મંત્રી બાબતોને ખાસ ભલામણ છે.

ના. નં. ચોકસી
સહમંત્રી વ. રા. પુ. મં.

ગ્રંથસમીક્ષા

અમદાવાદ ગુજરાત સાહિત્ય સભા તરફથી નીચેની વિનંતિ પ્રકટ કરવામાં આવી છેઃ—

" ગૂજરાત સાહિત્ય સભા તરફથી દર વર્ષે કરાવવામાં આવતું સમીક્ષાતું કામ ચાલુ વર્ષે નીચેના ત્રણ વિભાગમાં વહેંચી નાખી તે દરેક વિભાગવાર જુદા જુદા સમીક્ષકો નીમવામાં આવ્યા છેઃ—

વિભાગ ૧ લોઃ—
વિષયઃ—કવિતા, નાટક, નવલિકા, નવલકથા.

સમીક્ષકઃ—રા. ભાનુપ્રસાદ બી. વ્યાસ
"પ્રભુ ભુવન," સી. પી. ટેન્ક
મુંબાઇ. ૪

વિભાગ ૨ જોઃ—
વિષયઃ—નિબંધ, વિવેચન, જીવનચરિત્ર, ધર્મતત્ત્વજ્ઞાન, ઇતિહાસ, પુરાતત્ત્વ, ભાષાશાસ્ત્ર, કેળવણી, બાળસાહિત્ય, પ્રવાસ, વગેરે.

સમીક્ષકઃ—રા. હસમુખલાલ મ. કાજી
સિવિલ સ્ટેશન
રાજકોટ

વિભાગ ૩ જોઃ—
વિષયઃ—વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, જંતુવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, શરીરવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, શાસ્ત્રીય સાહિત્ય વગેરે.

સમીક્ષકઃ—ડો. રમણિક કે. ત્રિવેદી
" પંકજ " પ્રતાપગંજ
વડોદરા

તો દરેક પ્રકાશકો તથા લેખકોને આગ્રહપૂર્વક વિનંતિ કરવાની કે તેઓએ પોતાનાં પ્રકાશનો તથા કૃતિઓ ઉપર જણાવેલા સરનામા પ્રમાણે જે તે વિભાગના સમીક્ષકને મોકલી આપવાં.



સત્વર નોંધાવો—સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી સ્વામીશ્રી અખંડાનંદજીની હયાતીમાં ભારતવર્ષના મહાન ઐતિહાસિક ગ્રંથ મહાભારતના સાત ભાગો પ્રકટ થયા હતા, જેનો લાભ સ્થિતિસંપન્ન પુસ્તકાલયોએ લીધો હતો પરંતુ ત્યાર પછી તે મળતો બંધ થયો હતો.

આજે સ્વામીજીના અવસાન બાદ સંસ્થાના ટ્રસ્ટી મંડળના પ્રમુખ શ્રી. મનુ સૂબેદારની કાર્યતત્પરતાના ફલસ્વરૂપ એ મહાગ્રંથ ફરીથી મળવો સુલભ થયો છે. એ મહાગ્રંથના સાત મોટા ગ્રંથોનું મૂલ્ય તા. ૧ લી ઑગસ્ટ '૪૩ સુધી રૂા. ૩૮) રાખવામાં આવ્યું છે. અને તે પછી તે રૂા. ૪૫) ની કિંમતે વેચાનાર છે. જે પણ પુસ્તકાલયો આ વિરલ ગ્રંથ, જેની દેશ-વિદેશની અનેક ભાષાઓમાં અનુવાદો થયેલા છે અને તાજેતરમાં રશિયન વિદ્વાનોએ જે ગ્રંથનો અનુવાદ પોતાની ભાષામાં તૈયાર કરવાનું સાહસ ઉઠાવ્યું છે તે મહાગ્રંથ આ રીતે ગુજરાતી જનતાને આ મોંઘવારીના વખતે આટલા અલ્પ મૂલ્યે સુલભ થાય છે, એ એક સોનેરી તક છે. જે પણ પુસ્તકાલયો એના સિવાય વંચિત રહી ગયાં હોય વા જેમણે એ ગ્રંથો વસાવ્યા છતાં વધુ વાચનના પરિણામે 'વેરણ-છેરણ થઇ ગયા જેવી સ્થિતિમાં આવી ગયા હોય તેઓ આ અણમૂલ તકનો લાભ લઇ એ ગ્રંથોરૂપી મહામૂલી મિલકત નવા વર્ષમાં અચૂક વસાવી લે. જે પુસ્તકાલયો અગાઉથી એ તક ઝડપી લેશે તેને રૂા ૩૮)માં એ મળશે, જ્યારે પાછળ રહી જનારાંને એના ૪૫) ખર્ચવા પડશે.

આવા અતિ ઉપયોગી સંસ્કારદાતા મહાગ્રંથને આ રીતે સુલભ કરવા માટે સંસ્થાના પ્રમુખ શ્રી. મનુ સૂબેદાર સાચે જ અભિનંદનના અધિકારી છે.

શિષ્ટવાચન પરીક્ષા

હલોલ ખાતેના ભક્તકવિ શ્રી. દયારામ સ્મારક ફંડના ટ્રસ્ટમાંથી, ભક્તકવિ શ્રી. દયારામ મહિલા અને બાલ પુસ્તકાલય દ્વારા લેવાયેલી શિષ્ટવાચન પરીક્ષાનો સાત બહેનો અને ૫૫ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. તે પૈકી બાર ભાઇબહેનોને ઇનામ આપવામાં આવ્યાં હતાં.

કરજણ મહાલ તરફથી માહે ઑક્ટોબર ૧૯૪૩માં લેવાયેલી શિષ્ટવાચનની પરીક્ષા માટે " ગાંધીજી " લે. જુગતરામ દવે નામનું પુસ્તક નિયત કરાયું હતું. તે પરીક્ષાનો કુલ ૫૮ વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓએ લાભ લીધો હતો. તેમાંનાં ૫૨ ઉમેદવારો ઉતીર્ણ થયાં છે. ૧૮ ઉમેદવારો ઇનામપાત્ર થયાં હતાં.

પુસ્તકાલયોને મળેલી મદદ*

સા. પુ. વાલમ (તા. વીસનગર)—૫૧) શ્રી. હરગોવિંદ સખજજ્જ, ૪૩) પટેલ લલ્લુભાઈ નારાયણદાસ લગ્ન પ્રસંગે સ્ટેન્ડ કરાવી આપ્યું, ૫) પા. ઈશ્વરલાલ કસ્તૂરચંદ, ૫) પા. હરજીવનદાસ જોષતારામ, ૫) પા. દલુભાઇ આશાભાઈ, ૩) પા. લલ્લુભાઇ પુરુષોત્તમ અમીન, ૩) પા. ઉમેદભાઇ પ્રભુદાસ.

સા. પુ. સરસીઆ—૩) રા. રણછોડ પ્રેમજી, ૩) રા. અકબરઅલી કરીમભાઇ, ૩) રા. ધનજી કાનજી, ૪) રા. મહંત રામકૃષ્ણદાસજી ગુરુ હિરાદાસજી, ૧૦) નાં પુરતકો ભેટ રા. ખીમજીભાઇ ટી. ઠાકર.

સા. પુ. કાંસા (તા. વીસનગર)ને ૩) મરઘાભાઇ કાળીદાસ, ૩) રેવાજી ગોકળજી, ૪) વિઠ્ઠલદાસ ડુંગરદાસ, ૪) બાલચંદ ભગવાન, ૫) ખુમાજી ઉમાજી પરમાર, ૫) પ્રહ્લાદજી રાજજી પરમાર, ૫) ભગવાન બહેચર, ૩) હેમરાજ ડોસરાજ, ૩) મરઘાભાઇ જોષતારામ, ૩) ઈશ્વરદાસ શીવદાસ, ૩) અમથાદાસ પ્રભુદાસ, ૫) લક્ષ્મણ પ્રભુદાસ, ૩) ત્રિભોવન મહાદેવ, ૪) રેવાભાઇ શિવાભાઇ, ૫) મહાદેવ ભૂખણદાસ, ૫) વિઠ્ઠલદાસ દલદાસ, ૫) મોહનદાસ હીરદાસ, ૫) કરશનદાસ રામદાસ, ૫) રણછોડ વીરચંદ, ૫) માધવદાસ ગોપાળદાસ, ૫) ભુદરદાસ કલ્યાણદાસ, ૫) ભુદરદાસ, કરસંનદાસ, ૫) મોહનદાસ પુંજીદાસ, ૧૦) મૂળચંદ બાલચંદ, ૪) મહાદેવદાસ અમેરાજ, ૫) મોહનદાસ મહાદેવદાસ, ૫) ધોલદાસ જેઠીદાસ, ૩) છગનદાસ બાલદાસ, ૧૧) ઝાલા કેસરીસિંહ વીરમજી, ૫) રેવાભાઇ કેવળદાસ, ૫) પ્રભુદાસ ઇશ્વરદાસ, ૫) મોતીદાસ પરસોતમ, ૫) ડુંગરદાસ હીરાભાઇ, ૫) શંભુભાઇ લીલાભાઇ, ૫) રામાભાઇ કીશોરભાઇ, ૨૫) નરોત્તમદાસ રણછોડદાસ, ૧૦) જેરદાસ જેશીંગદાસ, ૩) સરદારજી ભુપતાજી, ૩) પરશોત બહેચરદાસ, ૩) મોતીજી રધાજી રાણા, ૧૦) છગનદાસ નાગરદાસ, ૧૦) ખોડીદાસ લખુદાસ, ૩) શંકરભાઇ પુંજીદાસ, ૩) શંકરભાઇ મગનલાલ, ૩) છગુજી પગાજી અડીઓલ, ૧૧) રણછોડદાસ લીલાચંદ, ૫) મગનલાલ શિવરામ, ૫) ચતુરદાસ લખુદાસ, ૭) ખેમરામ મહાદેવરામ રાવળ, ૫) જેરાભાઇ મહાદેવદાસ, ૫) શંકરભાઇ લીલાભાઇ, ૫) પરાણુભાઇ રાયચંદ.

સા. પુ. કમાણા (તા. વીસનગર)ને ૩) પા. લખુદાસ પ્રભુદાસ, ૫) પા. કચરાભાઇ કેવળદાસ, ૫) પા. દેવકરણદાસ ત્રિભોવનદાસ, ૮) પા. અમીચંદદાસ લખુભાઇ, ૧૦) પા. મકતલાલ કુબેરદાસ, ૫) પા. જેરદાસ મંછાભાઇ, ૧૫) પા. અમીચંદદાસ હેમરાજદાસ, ૪) પા. છગન દેવકરણ, ૭) શાહ રીખવચંદ દ્વારકાદાસ, ૧૭) પા. મગનદાસ મોતીદાસ, ૧૦) પા. બાભાઇદાસ મોતીદાસ તથા શાળાના મુખ્ય શિ. વિઠ્ઠલભાઇ કવિના પ્રયાસથી ગામલોકોએ કાયમફંડ માટે રૂા. ૭૦૧) આપ્યા છે; તેમ જ પંચાલ પ્રભુદાસ ઝંખારામે રૂા. ૧૦૦૧) એક હજાર એક સા. પુ. નું મકાન બાંધવા માટે કબુલાત આપી છે.

સા. પુ. સરદવ (તા. કલોલ)ને ૫) પટેલ બેચરદાસ ભોગીદાસ, ૩) પટેલ

* આ યાદીમાં રૂા. ૩) અને તેથી વધુ રકમોવાળાં નામોનો સમાવેશ કરેલો છે.

જુગલદાસ જીવનદાસ, ૫) ભટ્ટ ભાઇશંકર બળદેવરામ, ૫) દેસાઇ કાળીદાસ હરજીવનદાસ, ૫) પરીખ હરિલાલ જગજીવનદાસ.

સા. પુ. સઇજ (તા. કલોલ) ને ૪) સાવજડાના પટેલ ગોવિંદલાલ રણછોડદાસ.

સા. પુ. મીઠી ધારિયલ (તા. ચાણસ્મા) ને ૧૦) દવે છોટાલાલ મોહનલાલ, ૧૦) પા. હરિલાલ સાંકળચંદ, ૫) પા. ઈશ્વરદાસ મોહનદાસ, ૫) પા. ચેલદાસ શંકરદાસ ૫) વ્યાસ મૂળશંકર મુગટરામ, ૩) પા. હીરદાસ તળજાદાસ, ૩) પા. માધાભાઇ અમીચંદ, ૩) રાવળ મોહનલાલ પ્રભાશંકર, ૩) પા. વીરમદાસ પુંજીદાસ.

સા. પુ. કનોડાને ૫) ઉનવાના રાવલ ઈશ્વરલાલ મંગળજી, ૮) ટુંડાવના પટેલ માધાભાઇ ધનજીદાસ, ૧૦) પટેલ માધવજી પીતામ્બર, ૧૦) પટેલ કુંવરદાસ ઝવેરદાસ તરફથી.

સા. પુ. દામનગરને ૧૦) કામદાર જગજીવનદાસ ગોપાળજી, ૧૫) ઠાકારી

સા. પુ. પલાસર (તા. ચાણસ્મા) ને ૧૦) પા. કાશીદાસ રાયચંદ.

સા. પુ. બચાર (તા. કરજણ)ને ૧૫) શાહ ચંદુલાલ વ્રજલાલ.

સા. પુ. કણી (તા. પાટણ)ને ૫) મેરવાડાના જોષી સોમનાથભાઇ રણછોડ તરફથી.

સા પુ. કુણઘેર (તા. પાટણ)ને ૨૧) પાટણના શેઠ હિંમતલાલ લલ્લુભાઇ તથા ૧૫) મહેસાણાના શેઠ મોહનલાલ મોતીચંદ તરફથી.

સા. પુ. અંબોઇ (તા. વિજાપુર)ને ૫) દલસુખરામ પ્રભાશંકર, ૫) ભાઇશંકર મહાસુખરામ પંચોલી.

સા. પુ. ડેમોલ (તા. પેટલાદ)ને ૬૧) પા. મહીજીભાઇ મનોરભાઇ, ૪૧) પા. હાથીભાઇ કીશાભાઇ, ૧૨) પા. જીવાભાઇ ધર્મદાસ તરફથી.

સા. પુ. રણુંજ (તા. ચાણસ્મા)ને ૪) બલોલના પંડ્યા ગિરધરલાલ રેવાશંકર, ૩) સંડેરના શાહ મનસુખલાલ નાગરદાસ, ૩) વડાવલીના શાહ માનચંદ જસરાજ, ૩) રણુંજના દરજી મોહન લીલાચંદ.

વ. રા. પુ. મંડળ

મુલતવી—ચાલુ માસની ૨૪ મી તારીખે લેવા ઠરેલી શિષ્ટવાચનની ૨૮ મી પરીક્ષા માટે પૂરતી સંખ્યામાં અરજીઓ આવેલી નહિ હોવાથી તેમ જ કાગળની અસહ્ય મોંઘવારીને ધ્યાનમાં લઇને હાલ તુરત માટે તે મુલતવી રાખવામાં આવી છે. અનુકૂળ સંજોગો પ્રાપ્ત થતાં નવેસર જાહેરાત મૂકવામાં આવશે.

જૂથ અને મહાલ પુ. મંડળોની વાર્ષિક સભાઓ—સદરહુ બાબતમાં ચાલુ અંકમાં પ્રસિદ્ધ થયેલ જાહેરાતોનો મજકુર લક્ષમાં લઇને સભાઓ ભરવાની આવશ્યક તજવીજ સવેળા કરી દેવાની લાગતાવળગતાઓને ખાસ ભલામણ !

પુ. સ. સ. મંડળ લિ. ને મળેલું નવું ટ્રસ્ટફંડ

ટ્રસ્ટફંડ નં. ૪૫

રા. મંત્રીજી, પુસ્તકાલય સ. સ. મંડળ લિ., વડોદરા.

સવિનય જણાવવાનું કે,

સ્વ. શાન્તાબાઇ મહાસુખભાઇ મહિલા સાર્વજનિક પુસ્તકાલય, વિસનગરના દર વર્ષે થનારા ખર્ચમાં, જોઇતી લોકમદદ ખાતે વાપરવા સારૂ રૂ. ૨૦૦૦) અંકે બે હજાર રૂપિયાની ૩॥ ટકાની ગવર્મેંટ લોન નં. By. 002586 of 1854-55 રૂા. ૧૦૦૦) ની તથા નં. By. 002800 of 1854-55 રૂા. ૫૦૦)ની તથા નં. By. 002801 of 1854-55 રૂ. ૫૦૦) ની મળી કુલ રૂા. ૨૦૦૦) ની નીચેની શરતોએ આપું છું. તો તે સ્વીકારી આભારી કરશો.

શરતો

૧ આ ટ્રસ્ટફંડ ' શ્રી શાન્તાબાઇ મહાસુખભાઇ મહિલા સાર્વજનિક પુસ્તકાલય લોકમદદ ફંડ ' એ નામથી ઓળખાશે.

૨ મૂળ રકમ કાયમ રાખી, તેનું જે વ્યાજ આવે તે દર વર્ષે, ' પરીખ વલ્લભરામ હેમચંદ જનરલ લાયબ્રેરી ' મારફત શ્રી શાન્તાબાઇ મહાસુખભાઇ મહિલા પુસ્તકાલયને લોકમદદ ખાતે વાપરવા સારૂ પહોંચાડવું.

૩ આ લોન પાકવાની મુદત પૂરી થયે, ફંડની રકમ, ટ્રસ્ટ એક્ટ પ્રમાણે રોકવી.

૪ મંડળના વાર્ષિક રિપોર્ટમાં, આ ફંડનો હિસાબ બહાર પાડવો.

૫ આ ફંડનો મૂળ ઉદ્દેશ લક્ષમાં રાખી, ટ્રસ્ટની શરતોમાં ખાસ જરૂરના પ્રસંગે ફેરફાર કરવો જોઇતો ફેરફાર, વિસનગરની જનરલ લાયબ્રેરીના જે તે વખતની વ્ય. મં. ની સલાહ લઇ પુ. સ. સ. મંડળ કરી શકશે.

વિસનગર
તા. ૧૩-૩-૪૩

(સહી) મહાસુખભાઇ ચુનીલાલ શેઠ
(અંગુઠાનું નિશાન)

આભારી રૂબરૂ

શ્રી મહાસુખભાઇ શેઠને જેમણે હાથે લકવો થવાથી ડાબા હાથની સહી તથા ડાબા હાથનું અંગુઠાનું નિશાન કર્યું છે. તા. ૧૩-૩-૪૩.

(સહી) ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક, પુસ્તકાલય ખાતુ.

વ્યવસ્થાપક મંડળના ઠરાવ નં. ૫૭ તા. ૨-૫-૪૩ થી સદરહુ ટ્રસ્ટફંડ સ્વીકારવામાં આવ્યું છે.

(સહી) વા. ના. અમીન
મંત્રી, પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ.

વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળ

જાહેરાત નં. ૬ / '૪૨–૪૩

વિષય—જૂથ પુસ્તકાલય મંડળોએ વાર્ષિક સભા ભરવા બાબત

પુસ્તકાલય ખાતાના વટહુકમ નં. ૧૩ તા. ૮-૩-૩૦ થી રાજ્યનાં દરેક જૂથ પુ. મંડળની વાર્ષિક સભા દર વર્ષે ઑગસ્ટના પહેલા રવિવારે ભરવાનું ઠર્યું છે. તે મુજબ સન ૧૯૪૩-૪૪ ની નૂતન સાલની વાર્ષિક સભા ઑગસ્ટ '૪૩ ના પહેલા રવિવારે તા. ૧–૮–૪૩ ના રોજે ભરવાનું અને તેમાં નીચે જણાવેલાં કામો કરવાનું, રાજ્યના દરેક જૂથ પુ. મંડળના મંત્રીઓને ખાસ સૂચવવામાં આવે છે.

આ સભામાં, જૂથમાં આવેલાં તમામ પુસ્તકાલયો વાચનાલયોના મંત્રીઓએ આવવાનું હોઇ, જૂથ મંત્રીએ સભાની તારીખના ચાર પાંચ દિવસ અગાઉ, પોતાના જૂથના જે તે પુસ્તકાલય-વાચનાલયના મંત્રીઓને સદર તારીખે સભામાં આવવાનું આમંત્રણ મોકલી આપવું. જૂથમાં આવેલાં તમામ પુસ્તકાલયોનાં પૂરી થયેલી સાલનાં વાર્ષિક નિવેદન તથા નવીન સાલનુ બજેટ તમામ મંત્રી ભાઇઓએ એકઠા થઇને આ જ સભામાં ભરવાનાં હોવાથી તેને લગતા સાધનિક કાગળો તથા બીજી જરૂરી હકીકત પણ સાથે લેતા આવવાનું દરેકને ખાસ જણાવવું.

આ સભામાં નીચેનાં કામો ખાસ કરવા ભલામણ છેઃ—

૧. જૂથના દરેક પુસ્તકાલયનું વાર્ષિક નિવેદન પોતાનાં પત્રકો ઉપરથી તૈયાર કરવું.

૨. સન ૧૯૪૦–૪૧ ના જુલાઇ અંકમાં પ્રસિદ્ધ થયેલ પુસ્તકાલય ખાતાની સૂચના નં. ૨૮ માં જણાવ્યા પ્રમાણે "સહકારના ધોરણે બજેટ બનાવવાની યોજના" પ્રમાણે દરેકે પોતાના પુસ્તકાલયનાં બજેટ બનાવવાં.

૩. મહાલ પુસ્તકાલય મંડળના વ્યવસ્થાપક મંડળ માટે બે પ્રતિનિધિઓની ચૂંટણી કરવી. મહાલ પુ. મંડળને તે નામોની ખબર આપવી.

૪. આ સિવાય (૧) જૂથમાં આવેલા પુસ્તકાલય વિનાનાં શાળાવાળાં ગામોએ પુસ્તકાલયની લોકોપયોગી સંસ્થા ઉઘાડવા, (૨) જૂથમાં આવેલાં પુસ્તકાલયોની તપાસણી કરવા, તથા (૩) મહાલ અને રાજ્ય પુ. મંડળ તરફથી યોજાતી શિષ્ટ વાચનની પરીક્ષાઓનો લાભ લેવા લેવડાવવા વગેરે બાબતોના પ્રશ્નો પણ વિચારવા.

આ સભાના અહેવાલની હાજર રહેલા મંત્રી ભાઇઓનાં નામ ગામ સાથેની એકેક નકલ મહાલ પુ. મંડળ, પ્રાંત પુ. મંડળ અને રાજ્ય પુ. મંડળ એ દરેક તરફ સભા ભરાઇ ગયા પછી દિન ૮ માં દરેક જૂથ મંડળના મંત્રીએ ખાસ મોકલી આપવી.

વડોદરા,
તા. ૯–૬–'૪૩

રામભાઇ કા. પટેલ
મંત્રી,
વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળ

વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળ

જાહેરાત નં. ૭ / સન '૪૨–૪૩

વિષયઃ—મહાલ પુ૦ મંડળોએ વ્યવસ્થાપક મંડળની વાર્ષિક સભા ભરવા બાબત

પુસ્તકાલયં ખાતાનાં વટહુકમ નં. ૧૪ / તા. ૮–૭–૩૦ થી રાજ્યના દરેક મહાલ પુ. મંડળની વ્યવસ્થાપક સભા દર વર્ષે ઑગસ્ટના ત્રીજા રવિવારે ભરવાનું ઠર્યું છે. તે મુજબ સન ૧૯૪૩–૪૪ ના નૂતન વર્ષની વાર્ષિક સભા ઑગસ્ટ '૪૩ ના ત્રીજા રવિવારે તા. ૧૫–૮–૪૩ ના રોજે, પોતપોતાના મહાલના અનુકૂળ પડતા સ્થળે ભરવાનું અને તેમાં નીચે જણાવેલાં કામો કરવાનું, રાજ્યના દરેક મહાલ પુ. મંડળના મંત્રીઓને ખાસ સૂચવવામાં આવે છે.

જે તે મહાલનું મહાલ વ્યવસ્થાપક મંડળ, જે તે મહાલનાં જૂથમંડળોએ પોતાની નૂતન વર્ષની વાર્ષિક સભામાં ચૂંટેલા બબ્બે પ્રતિનિધિઓનું બને છે. જે જૂથ મંડળ તરફથી નવા વર્ષના પ્રતિનિધિઓનાં નામ–ગામ આવ્યાં હોય તે પ્રતિનિધિઓને, સભાની તારીખના એક અઠવાડિયા અગાઉ, સભાનાં તારીખ, સ્થળ, ટાઇમ તથા કરવાનાં કામોની યાદી સહિત એક આમંત્રણપત્રિકા મહાલ મંડળના મંત્રીએ મોકલવી. જે જૂથ મંડળ તરફથી પ્રતિનિધિઓનાં નામ–ગામ આવ્યાં ન હોય ત્યાં તે જૂથ મંડળના મંત્રી તરફ આમંત્રણ મોકલવું અને એમાં બે પ્રતિનિધિઓને ચૂંટીને મોકલવા જણાવવું.

આ સભામાં દરેક મહાલ મંડળે નીચેનાં કામો ખાસ કરવાનાં છેઃ

૧ મહાલ મંત્રીએ રજૂ કરેલાં પૂરી થયેલી સાલનાં નિવેદન તથા હિસાબ મંજૂર કરવાં.

૨ મહાલ વ્યવસ્થાપક મંડળ માટેના પ્રતિનિધિઓમાંથી એક પ્રમુખ અને મંત્રીની ચૂંટણી કરવી.

૩ પ્રાંત પુ. મંડળ માટે કરવા પુસ્તકાલયોમાંથી એક અને ગ્રામ પુસ્તકાલય તરફથી એક એમ પ્રતિનિધિઓની ચૂંટણી કરવી. અને તે નામ પ્રાંત મંડળ તરફ સમયસર મોકલી આપવાની મંત્રીને સત્તા આપવી.

૪ નવા વર્ષમાં મહાલે કરવાજોગાં કામોની વિચારણા કરી કાર્યક્રમ ગોઠવવો તથા તે માટેનું અંદાજી બજેટ મંજૂર કરવું.

ટીપ—નવા વર્ષના કાર્યક્રમમાં નીચેના પ્રશ્નો ખાસ વિચારવાઃ—

૧ મહાલ પૂરતી શિ. વા. ની પરીક્ષા લેવાની યોગ્યતા અયોગ્યતા વિચારવી; ૨ શાળાવાળાં બાકી રહેલાં ગામોએ પુસ્તકાલયો ઉઘાડવાની તજવીજ કરવા બાબત; ૩ મહાલનું દરેક પુસ્તકાલય નવીન વર્ષનું અંદાજ બનાવે તથા પૂરી થયેલી સાલનું નિવેદન ઠરેલી મુદતમાં મોકલી આપે તેવી તજવીજ રાખવા બાબત; ૪ મહાલ માટે માનદ પ્રચારક વા પ્રચારકો નીમવા બાબત; ૫ મહાલનાં તમામ પુસ્તકાલયોએ પોતપોતાનાં જૂથમાં આવેલાં પુસ્તકાલયોની અરસપરસ સહકાર સાધી સહઠારના ધોરણે અંદાજપત્રો બનાવવા બાબત; તથા ૮ રાજ્ય પુ૦ મંડળ તરફથી ચાલતી પરીક્ષાનો તેમ જ શિક્ષણવર્ગોનો લાભ લેવા લેવરાવવા બાબત વગેરે વગેરે.

આ સભાના કામકાજના અહેવાલની સભામાં હાજર રહેલાઓનાં નામ સાથેની તથા હિસાબ સાથેની વાર્ષિક નિવેદનની એક નકલ પ્રાંત પુસ્તકાલય મંડળ તરફ અને એક નકલ રાજ્ય પુ. મંડળ તરફ સભા ભરાઇ ગયા પછી દિન ૮ માં દરેક મંડળે ખાસ મોકલી આપવી.

વસો,
તા. ૬–૭–'૪૩
૨૭૨]

રામભાઇ કા. પરેલ
મંત્રી
વ. રા. પુ. મંડળ

સામયિક વાંચન

જ્યૉર્જ વૉશિંગ્ટનનાં સોનેરી સૂત્રો

જ્યૉર્જ વૉશિંગ્ટનની તલવારની બંને બાજુએ બે સૂત્રો કોતરેલાં હતાં:

(૧) સત્ય આચરો;

(૨) કોઇથી ડર નહિ.

આ સૂત્રો એમણે જીવનભર આચર્યાં હતાં. એ ઉપરાંત એમણે પોતાના વ્યવહાર માટે બીજાં પણ કેટલાંક સૂત્રો નક્કી કર્યાં હતાં, જે આજે પણ એમનાં બીજાં સ્મૃતિચિહ્નો ભેગાં સંગ્રહાયેલાં છે.

૧. પ્રત્યેક કાર્ય હાજર વ્યક્તિઓ પ્રત્યે કંઇક આદર દર્શાવીને કરવું.

૨. ખુશામતખોર બનવું નહિ; જેને રમવું ગમતું ન હોય તેની સાથે રમવું નહિ.

૩. મંડળીમાં બેઠા હોઇએ ત્યારે છાપું કે પુસ્તક વાંચવું નહિ.

૪. કોઇ લખતું કે વાંચતું હોય ત્યારે તેના કાગળ કે પુસ્તક પાસે જવું નહિ.

૫. ચહેરો સદા હસતો રાખવો; પણ ગંભીર પ્રસંગે ગંભીરતા ધારણ કરવી.

૬. બીજા સાથે કામની વાતો ટૂંકમાં પતાવવી.

૭. બીજાને પહેલાં બોલવા દેવું, એ સારી રીતભાતની નિશાની છે.

૮. જ્યારે કોઇ માણસ પોતાથી બનતું બધું કરી છૂટયો હોય ત્યારે તેને સફળતા ન મળે તોયે ઠપકો ન આપવો.

૯. સલાહ સૂચના આભારપૂર્વક સ્વીકારવાં.

૧૦. કોઇને વિષે હાનિકર્તા ખોટા ગપાટા એકદમ માની લેવા નહિ.

૧૧. કપડાં હમેશાં સાદાં પહેરવાં, અને સ્થિતિને છાજે એવાં.

૧૨. બોરની પેઠે પોતાને નિહાળીને કુલાવું નહિ.

૧૩. બરાબ્ર સોબતમાં રહેવા કરતાં એકલા રહેવું સારું.

૧૪. કોઈપણ વાતચીત ધર્મ્યાં અને દ્વેષથી મુક્ત રાખવી.

૧૫. કોઇ મિત્રને કોઇ છૂપી વાત શોધી કાઢવા દબાણ કરવું નહિ.

૧૬. જ્યાં કોઇને વિનોદમાં ભંગ ન પડતી હોય ત્યાં વિનોદ કરવો નહિ.

૧૭. બીજાંનાં દૂષણો જોવાં નહિ.

૧૮. કોઇ બોલતું હોય ત્યારે તેને ધ્યાનથી સાંભળવું.

હાનિકારક જાહેરાતો

જાહેર છાપાં એ પ્રજાને રોજરોજના બનાવોના સમાચાર આપવાનું કામ કરનાર સાધનમાત્ર નથી; પ્રજાના વિચારઆચાર અને રાષ્ટ્રનું યોગ્ય ઘડતર કરવાનું એ સૌથી સબળ અને ઉપયોગી સાધન છે. એ દૃષ્ટિએ જોતાં જાહેર છાપાની જવાબદારી ઘણી ભારે છે.

અમે આ બાબતનો અત્રે ઉલ્લેખ કરીએ છીએ તે જાહેર છાપામાં પ્રગટ થતી કેટલીક હાનિકારક જાહેરાતોના સંબંધે છે. છાપાંનું સંચાલન જાહેર ખબરો સિવાય અશક્ય બની જાય એ અમે સ્વીકારીએ છીએ. પરંતુ જાહેર ખબર પ્રગટ કરવાના સંબંધમાં પણ છાપાંની ભારે જવાબદારી છે, એ વાતનું મોટે ભાગે વિસ્મરણ થતું જોવામાં આવે છે. છાપાંમાં પ્રગટ થતી શક્તિવર્ધક અનેક પ્રકારની અશ્લીલ જાહેરાતો સંબંધે અમે અત્રે ચર્ચા કરવા નથી માગતા–એ વિષય ઉપર અમે આગળ કોઈ વાર લખવાનું ધારીએ છીએ. પરન્તુ અત્યારે લગભગ દરેક છાપામાં સ્ત્રીઓને માટે કેટલીક જાહેરાતો પ્રગટ થાય છે. સંતતિનિયમન, ગર્ભ અટકાવનારી, 'અકળ' વગેરે નામે–તે સંબંધી અમે અત્રે ઉલ્લેખ કરીએ છીએ. આ બધી દવાઓની જાહેરખબરો સંપૂર્ણ જૂઠી છે–એક યા બીજે માર્ગે ગર્ભપાતના ઉપાય તરીકે જ એ કામ લાગે એવી દવાઓની એ જાહેરાતો હોય છે, એમ કોઈ પણ નિષ્ણાત ડૉક્ટરને પૂછવાથી સહુ કોઈની ખાતરી થશે. ગર્ભપાત કરવો અગર તેમાં મદદ કરવી એ ફોજદારી ગુનો ગણાય છે. અને તેમ છતાં આવી જાહેરાતો છાપાંમાં પ્રગટ થાય છે અને સંખ્યાબંધ ભોળી નિર્દોષ અજ્ઞાન સ્ત્રીઓ તેનો ઉપયોગ કરી પોતાના શરીરને કાયમની હાનિ કરી બેસે છે, એ સ્ત્રીદાક્તરો અને સ્ત્રીઓના દવાખાનાના સંચાલકોનો રોજનો અનુભવ છે. કોઈ પણ સુશિક્ષિત ડૉક્ટરને પૂછવાથી માલમ પડશે કે કોઈપણ જાતની દવા ખાવાથી કે પીવાથી ગર્ભનિરોધ થઈ શકતો નથી તેમ જ સંતતિનિયમન થઇ શકતું નથી. એ દવાઓ માત્ર ગર્ભપાતનું જ પરિણામ લાવે છે અને એ અકુદરતી હોઈ શરીરને અત્યન્ત હાનિકારક છે. આ જાતની દવાઓની જાહેરખબર સારાં શિષ્ટ ગણાતાં અને દાવો કરતાં છાપાંમાં માસિકોમાં અને પુસ્તકોમાં જોવામાં આવે છે, એટલું જ નહિ પણ **સ્ત્રીઓના હિત માટે ચલાવાતાં માસિકો અને પત્રોમાં પણ આ પ્રકારની જાહેર ખબર પ્રગટ થયેલી જોવામાં આવે છે, એ અત્યન્ત શોચનીય** છે. આવી દવાઓની જાહેરાત કોઈ પણ શિષ્ટ અંગ્રેજી છાપામાં કે માસિકોમાં આપણા દેશમાં કે પરદેશમાં–કદી પ્રગટ કરવામાં આવતી નથી, એ ખાસ નોંધવા જેવું છે. અમે આશા રાખીએ છીએ કે આપણાં છાપાં અને માસિકો આવી જાહેરાતો–જે અસંખ્ય સ્ત્રીઓને પ્રાણઘાતક અગર કાયમને માટે શરીરને હાનિકારક નીવડે છે–પ્રગટ કરવાનું બંધ કરશે અને એ રીતે સ્ત્રીઓના શારીરિક સ્વાસ્થ્યની પ્રાપ્તિમાં મદદ કરશે.

અખિલ હિન્દ મહિલા પરિષદની અમદાવાદની શાખા તરફથી આ બાબત હિન્દની સૌથી મુખ્ય સંમિતિના સંચાલકોને વિનન્તિપત્ર મોકલવામાં આવ્યો હતો. તેમણે તે પત્ર પ્રત્યેક પ્રાન્તની ભાષાનાં છાપાંની મુખ્ય સમિતિઓના સંચાલકોને મોકલી આપ્યો છે. આ બાબતનો નિર્ણય એ સમિતિઓ થોડા વખતમાં કરશે એવી આશા છે.

સ્ત્રીઓ માટે ચાલતાં દવાખાનાંના દાક્તરો તથા ખાસ કરીને સ્ત્રીદાક્તરો આ મહત્ત્વનો પ્રશ્ન ઉપાડી લઈ આવી હાનિકારક જાહેરખબરોનો ઉપદ્રવ બિલકુલ બંધ પાડવાનું કાર્ય કરશે તો આપણી સ્ત્રીઓની તેમણે જાહેર સેવા બજાવેલી ગણાશે. * ગ૭

* તા. ૧૨ જુન '૪૩ ના "જ્યોતિર્ધર"માંથી.

" થશો નહિ મેટ્રિક બાપુ ! "

[કટાક્ષ કાવ્ય]

(૧)

ફાટયાં તૂટયાં મેં તો કપડા પહેર્યાં ને લૂખાં સૂકાં ખાધાં અન્ન,
છોકરો મારો ભણે અંગ્રેજી કાલે કમાશે ધન,
દેવું વળી માથું કીધું, સ્નેહીઓનું નાણું લીધું.

(૨)

પાસ થયો મેટ્રિકમાં ભાઇ ઉગ્યો સોનાનો ભાણુ,
હરખ માય નહિ અને ઉડે મિજલસોની લ્હાણુ,
હવે સુખ આપણે થાશે, ભાઇ સારી નોકરી જાશે.

(૩)

થવા માંડી શોધ નોકરીની વળી તેમાં બગાડયા દામ,
આજ મળે આ કે પેલી જગા એમ હૈયે રાખી હામ,
કરી દોડ જ્યાં ત્યાં લ્હોયે, મળી નહિ નોકરી કયાંયે.

(૪)

મીલમાં એક સનેહી કને જઇ નોકરીની કરી વાત,
" હા–જી–હા હું મોકલું સંદેશો આવીને હાજર થાય, "
થયું એક વરસ એને, હજી મળી ના ખબર શે'ને ?

(૫)

માર્કિટ, બેન્ક ને દવાના વેપારી કાપડીયાને ત્યાં,
ધક્કા ખાધા આખું વરસ ભાઇએ હતી ઓળખાણો જ્યાં,
ફળી નહીં આશા કયાંયે, થયો ભાઇ મેટ્રિક લ્હોયે.

(૬)

સાથે રહીને થોડું ભણેલા કારખાનામાં કમાય,
વધુ ભણીને મજૂરીનું કેમ કામ અમારાથી થાય ?
વિચાર અને મનમાં આવે, ખુરશી ને ટેબલ ભાવે.

(૭)

દેવું કરીને દામ બગાડયા ને ભણીને બગાડયું તન,
ભણતર એ કાંઇ કામ ન આવે કમાઇ લાવે ન અન્ન,
પૂળો મૂક મેટ્રિક માડે, મળી નહીં નોકરી કયાંયે.

(૮)

હવે કર્યું બંધ ભણાવવાનું બીજાં બાળકો માટ,
થોડું ભણીને ધંધો કરે છો એ જ સુખની વાટ,
શિખામણ એટલી આપું, થશો નહીં મેટ્રિક બાપુ.

માણેકલાલ હ૦ સરિત્

જનતાના કવિને—

કવિ ! તને થાક લાગ્યો ? ગીતનું તારું બધ ખૂટી ગયું ? કલ્પનાની તારી પાંખ કેમ કાપી ગયું ?

તું તો રોજ ચૂમતો હતો, ઉષાનો રાતો હોઠ. તું તો રોજ ગાતો હતો, આશાનો રામ. આજે તારી કલમ અંધારામાં કેમ ડૂબકી મારી ગઈ છે ?

❀

તેં કવિતા રચી હતી જીવનના રૂડા ઘાટની, તેં શાયરી કરી હતી માનવસર્જનની, તેં પ્રશંસા કરી હતી નવી દુનિયાના નવા માનવીની.

અને આજે તારી કલ્પના શોચવાર્ય છે, શું તારાં જ જગાવેલાં જુઠ્ઠાણાથી ?

❀

તેં કહ્યું હતું કે, સૂરજનું અંતર આદમીએ માપ્યું હતું. તેં કહ્યું હતું કે મંગળનો તારો વિજ્ઞાનની આંખે પડી ગયો હતો. તે સમજાવ્યું હતું કે માનવીનું જ્ઞાન કુદરતને હરાવી રહ્યું હતું.

અને તારી કલમને આંચકો લાગ્યો. એક ઘડીમાં જ ગુલાબ ખરી પડ્યાં. એક ક્ષણમાં જ આકાશનો ચાંદ છુપાઈ ગયો. એક પળમાં જ તારી કલ્પનાનું રેશમ વીંખાઈ ગયું.

❀

એ ઘડીમાં સંગ્રામ આવ્યો, માનવીના હાથે ઘડાએલી દુનિયા માટીની હતી, એ દુનિયા ક્ષણે ક્ષણે ભંગાતી રહી, એ ક્ષણે તારી કવિતા ભાંગવા લાગી.

કવિ ! તેં તો કલ્પનાના પાલવ પાથરી માત્ર સુંવાળાં ફૂલો જ એકઠાં કર્યાં હતાં. તેં તો દુનિયાને બગીચા તરીકે જ ઓળખી હતી.

❀

તેં એ બગીચામાંથી તારી સામગ્રી ચૂંટી હતીઃ તેં કોયલ ઉડાડી હતી, તેં ભ્રમર ઉડાડ્યા હતા, તેં પરાગની લાંણ કરી હતી, તેં પુવારાનાં ફોરાં ચમકાવ્યાં હતાં.

આ બગીચામાંથી આજના સમયનો એક ઝેરીલો સાપ નીકળ્યો, ને તારી કલમને એ ડંસી ગયો. અને તું મરી ગયો !

❀

શાયર ! આ ઝેરી સાપનાં ઝેર ઉતારવાની શક્તિ તારે ગોળવવાની છે ! તારા જૂઠાણાને સ્વચ્છ કરવાનો હવે સમય આવી ગયો છે. જેઓ ફૂલ ગુલાબી કલ્પનામાં જ જીવે છે એમને સમયે સુધારવાની બાજી રચી છે.

તું ગભરા નહિ ! હવે તો તું એવાં ગીત ગા કે અમારા કાળજામાં લોહું સંધરાય. એવી કવિતા બોલ કે અમારું અંતર સળગી ઉઠય.

❀

હવે તું પૃથ્વીના મહેલોને પડતા મૂકી દે. હવે તું કોઈ રાજશાહી પ્રેમને આંધો મેલી દે. હવે તું જમીન પર આવ. હવે તું ધૂળમાં તારી કલમને રગદોળાવા દે.

હવે તું એક વ્યક્તિનો મટી જઈ, લોકોનો કવિ બની જા. હવે તું તારું ભરતકામ સમૂહના રંજન માટે કરવા માંડ. હવે તું હસતા બગીચાની અંદર રડતી કલિનું આંસુ હાથ કર.

હવે તું મરત બની જા. ભંગાતી દુનિયાના ટુકડાને લઈ તું આવનારી દુનિયાની વાતો કહી જા.

સત્તાના ઝેરી કટોરા પીનારાઓના કરુણ ઇતિહાસની કણીઓ તારી કવિતામાં બિછાવી દે. લોકને ચગદી, સમૂહને ગુલામ રાખી આઝાદી ભોગવતા આદમીઓને તું ઇન્સાફના ચોકમાં લઈ આવ.

રુદન કરવાનો અર્થ નથી. કુરકાંનો તાલ ઝીલવાનો અર્થ નથી. વિનાશથી ડરી જવાનો અર્થ નથી.

વિનાશ આવ્યો કારણ કે ' સર્જન 'માં દોષ હતો; વિનાશ આવ્યો કારણ કે રચનાનો મિનારો અન્યાયી હતો.

સંસ્કૃતિની સંધ્યાને તું સમજાવી જા. સંસ્કૃતિ છાકટી થઈ અને લોહીની છાકમછોળ ઊડી એ કથા કહી જા.

પણ આ સંધ્યા પછીના પહોરની વાત સમજાવી જા. આશા ગુમાવી દેવાનો અર્થ નથી. આશા કોઈ ઠગારી નારી નથી. આશાનો આજ સુધીનો ઇતિહાસ ઉજળો છે.

માનવી પછડાયો છે ત્યારે આશાએ એને બેઠો કર્યો છે. માનવી ઝેર લેવા ગયો છે ત્યારે આશાએ એના હાથમાંથી ઝેરની પડીકી આંચકી લીધી છે.

તું આશાના બગીચામાંથી ફૂલો વીણ. અને તારી કવિતાની વીણા બજાવ.

તારું ગાન પવનની જેમ બધે ફરવું જોઈએ, તારો શબ્દ સુવાસની જેમ બધે ફેલાવો જોઈએ, તારી કવિતા ગુલામીની સાંકળો પર હથોડા મારનારી બનવી જોઈએ.

કવિ, તું વંદન કરજે. આ ધરતીને કુદરતી બનાવનારા પ્રત્યે તું નફરત કરજે.

કવિ ! તું ગીતો ગાયા જ કરજે. કાળી રાત ઊડી જશે ને પ્રભાત આવશે ત્યારે પ્રભાતને વહેલું લાવવામાં તારોય હિસ્સો ગણાશે.

ઓ પ્રભાતના કવિ ! ઓ પ્રજાના કવિ ! *

---

* તા. ૨૨-૬-૪૩ના " વંદેમાતરમ્ "માંથી.

આપણું બાલસાહિત્ય

ગુજરાતનું સાહિત્ય હિંદના બીજા પ્રાંતો કરતાં ખૂબ આગળ વધી ગયું છે, એમ માનનારો એક વર્ગ છે. આ વર્ગની માન્યતાને એક જ રીતે ટેકો આપી શકાય તેમ છે અને તે પુસ્તકોની સંખ્યાની દૃષ્ટિએ. ગુજરાત સંખ્યાની દૃષ્ટિએ સૌથી આગળ ગયું છે કે નહિ તે હું કહી શકું તેમ નથી, પરંતુ એટલું તો કહી શકું કે ગુજરાતમાં બાલસાહિત્યમાં ગણના કરવામાં આવે છે તેવાં પુસ્તકોની સંખ્યા એના ગજા કરતાં મોટી છે ને તેથી કદાચ ગુજરાત બીજા પ્રાંતો કરતાં આગળ હોવા માટે ગર્વ લેતું હોય તે શક્ય છે.

હિંદના બીજા પ્રાંતો જેમણે વિદ્વત્તા, કલા અને સંશોધનથી ગુજરાતના મોટેરાંના સાહિત્યને પોતાની આગળ જવા નથી દીધું તે પ્રાંતો બાલસાહિત્યમાં કેમ પાછળ પડી ગયા ? ગુજરાતે કદી નથી જોયાં એવાં સાહસો કરનારાઓ શિથિલ દેખાયા એનું કારણ શું ?

આ પ્રશ્નનો જવાબ આપવા જતાં ગુજરાતના બાલસાહિત્યનાં સર્વ અંગો તપાસવાં પડશે. દલીલબાજીથી સહેલા જવાબો અનેક મળી શકે તેમ છે, પણ તે દલીલના આનંદ સિવાય બીજું કંઈ ઉપજાવી શકે તેમ નથી. ગુજરાતને બીજા સાહિત્યમાં પાછળ રાખનાર બાલ-સાહિત્યમાં તેમ કરવા સમર્થ નથી એમ તો કહી શકાય તેમ નથી. તો પછી એક જ સત્ય તરી આવે છે અને તે એ કે બાલસાહિત્યની તેમની વ્યાખ્યા ગુજરાત કરતાં જુદી હોવી જોઈએ અને એવું જ છે. સંખ્યાની દૃષ્ટિએ સાહિત્યનાં મૂલ્ય મૂલવી શકાય જ નહિ.

સ્વ. ગિજુભાઈએ ગુજરાતને બાલશિક્ષણની દૃષ્ટિ આપી. એમના અખતરા છેલ્લું સ્વરૂપ પામ્યા નહિ તે પહેલાં તેઓ ચાલ્યા ગયા; છતાં તેમણે જે બીજ વાવ્યાં તે ઊગ્યા સિવાય ન રહ્યાં. નવી દૃષ્ટિ લાધ્યાના ઉત્સાહના અતિરેકે એક જબરું મોજું ફેલાવ્યું ને ગુજરાતમાં બાલસાહિત્યનો વરસાદ-વંટોળ શરૂ થયો. આ વંટોળ ઉપર કોઈનો અંકુશ નહોતો એટલે એણે ગમે ત્યાં ગતિ કરી.

પરિણામ એ આવ્યું કે બાલસાહિત્ય માટે ગુજરાતમાં વિચિત્ર માન્યતાઓ ઊભી થઈ. સહેલી ભાષા, થોડાં લટકાં, મોટા અક્ષર ને સમજવું સહેલું થઈ પડે તેવું લખાણ બાલસાહિત્ય ગણાવા લાગ્યું. × × × × આ સ્થિતિમાં યે કેટલાંક સુંદર રીતે લખાયેલાં બાલભોગ્ય પુસ્તકો ગુજરાતને મળ્યાં ને તેમાં ગિજુભાઈની સફળતા હતી.

આ વંટોળે મોટું કામ એ કર્યું કે બાલસાહિત્યના તે વખતના લેખકોને ફેંકી દઈ નવા ખડા કર્યા. આ નવા લેખકોમાંથી કેટલાકને બાલમાનસનો અનુભવ હતો, થોડાકનો અભ્યાસ પણ ઊંડો હતો અને બાકીનો વર્ગ બાલસાહિત્યની સ્વમાન્ય વ્યાખ્યા ધરાવતો હતો. જૂના બાલસાહિત્યકારોમાં સાહિત્યની કલા, કેળવણીની દૃષ્ટિ ને ગંભીરતા હતાં. રજુઆતની શક્તિની તેમાં ઊણપ દેખાતી હતી. નવા વર્ગમાં એ હતું, પણ સાહિત્યકારની શક્તિઓનો અભાવ હતો. આ વસ્તુસ્થિતિએ જ બાલસાહિત્યને ચકલાચકલીની વાતો, જોડકણાં અને બાલીશ વર્ણનોની સાંકળથી બાંધી લીધું. વાર્તા સિવાય બાળક માટે બીજું કંઈ ન હોઈ શકે. બુદ્ધિ કસવી પડે કે વાંચતાં મગજને બળ પડે તેવું બાલસાહિત્ય હોઈ જ

ન શકે, આવો ભ્રમ ઉત્પન્ન કર્યો. એ ભ્રમની પાછળ બાલસાહિત્ય ખેંચાવા લાગ્યું, પ્રજા બે ચાવા લાગી ને એવું વાતાવરણ ઊભું થયું કે સાચું બાલસાહિત્ય બિચારું કયાંયે છુપાઈ ગયું.

આવી જ વ્યાખ્યા બાલકાવ્ય માટે બંધાઈ, ગેયત્વ, બાલોચિત વિષયો અને સમજી શકાય તેવી ભાષાની આવશ્યકતા વાચ્યાર્થમાં રહી ને એને ભારે બાલકાવ્યોમાંથી કાવ્ય ઊડી ગયું. સ્વાભાવિક છે કે કાવ્ય જ્યાં તેની સાથે જ તેમાંનું મહાબળ મરી પરવારે આમ થતાં કહેવાતાં કાવ્યો સહેલાં બન્યાં, બાલોચિત વિષયનાં બન્યાં, ગવાવા યે લાગ્યાં, પણ એમાંથી કાવ્ય મરી પરવાર્યું હોઈ વેધકતા, સાર્થકતાવિહોણાં બન્યાં અને—

આવો આવો આવો આવો,
તમારી ચડ્ડીની નાડી બાંધી દઉં.

આવાં 'કાવ્યો' બાલકાવ્ય ગણાઈ બાળકોના કંઠમાં ગુંજવા લાગ્યાં.

આવું અનેક બાબતોમાં બન્યું છે, પણ વધુ લંબાણ ન થવા દેવા મારે અટકી જવું જોઈએ. એ લાંબી ચર્ચા પછી પણ એ જ બતાવવાનું છે કે કહેવાતું બાલસાહિત્ય કલાશૂન્ય અને છીછરું બની ગયું. એમાંથી સાહિત્યની પ્રતિભા ઊડી ગઈ. પ્રચલિત વસ્તુ કે બે-ચાર ગપ્પાં એટલે બાલવાર્તા બને, ગાઈ શકાય તેવી રીતે ગોઠવેલા શબ્દોથી કાવ્ય બને ! બાલ-સાહિત્યના લેખકને અભ્યાસની જરૂર નહિ, સાહિત્યકારનાં બંધન નહિ !

એ મુડદાલ દશામાંથી જે જન્મે તે જન્મ્યું. આવાં પુસ્તકો સહેલાઈથી ઢગલાબંધ લખાય ને લખાયાં એટલે પ્રકાશનશક્તિને મહત્ત્વ મળ્યું. વેપાર કરનાર પ્રકાશકને બાલસાહિ-ત્યની પવિત્રતાની, જોખમની ને ખુદ બાળકોની શી પડી હોય ? પ્રચારકાર્યથી પુસ્તકો ખપે એટલે બસ. પ્રજાને બાલસાહિત્યની અગત્ય સમજાઈ હોવાથી પુસ્તકોની માંગ વધી ને બાળકો માટે કેટલાંક નિરુપયોગી એવાં પુસ્તકો પણ ઉપડવા લાગ્યાં. પરિણામે વેચાણ અને આર્થિક શક્તિ બળવાન બનતાં, જે સારા લેખકો હતા તે અદૃશ્ય થઈ ગયા.

બાલસાહિત્ય રથૂલતા ઉપર ચાલ્યું ગયું. આત્મા વિનાના પૂતળાને શણગારવા ઘરે-ણાંનો ઠઠેરો વધી પડ્યો. એ ઠઠેરાની ચમકથી કેટલાક રાચવા લાગ્યા. મડદાને ચમકાવવાં નહિ માગનારા આ ચમકાર આગળ ફિક્કા દેખાવા લાગ્યા; એટલે ગુજરાત આગળ વધી ગયું એમ આપણે માનવા લાગ્યા; પણ ગુજરાતે એ ન જોયું કે મડદાની શોભામાં રાચવાની આ વૃત્તિ કેવા અનર્થની ઉત્પાદક બની છે. એને લીધે લેખકોમાંની અભ્યાસની વૃત્તિ ગુંગ-ળાઈ, બાળકો વાર્તાપ્રેમી બની ગયાં ને જ્ઞાન-સંસ્કારને બદલે આનંદ ઉચ્ચ સ્થાને આવી ગયો. જ્ઞાન, જોમ અને પ્રેરણા આપવાનું સાહિત્યનું કાર્ય પીટી જઈ બાળકોને રમવાનું એ રમકડું બની ગયું ને છેવટે બાળકોને ગમે એ જ બાલસાહિત્ય, એવી હીન વ્યાખ્યા આવી ઊભી આજે આ સ્થિતિ પ્રવર્તે છે. અલબત્ત, એ શિથિલ થતી જાય છે ને થવાની છે. પોકળતા પહેલાં પ્યારી લાગે છે, પણ છેવટે એના તરફ નફરત ઉત્પન્ન થયા સિવાય રહેતી નથી.

આપણું બાલસાહિત્ય બીજા કરતાં આગળ ગણાતું હશે, તો પણ આ દશામાં છે. એમાં અભ્યાસ કે ઊંડાણ નથી. અલબત્ત, વિવિધતા આવી છે પણ એ તદ્દન સામાન્ય છે. નવીનતાનો અજાણ્યો ખૂણો શોધવાનો પ્રયત્ન, બાલસાહિત્યસર્જન પાછળ અભ્યાસ કે મંથન એવું કશ નથી. ઊલટાં કેટલાંક અનિષ્ટો દાખલ થયાં છે. એક જ દાખલો આપું. બાળકોને

ચિત્રો ગમે છે ને બાલસાહિત્ય સચિત્ર હોવું જોઇએ. આને લગતું ગાંડપણ એટલું આગળ વધી ગયું કે લખાણ ચિત્રોના પ્રદર્શન આગળ દબાઇ જવા લાગ્યું. ને આ ચિત્રો પણ કેવાં ? વારંવાર છપાયા જ કરે. આઠ નવાં ચિત્રો, અઠ્ઠાવીસ જૂનાં ચિત્રો વચ્ચે અટવાઇ જાય ને છત્રીસ ચિત્રોનો આનંદ મેળવાય !

સાહિત્યસમાલોચનાની શિથિલતાએ બાલસાહિત્યની પોકળતાને અનુકૂળતા કરી આપી છે. પત્રોમાં આવતાં અવલોકનો જોતાં દેખાયું છે કે બાળકોનાં પુસ્તક માટે ઓછામાં ઓછી જગ્યા રોકાય છે ને પ્રશંસાનાં ૪-૫ વાક્યોમાં કામ પતવી દેવાય છે. અવલોકનકારોમાંના કેટલાક વિદ્વાન હોય, પણ બાલમાનસનો અનુભવ ન હોવાને કારણે ગોથું ખાઇ જવાનો સંભવ હોય છે. એક એમ. એ. થયેલ વિવેચક શિક્ષક બાલસાહિત્યના વિવેચન માટે પહેલી નજરે યોગ્ય ગણાય, પણ તેણે કૉલેજના કે હાઇસ્કૂલના વિદ્યાર્થીઓનું માનસ જોયું હોય, એ પ્રાથમિક શાળાનાં બાળકોને શી રીતે સમજે ? આ સ્થિતિને લીધે બાલસાહિત્યના લેખકોનું પોત કેટલું પાતળું બની ગયું છે તેનો એક રમૂજી દાખલો આપું: બાલસાહિત્યની ભવ્ય સેવા કર્યાનો દાવો કરતા એક ગૃહસ્થનાં પુસ્તકોમાંથી ભાગ્યે કોઇ પુસ્તક ' શિક્ષણ અને સાહિત્ય 'ના અવલોકનકાર આગળ લાયક નીવડ્યું હોય ત્યારે આવા પુસ્તકને કેટલાંક પત્રોએ છાપરે ચડાવ્યું હોય. ટીકા કરનાર પત્રને એ ગૃહસ્થ અવલોકન માટે પુસ્તક મોકલતા જ નથી ! એક અવલોકનકારે એક ભાઇનાં પુસ્તકોમાંનાં કેટલાંક પુસ્તકોનાં વખાણ ન કર્યાં એટલે એ ભાઇ અવલોકનકારને છોલવા મંડી પડ્યા, એટલું જ નહિ પણ અવલોકન પ્રસિદ્ધ કરનાર સંસ્થા ઉપર હુમલો કરી, વધુ ચર્ચાપત્રો લખવા મિત્રમંડળને કાગળો લખી વિનંતિ કરી. આટલી પામરતાને પનારે આપણું બાલસાહિત્ય પડ્યું છે !

હજી ઘણું ઘણું લખવા જેવું છે, પણ લંબાણ વધ્યે જાય છે. જે લખાયું છે તે ઉપરથી કોઇ એમ ન માને કે હું જે કંઇ સારું છે તે જોઇ શકતો નથી. અલબત્ત, મને અસંતોષ છે અને તે અહીં અલ્પ પ્રમાણમાં રજૂ થયો છે. બાલસાહિત્યને નામે બાળકોના જીવન સાથે જે ભયજનક રમત રમાય છે તેની ઉપેક્ષા મારાથી કરી શકાય તેમ નથી. હું તો માનું છું કે બાળક વાંચ્યા સિવાય રહેશે તેથી એને જે નુકસાન થશે તેના કરતાં કેટલાય-ગણું નુકસાન એક બેવકૂફ વાક્ય તેના દિલમાં ઘર કરી જતાં થશે-કદાચ બાળકની જિંદગી પાયમાલ કરશે. બાલસાહિત્યકાર આ જવાબદારી સમજે, બાલસાહિત્ય ખરીદનાર આંધળિયાં ન કરે એ જ મારી વિનંતિ છે. બાલસાહિત્ય શોભા અને આનંદ માટે નથી. તલવારની ધાર જેવું એનું સ્થાન છે. સર્જન કરનાર અને ખરીદનાર સાવચેત નહિ રહે તો બાળકને બરબાદ કરશે. ઈશ્વર, બાળકોને એમના સ્વાર્થસાધુ મિત્રોથી બચાવે. *

હિમ્મતલાલ ચુ. શાહ

[' બાલમિત્ર 'ના જુન-જુલાઇ '૪૩ ના અંકમાંથી]

---

* મોટેરાઓના સાહિત્ય સંબંધે આપણે ત્યાં ઘણું લખાય છે; પરંતુ બાલસાહિત્ય સંબંધે ક્વચિતજ કોઇ લખે છે. એ દૃષ્ટિએ અને આપણા આજના બાલસાહિત્ય પર ઊડતી નજર પૂરતો આ લેખ અમે છાપ્યો છે. લેખકનાં સઘળાં મંતવ્યો સાથે તંત્રીને સંમત-અસંમત માની લેવાની ભૂલ કોઇ ન કરે. બાલસાહિત્ય પરત્વેનું એક દૃષ્ટિબિંદુ રજૂ કરવા પૂરતો જ આ લેખ અહીં છાપ્યો છે. —તંત્રી.

લોકરુચિના પારખુ : સાક્ષર શ્રી. રમણલાલ દેસાઈ

જીભને સ્વાદનાં ગલગલિયાં કરાવે અને નબળામાં નબળી હોજરીને પણ તસ્દી ન આપે એવું નવલ-ખાદ્ય એમણે ગુજરાતી મધ્યમ વર્ગની નવરાશના આહાર માટે સર્જ્યું છે!

એમની નવલકથાઓમાં વિચારસરણી કરતાં વસ્તુને, વસ્તુ કરતાં વાર્તાને, વાર્તા કરતાં વાર્તાકથનને અને વાર્તાકથન કરતાં પણ, વાચકગણુ-મનરંજનને વધુ મહત્ત્વનું સ્થાન.

પલકે પલકે પલટાતા લોકરુચિતંત્રની સારીગમની એમને હૈયાઉકલત છે. તત્કાળ ફુંકાતા પવનમાંથી એ પાત્રો સરજે છે-અથવા કહો કે ઊંચકી લાવે છે! અખાડાના યુગમાં એમનો કથાનાયક વ્યાયામ-કેસરીનો વાઘો પહેરીને આવે અને સત્યાગ્રહના યુગમાં આઝાદીના અહિંસક સૈનિકનો...

પણ " અંતે તો હેમનું હેમ હોયે! " એકનો એક ગંજીપો અને વિધવિધ બાજી! ફરક માત્ર એટલો કે ગંજીપામાં મૂળભૂત તત્ત્વો બાવન, જ્યારે શ્રી. રમણલાલ પાસેનાં મૂળભૂત તત્ત્વો ત્રણ! એક યુવક અને બે યુવતીઓ-અથવા એક યુવતી અને બે યુવકો!

ચિત્રકારની નહિ, પરંતુ ફોટોગ્રાફરની કલાની એ વધુ નજીક છે. પરંતુ એમની ફોટોગ્રાફી, અંગ્રેજીમાં જેને ' ટેબલ-ટૉપ ફોટોગ્રાફી ' કહે છે તે પ્રકારની. આ ફોટોગ્રાફો લેવા માટે પણ શ્રી. રમણલાલ પોતાના શહેરી ઘરના દિવાનખાનાની અટારીઓથી ભાગ્યે જ હેઠા ઊતરે છે. કોઈ વાર એમની કથાને શહેર બહાર જવાનું થાય છે ત્યારે મોટે ભાગે એ ' સ્ટુડિયો 'નો આશરો લે છે-અને ઘરને આંગણે ગામડાંઓનાં ' મૉડેલો ' બનાવીને કામ ચલાવી લે છે.

એટલે જ એમની નવલકથાઓની સફળતાની માત્રા, એમનું વસ્તુ એમના શહેરી નિવાસસ્થાનની કેટલું સમીપ છે તે ઉપર અવલંબે છે.

મેધાણીનું ધરતીનું ધાવણ અને ભાવોદ્રેક કે મુનશીની સજીવ વેગવત્તા અને રસાપત્ય, શ્રી. રમણલાલ કને નથી. અદ્યતન માનસને આઘાત ન થાય એટલી પરંપરા-પરસ્તી, પ્રાચીનો ન ભડકી ઊઠે એટલી અદ્યતનતા, સલામત સપાટીથી આઘે કે ઊંડે જવાની અશક્તિ, વાત લડાવવાની ફાવટ, ફિકરવિહોણી ફુરસદ અને વેવલાઈની સરહદ ઉપર ઊભેલી ગૂજરાતી ઉજળીઆત વર્ગની ઊર્મિલતા-આટલા એમના સાફલ્યના આધારસ્તંભો!

એટલે એમનાં પાત્રો, કોઈ પુખ્ત ઉંમરના માનવીને જીવનભરના સંગી બનાવવાની વૃત્તિ ઉપજે એવાં નથી! એમનાં સહવાસ અને સંભાષણ ગમે ખરાં-પણ તે થોડી વારને માટે.

છતાં ગૂજરાતી સાહિત્યની એમની સેવા ઐતિહાસિક ગણી શકાય એવી છે. સાહિત્યના નામથી સો જોજન છેટા રહેતા ગૂજરાતીઓમાં એમણે પૈસા ખર્ચીને વાંચવાનો રસ જગાવ્યો એટલું જ નહિ, પરંતુ સાહિત્યવાચન અને સંસ્કારિતાને લગભગ પર્યાય શબ્દો જેવા બનાવી દીધા.

શ્રી. રમણલાલે નવલકથાઓ ઉપરાંત, નાટકો, ટૂંકી વાર્તાઓ અને કાવ્યો પણ લખ્યાં છે; અને એમના ' શંકિત હૃદયે ' તો બીનધંધાદારી નાટકવાળાના હૃદય ઉપર કંઈ નહિ તો પૂરા એક દશકા સુધી સામ્રાજ્ય પણ ભોગવ્યું છે...

પણ ગૂજરાતી સાહિત્યના કાળમહોદધિમાં યદિ એ તરશે-તો તે ફક્ત એમની નવલકથાઓના જ ટુંબડા પર!

[તા. ૮-૭-'૪૩ ના " જન્મભૂમિ "ના કલમ-કિતાબમાંથી]

એક કાળી કન્યાનું સફળ સ્વપ્નું

ઇ. સ. ૧૯૦૪ ની સાલ હતી. ફ્લોરિડા મધ્યે ચાલતા રેલવેના બાંધકામ માટે હબસી મજૂરો તેને પૂર્વકાંઠે એકઠા થયા હતા. એ હબસી મજૂરોમાં અજ્ઞાન, દારિદ્રય, અન્યાય અને વર્ણદ્વેષથી તેમની થઇ રહેલી માનહાનિ એક હબસી છોકરી માટે દુઃખદાયક થઇ પડી અને એમની સંતતિને પણ એવું જ જીવન નસીબે ન આવે તે માટે કશુંક કરી છૂટવાની એને આંતરપ્રેરણા થઇ.

એ હબસી છોકરીનું નામ મેરી બેથ્યુન. બૂકર ટી. વોશિંગ્ટન પછી હબસી સમાજ પર કોઇનો પણ સવિશેષ પ્રભાવ રહ્યો હોય તો તે તેનો. બેથ્યુન કૂકમેન કોલેજની એ માત્ર મુખ્યાધ્યાપિકા જ નથી. એની કર્તૃત્વશક્તિ અનેકમુખી છે. અમેરિકાનું ઊંચામાં ઊંચું સરકારી માન મેળવનારી તે પહેલી હબસી સ્ત્રી છે. વળી ત્યાંના નેશનલ યુથ એડમિનિસ્ટ્રેશનના હબસી વિભાગની તે વડી છે. હબસી સમાજના ઉદ્ધાર માટે ' નિગ્રો પ્રેસ ' નામના દૈનિકમાં તે નિયમિત એક કટાર લખતી રહે છે, અને ઉત્તમ ભાષણ કરનાર પણ છે.

ગુલામ માતપિતાને ત્યાં જન્મેલી મેરી એ તેનાં માબાપનું સત્તરમું સંતાન હતી. એટલું એનું સદ્‌ભાગ્ય કે અમેરિકામાં ગુલામગીરી નાબૂદ થયા પછી તે જન્મી. એક હબસી મિશનરીએ ખોલેલી શાળામાં એણે શિક્ષણ લીધું. આમ તો એનું શિક્ષણ પંદરમે વર્ષે પતી ગએલું અને કપાસ વીણવાની મજૂરી તે કરવા લાગેલી, પણ અભ્યાસ માટેનો ઉમંગ જોઇ તેના એક હિતચિંતકે બાંધી આપેલી શિષ્યવૃત્તિથી તેનું શિક્ષણ આગળ ચાલ્યું.

ઇ. સ. ૧૯૦૪ ના ઑક્ટોબર માસની ૪ જી તારીખે ' રેટોના બીચ ' નામક પાદર અને ઓક વૃક્ષો વચ્ચે સંતાએલા એક રમ્ય સ્થળે એણે પોતાની ઉપર્યુક્ત શાળા ખોલી. એ દિવસે શાળામાં માત્ર પાંચ જ છોકરીઓની હાજરી હતી.

મેરી પોતે કંઇ તાલેવાન નહોતી કે શાળાનું ખર્ચ ઉપાડી શકે; એ ખર્ચ મેળવવા માટે તેણે દેવળોમાં વ્યાખ્યાનો આપવાનું સ્વીકાર્યું અને પોતાના કાર્યનો ખ્યાલ આપીને શક્ય હોય ત્યાંથી પૈસા ઉઘરાવવા માંડયા. એ વખતે એટલી કરકસરપૂર્વક શાળા ચલાવવી પડતી કે શાહીને ઠેકાણે એલ્ડેરબેરીઝનો રસ તથા પેન્સિલને બદલે કોલસો વાપરવો પડતો. શાળા વાળવા માટે સાવરણી ને ઝટકણીઓ પણ આજુબાજુથી માગી લાવવાં પડતાં અને શહેરમાંની કચરાપેટીઓ ફેંદી ફેંદીને શાળામાં કામ લાગે તેવો સામાન એકઠો કરવામાં આવતો.

એક વખતે શાળાની સહાય માટે હોટેલના એક ખંડમાં એક સભા એણે યોજેલી ત્યારે ભાષણ પછી ટોપી ફેરવતાં એક ઉદાર ગૃહસ્થે વીસ પૌંડ જેટલી રકમ આપી. બીજે દિવસે શાળાની મુલાકાતે જતાં ત્યાં એણે સત્તર જાતની સાદડી જોઇને એ ગૃહસ્થે સવાલ કર્યો, ' આ કયાંથી લાવ્યા ? '

' લાવવાનું કયાંથી ? કચરામાંથી મળેલા કકડા સાંધીને એ બનાવી છે. ' મેરીએ જવાબ આપ્યો.

એ જવાબની અને શાળાની પ્રત્યક્ષ કામગીરીની એ ગૃહસ્થ પર એટલી અસર થઇ કે શાળાને તાત્કાલિક જોઇતી બધી મદદ આપી એટલું જ નહિ પણ મરતી વખતે ૬૭૦૦૦ પૌંડનું ટ્રસ્ટ શાળા માટે તે કરતો ગયો.

એ ગૃહસ્થનું નામ ટોમસ એચ. ૬ઢાઈટ. મળેલી સહાયથી શાળા પગભર થતાં જ મેરીએ શાળાની જોડાજોડ નાની સરખી ઇસ્પિતાલ ઊભી કરી, કારણ બીજી ઇસ્પિતાલોમાં હબસીઓને પ્રવેશ નહોતો મળતો. આજે એ ઇસ્પિતાલ એક મહાન સંસ્થા બની ગઇ છે અને કાળા તથા ગોરા બંને વર્ણના ડૉક્ટરો તેમાં કામ કરે છે.

ઇ. સ. ૧૯૨૨ માં 'કૂકમેન કૉલેજ' નામની છોકરાની કૉલેજ આ શાળા સાથે જોડાઇ ગઇ અને આજે એ સંસ્થા 'બેથ્યુન કૂકમેન કૉલેજ' તરીકે ઓળખાય છે. આજે નવીન પદ્ધતિનો ચૌદ ઇમારતો શાળાની માલિકીની છે અને ૬૦૦ વિદ્યાર્થીઓ તેમાં શિક્ષણ લે છે. આજ સુધીમાં એક લાખ ઉપરાંત હબસીઓ તેમાં શિક્ષણ પામી ચૂકયા છે.

બેતરમાં કપાસ વીણતી એક હબસી છોકરીએ સેવેલા સ્વપ્નનું આ મૂર્ત સ્વરૂપ કથાને પણ આભારી હોય તો મેરીની આત્મશ્રદ્ધા તથા સતત પરિશ્રમને.

યુવક કેવો હોય ?

સર્વાંગીણ કેળવણી પામેલો યુવક કેવો હોય ?

એવા કોઇ યુવકને તમે જુઓ કે તરત જ પોતાના સ્નાયુબદ્ધ, સશક્ત દેહથી અને મુખ પરના તાઝગીભર્યા ઉલ્લાસથી એ તમારું ધ્યાન ખેંચશે. એને જોતાં જ તમને લાગશે કે એણે નિયમિત વ્યાયામથી ને રમતગમતો દ્વારા પોતાનું શરીર વિકસાવ્યું છે; એના શરીરની રગેરગમાં યૌવનનો તનમનાટ કરતું રુધિર વહી રહ્યું છે, ને તેથી એના હલનચલનમાં, વાણીમાં, કાર્યપદ્ધતિમાં એક જાતનું જાદુભર્યું આકર્ષણ છે. એ ટટ્ટાર ઊભો રહી શકે છે, શરીરનું સમતોલપણું સાચવીને ચાલી શકે છે અને પોતાનું દેહલાલિત્ય જાળવીને ઝડપભેર દોડી શકે છે. એની બેસવાની રીતમાં, ચાલમાં, વાણીમાં ને વર્તનમાં એ જોનારના મન પર એવી સ્પષ્ટ છાપ પાડયા વિના રહેતો નથી કે પોતાના શરીરનો તે પૂરેપૂરો સ્વામી છે ને તેનો પોતાને ચાહે તે રીતે ઉપયોગ કરવાની તેનામાં શક્તિ છે. એને જોઇને આપણે કલ્પી લેવાનું રહ્યું કે પોતાના શરીર પર આટલું સ્વામીત્વ જમાવતાં પહેલાં એને શરીરરૂપી યંત્રની રચના જાણવી પડી હશે, એ યંત્ર કેમ ચાલે છે તે સમજવું પડયું હશે, શરીરના ભિન્નભિન્ન ધર્મોનું જ્ઞાન મેળવવું પડયું હશે, શરીરને સ્વચ્છ ને નિરોગી કેમ રાખવું તે સમજવું પડયું હશે. આ યંત્ર કેમ ચાલે છે, એને ચાલુ રાખવા માટે–ઘસારો પામતું અટકાવવા માટે–કેવા પોષણની જરૂર છે તે પણ એને સમજવું પડયું હશે ને શરીરના દુશ્મનો–રોગો તેમ જ વ્યસનો–નો પરિચય પણ એને સાધવો પડયો હશે. આમ યૌવનના ઉંબરમાં ઊભેલાં યુવક કે યુવતીને એના તંદુરસ્તી ને ઉલ્લાસથી ભર્યોભર્યો દેહ ઉપર પ્રભુત્વ મેળવવા માટે સારી જેવી તપશ્ચર્યા કરવી પડી હશે તે આપણે સમજી લેવું જોઇએ. ને બીજું જીવનસંગ્રામમાં એને ઝંપલાવવાનું છે તેનો ખ્યાલ કરતાં જ આપણને સમજાશે કે આ તપશ્ચર્યા પણ સાર્થક જ છે. કેમકે પોતાના જીવનમાં એ જે કંઇ કરશે તે પોતાના દેહ વડે જ કરવાનું છે. જો એનો દેહ મુશ્કેલીઓની સામે ટક્કર ઝીલી શકે એવો સશક્ત હશે તો જ એ પોતાના જીવનને ધન્ય બનાવી શકશે. એની દરેક પ્રવૃત્તિ માટે એનો દેહ એ એક ઉપયોગી ને અનિવાર્ય સાધન છે. એની અવગણના કરીને લાંબા વખત માટે એ કશું કરી શકે નહિ. આથી આ યુવકનું દેહસૌષ્ઠવ જોઇને આપણને કુદરતી રીતે હર્ષનાદ કરી ઊઠવાનું મન થાય છે કે એણે જીવનસંગ્રામમાં ઝંપલાવવા માટે જે પ્રાથમિક તૈયારી કરવી જોઇએ તે કરી લીધી છે.

"નૂતન શિક્ષણ"માંથી.] ચન્દ્રવદન ચૂ. શાહ

અમારો પંથ*

ઉપાડયાં આજ છે લંગર,
હવે તો છોડશું બંદર,
જવાનું છે અમારે તો અમારા લોકની અંદર.

પડયો છે ભવ્ય આ સાગર,
નથી દિશા, નથી પાદર,
જવાશે ત્યાં અમે જાશું – જઈશું કયાંય તો આખર !

અમે તો ફક્ત સોદાગર,
કર્યાં સોદા છતાં આદર,
મળ્યો ના કોઈનો તો શું – રહીશું અહીં થવા ચાકર !

અમારો કાફલો જ્યારે,
ઉપડયો સિન્ધુ મોઝારે,
હતો ટંડેલ દ્વારવતો – ન તે ટંડેલ અત્યારે.

ભલે આવે હવે આફત,
ભલે મૃત્યુ કરે જાફત,
ભલે તોફાન સાગરમાં; જવામાં તોય ખિલાફત !

અમારા દૂર છે આરા,
ઘૂઘવતા માર્ગ છે ન્યારા,
ડૂબીશું કે તરી જાશું – અમે તો તોય જનારા !

ઉભા છે આશમિનારા –
અમારા દૂર કિનારા –
અમારા પંથ એ ન્યારા – કરે ટંડેલ ઈશારા !

કોલક

* "આહતિ"ના દીપોત્સવી અંકમાંથી.

આવતા માસની કાર્યદિશા

૧ વાર્ષિક નિવેદનો ઑગસ્ટના પહેલા અઠવાડીઆમાં તૈયાર કરી તમારા જૂથ મારફત ખાતા તરફ તુર્ત મોકલી આપો.

૨ કાયમનિધિ અગર કોઈપણ પ્રકારનું ઇતર ભંડોળ બાનગી ઈસમ પાસે નહિ રાખતાં ખાતાએ જણાવેલી સંસ્થામાં જમા મૂકો.

૩ ઑગસ્ટના પહેલા અઠવાડિયામાં નવા વર્ષના અંદાજ માટે વાર્ષિક સભા બોલાવી તેમાં નવા વર્ષનું અંદાજપત્રક બાતાના ધારાધોરણને અનુસરી બનાવો તથા નવા વર્ષનું વ્યવસ્થાપક મંડળ ચૂંટો. ટકાવારીની ગોઠવણી માટે ચાલુ માસનો વટહુકમ આજ અંકમાં વાંચો.

૪ અંદાજપત્રોમાં વર્તમાનપત્રો, પુસ્તકો, સામયિકો, લાકડીસામાન, રમતો, ઇતર સાહિત્યની યાદીઓ જરૂર સામેલ રાખો.

૫ જુલાઇ આખરે તમામ દફ્તરો, શિલકી સામાન, પુસ્તકો વગેરે વ્યવસ્થિત કરો. શિલકી સામાન, તથા પુસ્તકોની મેળવણી બદલ જે તે રજીસ્ટરો પર શેરા કરી પ્રમુખ–મંત્રીની સહીઓ કરાવો.

૬ રોજમેળ અને બાતાવહીઓ ઉપરથી સંસ્થાની મિલ્કતની તારીજ કાઢી નવા વર્ષે તેની બાતાવહીમાં નોંધ લેવી.

૭ અંદાજપત્રો તથા નિવેદનોની બે પ્રતો આ માસિકના છેવટના ભાગમાં જોડીને રાજ્યનાં તમામ પુસ્તકાલયોને મોકલી છે તેમાં હકીકત ભરી મોકલવી.

વડોદરા,
તા. ૧–૭–'૪૩

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક

સૂચના નં. ૩૨ સન ૧૯૪૨-૪૩

વિષય

સાર્વજનિક પુસ્તકાલયોનાં અંદાજપત્રો મંજૂર કરતી વખતે લક્ષમાં લેવાનારી બાબતો

રાજ્યનાં મદદ મેળવનારાં તમામ સાર્વજનિક પુસ્તકાલયોના મંત્રીઓને વિનંતિ કરવામાં આવે છે કે પોતાના પુસ્તકાલયના ૧૯૪૩-૪૪ ના અંદાજપત્રો "પુસ્તકાલય" માસિકના જુલાઇ ૧૯૪૩ ના અંકમાં છાપેલા નમૂના પ્રમાણે બે પ્રતો તૈયાર કરી પુસ્તકાલય ખાતા તરફ ઑગસ્ટ માસની આખર તારીખ સુધીમાં મોકલી આપવા તેઓ મહેરબાનીથી તજવીજ કરશે.

ઑગસ્ટ ૧૯૪૩ આખર સુધીમાં અંદાજો મોકલવા બાબત

પુસ્તકાલય ખાતા તરફથી અંદાજ મંજૂર કરતી વખતે કોઈ પત્ર કે સામયિક કાઢી નાખવામાં આવે છે ત્યારે એમ માનવામાં આવે છે કે આ બાબતમાં ખાતાએ મનસ્વી તજવીજ કરી છે. ખરું જોતાં આમ થતું નથી. અંદાજો મંજૂર કરતાં અગાઉ કેટલીક મહત્ત્વની બાબતો તરફ દર વર્ષે વ્યવસ્થાપકોનું ધ્યાન દોરવામાં આવે છે, અને એવી કોઇ બાબત તેમના તરફથી વિચારાઇ ન હોય અને તેમ કરવું પુસ્તકાલયપ્રગતિની દૃષ્ટિએ ઇષ્ટ લાગે તો અંદાજ મંજૂર કરતી વખતે ઘટિત ફેરફાર થાય છે. મંજૂર કરેલું અંદાજપત્ર પુસ્તકાલય તરફ પહોંચ્યા બાદ નિયમને અનુસરીને બીજી વધઘટ કરવી હોય તો તે પણ કરાવી શકે છે. સબબ આ ગેરસમજૂત દૂર થાય તે માટે આ સૂચના પુસ્તકાલયના જાહેર કાર્યકરો માટે પ્રસિદ્ધ કરવામાં આવી છે.

અંદાજમાં થતા ફેરફારની ગેરસમજ દૂર થવા બાબત

અંદાજ મંજૂર કરતી વખતે પુસ્તકાલય ખાતું નીચેની બાબતોનો વિચાર કરી અંદાજ મંજૂર કરે છે. તો આશા છે કે પુસ્તકાલયના સંચાલકો અંદાજો બનાવતી વખતે આ તે બાબતો લક્ષમાં લેશે.

અંદાજ મંજૂર કરતી વખતે લક્ષમાં લેવાનારી બાબતો

(૧) આ માસના "પુસ્તકાલય" માસિકમાં પ્રસિદ્ધ થયેલા ખાતાના વટહુકમ પ્રમાણે ટકાવારીના ધોરણે અંદાજપત્ર બનેલું હોવું જોઇએ.

( ) પુસ્તકાલયની સ્થળસ્થિતિ, વાચકોનું પ્રમાણ, પુસ્તકાલયની નિવેદનો મોકલવાની નિયમિતતા, જૂથમંડળ કે મહાલમંડળની કરેલી કામગીરી, અંદાજની સહકારના ધોરણે કરેલી ચોકસણી, તપાસણી અધિકારી તરફથી લેવાયલા વાંધાના નિકાલ વગેરે-વ્યવસ્થાની બાબતોનો ઘટિત વિચાર કરી અંદાજો મંજૂર કરવામાં આવે છે.

(૩) વર્તમાનપત્ર અને સામયિક વિભાગમાં બાળકો માટે એકાદ માસિક ટકાવારીની યાદીમાં રહીને પુસ્તકાલયોએ અવશ્ય વસાવવું જોઇએ. કારણ, મોટા ભાગે આપણી શાળાઓમાં જ આ પુસ્તકાલયો હોય છે અને બાળકો તેનો બહોળો ઉપયોગ કરે છે.

(૪) પુસ્તકોમાં પણ બાળકો, બહેનો, સામાન્ય થોડું ભણેલા માણસો સમજી શકે તેવું બાળોપયોગી, સ્ત્રીઉપયોગી અને સામાન્ય પ્રૌઢોને ઉપયોગી સાહિત્ય અવશ્ય થોડું ઘણું દર વર્ષે વસાવવું જોઇએ. પુસ્તકોની બેવડી બાદીઓ સામેલ રાખવી.

(૫) છેલ્લાં ત્રણ વર્ષમાં સરકારપંચાયતની મદદ જે મળી હશે તેની સરેરાશમાં જ ચાલુ સાલે પણ મદદ મળશે. વધારે માગણી હશે તો તે નછૂટકે કાપવી પડશે. અને તે પ્રમાણે ખર્ચની બાબતમાં પણ જુદે જુદે રથળે કપાત કરી પુસ્તકો, સામયિકો કે ઇતર સાહિત્ય કમી કરવું પડશે.

(૬) કાયમનિધિની રકમ ખાતાએ માન્ય કરેલે રથળે મુકાયેલી હોવી જોઇએ. અગર તેથી કાંઇ વિરુદ્ધ હકીકત હોય તો દર્શાવવી જોઇએ અને મંજૂરી મળી હોય તો મંજૂરીની નકલ પણ સામેલ રાખવી જોઇએ.

(૭) લોકમદદની નીચે રકમ કાયમનિધિ ખાતે દર વર્ષે મૂકવી જોઇએ.

(૮) પુસ્તકાલયના પાછલા હિસાબો તથા સરવૈયું વ્યવસ્થિત રીતે વ્યવસ્થાપક મંડળે મંજૂર કરેલું હોવું જોઇએ.

(૯) પુસ્તકો, ડેડસ્ટોક તથા ઇતર મિલકતની વર્ષ આખરે મેળવણી કરી તમામ જરૂરી રજીસ્ટરો પર સાલ આખરના શેરા થઇ મંત્રીની સહી થવી જોઇએ.

ઉપરની બાબતોને અનુલક્ષીને સાર્વજનિક પુસ્તકાલયોનાં સને ૧૯૪૩-૪૪ નાં અંદાજો મંજૂર થશે. તો આશા છે કે પુસ્તકાલયો પોતાનાં અંદાજો વ્યવસ્થિત રીતે બનાવી મોકલી આપશે.

વડોદરા,
૧-૭-૪૩

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક

સૂચના નં. ૩૩ સને ૧૯૪૨-૪૩

વિષય

વાર્ષિક નિવેદનો મોકલવા બાબત

સને ૧૯૪૨-૪૩નાં વાર્ષિક નિવેદનો પુસ્તકાલય ખાતા તરફ મોકલવા બાબત

સને ૧૯૪૨-૪૩ ની સાલનાં વાર્ષિક નિવેદનો વડોદરા રાજ્યનાં સાર્વજનિક પુસ્તકાલયો વેળાસર મોકલે તેમ જ હકીકત મોકલવામાં અનુકૂળતા થાય એ હેતુથી તેનાં ફોર્મો ચાલુ માસના 'પુસ્તકાલય'ના અંકમાં છેવટના ભાગમાં સાંધેલાં છે તે કાઢી લઇ તેનો ઉપયોગ કરવો.

આ અંક રાજ્યનાં તમામ પુસ્તકાલયોને મોકલવા "પુસ્તકાલય" માસિકના વ્યવસ્થાપકોએ ઉદારતા બતાવી છે.

નિવેદનો તૈયાર કરવા બાબત

આશા છે કે આ નિવેદનો જે તે પુસ્તકાલયના મંત્રીઓ તૈયાર કરી એક પ્રત પોતાને ત્યાં રાખી બીજી પ્રત પુસ્તકાલય ખાતા તરફ પોતાના જૂથ મારફત ઑગસ્ટ માસની તારીખ પંદર પહેલાં મોકલી આપવા ચૂકશે નહિ.

રા. મહાલ મંડળ અને રા. મહાલ શાળાધિકારી સાહેબોએ સહકાર આપવા બાબત

રાજ્યનાં જુદાં જુદાં મહાલ અને જૂથ પુસ્તકાલય મંડળો, તેમ જ રા. મહાલ શાળાધિકારી સા. પણ આ બાબતમાં પોતાની સ્થળ-સીમામાં આવેલાં પુસ્તકાલયોને ઘટિત સૂચના આપી સૌને જાગ્રત રાખી ઉપર જણાવેલી તારીખ સુધીમાં નિવેદનો પુસ્તકાલય ખાતા તરફ બીનચૂક મોકલી આપવામાં જરૂરી સહકાર આપશે.

વડોદરા,
તા. ૧–૭–૪૩

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક

સૂચના નં. ૩૪ સને ૧૯૪૨–૪૩

વિષય

વર્તમાનપત્રો મેળવવા સંબંધે લખાણો બાબત

ઉપરોક્ત વિષયના સંબંધમાં જણાવવાનું કે કેટલાંક સાર્વજનિક પુસ્તકાલયો પોતાનું અંદાજ મંજૂર થયું એટલે પત્રો શરૂ થવાં જ જોઇએ એમ માને છે તેમની ગેરસમજ દૂર કરવા માટે આ સૂચના પ્રકટ કરવી પડે છે.

અંદાજ મંજૂર થઇ આવે એટલે જેમ બને તેમ જલદી સદર પુસ્તકાલયે લોકમદદ તથા કાયમનિધિની રકમ પુસ્તકાલય સહાયક સહકારી મંડળમાં જમા મૂકવી જોઇએ. જો કાયમનિધિની રકમ બેતર સ્થળે મૂકતા હોય તો તેની પાવતીની નકલ પુસ્તકાલય સહાયક સ. મંડળમાં મોકલવી જોઇએ.

આ પ્રમાણે થયું હોય તો મંત્રીએ પુસ્તકાલય સહાયક સ. મંડળ તરફથી વર્તમાનપત્રો શરૂ કર્યાની યાદી જાન્યુઆરીથી એપ્રિલ સુધી દર માસે પ્રસિદ્ધ થાય છે તેમાં જોવું જોઇએ. અને નાણાં મોકલવાની જરૂરી વ્યવસ્થા કરવા છતાં તજવીજ ન થઇ હોય તો તે માટે પુરાવાની તમામ હકીકત દર્શાવી પત્રો કેમ શરૂ થયાં નથી તેની માગણી અમારા તરફ કરવી જોઇએ. આ માટે પુસ્તકાલય મંડળ તરફથી કયા તારીખ સુધીની બાકી લોકમદદનાં લવાજમો ભરાય છે તેની માહિતી અવશ્ય જોવી જોઇએ. એપ્રિલ માસ અને તે પછી મોકલેલી લોકમદદ માટે સરકાર–પંચાયતમદદની સવડ બની શકતી નથી એટલે તેમણે બીજા વર્ષ સુધી રાહ જોવી જોઇએ.

આ પ્રમાણે કાળજીપૂર્વક અને નિયમિત તજવીજ થયા પછી પત્ર જે તે પુસ્તકાલયને મળવું જ જોઇએ અને મંડળે તે માટે બનતી તજવીજ કરી આપવી જોઇએ. જો કોઇ પત્ર ઘરાદાપૂર્વક અનિયમિત મોકલાતું હોય, અને મંડળની હકીકત તે પત્ર સાંભળતું ન હોય તો તે બાબત મંડળે સાર્વજનિક પુસ્તકાલયોની જાણ માટે પ્રસિદ્ધ કરવી જોઇએ.

પત્રો શરૂ થયા પછી અધવચમાં બંધ પડે તે માટે પુસ્તકાલય ખાતાએ આ પહેલાં સૂચનાઓ કરી છે તે "પુસ્તકાલય પ્રવૃત્તિનું એકીકરણ" એ પુસ્તકમાં "પત્રો–માસિકો"ના મથાળા નીચે આપેલી માહિતી ઉપરથી જોઇતી માહિતી મળી શકશે.

આશા છે કે પત્રવ્યવહારમાં ઘટિત કરકસર કરવા માટે આ બધી બાબત સ્થાનિક પુસ્તકાલયના મંત્રીઓ તપાસ કરી તે તમામ હકીકત દર્શાવી હશે તો જરૂરી અડચણ દૂર કરી આપવા પુસ્તકાલય ખાતુ ઘટતું કરશે. પણ અધુરી હકીકતો આવેલા પત્રો દફતરે કરવા પડશે. માટે સંપૂર્ણ વિગત અને આધારસહિત પોતાની અગવડ હવે પછી જે તે સ્થાનિક પુસ્તકાલયના મંત્રીઓએ રજૂ કરવાની મે. થશે.

વડોદરા,
૧-૭-૧૯૪૩

ઉ. મો. પટેલ,
મદદનીશ વ્યવસ્થાપક.

સૂચના નં. ૩૫ સને ૧૯૪૨-૪૩

વિષય

ડેડસ્ટોક સાહિત્ય સને ૧૯૪૩-૪૪ માટે વસાવવા બાબત

આથી તમામ મદદ મેળવતાં સાર્વજનિક પુસ્તકાલયોના વ્યવસ્થાપકોને વિનતિ કરવામાં આવે છે કે યુદ્ધસમય પૂરતાં પોતાને જોઇતાં ખુરશી, ટેબલ, માસિકોનાં બોર્ડ વગેરે જે કંઇ લાકડી સામાન અગર બાલોપયોગી રમતોનાં સાધનો પુસ્તકાલય સહાયક સહકારી મંડળમાંથી તપાસાઇ ખાતરીપૂર્વક મોકલાવાતાં તે હવે મોકલતાં ઘણી જ મુશ્કેલીઓ નડે છે. સભ્ય ખાતાના ધારાધોરણ પ્રમાણે જે કબાટો જે તે ગામે હોય તેનાં વોર્નિશ સહિત ઉંચા લાકડાનાં બનાવી શકે તો પોતાના ગામના કે તાલુકાના કોઇ સુથાર કે મિસ્ત્રીને સોંપી કરાવી લેવાં; અને તે મેળવ્યા બાદ સ્થાનિક અધિકારી સાહેબ મારફત તે રકમની માગણી અમારા મારફત મંડળમાંથી કરવી એટલે અંદાજમાં મંજૂર કરેલી રકમ પુસ્તકાલય સહાયક સહકારી મંડળમાંથી મોકલાવવા ઘટિત તજવીજ થશે.

આશા છે કે પુસ્તકાલયોના સંચાલકો આ બારિક સ્થિતિનો વિચાર કરી પોતાને જોઇતું મંજૂર કરેલું સાહિત્ય સ્થાનિક સવડ પ્રમાણે તૈયાર કરાવી લે. જેમનાથી તેમ ન બની શકે તેમને અંદાજપત્રમાં માગણી કરી તે પ્રમાણે શેરો કરવાથી પુસ્તકાલય મંડળ કરાવી આપવા ઘટતી તજવીજ કરશે.

વડોદરા,
૧-૭-૪૩

ઉ. મો. પટેલ,
મદદનીશ વ્યવસ્થાપક.

સૂચના નં. ૩૬ સને ૧૯૪૨-૪૩

વિષય

ગ્રામપંચાયત તથા સુધરાઇઓની મદદ

આથી તમામ મદદ મેળવતાં સાર્વજનિક પુસ્તકાલયોને જણાવવાનું કે શ્રીમંત સરકારે કૃપાવંત થઈ રાજ્ય પુસ્તકાલય પરિષદની માગણી પ્રમાણે પ્રત્યેક સાર્વજનિક પુસ્તકાલયને દર વર્ષે સ્થાનિક ગ્રામપંચાયત કે સુધરાઇ તરફથી મદદ મળે તેવો પ્રતિબંધ કર્યો છે.

આ માટે તમામ સાર્વજનિક પુસ્તકાલયના મંત્રીઓને આથી જાહેર કરવામાં આવે છે કે તેમને પોતાના પુસ્તકાલયને જોઇતી મદદ માટે દર વર્ષે ઑગસ્ટ માસમાં જે તે સંસ્થાના (ગ્રામપંચાયત કે સુધરાઇ) પ્રમુખ તરફ લેખી માગણી કરવી. આ માગણી કરવામાં એક વસ્તુ ધ્યાન રાખવાની કે લોકમદદ પૈકી કાયમનિધિ નીચે રકમ મૂક્યા બાદ જેટલી રકમ સરકારપંચાયતમદદ પડતી હોય તેથી વિશેષ રકમની માગણી કરવી નહિ.

આશા છે કે ગ્રામપુસ્તકાલયો ઉપર પ્રમાણે માગણી કરશે અને મંજૂરી મળે તો જ અંદાજમાં તે રકમ દાખલ કરશે.

જે સાર્વજનિક પુસ્તકાલયોને પોતાનું અંદાજપત્ર બનાવ્યા પછી આવી મંજૂરી જે તે સંસ્થા તરફથી આવે તો તે રકમ અનામત રાખી બીજા વર્ષના અંદાજપત્રમાં ગ્રામપંચાયતની મદદ અને સાલ લખવાં. ચાલુ અંદાજપત્રમાં પણ જે ગ્રામપુસ્તકાલયો પાસે ગ્રામપંચાયતની મદદ પડી રહી હોય તે અંદાજમાં સાલ લખી જણાવવું.

કોઈ પણ સંજોગોમાં ગ્રામપંચાયત કે સુધરાઇમદદ લોકમદદ તરીકે ગણવાની નથી.

આશા છે કે પોતાનું પુસ્તકાલય લોકપ્રિય બનાવી લોકોને તેમાં વધુ રસ લેતા કરી ગ્રામપંચાયત તરફથી મળતી મદદનો વધારો કરવા સૌ કાર્યકરો પ્રયાસ કરશે.

વડોદરા,
૧-૭-'૪૩

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક

સૂચના નં. ૩૭ સને ૧૯૪૨-૪૩

વિષય

અંદાજપત્રમાં માગણી કરવા યોગ્ય ૧૯૪૨-૪૩ સાલમાં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોની યાદી

વડોદરા રાજ્યનાં મદદ મેળવતાં ગ્રામ પુસ્તકાલયોને અનુકૂળ થઇ પડે તે માટે અમે આ નીચે એક પુસ્તકોની યાદી તૈયાર કરી છે. આ પુસ્તકો લગભગ જુન ૧૯૪૨ થી જુલાઇ ૧૯૪૩ ના સમય દરમ્યાન પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોની છે. આવી યાદીઓ આ પહેલાં પ્રસિદ્ધ થયેલાં અને અમારી જાણમાં આવેલાં પુસ્તકોની યાદી પ્રતિવર્ષ સાલ આખરે અમે આપી ગયા છીએ.

જૂથ પુસ્તકાલયના મંત્રીઓ અને ગ્રંથપાલો ભેગા થઇ ભારે કિંમતનાં ઉપયોગી પુસ્તકો છૂટક છૂટક ખરીદી પોતાના જૂથ પુસ્તકાલયોનું પુસ્તક આપ-લેના કાર્યમાં સંગઠન સાધશે એવી આશા છે. આવતા વર્ષની પુસ્તકયાદીઓ તૈયાર કરતી વખતે બીજાં સાધનો સાથે સાથે આ યાદી જોવાથી પોતાની પુસ્તકપસંદગીની કાર્યરીતિ સરળ થશે, એમ અમારું માનવું છે.

પુસ્તકાલય સહાયક સ. મંડળ પાસે પુસ્તકોની માગણી કરતી વખતે રકમની સરવાળ હોય તેથી બમણી રકમની યાદી મોકલવાથી પુસ્તકો મંગાવી આપવામાં સરળતા થશે. વળી પુસ્તકનું નામ તથા તેનું પ્રાપ્તિસ્થાન અમે બતાવ્યા પ્રમાણે દરેક યાદીમાં બતાવવું ઠીક થશે.

પુસ્તકનું નામ	પ્રાપ્તિસ્થાન	કિંમત
ધાર્મિક, નૈતિક અને તત્ત્વજ્ઞાન		
આપણો ધર્મ (આ. ૩)	ગૂ. મ. કા. અમદાવાદ	૫–૦–૦
આનંદમય જીવનનું રહસ્ય	શ્રીકૃષ્ણ કાર્યાલય રણપુર, (વડોદરા રાજ્ય)	૧–૦–૦
ઉપનિષદોનાં ચૌદ રત્નો	ભક્તિમાર્ગ કા. અમદાવાદ	૦-૧૨-૦
જગતના અરણ્યમાં	માંડીવ સા. મંદિર, સુરત	૧-૧૨-૦
તત્ત્વચિંતામણિ	ભક્તિમાર્ગ કા. અમદાવાદ	૦–૮–૦
દશમ સ્કંધ અધ્યાય ૧–૨૫	કિતાબઘર, રાજકોટ	૩–૦–૦
દાર્શનિક શબ્દાવલિ	અરવિંદ કા., આણંદ	૧-૧૨-૦
દુનીઆની દુઃખાથી દૂર	રામકૃષ્ણ સે. સ., અમદાવાદ	૦–૪–૦
પ્રશ્નોત્તરી અને પ્રાસંગિક	મહાવીર સા. પ્ર. મં. અમદા.	૦-૧૨-૦
સુખી થવાનો માર્ગ અને સ્ત્રીધર્મશિક્ષણ	ભક્તિમાર્ગ કા., અમદાવાદ	૦-૧૨-૦
સંસારમાં સ્વર્ગ (આ. ૩)	સ. સા. વ. કા., અમદાવાદ	૧–૬–૦
સૃષ્ટિનું જ્ઞાન	દ. જે. ભટ, અમદાવાદ	૩–૦–૦
હિંદુજીવન દર્શન	નવજીવન પ્ર. મં. અમદાવાદ	૦-૧૦-૦
કેળવણી		
ઉર્દૂલિપિ પરિચય	હરિહર પુસ્તકાલય, સુરત	૦–૮–૦
ઉર્દૂલિપિ શિક્ષિકા	નવજીવન પ્ર. મં. અમદાવાદ	૦–૭–૦
દિવાસ્વપ્ન (આ. ૨જી)	મ. મુ. પ. કું. મુંબાઈ	૧–૦–૦
ગ્રામોદ્યોગી સર્વાંગી કેળવણી	નવજીવન પ્ર. મં. અમદાવાદ	૦-૧૪-૦
સર્વોદયની જીવનકળા	,, ,,	૨–૦–૦

પુસ્તકનું નામ	પ્રાપ્તિસ્થાન	કિંમત
વૈદક		
આયુર્વેદનો ઇતિહાસ	ગુ. વ. સો. અમદાવાદ	૧–૦–૦
ગુજરાતની સ્ત્રીઓની શારીરિક સંપત્તિ	,, ,,	૦–૩–૦
પાયોરીઆ દિગ્દર્શન	વૈદ્ય કિ. ભા. ગુંજા, મુંબઈ	૧–૦–૦
મુખદ્વાર	ડૉ. કે. સો. જુલા, નવસારી	
માનવીનું આયુષ્ય	સ્વા. મં.(ગુ. વિભાગ)વડોદરા	૦–૬–૦
વિજ્ઞાન અને ઉપયુક્ત કળા		
અજબ દુનિયા	કુલછાબ કાર્યાલય–રાણપુર	૦–૮–૦
આધુનિક આકાશવાણી	વિ. દુ. કા., વાડજરોડ, અમદાવાદ	૦–૮–૦
આપણે આંગણે ઊડનારાં	કુલછાબ કાર્યાલય, રાણપુર	૩–૦–૦
ખેતીની જમીન	ગુ. વ. સો. અમદાવાદ	૦-૧૨-૦
*ખાતરોની માહિતી અને ખેતી સુધારણા	સો. કિ. પટેલ, સુણાવ	૧–૦–૦
ખેડ અને ઓજારો	જ. ર. પાઠક	૦-૧૦-૦
ભવિષ્યવાણી	એન. એમ. ઠક્કરની કું. મુંબઈ	૬-૧૨-૦
ભાતભાતનું ભરતકામ	,, ,,	૧–૦–૦
વિજળીની પરીક્ષાના પ્રશ્નોત્તર	અનુ. નં. ૧ પ્રમાણે	૧–૦–૦
વિજળીનો આંચકો લાગે ત્યારે થતી અસર અને તેનો ઉપચાર	ઉપર પ્રમાણે	૦–૧–૬
×વ્યાયામ જ્ઞાનકોષ ખંડ ૨	વ્યાયામ કાર્યાલય, વડોદરા	૭–૦–૦

* તા. ક. ગ્રામપુસ્તકાલયોને રા. ૦–૮–૦ મળશે. દરેક ગ્રામ પુસ્તકાલયે વસાવવું.

× દરેક કરબા અને મકાનવાળા ગ્રામ પુસ્તકાલયે અવશ્ય વસાવવું જોઇએ.

શરીર સામુદ્રિક	હરિહર પુસ્તકાલય, સુરત	૩–૦–૦
હાથની ભાષા	,, ,,	૫–૦–૦
ઇમ્પીરીઅલ સિસ્ટમ ઑફ કટીંગ ભા. ૧–૨	ધી. ઇમ્પીરીઅલ ટેલરીંગ કૉલેજ, સુરત	૬–૦–૦

સમાજશાસ્ત્ર, રાજનીતિ, અર્થશાસ્ત્ર વગેરે

અકબરની યાદમાં	ફૂલછાબ કાર્યાલય, રાણપુર	૦–૮–૦
આપણા ઘરની વધુ વાતો	,, ,,	૦–૮–૦
ઓસરતો રૂપિયો	મ. પબ્લિશિંગ કું. મુંબઇ	૧–૦–૦
આપણું ઘર	ફૂલછાબ કાર્યાલય, રાણપુર	૦–૮–૦
ધ્વજમિલાપ	,, ,,	૦–૮–૦
